# ગુરુકહાન । દૃષ્ટિમહાન

## (ભાગ-૬)



આધ્યાત્મિક સત્પુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
દ્રવ્યદૃષ્ટિપ્રધાન આધ્યાત્મિક પ્રવચનો


પ્રસ્તુતકર્તા :
જયસુખ ભાયાણી
શ્રીમતી દિપ્તી ભાયાણી મેમોરિયલ ટ્રસ્ટ
સોનગઢ / વડોદરા

सर्वज्ञ वीतरागाय नमः ।

# ગુરુ કહાન : દૃષ્ટિ મહાન

## (ભાગ–૬)

**આધ્યાત્મિક સત્પુરુષ શ્રી કાનજીસ્વામીના**
**દ્રવ્યદૃષ્ટિપ્રધાન આધ્યાત્મિક પ્રવચનો**


-: સંકલનકાર :-

**જિતુભાઈ નાગરદાસ મોદી**

(સંપાદક : આત્મધર્મ )

**પ્રશમ જિતુભાઈ મોદી**

(સંપાદક : આત્મ-જાગ્રતિ )



-: પ્રકાશક :-

**જયસુખ ભાયાણી**

**શ્રીમતી દીપ્તી ભાયાણી મેમોરિયલ ટ્રસ્ટ**

**સોનગઢ/વડોદરા**

પ્રથમ આવૃત્તિ   પ્રત : ૧૩૦૦

વિ.સં. ૨૦૬૯   વીર સં. ૨૫૩૯   ઈ.સ. ૨૦૧૨

**-: પ્રકાશન તિથિ :-**

સ્વ. જયંતિલાલ મણીલાલ ભાયાણીની જન્મશતાબ્દી નિમિત્તે

તા. ૧૫-૧૨-૨૦૧૨

## : પ્રાપ્તિસ્થાન :

* **જયસુખ ભાયાણી**
  ચાર બંગલા, દિગંબર મંદિરની બાજુમાં
  **સોનગઢ-૩૬૪૨૫૦**
  **મો. નં. : ૦૯૩૨૮૨૮૨૮૮૦**
* **દિપેન ભાયાણી**
  સ્ટેશન રોડ, ૪૦૨, યશ કમલ
  **વડોદરા-૫**
  **ટે. નં. : ૦૨૬૫-૨૩૬૨૮૨૩**
* **ઉર્વિર ભાયાણી**
  ભાવેશ્વર લેન,
  ઓલ્ડ ચંદ્રોદય બિલ્ડીંગ
  **ઘાટકોપર-ઇસ્ટ, મુંબઈ-૭૭**
  **ટે.નં. : ૦૨૨-૨૧૦૨૮૩૩૮**
  **મો. નં. : ૦૯૯૩૦૩૪૯૯૬૬**
* **શ્રી કુંદકુંદ કહાન પારમાર્થિક ટ્રસ્ટ,**
  ૩૦૨, કૃષ્ણકુંજ, વી.એલ. મહેતા માર્ગ
  વીલેપાર્લે (વેસ્ટ)
  **મુંબઈ-૪૦૦૦૫૬**
  **ટે.નં. ૦૨૨-૨૬૧૩૦૮૨૦ / ૬૧૦૪૯૧૨**
* **ચિંતન જિતુભાઈ મોદી**
  'ક્રમબદ્ધનિવાસ'
  ૪૫, કહાનનગરસોસાયટી
  **સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)**
  **મો. નં. : ૦૯૯૨૫૮૬૨૫૬૮/**
  **૦૯૭૨૨૮૩૩૧૪૩**

## મૂલ્ય : સ્વાધ્યાય

મુદ્રક :
**સ્મૃતિ ઓફસેટ**
**સોનગઢ-૩૬૪૨૫૦**
**ફોન (૦૨૮૪૬) ૨૪૪૦૮૧**

ટાઈપ સેટીંગ :
**પૂજા ઈમ્પ્રેશન્સ**
**ભાવનગર**
**મો. ૯૭૨૫૨ ૫૧૧૩૧**



ભરતક્ષેત્રના મહાસમર્થ આચાર્ય ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ

# પ્રકાશકીય નિવેદન

તીર્થંકરદેવનો જન્મ જગતના કલ્યાણ માટે થતો હોય છે, તેમ અનંત અનંત ઉપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો જન્મ, આ નિષ્કૃષ્ટકાળે અહીં જન્મેલા અને ભવિષ્યમાં પણ અહીં જન્મ લેનારા અલ્પસંસારી જીવોને ભાગ્યશાળી બનાવવા માટે તથા તેઓને સંસારસમુદ્રથી પાર ઉતારવા માટે થયો હતો. છેલ્લા સેંકડો વર્ષોનો જૈન ઈતિહાસ કહે છે કે ભવ્ય જીવોના તારણહાર આવા મહાન સંતો જો કોઈ થયા હોય તો તેમાં કૃપાસિંધુ પૂજ્ય ગુરુદેવશ્રી જ પ્રધાન પુરુષ છે. તેઓશ્રીએ આ ભૌતિકયુગને અધ્યાત્મયુગમાં પરિવર્તીત કરીને પંચમ આરાના અંત સુધી ટકી રહે તેવો અધ્યાત્મયુગ સર્જ્યો છે.

આવા અધ્યાત્મયુગસ્રષ્ટા, અધ્યાત્મક્રાંતિવીર પૂજ્ય ગુરુદેવશ્રીની ૪૫-૪૫ વર્ષ વહેલી અધ્યાત્મગંગાનું અમૃતપાન કરનાર મહાભાગ્યશાળી ભવ્ય મુમુક્ષુઓને તો તેઓશ્રી દ્વારા પ્રરૂપિત તત્ત્વજ્ઞાનના અભ્યાસ વડે આજે પણ પૂજ્ય ગુરુદેવશ્રી સાક્ષાત્‌રૂપે અનુભવાઈ રહ્યા છે, પરંતુ તેઓશ્રીના દર્શન-શ્રવણ કે સત્સંગનો જેઓને સાક્ષાત્ લાભ મળ્યો નથી તેવા ભવ્ય જીવોને, આ મહાપુરુષે જે દ્રવ્યદૃષ્ટિપ્રધાન દિવ્ય દેશનાનો ધોધ વહેવડાવેલો તેનો સાક્ષાત્‌વત્ લાભ મળે તે આ **''ગુરુ કહાન : દૃષ્ટિ મહાન''** પ્રકાશનહેતુ છે.

આ જીવ અનંતવાર નવમી ગ્રૈવેયક જઈ આવ્યો, અનંતવાર નગ્ન દિગંબર દ્રવ્યલિંગ ધારણ કર્યાં, અનંતવાર સમવસરણમાં જઈ આવ્યો છતાં કોરો રહી ગયો તેનું મુખ્ય કારણ જો કોઈ હોય તો આ એક જ કે દ્રવ્યદૃષ્ટિપ્રધાન દેશનાને આ જીવે કદી ગ્રહણ ન કરી—એમ પૂજ્ય ગુરુદેવશ્રી કરુણાથી વારંવાર કહેતાં અને તેથી જ તે દ્રવ્યદૃષ્ટિપ્રધાન દેશનાનો તેઓશ્રીએ જીવનપર્યંત ધોધ વહેવડાવ્યો છે. પૂજ્ય બહેનશ્રી પણ કહેતાં કે ''જાણે કોઈ મોટા આચાર્ય ઉપદેશ આપતા હોય તેમ દૃષ્ટિના વિષયનો અપૂર્વ ખુલાસો થતો.''.....''દૃષ્ટિનો વિષય આવે ત્યારે ઊછળી જતાં.'' જોકે તેઓશ્રીની સર્વાંગી ઉપદેશગંગામાં ઓછી-વધતી યોગ્યતાવાળા સર્વ જીવોને આત્મલાભ થાય તેવો નિશ્ચય-વ્યવહારનો સઘળોય ઉપદેશધોધ વહ્યો છે. મુમુક્ષુની પાત્રતા કેવી હોય, અશુભથી બચવા શુભમાં જોડાણ કેવું હોય, ઈત્યાદિ ઉપદેશ આપવા છતાં ક્યાંય કોઈને મુખ્યતા ન થઈ જાય તેમ તેમાં જોર આપ્યા વિના તે વ્યવહારમાર્ગ-પ્રકાશન સાથે મુખ્યપણે તો દ્રવ્યદૃષ્ટિમાર્ગપ્રકાશક નિશ્ચયની જ ધોધમાર વર્ષા વરસાવી છે જેથી ભદ્ર જીવો અનાદિના સંસ્કારવશ મંદકષાય આદિ વ્યવહારમાર્ગમાં અટકી ન જતાં નિશ્ચયમોક્ષમાર્ગને યથાર્થ સમજીને, તેનું જ ગ્રહણ કરીને, આ ભવ સફળ કરવા સ્વાનુભૂતિનો સત્ પુરુષાર્થ અપનાવે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ અધ્યાત્મયુગનું સર્જન કર્યું જ છે પણ વધુ સ્પષ્ટ કરીએ તો ખરેખર તો તેઓ દ્રવ્યદૃષ્ટિપ્રધાન-અધ્યાત્મયુગના સર્જક છે કેમ કે જે દ્રવ્યદૃષ્ટિપ્રધાન નિશ્ચયના બોધથી


જીવો નિશ્ચયાભાસના ડરથી ડરતાં હતા તેના બદલે તેઓશ્રીના પ્રતાપે ભવ્ય જીવો દિવસ-રાત એ નિશ્ચયનું શ્રવણ, ચિંતન ને ઘોલન કરવામાં જ જીવનની ધન્યતા અનુભવે છે.

દ્રવ્યદૃષ્ટિપ્રધાન અધ્યાત્મયુગના સર્જક પૂજ્ય ગુરુદેવશ્રીની ઉપદેશ-અમૃતવાણીને શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટે, તત્કાલિન પ્રમુખ શ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદૃષ્ટિથી ટેપમાં સંગ્રહિત કરીને ચિરકાળપર્યંત સુરક્ષિત બનાવી તેમજ લગભગ ૯૨૦૦ કલાકની આ ગુરુવાણીને સ્વ. શ્રી શાંતિલાલ રતિલાલ શાહ પરિવારે અદ્યતન ટેકનોલોજી વડે માત્ર ૧૬ **DVD**માં તેમજ **3 B.D. (Blu-ray Disc)**માં પ્રસિદ્ધ કરીને મુમુક્ષુઓના આત્મહિતનું સાધન પ્રદાન કર્યું છે કે જેના કારણે ભાવિના ભવ્યજીવો પણ આત્મહિતના માર્ગે સરળપણે પ્રયાણ કરતાં રહી શકશે. તેમ છતાં પંચમકાળના પ્રભાવવશ કેટલાક તત્ત્વના અભ્યાસીઓ વડે દૃષ્ટિપ્રધાન તત્ત્વજ્ઞાનના પુરુષાર્થમાં ભય પ્રકાશન કરાતો દેખીને પૂજ્ય ગુરુદેવશ્રીના ૯૨૦૦ ટેપ-પ્રવચનોમાંથી દ્રવ્યદૃષ્ટિપ્રધાન વિશેષ પુરુષાર્થ પ્રેરણાદાયક પ્રવચનો ચૂંટીચૂંટીને **'ગુરુ કહાન : દૃષ્ટિ મહાન'** રૂપે સીડી પ્રવચનો મુમુક્ષુસમાજને ઉપલબ્ધ કરાવવાની અમને ભાવના જાગ્રત થતાં અમોએ ભાગ-૧, ભાગ-૨, ભાગ-૩, ભાગ-૪ અને ભાગ-૫ પ્રસિદ્ધ કર્યા જેનું શ્રવણપાન કરતાં ગુરુભક્તોએ ધ્યાન દોર્યું કે સીડી-પ્રવચનનું શ્રવણ કરતી વખતે હાથમાં અક્ષરશઃ ગુરુવાણીનું પુસ્તક હોય તો પ્રવચનોનો ભાવ વિશેષરૂપે સમજવો સરળ બને. તેથી અમોએ ગુરુભક્તોની ભાવના સાકાર કરવાનો નિર્ણય કર્યો અને તેને સફળ કરવા શ્રી જયસુખભાઈ ભાયાણી તથા શ્રી ન્યાલચંદભાઈ હરજીવનદાસ સંઘરાજકા, સ્વ. જયંતીલાલ ચમનલાલ દોશી પરિવારે પ્રમોદ બતાવતાં ભાગ-૧, ભાગ-૨, ભાગ-૩, ભાગ-૪ તથા ભાગ-૫ પુસ્તક પ્રકાશિત થયા. કેટલાય મંડળોમાં ભાગ-૧, ભાગ-૨, ભાગ-૩, ભાગ-૪ તથા ભાગ-૫ની સીડી પ્રવચનોનો સભામાં સ્વાધ્યાય કરતાં મુમુક્ષુઓએ એટલો બધો પ્રમોદ વ્યક્ત કર્યો કે સ્વ. જયંતીલાલ ભાયાણીના ૧૦૦ જન્મદિન નિમિત્તે તેમના પુત્ર શ્રી જયસુખભાઈ ભાયાણી પરિવારને ભાગ-૬ પુસ્તક પ્રકાશિત કરવાની ભાવના થવાથી આજે આ પુસ્તક પ્રકાશિત થઈ રહ્યું છે.

આ પુસ્તક-પ્રકાશનના મુખ્ય બે પ્રયોજનો છે : (૧) જેઓને કરુણાસાગર ગુરુદેવશ્રીના પ્રત્યક્ષ દર્શન-શ્રવણનો લાભ મળ્યો નથી તેવા ભવ્ય જીવોને ગુરુદેવશ્રીના દ્રવ્યદૃષ્ટિપ્રધાન અંતઃકરણ સમજવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય તથા (૨) પંચમકાળના પ્રભાવમાં આવી જઈને પ્રમાણના લોભમાં અટકીને દ્રવ્યદૃષ્ટિના માર્ગે નિઃશંકપણે પ્રયાણ કરતા અચકાય નહીં અને એ રીતે પૂજ્ય ગુરુદેવશ્રીની ભવ્યજીવોને સંસારસમુદ્રમાંથી ઉગારી લેવાની કરુણા સફળતાને પામે.

અંતમાં, પૂજ્ય ગુરુદેવશ્રી ૯૧ વર્ષની ઉંમરે પણ જે દ્રવ્યદૃષ્ટિની પ્રરૂપણા કરતાં અંદરથી ઉછળી પડતા હતા તે દ્રવ્યદૃષ્ટિપ્રધાન ઉપદેશને **'ગુરુ કહાન : દૃષ્ટિ મહાન'**ના માધ્યમથી આપણે સૌ ત્વરાએ ગ્રહણ કરીને ભાવિ અનંતકાળ ગુરુના સાન્નિધ્યને પામીએ એવી ભાવના સહ—

—સંકલનકાર


પુરુષાર્થ પ્રેરણામૂર્તિ પૂજ્ય
સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

# અર્પણ

જેઓ વર્તમાનયુગમાં ક્રમબદ્ધપર્યાયનો શંખનાદ કરનાર તરીકે જૈનજગતમાં
પ્રસિદ્ધ છે; જેઓ જૈનજગતમાં સમયસારના પ્રખર પ્રચારક
તરીકે મશહૂર છે; જેઓ દ્રવ્યદૃષ્ટિપ્રધાન અધ્યાત્મયુગના
સર્જનહાર છે; જેઓએ શાસ્ત્રોના શબ્દોમાં છૂપાયેલા
આચાર્યોના ગૂઢ ભાવોને ખોલવાની અદ્‌ભુત શક્તિ
વડે ભવ્યજીવો ઉપર વચનાતીત પરમ ઉપકાર કર્યો
છે; જેઓની શીતળ છત્રછાયામાં જીવન
વીતાવવાનું પરમ સૌભાગ્ય અમારા
પિતાશ્રીને પ્રાપ્ત થયું હતું તે અસીમ
કરુણાસાગર, પુરુષાર્થપ્રેરણામૂર્તિ
ધર્મપિતા પૂજ્ય ગુરુદેવશ્રીને
તેમના જ દ્રવ્યદૃષ્ટિપ્રધાન આધ્યાત્મિક પ્રવચનોના
અમૂલ્ય ખજાનામાંથી ચૂટેલાં ૧૭ પ્રવચનનાં
સંકલનરૂપ આ 'ગુરુ કહાન : દૃષ્ટિ મહાન'
ભાગ-૬ અર્પણ કરતાં અમે જીવનની
ધન્યતા અનુભવીએ છીએ.

*–સંકલનકાર*

# અધ્યાત્મયુગસ્રષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી
## (સંપૂર્ણ જીવન-દર્શન, સંક્ષિપ્તમાં)

એવા એ કળિકાળમાં જગતનાં કંઈ પુણ્ય બાકી હતાં,
જિજ્ઞાસુ હૃદયો હતાં તલસતાં સદ્‌વસ્તુને ભેટવા;
એવા કંઈક પ્રભાવથી ગગનથી ઓ કૂહાન ! તું ઊતરે,
અંધારે ડૂબતાં અખંડ સત્‌ને તું પ્રાણવંતું કરે.

વર્તમાન ચોવીસીના પ્રથમ તીર્થંકરદેવના પૂર્વના ભોગભૂમિના એક ભવમાં, સમ્યક્ત્વપ્રાપ્તિની તેમની કાળલબ્ધિ પાકતાં, ગગનમાંથી બે-બે મુનિરાજ ઊતરે છે. અંતિમ તીર્થંકરદેવના પૂર્વના સિંહના ભવમાં, સમ્યક્ત્વપ્રાપ્તિની તેની કાળલબ્ધિ પાકતાં, ગગનમાંથી બે-બે મુનિરાજ ઘોર જંગલમાં ઊતરે છે. ઉપાદાન તૈયાર થતાં જાણે કે નિમિત્તને સ્વયં હાજર થવું પડે છે—તે ન્યાયે, લાખો ભવ્ય જીવોની તત્ત્વજિજ્ઞાસા-તૃપ્તિનો કાળ પાકતાં, સીમંધરસભામાં દેશનાનું શ્રવણ-પાન કરીને સ્વર્ગે જવા સક્ષમ એવા રાજકુમારનો જીવ, જાણે કે ભવિજન ભાગ્યવશ પોતાનો માર્ગ બદલીને, ગગનમાંથી અહીં ભરતભૂમિમાં ઊતર્યો !

ભગવાન શ્રી મહાવીરસ્વામી દ્વારા સમુપદિષ્ટ તથા આચાર્યશિરોમણિ શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ તેમજ શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવ આદિ નિર્ગ્રંથ દિગંબર સંતો દ્વારા શાસ્ત્રમાં સુરક્ષિત વીતરાગમાર્ગ જ્યારે રૂઢિચુસ્ત સાંપ્રદાયિકતાની દેહાશ્રિત બાહ્યક્રિયા અને અધ્યાત્મતત્ત્વજ્ઞાનશૂન્ય ભક્તિમાર્ગના અંધકારમાં ડૂબી રહ્યો હતો એવા કળિકાળમાં, વીતરાગમાર્ગના અખંડ સત્‌ને પ્રાણવંતું કરવા ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના ઉમરાળા ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી પરિવારના શ્રેષ્ઠીવર્ય પિતાશ્રી મોતીચંદભાઈ ગીગા કુરા ગાંડાણીના ઘેર, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, તા. ૨૧-૪-૧૮૯૦, રવિવારે વહેલી સવારે તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા.

નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થયું. ચાર વર્ષ બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાયા.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું; તે સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જવળ ભવિષ્યની આગાહી કરતાં બાર લીટીના કાવ્ય—'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ.'—ની રચના કરી હતી.

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કર્યો હતો. સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કર્યો અને ગુરુ પાસે આજીવન-બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કર્યું હતું. પછી ૨૪ વર્ષની વયે (વિ.સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયના વૈરાગી સાધુ હીરાજી મહારાજ પાસે દીક્ષા અંગીકાર કરી હતી. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટતાં તીક્ષ્ણબુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના ખોજક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતામ્બર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી – કર્મ છે તો વિકાર થાય ને? જોકે ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓએ દૃઢતાપૂર્વક સિંહગર્જના કરેલી કે— 'જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.'

વિ.સં. ૧૯૭૮મા મહાવીરપ્રભુના શાસન-ઉદ્ધારનો અને લાખો મુમુક્ષુઓનો મહાન પુણ્યોદયસૂચક એક મંગલકારી પવિત્ર પ્રસંગ બન્યો :

૩૨ વર્ષની ઉંમરે વિધિની કોઈ ધન્યપળે દામનગરમાં દામોદર શેઠ દ્વારા શ્રીમદ્

ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ દામનગરમાં દામોદર શેઠ દ્વારા ગુરુદેવશ્રીના કરકમળમાં આવ્યું અને તેનું અધ્યયન અને ચિંતન કરતાં કરતાં પૂર્વના સંસ્કારના બળે અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઉભરાતાં આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્ગાર નીકળ્યા – 'શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.' આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિએ નિજઘર દેખ્યું અર્થાત્ તેઓશ્રીને વૈશાખ વદ ૮ના રોજ સમ્યગ્દર્શન થયું.

વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલાં રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ 'મોક્ષમાર્ગપ્રકાશક' ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રીને આપ્યો જે વાંચતાં, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં, તેઓ તેના વાંચનમાં એટલા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું પણ ગમતું નહીં. ત્યારબાદ અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેષ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડી. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કર્યો.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં કરતાં સોનગઢ આવી 'સ્ટાર ઑફ ઈન્ડિયા' નામના એકાંત મકાનમાં ૧૯૯૧ના ફાગણ વદ પાંચમના દિને નિવાસ કર્યો અને મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ.સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે ભગવાન પાર્શ્વનાથના ફોટા સમક્ષ સંપ્રદાયના ચિહ્ન મુહપત્તિનો ત્યાગ કર્યો અને જાહેર કર્યું કે–'હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈનધર્મનો શ્રાવક છું.' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહા વીર્ય ઉછાળીને આ અદ્ભુત પરાક્રમી કાર્ય કર્યું.

'સ્ટાર ઑફ ઈન્ડિયા'માં સવા ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખૂબ જ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર'નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ.સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાયમંદિર' જીવનપર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યાં, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી હતી. પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યાં.

વિ.સં. ૧૯૮૧મા ગઢડામાં ૧૫ વર્ષની ઉંમરે પૂજ્ય શાંતાબેનને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રથમ દર્શન ને પ્રવચન-શ્રવણનો લાભ પ્રાપ્ત થયેલો. વિ.સં. ૧૯૮૫મા વઢવાણમાં ૧૫ વર્ષની ઉંમરે પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રથમ દર્શન અને પ્રવચન-શ્રવણનો લાભ પ્રાપ્ત થયેલો. વિ.સં. ૧૯૮૬મા વિંછીયામાં પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શન ને પ્રવચન-શ્રવણ માટે બંને બહેનોને જવાનું થતાં ત્યાં પ્રથમવાર બંને બહેનોને પરિચય થયેલો. પૂજ્ય ગુરુદેવશ્રીએ 'પરિવર્તન' કર્યા બાદ સોનગઢમાં બંને બહેનોએ સાથે રહેવાનું શરૂ કરીને, જીવનપર્યંત સાથે રહીને, પૂજ્ય ગુરુદેવશ્રીની દેશના વડે પોતપોતાની આત્મસાધના કરતાં રહીને, શાસનની અત્યંત ભક્તિપૂર્વક સેવા કરી હતી. ગુરુ-શાસન પ્રભાવનામાં બંને બહેનોનું નોંધનીય વિશેષ યોગદાન રહ્યું હતું.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજના રોજ શ્રી નાનાલાલભાઈ વિગેરે જસાણી ભાઈઓના યોગદાન દ્વારા નવનિર્મિત શ્રી દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગલ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક-વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતા. આવા ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બન્યું. રોજ બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહેતાં. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

વિ.સં. ૧૯૯૭મા દિગમ્બર જૈન સમાજના તત્કાલીન પ્રમુખ દિગમ્બર જૈનાચાર્ય શ્રી શાંતિસાગરજી મહારાજ શ્રી શત્રુંજય સિદ્ધક્ષેત્રની યાત્રા કરીને સોનગઢ આવેલા; પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન સાંભળીને તથા તત્ત્વચર્ચા કરીને એટલા પ્રભાવિત થયેલા કે તેઓએ ગુરુદેવશ્રીને ઉદ્દેશીને કહેલ કે 'તીર્થંકર અકેલે મોક્ષ નહીં જાતે; યહાં કુછ ઐસા યોગ હૈ—ઐસા હમે લગતા હૈ'—અર્થાત્ પૂજ્ય ગુરુદેવશ્રી ભવિષ્યમાં તીર્થંકર થશે એવું દિગમ્બર જૈન સમાજના પ્રમુખ આચાર્યને લાગ્યું હતું.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો-મુનિવરો તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો, પંડિત શ્રી હિંમતભાઈ જે. શાહના ગુજરાતીમાં અનુવાદિત શ્રી સમયસાર આદિ પરમાગમો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોના પુસ્તક છપાવવાનું કાર્ય વિ.સં. ૧૯૯૯ (ઈ.સ. ૧૯૪૩) થી શરૂ થયું. આ સત્-સાહિત્ય દ્વારા વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાનગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ.સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી 'આત્મધર્મ' નામની માસિક અધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટના સ્થાપક આદ્યપ્રમુખ મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું 'શ્રી સદ્‌ગુરુ પ્રવચન પ્રસાદ' સપ્ટેમ્બર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્ય-વિહારી મહાપુરુષની મંગલવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતામ્બર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણ પૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે....! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ (ઈ.સ. ૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ.સં. ૨૦૦૩ના શ્રાવણ માસમાં શરૂ કરવામાં આવેલ હતા.

પૂજ્ય ગુરુદેવશ્રીની દેશનાનું સામર્થ્ય પ્રસિદ્ધ કરતો એક પ્રસંગ ઈ.સ. ૧૯૪૬મા બન્યો. અજમેરનિવાસી શ્રી ન્યાલચંદભાઈ સોગાની સોનગઢ આવ્યા અને પ્રથમવાર જ પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શનનો લાભ સંપ્રાપ્ત થયો. પૂજ્ય ગુરુદેવશ્રીનું એક જ પ્રવચન સાંભળી રાતભર આત્મમંથન કરતાં કરતાં સવાર સુધીમાં અતીન્દ્રિય આનંદનો અનુભવ પ્રાપ્ત કરીને જૈનજગતને પ્રતીત કરાવી કે જો તમારો પુરુષાર્થ અને ગુરુપ્રતિ અર્પણતા ગાઢ હોય તો આ મહાપુરુષની દેશના એટલી પ્રખર છે કે તેમનું એક જ પ્રવચન-શ્રવણ ભવ્યોના ભવાંતનું પ્રબળ નિમિત્ત બનવાનું સામર્થ્ય ધરાવે છે.

વિ.સં. ૨૦૦૩મા બંધાયેલ 'ભગવાન શ્રી કુંદકુંદ પ્રવચન મંડપ'ના શિલાન્યાસ પ્રસંગે ઈન્દૌરના સર શેઠ હુકમચંદજી પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ અત્યંત અહોભાવથી બોલ્યા હતા કે 'આપકે પાસ મોક્ષ જાનેકા સીધા રાસ્તા હૈ.'

વિ.સં. ૨૦૦૩મા પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ છત્રછાયામાં, 'ભારતવર્ષીય દિગમ્બર જૈન વિદ્વત્ પરિષદ'નું ત્રીજું અધિવેશન પં. શ્રી કૈલાશચંદ્રજી (બનારસ)ની અધ્યક્ષતામાં ભરવામાં આવ્યું હતું જેમાં દિગમ્બર જૈન સમાજના સુપ્રસિદ્ધ ૩૨ વિદ્વાનોએ લાભ લીધો હતો. પૂજ્ય ગુરુદેવશ્રીની દેશનાથી પ્રભાવિત થઈને તેઓએ સર્વસંમતિથી એક વિશાળ પ્રસ્તાવ પારિત કરેલો હતો જેમાં સ્પષ્ટપણે ઉલ્લેખ કરાયેલ કે "....ભગવાન કુંદકુંદની વાણી સમજીને મહારાજશ્રીએ માત્ર પોતાને જ ઓળખ્યા છે એમ નહીં પણ હજારો લાખો મનુષ્યોને એક જીવન ઉદ્ધારના સત્ય માર્ગ પર ચાલવાનો ઉપાય દર્શાવી દીધો છે....."

દિગંબર જૈન સમાજના તત્કાલીન મૂર્ધન્ય પંડિત શ્રી કૈલાસચંદજીએ પોતાની પત્રિકાના સંપાદકીય લેખમાં પૂજ્ય ગુરુદેવશ્રીની વિશેષતા દર્શાવતા લખેલ કે જો કાનજીસ્વામી ઈસ યુગમેં ન હુએ હોતે તો હમારે લિયે સમયસાર ગ્રંથ માત્ર દર્શનીય રહ જાતા અર્થાત્ પૂજ્ય ગુરુદેવશ્રીના કારણે સમયસાર જેવા મહાન ગ્રંથનો પોતાને અભ્યાસ કરવાનો સુયોગ પ્રાપ્ત થયો હતો. ફરીથી એ જ પત્રિકાના સંપાદકીય લેખમાં પૂજ્ય ગુરુદેવશ્રીનો દૃષ્ટિકોણ રજૂ કરતા તેમણે લખેલ કે કાનજીસ્વામી નિમિત્તકો નહીં માનતે ઐસા નહીં હૈ લેકિન વે નિમિત્તસે કુછ હોતા નહીં હૈ ઐસા માનતે હૈં. એ રીતે મૂળ દિગંબર સંપ્રદાયમાં પણ સમયસાર-સ્વાધ્યાયયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રતિભા પ્રસિદ્ધિ પામી હતી.

લાડનૂનિવાસી શ્રી રતનલાલ ગંગવાલના પિતાશ્રી શ્રી વચ્છરાજજી પૂજ્ય ગુરુદેવશ્રીનો મહિમા સાંભળીને સોનગઢ આવેલા; અત્યંત પ્રભાવિત થઈને તેઓએ પૂજ્ય બહેનશ્રીબેનની છત્રછાયામાં બાળબ્રહ્મચારી બહેનોના આવાસ માટે ‘શ્રી ગોગીદેવી દિગમ્બર જૈન શ્રાવિકા બ્રહ્મચર્યાશ્રમ’નું વિ.સં. ૨૦૦૮મા નિર્માણ કરેલું.

શ્રી કુંદકુંદાચાર્યદેવ વિરચિત શ્રી સમયસાર આદિ પાંચેય પરમાગમો આરસમાં ઉત્કીર્ણ કરેલ ‘શ્રી મહાવીર કુંદકુંદ પરમાગમ મંદિર’નું ઉદ્ઘાટન વિ.સં. ૨૦૩૦મા સોનગઢમાં ૨૬,૦૦૦ ભક્તોની ઉપસ્થિતિમાં શ્રી શાંતિપ્રસાદજી સાહુના હસ્તે થયું હતું.

ટ્રસ્ટી શ્રી નેમિચંદજી પાટની (આગ્રા)ના સફળ સંચાલનમાં શ્રી સમ્મેદશિખરજીની યાત્રા નિમિત્તે વિ.સં. ૨૦૧૩ (ઈ.સ. ૧૯૫૭) તથા વિ.સં. ૨૦૨૩ (ઈ.સ. ૧૯૬૭)મા—એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગલ વિહાર થયો હતો. તે જ રીતે વિ.સં. ૨૦૧૫ (ઈ.સ. ૧૯૫૯) અને વિ.સં. ૨૦૨૦ (ઈ.સ. ૧૯૬૪)મા—એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર થયો હતો. આ મંગલ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યાં અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. ફળસ્વરૂપે ભારતભરમાં મહતી ધર્મપ્રભાવના થઈ અને સોનગઢના આ સંત પ્રત્યે લોકોમાં શ્રદ્ધાભક્તિનો જુવાળ જાગી ઊઠ્યો. યાત્રા દરમ્યાન અનેક સ્થાનોએથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

પોણા છ માસની ૮૦૦ મુમુક્ષુ-યાત્રાળુઓ સાથે નીકળેલી વિ.સં. ૨૦૧૩ની શ્રી સમ્મેદશિખરજીની પ્રથમ યાત્રા વખતે ઈસરી આશ્રમમાં દિગમ્બર જૈન સમાજના અનેક પ્રસિદ્ધ વિદ્વાનોની હાજરીમાં ક્ષુલ્લક શ્રી ગણેશપ્રસાદજી વર્ણીજી સાથે પૂજ્ય ગુરુદેવશ્રીની વાત્સલ્યતાભરી વાતચીત થયેલી; ત્યારે વર્ણીજીએ પ્રસન્નતા વ્યક્ત કરતાં કહ્યું કે

''સ્વામીજીકી પ્રસન્નમુદ્રા મુઝે બહોત પસંદ આઈ; ઔર મુઝે ઐસા લગા કિ ઈસ આત્માકે દ્વારા સમાજકા કલ્યાણ હોગા.'' ત્યારબાદ મધુવન (શિખરજી)માં અનેક દિગંબર મુનિઓ, વિદ્વાનો, વર્ણીજી સહિત અનેક ત્યાગીઓ અને પાંચ હજારથી અધિક શ્રોતાગણની સમક્ષ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન થયેલું. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન-શ્રવણથી પ્રભાવિત થઈને સેંકડો પંડિતોના વિદ્યાપતિ પં. બંસીધરજી (ઇન્દૌર)એ હિંમતપૂર્વક સ્પષ્ટ જાહેર કરેલું કે '.....આપકી વાણીમેં તીર્થંકરોંકા ઔર કુંદકુંદસ્વામીકા હી હૃદય હૈ.' ભારતવર્ષીય દિ. જૈન વિદ્વત્પરિષદના અધ્યક્ષ પં. ફૂલચંદજી સિદ્ધાંતશાસ્ત્રી પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન-સત્સમાગમથી એટલા બધા પ્રભાવિત થયા કે તેઓ પોતાની રૂઢિગત્ માન્યતા છોડીને પૂજ્ય ગુરુદેવશ્રીના અનુયાયી બની ગયા.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને શ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદૃષ્ટિને કારણે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ દ્વારા ઈ.સ. ૧૯૫૯થી નવેમ્બર ૧૯૮૦ સુધી ટેપમાં ઉતારી લેવામાં આવી, જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ ઉપસ્થિતિમાં જ ભારતભરમાં—વિશેષરૂપે હિન્દી સમાજમાં તેમજ નાઈરોબી, લંડન, સ્વીત્ઝરલેન્ડ, હોંગકોંગ, અમેરિકા, કેનેડા ઈત્યાદિ વિદેશોમાં, અગણિત સંખ્યામાં ટેપરીલો તથા કેસેટોથી ટ્રસ્ટના કેસેટ-વિભાગ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોનો મુમુક્ષુઓએ લાભ પ્રાપ્ત કર્યો હતો. હાલમાં CD યુગ શરૂ થતાં સ્વ. શાંતિલાલ રતિલાલ શાહના પરિવાર દ્વારા આ મંગલવાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે, તે એમ પ્રસિદ્ધ કરે છે કે ભરતક્ષેત્રના ભવ્યજીવોને પંચમકાળના અંત સુધી આ દિવ્યવાણી ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

દશલક્ષણ પર્યુષણપર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલાં તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. પર્યુષણમાં સૌ પ્રથમ બહારગામ—રાજધાની દિલ્હીમાં—વાંચન કરવા માટે સોનગઢથી શ્રી ખીમચંદભાઈ શેઠ ગયા હતા. તેઓ તેમ જ શ્રી લાલચંદભાઈ મોદી અને શ્રી યુગલકિશોરજી (કોટા), પૂજ્ય ગુરુદેવની સૂક્ષ્મ તત્ત્વ-પ્રરૂપણાનો પ્રચાર કરનાર અગ્રેસર વક્તાઓ હતા/છે. પ્રવચનકારોને મોકલવાની આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગ્રતિ આવી હતી અને આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણપર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે. ડૉ. હુકમચંદજી ભારિલ્લના નિર્દેશનમાં નવા નવા વિદ્વાનો તૈયાર કરવા માટે શ્રી પૂનમચંદજી ગોદિકા દ્વારા આચાર્યકલ્પ પંડિત શ્રી

ટોડરમલજીની સ્મૃતિરૂપે જયપુરમાં શ્રી ટોડરમલ સ્મારક ભવનનું ઈ.સ. ૧૯૬૭મા નિર્માણ થયું જેનું ઉદ્દ્ઘાટન પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ ઉપસ્થિતિમાં તેઓશ્રીના આશીર્વાદથી થયું હતું. નવા પ્રવચનકાર વિદ્વાનોને પ્રવચન-પદ્ધતિ માટે પ્રશિક્ષિત કરવા દર વર્ષે પ્રશિક્ષણવર્ગ જયપુરથી શરૂ કરવામાં આવ્યા હતા. ઉત્તર ગુજરાત તેમજ હિન્દી પ્રાંતમાં પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલ તત્ત્વજ્ઞાનના પ્રચાર-પ્રસારમાં પંડિત શ્રી બાબુભાઈ ફતેપુરવાળાનું વિશેષ યોગદાન રહ્યું હતું.

ભગવાન શ્રી મહાવીરસ્વામી પછીના આ યુગમાં જ્યારે બૌદ્ધ સંપ્રદાયનો ઘણો પ્રભાવ હતો ત્યારે સમર્થ આચાર્ય શ્રી અકલંકદેવે તત્કાલીન પ્રમુખ બૌદ્ધ આચાર્ય સાથે વાદવિવાદ કરીને તેમનો પરાજય કરતાં જૈન સમાજમાં જયજયકાર થયેલો; તેવી જ રીતે ઓક્ટોબર ૧૯૬૩મા ખાનિયા (જયપુર)માં દિગમ્બર સમ્પ્રદાયના પ્રખર પંડિતો અને કાનજીસ્વામીના અનુયાયી તરીકે પ્રસિદ્ધ પં. શ્રી ફૂલચંદજી સિદ્ધાન્તશાસ્ત્રી વચ્ચે કેટલાક દિવસો સુધી લેખિત પ્રશ્નોત્તર દ્વારા તત્ત્વચર્ચા થતાં, પં. શ્રી ફૂલચંદજી દ્વારા તે પંડિતોની રૂઢિગત્ માન્યતાનો શાસ્ત્રોના આધારો દ્વારા પરાજય થતાં, પૂજ્ય ગુરુદેવશ્રીએ અત્યંત ભાવવિભોર થઈને જૈનદર્શનના સત્યમાર્ગની જીત સંબંધી પં. ફૂલચંદજી માટે અત્યંત પ્રસન્નતા વ્યક્ત કરતાં કહ્યું હતું કે—પંડિત ફૂલચંદજીએ બહુ કાર્ય કર્યું છે, બહુ મહેનત કરી છે. શાસ્ત્રથી આધાર આપીને બરાબર સાચી શ્રદ્ધાને થંભાવી રાખી છે. એવો એ એક પંડિત નીકળ્યો ! શાસ્ત્રના પંડિતપણે ભણીને સ્વ-આશ્રય અને પર-આશ્રય આ બે બોલને ટકાવી રાખ્યા; બહુ જબ્બર વાત છે. હજારો બોલ ઓહોહો....! ઘણું જ્ઞાન છે. અત્યારે ચાલતો આ પંથ-વિપંથ, તેમાં આ વાત બહાર મૂકવી ! ઘણી હિંમત કરી છે. આ ઐતિહાસિક પ્રસંગે પૂજ્ય ગુરુદેવશ્રીની અત્યંત ભાવવિભોર પ્રસન્ન મુખમુદ્રા દેખીને ભક્તો રોમાંચિત થઈ ગયેલા.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષના મંગલકારી જન્મોત્સવો ઉજવવાની શરૂઆત ૫૯મા વર્ષથી થઈ. ૭૫મા હીરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી-જડિત આઠસો પાનાનો એક દળદાર 'અભિનંદન ગ્રંથ' આ ભાવી તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન મંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા દેશભરના હજારો ભક્તોની હાજરીમાં મુંબઈમાં અર્પણ થયો હતો. જોગાનુજોગ થોડા જ દિવસોમાં તેઓ ભારતના વડાપ્રધાન બન્યા.

વિ.સં. ૨૦૩૭ના કારતક વદ ૭, તા. ૨૮-૧૧-૧૯૮૦, શુક્રવારના રોજ આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં

એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ જ્ઞાયકમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રમાંથી સ્વર્ગપુરીમાં પ્રયાણ કર્યું. જેમ નવપલ્લવિત વટવૃક્ષ શરૂઆતમાં સ્વયં પોતાની વિશાળતાને સમૃદ્ધ કરતો થકો વિશાળકાય બની ગયા બાદ તેમાંથી અનેક વટવૃક્ષનું નવસર્જન કરતો હોય છે, તેમ સોનગઢના આ સંતે શરૂઆતમાં સ્વયંભૂપણે અધ્યાત્મયુગનું નવસર્જન કર્યું અને તેમની વિશાળ પ્રભાવના-છાયામાં દેશ-વિદેશમાં—જયપુર, દેવલાલી, અલિગઢ, દિલ્હી, ગાંધીનગર, સોનાગિર, બાંસવાડા, ઈન્દૌર, દ્રોણગિરિ, નાગપુર, ગજપંથા, કોટા ઈત્યાદિ તથા નાઈરોબી, લંડન, અમેરિકા ઈત્યાદિ ક્ષેત્રોમાં—સ્થપાયેલ સંસ્થાઓ દ્વારા, તેઓશ્રીએ પ્રરૂપેલ તત્ત્વજ્ઞાનના પ્રચાર વડે તેઓશ્રી દ્વારા નવસર્જિત અધ્યાત્મયુગને યુગના અંત સુધી ટકાવી રાખવાનું પણ તેઓશ્રીના પુણ્યપ્રતાપે બન્યું. એ રીતે તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરતા ગયા.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતાં. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખૂબ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઈ.સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થકાળનો જ અનુભવ થતો.

ઈ.સ. ૧૯૪૧ થી ઈ.સ. ૧૯૮૦ દરમ્યાન પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના નિર્દેશનમાં તથા પૂજ્ય શાંતાબેનના ભક્તિ-ઉલ્લાસભર્યા સંચાલનમાં સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત ભારતદેશના અનેક શહેરોમાં તથા નાઈરોબીમાં—એમ કુલ ૬૬ દિગંબર જિનમંદિરોની મંગલ પ્રતિષ્ઠા આ ધર્મયુગસ્રષ્ટા સત્પુરુષના કરકમળ દ્વારા થઈ હતી.

તેઓશ્રીની અધ્યાત્મ-દેશનાના પ્રભાવથી શ્રી સીમંધરસ્વામી દિગમ્બર જિનમંદિર, શ્રી સમવસરણ મંદિર, શ્રી માનસ્તંભજી, શ્રી મહાવીર કુંદકુંદ પરમાગમ મંદિર, શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલય જેવા જિનાયતનોના નિર્માણથી આજે સુવર્ણપુરી જૈનજગતમાં આત્મસાધનાનું તીર્થધામ બની ગયું છે અને નજીકના ભવિષ્યમાં ૪૧ ફૂટના ભગવાન શ્રી બાહુબલીના ખડ્ગાસન જિનબિંબની તેમજ જમ્બૂદ્વીપના અનેક જિનબિંબોની સ્થાપના થતાં પૂજ્ય ગુરુદેવશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરી આકર્ષક અજાયબી તરીકે વિશ્વના નકશામાં સ્થાન પામશે.

આ વિદેહ દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જ્વળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર હતું. પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમ સંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહ્યા. ભાવલિંગી મુનિઓના તેઓ પરમ ઉપાસક હતા.

પોતે ચતુર્થ ગુણસ્થાનવર્તી સાધક હોવા છતાં તેમનો જીવન-વ્યવહાર અને પરિણામની સ્થિતિ અત્યંત ઉચ્ચ કોટિના હતા. તીર્થંકરનું દ્રવ્ય હોવાથી જગતના જીવો આત્મકલ્યાણને પામો એવી કરુણા વર્તતી હોવાથી ૯૧મા વર્ષે પણ ગામોગામ વિહાર કરીને ભવ્યજીવોની તત્ત્વજિજ્ઞાસા છીપાવતા હતા છતાં તેઓ એટલા નિસ્પૃહી હતા કે તેઓશ્રીએ ક્યારેય કોઈને પણ જિનમંદિર બંધાવો કે સ્વાધ્યાયમંદિર બંધાવો એવું કહેવું તો દૂર રહ્યું, ઈશારો સુદ્ધાં કરેલ ન હતો.

જીવોના આત્મકલ્યાણની કરુણા હોવા છતાં એટલા નિર્મમત્વી હતા કે ક્યારેય કોઈને પણ પૂછેલ ન હતું કે તમે રોજ સ્વાધ્યાય કરો છો ને?

કોઈ વ્યક્તિ જીવનપર્યંત તત્ત્વજ્ઞાન ન સમજવાથી પૂજ્ય ગુરુદેવશ્રીનો વિરોધ કરતો હોય ને તે વ્યક્તિને પોતાના અજ્ઞાન માટે પશ્ચાતાપ થતાં પૂજ્ય ગુરુદેવશ્રીની ક્ષમા માગતો ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીને શરમ.....શરમ..... અનુભવાતી અને કહેતાં કે ભૂલી જાઓ.....ભૂલી જાઓ.... ભગવાને પણ પોતાના ભૂતકાળમાં ભૂલો કરવામાં કાંઈ બાકી રાખ્યું ન હતું. તમે ભગવાન છો એમ અમે દેખીએ છીએ અને તમે પણ તમને ભગવાન તરીકે દેખો.—આવી તો નિર્માનતા હતી.

તત્ત્વવિરોધના કારણે કોઈ દૈનિકપત્રમાં કે પત્રિકામાં પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ અનુચિત લખાણ છાપે તો ભક્તો તેનો વિરોધ કરવાના હોય તો તેઓશ્રી કહેતાં કે ભાઈ! અમારું કોઈ વિરોધી નથી. અમારો કોઈ વિરોધ કરતો નથી. અમે કોઈને વિરોધી દેખતા નથી. અમે તો બધાને ભગવાન તરીકે દેખીએ છીએ. ગમે તેવું લખાણ લખીને વિરોધ કરનાર પણ જો પ્રવચન સાંભળવા આવતો તો તેને સભામાં આગળ બેસવા બોલાવતાં ને પ્રવચનમાં વાત્સલ્યભાવે તેમને સંબોધિત કરતાં. પૂરા જીવન દરમ્યાન કોઈપણ વ્યક્તિએ ગમે તેવો વિરોધ કર્યો હોય તે પણ જો એકવાર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યક્ષ દર્શન—સત્‌સમાગમાં

આવતો તો તે જીવનભર તેમનો અનુયાયી બની જતો. ક્ષમાપના દિને પ્રવચનસભામાં જાહેરમાં કહેતાં કે કોઈ જીવને અમારાથી પર્યાયદૃષ્ટિથી જોવાઈ ગયું હોય તો અમે ક્ષમા માગીએ છીએ. સૌ જીવો ભગવાન છે.—આવી તો તેમની કરુણામય ક્ષમાભાવના હતી.

જીવનમાં નિસ્પરિગ્રહી તો એવા કે ૪૫-૪૫ વર્ષો સુધી સ્વાધ્યાયમંદિરના એક જ રૂમમાં રહેલાં કે જ્યાં જિનવાણી-સ્વાધ્યાય માટે એક બેઠક, સૂવા માટે એક ગાદલાવાળી બેંચ ને ત્યાગીને યોગ્ય માત્ર ચાર જોડી કપડા! અને સ્વાધ્યાય અર્થે સેંકડો શાસ્ત્રોથી ભરેલા કબાટો !!

દેશ અને દુનિયામાં શું ભજી રહ્યું છે તે જાણવાનું કૂતુહલ નહીં હોવાથી ક્યારેય ન્યૂઝપેપર સુદ્ધાં વાંચ્યું ન હતું.

રસના અલોલુપી—નિઃસ્વાદી તો એટલા કે જીવનમાં ક્યારેય બે ત્રણ શાક સિવાય ન તો કોઈ શાક ચાખ્યું હતું, મગની દાળ સિવાય ન તો કોઈ દાળ કે કઢી ચાખ્યા હતા, ન તો કોઈ ચટણી, મરચાં ચાખેલા, ન તો કોઈ મીઠાઈ કે ફરસાણ કે મુખવાસ ચાખેલા. જાણે કે કોઈ ત્યાગી-વ્રતી હોય તેવું તેમનું જીવન હતું.

કરુણાશીલતાનો સાગર હોવા છતાં તત્ત્વમાં એટલા નિર્ભીક ને સત્યમાર્ગ પ્રવક્તા હતા કે કોઈપણ લૌકિક મહાનુભાવનો તેમના પર પ્રભાવ પડતો ન હતો. એક પ્રતિષ્ઠિત શ્રેષ્ઠી તથા એક ત્યાગી-વ્રતી દ્વારા ઉદ્દિષ્ટ ભોજન માટે કાંઈક જતું કરવા સંબંધી પૂજ્ય ગુરુદેવશ્રીને ઈશારો કરવામાં આવતાં, તેઓશ્રીએ બહુ સ્પષ્ટપણે કહ્યું કે પોતાના માટે બનેલો આહાર—ઉદ્દિષ્ટ ભોજન—પ્રાણ જાય તોપણ મુનિરાજ લ્યે નહીં. દેશકાળના નામે સર્વજ્ઞકથિત શુદ્ધ આમ્નાયનું ઉલ્લંઘન કેમ કરાય? વિ.સં. ૧૯૯૪મા સ્વાધ્યાયમંદિરના ઉદ્‌ઘાટન પ્રસંગે ભાવનગરના મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજી (દેશના પ્રથમ રાજ્યપાલ-મદ્રાસના) સોનગઢ આવેલા; તેમને તેઓશ્રીએ પ્રવચનમાં કહેલ કે થોડું માગે તે નાનો માગણ, ઘણું માગે તે મોટો માગણ—વર્ષે પાંચ હજાર જોઈતા હોય તે નાનો માગણ અને વર્ષે પાંચ લાખ જોઈતા હોય તે મોટો માગણ! શ્રીમદ્ રાજચંદ્રજીને પોતાના ધર્મગુરુ માનનાર રાષ્ટ્રપિતા ગાંધીજી વિ.સં. ૧૯૯૫મા રાજકોટમાં પ્રવચનમાં આવેલા. પૂજ્ય ગુરુદેવશ્રીએ પોતાની તત્ત્વની મસ્તીમાં કહેલ કે હું બીજાની સેવા કરી શકું છું એમ માનનાર મૂઢ છે. આ વાત ગાંધીજીને એટલી બધી સ્પર્શી ગયેલ કે કેટલાક વર્ષો પછી તેમણે કોઈને પૂછેલ કે મને મૂઢ કહેનાર મહારાજ હાલ ક્યાં વિચરે છે?

ગુણ પ્રશંસક તો એટલા કે કોઈએ પણ શાસન-સંબંધી પ્રશંસનીય કાર્ય કર્યું હોય—ચાહે તે પોતાનો શિષ્ય ભલે હોય તોપણ—તેની મુક્તકંઠે પ્રશંસા કરતા હતાં.

—આવી અનેક ઉચ્ચ કોટિની  પરિણતિ અને અધ્યાત્મતત્ત્વજ્ઞાનથી ભરપૂર ઉપદેશના સુસંગમના કારણે પ્રથમ પરિચયમાં જ શ્રોતાઓ તેમના પ્રતિ ભાવવિભોર બનીને તેમના અનુયાયી બની જતાં.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ-વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વપ્રકારે સમજાવ્યો હતો. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઇત્યાદિ સમસ્ત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું હતું. ''સેંકડો શાસ્ત્રોના અમારા મંથનનો આ સાર અંદરથી આવ્યો છે''—એ ''ક્રમબદ્ધપર્યાય''ના શંખનાદ વડે તેઓશ્રીએ જૈનજગતને આંદોલિત કર્યું. જેમ શ્રી સમયસારનું સ્મરણ કરે અને કાનજીસ્વામીનું સ્મરણ થયા વિના રહેતું નથી, તેમ ''ક્રમબદ્ધપર્યાય'' શબ્દ કાને પડે ને કાનજીસ્વામીનું સ્મરણ થયા વિના રહેવું અસંભવ છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

કરુણાસાગર, પુરુષાર્થપ્રેરણામૂર્તિ, સમ્યગ્જ્ઞાનવિભૂષિત આ ધર્માત્માના મહિમાનું વર્ણન શબ્દાતીત છે; માત્ર અહોભાવથી અનુભવગમ્ય  છે.

''તું પરમાત્મા છો—એમ નક્કી કર ! તું પરમાત્મા છો—એમ નક્કી કર !''—એવો મહામંત્ર મુમુક્ષુઓને આપીને ભક્તોને ભગવાન બનવાની પ્રેરણા કરનાર આ મહાપુરુષે પ્રકાશેલો સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદા જયવંત વર્તો !

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન-સ્તંભ શ્રી કહાનગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો !

ભવભીરૂ ભવ્યાત્માના ભવનો અભાવ કરનાર સત્પુરુષનો પ્રભાવના-ઉદય જયવંત વર્તો !

હે જ્ઞાનપોષક સુમેઘ તને નમું હું,<br>
આ દાસના જીવનશિલ્પી તને નમું હું.

—સંકલનકાર

# અનુક્રમણિકા

## ગુરુ કહાન : દ્રષ્ટિ મહાન (ભાગ-૬)


| ક્રમ | શાસ્ત્ર | ગાથા/શ્લોક | તારીખ | પ્રવચન નં. | પેઈજ નં. |
|---|---|---|---|---|---|
| ૧. | શ્રી નિયમસાર | ૩ | ૦૩-૦૧-૭૬ | ૧૪૨ | ૧ |
| ૨. | શ્રી નિયમસાર | ૩ | ૦૪-૦૧-૭૬ | ૧૪૩ | ૧૪ |
| ૩. | શ્રી નિયમસાર | ૩ | ૦૫-૦૧-૭૬ | ૧૪૪ | ૨૭ |
| ૪. | શ્રી નિયમસાર | ૯/૧૫ | ૧૩-૦૧-૭૬ | ૧૫૧ | ૩૮ |
| ૫. | શ્રી નિયમસાર | ૯-૧૦/૧૬ | ૧૪-૦૧-૭૬ | ૧૫૨ | ૫૦ |
| ૬. | શ્રી નિયમસાર | ૧૦/૧૭ | ૧૫-૦૧-૭૬ | ૧૫૩ | ૬૪ |
| ૭. | શ્રી નિયમસાર | ૧૧/૧૨ | ૧૬-૦૧-૭૬ | ૧૫૪ | ૭૮ |
| ૮. | શ્રી નિયમસાર | ૧૧/૧૨ | ૧૮-૦૧-૭૬ | ૧૫૫ | ૯૧ |
| ૯. | શ્રી નિયમસાર | ૧૮-૨૦ | ૧૯-૦૧-૭૬ | ૧૫૬ | ૧૦૩ |
| ૧૦. | શ્રી નિયમસાર | ૧૩/૨૧-૨૨ | ૨૦-૦૧-૭૬ | ૧૫૭ | ૧૧૬ |
| ૧૧. | શ્રી નિયમસાર | ૧૩-૧૪/૨૩ | ૨૧-૦૧-૭૬ | ૧૫૮ | ૧૩૦ |
| ૧૨. | શ્રી નિયમસાર | ૧૫/૨૪-૨૬ | ૨૨-૦૧-૭૬ | ૧૫૯ | ૧૪૩ |
| ૧૩. | શ્રી નિયમસાર | ૧૫ | ૨૩-૦૧-૭૬ | ૧૬૦ | ૧૫૫ |
| ૧૪. | શ્રી નિયમસાર | ૧૫ | ૨૫-૦૧-૭૬ | ૧૬૧ | ૧૬૮ |
| ૧૫. | શ્રી નિયમસાર | ૧૫ | ૦૯-૧૦-૫૧ | ૪૨૨ | ૧૮૧ |
| ૧૬. | શ્રી નિયમસાર | ૧૫/૨૬ | ૧૦-૦૧-૫૫ | ૪૧૪ | ૧૯૫ |
| ૧૭. | શ્રી સમયસાર | ૩૨૦ | ૧૭-૦૮-૭૦ | ૪૫૦ | ૨૧૦ |

# ✻ શ્રી સદ્‌ગુરુદેવ-સ્તુતિ ✻

(હરિગીત)

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુ ક્હાન તું નાવિક મળ્યો.

(અનુષ્ટુપ)

અહો! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના!
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

(શિખરિણી)

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદઘન વિષે કાંઈ ન મળે.

(શાર્દૂલવિક્રીડિત)

હૈયું 'સત સત, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે, પરદ્રવ્ય નાતો તૂટે;
—રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં–અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

(વસંતતિલકા)

નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

(સ્રગ્ધરા)

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ! તારી ઉર-અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું,—મનરથ મનનો; પૂરજો શક્તિશાળી!

પ્રવચન શરૂ કરતાં પહેલાં પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા કરવામાં આવતું

# માંગલિક

॥ णमो लोए सव्व अरिहंताणम् ॥

॥ णमो लोए सव्व सिद्धाणम् ॥

॥ णमो लोए सव्व आयरियाणम् ॥

॥ णमो लोए सव्व उवज्झायाणम् ॥

॥ णमो लोए सव्व त्रिकाळवर्ती साहूणम् ॥

ओंकारं बिन्दुसंयुक्तं नित्यं ध्यायन्ति योगिनः।
कामदं मोक्षदं चैव ॐकाराय नमो नमः॥

नमः समयसाराय स्वानुभूत्या चकासते।
चित्स्वभावायभावाय सर्वभावान्तरच्छिदे॥

मङ्गलं भगवान् वीरो मङ्गलं गौतमो गणी।
मङ्गलं कुन्दकुन्दार्यो जैनधर्मोऽस्तु मङ्गलम्॥

त्रिकाळ दिव्यध्वनि दातार....

ॐ

શ્રી પરમાત્મને નમઃ

# ગુરુ કહાન : દૃષ્ટિ મહાન

( અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનાં દ્રવ્યદૃષ્ટિપ્રધાન આધ્યાત્મિક પ્રવચનો )

(ભાગ–૬)

❖ ❖ ❖

**શ્રી નિયમસાર, ગાથા–૩, શ્લોક–૧૦, પ્રવચન નં. ૧૪૨**

**તા. ૩-૧-૧૯૭૬**

**[૧]**

'નિયમસાર' જીવ અધિકાર. બે ગાથા પૂરી થઈ. ત્રીજી ગાથા.

**णियमेण य जं कज्जं तं णियमं णाणदंसणचरित्तं।**
**विवरीयपरिहरत्थं भणिदं खलु सारमिदि वयणं।।३।।**

**જે નિયમથી કર્તવ્ય એવાં રત્નત્રય તે નિયમ છે;**
**વિપરીતના પરિહાર અર્થે 'સાર' પદ યોજેલ છે. ૩.**

અન્વયાર્થ :– **'નિયમ એટલે નિયમથી (નક્કી) જે કરવાયોગ્ય હોય તે...'** આત્માને સુખને માટે નિશ્ચયથી કરવાયોગ્ય હોય તેને નિયમ કહેવામાં આવે છે. સુખને માટે, હોં ! ધર્મને માટે. સંસાર માટે જે આ રાગ અને દ્વેષ કરે છે એ તો પાપ અને દુઃખ છે. સમજાય છે કાંઈ ? સંસાર માટે

જે આ રળવાનું, ખાવાનું, ભોગનું, વિષયનું, પાંચ-પચાસ લાખ, કરોડ-બે કરોડ પૈસા થાય, એનો જે ભાવ છે એ તો પાપનો ભાવ, દુઃખનો રસ્તો છે.

**શ્રોતા :–** બે મત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કોઈ મત નથી. અજ્ઞાનીઓ માને કે સુખનો પંથ–માર્ગ છે. પૈસા મળે એ સુખી, ધૂડેય નથી. દુઃખીના ડાળીયા છે બિચારા. આહા..હા...! 'ભગવાનજીભાઈ'! પૈસા તો ધૂળ, જડ, માટી છે. એ આત્માના છે એમ માનવું એ ભ્રમણા અને દુઃખને પંથે જાય છે. આહા..હા...! 'ડાહ્યાભાઈ'! તમારા છોકરાને પૈસા થયા છે. કહો, સમજાણું કાંઈ ? કોઈકનું સાંભળેલું હોય કે પહેલાં કહેતાં કે છોડી દ્યો તમે નોકરી.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ના, એમ નહિ, હા હતા ને. હતાની વાત તો થયા છે.

**શ્રોતા :–** નહિ અત્યારે બધું...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ના ના એ પ્રશ્ન નથી. અહીં તો પૈસા છે એમ.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** થયા છે એનો અર્થ છે. એ કાંઈ કાળાબજારથી (થયા છે) એ કાંઈ પ્રશ્ન છે નહિ. આ તો તમને કહેતાં હતા કે તમે નોકરી છોડી દ્યો. એવું સાંભળ્યું હતું. આજીવિકા છે. તમે હવે રહેવા દ્યો. ... ધૂડમાં પણ ક્યાંય નથી. એ બધા કરોડપતિ પચ્ચીસ કરોડ અને પચાસ કરોડ એ બધા દુઃખી છે બિચારા. ભિખારા છે, ભિખારા. આહા..હા...! આવી વાત છે, ભાઈ! આત્માના અંતર... અહીં કહેશે.

જે આ નિયમ મોક્ષનો માર્ગ છે, એનું કારણ ભગવાનઆત્મા નિયમરૂપ છે. આહા..હા...! સમજાણું કાંઈ ? અંદરમાં અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત શાંતિની લક્ષ્મી આત્મામાં પડી છે, એને અહીં નિયમ કહેશે. આ મોક્ષમાર્ગ નિયમ એ પર્યાય છે. સમજાણું કાંઈ ? પણ પર્યાયની ઉત્પત્તિનું કારણ છે એ ત્રિકાળ લક્ષ્મી આત્મામાં પડી છે. આહા..હા...! અરે...! એને બિચારાને ખબર ક્યાં છે ? બહારમાં ધૂડમાં, ભોગમાં, વિષયમાં સુખ માનીને ભ્રમણા કરીને દુઃખી થઈ રહ્યો છે. સમજાણું કાંઈ ? છે ને ?

**શ્રોતા :–** સમજાણું કહેવાય ક્યારે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સમજાણું ત્યારે કહેવાય કે એ અંદર આત્માને સમજે તો. તો એને સમજાય. આત્મા આનંદસ્વરૂપ અને... એ મોક્ષનો જે માર્ગ છે એ પર્યાય છે, કાર્ય છે. પણ એનું કારણ ત્રિકાળી આત્મા તે નિયમ છે અને તે કારણ છે. આહા..હા...! સમજાણું કાંઈ ? દુનિયાથી જુદી જાત છે. આહા..હા...!

કહે છે, '**જે નિયમથી કર્તવ્ય એવાં રત્નત્રય તે નિયમ છે;...**' નામ આપ્યા છે ને ? એમાં

જ્ઞાન પહેલું આપ્યું છે. બીજામાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એમ આપે છે. આમાં પહેલું જ્ઞાન-દર્શન અને ચારિત્ર આપ્યું. પછી આમાં ટૂંકું કરવા માટે નીચે ગુજરાતીમાં રત્નત્રય કર્યું છે. '**વિપરીતના પરિહાર અર્થે 'સાર' પદ યોજેલ છે.**' આ '**નિયમ એટલે નિયમથી (નક્કી) જે કરવાયોગ્ય હોય તે અર્થાત્ જ્ઞાન-દર્શન-ચારિત્ર.**' છે ? નિશ્ચયથી આત્માને શાંતિ અને સુખને માટે કરવા જેવું હોય તે સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર છે. આહા..હા...! સમજાણું કાંઈ ? આત્મા સિવાય શરીર, વાણી, મન, સ્ત્રી, કુટુંબ, પરિવાર, એનું તો આત્મા કાંઈ કરી શકતો નથી. અજ્ઞાની પણ કરી શકતો નથી. મૂંઢ થઈને ભલે માને. સમજાણું કાંઈ ? પણ એ આ આત્માની સત્તાના દ્રવ્ય, ગુણ, પર્યાય સિવાય, પરના કોઈ દ્રવ્ય, ગુણ, પર્યાયને આત્મા કાંઈ કરી શકે નહિ. એક વાત. અજ્ઞાનભાવે એ મિથ્યાત્વભાવ અને રાગ-દ્વેષને કરે. એ કાંઈ નિશ્ચય કરવાલાયક કર્તવ્ય છે એમ નથી. એ તો દુઃખને માટે છે. આહા..હા...! સમજાણું કાંઈ ? ભ્રમણા કે પરમાં સુખ છે, પુણ્યની ક્રિયા કરતાં ધર્મ થાય, દયા-દાન-વ્રત-ભક્તિ કરતાં કરતાં કલ્યાણ થાય, એવો જે મિથ્યાત્વભાવ, એ દુઃખનો પંથ છે. સમજાણું કાંઈ ? એ કાંઈ આત્માનું, સત્યનું કર્તવ્ય નથી. એ તો અજ્ઞાનભાવનું કર્તવ્ય છે. આહા..હા...! ભારે વાતું, ભાઈ !

ત્યારે '**નિયમથી (નક્કી) જે કરવાયોગ્ય હોય તે અર્થાત્ જ્ઞાન-દર્શન-ચારિત્ર.**' એના '**વિપરીતના પરિહાર અર્થે (–જ્ઞાન-દર્શન-ચારિત્રથી વિરુદ્ધ ભાવોના ત્યાગ માટે) ખરેખર સાર એવું વચન કહ્યું છે.**' વ્યવહારરત્નત્રય જે છે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, શાસ્ત્રનું જ્ઞાન કે પંચ મહાવ્રત આદિના પરિણામ, એ તો રાગ છે. એ માટે મૂક્યું છે કે એના વિનાનું જે કર્તવ્ય તે સાર છે. આહા..હા...! ભારે વાત, ભાઈ ! સમજાણું કાંઈ ? નિયમસાર છે ને ?

'**અહીં આ (ગાથામાં), 'નિયમ' શબ્દને 'સાર' શબ્દ કેમ લગાડ્યો છે...**' 'નિયમ-સાર' '**તેના પ્રતિપાદન દ્વારા સ્વભાવરત્નત્રયનું સ્વરૂપ કહ્યું છે.**' આહા..હા...! જોયું ? બીજી ગાથામાં પહેલું શુદ્ધ રત્નત્રય કહ્યું હતું. અહીં સ્વભાવરત્નત્રય કહ્યું. એટલે કે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એ રાગ છે, એ વિભાવ છે. આહા..હા...! વિકલ્પથી શાસ્ત્રનું ભણતર કરવું એ પણ રાગ છે અને પંચ મહાવ્રત પાળવા, રાખવા એ પણ એક રાગ છે, એ વિભાવ સ્વભાવ છે. એનો નિષધ કરવા નિયમ-સાર એવો શબ્દ લગાડ્યો છે. આહા..હા...! સમાજણું કાંઈ ? ભાઈ ! આ તો દુનિયાથી જુદી વાત છે. આખી દુનિયા બધી બિચારા ક્યાંય રખડવા પડ્યા છે. એને આ તો રખડવાના બંધમાર્ગને (ભટાડવાના) ઉપાયની વાત છે. આહા..હા...!

સ્વભાવરત્નત્ર છે ને ? પહેલામા શુદ્ધરત્નત્રય એમ કહ્યું હતું. બીજી ગાથામાં શુદ્ધરત્નત્રય માર્ગ પરમ નિરપેક્ષ, એમ કહ્યું હતું. એ શુદ્ધરત્નત્રય કહો કે સ્વભાવરત્નત્ર કહો કે નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કહો. સમજાણું કાંઈ ? આહા..હા...! આચાર્ય કેવી ટીકા કરે છે ! પહેલો 'નિયમ' શબ્દ પડ્યો છે ને ? '**णियमेण य जं कज्जं**' જરી સૂક્ષ્મ વાત છે. એને અનંત કાળમાં ચાર ગતિના

પરિભ્રમણમાં અનંત ભવ કર્યા પણ એણે કોઈ દિ' સમ્યગ્દર્શન શું છે એ કર્યું નથી. રાજા અનંતવાર થયો, અબજોપતિ માણસ અનંતવાર થયો, ભિખારી અનંતવાર થયો, નારકી અનંતવાર થયો, પશુ-ઢોર અનંતવાર થયો છે. આહા..હા...! પણ એણે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ શું ? એ કદિ એક સેકન્ડ પણ કર્યું નથી. આહા..હા...!

હવે કહે છે કે 'નિયમ' એટલે જે મોક્ષનો માર્ગ, એમાં વ્યવહાર એવો જે વિકલ્પ એનો નિષેધ કરીને 'નિયમસાર' નામ સ્વભાવરત્નત્રયની વ્યાખ્યા કરવી છે. જે વાસ્તવિક મોક્ષનું કારણ છે. **'જે સહજ પરમ પારિણામિકભાવે સ્થિત,...'** આહા..હા...! ભાષા એવી છે જરી. આત્મા જે જ્ઞાયક ત્રિકાળ છે, એ **'સહજ પરમ પારિણામિકભાવ...'** સ્વભાવિક ભાવ, સહજ ભાવ અનાદિ છે. આહા..હા...! **'સહજ પરમ પારિણામિકભાવ...'** એવી વસ્તુ. **'ભાવે સ્થિત,...'** પરમ પારિણામિક શબ્દ વાપર્યો એનો નીચે ખુલાસો કર્યો છે.

**'આ પરમ પારિણામિકભાવમાં 'પારિણામિક' શબ્દ હોવા છતાં...'** પારિણામિક શબ્દ છે ને ? **'ઉત્પાદ-વ્યયરૂપ પરિણામને સૂચવવા માટે નથી...'** પર્યાયમાં ઉત્પાદ-વ્યય જે થાય, મોક્ષનો માર્ગ થાય એને પણ આ સૂચવવા માટે નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? **'ઉત્પાદ-વ્યયરૂપ પરિણામને સૂચવવા માટે નથી અને પર્યાયાર્થિક નયનો વિષય નથી;...'** ત્રિકાળી પારિણામિકભાવમાં સ્થિત જે છે, એ પારિણામિક પર્યાયનયનો વિષય નથી, અવસ્થાને બતાવનાર એ નથી એ તો ત્રિકાળને બતાવનાર છે. આહા..હા...! **'આ પરમ પારિણામિકભાવ તો ઉત્પાદ-વ્યયનિરપેક્ષ એકરૂપ છે...'** શું આમાં પરમ પારિણામિકભાવ ! કોઈ દિ' બાપ-દાદાએ સાંભળ્યો ન હોય. એકેન્દ્રિયની દયા પાળવી, .... લ્યો. તસ્સ મિચ્છામી દુક્કડમ. આહા..હા...! શું થાય ? ભાઈ ! વસ્તુ આ અંદર એવી છે.

પરમ પારિણામિકભાવ પર્યાય વિનાનું શુદ્ધ સહજ સ્વરૂપ. વર્તમાન ધર્મની પર્યાય કે સંસારની પર્યાય કે મોક્ષની પર્યાય એ વિનાનું. સમજાણું કાંઈ ? **'આ પરમ પારિણામિક ભાવ તો ઉત્પાદ-વ્યયનિરપેક્ષ એકરૂપ છે...'** ઉત્પાદ-વ્યય તો અનેકરૂપ થયા ને ? ઉત્પાદ-વ્યય-ઉત્પાદ-વ્યય. આ તો એકરૂપ ત્રિકાળ ધ્રુવ સ્વરૂપ. **'અને દ્રવ્યાર્થિક નયનો વિષય છે.'** દ્રવ્ય નામ પરમાર્થે જેનો સામાન્ય દ્રવ્યસ્વભાવ તેનો વિષય કરનારી દ્રવ્યાર્થિક નય, તેનો આ વિષય છે. **'[વિશેષ માટે સમયસારની ૩૨૦મી ગાથાની શ્રી જયસેનાચાર્યદેવકૃત ટીકા જુઓ અને બૃહદ્દ્રવ્યસંગ્રહની ૧૨મી ગાથાની ટીકા જુઓ.]'** ૩૨૦મી ગાથા આપણે વંચાઈ ગઈ છે. ભગવાનઆત્મા પરમ સ્વભાવ જે નિત્ય ધ્રુવ છે, એ તો મોક્ષ અને મોક્ષના માર્ગની ક્રિયારહિત છે. શેઠ ! ૩૨૦ ગાથા વંચાણી છે. મોક્ષ છે એ પર્યાય–અવસ્થા છે અને મોક્ષનો માર્ગ છે એ પણ પર્યાય–અવસ્થા છે. અને સંસાર જે અજ્ઞાન અને મિથ્યાત્વ, રાગ-દ્વેષ છે એ પણ વિકાર પર્યાય છે. બંધ અને મોક્ષ, બંધ અને મોક્ષના કારણરૂપ... વસ્તુ બંધ-મોક્ષની પર્યાયથી રહિત છે અને બંધ-મોક્ષના કારણરૂપ માર્ગથી પણ રહિત વસ્તુ છે. ૩૨૦ ગાથા આવી ગઈ છે. ઘણું આવી ગયું છે. આત્મધર્મમાં તો ઘણા પ્રકાર આવ્યા છે.

ભગવાનઆત્મા એક સમયની... 'દ્રવ્યસંગ્રહ'નો દાખલો આપ્યો છે અને 'પરમાત્મપ્રકાશ'નો દાખલો આપ્યો છે. જિનેશ્વર એમ કહે છે, જિનવરદેવ તીર્થંકરદેવ ત્રિલોકનાથ પરમેશ્વર એમ કહે છે કે જીવો બંધ અને મોક્ષને કરતાં નથી. એય..! બંધ અને મોક્ષ એ તો પર્યાય છે, અવસ્થા છે. ત્રિકાળી અવસ્થા એ પરમ સ્વભાવભાવ એ મોક્ષ અને મોક્ષના કારણ, બંધ અને બંધના કારણને એ કરતો નથી. સમજાણું કાંઈ ? મોક્ષ થાય છે એ પર્યાયમાં–અવસ્થામાં, એ અવસ્થા અવસ્થાને કરે છે. દ્રવ્ય નહિ.

**શ્રોતા :–** કારણ તો છે ને ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કારણ વસ્તુ છે. કારણ છે પણ એ તો કૂટસ્થ પડ્યું છે. કારણ એ કરતું નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? ઝીણો વિષય છે, ભાઈ ! જિનેન્દ્રદેવ કેવળજ્ઞાની ભગવાન પરમેશ્વર વીતરાગ તીર્થંકરનો માર્ગ કોઈ સૂક્ષ્મ છે. લોકોને બહારની વાતું આડે એ તત્ત્વ હાથ આવ્યું નથી. આહા..હા...! બહુ તો દયા, વ્રત, ભક્તિ, પૂજા, જાત્રા કરે એટલે જાણે ધર્મ થઈ ગયો. એ તો રાગ છે. પણ પર્યાયમાં ધર્મ થાય એનો–પર્યાયનો કર્તા દ્રવ્ય નથી એમ કહે છે. આહા..હા...! સમજાણું કાંઈ ? ૩૨૦ ગાથા વંચાઈ ગઈ. પરમપારિણામિકભાવ. પર્યાયને પણ પારિણામિકભાવ કહેવાય. પારિણામિકભાવ પર્યાયને (કહેવાય) પણ આ તો ત્રિકાળી છે તે પરમ પારિણામિકભાવ કહેવાય. સમજાય છે કાંઈ ?

રાગ-દ્વેષ, પુણ્ય-પાપના ભાવ, એને પારિણામિકભાવ કહેવાય. તેમ મોક્ષનો માર્ગ છે, સમ્યગ્દર્શન માર્ગ, એને પારિણામિકભાવ કહેવાય. પર્યાય છે ને ? પણ ત્રિકાળી છે એ તો પરમ પારિણામિકભાવ ધ્રુવ છે. આહા..હા...! એવો પરમ પારિણામિકભાવ એ ઉત્પાદ-વ્યય વિનાનો છે. સમજાણું કાંઈ ? ઉત્પાદ-વ્યયની પર્યાયથી નિરપેક્ષ છે. એટલે કે મોક્ષ અને મોક્ષના માર્ગની અવસ્થાથી તે નિરપેક્ષ છે. આહા..હા...!

એ **'પરમ પારિણામિકભાવે સ્થિત,...'** શું ? **'સ્વભાવ-અનંતચતુષ્ટયાત્મક...'** સ્વભાવિક અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ અને અનંત વીર્ય અંદર સ્વભાવમાં પડ્યું છે. આહા..હા...! **'સ્વભાવ-અનંતચતુષ્ટયાત્મક...'** ત્રિકાળની વાત છે, હોં ! પરમ પારિણામિક સ્વભાવભાવ ધ્રુવ, નિત્ય, પર્યાય વિનાનો તે સ્વભાવ અનંત ચતુષ્ટયસ્વરૂપ **'શુદ્ધજ્ઞાન-ચેતનાપરિણામ...'** આહા..હા...! **'શુદ્ધજ્ઞાન-ચેતનાપરિણામ...'** સ્વભાવ અનંત ચતુષ્ટયસ્વરૂપ **'શુદ્ધજ્ઞાન-ચેતનાપરિણામ...'** એ બીજું. **'આ શુદ્ધજ્ઞાનચેતનાપરિણામમાં 'પરિણામ' શબ્દ હોવા છતાં તે ઉત્પાદવ્યયરૂપ પરિણામને સૂચવવા માટે નથી...'** આહા..હા...! આવી વાત છે, ભાઈ ! **'અને પર્યાયાર્થિક નયનો વિષય નથી; આ શુદ્ધજ્ઞાનચેતના પરિણામ તો ઉત્પાદ-વ્યયનિરપેક્ષ એકરૂપ છે અને દ્રવ્યાર્થિક નયનો વિષય છે.'** ભાષા બધી અટપટી લાગે. ધંધાના પાપ આડે કોઈ દિ' સાંભળ્યું ન હોય. આખો દિ' હોળી સળગ્યા કરે. આ પાંચ-પચાસ મળ્યા, ધૂડ મળી, ગઈ, આ મળ્યા. પચાસ લાખ પેદા કર્યા, પાંચ લાખનો ખર્ચ કર્યો, પિસ્તાલીસ

હજાર વધ્યા. ધૂડેય નથી, સાંભળને ! એકલા પાપ છે. એને આડે આવા શબ્દો પણ એણે સાંભળ્યા ન હોય.

અહીં તો કહે છે કે પરમ પારિણામિકસ્વભાવભાવ જે ધ્રુવ, એમાં રહેલ અનંત ચતુષ્ટયસ્વરૂપ ત્રિકાળી શુદ્ધજ્ઞાનચેતના. '**શુદ્ધજ્ઞાનચેતનાપરિણામ...**' આ પરિણામ એ પર્યાય નથી. આ પર્યાય એ ઉત્પાદ-વ્યયનિરપેક્ષ શુદ્ધજ્ઞાનચેતના ધ્રુવ તેને જ્ઞાનચેતનાપરિણામ કહે છે. જ્ઞાનચેતના ને પરિણામ ને... આહા..હા...! સ્વભાવ પરમ પારિણામિકભાવમાં રહેલ સ્વભાવ અનંતચતુષ્ટયસ્વરૂપ જ્ઞાન, અનંત જ્ઞાન, સ્વભાવ જ્ઞાન, સ્વભાવ દર્શન, સ્વભાવ આનંદ, સ્વભાવ પુરુષાર્થ–વીર્ય. એવા સ્વરૂપ '**શુદ્ધજ્ઞાન-ચેતનાપરિણામ...**' ત્રિકાળી ચતુષ્ટયસ્વભાવ એવો શુદ્ધજ્ઞાનચેતનાનો ભાવ, એટલે ત્રિકાળ '**તે નિયમ (–કારણ નિયમ) છે.**' અહીં કહેવું છે કાર્યનિયમનું, પણ એ કાર્યનિયમને કારણનિયમ છે એ પહેલું બતાવવું છે. આહા..હા...! નિયમ શું હશે ? આ નિયમ લેવો એ હશે ? આ વ્રત અને તપ એ કાંઈક નિયમ લે. એ નથી, બાપુ ! આ તો બીજી વાતું છે, ભાઈ ! એ વ્રત, તપ અને એ તો નિયમ નથી, મોક્ષનો માર્ગ પણ નથી. સમજાણું કાંઈ ? પણ અંતરમાં ત્રિકાળી ભગવાનઆત્માને આશ્રયે નિયમ, જે મોક્ષમાર્ગ નિશ્ચય આનંદ, સમ્યગ્દર્શન આનંદદાયક, જ્ઞાન આનંદદાયક, શાંતિ આનંદદાયક, ચારિત્ર આનંદદાયક એવો જે નિયમ એ પર્યાય છે. એ પર્યાયનું કારણ ત્રિકાળી આત્મા પારિણામિકમાં સ્થિત સ્વભાવચતુષ્ટયસ્વરૂપ શુદ્ધજ્ઞાનચેતનાપરિણામ તે ધ્રુવ છે. 'ડાહ્યાભાઈ'! આવી વાતું છે. આહા..હા...! બહારની (વાતું) તો ક્યાં કરવી ? આહા..હા...!

'**તે નિયમ (–કારણ નિયમ) છે.**' પાઠમાં કાર્ય નિયમની વ્યાખ્યા છે પણ કાર્યમાંથી એને કારણ બતાવ્યું. ત્રિકાળ વસ્તુ જે છે, સહજ પરમસ્વભાવ. ચાર ભાવ છે : ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક. એ ચારને તો કર્મના નિમિત્તની અપેક્ષા આવે છે. રાગ-દ્વેષમાં નિમિત્તની અપેક્ષા, ઉપશમ-ક્ષયોપશમ-ક્ષાયિકમાં નિમિત્તના અભાવની અપેક્ષા. એટલે એ ત્રિકાળી ભાવ ન થયો. જેને કર્મની અપેક્ષા નથી, જેને પર્યાયની અપેક્ષા નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? એવા '**શુદ્ધજ્ઞાન-ચેતનાપરિણામ...**' ત્રિકાળ જ્ઞાયકભાવમાં રહેલ, સ્વચતુષ્ટય–સ્વભાવ ચતુષ્ટય, એવી એ ચારે સ્વરૂપ '**શુદ્ધજ્ઞાનચેતનાપરિણામ...**' શુદ્ધજ્ઞાનચેતનાપરિણામમાં અનંત જ્ઞાન આવ્યું, અનંતદર્શન આવ્યું, અનંત આનંદ આવ્યો અને અનંત પુરુષાર્થ, એવો જે '**શુદ્ધજ્ઞાન-ચેતનારૂપ...**' કારણ, ત્રિકાળ '**તે નિયમ (–કારણનિયમ) છે.**' કહો, 'ચંદુભાઈ' ! આવી વાત છે આ.

અહીંયાં મોક્ષમાર્ગની વ્યાખ્યા કરવી છે. મોક્ષમાર્ગ છે એ નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર (સ્વરૂપ છે). અહીં જ્ઞાન-દર્શન-ચારિત્ર લીધું છે. બીજે દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. એ સમ્યગ્જ્ઞાન, આત્માના સ્વભાવને સમ્યગ્જ્ઞાન દ્વારા વેદવું, સમ્યગ્દર્શન પૂર્ણ આનંદસ્વરૂપની સન્મુખ થઈને પ્રતીતિ–સમ્યગ્દર્શન (થવું) અને દર્શન-જ્ઞાનસહિત એવો જે ભગવાનઆત્મા, તેમાં લીનતા (થવી), આનંદરૂપે લીનતા (થાય) એ ચારિત્ર છે. એ જ્ઞાન-દર્શન અને ચારિત્રરૂપ પરિણામ, એ કાર્ય નિયમસાર છે. પર્યાય થઈ ને !

પર્યાય એટલે કાર્ય, પર્યાય એટલે કાર્ય. દ્રવ્ય એટલે કારણ. દ્રવ્ય એટલે આ પૈસા દ્રવ્ય હશે ?

નહોતું કહ્યું ? ઘણા વર્ષ પહેલાં આપણે ત્યાં લખ્યું હતું : 'દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ' આમ લખ્યું છે. પહેલાં માથા ઉપર સામું લખેલું. દેરાવાસી એક માણસ આવ્યો. અહીં બધા પૈસાવાળા કરોડોપતિ આવે ને ! અને એના વેવાઈ કરોડોપતિ 'નાનાલાલભાઈ'. આ દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ, મહારાજ! શું છે આ ? આ પૈસાવાળા તે સમ્યગ્દૃષ્ટિ ? એમ છે ? કહો. બિચારાને કાંઈ ખબર ન મળે. 'થાન'માં પોટરીનો ધંધો. પોટરીનો ધંધો. પોટરી સમજ્યા ને ? વાસણ બનાવવાનો. વાસણ ને ? કાચના વાસણ. આહા..હા...! માટીના પણ વાસણ હોય. આ કાચના વાસણ. ઠીક. વ્યાખ્યાન ચાલે છે ને ! એના ઉપર લખ્યું હતું : 'દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ' કે આ દ્રવ્યદૃષ્ટિ એ બધા.. 'નાનાલાલભાઈ' અને કરોડોપતિ અહીં આવે. 'નાનાલાલભાઈ' અને 'કાળીદાસ' બધા કહેતા. કે આ દ્રવ્યદૃષ્ટિ તે પૈસાની દૃષ્ટિ એ સમ્યગ્દૃષ્ટિ ? એય...! 'માણેકચંદભાઈ'એ કીધું તમને... એનું નામ 'માણેકચંદભાઈ' હતું.

**શ્રોતા :–** ખબર ન હોય અને સાંભળ્યુ ન હોય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કોઈ દિ' સાંભળ્યું ન હોય. ખબર ન હોય. ભાઈ ! દ્રવ્ય એ પૈસાની અહીં વાત નથી. અહીં તમારા પૈસાનું–ધૂડનું શું કામ છે ? એ તો એની મેળે ધૂડનું થયું છે. કોઈ કરે છે ? 'રામજીભાઈ'એ કર્યું છે ? 'વજુભાઈ'એ કર્યું છે આ ? ક્યાં ગયા 'વજુભાઈ' ? આ બેઠા. આ કડિયાએ કર્યું છે ? એ તો બાપા ! એ તો રજકણની અવસ્થા એને કારણે બની ગઈ છે. આહા..હા...! પરમાણુનો જન્મક્ષણ–તે તે પર્યાયની ઉત્પત્તિનો કાળ હતો તેમાં એ બની ગયું છે. અરે..! આ કેમ બેસે ? સમજાણું કાંઈ ? એટલે પૈસાથી બને એ વાત સાચી નથી.

**શ્રોતા :–** 'સોનગઢ'માં એવું બને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સાદડીમાં ન ચાલે ત્યાં. 'મુંબઈ'માં સાદડી થાય છે ને ? 'મુંબઈ'માં સાદડી થાય છે. સાંભળ્યું છે કે નહિ ? 'મુંબઈ'માં મરી ગયા પછી સાદડી થાય છે. એને સાદડી કહે છે. અમે વાંચ્યું છે ને. ઘણા મરી જાય પછી સાદડી કરે. એટલે બધા માણસ ભેગા થાય. મોટું-મોટું છે ઘરે ઘરે ક્યાં જાય ? એટલે સાદડીનો દિવસ રાખ્યો. એને સાદડીનો દિવસ કહે. સાદડી શું કરવા કીધું હશે ? શું હશે કાંઈ ? પાથરતા હશે. આહા..હા...! એ તો મૃત્યુ ગયા પછી સાદડી પાથરે એવું છે.

આ તો આત્મા આનંદનો નાથ ભગવાન ! આહા..હા...! જેમાં સાદડી આમ પ્રસરેલી છે. અનંત જ્ઞાન–દર્શન–આનંદ આમ તીરછા પ્રસરેલા છે. ભગવાનઆત્મા આ શરીર, વાણી, મન, જડ માટી ધૂડ છે એ તો જુદી ચીજ છે. આ તો એનાથી જુદો છે અંદર. એમાં કર્મ છે એનાથી આત્મા જુદી ચીજ છે. પુણ્ય-પાપના, બંધના, દુઃખના કારણ—વિકલ્પ થાય એનાથી એ જુદી ચીજ છે. એની વિકારી કે અવિકારી વર્તમાન પર્યાય થાય એનાથી એ જુદી ચીજ છે. એ જુદી ચીજ કેવી છે ?

કે જેમાં અનંત સ્વભાવિક અનંતચતુષ્ટયરૂપ શુદ્ધજ્ઞાન-ચેતનાપરિણામ સ્વભાવ પડ્યો છે. આહા..હા...! સમજાણું કાંઈ ? સ્વભાવ અનંતચતુષ્ટયસ્વરૂપ, એમ. સ્વભાવ અનંતચતુષ્ટસ્વરૂપ '**શુદ્ધજ્ઞાન-ચેતનાપરિણામ...**' ત્રિકાળી જ્ઞાયકનું ચેતવું, એવો જે સ્વભાવભાવ તેને કારણનિયમ કહેવામાં આવે છે. આહા..હા...! ભારે વાત, ભાઈ ! આ નવા માણસને લાગે આ શું કહે છે ? કઈ જાતનો ધર્મ છે આ ? આ જૈનધર્મ હશે આ ? આપણે તો જૈનધર્મમાં તો દયા પાળવી, વ્રત પાળવા, અપવાસ કરવા, ભક્તિ કરવી, કંદમૂળ ન ખાવા. અરે...! જૈનધર્મ કોને કહેવો ઇ તને ખબર નથી. સમજાણું કાંઈ ?

જેમાં વીતરાગતા ઉત્પન્ન થાય તે જૈનધર્મ, અને એ ધર્મનું કારણ તે ત્રિકાળી વીતરાગસ્વભાવ નિયમ તે તેનું કારણ. આહા..હા...! સમજાણું કાંઈ ? આહા..હા...! લ્યો, એ કારણ નિયમની વાત કરી. ક્યાં ગયા ? 'ત્રિભુવનભાઈ' ગયા ? બેઠા છે. આ કારણનિયમ. કારણનિયમ હોય તો કાર્ય આવવું જોઈએ. ભાઈએ પ્રશ્ન કર્યો હતો. વાત સાચી. પણ એ કારણનિયમનો સ્વીકાર કરે એને કારણનિયમ છે ને ? જે નથી માનતો એને કારણનિયમ ક્યાંથી આવ્યું ? જેને પર્યાયમાં, સમ્યગ્દર્શન-જ્ઞાનમાં આ ત્રિકાળ વસ્તુ છે, કારણનિયમ વસ્તુ છે, એવો જેણે સ્વીકાર કરીને સત્કાર કર્યો અને માન્યું એને કારણનિયમ છે. એને કારણનિયમમાં કાર્ય સમ્યગ્દર્શન થયા વિના રહે નહિ. આહા..હા...!

**શ્રોતા :–** માન્યુ એ જ કાર્ય થઈ ગયું...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ થઈ ગયું ને ! કીધું. એ થઈ ગયું. આહા..હા...! માર્ગ ભારે, ભાઈ ! આવી વાતું ! પડિક્કમણા કરવા, સામાયિક કરવી, પોહા કરવા, અપવાસ કરવા. લ્યો એવો તો ધર્મ અમે સાંભળ્યો હતો. આ કઈ જાતનો ધર્મ ? આ જૈનધર્મ આ. એ કારણનિયમ છે. કારણનિયમ સમજાણું ? સ્વભાવિક. જેની ઉત્પત્તિ નથી અને જેનો વ્યય નથી. સહજ પરમ નામ ઉત્કૃષ્ટ, પારિણામિક નામ સહજ સ્વભાવભાવ, એમાં રહેલ સ્વભાવ અનંતચતુષ્ટયસ્વરૂપ, સ્વભાવ અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત પુરુષાર્થ– એવું સ્વરૂપ શુદ્ધજ્ઞાનચેતના ત્રિકાળ, એ '**શુદ્ધજ્ઞાનચેતનાપરિણામ તે નિયમ (—કારણનિયમ) છે.**' આટલા શબ્દમાં આવો અર્થ છે. આહા..હા...! સમજાણું કાંઈ ? 'શાંતિભાઈ'! આ કોઈ દિ' સાંભળ્યું પણ નહિ હોય. ધંધા આડે નવરા કે દિ' હતા ! બહારની પ્રવૃત્તિ, ભાષણ કરવા, આ કરવા. લ્યો. આહા..હા...!

'નિયમસાર'. નિયમ એટલે મોક્ષનો માર્ગ, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, નિર્વિકારી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, નિર્વિકલ્પ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. એને સાર કેમ કહ્યો ? – કે વિભાવના રત્નત્રય છે તેના પરિહાર માટે 'નિયમસાર' કહેવામાં આવ્યું છે. હવે એ 'નિયમસાર' કાર્યસ્વરૂપ 'નિયમસાર' છે. તો એ કાર્ય 'નિયમસાર'નું કારણ કોણ ? આહા..હા...! કેવળજ્ઞાનરૂપી કાર્ય એનું પણ કારણ કોણ ? એમ કહે છે. કેવળજ્ઞાનરૂપી કાર્ય એનું કારણ મોક્ષનો માર્ગ એમ નહિ. એ કાર્યનું કારણ કોણ ? – કે ત્રિકાળી વસ્તુ કે જેમાં એવી અનંતી-અનંતી પર્યાયોનો સંગ્રહસ્વરૂપ ગુણ જેમાં પડ્યો

છે. સમજાણું કાંઈ ? આહા..હા...! એવા **'શુદ્ધજ્ઞાન-ચેતના...'** નિર્મળ જ્ઞાન, આનંદ, શાંતિ, સ્વચ્છતા એવો જે ચેતનાભાવ, ચેતનારૂપ ત્રિકાળભાવ તે નિયમ નામ કારણનિયમ છે. કહો, સમજાણું કાંઈ ?

હવે કાર્યનિયમની વાત ચાલે છે. જે આ મોક્ષમાર્ગ અહીં અધિકાર છે તે. આહા..હા...! કારણ કહી દીધું. હવે આ નિયમ કાર્ય છે, એ નિયમ પર્યાય થઈ. પણ એ પર્યાયનું આખું તત્ત્વ ન હોય, એ નિયમનું આખું તત્ત્વ ન હોય તો કારણ વિના કાર્ય આવે ક્યાંથી ? આહા..હા...!

હવે, **'નિયમ (–કાર્યનિયમ) એટલે..'** હવે, આ મોક્ષનો માર્ગ વર્તમાન પર્યાયરૂપ તે. વર્તમાન નિર્મળ પર્યાયરૂપ જે મોક્ષનો માર્ગ, જે સુખનો પંથ. સુખને પંથે જવું એ શું ? **'(–કાર્યનિયમ) એટલે નિશ્ચયથી (નક્કી) જે કરવાયોગ્ય...'** આહા..હા...! ઓલું કરવા યોગ્ય નથી. ઓલો તો ત્રિકાળ છે. પહેલો જે સહજ પારિણામિકભાવ છે એ તો ત્રિકાળ છે. હવે પર્યાયમાં કરવાયોગ્ય જે છે... આહા..હા...! સમજાણું કાંઈ ? **'(નક્કી) જે કરવાયોગ્ય–પ્રયોજનસ્વરૂપ—હોય...'** લ્યો. **'णियमेण य जं कज्जं'** નો અર્થ કર્યો. **'કરવાયોગ્ય—પ્રયોજનસ્વરૂપ—હોય તે અર્થાત્ જ્ઞાન–દર્શન–ચારિત્ર.'** કહો, સમજાણું ? નિયમથી કરવાલાયક પ્રયોજનસ્વરૂપ શું ? એ જ્ઞાન, દર્શન અને ચારિત્ર. વર્તમાન સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યગ્ચારિત્ર એ કરવાયોગ્ય તે પર્યાય છે. આહા..હા...! આ તો નવો માર્ગ કાઢ્યો એમ માણસ કહે છે. આ પર્યાય નવી નથી ? ઓલું જૂનું છે ત્રિકાળ તત્ત્વ. કારણનિયમ છે એ તો અનાદિ અનંત જૂનું એમ ને એમ પડ્યું છે અને જે કાર્ય થાય છે એ નવું છે. શેઠ ! આહા..હા...!

**શ્રોતા :–** ધર્મ પણ અનાદિ ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ધર્મી વસ્તુ અનાદિની છે અને ધર્મ છે તે વર્તમાન નવા કાર્યરૂપ થાય છે. ત્રિકાળી વસ્તુ છે એ કાંઈ કરવાયોગ્ય નથી, એ તો એમ ને એમ છે જ. આહા..હા...!

**'(–કાર્યનિયમ) એટલે નિશ્ચયથી (નક્કી) જે કરવાયોગ્ય—'** આહા..હા...! પર્યાયમાં નક્કી કરવાયોગ્ય... ઓહો..હો...! **'પ્રયોજનસ્વરૂપ—'** વર્તમાન કાર્યનિયમ એટલે વર્તમાન પર્યાયનો ભાવ. કાર્યનિયમ એટલે ? વર્તમાન સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ કાર્યનિયમ એટલે ? ખરેખર કરવાયોગ્ય તે. આહા..હા...! **'પ્રયોજનસ્વરૂપ–હોય તે અર્થાત્ જ્ઞાન–દર્શન–ચારિત્ર.'** લ્યો. વર્તમાન સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યગ્ચારિત્ર. દર્શન અને ચારિત્ર. એ વર્તમાન કાર્યરૂપે તે પર્યાય કરવાલાયક છે. આહા..હા...! સમજાણું કાંઈ ? સંસારના કાર્ય કરવાલાયક નથી, કરી શકતો નથી. એક વાત, કરી શકતો નથી. હવે પુણ્ય-પાપ અને મિથ્યાત્વનો ભાવ કરી શકે છે પણ એ કરવાલાયક નથી. સમજાણું કાંઈ ? અને કરવાયોગ્ય છે તે કર્તવ્ય આ છે. આહા..હા...!

**'તે ત્રણમાંના દરેકનું સ્વરૂપ કહેવામાં આવે છે :...'** પહેલું જ્ઞાન લીધું છે ને. જ્ઞાન લીધું છે. 'તત્ત્વાર્થસુત્ર'માં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એમ લીધું છે. અહીંયાં પર્યાયનો અધિકાર છે. એટલે પહેલું જાણે, તેની પ્રતીતિ, તેની સ્થિરતા (કરે) એવી રીતે લીધું છે. જ્ઞાન-દર્શન અને ચારિત્ર એમ લીધું છે. **'એ ત્રણમાંના...'** એ ત્રણ કોણ ? જ્ઞાન-દર્શન ને ચારિત્ર. એટલે ? નિર્વિકલ્પ જ્ઞાન, નિર્વિકલ્પ

દર્શન, નિર્વિકલ્પ ચારિત્ર. એટલે ત્રણે વીતરાગી પર્યાય. તે ત્રણે કરવાલાયક છે. કેમ કે પ્રયોજનરૂપ છે માટે. આહા..હા...! એમાં પહેલું જ્ઞાનનું સ્વરૂપ– સમ્યગ્જ્ઞાનનું સ્વરૂપ. વર્તમાન કાર્યરૂપ સમ્યગ્જ્ઞાન, એનું સ્વરૂપ. વર્તમાન જ્ઞાનરૂપી કાર્ય, તેનું સ્વરૂપ શું ?

**'(૧) પરદ્રવ્યને અવલંબ્યા વિના...'** આહા..હા...! જેને, વીતરાગની વાણીને પણ અવલંબ્યા વિના. વીતરાગની પ્રતિમા અને મૂર્તિ પણ પરદ્રવ્ય છે. આહા..હા...! એને અવલંબ્યા વિના અને પરદ્રવ્યના અવલંબને થતી જ્ઞાનની પર્યાય, એને પણ અવલંબ્યા વિના. સમજાણું કાંઈ ? આ તો વીતરાગમાર્ગ છે, ભાઈ ! જિનેશ્વર વીતરાગ પરમેશ્વર, જેને સો ઇન્દ્રો પૂજે છે એનો માર્ગ બાપુ ! કોઈ અલૌકિક છે. એક અબજોપતિને ઘરે જાવું હોય તો રીતસર ઠાઠમાઠ થઈને જાય કે સાધારણ એવા ચીંથરા પહેરીને ત્યાં જાય ? આ તો ત્રણલોકના નાથ જિનેશ્વરદેવ, એના માર્ગમાં પ્રવેશ કરવો, બાપુ ! એ કોઈ અલૌકિક છે ! આહા..હા...!

કહે છે, સમ્યગ્જ્ઞાન કોને કહીએ ? કે જે કાર્યનિયમ છે, તે મોક્ષના માર્ગરૂપે નિયમ છે. એ જ્ઞાન કેવું છે ? કે **'પરદ્રવ્યને અવલંબ્યા વિના...'** સર્વજ્ઞ પરમેશ્વરને પણ અવલંબ્યા વિના, એની વાણીનો પણ આશ્રય લીધા વિના. આહા..હા...! આ પાનાને વાંચીને થાય એના પણ અવલંબન વિના. આવું છે. અરે..! ભાઈ ! તારો માર્ગ, બાપા ! તું કોણ છો એની મોટપની એને ખબર નથી. આહા..હા...! જેની પર્યાયને પણ અક્ષય–અમેય કહી છે. ચારિત્રપાહુડની ગાથામાં આ મોક્ષમાર્ગ અને સમ્યગ્જ્ઞાન પર્યાય છે ને ? તે અમેય–અક્ષય. અક્ષય–અમેય (કહી છે). એ સમ્યગ્દર્શન છે એ પણ અક્ષય–અમેય. ક્ષય ન થાય અને મેય નામ મર્યાદા નથી. એવી પર્યાય છે, બાપા ! આહા..હા...!

ભગવાનનો સ્વભાવ તો ત્રિકાળ અમેય છે. પ્રભુ આત્માનો સ્વભાવ ત્રિકાળ અમેય– મર્યાદા વિનાની ચીજ છે. મર્યાદા શું ? જેનામાં એકલો સ્વભાવ... સ્વભાવ... સ્વભાવ... પણ તેને અવલંબે થયેલું સમ્યગ્જ્ઞાન એ પણ અક્ષય અને અમેય છે. આહા..હા...! અમેય સમજાય છે ? મર્યાદ નહિ. મર્યાદા શું ? ઓહો..હો...! જેની વર્તમાન કાર્ય નિયમરૂપી સમ્યગ્જ્ઞાન તે અક્ષય અને અમેય (છે). ક્ષય ન થાય. આહા..હા...! અને એ પર્યાયની મર્યાદા નથી. એટલી અપરિમિત જેની શક્તિ છે. આહા..હા...!

એ **'પરદ્રવ્યને અવલંબ્યા વિના નિઃશેષપણે અંતર્મુખ યોગશક્તિમાંથી ઉપાદેય...'** આહા..હા...! સમસ્તપણે અંતર્મુખ. **'(–ઉપયોગને સંપૂર્ણપણે અંતર્મુખ કરીને ગ્રહણ કરવાયોગ્ય)...'** આહા..હા...! **'એવું જે નિજ પરમતત્ત્વનું પરિજ્ઞાન...'** આહા..હા...! **'એવું જે નિજ પરમતત્ત્વ...'** એનું જ્ઞાન **'(–જાણવું) તે જ્ઞાન છે.'** આહા..હા...!

આ ચોપડાના જ્ઞાન અને તમારા ભણતરના જ્ઞાન બધા મીંડા છે, કહે છે. આ વકીલાતના, ડૉક્ટરના, મોટા એમ.એ.ના પૂછડા વળગાડે અને એલ.એલ.બી. મહિને પાંચ હજારનો પગાર અને દસ હજારનો પગાર. અહીંના વાણિયાનો છોકરો 'અમેરિકા'માં જાય ને...

**શ્રોતા :–** આ તો મહા ગંભીર શબ્દો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા... વાણિયાનો છોકરો જાય અને મહીને દસ હજારનો પગાર થાય. અહીં એના મા-બાપને થાય.. આહા..હા...! મારા છોકરાને મહિને દસ હજારનો પગાર ! હવે 'અમેરિકા'ના ભંગ્યા, વિષ્ટા કાઢનારાનો દસ હજાર પગાર હોય છે. શું છે પણ ત્યાં ? એ પાયખાના સાફ કરવા મોટરમાં બેસીને આવે. એય..! 'પંકજભાઈ'! અહીંનો છોકરો 'અમેરિકા'માં જાય અને ચાર-પાંચ વર્ષ ભણ્યો અને પછી દસ હજારનો પગાર (થાય). આહા..હા...!

**શ્રોતા :–** ન્યાલ થઈ ગયા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ન્યાલ થઈ ગયા ! ધૂડેય નથી. ત્યાંના ભંગ્યા.. એ ઓલું શું કહેવાય તમારે ? પાયખાનું. પાયખાના સાફ કરવા મોટર લઈને આવે અને મહિને દસ હજારનો પગાર હોય. પણ એમાં છે શું ... તારી ? સમજાણું કાંઈ ? અને બહારનાને એવું લાગે અમારા દિકરાને 'અમેરિકા'માં દસ હજારનો પગાર છે. આમ છે, તેમ છે. અરે..! શું છે પણ હવે !

અહીં તો કહે છે, ત્રણલોકનો નાથ ભગવાન ! એને એનું જે જ્ઞાન. જોયું ? '**નિજપરમતત્ત્વ...**' એટલે પરમાત્મા વીતરાગ પણ નહિ. વીતરાગને અવલંબને જ્ઞાન થાય એ જ્ઞાન નહિ. આહા..હા...! ભારે વાત, ભાઈ ! '**નિજ પરમતત્ત્વનું...**' પાછું '**પરિજ્ઞાન...**' જોયું ? શબ્દ એવો વાપર્યો છે–પરિજ્ઞાન. પરમતત્ત્વનું જેવું છે એવું '**પરમતત્તવનું પરિજ્ઞાન...**' જેવો જ્ઞાયકભાવ પૂર્ણ છે. તેવું જ પરિજ્ઞાન–તેનું સમસ્ત પ્રકારે જ્ઞાન પર્યાયમાં આવ્યું. આહા..હા...! ત્રિકાળી જ્ઞાયક જે શુદ્ધ ચતેના પરિણામસ્વરૂપ ભાવ, એનું જ્ઞાન, એને પરિજ્ઞાન... આહા..હા...! સમસ્તપણે આખો આત્મા જેવો છે તેવો, એના અનંત ગુણનું એકરૂપ જેવું છે તેવું. આહા..હા...! સમસ્ત પ્રકારે આખી જ્ઞાનની પર્યાયમાં, આખો ભગવાન કેવડો છે તેનું અહીં જ્ઞાન થાય છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

સમ્યગ્જ્ઞાન એને કહીએ આહા..હા...! મોક્ષનો માર્ગ જે સમ્યગ્જ્ઞાન, જે કાર્યનિયમ એને કહીએ કે જે નિજપરમતત્ત્વ એનું આખું જ્ઞાન, આખું તત્ત્વ પૂરું છે તેનું જ્ઞાન, જ્ઞાનની પર્યાયમાં આખા પૂર્ણનું જ્ઞાન. આહા..હા...! સમજાણું કાંઈ ? આવી વ્યાખ્યા 'ભગવાનજીભાઈ' ! 'આફ્રિકા'માં ન મળે અને ધૂડમાં પણ ક્યાંય ન મળે. આહા..હા...! સમ્યગ્જ્ઞાન–મોક્ષનો માર્ગ, કાર્યનિયમ સમ્યગ્જ્ઞાન એને કહીએ કે પરદ્રવ્યવના અવલંબન વિના ત્રિકાળી પરમાત્મસ્વરૂપ ભગવાન, તેનું સમસ્ત જ્ઞાન પર્યાયમાં આવ્યું, આખા દ્રવ્યનું જ્ઞાન પર્યાયમાં આવ્યું. આ બાજુનું કાંઈ નહિ અને આ બાજુનું પૂરું. સમજાણું કાંઈ ? આહા..હા...! હવે આમાં ક્યાં...? સાધારણ માણસને તો પત્તો ખાય એવું નથી. '..ભાઈ'! આહા..હા...!

એને જ્ઞાન કહીએ કે જે મોક્ષના માર્ગનો એક અવયવ, એક ભાગ. ત્રણ થઈને મોક્ષનો માર્ગ છે ને ? જ્ઞાન, દર્શન અને ચારિત્ર. એ કાર્યનિયમ. એમાં જ્ઞાન–સમ્યગ્જ્ઞાનનો એક અંશ એ કેવડો છે ? કેવો છે ? કે પરદ્રવ્યનું અવલંબન બિલકુલ નહિ અને સ્વદ્રવ્યનું જ્ઞાન પૂરું એમાં (થઈ જાય).

સમજાણું કાંઈ ? આહા..હા...! આખો શુદ્ધજ્ઞાન-ચેતનાપરિણામ જે નિયમ વસ્તુ, કારણનિયમ એનું જ્ઞાન પૂરું, પરિજ્ઞાન–પૂરું જ્ઞાન એમાં આવે છે. દ્રવ્યનું ઓછું જ્ઞાન, એ નહિ, પૂરું જ્ઞાન જેમાં આવે છે. આહા..હા...! સમજાણું કાંઈ ? આને જ્ઞાન કહીએ. ચોપડા ભણ્યા અને વાતું કરતાં આવડે માટે જ્ઞાન, એ જ્ઞાન નથી. આહા..હા...! સમજાણું કાંઈ ?

અનંત અનંત... ચાર બોલ લીધા છે. બાકી બધા તો અનંતગુણ છે ને ! પણ અહીં તો ચાર બોલ ખાસ (લીધા છે). સ્વભાવ અનંતચતુષ્ટયસ્વરૂપ શુદ્ધજ્ઞાનચેતના ભાવ, તેનું એ નિજપરમાત્માનું, એ '**નિજ પરમતત્ત્વનું પરિજ્ઞાન (–જાણવું) તે જ્ઞાન છે.**' આહા..હા...! વસ્તુ જે આખી... અનંતચતુષ્ટય તો મુખ્યપણે લીધા. પણ આખા અનંત-અનંત શક્તિવાળું તત્ત્વ, અનંત ગુણ સ્વભાવરૂપ વસ્તુ એ કારણનિયમ છે. તેને જ્ઞાનની પર્યાયમાં પરના આશ્રય વિના પોતાનું પૂરું જ્ઞાન જ્ઞાનમાં થાય તેને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. આહા..હા...! પર્યાયમાં પૂરું જ્ઞાન કેવળજ્ઞાન થયે ભલે થાય. એ અત્યારે અહીં નથી. અહીં તો જ્ઞાન જે થાય છે એમાં આખો આત્મા જેવો છે તેનું જ્ઞાન થાય છે. આહા..હા...! સમજાણું કાંઈ ? એને જ્ઞાન કહીએ. અને એને મોક્ષના માર્ગરૂપી કાર્યનિયમ કહીએ. અને એ સુખની દશા સહિત ત્રિકાળ વસ્તુને પૂર્ણ જાણે, એની સાથે આનંદ પ્રગટ થાય એને જ્ઞાન કાર્યનિયમ કહીએ. આહા..હા...! કહો, 'ચીમનભાઈ'! આવી વાત છે. આમાં કાંઈક ચોપડા જાણ્યા અને પછી આ વાંચ્યું. તો થઈ ગયું જ્ઞાન. ભાઈ ! એ જ્ઞાન નથી. બાપુ ! આહા..હા...! સમજાણું કાંઈ ?

અગિયાર અંગ અને બાર અંગ ભણે, તો પણ કહે છે કે સ્વનું જ્ઞાન પૂરું જેમાં આવે એને અમે જ્ઞાન કહીએ છીએ. આહા..હા...! ભલે એ જ્ઞાનની પર્યાય દ્રવ્યમાં પેસતી નથી. સમજાય છે ? દ્રવ્ય છે તે જ્ઞાન અને કાર્યપર્યાયથી રહિત છે, કાર્યનિયમથી તો રહિત છે. છતાં તે કાર્યનિયમ સમ્યગ્જ્ઞાનમાં, એ કારણ દ્રવ્ય છે, એનું પૂરું જ્ઞાન ખ્યાલમાં આવી જાય છે. આહા..હા...! ગર્વ ઉતરી જાય એવું છે. આહા..હા...! એ પર્યાય પણ અક્ષય–અમેય છે ને ? ચારિત્ર અધિકારની. આહા..હા...! પર્યાય અક્ષય અમેય. જ્ઞાનની પર્યાય જેને સમ્યગ્જ્ઞાન કહીએ એ અક્ષય છે અને મર્યાદા વિનાની છે. કેમ કે એમાં આખો આત્મા એ જ્ઞાનપર્યાયમાં જણાઈ ગયો. આહા..હા...! સમજાણું કાંઈ ? સમજાણું કાંઈ એ વિસામાનું વાક્ય છે. આહા..હા...! અરે..રે..! દુનિયાના મજુરો, એને આવું સાંભળવાનું મળે નહિ. આ પૈસા રળવાના મજુરો. આહા..હા...! મોટા મજુર છે. ઓલા મજુર છે એ તો ૮ થી ૧૨ અને ૨ થી ૬(મજૂરી કરે). એય...! અવે તો બધી દગડાઈ થઈ ગઈ છે. જે ૮ થી ૧૨ આવે એમાં એકવાર દિશાએ જઈ આવે, એકાદ બે વાર પેશાબ કરી આવે, વળી કોઈ ન હોય તો બીડી-બીડી જરી પીએ. અને એમાં એક કલાક કાઢી નાખે અને ૮ થી ૧૨માં ત્રણ કલાક કામ કરે. અને ૨ થી ૬ હોય એમાં પણ બધું સમજવા જેવું (કામ) કરે. કાળ એવો થઈ ગયો. નિતિપણાનું ધોરણ... આહા..હા...! તો પણ અહીં કહે છે કે એ આઠ કલાક કામ કરે લ્યો. અને આ મજુર તો સવારે ૬થી ઊઠે તે રાત્રના ૯-૧૦ વાગ્યા સુધી.

એકવાર મેં કીધું હતું. 'પાલેજ'થી દુકાનનો માલ લેવા ગયેલા. એ ૬૪-૬૫ની સાલ હશે. સવંત્ ૧૯૬૪-૬૫ની સાલ. અમારા ગામનો હતો. દુકાનદાર 'મગનલાલ' શેઠ હતા. અહીંયાં આવ્યા હતા. તે અમારે ત્યાં આડતિયા હતા. માલ લેવા ગયેલા. ૧૯૬૫ની સાલની વાત હશે. એ આહાર કરવા બેઠા હતા ત્યાં અમે પણ બેઠા હતા. ત્યાં બહાર ટોકરી વાગી.

**શ્રોતા :–** ટેલિફોન....

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ટેલિફોન કહે છે. સુવાક્ય. પણ કીધું આ આ જેને માટે રળો છો એ ખાવા તો.. આને ખાવાનું હખ નથી. આત્માનું તો હખ નથી પણ ખાવામાં પણ હખ નથી. ટોકરી વાગી બહાર. રસોડામાં જમવા બેઠા હતા. પાતળું શરીર હતું, રૂપાળું શરીર હતું. અરે..રે..! આને તો કીધું અહીં પણ હખ નથી. આહા..હા...! આખો દિ' હોળી મજુરી-મજુર-મજુર, મોટા મજુર. એને આ જ્ઞાન કાર્યનિયમ છે એને પ્રગટવું કઠણ પડે. આહા..હા...!

કારણસ્વરૂપ ભગવાન શુદ્ધજ્ઞાનચેતનાભાવ, શુદ્ધજ્ઞાનચેતનામાં ચાર ચતુષ્ટ આવ્યા અને એની અંદર બધા અનંતા ગુણો આવ્યા. આહા..હા...! મુખ્યપણે ચાર કીધા. એવો જે ભગવાન, અનંત સ્વભાવનું રૂપ એકરૂપ કારણનિયમ, તેને કાર્યનિયમના જ્ઞાનમાં આખું જ્ઞાન આવી જાય છે, ભલે મતિ-શ્રુત હોય. સમજાય છે કાંઈ ? પણ એ વસ્તુનું તો આખું જ્ઞાન એમાં જણાય જાય છે. એને સમ્યગ્જ્ઞાન અને મોક્ષના માર્ગનો એક અંશ અને અવયવ કહેવામાં આવે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

*** અહો! આ આત્મતત્ત્વ તો ગહન છે. એને આંખો મીંચીને, બહારના પાંચે ઇન્દ્રિયનો વેપાર બંધ કરીને, મનના સંબંધથી વિચાર કરે કે અહો! આ આત્મવસ્તુ અચિંત્ય છે, જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક જ છે—એવો વિકલ્પથી નિર્ણય કરે છે તે હજુ પરોક્ષ નિર્ણય છે. પરોક્ષ એટલે પ્રત્યક્ષ સ્વાનુભવ નથી થયો માટે તેને પરોક્ષ કહ્યો. મનની બહારનો બોજો ઘણો ઘટાડી નાખે ત્યારે મનથી અંદરના વિચારમાં રોકાય અને ત્યાંથી પણ પછી ખસીને અંદર સ્વભાવના મહિમામાં રોકાય એને આનંદનો અનુભવ થાય તેને સમ્યગ્દર્શન કહે છે. આવું વસ્તુનું સ્વરૂપ છે ને તેને પામવાનો આ ઉપાય છે. આમાં કાંઈ મૂંઝાવા જેવું નથી. સ્વભાવનો આશ્રય તો મૂંઝવણને ટાળી નાખે છે. અત્યારે લોકો બાહ્ય ક્રિયાકાંડમાં ચડી ગયા છે તેને તો મનથી પણ સાચો નિર્ણય કરવાનો વખત નથી. ૨૩૩.**

**— દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર – પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

## શ્રી નિયમસાર, ગાથા–૩, પ્રવચન નં. ૧૪૩
## તા. ૪-૧-૧૯૭૬
## [૨]

જીવ અધિકાર. ૩ ગાથા. ફરીને. ઝીણું છે ને ! આ બધા નવા આવ્યા છે ને ! ... અધિક આવી ગયું છે. અમારા 'શશીભાઈ' ને આવ્યા છે ને !

**શ્રોતા** :– ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– શું કહે છે ?

**શ્રોતા** :– મારી ભાવના હતી.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– કોણ કહે ?

**શ્રોતા** :– સાંભળવાની બહુ ભાવના છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– કોણ કહે ?

**શ્રોતા** :– શશીભાઈ કલકત્તાવાળા.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– ક્યાંક રખડવા ગયા હતા ને ?

'નિયમસાર'. નિયમ એટલે મોક્ષનો માર્ગ. નિશ્ચય રત્નત્રય, સ્વભાવરત્નત્રય છે ને એનું નામ ? સ્વભાવરત્નત્રય. છે પર્યાય. એટલે કે વ્યવહાર રત્નત્રય જે વિકલ્પ રાગ છે, એ કાંઈ સાચા રત્નત્રય નથી. સ્વભાવરત્નત્રય ત્રિકાળી જ્ઞાયકભાવ. સવારમાં આવ્યું હતું ને ? પરદ્રવ્યથી ભિન્ન દેખો. એ જ્ઞાયકભાવ ત્રિકાળ સ્વભાવ, એને આશ્રયે થયેલી સ્વભાવરત્નત્રય દશા. છે પર્યાય સ્વભાવની. ત્રિકાળ સ્વભાવ, એને આશ્રયે થયેલી નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય, એને સ્વભાવરત્નત્રય પર્યાયને કહે છે. સમજાણું કાંઈ ? એ હવે વિશેષ કહે છે.

**'જે સહજ પરમ પારિણામિકભાવે સ્થિત,...'** કોણ ? **'સ્વભાવ અનંતચતુષ્ટયાત્મક શુદ્ધજ્ઞાન-ચેતનાપરિણામ...'** ભગવાનઆત્મા પરમ પારિણામિક સ્વભાવ સહજ, જેને કર્મના નિમિત્તની અપેક્ષા નથી અને નિમિત્તના અભાવની પણ અપેક્ષા નથી. ઉદય, ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક – ચાર પર્યાયભાવ છે. એ પર્યાયભાવમાં ઉદયમાં કર્મના નિમિત્તની અપેક્ષા આવે છે. ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકમાં નિમિત્તના અભાવની અપેક્ષા આવે છે. તેથી તે નિમિત્તની અપેક્ષાવાળા ભાવ (થયા), એ આ નહિ. જેમાં નિમિત્તનો ભાવ અને નિમિત્તનો અભાવ, તેવી અપેક્ષા નથી એવો **'સહજ પરમ**

**પારિણામિકભાવે...**' પરમ સહજસ્વભાવભાવ, ધ્રુવ ભાવ, નિત્ય ભાવ, એવા ભાવમાં સ્થિત છે. શું ? હજી ધ્રુવની વાત ચાલે છે. '**સ્વભાવ-અનંતચતુષ્ટયાત્મક...**' પર્યાયમાં સ્વભાવ રત્નત્રય કહેવું છે ને ? તો અંતરમાં સ્વભાવ અનંતચતુષ્ટયસ્વરૂપ એવી '**શુદ્ધજ્ઞાન-ચેતનાપરિણામ...**' ત્રિકાળ છે '**તે નિયમ (કારણનિયમ) છે.**' ફરીને. કાલે હતા નહિ ને ? .. ગયા હતા. મેં ભાઈને પૂછ્યું હતું. 'પ્રવિણભાઈ'ને પૂછ્યું હતું 'હિંમતભાઈ' નથી ? જાય દુકાને ... જાય. શું કીધું ?

જેની પર્યાય એટલે અવસ્થામાં સ્વભાવરત્નત્રય નિશ્ચય મોક્ષમાર્ગની પર્યાય પ્રગટ થાય છે, એનો ત્રિકાળી સ્વભાવ કોણ છે ? નિશ્ચય નિર્વિકલ્પ સમ્યગ્દર્શન, નિર્વિકલ્પ જ્ઞાન, નિર્વિકલ્પ ચારિત્ર, સ્થિરતા એ સમાધિ સુખરૂપ દશા વર્તમાન પ્રગટ થાય છે. સ્વભાવિક રત્નત્રયના પરિણામ સુખરૂપ દશા, એનું કારણ કોણ ? એ તો પર્યાય છે. એનું કારણ ત્રિકાળી નિમય. મોક્ષમાર્ગ એ વર્તમાન કાર્યનિયમ અને ત્રિકાળી છે તે કારણનિયમ. એક પર્યાય છે અને એક દ્રવ્ય છે. એક ધ્રુવ છે અને એક અનિત્ય છે. એક શાશ્વત છે અને એક પલટતી (દશા) છે. સમજાણું કાંઈ ? 'રસિકભાઈ' છે ને ? આવ્યા છે.

'**જે સહજ પરમ પારિણામિકભાવ...**' પાંચ ભાવ છે : ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક અને પારિણામિક. એમાં ચાર છે એ પર્યાય સ્વરૂપ છે અને આ એક છે તે દ્રવ્યસ્વરૂપ છે. દ્રવ્ય નામ સહજસ્વભાવભાવ ધ્રુવ જેને આદિ નથી, અંત નથી, ઉત્પત્તિ નથી, નાશ નથી. પર્યાય તો ઉત્પન્ન પણ થાય અને બીજે ક્ષણે એનો નાશ થાય. ચાહે તો કેવળજ્ઞાન હોય તો એક સમયે ઉત્પન્ન થાય, બીજે સમયે નાશ થાય. એ આ નહિ. આ તો ત્રિકાળી જેનું ઉત્પન્ન પણ નથી અને નાશ પણ નથી. કાયમ એકરૂપ સદૃશ્ય ધ્રુવ સામાન્ય અભેદ, એવો જે પરમપારિણામિકભાવ, પરમપારિણામિક લીધું. જોયું ? કેમ કે પર્યાયને પણ પારિણામિકભાવ કહેવાય. આહા..હા...! પણ અહીંયાં તો પરમ પારિણામિકભાવ, જે ધ્યેય થઈને ઉપાદેય છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? વીતરાગ સર્વજ્ઞનો માર્ગ, ભાઈ ! એને અંદર તત્ત્વ મળ્યું નથી. બહુ સૂક્ષ્મ વાતું છે. આહા..હા...!

સ્વભાવિક સહજ, આમ સહજ. સ્વભાવિક જ જેની સ્થિતિ છે એવો પરમ પારિણામિકભાવ, એ આ પરમ પારિણામિકમાં પારિણામિક શબ્દ છે. એ પરિણામને સૂચવતો નથી. સમજાય છે કાંઈ ? પરિણામ છે એ તો ઉત્પાદ-વ્યયવાળા છે અને આ પારિણામિકભાવ છે એ ઉત્પાદ-વ્યય વિનાનો નિરપેક્ષ ભાવ છે. આહા..હા...!

**શ્રોતા :–** આ બધું સમજવું પડે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ ધર્મ આ રીતે થાય. ત્રિકાળી સ્વભાવ સ્વરૂપ છે તેનો આશ્રય લઈને દશા થાય તે ધર્મ થાય. શું થાય ? અરે..રે..! અનાદિથી સત્ય વસ્તુ છે. સવારમાં કહ્યું હતું ને. વસ્તુ છે. જ્ઞાયકભાવ છે, ધ્રુવભાવ છે. એની અસ્તિ, એની હયાતી નહિ સ્વીકારીને એક સમયની પર્યાય કે રાગ કે પુણ્યનો ભાવ કે પુણ્યના ભાવનું ફળ આ બહાર પૈસા અને ધૂડ, એ બધા છે

એમ એણે માન્યું, આ છે એમ ન માન્યું. એથી જેની જીવતી જ્યોત ધ્રુવ છે, એનો એણે અનાદર કર્યો એટલે કે એ નથી એટલે એની હિંસા કરી. અને આ એક સમયની પર્યાય અને રાગ અને રાગના ફળ, પુણ્યનું ફળ સંયોગી અનુકૂળ, એ બધી ચીજ એ છે એમ માન્યું પણ ત્રિકાળી જ્ઞાયકભાવ, ધ્રુવભાવ એ ન માન્યો એટલે એને ન માન્યો એટલે એ નથી. નથી એટલે એનું નામ હિંસા. કે આ જીવતી જ્યોત છે એને ઠેકાણે નથી (એમ માન્યું). આહા..હા...! એણે મિથ્યાત્વભાવે જીવની હિંસા કરી. પરની હિંસા તો કોણ કરી શકે છે ! પરની દયા કોણ પાળી શકે ! આહા..હા...! સમજાણું કાંઈ ?

**'પરમ પારિણામિકભાવ...'** એમાં ઉત્પાદ-વ્યયના પરિણામ ન લેવા. ઉત્પાદ-વ્યય છે એ પર્યાય છે, ચાહે તો કેવળજ્ઞાન હોય અને ક્ષાયિકભાવ હોય. એ પણ ઊપજે છે અને બીજે સમયે (નાશ પામે છે). ભલે એવો ને એવો થાય પણ બીજે સમયે વ્યય થાય છે. આહા..હા...! એથી કહે છે કે એ પરિણામની અપેક્ષા વિનાનું. **'સહજ પરમ પારિણામિકભાવ...'** એમાં રહેલો. **'સ્થિત,...'** છે ને સ્થિત ? **'સ્વભાવ અનંતચતુષ્ટયાત્મક...'** સ્વભાવ અનંત જ્ઞાન. જ્ઞાન જેનો સ્વભાવ છે એની મર્યાદા ન હોય. સ્વભાવ છે તે અમર્યાદિત છે. આહા..હા...! એવો અનંત જ્ઞાનસ્વભાવ, અનંત દર્શનસ્વભાવ ત્રિકાળ, અનંત આનંદસ્વભાવ ત્રિકાળ, અનંત વીર્ય–પુરુષાર્થ સ્વભાવ ત્રિકાળ એવો સ્વભાવ અનંતચતુષ્ટયસ્વરૂપ **'શુદ્ધજ્ઞાન-ચેતનાપરિણામ...'** એ આખું થઈને શુદ્ધજ્ઞાનચેતનાપરિણામ પારિણામિકભાવે છે. આ શુદ્ધજ્ઞાન-ચેતનાપરિણામ એ પર્યાય નહિ. આહા..હા...! સમજાણું કાંઈ ? શુદ્ધજ્ઞાનચેતના, શુદ્ધજ્ઞાન ચેતન, શુદ્ધજ્ઞાનચેતન, એની સાથે અનંત ગુણ ભેગા આવી ગયા. શુદ્ધજ્ઞાન ચેતન પરિણામ એટલે પારિણામિકભાવે છે. આહા..હા...! આવું શીખવું પડે. ઓલું તો કાંઈ નહોતું. એકેન્દ્રિયા, બેઇન્દ્રિયા... કરીને મિચ્છામી દુક્કડમ ધર્મ થઈ ગયો, લ્યો. સામાયિક (થઈ ગઈ), નહિ ? ભગવાનની ભક્તિ કરીને ધર્મ થઈ ગયો. ધૂડેય ધર્મ નથી, સાંભળને ! ધર્મની ચીજ ક્યાંથી ઉત્પન્ન થાય છે અને એ ચીજ કેવડી અને કેટલી છે ? આહા..હા...!

સ્વભાવ અનંતચતુષ્ટયસ્વરૂપ પરમ પારિણામિકભાવમાં સ્થિત, એવી શુદ્ધજ્ઞાનચેતનાપરિણામ. પરમસ્વભાવમાં સ્થિત શુદ્ધજ્ઞાનચેતનાસ્વભાવ, શુદ્ધજ્ઞાનચેતનાભાવ, શુદ્ધજ્ઞાનચેતના પારિણામિકભાવ. આહા..હા...! **'તે નિયમ (–કારણનિયમ) છે.'** તેને કારણ નિયમ કહેવામાં આવે છે. અહીંયાં ગ્રંથકાર મુનિરાજ 'પદ્મપ્રભમલધારિદેવ'ને બતાવવું છે તો 'નિયમસાર'. મોક્ષનો માર્ગ. નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ કારણ નિયમસાર બતાવવો છે. કાર્યનિયમસાર. તો કાર્યનિયમસાર બતાવતા પહેલાં કારણનિયમસાર બતાવે છે કે જેને આશ્રયે કાર્ય થાય. સમજાણું કાંઈ ?

આ શુદ્ધજ્ઞાનચેતના એ વર્તમાન પરિણામની વાત નથી. શુદ્ધજ્ઞાનચેતનસ્વરૂપ પારિણામિકભાવ **'તે નિયમ...'** છે ને ? **'આ નિયમ તે કારણનિયમ છે,...'** નીચે છે. **'કેમ કે તે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ કાર્યનિયમનું કારણ છે.'** મોક્ષનો માર્ગ જે નિશ્ચય સમ્યગ્દર્શન, સત્યદર્શન, સત્ય જ્ઞાન.

અહીં જ્ઞાન લીધું છે. સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, સમ્યક્ચારિત્ર એવો જે કાર્યનિયમ. પર્યાય એટલે કાર્ય, પર્યાય એટલે કાર્ય અને દ્રવ્ય એટલે કારણ. 'કાંતિભાઈ'! આ ઝીણું બહુ. 'રસિકભાઈ' ! આવી વાતું છે આ. ઠીક પહોંચ્યા છે બધા. સાંભળે તો ખરા કે આ શું છે ? આહા..હા...! વીતરાગ માર્ગ...

કહે છે કે એ ત્રણ પર્યાય છે એ વીતરાગી પર્યાય છે અને તે સુખરૂપ પર્યાય છે. સમજાણું ? તે પર્યાય એટલે કાર્ય છે. એનું કારણ અનંત આનંદસ્વરૂપ, અનંત જ્ઞાનસ્વરૂપ, અનંત દર્શનસ્વરૂપ, અનંત વીર્યસ્વરૂપ એવા પરમસ્વભાવભાવમાં આ ભાવ સ્થિત છે. સ્વભાવ અનંતચતુષ્ટય એવી શુદ્ધજ્ઞાનચેતનાપરિણામ, શુદ્ધજ્ઞાનચેતનારૂપ પરિણામ એટલે ભાવ, એ ત્રિકાળી પરિણામમાં રહેલ છે. આહા..હા...! તેને કારણ નિયમ કહે છે. કેમ કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે 'નિયમસાર', જે મોક્ષનો માર્ગ સત્ય એનું એ કારણ છે. સમજાણું કાંઈ ? એ મોક્ષનો માર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે નિયમ, એનો સાર કહેશે. વ્યવહારના, ભેદના પરિહાર માટે. એવો જે મોક્ષનો માર્ગ, એનું કારણ, કષાયની મંદતા, પૂર્વ પર્યાય તે તેનું કારણ, એ નહિ. આહા..હા...! મોક્ષનો જે માર્ગ... આહા..હા...! આનંદદાયક માર્ગ, નિર્વિકલ્પ સમાધિરૂપ માર્ગ... આહા..હા...! એનું કારણ પૂર્વની પર્યાય નહિ, રાગની મંદતા નહિ, દેવ-ગુરુ-શાસ્ત્રનું નિમિત્ત પણ નહિ. આહા..હા...! એ કાર્યનિયમ એટલે પર્યાય, મોક્ષનો માર્ગ એનું કારણ ત્રિકાળી પરમસ્વભાવમાં રહેલું અનંતચતુષ્ટયરૂપ શુદ્ધજ્ઞાનચેતનભાવ, શુદ્ધજ્ઞાન ચેતનભાવ, એ કાર્યનું એ કારણ છે, એ પર્યાયનું દ્રવ્ય કારણ છે. આહા..હા...! સમજાણું કાંઈ ? એ કારણનિયમ કીધું.

હવે કાર્યનિયમ. જે કારણમાંથી કાર્ય થાય. કારણથી કાર્ય થાય. એ કાર્યનિયમની હવે વાત કરે છે. જેનાથી થાય એની પહેલી વાત કરી. હવે થાય એ શું ચીજ છે ? આહા..હા...! સમ્યગ્જ્ઞાન... જ્ઞાનથી લીધું છે ને ? જ્યારે સમ્યગ્જ્ઞાનની પર્યાય થાય એ કાર્ય. ત્યારે એનું કારણ જે જ્ઞાનસ્વરૂપ ત્રિકાળ ભાવ, તે કારણ. સમ્યગ્દર્શન નિશ્ચય પર્યાય થાય, તે મોક્ષનો માર્ગ તે કાર્ય. એનું કારણ અંદર ત્રિકાળી દૃષ્ટિ પડી છે, સમ્યક્ શ્રદ્ધાસ્વરૂપ ત્રિકાળ, એ એનું કારણ છે. અને સમ્મુચય કારણ લીધું. બાકી એક એક કાર્યનું એક એક કારણ છે. સમજાણું કાંઈ ? અને સમ્યક્ ચારિત્ર વર્તમાન વીતરાગ પર્યાય, સ્થિરતાની પર્યાય કાર્યનિયમ, પર્યાયરૂપ કાર્ય, એનું કારણ, કે આત્માના સ્વભાવમાં અકષાયસ્વભાવ, ચારિત્રસ્વભાવ ત્રિકાળ છે, તે તેનું કારણ છે. પણ અહીં સમુચ્ચ્ય લઈ લીધું છે. અહીં સમ્યગ્જ્ઞાનથી લીધું છે. સમ્યગ્જ્ઞાન-દર્શન અને ચારિત્ર એવું કાર્યપર્યાય એનું કારણ ત્રિકાળી અનંતચતુષ્ટયભાવ એવી શુદ્ધજ્ઞાનચતેના સ્વભાવ તે તેનું કારણ છે. 'શશીભાઈ' ! આવી વાત છે. આ તો કાલ ચાલ્યું હતું, હોં. ! આજે ફરીવાર લીધું. આજે ઘણા બધા નવા છે ને ! આહા..હા...! અરે..! આવો વીતરાગનો માર્ગ, એ બીજે ક્યાંય છે નહિ. સમજાણું કાંઈ ? આ જૈન દિગંબર સનાતન ધર્મ સિવાય આ વાત બીજે ક્યાંય નથી. 'ભગવાનજીભાઈ' ! આ શ્વેતાંબર અને સ્થાનકવાસી...

આકરું લાગે, બાપુ ! શું થાય ? ભાઈ ! સત્યની પ્રસિદ્ધિ તો એ છે. સમજાણું કાંઈ ? સંતોએ એક એક પંક્તિમાં દિગંબર મુનિઓએ માર્ગની પ્રસિદ્ધિ કરી છે અને સ્પષ્ટ વ્યક્ત પ્રગટ કર્યું છે. આહા..હા...! સમજાણું કાંઈ ? આહા..હા...! એવી સ્થિતનું વર્ણન વાચક શબ્દો પણ બીજે નથી. આહા..હા...! સમજાણું કાંઈ ?

'**(-કાર્યનિયમ) એટલે...**' પાઠ છે ને ? '**णियमेण य जं कज्जं**' પાઠ છે ને ? '**णियमेण य जं कज्जं**' ત્રીજી ગાથાનું પહેલું પદ છે. '**णियमेण य जं कज्जं**' નિશ્ચયથી જે કરવાલાયક છે, નિશ્ચયથી ખરેખર યથાર્થપણે કરવાલાયક છે તેને અહીંયાં 'નિયમસાર' કહે છે, તેને મોક્ષનો માર્ગ (કહે છે). મોક્ષનો માર્ગ નિશ્ચયથી કરવાલાયક છે. સમજાણું કાંઈ ? પુસ્તક છે, 'દેવજીભાઈ' ? એ ત્યાં 'કાનાતળાવ'માં અગ્રેસર છે. મેં કીધું જુઓ! આ સમજવું પડશે. બધું સમજીને એણે બધું ... પાડ્યું. 'કાનાતળાવ'માં એ અગ્રેસર છે ને ! આહા..હા...! કણબી ભેગા થઈને મંદિર બનાવ્યું છે.

**શ્રોતા :–** આત્મા છે ને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આત્મા છે ને. કણબી, વાણિયા આત્મા ક્યાં છે ! આત્મા તો આત્મા છે. અહીં તો આત્મા રાગ ને પુણ્ય અને દયાવાળો આત્મા ક્યાં છે ! એ તો રાગ વિનાનો છે. આહા..હા...!

એ તો ભગવાનઆત્મા તો સહજસ્વભાવરૂપ કારણપ્રભુ, કારણજીવ, કારણનિયમ... આહા..હા...! એને કારણનિયમ કહો, કારણજીવ કહો, કારણપરમાત્મા કહો... આહા..હા...! એમાંથી કાર્યપરમાત્મા એટલે કાર્યદશા (પ્રગટે છે). અહીં હજી મોક્ષમાર્ગ છે. એવી એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સુખરૂપ, શાંતિરૂપ, સ્વચ્છતારૂપ, નિર્મળરૂપ, નિયમકાર્ય એ ત્રિકાળી કારણસ્વભાવમાંથી કાર્ય થાય છે. આહા..હા...!

'**(-કાર્યનિયમ) એટલે નિશ્ચયથી (નક્કી) જે કરવાયોગ્ય—**' પહેલું પદ છે એ. '**णियमेण य जं कज्जं**' ભગવાન 'કુંદકુંદાચાર્ય'નું પહેલું પદ એ છે. ભાઈ ! જે નિશ્ચયથી કરવા લાયક હોય (તો) સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ છે. આહા..હા...! સમ્યગ્જ્ઞાન-દર્શન અને ચારિત્ર એ છે. આહા..હા...! પર વસ્તુનું કરી શકે એ તો ત્રણ કાળમાં નથી. શરીર, વાણી, પૈસો, લક્ષ્મી, સ્ત્રી, કુટુંબ એનું ત્રણ કાળમાં કાંઈ કરી શકતો નથી. એ રાગ ને દ્વેષ, પુણ્ય ને પાપ અને મિથ્યાત્વને કરે એ કાંઈ કર્તવ્ય કહેવાય ? આહા..હા...! એ તો અનર્થની ઉત્પત્તિના કારણ એને કર્તવ્ય કેમ કહેવું ? આહા..હા...!

કર્તવ્ય તો એને કહીએ કે જે આનંદદાયક હોય, એ તો સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્ર છે. જ્ઞાનથી લીધું છે ને ! સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, સમ્યક્ચારિત્ર એ કર્તવ્ય છે, એ કરવાલાયક છે, એ સુખરૂપ છે, એ હિતરૂપ છે. આહા..હા...! તે આનંદદાયક કરવાલાયક છે. આહા..હા...! સમજાણું કાંઈ ? 'હીરાલાલજી'! ઠીક બધા આવી ગયા છે. આ કાલે વંચાણું હતું, હોં ! ફરીને વંચાય છે. કાલે સવારે વંચાણું હતું. તમારા બધા માટે ફરીને લીધું. અહીં તો ફરીવાર લે તો અંદર કાંઈક નવું જ આવે.

આહા..હા...!

કહે છે, પ્રભુ ! તારે સુખને પંથે જાવું હોય... શાંતિ.. શાંતિ... શાંતિ... શાંતિને પંથે જાવું હોય તો એ કર્તવ્યમાં તે દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. આત્માનું કર્તવ્ય તો એ છે. આહા..હા...! વ્યવહારરત્નત્રય એ પણ એનું કર્તવ્ય નથી. આહા..હા...! આવું છે. ખૂબ નાખ્યું છે. બીજું નાખ્યું. ઓલો 'અમરચંદ' (એમ કહે છે), બીજાનું કરે એ આમ થાય, બીજાનું કરે આમ... શિષ્યને ગુરુ ન બનાવે તો એ ગુરુમાં ખામી. અરે..! ભગવાન ! તું શું કરે છે ? અને શિષ્ય જો ગુરુ ન બને તો શિષ્યમાં ખામી છે. હવે એ તો ઠીક ભલે. પણ ગુરુ જો શિષ્યને ગુરુ ન બનાવે તો ગુરુમાં ખામી છે. આહા..હા...! અરે..! પ્રભુ ! શું કહે છે તું ? ભાઈ ! કોણ કોને બનાવે ? આહા..હા...! આવી વાત, બાપા ! જૈનધર્મના નામે ૨૫૦૦ વર્ષ ભગવાનના થયા, એના નામે આવું વિરાયતન કરીને આવા બધા ગપ્પા મારે. અરે..રે..! માણસો ભેગા થઈને કરોડો રૂપિયા ખર્ચશે. ઓલો અબજપતિ ભેગો થયો. 'દુર્લભજીભાઈ'નો દીકરો 'છેલશંકર'. 'છેલશંકર' છે ને 'દુર્લભજીભાઈ'નો ? એની પાસે ૬૦-૭૦ કરોડ રૂપિયા છે. નાના પાસે ૪૦ કરોડ. એકવાર ઘરે લઈ ગયા. પ્રેમ તો ખરોને. વળી કાંઈક મહિમા પણ ખરો કે મહારાજના પગલા થાય તો... છોકરો ૧૮ વર્ષનો થયો છે. એના નાના ભાઈ પાસે ૪૦-૫૦ કરોડ હશે. આની પાસે ૬૦-૭૦ કરોડ. બે ભાઈ વચ્ચે ૧૦૦ (કરોડ)–અબજ કહેવાય છે. એ આમાં ભળ્યો છે. સ્થાનવાસી છે ને ? સ્થાનકવાસી છે ભાઈ. 'જયપુર'ને ? 'છેલશંકર' સ્થાનકવાસીનો છે. આ 'અમૃતચંદ' સ્થાનકવાસી ... પ્રભુ ! માર્ગ જ... બાપા ! આહા..હા...! કોને કરે, કોણ કરે ? ભાઈ ! એમ કે પારસમણિ લોઢાને સોનું બનાવે. પણ પારસમણિ પારસમણિ ન બનાવે. એમ ગુરુ શિષ્યને પોતાના જેવો બનાવે તો એ ગુરુ કહેવાય. અરે..! અહીં ક્યાં વાત છે, બાપા ! કોણ બનાવે ? ભાઈ ! આહા..હા...!

બંધ અધિકારમાં નથી આવ્યું ! ભાઈ ! કે હું બીજાને મોક્ષ કરાવું, પ્રભુ ! એ શું છે ? એના વીતરાગભાવ વિના એને મોક્ષ થાશે ? તું એને વીતરાગભાવ કરાવી દઈશ ? આવે છે ને ? એ સત્ય છે. પોતે નિશ્ચય ગુરુ થાય ત્યારે નિમિત્તના ગુરુને ઉપચાર આપવામાં આવે. આમ વાત છે. 'ન્યાલભાઈ'માં એ શબ્દ છે. આહા..હા...!

અહીં કહે છે એ કાર્યનિયમ છે એનું કારણ કોણ ?–કે ત્રિકાળી વસ્તુ. એનું કારણ ગુરુ મળ્યા અને સાંભળવાનું મળ્યું, માટે એનું એ કારણ થાય, એમ છે નહિ. આહા..હા...! એ **'(–કાર્યનિયમ) એટલે નિશ્ચયથી (નક્કી) જે કરવાયોગ્ય–'** આહા..હા...! એનો શબ્દ **'પ્રયોજનસ્વરૂપ–'** બે શબ્દ છે, હોં ! સંસ્કૃતમાં છે, સંસ્કૃતમાં છે. જુઓ ! છે ? **'नियमेन च निश्चयेन यत्कार्यं प्रयोजनस्वरूपं'** સંસ્કૃતમાં છે. એટલે ? સમ્યક્ નિશ્ચય જ્ઞાન, દર્શન અને ચારિત્ર. એ નિશ્ચયથી કરવાલાયક છે. પર્યાય છે ને ? ધ્રુવને શું કરવું ? ધ્રુવ તો ત્રિકાળ છે. આહા..હા...! આ પર્યાય છે એ કરવાલાયક છે. સમજાણું કાંઈ ? કેમ ?–કે એ પ્રયોજનસ્વરૂપ છે. આહા..હા...! કેમ ... શું થયું ? કેટલા વાગ્યા ?

વાગ્યા કેટલા ? એવું છે. અહીં તો કહે દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણ છે. વાગ્યા જાજા. આહા..હા...!

શું કહે છે ? ભાઈ ! પરમાત્મા ત્રિલોકનાથ જિનેશ્વરદેવ સર્વજ્ઞ પરમેશ્વર એમ ફરમાવે છે કે જે કાર્યનિયમ પર્યાયનું જે છે, એ નિશ્ચય નામ સત્ય જ્ઞાન, સત્ય દર્શન અને સત્ય ચારિત્ર, એ નિર્મળ અરાગી-વીતરાગી કષાયરહિતની પરિણતિ છે. એ પરિણતિ એટલે પર્યાય છે. એ પર્યાય કર્તવ્ય–કરવાલાયક છે. 'રસીકભાઈ'! આ છોકરા-બોકરાને કેળવવા, ભણાવવા એ કરવાલાયક છે એની ના પાડે છે. એ કરી શકતો નથી, લ્યો. 'રામજીભાઈ' એ 'સુમનભાઈ'ને કેળવણી (આપીને) મોટા કર્યા છે ને ? આઠ હજારનો પગાર મફતનો થયો ? લોકો એમ કહે. કોણ કોને કરે ? આ 'રસિકભાઈ'નો મોટો છોકરો ત્યાં ક્યાંક કેટલા પૈસા લઈ આવ્યો ? લોટરીમાં ચાર લાખ રૂપિયા. લોટરી-લોટરી હતી. ચાર લાખ કોઈક કહેતું હતું. અમારે 'ચંદુભાઈ' કહે. આપણને કાંઈ ખબર ન હોય. કેટલા લાખ ? પચાસ હજાર ડોલર. એ કાંઈક કહેતા હતા. આપણને કોઈક કહે એ સાંભળ્યું હોય. આપણને કાંઈ ખબર છે ? પચાસ હજાર ડોલર, ઠીક. એના ચાર લાખ લોટરીમાં આવ્યા. પછી અહીંયાં એક હજાર મોકલ્યા હતા. એ બધી લોટરી-બોટરી હેરાન કરવાના...

**શ્રોતા :–** ફરીને બીજી લોટરી લાગે એટલા માટે પૂછે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ધૂડમાં પણ... એ તો કોઈ પૂર્વનું પુણ્ય હોય એ જાતનો દેખાવ દેખાય... દેખાય... દેખાય.. ધૂડમાં છે ને. કર્તવ્ય તો આ છે. આહા..હા...!

ભાઈ ! તારે કર્તવ્ય અને પ્રયોજન હોય, પ્રયોજન જોડાવાનું કાર્ય હોય તો કર્તવ્ય આ એક છે. સમ્યક્ સત્ય જ્ઞાન. એ કોને કહેવું કહેશે. સત્યદર્શન, સમ્યક્ અને સત્ ચારિત્ર એ ત્રણ કરવાલાયક પ્રયોજનરૂપ છે. આહા..હા...! સમજાણું કાંઈ ? છોકરાને પરણાવવા, ઠેકાણે નાખવા. છોકરી મોટી વીસ-વીસ વર્ષની સાંઢડા જેવી થઈ હોય, એને ઠેકાણે પાડે તો પછી .. એવું અહીં કાંઈ છે નહિ, કહે છે. ... આવ્યા છે. કે ત્રણ-ચાર છોકરીઓ, ચાર છોકરા, એક વીસની, એક પચ્ચીસની, એક અઠ્યાવીસની, એક ત્રીસની. એ લોકો ઘણી વાતું કરે. આમ ભણાવી છે ને ફલાણું. ઠેકાણે પાડવી એ આપણી–બાપની ફરજ છે ને ! આહા..હા...! ભાઈ ! તારું પ્રયોજન અને કર્તવ્ય હોય તો આ છે. છે ? આહા..હા...! ભાઈ ! તારો નાથ અંદર પૂર્ણ બિરાજે છે. એને કારણ બનાવીને કાર્યનું પ્રયોજન તારે કરવાલાયક તો આ છે. આહા..હા...! '..ભાઈ'! આહા..હા...!

**'(-કાર્યનિયમ) એટલે નિશ્ચયથી...'** ખરેખર **'(નક્કી) જે કરવાયોગ્ય...'** નક્કી કરવાયોગ્ય... આહા..હા...! એવું **'પ્રયોજનસ્વરૂપ—'** પોતાને જોડાણ થઈને કરવાલાયક તો એ પર્યાય છે. આહા..હા...! તે **'જ્ઞાન-દર્શન-ચારિત્ર.'** એ ખુલાસો કર્યો. કે શું કરવાલાયક અને પ્રયોજનરૂપ ? જ્ઞાનદર્શન અને ચારિત્ર પર્યાય. હવે એ **'ત્રણમાંના દરેકનું સ્વરૂપ કહેવામાં આવે છે.'** જ્ઞાન કોને કહેવું ? દર્શન કોને કહેવું ? ચારિત્ર કોને કહેવું ? **'તે ત્રણમાંના દરેકનું સ્વરૂપ કહેવામાં આવે છે.'** ત્રણ એટલે સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, સમ્યક્ચારિત્ર. **'ત્રણમાંના દરેકનું સ્વરૂપ કહેવામાં આવે છે.'**

**'(૧) પરદ્રવ્યને અવલંબ્યા વિના...'** આહા..હા...! સમ્યગ્જ્ઞાન કોને કહેવું ? **'પરદ્રવ્યને અવલંબ્યા વિના...'** વીતરાગની વાણીને પણ અવલંબ્યા વિના. પરદ્રવ્ય છે ને ? આહા..હા...! પરદ્રવ્ય નામ આ શાસ્ત્ર અને શાસ્ત્રની વાણીને અવલંબ્યા વિના. કારણ કે એ પરદ્રવ્ય છે. આહા..હા...! **'નિઃશેષપણે...'** સંપૂર્ણપણે **'યોગશક્તિ...'** નામ ઉપયોગમાંથી અંતર્મુખ થઈને. આહા..હા...! **'(–ઉપયોગને સંપૂર્ણપણે અંતર્મુખ...)'** સંપુર્ણ એ નિઃશેષમાં ગયું. અંતર્મુખ એ થયું. અને ઉપયોગને યોગશક્તિમાંથી લીધું. ઉપયોગરૂપી પૂર્ણ શક્તિ છે, એમાંથી **'યોગશક્તિમાંથી ઉપાદેય...'** આહા..હા...! ઉપયોગને વર્તમાન જ્ઞાન-દર્શનના પરિણામને **'સંપૂર્ણપણે અંતર્મુખ કરીને...'** ઉપાદેય તરીકે **'(ગ્રહણ કરવાયોગ્ય) એવું જે નિજ પરમતત્ત્વ...'** આહા..હા...! શાસ્ત્ર વાંચે તો જ્ઞાન થાય, સાંભળે તો જ્ઞાન થાય એ કાંઈ વાત નથી. ભાઈ ! સમ્યગ્જ્ઞાન એને ન કહેવાય. આહા..હા...!

સમ્યગ્જ્ઞાન તો એને કહીએ કે જે સંપૂર્ણપણે ઉપયોગને અંતર્મુખ કરીને ગ્રહવાલાયક, પ્રગટ કરવાલાયક **'એવું જે નિજ પરમતત્ત્વ...'** **'(ગ્રહણ કરવાયોગ્ય) એવું જે નિજ પરમતત્ત્વ...'** નિજ પરમતત્ત્વ. એનું પરિજ્ઞાન. અહીં સુધી કાલે આવ્યું હતું. એટલે ? પૂર્ણ સ્વરૂપ ભગવાન એમાંથી ગ્રહવાલાયક, ઉપાદેય કરવાલાયક સમ્યગ્જ્ઞાન, પરિજ્ઞાન એટલે ?–કે જે જ્ઞાનની પર્યાયમાં પૂર્ણ ભગવાન પરમતત્ત્વનું જ્ઞાન થાય. પરમતત્ત્વને પર્યાય અડ્યા વિના પરિજ્ઞાનમાં પૂર્ણનું જ્ઞાન થાય. શું કહ્યું ઇ ?

ફરીને. ભગવાન જે પરમતત્ત્વ છે, જ્ઞાયક પણ જેને કારણનિયમ કહ્યું, જેને કારણપરમાત્મા કહીએ, જેને કારણજીવ કહીએ, જેને પરમતત્ત્વ કહીએ એનું અહીં જ્ઞાન, એટલે જ્ઞાનની પર્યાયમાં પરિજ્ઞાન. એ જ્ઞાનમાં આખી વસ્તુ છે એનું જ્ઞાન થાય. પર્યાય એક સમયની, વસ્તુ ત્રિકાળ. આહા..હા...! જે જ્ઞાનની પર્યાયમાં ત્રિકાળ જ્ઞાન થાય, ત્રિકાળીનું જ્ઞાન થાય તે જ્ઞાનને પરિજ્ઞાન કહેવામાં આવે છે. આહા..હા...! શેઠ ! પુસ્તક છે ને ? આહા..હા...! ... એ 'કાનપુર'માં વાંચે છે. ભાઈ શું કહેવાય ? 'અમરચંદ'. 'અમરચંદ' ને બધા ભેગા થઈને વાંચે છે. આહા..હા...! અરે..! ભાઈ ! આ શું ચીજ છે ? આહા..હા...!

ઉપયોગને અંતર્મુખ કરી અને અંતર તત્ત્વ જે ગ્રહવા લાયક છે, જાણવા લાયક છે એને જ્ઞાનની પર્યાયમાં પરિજ્ઞાન. એ પૂર્ણ સ્વરૂપ છે તેનું પર્યાયમાં જ્ઞાન થઈ ગયું. આહા..હા...! બીજી ભાષામાં કહીએ તો આત્મજ્ઞાન (થયું). સમજાણું કાંઈ ? જ્ઞાનની પર્યાયમાં આત્માનું જ્ઞાન. સમજાણું કાંઈ ? શાસ્ત્રજ્ઞાન ઓછું હોય, એની સાથે સંબંધ નથી. આહા..હા...! જે જ્ઞાનની પર્યાય... કાર્યનિયમ છે ને ? તો કાર્ય એટલે પર્યાય. સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, સમ્યક્ચારિત્ર એ પર્યાય. પર્યાય એટલે અવસ્થા, અવસ્થા એટલે હાલત, હાલત એટલે દશા. તે જ્ઞાનમાં પરિ નામ પૂર્ણ આત્મા આવવો જોઈએ. તે જ્ઞાનમાં પરિ એટલે સમસ્ત–આખો આત્મા જ્ઞાનમાં થાય. આવે એટલે ? પર્યાયમાં દ્રવ્ય ન આવે. આત્મા દ્રવ્ય છે એ પર્યાયમાં ન આવે પણ દ્રવ્યનું પૂરું જ્ઞાન પર્યાયમાં આવે. આહા..હા...! 'ચીમનભાઈ'! આવી વાતું છે. આહા..હા...!

જેને આત્મજ્ઞાનથી વાત ઉપાડી. આહા..હા...! એટલે ? સમ્યગ્જ્ઞાન જે સુખરૂપ જ્ઞાન, તે મોક્ષનો માર્ગ જે જ્ઞાન, મોક્ષમાર્ગનો જે આ એક અવયવ તે જ્ઞાન તેને કહીએ કે જે જ્ઞાનમાં પૂર્ણાનંદનો નાથ, પ્રભુ ! અનંત અનંત અપરિમિત શક્તિનો સાગર, એ પર્યાયમાં તેનું જ્ઞાન થાય. પર્યાય પર્યાયમાં રહીને દ્રવ્યનું પૂરું જ્ઞાન કરે તેને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. આહા..હા...! ડાહ્યા તારું ડહાપણ ત્યારે (કહેવાય)... એકવાર નહોતું કીધું ? 'વાંકાનેર'ના હતા. 'ડાહ્યાભાઈ ધોળશા'. અમે નાટક જોયું હતું. સંવત્ ૧૯૬૪ની સાલની વાત છે.

એક સાધુ આવ્યુ હતા ને ! અમે તો સ્થાનકવાસી હતા. 'ભરૂચ'નું સ્ટેશન છે એની સામે ધર્મશાળામાં મળ્યા. ગામમાં ગોત્યા. પછી વખત હતો અને (સાથે) અમારા 'ઝવાભાઈ' હતા. 'ઝવાભાઈ' છે ને ? આ 'મનહર'નો બાપ. 'ઝવાભાઈ' હતા. બન્ને ગયેલા. નવરા (થયા પછી થયું), ચાલો ભાઈ નાટક જોવા જઈએ. 'ડાહ્યાભાઈ ધોળશા'નું નાટક હતું. મીરાંબાઈનું હતું. પણ એ વખતે તો વૈરાગ્યના બહુ નાટક. અત્યારે તો આ ફિલ્મમાં ગજબ કરી નાખી છે. આહા..હા...! એક બાય ઉઘાડી ઊભી હોય, ચુંબન કરે અને આમ હાથ નાખે. અર..ર..! આ સજ્જનતાને શોભે છે ? આવા અનીતિના લક્ષણ એટલા વધી ગયા. એ વખતે તો વૈરાગ્ય... વૈરાગ્ય... એમાં એ 'ડાહ્યાભાઈ' હતા. તે દી બાર આનાની ટિકિટ લીધી હતી. તે દી, હોં ! એ 'ડાહ્યાભાઈ' જ્યારે મરવા પડ્યા... આટલા પૈસા. અઠવાડિયામાં ત્રણ (નાટક) પાડતા. અને એક-એક અઠવાડિયામાં પંદરસો રૂપિયા એક એક ... લેતા. એટલું માણસ. તે દિ' હોં. ૧૯૬૪ની સાલની વાત છે.

એ જ્યારે મરવા પડ્યા ત્યારે એમ બોલ્યા, એલા ડાહ્યા ! તારું ડહાપણ ત્યારે કહીએ, કે તું શાંતિથી દેહને છોડ તો. ઓલા નાટક-બાટક બધા ધૂડ કરીને તે બતાવ્યા. અઠવાડિયામાં ત્રણ વાર. તે દિ' એક રાતના પંદરસો લેતા. પંદરસો રૂપિયા એક રાતના. એટલા માણસ ભેગા થાય. અમે જોવા ગયા હતા. ચોપડી લીધી હતી. મીરાંબાઈનું નાટક જોવો તો વૈરાગ્યની ધૂન ઉપડે. આવે તો ઉંઘ ન આવે. એવી એ શૈલી હતી. મીરાંબાઈ એના ધણીને કહે છે, 'સાધુડાને સંગે હું તો ઘેલી થઈ..' 'સાધુની સંગે હું તો ઘેલી થઈ...' ઘેલી સમજો છો ? પાગલ. હવે હું રાણી તરીકે નથી. આહા..હા...! વૈરાગ્યમાં આવું બધું. ભલે બિચારા ... એવી શૈલી હતી. એ 'ડાહ્યાભાઈ' મરવા ટાણે બોલ્યા હતા. 'વાંકાનેર'ના હતા. તમારા વૈષ્ણવ હતા. 'ડાહ્યા તારું ડહાપણ ત્યારે કહીએ ભાઈ ! તું સમાધિ શાંતિથી મરણ થાય તો. બાકી ડહાપણ-બહાપણ દુનિયાના. લાખો-કરોડો પૈસા ઘણા કર્યા. આહા..હા...! ૧૯૬૪ની સાલમાં આટલી પેદાશ કેવી ! આઠ દીમાં સાડા ચાર હજાર. ૬૪ની સાલમાં. આ તો કેટલા વર્ષ થયા ? આહા..હા...!

અહીં કહે છે કે ડાહ્યા તારું સમ્યગ્જ્ઞાન ત્યારે કહીએ કે તે જ્ઞાનમાં ભગવાન આખો જણાય તેને સમ્યગ્જ્ઞાન કહીએ. આહા..હા...! 'હરિભાઈ'! ત્યારે તારું ડહાપણ સમ્યગ્જ્ઞાન કહીએ. આહા..હા...! આટલા ચોપડા લખતા આવડે છે, આવું નામું લખતા આવડે છે. મોતી જેવા દાણા લખે છે ને ?

નામું લખે એ. ધૂડમાં શું દાણા (જેવા અક્ષર) કોણ (લખે) ! એ તો જડની અવસ્થા અને મોટો ક્ષયોપશમ હોય. અહીં તો કહે છે કે તારી સમ્યગ્જ્ઞાન દશા, ડહાપણ એને કહીએ... આહા..હા...! કે જે જ્ઞાનની પર્યાયમાં આત્મા જ્ઞાનમાં આવે. જ્ઞાનમાં આવે, હોં ! આત્મા પર્યાયમાં ન આવે. આહા..હા...! બીજી ભાષા કરીને આત્મજ્ઞાન શબ્દ વાપર્યો છે. ભાઈ ! આત્મજ્ઞાન. પરિજ્ઞાનનો અર્થ આત્મજ્ઞાન. ભાઈ ! આહા..હા...! શું સંતોની વાણી ! ટૂંકા શબ્દોમાં કેટલું સમાડી દીધું છે ! આહા..હા...! ભાઈ !

**'પરદ્રવ્યને અવલંબ્યા વિના...'** હવે સ્વદ્રવ્યનું અવલંબન લેવું છે ને ! બાકી રાખ્યા વિનાનો અંતર્મુખ યોગશક્તિમાંથી ગ્રહણ **'એવું જે નિજ પરમતત્ત્વનું પરિજ્ઞાન (–જાણવું) તે જ્ઞાન છે.'** તેને જ્ઞાન કહેવામાં આવે છે. તે જ્ઞાન મોક્ષના કારણરૂપે કાર્ય કહેવામાં આવે છે. મોક્ષના કારણરૂપે કાર્ય કહેવામાં આવે છે. કાર્ય નિયમ છે ને ? આહા..હા...! 'શાંતિભાઈ'! આવી વાતું છે. બધા એમ.એ.ના ભણેલા અને ડોક્ટરો અને એલ.એલ.બી. એ કાંઈ જ્ઞાન નહિ, કહે છે. અરે..! શાસ્ત્રનું અગિયાર અંગનું જ્ઞાન ભણ્યો હોય એ પણ જ્ઞાન નથી. આહા..હા...! સભાને રંજન કરતાં આવડતું હોય એ જ્ઞાન નહિ, બાપા ! આહા..હા...!

જ્ઞાન તો, પરમાત્મા ત્રિલોકનાથ જિનેશ્વરદેવ, ગણધર અને ઇન્દ્રો, એકવતારી, એક ભવે મોક્ષ જનારાની સભામાં એમ ફરમાવતા હતા, એ સંત ફરમાવે છે. આહા..હા...! ભાઈ ! કાર્યનિયમ, કાર્યજ્ઞાન, કારણજ્ઞાન ત્રિકાળ. એ કારણનું પર્યાયમાં પૂરું જ્ઞાન આવે એને અમે જ્ઞાન કહીએ છીએ. આહા..હા...! 'ડાહ્યાભાઈ'! આહા..હા...! આવી વાત ક્યાં છે, બાપા ! છે ? આહા..હા...! પક્ષપાત છોડીને વિચારે. આહા..હા...! સમજાણું કાંઈ ? છે કાર્યનિયમ. પણ એ મોક્ષનું કારણ છે અને એનું કારણ દ્રવ્ય છે. એ આવે છે ને ભાઈ ! ઘણે ઠેકાણે આવે છે. મોક્ષના કારણનું કારણ. એ આવે છે. મોક્ષનું કારણ ઉપયોગ અને એનું કારણ ત્રિકાળ. આહા..હા...!

ભગવાન આખો પૂર્ણાનંદનો નાથ, અનંત અપરિમિત શક્તિનો સાગર, જેના જ્ઞાનમાં આખું જ્ઞાન, પૂરાનું જ્ઞાન પર્યાયમાં આવે. સમજાણું કાંઈ ? એને સમ્યગ્જ્ઞાન, મોક્ષના કારણરૂપ અને વર્તમાન કાર્યરૂપ સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. આહા..હા...! હવે અહીંયાં તો થોડું ઘણું ભણે અને વાંચે ત્યાં એમ થઈ જાય ઓહો..હો...! પણ અરે...! સાંભળને, બાપા ! ભાઈ ! આહા..હા...! અને વ્યાખ્યાન-બ્યાખ્યાન કહેતા ક્યાંક આવડે એટલે જાણે જ્ઞાન થઈ ગયું. અરે..! ભાઈ ! એ જ્ઞાન નથી, બાપા ! જ્ઞાનમાં ભગવાન આવવો જોઈએ એમ કહે છે. જ્ઞાનમાં ભગવાનની પ્રતિષ્ઠા આવવી જોઈએ. આહા..હા...! ભગવાન એવો ભગવાન કારણપરમાત્મા, કારણજીવ, પરમ પારિણામિક સ્વભાવમાં સ્થિત પૂર્ણ સ્વરૂપ, તે જ્ઞાનની પર્યાયમાં તેનું જ્ઞેય થઈને જ્ઞાન આવવું જોઈએ. આહા..હા...! આ બધા કારખાના કાઢે છે ને ? હોશિયાર માણસ. 'જ્યોતિ' ગયો ? બસ. કારખાનું ચલાવવા. કારખાનું છે ક્યાંક. તને (-સંપાદકને) કારખાનું કહેતા હતા ... એનો મામો પૈસાવાળો છે ત્યાં. ... આ કારખાનું

સમજવા જેવું છે. આહા..હા...! એ કરવાલાયક (છે), કીધું, બાપા !

ત્રિકાળી કારણ પરમ સ્વભાવભાવ એવો પારિણામિકભાવ, તેમાં શુદ્ધચેતનાજ્ઞાનરૂપ ત્રિકાળ ભાવ પડ્યો છે. આહા..હા...! જ્ઞાનની પર્યાયમાં તેનું જ્ઞાન થવું... ઓહો..હો...! એક સમયની પર્યાય અને ત્રિકાળીનું જ્ઞાન અને તે પરિણામ પરિણામીને અડ્યા વિના. ફક્ત સન્મુખ થયો. આહા..હા...! ત્રિકાળી જ્ઞાયકભાવ કારણપરમાત્મા ધ્રુવ સ્વરૂપ, એની પર્યાય સન્મુખ થયો તો એ પર્યાયમાં એનું પૂર્ણ જ્ઞાન આવ્યું. **'અવલંબ્યા વિના...'** કીધું ને ? **'પરદ્રવ્યને અવલંબ્યા વિના...'** આહા..હા...! એટલે પરદ્રવ્યની સન્મુખતા છોડી દઈને અને સ્વદ્રવ્યની સન્મુખતા કરીને. આહા..હા...! સમજાણું કાંઈ ? એને પરિજ્ઞાન, એને કાર્યનિયમ, એને કાર્યજ્ઞાન આને કાર્યજ્ઞાન અત્યારે (કહે છે), હોં ! ઓલું કાર્ય ત્રિકાળી કારણ અને કેવળજ્ઞાન કાર્ય એ વળી પછી. સમજાણું કાંઈ ? આટલું તો કાલે આવ્યું હતું. નહિ ? કાલે તો અહીં સુધી આવ્યું હતું. આજે ફરીને આટલું આવ્યું.

હવે શ્રદ્ધા. હવે સમ્યગ્દર્શન. પહેલું જ્ઞાન આમાં લીધું. ઓલામાં પહેલું સમ્યગ્દર્શન (લીધું છે). **'ભગવાન પરમાત્માના...'** આહા..હા...! ભગવાન પરમાત્મા પોતે, હોં ! એના **'સુખનો અભિલાષી...'** પરમાત્મા ભગવાન પરમાત્મા, કારણ પરમાત્મા, પોતે ધ્રુવ સ્વરૂપ નિત્યાનંદ, નિત્યાનંદ, એવો જે ભગવાન પરમાત્મા, એના સુખનો અભિલાષી. ભગવાન પરમાત્માના આનંદનો અભિલાષી. સમજાણું કાંઈ ? સ્ત્રીનો અભિલાષી, સુખનો અને પૈસાનો અભિલાષી અને ઇન્દ્રપદનો અભિલાષી, રાજાનો અને ધૂડનો એ બધું છોડ, બાપા ! આહા..હા...! ત્રિલોકનાથ, જેમાં અતીન્દ્રિય આનંદનો ભરચક પ્યાલો અંદર ભર્યો છે. એવો જે ભગવાન પરમાત્મા, એના સુખનો અભિલાષી. આહા..હા...! ભાષા તો જુઓ ! જેની બુદ્ધિ પર સુખમાંથી ઊડી ગઈ છે. ઇન્દ્રના ઇન્દ્રાસનો જે... અહીં તો સ્ત્રી બે દિ' ન ખાય તો શરીર એં..એં.. થઈ જાય એને ઓલી તો હજારો વર્ષે આહાર લે. કંઠમાંથી ઝરે. એવી ઇન્દ્રાણીના સુખ પણ જેને ઝેર જેવા દેખાય... આહા..હા...! અને પરમ ભગવાનઆત્માના સુખનો અભિલાષી. આહા..હા...! સમજાણું કાંઈ ? આ સમ્યગ્દર્શનની વ્યાખ્યા ચાલે છે. આહા..હા...!

**'ભગવાન પરમાત્માના સુખના અભિલાષી જીવને શુદ્ધ અંતઃતત્ત્વના વિલાસનું...'** શુદ્ધ અંતઃતત્ત્વ જે, એના **'વિલાસ = ક્રીડા; મોજ; આનંદ.'**નું **'જન્મભૂમિસ્થાન...'** એને ઉત્પત્તિનું ભૂમિનું સ્થાન **'જે નિજ શુદ્ધ જીવાસ્તિકાય...'** નિજ શુદ્ધ જીવ અસ્તિકાય. ભાષા આખી નાખી, જોયું ? એકલું જીવ એમ ન લીધું. અહીં તો સર્વજ્ઞ પરમેશ્વરે અસંખ્યપ્રદેશી જીવ જોયો છે. એ આમાં નાખ્યો છે. તેથી જીવાસ્તિકાય શબ્દ વાપર્યો. આહા..હા...! સમજાણું કાંઈ ? 'શ્રીમદ્દે' પણ ત્યાં એ શબ્દ વાપર્યો છે. 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન...' એ તો ચૈતન્યઘનમાં અસંખ્યપ્રદેશ નાખ્યા છે. કારણ કે સર્વજ્ઞએ જ આ કહ્યું છે, જોયું છે. બીજે ઇ છે નહિ. આહા..હા...! સમજાણું કાંઈ ? આહા..હા...!

**'ભગવાન પરમાત્માના આનંદના અભિલાષી જીવને શુદ્ધ અંતઃતત્ત્વના વિલાસનું જન્મભૂમિસ્થાન જે નિજ શુદ્ધ જીવાસ્તિકાય...'** નિજ શુદ્ધ જીવ અસ્તિકાય. અસંખ્યપ્રદેશી અનંત ગુણનું ધામ એ

જીવાસ્તિકાય. ક્ષેત્રપણું બતાવ્યું. અસંખ્ય પ્રદેશ એનો દેશ છે. સર્વજ્ઞ સિવાય બીજે એવું ક્યાંય નથી. જીવના અસંખ્ય પ્રદેશ (કોઈએ કહ્યા નથી). વેદાંત કે બીજે ક્યાંય આવું નથી. વેદાંત તો સર્વવ્યાપક કહે છે. આહા..હા...! અસ્તિકાય અને અસ્તિકાય એવો શબ્દ નથી. આહા..હા...! સમજાણું કાંઈ ?

ભગવાન પરમાત્માના સુખનો કામી, એવા જીવને–આવા જીવને. જેને હજી ઇન્દ્રના સુખ જોવે છે, ભોગના સુખ જોવે છે, પુણ્ય કરવું છે, પુણ્યથી ચક્રવર્તી પદ મળે એવા જીવને આ વસ્તુ ન હોઈ શકે. આહા..હા...! સમજાણું કાંઈ ? 'દેવજીભાઈ'! આહા..હા...! **'નિજ શુદ્ધ જીવાસ્તિકાય...'** પાછી ભાષા. **'શુદ્ધ જીવાસ્તિકાય...'** એકલો જીવાસ્તિકાય નહિ, એકલો જીવ નહિ. જીવ અસ્તિ, અસંખ્યપ્રદેશી અને શુદ્ધ. આહા..હા...! **'તેનાથી ઊપજતું...'** એવા શુદ્ધ જીવાસ્તિકાયથી ઊપજતું **'જે પરમ શ્રદ્ધાન...'** આહા..હા...! ત્રિકાળી શુદ્ધ જીવાસ્તિકાય, તેનાથી ઉત્પન્ન થતું સમ્યગ્દર્શન. આહા..હા...! સમ્યગ્દર્શન કાર્ય છે અને કારણ શુદ્ધ જીવાસ્તિકાય તત્ત્વ છે. આહા..હા...! લ્યો. આ ગાથા આવી. ક્યાં ગયા ? એય..! 'શશીભાઈ' ! આહા..હા...!

**'જે પરમ શ્રદ્ધાન...'** એ પરમસુખનો, આત્માના સુખનો અભિલાષી, ભગવાન પરમાત્મ તત્ત્વના આનંદનો અભિલાષી. દુનિયા દુનિયા જાણે એને ઘરે રહી. દુનિયા જાણે તો હું જ્ઞાની છું એમ કાંઈ છે ત્યાં ?

**શ્રોતા :–** દુનિયાને .... એમાં ખબર શું ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** દુનિયાને ખબર પડે ન પડે એમાં અહીં શું છે ? આહા..હા...!

**શ્રોતા :–** ... એમાંથી ન્યાલ થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ન્યાલ થાય. ત્રણલોકના નાથ સર્વજ્ઞ સાક્ષાત્ પરમાત્મા, મણિરત્નના દીવે એની પૂજાઓ અનંતવાર કરી. પ્રભુ ! એ તો શુભભાવ છે. આહા..હા...! ભગવાન પોતે કહે છે કે મારા તરફના લક્ષે તને રાગ થશે, ભગવાન ! તારી સન્મુખ જો તને તારો આત્મા ત્યાં જણાશે. આહા..હા...! એવી પરમ શ્રદ્ધા તેને સમ્યગ્દર્શન કહે છે. જુઓ! આ સમ્યગ્દર્શનની વ્યાખ્યા. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

❋

*** જીવે પોતાના સહજ સુખસ્વરૂપ માટે એક ક્ષણ પણ ધીરો થઈને વિચાર કર્યો નથી. જો વિચાર કરે તો વસ્તુ બહુ જ સોંઘી ને સહેલી છે; પણ તીવ્ર જિજ્ઞાસા, ધગશ અને તાલાવેલી જોઈએ. આ સંસારનો રસ છૂટી જાય તો આત્મસ્વરૂપ જરૂર પ્રગટે. ૨૭૮.**

**— દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર – પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

## શ્રી નિયમસાર, ગાથા-૩,
## પ્રવચન નં. ૧૪૪, તા. ૫-૧-૧૯૭૬
## [૩]

આ 'નિયમસાર' 'જીવ અધિકાર'ની ૩ ગાથા.

ફરીને. જ્ઞાન. જ્ઞાન, દર્શન અને ચારિત્ર નિશ્ચય છે એ મોક્ષનો માર્ગ છે. એ આ 'નિયમસાર' છે. હવે, એને સમ્યગ્જ્ઞાન જે કીધું, એનું સમ્યગ્જ્ઞાનનું શું સ્વરૂપ ? તો એમ કીધું કે **'નિજ પરમતત્ત્વનું પરિજ્ઞાન તે જ્ઞાન છે.'** એનો અર્થ એ કે પરિપૂર્ણ વસ્તુ જે છે, એવો જે આત્મા, એ આત્માનું જ્ઞાન તે જ્ઞાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? એક સમયમાં પરિપૂર્ણ વસ્તુ છે, એક પર્યાય વિનાની, એ પર્યાયમાં એનું જ્ઞાન થવું, આખો આત્મા પૂર્ણ જે છે એનું જ્ઞાનની પર્યાયમાં જ્ઞાન થવું, એનું નામ સમ્યગ્જ્ઞાન છે. એ તો આવી ગયું છે. હવે સમ્યગ્દર્શન. એ પણ પરિપૂર્ણ વસ્તુ જે અખંડ છે, એની શ્રદ્ધા (થવી) તેનું નામ સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ ? કેમ કે એના વિશ્વાસમાં, પ્રતીતિમાં પરિપૂર્ણ છે એમ જ્યાં સુધી ન આવે ત્યાં સુધી એને સમ્યગ્દર્શન સત્ય ન થાય.

એથી કહ્યું કે **'ભગવાન પરમાત્માના સુખના અભિલાષી...'** એટલે જેને અતીન્દ્રિય આનંદની ભાવના છે, અતીન્દ્રિય આનંદની જેને અભિલાષ છે એ **'સુખના અભિલાષી જીવને શુદ્ધ અંતઃતત્ત્વ...'** પરિપૂર્ણ વસ્તુ. એના **'વિલાસનું જન્મભૂમિસ્થાન...'** એના આનંદનું જન્મભૂમિસ્થાન **'નિજ શુદ્ધ જીવાસ્તિકાય...'** એ પરિપૂર્ણ વસ્તુ લીધી. જ્ઞાનમાં પણ આત્મજ્ઞાન એટલે પરિપૂર્ણ આત્માનું જ્ઞાન, એનું જ્ઞાન અને એમાં એકાગ્ર થતાં શક્તિમાંથી પર્યાયમાં વ્યક્તતા પ્રગટ થાય. એટલે મુદ્દાની રકમ આ છે. સમજાણું કાંઈ ?

**'શુદ્ધ જીવાસ્તિકાય તેનાથી ઊપજતું...'** વસ્તુ જે જીવ છે, કાય અસંખ્યપ્રદેશી અને અનંત ગુણની પરિપૂર્ણ વસ્તુ... આહા..હા...! એ આત્મજ્ઞાન કહો તો પરિપૂર્ણનું જ્ઞાન, સમ્યગ્દર્શન કહો તો પરિપૂર્ણની શ્રદ્ધા... આહા..હા...! **'જે પરમ શ્રદ્ધાન તે જ દર્શન છે.'** આહા..હા...! આ અહિંસા અહિંસા લોકો કરે છે ને ? ભગવાનની અહિંસા. 'ગાંધીજી'ને અહિંસામાં મેળવે. આજે પુસ્તક આવ્યું છે. એમાં મેળવ્યું છે. એક 'માણેકચંદ કટારિયા' છે ને કો'ક ! મહાવીરની અહિંસા એ છે કે જે આત્મા પરિપૂર્ણ અખંડ અભેદ ચીજ છે, તેની અંતર પ્રતીત અને વિશ્વાસ આવવો, ત્યારે એને એ સમ્યગ્દર્શનરૂપી અહિંસા પ્રગટ થાય છે. મિથ્યાત્વભાવ છે તે હિંસા છે. પરને મારવો, ન મારવો એનો અહીં પ્રશ્ન

છે જ નહિ. પરને મારી શકે કે જીવાડી શકે એવો કાંઈ આત્મા છે જ નહિ. એ પોતામાં અને પોતામાં પરિપૂર્ણને માને નહિ અને એક સમયની પર્યાયને આત્મા માને તો તે મિથ્યાત્વરૂપી જીવની હિંસા છે. કેમ કે પરિપૂર્ણ ભગવાન મહાત્મ સ્વરૂપ આખો, એની એને કબૂલાત, પ્રતીતિ એની સન્મુખ થઈને ન થઈ અને પર્યાયની સન્મુખ થઈને પર્યાય તે હું (એમ માન્યું) એને હિંસા કહે છે. સમજાણું કાંઈ ? ભાઈ ! મહાવીરની અહિંસા અને ‘ગાંધીજી’ની લૌકિક... વિનોબા અને ઘણા નામ નાખ્યા છે. કબીર અને ફલાણા ને ઢીકણા. એ લૌકિક લાઈન જુદી.

આ તો અલૌકિક વસ્તુ જ એવી છે કે અખંડ પૂર્ણ આનંદ, પૂર્ણ જ્ઞાન, પૂર્ણ શાંતિ... જેને શાંતિ અને સુખ જોતું હોય એને જ્યાં શાંતિ અને સુખથી ભરેલો પદાર્થ છે તેને એને જાણવું અને શ્રદ્ધવું જોઈશે. સમજાય છે કાંઈ ? કહો, ‘શાંતિભાઈ’! જેને આત્મામાં સુધારો કરવો હોય, પવિત્રતા પ્રગટ કરવી હોય, તો જ્યાં પવિત્રતા પરિપૂર્ણ છે તેનું જ્ઞાન અને પ્રતીત પહેલી શ્રદ્ધામાં લેવી પડશે. સમજાણું કાંઈ ? આવી વાત છે.

અખંડ અભેદ ચીજ પૂર્ણ છે એનું જ્ઞાન અને વિશ્વાસ એ સત્ય છે. એથી એ સત્ય જ્ઞાન છે અને એ શ્રદ્ધા સત્ય એટલે સમ્યગ્દર્શન છે. ‘ડાહ્યાભાઈ’! આહા..હા...! એને ને એને પર્યાય જેટલો માનવો, રાગ જેટલો માનવો એ જ મિથ્યાત્વ છે, એ જ હિંસા છે અને એ જ સત્યની વિરુદ્ધનું અસત્ય છે. સમજાણું કાંઈ ? સત્ય એક સમયમાં પરિપૂર્ણ ભંડાર– ખજાનો છે કે જેમાંથી કેવળજ્ઞાનની પર્યાય નીકળે તો પણ એની પરિપૂર્ણતામાં ખામી–ખંડ ન થાય. આહા..હા...! આ તે કાંઈ વસ્તુ છે ! ભાઈ ! વસ્તુનો સ્વભાવ એવો છે. એને અંતરમાં બેસવો જોઈએ. સમજાણું કાંઈ ? આમ ૬ ગાથામાં ભાષા એમ કરી–જ્ઞાયક, જેમાં પ્રમત્ત-અપ્રમત્ત પર્યાય નથી. ૧૧મી ગાથામાં એમ કહ્યું, ભૂતાર્થ, સત્યાર્થ વસ્તુ, સત્યાર્થ ત્રિકાળ તે સમ્યગ્દર્શનનો આશ્રય, તેનાથી સમ્યગ્દર્શન થાય. એનો અર્થ પૂર્ણ સત્ય છે તેની પ્રતીતિ... સમજાણું કાંઈ ? અને પૂર્ણસ્વરૂપ છે અરે..! એનો વિશ્વાસ અને એ જ્ઞાન શું ચીજ છે ? ભાઈ ! સમજાણું કાંઈ ?

પૂર્ણ સ્વરૂપ ભગવાનઆત્મા, એનું જ્ઞાન. એ તો પરિપૂર્ણ જેની કેવળજ્ઞાનની પર્યાયો પણ જેમાં અનંતી શક્તિમાં પડી છે. એવા દર્શનની શક્તિ, એવા ચારિત્રની શક્તિ, એવી સ્વચ્છતાની, વીર્યતાની, કર્તાની, કર્મની... ઓહો..હો...! જેના ગુણો તો આકાશના પ્રદેશથી અનંતગુણા. એ એક એક ગુણની પરિપૂર્ણતા. આહા..હા...! સ્વભાવ છે ને ? ભાવ છે ને ? ભાવમાં અપરિમિતતા જ હોય, એને મર્યાદા હોઈ શકે નહિ. એવો જે આત્મા એક એક શક્તિથી અપરિમિત સ્વભાવથી ભરેલો, એને અહીં પૂર્ણ જ્ઞાનઘન કહીને, જ્ઞાનની પ્રધાનતા કરીને પૂર્ણ ગુણઘન છે. આહા..હા...! સમજાણું કાંઈ ? એનું ટકવું અને જીવન જ એ એનું પૂર્ણ સ્વરૂપ છે. એ પૂર્ણ જીવન જ એનું છે, એને સ્વીકાર્યે સત્યદર્શન અને સત્યજ્ઞાન થાય. આવી વાતું ઝીણી બહુ, ભાઈ ! આહા..હા..!

જે વાત સર્વજ્ઞ સિવાય (ક્યાંય નથી). તેથી કાલે ‘સમયસાર’માં આવ્યું હતું ને ! સર્વજ્ઞની

વાણીમાં જેવું કહ્યું છે તેવું. આહા..હા...! એટલે કે એણે બધું પૂર્ણ જાણ્યું છે. એક એક આત્મા પૂરો, એક એક રજકણ પણ અનંત ગુણથી પૂરો. એવા અનંતા દ્રવ્યો તે એક એક શક્તિના સાગરથી પૂરા છે બધા. જડ જડપણે પૂરો, ચૈતન્ય ચૈતન્યના આનંદ આદિથી પૂરો. સમજાય છે કાંઈ ? એવા પૂરા દ્રવ્યનું પૂરું જ્ઞાન સર્વજ્ઞને હોય છે. એથી સર્વજ્ઞે કહેલો ભગવાનઆત્મા એ સર્વજ્ઞે કહેલો એ આત્મા એ પરિપૂર્ણ વસ્તુ છે. ઓલામાં આવ્યું નહિ ?

'પ્રભુ તુમ જાણગ રીતિ સૌ જગ દેખતા હો લાલ,
નિજ સત્તાએ શુદ્ધ સૌને પેખતા હો લાલ.
પ્રભુ તુમ જાણગ રીતિ સૌ જગ દેખતા...'

સર્વજ્ઞ પરમાત્માને ભક્ત કહે, પ્રભુ ! આપ સર્વજ્ઞ છો. પ્રભુ ! આપ સૌ જગત દેખો છો. તુમ જાણગ રીતિ જે છે. સૌ જગત દેખતા. એમાં આત્માને, સૌને દેખતા આત્માને એવો દેખ્યો. બધા આત્મા, હોં ! અભવિ હોય કે ભવિનો હોય. આહા..હા...! અનંત સંસારની પર્યાયમાં હો પણ વસ્તુ જે છે... આ..હા...! એ તો નિજ સત્તાએ શુદ્ધ છે. પોતાના હોવાપણે પરિપૂર્ણ શુદ્ધ, એનું જ્ઞાન (થાય) તેને જ્ઞાન કહેવામાં આવે છે. આહા..હા...! એથી પરિજ્ઞાન શબ્દ વાપર્યો છે ને ! પૂરું તત્ત્વનું, આખા તત્ત્વનું, એકરૂપ તત્ત્વનું જ્ઞાન, આત્મા તે જ્ઞાન કહેવાય છે. તેથી આવે છે ને ! જ્ઞાનની સમીપમાં આત્મા, દર્શનની સમીપમાં આત્મા. આહા..હા...! જ્ઞાનની સમીપમાં આત્મા, જ્ઞાનની સમીપમાં પર્યાય અને રાગ નહિ. આહા..હા...!

જેની વર્તમાન જ્ઞાનની પર્યાયમાં પરિપૂર્ણ તત્ત્વનું જ્ઞાન છે તે પર્યાયની સમીપમાં આત્મા છે. રાગ અને એક સમયની પર્યાયને માની હતી ત્યાં આત્મા સમીપમાં નહોતો, દૂર હતો. સમજાણું કાંઈ ? ટીકા તે ટીકા છે ! આ ત્રીજી ગાથા સાંભળવી હતી. ક્યાં ગયો ? 'શશીભાઈ'! ત્રીજી ગાથા આવી છે. આહા..હા...! જ્ઞાન-દર્શન અને ચારિત્રની આ ત્રીજી ગાથા છે. ત્રીજી ગાથાની ... છે ને. આહા..હા...! સમજાણું કાંઈ ?

શરત એટલી કે જેને આનંદ અભિલાષા છે, વિકલ્પ આદિ જે દુઃખ છે એનાથી મુક્ત થવાની જેને ભાવના છે. સમજાણું કાંઈ ? ચાહે તો દયા-દાનનો વિકલ્પ હો તો પણ એ હિંસા છે. આહા..હા...! સમજાણું કાંઈ ? એટલે એનાથી રહિત જે પરિપૂર્ણ વસ્તુ, પર્યાયને આમ સમીપમાં રાગને લે એ મિથ્યાત્વ છે, હિંસા છે. મહાભગવાન સ્વરૂપનો અનાદર થઈ જાય છે. આહા..હા...! અને મહાભગવાન પરમાત્મસ્વરૂપ એને જ્ઞાનમાં સમીપમાં લેતા એનો સત્કાર અને આદર થાય છે. એ આવડો છે એવું એના જ્ઞાનમાં ભાસે છે. તે જ્ઞાનને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. આહા..હા...! આવી વાત સર્વજ્ઞ સિવાય, બાપુ ! ક્યાં હોય ? આહા..હા...! સમજાણું કાંઈ ? વાડામાં પડ્યા છે એને સર્વજ્ઞ શું એની ખબર ન મળે. આહા..હા...! અને એ સર્વજ્ઞે આત્માને પૂર્ણ જોયો એવી જે જ્ઞાનની પર્યાય પૂર્ણને જાણે તે જ્ઞાનને જ્ઞાન કહેવામાં આવે છે. આહા..હા...! પરને જાણવું એ જ્ઞાન નહિ, પર્યાયને

જાણે એ પણ જ્ઞાન નહિ. આહા..હા...! સમજાણું કાંઈ ?

જે ભગવાન પરિપૂર્ણ ચૈતન્યતત્ત્વ છે. એનું જેને પર્યાયમાં પૂરું જ્ઞાન થાય, પર્યાય એક સમયની અને એમાં જ્ઞાન પરિપૂર્ણ ભગવાનઆત્માનું (થાય). આહા..હા...! એ પર્યાયની તાકાત કેટલી ! અક્ષય અમેય કીધું છે ને. પ્રભુ ! આ તો વીતરાગ દરબારની વાતું છે. આહા..હા...! વીતરાગના... આહા..હા...! શું કહેવાય ? દીવાનખંડ. વીતરાગનો દરાબર છે આ. એમ આત્મા એકએક શક્તિથી વીતરાગ દરબારનો એમાં સંગ્રહ છે. બધી શક્તિઓ વીતરાગસ્વરૂપે છે. સમજાય છે કાંઈ ? એવી અનંતી શક્તિઓનો ભગવાનઆત્મા દરબાર છે. હવે આ દુનિયાની લક્ષ્મ-ફક્ષ્મી તો ક્યાંય રહી ગઈ, ધૂડ છે. આહા..હા...! અહીં તો પર્યાયના અંશને સ્વીકારે તો પર્યાયમૂઢ છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

પરિજ્ઞાન શબ્દ વાપર્યો છે ને ! પહેલે ધડાકે. આહા..હા...! એટલે કે આત્મજ્ઞાન. શ્રદ્ધા એટલે આત્મશ્રદ્ધા. એમ આવે છે ને ! ટૂંકી ભાષામાં 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય'માં ... ઓહો..હો...! સમજાણું કાંઈ ? આતમ પદાર્થ એક સમયમાં પરિપૂર્ણ શક્તિનો સંગ્રહનો ભંડાર, પ્રભુ ! પરિપૂર્ણ તત્ત્વ. આહા..હા...! જેમાં કેવળજ્ઞાનની પર્યાય પણ અનંતમે ભાગે, એક ગુણને અનંતમે ભાગે જાય. સમજાણું કાંઈ ? જેની સમ્યગ્દર્શનની પર્યાય એક શ્રદ્ધાગુણને અનંતમે ભાગે એ આવે. આહા..હા...! જેની શાંતિ... શાંતિ.. શાંતિ... શાંતિ... અકષાય સ્વભાવ, ઉપશમરસથી ભરેલો શાંતરસથી (ભરેલો), એનું ચારિત્ર આવે એ પણ એક ગુણને અનંતમે ભાગે આવે. અનંતા ગુણ છે એની પર્યાય પરિપૂર્ણ થાય તો એ અનંતમા ભાગે આવે.. આહા..હા...! એવો જે ભગવાન પરિપૂર્ણ, ભાઈ ! આ તો જ્ઞાનમાં બેસવાની વાત છે. સમજાણું કાંઈ ? આહા..હા...!

એ બીજાનું કરી શકતો નથી, પરથી લેતો નથી. પરમાં ક્યાં પોતાની પૂર્ણતા છે ! એ તો પર્યાયને પણ ગણતો નથી અને પર્યાયમાં લેવું નથી અને પર્યાયને છોડવી નથી. આહા..હા...! ફક્ત પર્યાયને સન્મુખ કરવી એટલી વાત છે ત્યાં. સમજાણું કાંઈ ? કહો, 'હરિભાઈ'! ઠીક બધા ટાણે આવ્યા છે. આ હરખજમણ છે. આહા..હા...!

આત્મા વીતરાગસ્વરૂપ જ છે. 'જિન સો હી આત્મા' આવે છે ને ? 'સમયસાર નાટક'માં આવે છે, 'શ્રીમદ્'માં આવે છે. 'જિન સો હી આત્મા.' જિન અને જિનવરમાં વસ્તુમાં ફેર નથી. આહા..હા...! એવો જે ભગવાન. એક જ્ઞાન જે શક્તિ છે એ અંદર વીતરાગી જ્ઞાન છે. દર્શન શ્રદ્ધા છે એ અંદર શક્તિ, હોં ! વીતરાગીદર્શન છે. સ્થિરતા–ચારિત્ર–અંદર રમણતા એ શક્તિ, હોં ! એ વીતરાગ ચારિત્ર છે. આહા..હા...! એમાં એની સ્વચ્છતા, પ્રભુતા એ બધી વીતરાગ સ્વચ્છતા અને વીતરાગ પ્રભુતા–ઈશ્વરતા છે. આહા..હા...!

વીતરાગનો માર્ગ વીતરાગની શક્તિની પરિપૂર્ણતાની પ્રતીતથી ઊભો થાય છે. 'કાંતિભાઈ'! આવો માર્ગ છે. આહા..હા...! એ દિગંબર સંતોએ સ્પષ્ટ કરી નાખ્યો છે. સમજાણું કાંઈ ? સહેલો કરીને બતાવ્યો છે. આહા..હા...! આમ હથેળીમાં જેમ આમળો દેખે, એમ એનો જ્ઞાનનો પર્યાય આખો

આવડો છે એમ જાણે. સમજાય છે કાંઈ ? બીજું જાણપણું હો, ઓછુંવત્તુ હોય એની સાથે કાંઈ (સંબંધ નથી). આહા..હા...! બીજાને સમજાવતા આવડે કે આટલી સભા કરે એની સાથે કાંઈ સંબંધ નથી. આહા..હા...! કારણ કે વિકલ્પ જ એની જાતમાં નથી પછી વિકલ્પને કરવો એ વસ્તુમાં ક્યાં છે ! આહા..હા...! વાણી એના સ્વરૂપમાં નથી તો વાણી એ બોલે અને કરે એ એના સ્વરૂપમાં ક્યાં છે. આહા..હા...! એના સ્વરૂપમાં તો નિર્વિકલ્પતાની શક્તિઓનો સંગ્રહ પડ્યો છે. નિધાન–નિધિ છે. આહા..હા...!

એક જંગલ ગયો હોય અને પાણીની ધાર પડે અને જ્યાં એક ચરુ દેખે અને એ ચરુમાં કરોડ-કરોડના હીરો એવા એવા લાખ હીરા દેખે તો આમ થઈ જાય ! આહા..હા...! આ તો અનંત અનંત હીરા અરૂપી ચૈતન્યઘનની અંદર પડ્યા છે. આહા..હા...! એમાં એકાગ્ર થતાં એને અનંત હીરાનો નાથ પોતે એને નજર પડે. એમાં એનો રાજીપો કેટલો હોય ! ઓલો રાજીપો એ તો રાગનો રાજીપો છે. સમજાણું કાંઈ ? જેના જ્ઞાનમાં અને શ્રદ્ધામાં આવો ભગવાન ભાસે, એને આનંદ કેટલો આવતો હશે ! સમજાણું કાંઈ ? આહા..હા...!

આ તો અહીંથી ત્રીજી ગાથા શરૂ થાય છે ને ? પછી એનો વિસ્તર કરે છે. અહીંથી એની શરૂઆત કરે છે. આહા..હા...! **'નિજ શુદ્ધ જીવાસ્તિકાય...'** નિજ શુદ્ધ જીવાસ્તિકાય. આ જીવ અસ્તિકાય. ઓહો..હો...! એનું પહોળાપણું અસંખ્યીપ્રદેશી પણ સાથે બતાવ્યું કે એવું સર્વજ્ઞ સિવાય ક્યાંય છે નહિ. અને એનું અસ્તિપણું પૂર્ણ અનંત ગુણવાળો જીવ છે, એવું પણ બતાવ્યું. એવો **'શુદ્ધ જીવાસ્તિકાય તેનાથી ઊપજતું જે પરમ શ્રદ્ધાન તે જ દર્શન છે.'** આ તો એકાંત થઈ ગયું. 'જ' હોય નહિ ને ! 'શ્રીમદ્' માં આવે છે ને કે મારા મહાવીરમાં 'જ' (ન હોય). એ તો નિત્ય જ આત્મા છે, અનિત્ય જ છે એમ 'જ' ન હોય. અહીં તો 'જ' છે. આહા..હા...! ઓલામાં એમ કહ્યું હતું ને ? **'નિજ પરમતત્ત્વનું પરિજ્ઞાન (–જાણવું) તે જ્ઞાન છે.'** અહીં 'જ' નાખ્યો. **'તે જ દર્શન છે.'** સમજાણું કાંઈ ?

**'निजपरमतत्त्वपरिज्ञानम् उपादेयं भवति। दर्शनमपि' 'परश्रद्धानमेव भवति।'** ત્યાં જરી જોર આપ્યું છે જરી. શ્રદ્ધા છે ને ? **'एव'** શબ્દ ત્યાં સંસ્કૃતમાં પડ્યો છે. આ તો મોટા મંત્રો છે. આહા..હા...! ગારુડી જેમ કલમને મંત્રીને સર્પ કરડ્યો હોય અને સર્પને પકડવા જાય છે ને ? એમ આ ગારુડી સર્વજ્ઞ પરમાત્મા એની વાણી કલમ છે. એ વાણી અંદર નાખીને આત્માને જગાડે છે, જાગ રે જાગ આત્મા, સૂવું અત્યારે નહિ પાલવે હવે. આહા..હા...! ઝેરને ઉતારી નાખ. એક સમયની પર્યાય અને રાગ છું એ ઝેર છે, કહે છે. સમજાણું કાંઈ ? અને પરિપૂર્ણને માનવું એ અમૃત છે. આહા..હા...! આચાર્યોએ કામ કર્યા છે ને ! આહા..હા...! જેના ઉપકારનો પાર નથી. બે બોલ થયા.

હવે, ત્રીજું પણ પરિપૂર્ણમાં સ્થિરતા એમ લેવું છે. આહા..હા...! એ પરિપૂર્ણતાની શ્રદ્ધા, પરિપૂર્ણતાનું જ્ઞાન, એમાં સ્થિરતા એમ નહિ. શું કીધું એ ? શ્રદ્ધા-જ્ઞાનમાં સ્થિરતા એમ નહિ. જુઓ !

**'નિશ્ચયજ્ઞાનદર્શનાત્મક કારણપરમાત્મામાં અવિચળ સ્થિતિ...'** એમ ન કીધું કે સમ્યગ્દર્શન-જ્ઞાન થયું, હવે એમાં પર્યાયમાં સ્થિરતા. કારણ કે ત્યાં ત્રણેમાં પરિપૂર્ણ આખા લેવા છે. સમજાણું કાંઈ ? આહા..હા...! નિશ્ચયજ્ઞાન–દર્શન સ્વરૂપ. ત્રિકાળ, હોં ! **'કારણપરમાત્મામાં...'** આહા..હા...! કારણપરમાત્મા. જુઓ ! 'ત્રિભુવનભાઈ' ! કારણપરમાત્માનો સ્વીકાર કરે ત્યારે એને કારણપરમાત્મા છે એમ થયું કહેવાય. એ તો તે દિ' પ્રશ્ન તો થાય ને. આહા..હા...!

સર્વજ્ઞ પરમેશ્વરે પર્યાયમાં પૂર્ણ પર્યાયમાં, પૂર્ણમાંથી પૂર્ણ પર્યાય દરેકની પ્રગટ કરી. એવો જે પૂર્ણસ્વરૂપ ભગવાન દર્શન-જ્ઞાનસ્વરૂપ. અનંત ગુણ ભેગા આવી ગયા. ઉપયોગ મુખ્ય છે ને ? નિશ્ચયજ્ઞાનદર્શનસ્વરૂપ. એવો **'કારણપરમાત્મા...'** કેવો કારણપરમાત્મા નિત્ય ધ્રુવ છે ?–કે નિશ્ચયજ્ઞાનદર્શનસ્વરૂપ. ઓલો તો આત્મા કારણપરમાત્મા. પણ એનું સ્વરૂપ–સ્વભાવ અંદર કેવો છે ? કે નિશ્ચયજ્ઞાનદર્શનસ્વરૂપ. આહા..હા...! એવા **'કારણપરમાત્મામાં...'** કારણપરમાત્મામાં. આહા..હા...! સમજાણું કાંઈ ? આહા..હા...!

નિશ્ચયજ્ઞાનદર્શનસ્વરૂપ ત્રિકાળ. પહેલી જ્ઞાન, દર્શનની વ્યાખ્યા કરી એ તો પર્યાયની વ્યાખ્યા થઈ. ત્રિકાળનું જ્ઞાન, ત્રિકાળની પ્રતીતિ. હવે એ જ્ઞાન, દર્શન પર્યાયમાં સ્થિરતા એમ ન લીધું. એ તો જાણ્યું કે આ ત્રિકાળ છે, શ્રદ્ધ્યું કે ત્રિકાળ છે. હવે ઠરવું છે એ ત્રિકાળમાં ઠરવું છે. આહા..હા...! કહો, 'શાંતિભાઈ'! આવું બધું ક્યાંય સાંભળ્યું નહોતું. 'શાંતિભાઈ' કહે, અભૂતપૂર્વ છે. આવો માર્ગ, બાપા ! શું થાય ?

તું પરમેશ્વર પ્રભુ. તારી પરમેશ્વરતાની વાતું કેવળી ન કહી શક્યા. આહા..હા...! જેની પર્યાય, સાધકની પર્યાય એને અક્ષય અને અમેય કહી. ગજબ કામ કર્યું છે ને ! એમ આ શક્તિ અને ગુણની અક્ષય અને અમેયતાનું શું કહેવું ? આહા..હા...! એ ગુણ કોઈ દિ' ક્ષય પામે નહિ (અને) એની મર્યાદાવાળો એ ગુણ થાય નહિ. અમર્યાદિત બધું. આહા..હા...! સમજાણું કાંઈ ? દુનિયા માને, ન માને એની સાથે શું ? આહા..હા...! સમજાણું કાંઈ ?

નિજજ્ઞાનદર્શનસ્વરૂપ એવો કારણપરમાત્મા, એમાં... **'કારણપરમાત્મામાં અવિચળ સ્થિતિ (–નિશ્ચળપણે લીન રહેવું) તે જ ચારિત્ર છે.'** આહા..હા...! નગ્નપણું એ ચારિત્ર નહિ, પંચ મહાવ્રતના વિકલ્પ એ ચારિત્ર નહિ. આહા..હા...! પાંચ સમિતિ, પાંચ ગુપ્તિ એ બધા વિકલ્પ છે એ ચારિત્ર નહિ. આહા..હા...! પરિપૂર્ણ ભગવાનઆત્મા જ્ઞાયકસ્વરૂપ અથવા એ કારણપરમાત્મા, એમાં અવિચળ સ્થિતિ. જે ચળે નહિ, સ્થિર સ્થિર બિંબ અંદરથી થઈ જાય. **'અવિચળ સ્થિતિ (–નિશ્ચળપણે લીન રહેવું) તે જ ચારિત્ર છે.'** કહો, સમજાણું ? **'अविचलस्थिरेव'** ત્યાં **'एव'** શબ્દ છે. જ્ઞાનમાં **'एव'** નથી. ત્યાં પરિ નાખ્યું છે. પરિ એટલે આખું બતાવ્યું. પરિપૂર્ણ, પરિપૂર્ણનું જ્ઞાન. આહા..હા...! પરિપૂર્ણ ભગવાનની શ્રદ્ધા, પરિપૂર્ણ ભગવાનમાં સ્થિરતા. આહા..હા...!

અરે..! આવું સાંભળવું મળે નહિ. અરે..રે...! ક્યાં જાવું એને ? ચોરાશીના અવતારમાં રખડે

છે એ દુઃખી છે. આવી અંદરમાં વસ્તુ છે એને સાંભળવા મળે નહિ, એના જ્ઞાન ઉપર આવી વાત છે, આવો સ્વભાવ એ આવે નહિ. અરે..! એને ક્યાં જાવું ? શું કરવું ? આહા..હા...! અને જેમાં ભવનો અભાવ ન થાય એ કોઈ ચીજ જ નથી. કેમ કે વસ્તુમાં ભવ અને ભવનો ભાવ નથી. ભવનો ભાવ તો નથી પણ વસ્તુમાં પર્યાય નથી. આહા..હા...! ભવના અભાવવાળી જે પર્યાય છે એ પણ વસ્તુમાં નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? ભગવાનઆત્મા અનંત ગુણનું પરિપૂર્ણ રૂપ, એમાં ભવ તો નથી, ભવનો ભાવ તો નથી પણ એની વર્તમાન ભવના ભાવને જાણનારી પર્યાય ક્ષયોપશમ અવસ્થા... આહા..હા...! એમાં નથી. એનો આશ્રય કરે તો ભવનો અભાવ થાય. સમજાણું કાંઈ ? આહા..હા...!

ત્રીજી ગાથામાં એ આવું ગયું હતું ને ? '**णियमेण य जं कज्जं**'. એમાં પહેલું પદ આવ્યું હતું ને ? નિયમથી કરવાલાયક હોય તો આ ત્રણ જ છે. નિશ્ચયથી કરવાલાયક કર્તવ્ય જો હોય તો જ્ઞાન, દર્શન અને ચારિત્ર છે. એ કરવાલાયક વસ્તુનું ધ્યેય કોનામાં ? કે પરિપૂર્ણ વસ્તુનું જ્ઞાન, પરિપૂર્ણ વસ્તુની શ્રદ્ધા, પરિપૂર્ણમાં સ્થિરતા...! આ કર્તવ્ય છે. આહા..હા...! ગજબ કામ કરે છે કે નહિ !?

'કુંદકુંદાચાર્ય' તો કેવળીના કેડાયતો. આહા..હા...! ભરતક્ષેત્રે તીર્થંકર જેવું કામ કર્યું છે ! ઓહો..હો...! લોકોને પક્ષમાં પડ્યા એને આકરું પડે. પક્ષમાં બંધાણા હોય છે ને ? આહા..હા...! એ તો કહે આ દિગંબરનો ધર્મ છે. અરે..! પ્રભુ ! એમ ભાઈ ! ... એ તો દિગંબરના શાસ્ત્રોમાં છે. અમારા શાસ્ત્રોમાં તો પંચ મહાવ્રત અને સંવર, નિર્જરા કીધી છે, એમ કહે છે. આહા..હા...! એય...! ત્યાં એક આર્જિકા છે...

**શ્રોતા :–** ....

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અમારા શાસ્ત્ર સાચા છે. અમારે એ માન્ય છે. એમાં મહાવ્રતને સંવર, નિર્જરા કીધા છે. તમારા શાસ્ત્ર.. અમારે દિગંબર શાસ્ત્ર માન્ય છે. એક આર્જિકા છે, બહુ... એ તો આમ બચાવ માટે બોલે છે. અરે..! ભગવાન ! શું બોલે છે ? ભાઈ ! આહા..હા...! સમજાણું કાંઈ ? આહા..હા...! મિથ્યાત્વના ભાવમાં એણે પાપ બાંધ્યા. આહા..હા...! એના ફળ તરીકે દુઃખની ગતિ મળી ! અને નરક અને નિગોદમાં દુઃખ તો એવા થયા (કે) જોનારને આંસુની ધારા આવે. વેદનારનું તો શું કહેવું ! એવા તે દુઃખો વિપરિત માન્યતાના ફળમાં સહ્યા છે, ભાઈ ! આહા..હા...! ઝેરના ઝાડ. છે. ૧૪૮ પ્રકૃતિ કીધી છે ને ? આહા..હા...! ઝેરના ઝાડ. ૧૪૮ પ્રકૃતિ. સ્વર્ગ મળે તો એ પણ ઝેરના ઝાડનું ફળ છે.

**શ્રોતા :–** તીર્થંકર પદ પણ ઝેરનું ઝાડ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઝેરનું ઝાડ. આહા..હા...! આકરું લાગે. મગજમાં રાખ્યું હતું એ. આહા..હા...! ભાઈ ! આ તો વીતરાગ માર્ગની વાત છે, ભાઈ ! આ..હા...! સર્વજ્ઞ ત્રિલોકનાથ જિનેશ્વરદેવ, જેના

સો ઇન્દ્રો તળિયા ચાટે. આહા..હા...! એની વાણીમાં જ્ઞાન-દર્શન અને ચારિત્રનું આવું સ્વરૂપ આવ્યું, એ સંતો કહે છે. સમજાણું કાંઈ ? આહા..હા...! અહીં તો હજી પંચ મહાવ્રતના પણ ઠેકાણા ન હોય ત્યાં (માને કે) અમે ચારિત્રવંત છીએ ને અમે આવા છીએ. ભાઈ ! એમાં તારે માટે તને નુકસાન છે. બીજો ભલે તને કહે કે તું સાધુ નથી એથી કરીને તું અસાધુ થઈ જાય એમ નથી. તારા ભાવમાં છે એ અસાધુ છે. સ્વરૂપને સાધે તે સાધુ. તો સ્વરૂપ કેવડું અને ક્યાં છે એની શ્રદ્ધા અને જ્ઞાનના ઠેકાણા નથી એ સાધે ક્યાંથી ? આહા..હા...! આ તો ચારિત્રની વ્યાખ્યા ચાલે છે ને ! કે સ્વરૂપ પરિપૂર્ણ એની શ્રદ્ધા ને જ્ઞાન થયા. હવે એને સાધવું છે. આહા..હા...! એમાં સ્થિરતા થાય ત્યારે એ સાધન છે. આહા..હા...! નિશ્ચયજ્ઞાનદર્શનસ્વરૂપ. આને પૂનરુક્તિ લાગે નહિ, હોં ! ભાવના છે ને ? આહા..હા...!

નિશ્ચયજ્ઞાનદર્શનસ્વરૂપ. ત્યાં જ્ઞાન અને દર્શન લીધું છે. મોક્ષમાર્ગમાં તો જ્ઞાન, દર્શન (લીધું છે), અહીં જ્ઞાન, દર્શન છે. **‘કારણપરમાત્મામાં...’** પરિપૂર્ણ ધ્રુવ સ્વરૂપ ભગવાનમાં **‘અવિચળ સ્થિતિ (–નિશ્ચળપણે લીન રહેવું) તે જ ચારિત્ર છે.’** આહા..હા...! એ અહિંસા છે. સ્વરૂપમાં સ્થિરતા તે અહિંસા છે. અસ્થિરતા રાગ થવો તે હિંસા છે. પંચ મહાવ્રતનો વિકલ્પ ઊઠવો એ પણ હિંસા છે. રાગ છે ને એ ! વિકલ્પ છે ને આસ્રવ છે. દિગંબરના અઠ્યાવીસ મૂળગુણ છે. સ્થાનકવાસી સત્યાવીશ કહે છે. શ્વેતાંબરમાં સત્યાવીશ (કહે છે). એ જુદા અને આની જાત જુદી. પણ એ અઠ્યાવીસ મૂળગુણ પણ આસ્રવ છે. ત્યારે માણસ એમ કહે, લ્યો, આ અઠ્યાવીશ મૂળગુણ એ સાધન છે, સાધન છે. એને આ ‘સોનગઢ’વાળા એકાંત કહે છે. પણ આ ભગવાન શું કહે છે ? જ્ઞાન–દર્શનસ્વરૂપ, પૂર્ણ સ્વરૂપ, એમાં સ્થિરતા તેને જ ચારિત્ર કહે છે. આહા..હા...! સમજાણું કાંઈ ? એકાંત છે રે... ભાઈ ! એકાંતની ગાળ દેનાર બહુ સહેલા છે. આહા..હા...! ભાઈ ! તને નુકસાન છે, બાપુ ! આહા..હા...! લ્યો, આ ત્રણની વ્યાખ્યા થઈ. ત્રીજી ગાથામાં ત્રણની વ્યાખ્યા થઈ. એય..! ‘શશીભાઈ’ ! ત્રીજી ગાથા. એ કહે ત્રીજી ગાથા છે. અમારે ... ક્યાંય છે. બધાય છે. ... સ્વરૂપ, છે ને સ્વરૂપ. અરે..! ભગવાન ! બાપુ ! આ ક્યાં ભાઈ ! આહા..હા...!

ત્રણલોકનો નાથ અંદર ડોલે છે. ભરેલાને ભરેલો ન ભાળ અને ઊણો ભાળ ત્યાં સુધી તને શ્રદ્ધા નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? ભરેલા અનંત ગુણનો નાથ પ્રભુ બિરાજે છે એને ભરેલો ન ભાળ અને અપૂર્ણ ને પર્યાય જેટલો ભાળ, બાપુ ! તેં તારી હિંસા કરી છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

એનું ભરેલું તત્ત્વ, પૂર્ણ તત્ત્વ એ એનું જીવન છે. જીવન એટલે ટકતું તત્ત્વ તે એનું જીવન છે. એને જીવ–જીવો કહેવામાં આવે છે. આ લોકો પોકારે છે ને ! ભગવાનની ... જીવો અને જીવવા દો. અરે..! ભગવાને એમ કહ્યું નથી, સાંભળને ! અલિંગગ્રહણમાં તો એવું આવે છે મન અને ઇન્દ્રિયથી જીવન તે જીવનું જીવન નથી. અલિંગગ્રહણના ૨૦ બોલ છે ને ! એમાં એક બોલ છે. સમજાણું

કાંઈ ? તેરમો બોલ છે. મન અને ઇન્દ્રિયથી જીવવું એ જીવન જીવનું નહિ. આહા..હા...! જીવો અને જીવવા દો, બધા રાડો પાડે. બધા જુવાનિયાઓ રાડો પાડે. 'તત્ત્વાર્થ સૂત્ર'માં નથી લખ્યું ? પરોપકાર એકબીજા.. અત્યારે.. એને પરસ્પર ઉપગ્રહો જીવાનામ. આવે છે ને ? હમણા ૨૫૦૦ વર્ષમાં ખુબ લોકો (નાખે છે). માથે હેઠે નાખે. પરમસ્પર જીવાનામ ઉપગ્રહો. એકબીજાને ઉપકાર કરો. કોણ કરે ? ભાઈ ! એ તો નિમિત્તના કથન છે. આહા..હા...! અહીં તો ઉપકાર તું તારા ઉપર કર. આવો છે એને હીણો માન્યો એને પૂરો માન એ તારા આત્માનો તેં ઉપકાર કર્યો. આહા..હા...!

પર્યાયની દૃષ્ટિ થતાં પણ ભગવાન ખંડ ખંડ થાય છે. એને ઠેકાણે પરને ન મારું એવો વિકલ્પ તે હિંસા છે. આ માર્ગ વીતરાગનો છે. એને પરની સાથે શું સંબંધ ? આહા..હા...! **'नास्ति सर्वोऽपि सम्बन्धः'** 'સમયસાર'નો ૨૦૦મો કળશ છે. પરને શું સંબંધ છે ? દ્રવ્ય સ્વતંત્ર પર્યાયે પરિણમી રહ્યું છે. એ પરદ્રવ્ય એની પર્યાયે પરિણમી રહ્યું છે, એમાં તારે અને એને શું સંબંધ છે ? આહા..હા...! **'આ જ્ઞાનદર્શનચારિત્રસ્વરૂપ...'** આ. જે કીધું એ. આત્મજ્ઞાન, આત્મશ્રદ્ધા, આત્મચારિત્ર. બીજી ભાષાએ (કહીએ તો) એ પરિપૂર્ણનું જ્ઞાન, પરિપૂર્ણની શ્રદ્ધા અને પરિપૂર્ણમાં સ્થિરતા. સમજાણું કાંઈ ? આહા..હા...! **'આ જ્ઞાનદર્શનચારિત્રસ્વરૂપ નિયમ...'** એટલે નિયમ. **'નિર્વાણનું કારણ છે.'** આ નિયમ એ નિર્વાણનું કારણ છે. સમજાણું કાંઈ ?

**'આ જ્ઞાનદર્શનચારિત્રસ્વરૂપ...'** લ્યો, એ પર્યાયનું સ્વરૂપ કહ્યું. **'નિયમ...'** એટલે કે ત્રણ સ્વરૂપ તે નિયમ. **'નિર્વાણનું કારણ છે.'** બગડો. એ 'શીતલપ્રસાદે' નાખ્યું છે, નહિ ? 'શીતલપ્રસાદે' નીચે આ ગાથામાં નાખ્યું. **'કારણના જેવું જ કાર્ય થાય છે;...'** આ સિદ્ધાંતિક. **'તેથી સ્વરૂપમાં સ્થિરતા કરવાનો અભ્યાસ જ...'** સ્વરૂપમાં સ્થિરતા. સ્વરૂપમાં, હોં ! જ્ઞાન-દર્શન પર્યાય પ્રગટી એમાં નહિ. સ્વરૂપમાં. **'સ્વરૂપમાં સ્થિરતા કરવાનો અભ્યાસ જ ખરેખર અનંત કાળ સુધી સ્વરૂપમાં સ્થિર રહી જવાનો ઉપાય છે.'** જ્ઞાન, નિશ્ચયજ્ઞાનદર્શનસ્વરૂપ જે ભગવાન કારણ પરમાત્મા, એમાં સ્થિરતા... સ્થિરતા... સ્થિરતાનો અભ્યાસ એ પૂર્ણ સ્થિરતા થવાનું કારણ છે. સમજાણું કાંઈ ?

**'સ્થિરતા કરવાનો અભ્યાસ જ ખરેખર અનંત કાળ સુધી...'** ભવિષ્યમાં પૂર્ણ સ્થિરતા અનંતકાળ રહેશે. એવા **'સ્વરૂપમાં સ્થિર રહી જવાનો ઉપાય છે.'** આહા..હા...! એ શું કહ્યું ? કે આ સ્વરૂપ જે ભગવાન કારણપરમાત્મા છે એનું જ્ઞાન, પ્રતીતિ અને એ સ્વરૂપમાં સ્થિરતાનો અભ્યાસ એ અનંતકાળ સ્થિર થાય તેનો આ ઉપાય છે. આહા..હા...! ભવિષ્યમાં અનંતકાળ એને સ્થિરતા રહેશે. સમજાણું કાંઈ ? લ્યો, સિદ્ધમાં ચારિત્ર છે એમ થયું આ તો. સ્થિરતા છે ને ત્યાં.

તે **'નિયમ નિર્વાણનું કારણ છે.'** શું કહ્યું એ ? આ નિયમ જે છે, સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, સમ્યગ્ચારિત્ર, એ જે નિયમ છે એ ચારિત્ર સ્વરૂપની સ્થિરતાનો અભ્યાસ છે. એ સ્થિરતાનો અભ્યાસ છે એ ભવિષ્યમાં અનંતકાળ સ્થિરતા રહેશે એનો આ ઉપાય છે. સમજાણું કાંઈ ? કહો, 'ભગવાનજીભાઈ' ! ભગવાન થવાનો ઉપાય આ છે. આહા..હા...! શેઠ ! ભગવાનઆત્મા છે ને !

નાખી દીધો ભગવાનને, રાગની રુચિમાં, પર્યાયની રુચિમાં, પરની સુખબુદ્ધિમાં ભગવાનને ઢાંકી દીધો. ઓલું આવે છે ને ? નવતત્ત્વમાં આચ્છાદન થયું એ આવે છે. એ તો પર્યાયબુદ્ધિમાં આખું દ્રવ્ય ઢંકાઈ ગયું. કાલે આવશે. ...

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, એ. પર્યાયના ભેદમાં એકરૂપ વસ્તુ ઢંકાઈ ગઈ. સમજાણું ?

**શ્રોતા :–** ઢંકાઈ ગઈ એટલે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઢંકાઈ ગઈ એટલે નજરે ન પડી. એ તો 'સમયસાર'ની ૧૧મી ગાથામાં ન કહ્યું ? કે જ્ઞાયકભાવ તીરોભાવ થઈ ગયો. રાગની પર્યાયબુદ્ધિમાં, મેલબુદ્ધિમાં કે ભેદબુદ્ધિમાં જ્ઞાયકભાવ તિરોભૂત થઈ ગયો. અને જ્યાં એકાગ્ર થયો એટલે જ્ઞાયકભાવ આવિર્ભાવ–પ્રગટ થયો. જ્ઞાયકભાવ તો છે એ છે. પર્યાયમાં જણાણો ત્યારે પ્રગટ થયો એમ કહ્યું. પર્યાયમાં ઢંકાણો ત્યારે ઢંકાઈ ગયો છે એમ કહ્યું. સમજાણું કાંઈ ? આહા..હા...! અરે..! આવા અવસર છે, ભાઈ ! વીતરાગની વાણી અને એનો ભાવ અંદર પક્કડમાં આવે એ અલૌકિક વસ્તુ છે. એ કાળની બલિહારી છે. બાકી તો બધું ઠીક હવે બહાર ચાલે.

**'આ જ્ઞાનદર્શનચારિત્રસ્વરૂપ...'** જુઓ ! એ પર્યાયને પણ સ્વરૂપ તો કહ્યું. નિર્મળ સ્વરૂપ છે ને એ ? ત્રિકાળ સ્વરૂપની શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતા એ ત્રણ સ્વરૂપ. **'નિયમ નિર્વાણનું કારણ છે.'** આ નિયમ તે નિર્વાણ.. નિયમસાર લેવું છે ને ? નિયમસાર. તો આ નિયમ છે. **'આ જ્ઞાનદર્શનચારિત્રસ્વરૂપ નિયમ નિર્વાણનું કારણ છે.'** હવે ઓલો સાર શબ્દ કેમ વાપર્યો એનો ખુલાસો છે. આ નિયમની વ્યાખ્યા કરી. સમજાણું કાંઈ ?

**'તે 'નિયમ' શબ્દને વિપરીતના પરિહાર અર્થે 'સાર' શબ્દ જોડવામાં આવ્યો છે.'** એમાં પણ વાંધા. વિપરીત એટલે વ્યવહારરત્નત્રય વિપરીત નહિ એવો અર્થ કર્યો છે. એમ નથી, બાપુ ! આહા..હા...! ભગવાન ! તને બચાવવાનો ઉપાય તો એ ત્રણ નિયમ જ છે. સમજાય છે કાંઈ ? આ રાગ છે એ તો વિપરીતતા છે. વ્યવરત્નત્રય નીચે ખુલાસો છે ને ? **'વિપરિત = વિરુદ્ધ. [વ્યવહારરત્નત્રયરૂપ વિકલ્પોને—..'** છે ? દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ એ રાગ છે, પંચ મહાવ્રતનો વિકલ્પ એ રાગ છે. શાસ્ત્ર તરફના ભણતરનો વિકલ્પ ઊઠવો વ્યભિચારી બુદ્ધિ એ રાગ છે. આહા..હા...! સમજાણું કાંઈ ? વિપરીત. વ્યવહારરત્નત્રય વિકલ્પ તે વિપરીત. આહા..હા...!

હવે, ક્યાંય વ્યવહારને સાધન કહ્યું છે અને નિશ્ચયને સાધ્ય કહ્યું છે એનો અર્થ શું ? 'પંચાસ્તિકાય'માં એમ કહ્યું છે. એ તો જોડે હોય છે તેનું જ્ઞાન કરાવ્યું છે. અહીં તો કહે છે કે એ વ્યવહારના સાધનથી રહિત. કારણ કે એ વિપરીત છે. આહા..હા...! વ્યવહારરત્નત્રય તે સ્વભાવથી વિપરીત છે. મોક્ષનો માર્ગ જે જ્ઞાન, દર્શન, ચારિત્ર–એનાથી આ વિપરીત છે. હવે વિપરીતથી અવિપરીતદશા પ્રગટ થાય ? ઘણે ઠેકાણે લખાણ આવે છે. બિચારા .. થઈ ગયા. ... જુઓ ! આમ

છે. એકાંત કહે છે કે નિશ્ચયથી થાય. વ્યવહાર સાધન નથી. ભગવાને તો સાધન કહ્યું છે. 'હિંમતભાઈ' એ 'પંચાસ્તિકાય'નો અર્થ કર્યો છે. પછી હેઠે કરીને ગોટાળો ઊઠાવ્યો એમ લોકો કહે છે. એણે તો સ્પષ્ટ કર્યું છે. એ કહે છે. એક જણ કહેતો હતો. કે પાઠમાં હતું એનો નીચે અર્થ કરીને ગોટાળો કર્યો. બીજી ભાષા હતી.

**શ્રોતા :–** અર્થ ખો દિયા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અર્થ કો ખો દિયા, કહે છે. અરે..! ભાઈ ! એ તો અર્થનું સ્પષ્ટીકરણ કર્યું છે, ભાઈ ! તને ટૂંકી ભાષામાં ન સમજાય માટે એનું સ્પષ્ટીકરણ કર્યું છે. આ શું કહે છે ? જુઓ ! ટીકાકાર શું કહે છે ? 'પદ્મપ્રભમલધારિદેવ' મુનિરાજ જેના મુખમાંથી પરમઆગમ ઝરે છે. પંચમહાવ્રતધારી એમ બોલે છે કે મારા મુખમાંથી પરમઆગમ ઝરે છે. આહા..હા...!

એ એમ કહે છે કે **'વિપરીતના પરિહાર અર્થે સાર શબ્દ જોડવામાં આવ્યો છે.'** એટલે ? નિશ્ચય જે ત્રિકાળીનું જ્ઞાન, ત્રિકાળીની શ્રદ્ધા અને ત્રિકાળીમાં સ્થિરતા તે એક જ નિર્વિકલ્પ મોક્ષમાર્ગ છે. તે જ એક નિયમ છે. એને સાર કેમ કીધો ?–કે વ્યવહાર વિકલ્પોને એટલે **'પરાશ્રિત ભાવોને–બાતલ કરીને...'** એ બધા વિકલ્પ પરાશ્રિત ભાવ છે. **'માત્ર નિર્વિકલ્પ જ્ઞાનદર્શનચારિત્રનો જ–શુદ્ધરત્નત્રયનો જ...'** જ્ઞાનદર્શનચારિત્રનો એટલે કે **'શુદ્ધરત્નત્રયનો જ—સ્વીકાર કરવા અર્થે 'નિયમ' સાથે 'સાર' શબ્દ જોડ્યો છે.'** સમજાણું કાંઈ ? સાધન પહેલું હોય પછી સાધ્ય થાય, એમ કહે છે એ. આહા..હા...! અરે..! ભાઈ ! મોક્ષમાર્ગ બે નથી. માર્ગ કહો કે કારણ કહો કે સાધન કહો. એમાં સાધન બે નથી. સાધન તો રાગથી ભિન્ન પડીને સ્વરૂપનું સાધન કરવું એ એક જ સાધન છે. પ્રજ્ઞાછીણી કીધી ને ? પણ રાગ જોડે હોય છે એને વ્યવહારનો આરોપ કરીને કહેવામાં આવે છે. 'નિયમસાર'માં એનો નિષેધ કર્યો છે. નિયમ જે નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આત્માની મુક્તિનું કારણ, એમાં વ્યવહારનો નિષેધ છે. તેથી એને 'નિયમસાર' કહેવામાં આવે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

*** ગમે તે પ્રસંગ હો, આત્માનું જ્ઞાતાદ્રષ્ટાપણે રહેવું તે જ શાન્તિ છે. સંયોગો પ્રતિકૂળ હો કે અનુકૂળ, એ દરેક પ્રસંગમાં 'હું એક શુદ્ધ ચૈતન્ય આનંદઘન છું' એ દૃષ્ટિ ખસવી ન જોઈએ. મારું અસ્તિત્વ સહજ એક જ્ઞાયકભાવ છે, તેમાં શરીરાદિ પરનો કે રાગાદિ વિભાવનો પ્રવેશ નથી અને મારો જે સ્વભાવ છે તે પરમાં જતો નથી–આવી દૃષ્ટિ રહેવાથી પરના ગમે તે પ્રસંગમાં જીવને શાન્તિ જ રહે, ખેદનો ખદબદાટ ન થાય. અહા ! આવી વાત છે ! ૨૯૩.**

**— દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર – પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

## શ્રી નિયમસાર, ગાથા-૯, શ્લોક-૧૫,
## પ્રવચન નં. ૧૫૧, તા. ૧૩-૧-૧૯૭૬
## [૪]

'નિયમસાર' 'જીવ અધિકાર'નો ૧૫મો કળશ છે.

(**हरिणी**)

**ललितललितं शुद्धं निर्वाणकारणकारणं**
**निखिलभविनामेतत्कर्णामृतं जिनसद्वचः ।**
**भवपरिभवारण्यज्वालित्विषां प्रशमे जले**
**प्रतिदिनमहं वन्दे वन्द्यं सदा जिनयोगिभिः ।।१५।।**

આગમની વાત ચાલે છે ને ? શું ચાલે છે ? આપ્ત પરમેશ્વર અને એનું વચન–શાસ્ત્ર અને તત્ત્વાર્થ, એની શ્રદ્ધાને વ્યવહારસમકિત કહેવામાં આવે છે. છે તો વિકલ્પ-રાગ, પણ નિશ્ચયસમકિત જેને અંતરમાં કારણસ્વભાવ ભગવાન, એના અનુભવ સહિત પ્રતીતિ થઈ હોય, એવા નિશ્ચયસમકિત, વ્યવહારસમકિતને ગર્ભિત રીતે ગમનરૂપ પરિણમન હોય છે. તેને વ્યવહાર કહે છે. આહા..હા...! સમજાણું કાંઈ ? પહેલાં વ્યવહારની વાત ચાલે છે. પણ એ વ્યવહારમાં શુભરાગ છે, વિકલ્પ છે. પણ અંદરમાં ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપ જ્ઞાયક આનંદઘન એવી ચીજમાં અંતર અનુભવમાં સ્વસન્મુખ થઈને રાગની અપેક્ષા વિના નિર્વિકલ્પ પ્રતીતિ થાય છે તેનું નામ નિશ્ચયસમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ ? એ નિશ્ચય સમ્યગ્દર્શનમાં જ્યાં સુધી પૂર્ણતા વીતરાગતા ન થાય, ત્યાં સુધી વ્યવહારશ્રદ્ધા આપ્ત ભગવાનની વાણી અને તત્ત્વાર્થની શ્રદ્ધાનો વિકલ્પ હોય છે, એને વ્યવહારસમકિત કહે છે. આહા..હા...!

કહે છે કે ભગવાનનું વચન કેવું છે ? ભગવાનને આપ્ત કહ્યા. એ આપ્તની વ્યાખ્યા થઈ ગઈ. આપ્ત કોને કહે એની વ્યાખ્યા આવી ગઈ. હવે આ તો આગમની વાત ચાલે છે.

**'જે (જિનવચન)...'** વીતરાગી વચન. ભગવાન પૂર્ણ વીતરાગસ્વરૂપ થયા અને સર્વજ્ઞદશા પ્રગટી એનું જે વચન... નિમિત્તથી કથન છે. વાણી એની નથી, વાણી તો જડની છે. પણ નિમિત્તથી એનું જે જિનવચન કહે છે એ જિનવચન વ્યવહારથી કહેવામાં આવે છે. છે તો વાણી. વાણીમાં સ્વ-

પર કથન કરવાની તાકાત છે, જાણવાની તાકાત નથી. સ્વ-પર જાણવાની તાકાત આત્મામાં છે અને વાણીમાં સ્વ-પર કથન કરવાની શક્તિ છે. વાણીમાં, હોં ! વાણીને કારણે. એમાં ભગવાન જ્ઞાનસ્વરૂપ છે તો નિમિત્તથી કહેવામાં આવે છે. એ જિનવચન કહ્યું. નહિતર વાણી તો જડ છે. પણ વીતરાગી જ્ઞાન થયા પછી વાણી નીકળી તો એમાં જ્ઞાન નિમિત્તથી કહેવામાં આવ્યું. ... નિમિત્ત છે.

**'જે (જિનવચન) લલિતમાં લલિત છે,...'** આહા..હા...! **'અત્યંત પ્રસન્નતા ઉપજાવે...'** નિમિત્તથી વાત છે. વીતરાગી વચન સાંભળતા અતિ પ્રસન્નતા ઉપજે છે. શુભરાગરૂપી પ્રસન્નતા. વાસ્તવિક ચૈતન્યની વાત સાંભળતા, અંતર્મુખમાં દૃષ્ટિ કરવાથી આનંદની પ્રસન્નતા થાય છે. આહા..હા...! સમજાણું કાંઈ ? **'લલિતમાં લલિત = અત્યંત પ્રસન્નતા ઉપજાવે એવાં; અતિશય મનોહર.'** વાણી છે. ભગવાનની દિવ્યધ્વનિ. ચાહે તો ભગવાન દિવ્યધ્વનિ કહે કે ચાહે તો સંતો દિવ્યધ્વનિ દ્વારા જે ચીજ આવી એ કહેતા હોય, તે અતિપ્રસન્ન–મનોહર છે. આહા..હા...!

**'જે શુદ્ધ છે,...'** રાગ-દ્વેષરહિત છે. જિનવાણીમાં રાગનું સ્થાપન કે રાગથી લાભ, એવું વાણીમાં આવતું નથી. વીતરાગ છે ને ! વીતરાગીવાણીમાં વીતરાગભાવનું સ્થાપન હોય છે. આહા..હા...! સમજાણું કાંઈ ? એ પહેલાં આપણે આવી ગયું. ટીકામાં. **'પાપસૂત્રની માફક હિંસાદિ પાપક્રિયાશૂન્ય હોવાથી 'શુદ્ધ' છે...'** ટીકામાં છે. **'જે નિર્વાણના કારણનું કારણ છે,...'** આહા..હા...! મોક્ષ પરમાનંદનો લાભ, પરમ આનંદનો લાભ એવો મોક્ષ, એનું કારણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, એનું કારણ વીતરાગની વાણી નિમિત્ત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ?

નિશ્ચયથી મોક્ષનું કારણ જે મોક્ષમાર્ગ, એનું કારણ આત્મા છે. શું કીધું ? નિર્વાણ જે પૂર્ણ આનંદનો લાભ, પૂર્ણ અતીન્દ્રિય આનંદનો લાભ એનું નામ મોક્ષ. એનું કારણ મોક્ષનો માર્ગ, નિશ્ચયસમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, એનું કારણ ! કારણપરમાત્મા–આત્મા. આહા..હા...! તો નિમિત્તકારણ, વીતરાગની વાણીને મોક્ષમાર્ગનું નિમિત્તકારણ કહ્યું. મોક્ષમાર્ગનું ઉપાદાન કારણ દ્રવ્ય છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

કારણ હોય તો કાર્ય થવું જોઈએ–એવો પ્રશ્ન હતો ને ? એ કારણ બનાવે ત્યારે ને ? ભાઈનો પ્રશ્ન હતો ને ? 'ચીમનભાઈ' તમારા 'વારિયાજી'નો. એય..! 'પુનાતર' ! 'વારિયાજી' છે ને તમારા ? 'ત્રિભુવનભાઈ'. એમણે પ્રશ્ન કર્યો કે કારણપરમાત્મા છે તો કાર્ય કેમ નથી આવતું ? વસ્તુ છે એ તો કારણપરમાત્મા ત્રિકાળી આનંદકંદ પ્રભુ છે. તો કારણ છે તો કાર્ય કેમ નથી આવતું ? પણ કારણ છે એનો સ્વીકાર કર્યા વગર કારણ છે એ શ્રદ્ધામાં ક્યાંથી આવ્યું ? સમજાણું કાંઈ ? કારણ ભગવાન જ્ઞાયકભાવ પૂર્ણ શુદ્ધ સચ્ચિદાનંદ પ્રભુ છે. પણ છે એની પ્રતીતિ અને જ્ઞાનમાં આવ્યા વગર છે કોને ? તો જેની જ્ઞાન અને શ્રદ્ધામાં આવે એને કારણનું કાર્ય અંશ આવ્યા વગર રહે જ નહિ. 'નવરંગભાઈ' ! આ ઝીણી વાત, ભાઈ ! આહા..હા...!

કહે છે કે અંતરમાં મોક્ષમાર્ગ છે, એ મોક્ષનું કારણ છે. માર્ગ કહો કે કારણ કહો. એ કારણનું

કારણ તો જિનવચન છે. અહીંયાં વળી કહે, મોક્ષમાર્ગનું કારણ તો કારણપરમાત્મા છે કેમ કે જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિશ્ચય સત્ય છે એ તો ત્રિકાળાના આશ્રયે ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ ? પણ એમાં નિમિત્તકારણ કોણ એ બતાવે છે. અજ્ઞાની કે અન્યમતિની વાણી નિમિત્ત નથી – એટલું બતાવવા માટે મોક્ષ માર્ગનું કારણ, એનું કારણ નિમિત્ત. એમ કહેવામાં આવ્યું છે.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** છે ને, વ્યવહાર છે. વ્યવહાર છે ને ! નિશ્ચયથી પોતાનો સ્વભાવ શુદ્ધ આનંદઘન ચૈતન્ય ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે જોયો એ. એ મોક્ષમાર્ગનું કારણ છે. એ તો ઘણીવાર આવી ગયું. કારણપરમાત્મા ત્રિકાળી સચ્ચિદાનંદ પ્રભુ ! સત્ શાશ્વત આનંદ અને જ્ઞાનનું પૂર્ણરૂપ એવો આત્મા જ સમ્યગ્દર્શનનું કારણ છે. '**भूदत्थमस्सिदो**' ભૂતાર્થને આશ્રયે સમ્યગ્દર્શન થાય છે. એ ૧૧મી ગાથા જૈનદર્શનના પ્રાણ છે. સમ્યગ્દર્શન તો ભૂતાર્થ ત્રિકાળ ભગવાનઆત્મા એના આશ્રયે થાય છે. તો અહીં કહ્યું કે જિનવચન સમકિતમાં, મોક્ષમાર્ગમાં નિમિત્ત છે. એ તો વ્યવહાર કહ્યો. સમજાણું કાંઈ ? કઈ નયનું કથન છે એ સમજે નહિ તો ગડબડ થઈ જાય.

અહીં કહ્યું, '**નિર્વાણનું કારણ...**' મોક્ષનો માર્ગ નિશ્ચય, એનું કારણ વ્યવહાર જિનવચન નિમિત્ત. 'કાંતિભાઈ'! આહા..હા...! એ બે વાત કરી. લલિતમાં લલિત. એક વાત. શુદ્ધ. બીજી વાત. '**નિર્વાણના કારણનું કારણ...**' ત્રીજી વાત. જિનવચન. '**સર્વ જીવોના કર્ણોને અમૃત છે,...**' સર્વ ભવ્યોના કર્ણો. અભિવી જીવના નહિ. આહા..હા...! સર્વ ભવ્ય જીવ છે, લાયક છે એવા '**જીવોના કર્ણોને અમૃત છે,...**' વીતરાગવાણી ભવ્યજીવોને કાનમાં અમૃત રેડે છે. આહા..હા...! એ વ્યવહાર છે. નિશ્ચય અમૃત ભગવાનઆત્મા છે. સમજાણું કાંઈ ? નિશ્ચય પર્યાયમાં અમૃતનું કારણ ભગવાનઆત્મા છે. પણ જિનવચનને વ્યવહાર કારણ કહીને, અમૃત કહેવામાં આવ્યું. છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

'**જે ભવભવરૂપી અરણ્યના ઉગ્ર દાવાનળને શમાવવામાં જળ છે...**' આહા..હા...! '**ભવભવરૂપી અરણ્ય...**' જંગલ. ભવ અને ભવ... ઓહો...! એક પછી એક પછી એક. એવા અનંત અનંત ભવ કર્યા. ઓહો..હો...! એ '**ભવભવરૂપી અરણ્ય...**' અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત સંસારમાં એક એક યોનિમાં અનંત અવતાર (કર્યા) એવા '**ભવભવરૂપી અરણ્ય...**' મોટું વન છે. આહા..હા...! '**ઉગ્ર દાવાનળને...**' '**અરણ્યના ઉગ્ર દાવાનળને...**' ઉગ્ર અરણ્ય પાછું. આહા..હા...! એ '**દાવાનળને શમાવવામાં...**' સંસારના રળ્યાઝળ્યા ભાવ છે, એને શાંત કરવા ભગવાનની વાણી '**જળ છે...**' આ બધા નિમિત્તથી કથન છે. બાકી સંસારના દાવાનળને શાંત કરવા ભગવાન ત્રિલોકનાથ આત્મા, એનો આશ્રય, એ શાંત કરવામાં તાકાત છે. સમજાણું કાંઈ ? પણ આ વ્યવહારકારણ કહેવામાં આવ્યું છે.

'**જળ છે અને જે જૈન યોગીઓ વડે સદા વંદ્ય છે,...**' આહા..હા...! જેણે આત્માના આનંદનો અનુભવ કર્યો, યોગી–જેણે ત્રિકાળ આત્મામાં યોગ જોડી દીધો એવા સમકિતી જ્ઞાની યોગીઓ. ભગવાન

પૂર્ણાનંદનો નાથ આત્મા એમાં જેણે વર્તમાન પર્યાય જોડી દીધી, એનું નામ યોગ અને એનું નામ યોગી. આ બાવા-બાવા યોગી નહિ. આહા..હા...! નિજ સ્વરૂપ પૂર્ણાનંદ જ્ઞાનઘન આનંદકંદ, પ્રભુ ! આહા..હા...! એમાં જેની વર્તમાન નિર્મળ પર્યાય નિર્મળાનંદની સાથે જોડી, તે યોગ અને એને ધરનાર તે યોગી. એવા યોગીને વીતરાગની વાણી વંદ્ય છે. અજ્ઞાનીને તો વીતરાગની વાણીની કિંમત નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? એવી વાણી છે.

**'જે જૈન યોગીઓ...'** ભાષા એમ લીધી છે ને ? આહા..હા...! **'जिनयोगिभिः'** સંસ્કૃત ટીકામાં છે. **'वन्दे वन्द्यं सदा जिनयोगिभिः'** જિનયોગીઓ, જિનયોગીઓ. વીતરાગી સંતો. આહા..હા...! જેનો વીતરાગભાવ સ્વભાવ છે, એ વીતરાગભાવ પર્યાયમાં પ્રગટ્યો છે. આહા..હા...! એવા જિનયોગીઓને જિનવાણી વંદ્ય છે. જ્યાં સુધી વીતરાગ નથી, ત્યાં સુધી જિનવાણીને વ્યવહારથી વંદ્ય કહેવામાં આવે છે. આહા..હા...! સમજાણું કાંઈ ? **'આ જિનભગવાનનાં સદ્‌વચનને..'** આ બધા વિશેષણ આપ્યા છે. આવા જિનવચન છે. આવા **'જિનભગવાનનાં સદ્‌વચનને...'** સદ્‌વચન. **'(સમ્યક્ જિનાગમને)...'** આહા..હા...! સમજાણું કાંઈ ? એ શાસ્ત્ર જે જિનાગમ છે, દિગંબર તે સમ્યક્ જિનાગમ છે. સમજાણું કાંઈ ? 'રાજમલજી'! એના સસરાએ ૩૨ સૂત્ર નથી બનાવ્યા ? '...પ્રસાદ'. એના જમાઈ છે. તો .. તમારા ઘરમાં ... વીતરાગ સર્વજ્ઞની દિવ્યધ્વનિ, જે દિગંબર ધર્મમાં ચાલી આવે છે. 'કુંદકુંદાચાર્યે' બનાવી. પહેલાં બનાવી હતી. 'કુંદકુંદાચાર્ય'ની મુખ્યતા છે. એ વાણી જિનવચન છે. આહા..હા...! ધર્માત્માને અંતર સ્વરૂપ તો વંદ્ય છે જ પણ બહારમાં જિનવચન પણ વ્યવહારથી વંદ્ય કહેવામાં આવે છે. આહા..હા...! નિશ્ચય અને વ્યવહાર, નિશ્ચય અને વ્યવહાર બે જોડી દીધા. આહા..હા...!

એવા **'જિનભગવાનનાં સદ્‌વચનને (સમ્યક્ જિનાગમને) હું...'** 'પદ્મપ્રભમલધારિદેવ' ટીકા કરનાર મુનિરાજ કહે છે યોગીઓને વંદ્ય એવો હું એને વંદન કરું છું. સમજાણું કાંઈ ? જે જિનવચન યોગીઓ નામ ધર્માત્માને... ધર્માત્માને એ વચન વંદનીય છે, તો હું પણ એને વંદન કરું છું. આહા..હા...! સમ્યગ્જ્ઞાનીને **'હું પ્રતિદિન...'** પાછું એમ. પ્રતિદિન વંદન કરે તો નિર્વિકલ્પ કે દિ' થાતા હશે ? એ તો વચન એવું આવે. મારું બહુમાન સ્વભાવમાં વર્તે છે તો વ્યવહારથી એવો વિકલ્પ પણ આવે છે. ભારે વાત ! સમજાણું કાંઈ ? **'પ્રતિદિન વંદું છું.'** લ્યો, એ શ્લોક પૂરો થયો. એ આઠમી ગાથા પૂરી થઈ.

નવમી ગાથા. હવે ... વાત આવી. પહેલાં આપ્તની વ્યાખ્યા ગઈ, પછી જિનવાણીની એટલે આગમ. હવે ... તત્ત્વ. ત્રણ કહ્યા હતા ને ? આપ્ત, આગમ અને તત્ત્વાર્થ. એની શ્રદ્ધા એ વ્યવહાર સમકિત છે. એમાં બે વાત આવી ગઈ. ત્રીજી વાત હવે તત્ત્વાર્થ આવે છે. તત્ત્વાર્થ કહો કે દ્રવ્ય કહો એમાં કાંઈ ફેર છે નહિ.

**जीवा पोग्गलकाया धम्माधम्मा य काल आयासं।**
**तच्चत्था इदि मणिदा णाणागुणपज्झएहिं संजुत्ता।।९।।**

જોયું ? તત્ત્વાર્થ કહ્યું. છે દ્રવ્ય પણ તત્ત્વાર્થ કહ્યું છે. નીચે હિરગીત છે.

**જીવદ્રવ્ય, પુદ્‌ગલ, કાળ તેમ જ આભ, ધર્મ, અધર્મ–એ,**
**ભાખ્યા જિને તત્ત્વાર્થ, ગુણપર્યાય વિધવિધ યુક્ત જે. ૯.**

'**ટીકા :– અહીં (આ ગાથામાં), છ દ્રવ્યોનાં...**' ભગવાન સર્વજ્ઞ તીર્થંકરદેવે છ દ્રવ્ય જોયા છે. એવું બીજે ક્યાંય કહ્યું નથી. કોઈ જીવ કહે, પુદ્‌ગલ કહે. બહુ તો કાળ અને આકાશ કહે. પણ ધર્માસ્તિ અને અધર્માસ્તિ સર્વજ્ઞ સિવાય ક્યાંય છે નહિ. છ દ્રવ્ય ભગવાને જોયા છે. કેવળજ્ઞાની ત્રિલોકનાથ જિનેન્દ્ર પરમેશ્વરે કેવળજ્ઞાનમાં જગતમાં છ દ્રવ્ય જોયા છે. છમાં અનંત આત્મા, અનંત પરમાણુ, અસંખ્ય કાળાણું, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ અને આકાશ. એવા છ દ્રવ્ય જોયા છે.

હવે કહે છે કે એ '**છ દ્રવ્યોનાં પૃથક્ પૃથક્ નામ કહેવામાં આવ્યા છે.**' હવે જીવની વ્યાખ્યા કરે છે. '**જીવા**' છે ને પહેલાં ? પાઠમાં પહેલો શબ્દ છે. દશ પ્રાણથી જીવે એને જીવ કહે એમ સાધારણ સંગ્રહનયથી જીવને એકઠા કરીને એવી વાત કરી છે કે જે '**સ્પર્શ,...**' ઇન્દ્રિય. આ સ્પર્શ છે ને ? '**રસન,...**' જીભ, '**ઘ્રાણ,...**' નાક, '**ચક્ષુ,...**' આંખ, '**શ્રોત્ર,...**' કાન, '**મન, વચન, કાય, આયુ અને શ્વાસોચ્છ્‌વાસ...**' આ દસ પ્રાણ છે. એ '**નામના દશ પ્રાણોથી (સંસારદશામાં)...**' સંસારદશામાં '**જે જીવે છે,...**' આહા..હા...! સામાન્ય જીવની વાત કરે છે, હોં ! ભેદ પાડીને પછી કહેશે.

'**દશ પ્રાણોથી (સંસારદશામાં) જે જીવે છે, જીવશે...**' ભવિષ્યમાં દસ પ્રાણોથી જીવશે. જીવે છે એ વર્તમાન, દશ પ્રાણોથી જીવે છે એ વર્તમાન, દસ પ્રાણથી જીવશે એ ભવિષ્ય અને પૂર્વકાળમાં, ગયા કાળમાં જીવતો હતો. એ ત્રણ કાળ આવી ગયા. સમજાણું કાંઈ ? '**તે 'જીવ' છે.—આ સંગ્રહનય કહ્યો.**' સમુચ્ચય જીવ શબ્દ કહીને દસ પ્રાણથી–પાંચ ઇન્દ્રિય, મન, વચન, કાયા, શ્વાસ અને આયુષ્ય, એ દસથી '**જીવે છે, જીવશે અને પૂર્વે જીવતો હતો...**' ત્રણ કાળ લીધા. દસ પ્રાણથી ભવિષ્યમાં જીવશે. નીચે લીધું છે ને !

'**નિશ્ચયથી...**' ઓહો..હો...! આ તો સંગ્રહનય કહ્યો. '**નિશ્ચયથી ભાવપ્રાણ ધારણ કરવાને લીધે...**' આહા..હા...! નિશ્ચયથી તો ભગવાનઆત્મા અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત સત્તા અને વીર્ય–એવો જે ત્રિકાળી ભાવપ્રાણ છે એનાથી જીવે છે એને જીવ કહેવામાં આવે છે. આહા..હા...! '**નિશ્ચયથી ભાવપ્રાણ...**' અનંત આનંદ, અનંત જ્ઞાન-દર્શન-શાંતિ એવા ત્રિકાળી સ્વભાવભાવ '**ધારણ કરવાને લીધે 'જીવ' છે.**' આહા..હા...! એને જીવ કહીએ. અનંત જ્ઞાન–દર્શન–આનંદને ધારણ કરનાર હોવાથી નિશ્ચયથી એને જીવ કહે છે. આહા..હા...! સમજાણું કાંઈ ? ત્રિકાળી. ત્રિકાળીને પ્રતીત કરે છે એને પ્રાણ ખ્યાલ આવે છે. શું કીધું ઇ ?

ભગવાનઆત્મા અનાદિ અનંત નિત્ય અનંત આનંદ, જ્ઞાન આદિથી જીવે છે. એ કોણ માને છે ? જેને સમ્યક્ પ્રતીતિ થઈ એ કહે છે કે આ જીવ તો ભાવપ્રાણથી જીવે છે. આહા..હા...!

'...ભાઈ'! એવી વાત છે. આહા..હા...! જેને ખ્યાલમાં આવ્યું કે આ વસ્તુ અનંત બેહદ જ્ઞાન, અપરિમિત દર્શન, અપરિમિત આનંદ અને અપરિમિત વીર્ય આદિ ભાવપ્રાણ–પ્રાણિના પ્રાણ. પ્રાણી જીવ, એના પ્રાણ. આહા..હા...! એ પ્રાણી ભગવાનઆત્મા, એનો પ્રાણ, એનાથી જીવે છે. છે ? '**ભાવપ્રાણ ધારણ કરવાને લીધે 'જીવ' છે.**' આહા..હા...! જેને જ્ઞાનની પર્યાયમાં આ ભાવપ્રાણ ધારણ કરનાર છે, એવો ભાસ થયો એને ભાવપ્રાણથી જીવે છે એવો અનુભવ થઈ ગયો. પરથી નહિ, જડથી–સ્વદ્રવ્યથી નહિ. સમજાણું કાંઈ ?

હવે '**વ્યવહારથી દ્રવ્યપ્રાણ ધારણ કરવાને લીધે 'જીવ' છે.**' દ્રવ્યપ્રાણ–આ દસ કહ્યા ને ? પાંચ ઇન્દ્રિય, મન, વચન, કાયા, શ્વાસ અને આયુષ્ય એ દસ. વ્યવહાર નિમિત્ત છે ને ? એનાથી જીવે છે એમ વ્યવહારથી કહેવામાં આવે છે.

'**શુદ્ધ-સદ્‌ભૂત-વ્યવહારથી...**' આહા..હા...! કેટલા ભેદ પાડે છે ! '**શુદ્ધ-સદ્‌ભૂત-વ્યવહારથી કેવળજ્ઞાનાદિ શુદ્ધગુણોનો આધાર હોવાને લીધે કાર્યશુદ્ધ જીવ છે.**' આહા..હા...! શુદ્ધ-સદ્‌ભૂત. પવિત્ર છે અને પર્યાયમાં પોતામાં સદ્‌ભૂત છે. પણ વ્યવહાર છે, ભેદ છે, ત્રિકાળની અપેક્ષાએ કેવળજ્ઞાન પણ ભેદ છે. કેવળજ્ઞાન, સર્વજ્ઞપર્યાય એ પણ ભેદ છે, વ્યવહાર છે. આહા..હા...! વ્યવહારથી '**શુદ્ધ-સદ્‌ભૂત-વ્યવહારથી...**' પહેલાં એકલો વ્યવહાર હતો. શુદ્ધ-સદ્‌ભૂત વ્યવહાર. આહા..હા...! કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત આનંદ જે ભગવાન અરિહંતની પર્યાયમાં પ્રગટ થયા, એ '**શુદ્ધ-સદ્‌ભૂત-વ્યવહારથી કેવળજ્ઞાનાદિ શુદ્ધગુણો...**' ગુણો નામ ત્યાં પર્યાય છે. એ શુદ્ધપર્યાયનો '**આધાર હોવાને લીધે 'કાર્યશુદ્ધ જીવ' છે.**' આહા..હા...! સમજાણું કાંઈ ?

હવે નીચે કહેશે. કાર્યશુદ્ધ છે ને ? એનો નીચે ખુલાસો છે. જુઓ ! નોટ. '**દરેક જીવ શક્તિ-અપેક્ષાએ શુદ્ધ છે...**' દરેક જીવ શક્તિ-અપેક્ષાએ, સ્વભાવ અપેક્ષાએ શુદ્ધ છે. '**સહજજ્ઞાનાદિક સહિત છે...**' શુદ્ધની વ્યાખ્યા–સ્વભાવિક જ્ઞાન, દર્શન, આનંદથી સહિત છે. દરેક જીવ સ્વભાવિક જ્ઞાન, દર્શન, આનંદ આદિ સહિત છે. '**તેથી દરેક જીવ કારણશુદ્ધ જીવ છે;...**' જેમ કારણપરમાત્મા કહ્યું હતું, એ કાર્ય પરમાત્માની અપેક્ષાએ કારણ પરમાત્મા. અહીં કાર્યજીવની અપેક્ષાએ કારણજીવ. કાર્યજીવ કોણ ? કેવળજ્ઞાનાદિ સદ્‌ભૂત વ્યવહાર પ્રગટ્યા એ કારણજીવ છે. પર્યાય છે ને ? પર્યાય કહો કે કાર્ય કહો. અને ત્રિકાળી કારણ વસ્તુ જે ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ ધ્રુવ એ કારણજીવ, એ કારણજીવ.

કારણપરમાત્મા કહ્યું અહીં કારણજીવ કહ્યું. પણ કારણજીવ છે એવી અંતરમાં પ્રતીતિ જ્ઞાન અનુભવમાં આવે છે, તેને કારણજીવ કહેવામાં આવે છે. કારણજીવનું ભાન થયું તો કારણ જીવ છે એમ આવ્યું. તો એટલું તો કાર્ય થયું. સમ્યગ્દર્શન-જ્ઞાન તે અંશ અને સ્વરૂપાચરણ. આ કારણજીવ છે એમ દૃષ્ટિમાં, જ્ઞાનમાં આવ્યું અને ત્રિકાળમાં જરી અંશે સ્થિર પણ થયો. ત્રિકાળી જ્ઞાયક સ્વભાવ જે છે, એની શ્રદ્ધા, એનું જ્ઞાન અને ત્રિકાળમાં સ્થિરતા, દર્શન-જ્ઞાનમાં સ્થિરતા નહિ. ત્રિકાળ દર્શન–જ્ઞાનમાં સ્થિરતા. એ આવ્યું ત્યારે કારણજીવ છે એમ અનુભવમાં આવ્યું. સમજાણું કાંઈ ? ભારે

માર્ગ, ભાઈ ! આવો ઝીણો. એ કરતાં એકેન્દ્રિયની દયા પાળવી, વ્રત પાળવા એ બધું સોઘું હતું. આ મોંઘુ કરી નાખ્યું છે. એમ કેટલાક કહે છે. એ (સહેલું) નહોતું, બાપા ! એ તારું સાચું નહોતું. આહા..હા...!

આ તો સચ્ચિદાનંદ પ્રભુ ! એક સમયમાં પૂર્ણ શુદ્ધ ચૈતન્યઘન, ભાવપ્રાણથી જીવનારો એવો ભગવાન કારણજીવ એ શક્તિ અપેક્ષાએ કારણશુદ્ધજીવ છે. **'જે કારણશુદ્ધજીવને ભાવે છે—'** કારણશુદ્ધજીવમાં જેની એકાગ્રતા થાય છે, આહા..હા...! એ મોક્ષમાર્ગ. **'કારણશુદ્ધજીવને ભાવે છે....'** એની ભાવના કરે છે, એ પર્યાય. આહા..હા...!

ત્રિકાળી ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપ, કારણશુદ્ધજીવ, એની એકાગ્રતાની સન્મુખ થઈને એકાગ્રતા–ભાવની ભાવના કરે છે, ત્રિકાળી જ્ઞાયકભાવની ભાવના ભાવે છે. **'તેનો જ આશ્રય કરે છે,...'** બીજી વ્યાખ્યા કરી. કારણશુદ્ધ જીવ ત્રિકાળી ભગવાનનો આશ્રય કરે છે, અવલંબન કરે છે **'તે વ્યક્તિ-અપેક્ષાએ શુદ્ધ...'** એ પ્રગટ અપેક્ષાથી **'શુદ્ધ (–કેવળજ્ઞાનાદિ સહિત) થાય છે...'** લ્યો. સમજાણું કાંઈ ? આવી બધી ઝીણી વાતું. માર્ગ એવો ભાઈ ! બહુ સૂક્ષ્મ છે. અપૂર્વ છે ને ? અનંત કાળમાં કદી ખ્યાલમાં લીધું નથી. સમજાણું કાંઈ ?

ભગવાન સૂક્ષ્મ ચૈતન્યતત્ત્વ, એ કારણશુદ્ધજીવની ભાવના કરતાં કરતાં આશ્રય કરે છે એ કાર્ય વ્યક્તિ અપેક્ષાએ શુદ્ધ થાય છે **'અર્થાત્ 'કાર્યશુદ્ધ જીવ' થાય છે.'** આ બાજુ નોટ. **''કાર્યશુદ્ધ જીવ' થાય છે.'** કાર્ય કહો કે પર્યાય કહો, કારણ કહો કે દ્રવ્ય કહો. સમજાણું કાંઈ ? ત્રિકાળી જ્ઞાયક પૂર્ણાનંદ સ્વરૂપ ધ્રુવ, એ કારણજીવ. એની સન્મુખ થઈને, કારણજીવની ભાવના ભાવે છે, ભાવના કરે છે, એકાગ્રતા કરે છે, એ જીવ કાર્યશુદ્ધ થાય છે. આહા..હા...! કેવળજ્ઞાન, કેવળદર્શન, કેવળઆનંદ, એ દશા એને પ્રાપ્ત થાય છે. તો એ કાર્યશુદ્ધ થયો, પર્યાયે કાર્યશુદ્ધ થયો, પર્યાય પૂર્ણ શુદ્ધ થઈ ગઈ. આહા..હા...! કારણશુદ્ધ હતો, એની એકાગ્રતાથી, સ્વસન્મુખની એકતાથી કાર્યશુદ્ધજીવ થઈ ગયો, પર્યાય શુદ્ધ થઈ ગઈ. શક્તિમાં જે દ્રવ્ય શક્તિરૂપ હતી, એની ભાવના કરતાં પર્યાય શુદ્ધ થઈ ગઈ. પર્યાય શુદ્ધ કહો કે કાર્યશુદ્ધ કહો. આહા..હા...! સમજાણું કાંઈ ? આવી વાતું છે, 'કાંતિભાઈ'! ઝીણી વાતું છે, ભાઈ ! ક્યાંય શ્વેતાંબરમાં સાંભળવા મળે એવું નથી. આ તો સત્ય વસ્તુ અનાદિ સનાતન ભગવાન ! આહા..હા...!

કહે છે, એક તો પહેલાં કહ્યું કે સંગ્રહનયે જીવ દસ પ્રાણથી જીવે છે. જીવ એને કહ્યું, પછી નિશ્ચયથી ભાવપ્રાણથી જીવે છે, વ્યવહારથી દ્રવ્યપ્રાણથી જીવે છે. પછી શુદ્ધસદ્ભૂત વ્યવહારથી જીવે છે (એમ કહ્યું). ભગવાનને કેવળજ્ઞાન, કેવળદર્શન થયા એ કાર્યશુદ્ધ થયું. પર્યાય શુદ્ધ થઈ. તો પર્યાય કાર્યશુદ્ધ થઈ ક્યાંથી ?–કે શક્તિમાં કારણશુદ્ધતા પડી છે, એ કારણશુદ્ધતાની ભાવનાથી કાર્યશુદ્ધ થયું. દ્રવ્ય શુદ્ધતાની ભાવનાથી પર્યાય પૂર્ણ શુદ્ધ થઈ ગઈ. કાર્ય કહો કે પર્યાય પૂર્ણ શુદ્ધ થઈ ગઈ. આહા..હા...! કેટલું યાદ રાખવું આમાં ? યાદ કાંઈ નથી (રાખવાનું), વસ્તુ સ્થિતિ જ

આવી છે. અરે..! પણ કોઈ દિ' સંભાળ નથી કરી. માની લીધું. પણ અંદર સ્વરૂપ શું છે ! એનો અનુભવ ન કર્યો. અગિયાર અંગમાં આવ્યું હતું. માન્યું હતું. ભૂલી ક્યાં ગયો હતો ? આમ છે અને આમ છે. સમજાણું કાંઈ ? વસ્તુસ્થિતિ જે છે એ તરફનો સ્પર્શ કરીને કાર્યશુદ્ધ થવું, એ પરમાત્મા કાર્યપરમાત્મા થયો. કાર્યપરમાત્મા કહો, પર્યાય પરમાત્મા કહો, કાર્યજીવ કહો. આહા..હા...! સમજાણું કાંઈ ?

**શ્રોતા :–** ટૂંકામાં સમજાવી દો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ ટૂંકામાં કીધું ને.

ત્રિકાળી કારણશુદ્ધ સ્વરૂપ ભગવાન બિરાજે છે. એ કારણશુદ્ધની પ્રતીતિ અને જ્ઞાન, રમણતા કરવાથી કાર્યશુદ્ધ નામ પર્યાય પૂર્ણ શુદ્ધ થઈ જાય છે તેને કાર્યજીવ કહેવામાં આવે છે. આહા..હા...! એનું પૂરું રૂપ આવ્યા વિના શબ્દ અધુરા રહ્યા ને ? આહા..હા...! ધર્મ કેમ થાય અને ધર્મનું કાર્ય–ફળ શું છે એ ત્રણે વાત આવી ગઈ. ત્રણલોકનો નાથ ભગવાન પૂર્ણ શુદ્ધ એક સમયમાં અહીંયા છે તે કારણશુદ્ધજીવ છે. એની ભાવના કરવાથી અંતર્મુખ, સન્મુખ થવાથી પર્યાયમાં પૂર્ણ કાર્ય શુદ્ધ થઈ જાય, એ કાર્યશુદ્ધજીવ, કાર્યપરમાત્મા કહેવામાં આવે છે. ત્રણે વાત સિદ્ધ કરી.

મોક્ષનો માર્ગ જે નિશ્ચયસમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, એ ભાવે છે નામ પર્યાયમાં આવ્યો. એનું કારણ ત્રિકાળી જીવ છે. આહા..હા...! માર્ગ જ એવો છે. ત્રિકાળી કારણજીવ છે એ જ કારણપરમાત્મા છે, એ કારણશુદ્ધ છે. કારણશુદ્ધ છે, એ કારણજીવ છે, એ કારણપરમાત્મા છે. એની એકાગ્રતાથી કાર્યપરમાત્મા, કાર્યશુદ્ધજીવ, પૂર્ણ શુદ્ધ પર્યાય (થાય) તેને કાર્યજીવ કહે છે. આહા..હા...! સમજાણું કાંઈ ? એનો ઉપાય પણ કહ્યો, ઉપાયનું કારણ પણ કહ્યું અને ઉપાયનું ફળ પણ કહ્યું. એવી વાત છે. ક્રિયાકાંડથી એ મળતું નથી, એમ કહે છે.

**શ્રોતા :–** અહીં ભેદ પાડીને કહેવું એ ક્રિયાકાંડ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ભેદ પાડીને એ તો સમજાવવું એ ભેદ છે. પણ સમજનાર છે એ ભેદ ઉપર લક્ષ નથી કરતો. ભેદ સમજાવે છે, પણ સમજનાર અને સમજાવનારે ભેદનો આશ્રય ન કરવો. આઠમી ગાથામાં કહ્યું છે ને ? ભેદથી સમજાવાય છે પણ ભેદનો આશ્રય કરવો એમ નથી. આહા..હા...! બીજો ઉપાય ન મળે ને. ભેદથી સમજાવે કે દર્શન-જ્ઞાન-ચારિત્ર ને પ્રાપ્ત થાય તે આત્મા. લ્યો. પણ કહે છે કે એ ભેદનું અનુસરણ ન કરવું, ત્રિકાળનું અનુસરણ કરવું. આહા..હા...! સમજાણું કાંઈ ? માર્ગ ભાઈ ! બહુ અલૌકિક છે. એ તો સહજ વસ્તુ છે. સમજાણું કાંઈ ?

ત્રિકાળી સહજાત્મસ્વરૂપ ભગવાન એ કારણશુદ્ધ, એ કારણપરમાત્મા. એ સહજ ભગવાનની પ્રતીતિ એ પણ સહજ છે. 'શ્રીમદ્'માં આવે છે ને ? 'પાંચે ઉત્તરથી થયું સમાધાન સર્વાંગ, થાશે મોક્ષ ઉપાયનો સહજ પ્રતીત એ રીત.' એ સહજ છે, હઠ નથી ત્યાં. એ તો સહજ સ્વરૂપ જ છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? જોયું ? 'પાંચે ઉત્તરથી થયું સમાધાન સર્વાંગ, થાશે મોક્ષ

ઉપાયનો સહજ પ્રતીતિ એ રીત.' બીજી ભાષા છે. આત્મા વિષે પ્રતીત. 'પાંચે ઉત્તરથી થઈ આત્મા વિશેષ પ્રતીત, થાશે મોક્ષ ઉપાયની સહજ પ્રતીતિ એ રીત.' આહા..હા...!

**શ્રોતા :–** સહજ પ્રાપ્ત થાય, પુરુષાર્થથી નહિ ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ સહજનો અર્થ જ પુરુષાર્થ. સહજનો અર્થ હઠ નહિ, એમ. સમજાણું કાંઈ ? સહજાત્મ સ્વરૂપ. એ શબ્દ એ લોકોનો છે. 'શ્રીમદ્'નો મંત્ર એ છે. સહજાત્મ સ્વરૂપ. એ મંત્ર છે. 'શ્રીમદ્' ને સાંભળતા હોય એને ખાનગી મંત્ર આપો. સહજાત્મ સ્વરૂપ પરમગુરુ.

**શ્રોતા :–** 'ગોવર્ધનભાઈ' એમ આપતા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** બધા આપતા. 'લલ્લુજી' પણ આપતા. એવો રિવાજ છે એ એને ખબર છે. સહજાત્મ સ્વરૂપ. સ્વભાવિક આત્મસ્વરૂપ જે ત્રિકાળ, એ જ પરમગુરુ અને પરમદેવ છે. આહા..હા...!

અહીંયાં આપણે નીચે નોટ છે. **'વ્યક્તિ-અપેક્ષાએ શુદ્ધ (–કેવળજ્ઞાનાદિ સહિત) થાય છે...'** વ્યક્તિ એટલે પ્રગટ, શક્તિ અપેક્ષાએ અપ્રગટ. પર્યાયની અપેક્ષાએ. વસ્તુ છે એ તો પ્રગટ જ છે, પણ પર્યાયમાં પ્રગટ નથી એ અપેક્ષાએ. શક્તિ અપેક્ષાએ અપ્રગટ અને વ્યક્તિ અપેક્ષાએ પ્રગટ. માર્ગ તો અંતરની સમજણથી છે, ભાઈ ! એ કોઈ બાહ્ય ક્રિયાકાંડથી મળે નહિ એવી ચીજ છે. સમજાણું કાંઈ ? અહીં આવ્યા. **'શક્તિમાંથી વ્યક્તિ થાય છે,...'** નોટમાં છે ને ? **'શક્તિમાંથી વ્યક્તિ થાય છે,...'** શક્તિ છે એમાંથી પ્રગટ થાય છે. **'માટે શક્તિ કારણ છે અને વ્યક્તિ કાર્ય છે.'** આ તો સમજાય એવી વાત છે. 'નાનાલાલજી'! પીપરનો દાખલો નહોતો આપ્યો ? લીંડીપીપર. લીંડીપીપરમાં ચોસઠ પહોરી તીખાશ ભરી છે. ચોસઠ પહોરી કહો. ચોસઠ પહોરી કહે છે. રૂપિયો, સોળ આના. પહેલાં ચોસઠ પૈસા થતા ને ? હવે સો પૈસા. હવે બધું ફરી ગયું. કીલો-ફીલો, કીલોમિટર ને... આપણને તો યાદ પણ ન રહે. એ ચોસઠ પૈસા, એટલો ચોસઠ પહોર, ચોસઠ પહોર ઘૂંટે તો શક્તિમાં ચોસઠ પહોર હતી એ પર્યાયમાં ચોસઠ પહોરી પ્રગટ થઈ. પ્રાપ્તની પ્રાપ્તિ છે. એમાં હતી એ બહાર આવી છે. ન હોય એ બહાર આવે ? આહા..હા...! સમજાણું કાંઈ ?

એમ ભગવાનઆત્મામાં શક્તિ અપેક્ષાએ સોળ આના નામ રૂપિયો પૂર્ણ, પૂર્ણ જ્ઞાન, પૂર્ણ આનંદ, પૂર્ણ શાંતિ એવી શક્તિથી પૂર્ણ ભર્યો છે. એને કારણજીવ કહે છે, એને કારણપરમાત્મા કહે છે. વ્યક્તિ અપેક્ષાએ એ શક્તિમાં એકાગ્રતાના ઘૂંટણથી, જેમ પીપરને ઘૂંટે છે. પીપર કહે છે ને ? ચોસઠ પહોરી શક્તિમાંથી વ્યક્તિ પ્રગટ અંદરમાં છે એવી બહાર આવે છે. એમ ભગવાનઆત્મામાં અનંત જ્ઞાન, અનંત આનંદ ચોસઠ નામ પૂર્ણ, પૂર્ણ રૂપિયે રૂપિયો પડ્યો જ છે. એની એકાગ્રતાથી, અંતરની એકાગ્રતાના ઘૂંટણથી શક્તિમાંથી વ્યક્તિ નામ પૂર્ણ પરમાત્મા પ્રગટે છે તેને કાર્યજીવ કહે છે. આહા..હા...! આ કરવાનું છે એમ કહે છે. આહા..હા...!

**'આમ હોવાથી શક્તિરૂપ શુદ્ધતાવાળા જીવને...'** શક્તિરૂપ શુદ્ધતાવાળા જીવને **'કારણશુદ્ધજીવ**

**કહેવાય છે...**' કારણશુદ્ધજીવ. '**શક્તિરૂપ શુદ્ધતાવાળા જીવને કારણશુદ્ધજીવ કહેવાય છે અને વ્યક્ત શુદ્ધતાવાળા જીવને કાર્યશુદ્ધજીવ કહેવાય છે.**' કૌંસમાં. '**[કારણશુદ્ધ એટલે કારણ-અપેક્ષાએ શુદ્ધ...]**' કારણશુદ્ધ કેમ કહ્યું ?–કે કારણશુદ્ધનો અર્થ કારણ અપેક્ષાએ શુદ્ધ '**અર્થાત્ શક્તિ-અપેક્ષાએ શુદ્ધ. કાર્યશુદ્ધ એટલે કાર્ય-અપેક્ષાએ શુદ્ધ અર્થાત્ વ્યક્તિ-અપેક્ષાએ શુદ્ધ.**' એટલા તો ખુલાસા કર્યા છે. ટીકામાં અહીં સુધી આવ્યા.

'**શુદ્ધ-સદ્ભૂત-વ્યવહારથી કેવળજ્ઞાનાદિ શુદ્ધગુણોનો આધાર...**' એ કેવળજ્ઞાનને ગુણ કહ્યો, છે તો પર્યાય. '**શુદ્ધગુણોનો આધાર હોવાને લીધે કાર્યશુદ્ધજીવ છે. અશુદ્ધ-સદ્ભૂત-વ્યવહારથી મતિજ્ઞાનાદિ વિભાવગુણોનો આધાર હોવાને લીધે 'અશુદ્ધજીવ' છે.**' એ શું કહે છે ? પૂર્ણ કેવળજ્ઞાન થયા એ તો શુદ્ધકાર્યજીવ છે. પણ નીચે મતિજ્ઞાનાદિ પર્યાય છે એ હજી અપૂર્ણ છે ને ? માટે અશુદ્ધ કહી. પણ છે પોતાની પર્યાયમાં માટે સદ્ભૂત છે. ભેદ પડ્યો માટે વ્યવહાર છે. '**મતિજ્ઞાનાદિ વિભાવગુણોનો આધાર હોવાને લીધે...**' આહા..હા...! કેવળજ્ઞાનાદિ કાર્યશુદ્ધજીવ કહ્યો, તો એ શુદ્ધ સદ્ભૂતવ્યવહાર કહ્યો. પણ અહીંયાં અશુદ્ધ અસદ્ભૂતવ્યવહાર. પોતામાં મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન આદિ છે, એ અપૂર્ણ છે માટે અશુદ્ધ કહ્યું, પણ પોતાની પર્યાયમાં છે માટે સદ્ભૂત કહ્યું. પણ ત્રિકાળની અપેક્ષાએ ભેદ પડે છે માટે વ્યવહાર કહ્યો. '**અશુદ્ધ-સદ્ભૂત-વ્યવહાર...**' આહા..હા...! સમજાણું કાંઈ ?

કેવળજ્ઞાન એ શુદ્ધ-સદ્ભૂતવ્યવહાર. શુદ્ધ છે, પોતામાં છે અને ત્રિકાળની અપેક્ષાએ પર્યાય ભેદ છે માટે વ્યવહાર. મતિજ્ઞાનાદિ અપૂર્ણ છે માટે અશુદ્ધ, પણ પોતાની પર્યાયમાં છે માટે સદ્ભૂત. અશુદ્ધ વ્યવહાર ભેદ છે, ત્રિકાળીની અપેક્ષાએ પર્યાય ભેદ છે તો અશુદ્ધ-સદ્ભૂત-વ્યવહાર. લોકોને અભ્યાસ નથી, આમ પરનો અભ્યાસ કર્યો. દ્રવ્ય-ગુણ-પર્યાયનો અભ્યાસ. આ અભ્યાસ બહારનો. જે ચીજ છે એને સમજવાનો અભ્યાસ નથી કર્યો. દ્રવ્ય કોને કહે ? ગુણ કોને કહે ? પર્યાય કોને કહે ? કારણ કોને કહે ? કાર્ય કોને કહે ? જે મૂળ ચીજ છે એ તો સમજણમાં આવી નહિ. જિંદગી ચાલી જાય છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

અહીં આવ્યા. '**અશુદ્ધ-સદ્ભૂત-વ્યવહારથી મતિજ્ઞાનાદિ...**' મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન છે પોતાની પર્યાય, પણ પૂર્ણ નથી માટે અશુદ્ધ છે અને પર્યાય છે માટે વ્યવહાર છે. ત્રિકાળની અપેક્ષાએ પર્યાય એ તો વ્યવહાર થયો. અશુદ્ધ-સદ્ભૂત-વ્યવહાર. સમજાણું કાંઈ ? એ જાણવાલાયક ચીજ છે. '**મતિજ્ઞાનાદિ વિભાવગુણો...**' જુઓ ! એને વિભાવગુણ કહ્યું. ઓલાને શુદ્ધગુણ કહ્યા હતા. કેવળજ્ઞાનને શુદ્ધ ગુણ કહ્યું હતું. છે તો શુદ્ધપર્યાય. આ પણ છે તો પર્યાય, પણ વિભાવપર્યાય છે. એક જીવની વ્યાખ્યા કરતાં આટલી કરે છે. જીવો જીવા. આહા..હા...! ઊંધા ગોટાળા બહુ ઊઠ્યા છે ને ? એટલે બધું સવળું સમજાવવામાં બધા પડખા (સ્પષ્ટ) કરવા પડે છે. શેઠિયાને નવરાશ મળે નહિ જાણે. રળવામાં એમાં પડ્યો હોય. કલાક-બેકલાક જાય અને માથે કહેતા હોય એ, જય નારાયણ. શેઠ! આહા..હા...! વખત મળે નહિ, વખત. 'કાંતિભાઈ'! આહા..હા...! આવો ભગવાન કહે છે. જીવના કેટલા પ્રકાર

પાડ્યા ! આહા..હા...!

**શ્રોતા :–** આ બધા ભેદો તો રાગ ઉત્પન્ન કરે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** રાગ ઉત્પન્ન કરે, પણ જાણવાલાયક છે કે નહિ ? વ્યવહાર પણ જાણવાલાયક છે કે નહિ ? આદરવા લાયક ત્રિકાળી ચીજ, પણ વ્યવહાર છે એ જાણવાલાયક છે કે નહિ ? કેવળજ્ઞાન એ વ્યવહાર છે. આહા..હા...! વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે. કહ્યું ને ? વ્યવહાર છે એ જાણેલો પ્રયોજનવાન છે, આદરણીય નથી. આદરણીય ત્રિકાળી ભગવાન છે. આહા..હા...! અને ઉત્પન્ન–પ્રગટ કરવાની અપેક્ષાએ કેવળજ્ઞાન, સંવર, નિર્જરા ઉપાદેય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? આસ્રવ અને બંધ તો હેયની અપેક્ષાએ જાણવાલાયક છે. જાણવું તો એનું સ્વરૂપ છે કે નહિ !

**'અશુદ્ધ-સદ્ભૂત-વ્યવહાર...'** કેવળજ્ઞાનમાં **'શુદ્ધ-સદ્ભૂત-વ્યવહાર...'** એમ બેમાં ફેર પાડ્યો છે. પૂર્ણ શુદ્ધ પર્યાયને શુદ્ધ સદ્ભૂત, અપૂર્ણ શુદ્ધપર્યાયને અશુદ્ધ-સદ્ભૂત. વ્યવહાર તો બન્ને વ્યવહાર છે. આહા..હા...! અશુદ્ધજીવ છે. અને **'શુદ્ધનિશ્ચયથી...'** આહા..હા...! **'સહજજ્ઞાનાદિ પરમસ્વભાવગુણોનો આધાર હોવાને લીધે...'** એ ત્રિકાળી ગુણ લેવા. ઓલામાં પણ શુદ્ધ ગુણો લીધા હતા પણ એ પર્યાય હતી અને આ તો **'શુદ્ધનિશ્ચયથી...'** આહા..હા...! સ્વભાવિક જ્ઞાન, સ્વભાવિક ત્રિકાળી દર્શન, સ્વભાવિક ત્રિકાળી આનંદ–એવા પરમસ્વભાવગુણો. એ તો ગુણ જ છે. એનો **'આધાર હોવાને લીધે કારણશુદ્ધજીવ છે.'** 'માંગીલાલજી'! કેટલું યાદ રાખવું ? એક જીવ શબ્દ પહેલો પડ્યો છે. એની આ બધી વ્યાખ્યા છે. આહા..હા...!

**'શુદ્ધનિશ્ચયથી...'** ત્રિકાળ. કારણ કે પેલો તો (શુદ્ધ) સદ્ભૂત વ્યવહાર હતો કેવળજ્ઞાન અને મતિજ્ઞાનાદિ અશુદ્ધસદ્ભૂત હતો. આ તો ત્રિકાળી. ભગવાનઆત્મામાં શુદ્ધનિશ્ચયથી સહજજ્ઞાન, સહજદર્શન, સહજઆનંદ આદિ **'પરમસ્વભાવગુણોનો...'** આ તો એક ગુણ છે. **'આધાર હોવાને લીધે કારણશુદ્ધજીવ છે.'** આહા..હા...! હવે **'આ (જીવ) ચેતન છે;...'** એ જીવ ચેતન છે. **'આના (–જીવના) ચેતન ગુણો છે.'** એના બધા ગુણને ચેતનગુણ કહેવામાં આવે છે. અપેક્ષાએ, હોં ! નહિતર તો ભગવાનઆત્મામાં જાણન-દેખન જે ઉપયોગ છે એ જીવ છે અને એ દર્શન, જ્ઞાનાદિ સિવાય છે એ તો ત્યાં ઉપયોગથી અન્ય કહીને અન્યત્વ કહ્યું છે. સપ્તભંગી ચાલી છે. ઉપયોગથી છે, અનુપયોગથી નહિ એ ઉપયોગ. વીર્ય છે એ ઉપયોગ નથી. ઉપયોગ તો જ્ઞાન, દર્શન છે અને એ જીવ છે.

'શ્રીમદ્'માં તો પ્રશ્ન કર્યો છે, ભાઈ ! આ વીર્યને જીવ કહેવો કે અજીવ ? એ છે તો જીવ. ચેતનની અપેક્ષાએ શુદ્ધગુણને ચેતન કહ્યું, પણ એના બે ભાગ પાડવા હોય તો ઉપયોગને ચેતન કહેવો અને બીજાને ચેતન ન કહેવા. આવી વાત છે, ભાઈ ! ઝીણી વાત છે. સમજાય એવું છે, હોં ! સમજાય એવું નથી એમ નથી. ભાષા કાંઈ એવી આકરી નથી. સાદી ભાષામાં એકલું તત્ત્વ છે.

**'આ (જીવ) ચેતન છે; આ આના (–જીવના) ચેતન ગુણો છે. આ અમૂર્ત છે;...'** ભગવાનઆત્મા અમૂર્ત છે. તો **'આના અમૂર્ત ગુણો છે. આ શુદ્ધ છે; આના શુદ્ધ ગુણો છે.'** આ શુદ્ધ છે ને શુદ્ધ ? એના શુદ્ધ ગુણો છે. **'આ અશુદ્ધ છે; આના અશુદ્ધ ગુણો છે.'** પર્યાય લીધી. ત્યાં ગુણ શબ્દે પર્યાય લેવી. **'પર્યાય પણ એ પ્રમાણે છે.'** અશુદ્ધ અને શુદ્ધ, એમ. એ ગુણ, પર્યાયની વ્યાખ્યા પાઠમાં છે ને એ ? **'णाणागुणपज्झएहिं संजुत्ता'** ચોથું પદ છે ને ? એની વ્યાખ્યા કરી. **'णाणागुणपज्झएहिं संजुत्ता'** પછી **'पोग्गल णाणागुणपज्झएहिं संजुत्ता'** એમ લેશે. ટીકા કરી છે. એ જીવની વાત થઈ. હવે, પુદ્ગલની વાત કરશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

*** શ્રોતા :– રાગાદિકનું ને જ્ઞાનનું ઉપજવું એક જ ક્ષેત્રમાં ને એક જ સમયે થતું હોવાથી તે બન્નેની ભિન્નતા કેવી રીતે છે ?**

**પૂજ્ય ગુરુદેવશ્રી :– જે સમયે અને જે ક્ષેત્રે રાગાદિકનું ઊપજવું થાય છે તે જ સમયે અને તે જ ક્ષેત્રે જ્ઞાનનું ઊપજવું થતું હોવાથી અજ્ઞાનીને ભ્રમથી તે બન્ને એક હોય તેમ લાગે છે પણ તે બન્નેના સ્વભાવો જુદા જુદા છે, એક નથી. બંધનું લક્ષણ રાગાદિ છે અને ચૈતન્યનું લક્ષણ જાણવું છે. એમ બન્નેના લક્ષણો ભિન્ન છે. રાગાદિકનું ચૈતન્યની સાથે એક જ સમયે ને એક જ ક્ષેત્રે ઊપજવું થાય છે તે ચૈતન્ય-ચેતક-જ્ઞેય-જ્ઞાયક ભાવની અતિ નિકટતાથી થાય છે પણ એક દ્રવ્યપણાના લીધે નથી થતું. જેમ પ્રકાશવામાં આવતાં ઘટપટાદિ પદાર્થો દીપકના પ્રકાશપણાને જાહેર કરે છે, ઘટપટાદિને નહિ. તેમ જાણવામાં આવતાં રાગાદિક ભાવો આત્માના જ્ઞાયકપણાને જ પ્રસિદ્ધ કરે છે, રાગાદિકને નહિ. કેમ કે દીવાનો પ્રકાશ દીપકથી તન્મય છે. તેથી પ્રકાશ દીપકની પ્રસિદ્ધિ કરે છે, તેમ જ્ઞાન આત્માથી તન્મય હોવાથી જ્ઞાન આત્માને પ્રકાશે છે– પ્રસિદ્ધ કરે છે, રાગાદિને નહિ. કામ-ક્રોધાદિ કષાયભાવો જ્ઞાનમાં જણાય છે તે ખરેખર રાગાદિને પ્રકાશતા નથી કેમ કે રાગાદિ જ્ઞાનમાં તન્મય થયા નથી પણ રાગાદિ સંબંધીનું જ્ઞાન પોતાના જ્ઞાનને પ્રકાશે છે. ચૈતન્ય સ્વયં પ્રકાશસ્વભાવી હોવાથી પર સંબંધીના પોતાના જ્ઞાનને પ્રકાશે છે, પરને પ્રકાશતો નથી. પહેલા કહ્યું કે આત્મા પરને પ્રકાશે છે; પણ તે વ્યવહારથી વાત કરી. ખરેખર તો પર સંબંધીના પોતાના જ્ઞાનને જ પ્રકાશે છે. આ બધી જગતની ચીજો છે તે જ્ઞાનપ્રકાશમાં આવતી નથી અને જ્ઞાનપ્રકાશ જગતની ચીજોમાં જતો નથી. જગતની ચીજો છે તે સંબંધીની પોતાની પરપ્રકાશતા જ્ઞાનપ્રકાશને જ પ્રકાશે છે. આથી સિદ્ધ થયું કે બંધસ્વરૂપ રાગાદિના અને પ્રકાશસ્વરૂપ જ્ઞાનના લક્ષણો જુદા હોવાથી તેમને એકપણું નથી. તે બંનેના સ્વલક્ષણો જુદા જુદા જાણીને ભગવતી પ્રજ્ઞાછીણીને તે બંનેની અંતરંગ સાંધમાં પટકવાથી એટલે કે જ્ઞાનને આત્માની સન્મુખ વાળવાથી રાગથી ભિન્ન ચૈતન્યના અતીન્દ્રિય આનંદને અનુભવાય છે. ૨૧૫.**

**--- દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર – પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

# શ્રી નિયમસાર, ગાથા-૯-૧૦, શ્લોક-૧૬, પ્રવચન નં. ૧૫૨, તા. ૧૪-૧-૧૯૭૬ [૫]

આ 'નિયમસાર'નો 'જીવ અધિકાર' ચાલે છે. જીવની વ્યાખ્યા આવી ગઈ. છ દ્રવ્યના નામ આવ્યા ને ? ૯મી ગાથા. એમાં છ દ્રવ્ય છે, એને દ્રવ્ય-ગુણ-પર્યાય સહિત શ્રદ્ધામાં લેવું એને વ્યવહારસમકિત કહેવામાં આવે છે. છ દ્રવ્ય અને એના ગુણ. પાઠ છે ને ? **'णाणागुणपज्झएहिं'** એનું યથાર્થ દ્રવ્ય-ગુણ અને પર્યાયનું જ્ઞાન કરીને શ્રદ્ધા કરવી. પણ નિશ્ચય સમ્યગ્દર્શન સહિતની વાત છે. વ્યવહાર સમ્યગ્દર્શન શુભરાગરૂપ છે તે કંઈ સમ્યગ્દર્શન નથી, તેમ એ સમ્યગ્દર્શનની પર્યાય પણ નથી. પણ અંતરમાં પૂર્ણ જ્ઞાયક સ્વભાવ, ચૈતન્યનું અવલંબન લઈને જે પ્રતીતિ જ્ઞાનના અનુભવમાં થાય છે તેનું નામ નિશ્ચયસમ્યગ્દર્શન છે. એ ધર્મની પહેલી સીઢી છે. આહા..હા...! જેને નિશ્ચય સમ્યગ્દર્શન છે. પરિણમનરૂપ, ગમનરૂપ, નિરંતર પરિણમન. એમ અહીં જાણવામાં આવ્યું. જીવની વ્યાખ્યા કરી.

હવે પુદ્ગલ આવ્યું આજે. છે ? પુદ્ગલ. ૨૩ પાને છે. **'જે ગલન-પૂરણસ્વભાવ સહિત છે...'** શું કહે છે ? આ શરીર, વાણી, મન, કર્મ, પૈસા, લક્ષ્મી, આબરૂ, જગતની ચીજ, એ જેટલા પુદ્ગલો છે એ બધા **'ગલન-પૂરણસ્વભાવસહિત છે (અર્થાત્ છૂટા પડવાના અને ભેગા થવના સ્વભાવવાળું છે)...'** એ પરમાણુઓ ભેગા થાય છે અને છૂટા પડે છે એ પુદ્ગલનો સ્વભાવ છે. કોઈ ભેગા કરે અને છૂટા પાડે તો છૂટા પડે એમ નથી. સમજાણું કાંઈ ? આ શરીરના રજકણ છે ને એ ભેગા થયા છે એ તો પુદ્ગલના સ્વભાવને કારણે થયા છે અને છૂટા પડે છે તો પૂરણ ગલનરૂપ તેનો સ્વભાવ છે તો છૂટા પડે છે. આહા..હા...! લાડુ વળે છે લાડુ, એ એકઠા ભેગા થયા અને ભૂકો થાય છે એ દાંતથી ભૂકો થાય છે એમ નથી. એ ભૂકો–ભેદ થવાનો એનો સ્વભાવ હોવાથી ભૂકો થાય છે. સમજાણું કાંઈ ? આ રોટલી છે ને રોટલી ! પુદ્ગલ ભેગા થયા તો રોટલી થઈ, હવે એના ટૂકડા થાય છે તો એના ગલનસ્વભાવના કારણે ટૂકડા થાય છે, દાંતથી ટૂકડા થાય કે હાથથી ટૂકડા થાય એમ નથી. આહા..હા...!

**શ્રોતા :–** ... કરીને ખાવું કે એમ ને એમ ખાવું જોઈએ ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કોણ ખાય ? આહા..હા...!

જુઓ ! બીજો શબ્દ આવે છે ને ? **'जीवा'** અને પછી **'पोग्गलकाया'** મૂળ ગાથામાં. તો પુદ્‌ગલની વાત ચાલે છે. **'ગલન-પૂરણસ્વભાવ સહિત છે.'** પરમાણુમાં છૂટા પડવાના અને ભેગા થવાના સ્વભાવ સહિત પુદ્‌ગલ હોય છે. સમજાણું કાંઈ ? રોટલી, દાળ-ભાત વગેરે આવે છે ને ? એ તો એને કારણે આવે છે. લોકો નથી કહેતાં ? 'દાણે દાણે ખાનારનું નામ છે.' એનો અર્થ શું ? અમારે ગુજરાતીમાં કહે છે, ખાવાવાળાનું નામ છે. નામનો અર્થ ? જે પરમાણુ અહીં આવવાના છે એ આવશે અને નહિ આવવાના નહિ આવે, એ પુદ્‌ગલનો સ્વભાવ છે. શેઠ ! એવી વાત છે. આહા..હા...! સમજાણું કાંઈ ? આ શરીર, વાણી, મન, કર્મ, તૈજસ, કાર્માણ શરીર એ પુદ્‌ગલનો પુરાવાનો–એકઠા થવાનો એનો સ્વભાવ છે. આત્માએ રાગ કર્યો તો કર્મ ભેગા થયા એમ નથી.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એમ છે જ નહિ. એ પુદ્‌ગલમાં ભેગા થવું અને છૂટા થવું એ પુદ્‌ગલનો (સ્વભાવ છે). છે ? આ તો શાસ્ત્ર સિદ્ધાંત છે. પૂરણ–ગલન પૂરણ સ્વભાવસહિત છે, ગલન અને પૂરણ સ્વભાવસહિત છે. આહા..હા...! સમજાણું કાંઈ ? શરીર, વાણી, મન આદિ અને દાળ, ભાત, શાક આદિ કે મોસંબી એ બધાનો ભેગા થવું અને છૂટા પડવાનો એનો સ્વભાવ છે. કોઈ લે તો ભેગા થાય અને તણખલું હોય છે એનો ટૂકડો કરે તો ટૂકડો થાય છે, એમ નથી. એનો ટૂકડો થવાનો ગલન સ્વભાવ છે તો ટૂકડો થાય છે. આહા..હા...! સમજાણું કાંઈ ? વાત ઝીણી, બાપુ ! ભગવાને કહેલા દ્રવ્ય છે અને દ્રવ્યનો સ્વભાવ કેવો છે એ અહીં ચાલે છે. આહા..હા...! સમજાણું કાંઈ ? આ તમારી દવા. આ ડોક્ટર છે ને ! બીજા ક્યાં ગયા ? બીજા 'જામનગર' ગયા. એ દવાના રજકણ જ્યાં જવાના છે એ એને કારણે ત્યાં જાય છે. ડોક્ટર ઇંજેક્શન આપે છે અને ત્યાં જાય છે એમ નથી.

**શ્રોતા :–** તો પછી ડોક્ટરને ફી દેવી કે ન દેવી ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ તો ફીના રજકણો ત્યાં જવાના હોય તો ગયા વગર રહે નહિ. એ ફીના પરમાણુ છે ને ! શું કહેવાય તમારે ? નોટ. એ નોટ જવાની હશે તો જશે જ. એ એના કારણે જશે. દેનારના કારણે જશે એમ નથી. ઝીણી વાત છે, ભાઈ ! સમજાણું કાંઈ ? શું કીધું ? જુઓને !

જે **'ગલન-પૂરણસ્વભાવ સહિત છે...'** પુદ્‌ગલનો સ્વભાવ જ એવો છે. પુદ્‌ગલ પુદ્ = પુરાવું, ગલ = છૂટું પડવું. એનો સ્વભાવ છે. આહા..હા...! 'શ્રીમદ્' તો એકવાર એમ પણ કહેતા હતા. 'શ્રીમદ્ રાજચંદ્ર' પત્રમાં છે કે તણખલાના બે ટૂકડા કરવાની શક્તિ અમારામાં નથી. તણખણું હોય છે ને ? તણખલું. એના બે ટૂકડા અમે કરી શકતા નથી. ત્યારે લોકો એમ જાણે કે બસ આટલું ? પણ એ ટૂકડો થાય છે એ ગલન છે અને ભેગા થાય છે એ પૂરન છે, એ એના સ્વભાવસહિત છે. પોતાના આત્માના કારણે અને આત્માને વિકલ્પ આવ્યો માટે ત્યાં ગલન થાય છે (એમ નથી). દાઢની નીચે રોટલીનો ટૂકડો થાય છે, તો એ ટૂકડો થવાનો ગલન સ્વભાવ છે તેનાથી થાય છે,

દાંતથી નહિ, હાથથી નહિ, ઇચ્છાથી નહિ. આવી વાત છે. આ રીતે પુદ્ગલનો સ્વભાવ છે એમ એની શ્રદ્ધામાં લેવું જોઈએ. ત્યારે એ હજી વ્યવહારશ્રદ્ધા છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

**'(છૂટા પડવાના અને ભેગા થવાના સ્વભાવવાળું છે)...'** જુઓ ! ભાષા તો બહુ ટૂંકી. આહા..હા...! આ પાના બને છે, એ એકત્ર થાય છે એ એને કારણે. જીર્ણ થાય છે તો એને કારણે ગલન થાય છે. બહુ ધ્યાન રાખે તો રહે અને ધ્યાન ન રાખે તો તૂટી જાય એમ નથી, એના કારણે છે. આહા..હા...! **'તે પુદ્ગલ છે.'** છે ને ? **'ગલન-પૂરણસ્વભાવ સહિત છે.'** સ્વભાવ ગલન-પૂરણસ્વભાવ સહિત છે. ભેગા થવું, છૂટું પડવું એ પુદ્ગલના સ્વભાવસહિત છે, એનો સ્વભાવ છે. આહા..હા...! પૈસા આવવા-જવા એ પુદ્ગલનો સ્વભાવ છે. આહા..હા...!

**શ્રોતા :–** ચોથા આરાની વાત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ત્રણે કાળની વાત છે. શેઠ ! આ કહે છે, ચોથા આરાની વાત હશે. શેઠને પૈસા ઘણા આવે છે. 'કાનપુર' જાય છે. ૫૦-૫૦ હજાર, ૨૫-૨૫ હજારની ઉઘરાણીના આવે. 'કાનપુર' જાય છે. મહિનામાં બે-પાંચ લાખ તો લઈ આવે.

**શ્રોતા :–** કાગળ છે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ભલે કાગળ છે, પણ એ, એ નોટ અત્યારે એ છે ને ! એ આવવું અને જવું એ પુદ્ગલના સ્વભાવને કારણે છે. કોઈ કહે કે મેં લક્ષ્મી આપી, એ વાતમાં કાંઈ માલ નથી. લક્ષ્મીના પરમાણુ જ્યાં જવાના હશે ત્યાં એ જશે અને ભેગા થવાના હશે તે ભેગા થશે. જીર્ણ નામ ગલન થવાના હશે તો ગલન થશે. એ પુદ્ગલ, પુદ્ગલ—ભેગા થવું અને છૂટા પડવું એ પુદ્ગલના સ્વભાવસહિત છે, એનો સ્વભાવ છે. બીજો પ્રાણી એને પૂરણ-ગલન કરે એમ છે નહિ. આ વસ્તુની શ્રદ્ધા પુદ્ગલ એને કહીએ. આવા સ્વભાવસહિત છે એવી શ્રદ્ધા કરવી. કોઈ દઈ-લઈ શકે છે એમ છે નહિ. આહા..હા...! સમજાણું કાંઈ ?

**શ્રોતા :–**...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કોઈ લઈ જાતું નથી. એવા દાખલા બન્યા એ તો એને કારણે હોય. કોણ લઈ જાય અને કોણ દઈ જાય ! આહા..હા...! સમજાણું કાંઈ ? એ પુદ્ગલ શબ્દ એમ ભગવાન કહે છે. **'पोग्गल' 'पोग्गल'** છે ને ? **'पोग्गल'** પુદ્ગલ નામ રજકણોનું ભેગા થવું અને રજકણોનું છૂટા પડવું એ સ્વભાવસહિત છે, એ પુદ્ગલનો સ્વભાવ છે. કોઈ બીજો દઈ શકે–લઈ શકે એવી ચીજ જ નથી. પુદ્ગલનો આવો સ્વભાવ છે, એવી શ્રદ્ધા જેને થાય તેને યથાર્થ શ્રદ્ધા કહેવામાં આવે છે. હું પુદ્ગલને દઈ શકું છું, લઈ શકું તો એ શ્રદ્ધા ખોટી છે. આહા..હા...! આવો માર્ગ છે, ભગવાન !

**શ્રોતા :–** જીવ નથી કરતો પણ પુદ્ગલ પુદ્ગલને તો કરે છે ને ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પુદ્ગલ પુદ્ગલને કરે છે એમ નથી. એક પુદ્ગલ બીજા પુદ્ગલને નથી કરતું.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– નહિ. એ તો પોતાથી થાય છે.

**શ્રોતા** :– ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— નહિ.. નહિ.. બિલકુલ નહિ. મશીનના કારણે થયું જ નથી, એ એને કારણે થયું છે. શેઠ ! આ મશીન આવ્યું ને મશીન ! એણે બનાવ્યું. એમ કે મશીને બનાવ્યું ?– ના. અનંત-અનંત પરમાણુ ભિન્ન-ભિન્ન પોતાના કાર્ય-કારણે પરિણમે છે. આહા..હા...! આવી વાત છે, ભાઈ ! સમજાણું કાંઈ ?

અહીં તો ભગવાન એમ કહે છે કે પુદ્‌ગલ જે જગતમાં છે, એના સ્વભાવસહિત ગલન-પૂરણ છે, એમ માને તો પુદ્‌ગલને માન્યું, પણ પુદ્‌ગલને હું દઈ શકું છું, લઈ શકું છું, તોડી શકું છું – એમ માને તો પુદ્‌ગલના સ્વભાવની એને ખબર નથી. સમજાણું કાંઈ ? એવી વાત છે, ભાઈ ! આહા..હા...! સંપ્રદાયમાં ઘણા ભ્રમ ચાલે છે. હું આમ આપું છું, આહાર હું આપું છું અને આહાર મેં લીધો, એ બધી ખોટી વાત છે. ત્યાં જવું અને આવવું એ પુદ્‌ગલનો સ્વભાવ છે.

**શ્રોતા** :– મુનિ મહારાજને આહાર આપવો કે ન આપવો ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– કોણ દે લે ? એ તો વિકલ્પ થાય છે. સૂક્ષ્મ વાત છે, ભાઈ ! છ દ્રવ્યમાં જે દ્રવ્યનો જેવો જેટલો સ્વભાવ છે, એમ જાણે તો એ દ્રવ્યને વ્યવહારે માન્યા કહેવાય. વ્યવહારશ્રદ્ધા છે ને ! આ તો વ્યવહાર શ્રદ્ધાની વાત છે. આહા..હા...! સમજાણું કાંઈ ? આ તો શાસ્ત્ર છે, સિદ્ધાંત છે. એક એક શબ્દમાં ઘણો મર્મ ભર્યો છે. આહા..હા...! અહીંયાં બળખો છે. બળખા સમજો છો ? કફ. તો કફ થૂ કરતા છૂટે છે એ આત્માની પર્યાયથી છૂટે છે એમ નથી એમ કહે છે. એનો છૂટવાનો સ્વભાવ છે માટે છૂટશે. સમજાણું કાંઈ ? પૂરણ-ગલન એનો સ્વભાવ છે. જે પૂરણ-ગલન સ્વભાવ પુદ્‌ગલ સ્વભાવસહિત છે તો બીજો કહે કે હું આમ કરું છું – એ મિથ્યાત્વભાવ છે. આહા..હા...! સમજાણું કાંઈ ? એક વાત. બીજી વાત.

**'આ (પુદ્‌ગલ) શ્વેતાદિ વર્ણોના આધારભૂત મૂર્ત છે;..'** એ શું કહે છે હવે ? દરેકમાં મર્મ છે, ન્યાય છે. એ પુદ્‌ગલમાં શ્વેત છે એ તો પર્યાય છે. પરમાણુ છે ને ! શ્વેત છે એ તો પર્યાય છે, એનો ગુણ તો રંગ છે. રજકણ જે છે આ પુદ્‌ગલ પૈસા, લક્ષ્મી એ બધું એ પરમાણુમાં રંગ છે એ એનો ગુણ છે, પણ શ્વેત આદિ દશા છે એ તો પર્યાય છે. સમજાણું કાંઈ ? અહીં તો પર્યાયથી લીધું છે. જુઓ !

**'શ્વેતાદિ...'** રંગગુણની શ્વેત પર્યાય, કાળી પર્યાય, લીલી પર્યાય, સુગંધ પર્યાય, દુર્ગંધ પર્યાય. છે ? **'શ્વેતાદિ વર્ણો...'** શેઠ ! છે ? વસ્તુ શું કહે છે ? કે દરેક પરમાણુ પુદ્‌ગલ જે જડ છે, એમાં શ્વેત નામ સફેદ, સફેદ પર્યાય. આ પર્યાય છે અને ગુણ તો એ પરમાણુમાં રંગ નામનો ગુણ છે. એ શ્વેત આદિ રંગગુણની પર્યાય છે, અવસ્થા છે. આહા..હા...! રજકણ જે છે એ દ્રવ્ય છે અને રજકણમાં રંગ, ગંધ, રસ, સ્પર્શ છે એ ગુણ છે અને રંગની સફેદ, લીલી આદિ અવસ્થા છે એ

પર્યાય છે. આહા..હા...! સમજાણું કાંઈ ? આ તો આવી વાત છે, ભાઈ ! વીતરાગનો માર્ગ આવો સૂક્ષ્મ છે. એક એક ચીજની ઘણી મહત્તા છે. પુદ્ગલને એમ માને કે શ્વેતની પર્યાય મેં બનાવી, પણ એ શ્વેત તો એના રંગગુણની પર્યાય છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

**'શ્વેતાદિ....'** રંગગુણની શ્વેત પર્યાય, ગંધગુણની સુગંધ આદિ પર્યાય, સ્પર્શ આદિની ઠંડી-ઊની પર્યાય, એમ લેવું. **'શ્વેતાદિ...'** છે ને ? શ્વેતાદિ. 'ચંદુભાઈ' ! આ તો પર્યાયની વાત લીધી. છતાં વર્ણો લીધા. જુઓ ! **'શ્વેતાદિ વર્ણો...'** નહિતર વર્ણ-રંગ તો ત્રિકાળી છે, પણ શ્વેત અવસ્થાને અહીં વર્ણ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ ? રાત્રે મતિજ્ઞાનનો પ્રશ્ન નહોતો થયો ! કે મતિજ્ઞાનને ગુણ કેમ કહ્યો ? તો કહ્યું ને ! વિભાવગુણ કહ્યો. વિભાવગુણો. તો વિભાવગુણનો અર્થ શું ? ગુણમાં વિભાવ હોય છે ? એ પર્યાય વિભાવિક છે. મતિ, શ્રુત, અવધિ જે જ્ઞાન છે એ વિભાવિકપર્યાય છે. પર્યાયને અહીં ગુણથી કથન કરવામાં આવ્યું છે. આહા..હા...! સમજાણું કાંઈ ? આ તો સિદ્ધાંત છે, કોઈપણ એક શબ્દ છે એમાં મર્મ છે. એ કોઈ કથા-વાર્તા નથી.

કહે છે, **'શ્વેતાદિ વર્ણોના...'** વર્ણ લીધું, જુઓ ! શ્વેતાદિ પર્યાય શબ્દ ન લીધો. **'શ્વેતાદિ વર્ણોના આધારભૂત મૂર્ત છે;...'** પુદ્ગલ શ્વેતાદિ પર્યાયનો આધારભૂત મૂર્ત છે. રંગ, ગંધ, સ્પર્શવાળો મૂર્ત છે ને ! આ લાડુ, દાળ, ભાત, શાક, મોસંબી એ બધા શ્વેતાદિ પર્યાયના આધારભૂત એ મૂર્ત દ્રવ્ય છે, મૂર્ત દ્રવ્ય છે, રૂપી દ્રવ્ય છે. આહા..હા...! સમજાણું કાંઈ ? **'આના મૂર્ત ગુણો છે.'** એના ગુણ મૂર્ત છે. રંગ, ગંધ, સ્પર્શ પરમાણુના ગુણ જે છે એ મૂર્ત છે. **'આ અચેતન છે; આના અચેતન ગુણો છે.'** એ બધા અચેતનના અચેતન ગુણો છે પરમાણુના. આહા..હા...! એ પુદ્ગલની વાત થઈ.

હવે ધર્માસ્તિ, અધર્માસ્તિ. ધર્માસ્તિ, અધર્માસ્તિ ભગવાને બે દ્રવ્ય જોયા છે. આ વાત સર્વજ્ઞ પરમેશ્વર સિવાય ક્યાંય નથી. અન્યમતમાં (ક્યાંય નથી) કેમ કે એમાં સર્વજ્ઞ નથી. અહીં તો સર્વજ્ઞ જેના મતમાં છે એ સર્વજ્ઞએ ધર્માસ્તિ-અધર્માસ્તિ જોયા છે. બે અરૂપી પદાર્થ છે : એક ધર્માસ્તિકાય, એક અધર્માસ્તિકાય. એના કેવા ગુણ છે ? એ નીચે લીધું છે. **'સ્વભાવગતિક્રિયારૂપે અને વિભાવગતિક્રિયારૂપે પરિણત જીવ-પુદ્ગલોને સ્વભાવગતિનું અને વિભાવગતિનું નિમિત્ત તે ધર્મ છે.'** નીચે ખુલાસો આપ્યો છે. નીચે નોટમાં છે. એક.

**'ચૌદમા ગુણસ્થાનના અંતે...'** જ્યારે સિદ્ધ થાય છે ને, સિદ્ધ ? સિદ્ધમાં પૂર્ણ જ્ઞાન થયું અને ચૌદમું ગુણસ્થાન પ્રગટ્યું. **'અંતે જીવ ઊર્ધ્વગમનસ્વભાવથી...'** જીવનો ઊર્ધ્વગમનસ્વભાવ છે. **'લોકાંતે જાય...'** છે, સિદ્ધ. સિદ્ધ ભગવાન ઉપર બિરાજે છે ને ? ણમો સિદ્ધાણં, ણમો અરિહંતાણં તો મહાવિદેહમાં અરિહંત ભગવાન બિરાજે છે. સિદ્ધ ભગવાન ત્યાં બિરાજે છે. અહીંયા તીર્થંકર હતા ત્યારે ણમો અરિહંતાણં હતા. હવે તીર્થંકરો ણમો સિદ્ધાણંમાં ગયા. થોડો અભ્યાસ કરવો જોઈએ, શેઠ ! પુસ્તક લીધું છે. સારું કર્યું. થોડા થોડા અભ્યાસ વિના આ સમજાતું નથી. એમ ને એમ ઓઘે ઓઘે માને એ સત્ય નથી. સમજાણું કાંઈ ? આહા..હા...!

કહે છે કે **'ઊર્ધ્વગમનસ્વભાવથી લોકાંતે જાય...'** છે. કોણ ?–સિદ્ધ. ચૌદમું ગુણસ્થાન પૂરું થયું ને ? જ્યારે મહાવીર ભગવાન આદિ જ્યાં મોક્ષ પધાર્યા. દેહ છૂટી ગયો અને આત્મા ઊર્ધ્વ ગમનમાં ચાલ્યો ગયો. એ સ્વભાવગતિ છે, એ વિભાવ નથી. છે ? **'ઊર્ધ્વગમનસ્વભાવથી લોકાંતે જાય તે જીવની સ્વભાવગતિક્રિયા છે...'** ગમન કરે છે માટે વિભાવ છે એમ નથી, એમ કહે છે. અહીંથી આત્મા પૂર્ણ પરમાત્મા થઈને નીકળે છે. સિદ્ધ છે ત્યાં જાય છે, ત્યાં રહે છે. તો અહીં ગતિ થઈ એ વિભાવિક નથી. ગતિ છે માટે વિભાવ છે, એમ નથી. એ સ્વભાવિકગતિ છે. સમજાણું કાંઈ ? કોઈ એમ કહે છે કે અહીંથી ગતિ કરે છે ત્યાં સુધી વિભાવ છે. એમ નથી, ખોટું છે.

**શ્રોતા :–** જ્યોતમાં જ્યોત મળી જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** જ્યોતમાં જ્યોત ક્યાંથી મળે ? પોતાના સ્વરૂપમાં રહે છે. અનંતા સિદ્ધ છે ત્યાં જાય છે તો એક સિદ્ધમાં બીજા સિદ્ધ મળતા નથી. અહીં હજાર બત્તી હોય, હજાર બત્તી હોય, તો એક બત્તીનું અજવાળું બીજી બત્તીમાં ઘૂસી જાય છે ?–બિલકુલ નહિ, બધાનો ભિન્ન-ભિન્ન પ્રકાશ છે. આહા..હા...! વીતરાગમાર્ગ, ભાઈ ! એનો વ્યવહારશ્રદ્ધાનો વિષય પણ સૂક્ષ્મ છે. સમજાણું કાંઈ ? વ્યવહારશ્રદ્ધામાં એમ આવવું જોઈએ કે પુદ્ગલ જેટલા છે, એ પોતાથી ભેગા થાય છે અને પોતાથી છૂટા પડે છે એવા સ્વભાવ સહિત પુદ્ગલ છે. એ સ્વભાવ બીજો કરી શકે એમ છે નહિ. આહા..હા...!

અહીંયાં તો **'સ્વભાવગતિક્રિયારૂપે...'** પરિણત જીવ, મોક્ષ જાય ત્યારે. **'અને સંસારાવસ્થામાં કર્મના નિમિત્તે ગમન કરે...'** આત્મા એક ભવમાંથી બીજે ભવમાં જાય છે ને ? **'જીવની વિભાવગતિક્રિયા છે.'** કેમ કે કર્મનું નિમિત્ત છે. **'એક છૂટો પરમાણુ ગતિ કરે...'** એક રજકણ છે ને ? છેલ્લો પોઈન્ટ. આ તો ઘણા પરમાણુ એકઠા થયા છે. છેલ્લો એક પોઈન્ટ જેના બે ભાગ ન થાય. **'એક છૂટો પરમાણુ...'** પૃથક્ નામ જુદો પરમાણુ **'ગતિ કરે તે...'** ગમન કરે છે **'તે પુદ્ગલની સ્વભાવગતિક્રિયા છે...'** એ એકલો પરમાણુ પરની અપેક્ષા વગર ગતિ કરે છે તો તે **'સ્વભાવગતિક્રિયા છે...'** એક પરમાણુ નીચે છે. ચૌદ રાજૂલોક ચાલ્યો જાય એ સ્વભાવગતિક્રિયા છે, કેમ કે સ્કંધ નથી, પિંડ નથી, એકલું સ્વતંત્ર દ્રવ્ય છે. તેની ગતિને સ્વભાવગતિક્રિયા કહે છે. આહા..હા...!

**'અને પુદ્ગલસ્કંધ ગમન કરે...'** આ શરીર. આ વિભાવ છે. ઘણા રજકણ ભેગા થયા છે ને ? તો એ વિભાવગતિક્રિયા છે. એ આત્માથી નથી થતી. શરીર આમ ચાલે છે એ વિભાવગતિક્રિયાથી ચાલે છે. આહા..હા...! સમજાણું કાંઈ ? આ તો સંપ્રદાયમાં જન્મ્યા (અને માની લીધું) અમે જૈન... જૈન... વાડાના જૈન. એમ નથી. ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર જિનેશ્વરદેવે દ્રવ્યનો સ્વભાવ જેવો સ્વતઃ જોયો છે, એમ માને ત્યારે તો વ્યવહારશ્રદ્ધા કહેવામાં આવે છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

**'પુદ્ગલસ્કંધ ગમન કરે તે પુદ્ગલની...'** છે ને ? એક પરમાણુ એકલો ગતિ કરે એ સ્વભાવગતિ છે. પુદ્ગલસ્કંધ ગમન કરે, આ શરીર, વાણી, પત્થર ફેંકે, એ ગતિ કરે એ એની વિભાવગતિક્રિયા

છે. આ દડો હોય છે ને ? શું કહેવાય ? ગેંદ. અમારે (ગુજરાતીમાં) દડો કહે છે. એ એની વિભાવગતિક્રિયા એમ થાય છે. બીજો મારે છે અને બહાર જાય છે એમ નથી. આહા..હા...!

આ તો ભગવાનનો જોયેલો વસ્તુનો સ્વભાવ છે. આહા..હા...! છે ? આ વરસાદ વરસે છે ને, વરસાદ ? એ પુદ્ગલસ્કંધ છે. અંદર એકેન્દ્રિય જીવ છે એ ભિન્ન છે. દેખાય છે, એ તો સ્કંધ શરીર છે. જેમ આ શરીર દેખાય છે. આત્મા તો ભિન્ન છે. એમ પાણીનો જીવ છે એ અંદર ભિન્ન છે. પણ પાણી ઉપરથી પડે છે એ પુદ્ગલની વિભાવિકક્રિયાથી પુદ્ગલ નીચે પડે છે. આહા..હા...! આવું તો કોઈ દિ' સાંભળ્યું ન હોય. માર્ગ આવો છે. પુદ્ગલનો જેવો સ્વભાવ છે, એ સ્વતઃ હોય છે, એમ યથાર્થ માને ત્યારે તો પુદ્ગલની વ્યવહારશ્રદ્ધા કહેવામાં આવે છે. એની નિશ્ચયશ્રદ્ધા તો આત્માની હોય તેને વ્યવહારશ્રદ્ધા કહેવાય છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

**'પુદ્ગલની (સ્કંધમાના દરેક પરમાણુની)...'** જુઓ ! શું કહે છે ? આ આંગળી છે ને, આંગળી ? જુઓ ! હલે છે ને ? એ વિભાવિકગતિક્રિયા છે. સ્કંધ ભેગા છે તો એને વિભાવ(ગતિક્રિયા) કહ્યું, પણ એક પરમાણુ અંદર છે એ પણ વિભાવગતિ ક્રિયાવાળા છે. આ એક ચીજ નથી આ તો અનંત રજકણના પિંડ છે. અનંત પરમાણુ પોઈન્ટ. ટૂકાડ કરતા કરતા કરતા છેલ્લો રહે એ એક પરમાણુ, એવા અનંત પરમાણુનો પિંડ છે. એને વિભાવગતિક્રિયા કહી, કેમ કે ભેગા થઈને થઈ ને ! પણ છતાં એ સ્કંધમાં રજકણ જે છે, એ પણ વિભાવગતિક્રિયા છે. એકલા છૂટો પરમાણુ હોય એ સ્વભાવગતિક્રિયા છે. સ્કંધમાં જે પરમાણુ છે એ વિભાવગતિક્રિયા છે. સમજાણું કાંઈ ?

વિભાવ શબ્દે બે પરમાણુ સાથે છે માટે વિભાવ થયા. એક પરમાણુ ભિન્ન છે તો એ સ્વભાવ છે. આવી વાતું, ભાઈ ! બીજા જીવને-શરીરને હું મારી શકું છું એ ખોટી વાત છે. એ શરીરના પુદ્ગલનો છૂટવાનો સમય હશે ત્યારે જ છૂટશે. સમજાણું કાંઈ ? બીજા કહે કે હું શરીરની રક્ષા કરું... આ ડોક્ટર તો દવા કરે છે ને ? એય..! નિરોગ બનાવે છે કે નહિ ? ધૂડેય નથી બનાવતો.

**શ્રોતા :-** આ બધા ટૂકડા...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ટૂકાડા-ટૂકડા કોણ કરે ? પુદ્ગલ. ગલ એનો સ્વભાવ છે તો ટૂકડા થાય છે. પોતાથી ટૂકડા થાય છે એ વાત-માન્યતા મિથ્યાત્વ છે. આવી વાત છે, ભાઈ ! આહા..હા...!

અહીં તો ખૂબી શું લીધી, સમજ્યા ? આ લઈએ જુઓને ! અનંત પરમાણુ છે ને ? આ અનંત રજકણ છે. આ વિભાવ છે. છૂટો એકલો પરમાણુ છે તે સ્વભાવ છે. એ એકલો સ્વભાવગતિ કરે છે. પણ એમાં (સ્કંધમાં) એક એક પરમાણુ છે એની એમાં વિભાવગતિક્રિયા છે. સમજાણું કાંઈ ? આહા..હા...! **'આ સ્વભાવિક તેમ જ વિભાવિક ગતિક્રિયામાં ધર્મદ્રવ્ય નિમિત્તમાત્ર છે.'** બસ, એટલી વાત છે. ત્યાં ધર્માસ્તિ નામનું દ્રવ્ય-એક વસ્તુ છે. ચૌદ રાજૂલોક, ચૌદ બ્રહ્માંડ પ્રમાણે ધર્માસ્તિ નામનો અરૂપી એક પદાર્થ છે. એ સ્વભાવગતિ કે વિભાવગતિમાં ધર્માસ્તિકાયનું નિમિત્ત છે, ઉપાદાન પોતાનું છે. પોતાથી સ્વભાવગતિ કરે છે, પોતાથી વિભાવગતિ કરે છે, નિમિત્ત ધર્માસ્તિકાય છે.

આહા..હા...! લ્યો. એ ત્યાં આવ્યા. '**જીવ-પુદ્ગલોને સ્વભાવગતિનું અને વિભાવગતિનું નિમિત્ત તે ધર્મ છે.**' હવે નીચે.

'**સ્વભાવસ્થિતિક્રિયારૂપે...**' હવે સ્વભાવની સ્થિતિ. પહેલી ગતિ હતી. '**સ્વભાવસ્થિતિક્રિયારૂપે અને વિભાવસ્થિતિક્રિયારૂપે પરિણત જીવ-પુદ્ગલોને સ્થિતિનું (–સ્વભાવસ્થિતિનું અને વિભાવસ્થિતિનું) નિમિત્ત તે અધર્મ છે.**' નીચે બગડો, નોટમાં. '**સિદ્ધદશામાં જીવ સ્થિર રહે...**' છે. ભગવાન બિરાજે છે ત્યાં તો સિદ્ધ ભગવાન સ્થિર છે. એક સિદ્ધ છે ત્યાં અનંત સિદ્ધ છે, સ્થિર છે. લોક–અગ્ર, લોકના અગ્ર ભાગે. '**સિદ્ધદશામાં જીવ સ્થિર રહે તે જીવની સ્વભાવિક સ્થિતિક્રિયા છે...**' સ્વભાવિક સ્થિતિક્રિયા છે.

'**અને સંસારદશામાં સ્થિર રહે તે જીવની વૈભાવિક સ્થિતિક્રિયા છે. એકલો પરમાણુ સ્થિર રહે તે પુદ્ગલની સ્વભાવિક સ્થિતિક્રિયા છે અને સ્કંધ સ્થિર રહે તે પુદ્ગલની (–સ્કંધમાંના દરેક પરમાણુની) વૈભાવિક સ્થિતિક્રિયા છે.**' આહા..હા...! આ પાનું લઈ લ્યો. આ સ્કંધ છે એ આમ રહે છે, એ એની વૈભાવિક સ્થિતિક્રિયા છે. ઘણા એકઠા છે ને ? તો આ વૈભાવિક સ્થિતિક્રિયા છે, આમ સ્થિર રહેવું તે. ભગવાનનો માર્ગ સૂક્ષ્મ છે. શેઠિયાઓને નવરાશ મળે નહિ. રળવું, ખાવું એમાં ગુંચાઈ જાય. કલાક સાંભળવા જાય. કેમ ? 'માંગીલાલજી'! આમાં તો વખત લેવો જોઈએ, ભાઈ ! વીતરાગનો આવો માર્ગ અનંતકાળે મળે છે. એને સમજવામાં સમય આપવો જોઈએ. આહા..હા...! પોતાના હિત માટે છે ને ? બીજા કોઈ માટે છે ? શું કીધું ? જુઓ !

'**(–સ્કંધમાંના દરેક પરમાણુની) વૈભાવિક સ્થિતિક્રિયા છે.**' જુઓ! આ આંગળીમાં આ પરમાણુ આમ ચાલે છે, તો એ સ્કંધ વૈભાવિક છે કેમ કે એક પરમાણુ નથી. અનંત પરમાણુમાં વૈભાવિક ક્રિયા થાય છે, તો એક એક પરમાણુ પણ અંદર વૈભાવિકક્રિયાવાળા છે, એક એક રજકણ છે એ વૈભાવિકક્રિયાવાળા છે. સ્કંધમાં આવ્યા તો વૈભાવિક થયા ને ? એ સમયે વૈભાવિકક્રિયા થવાને લીધે ત્યાં રહ્યા છે. ઝીણી વાત, ભગવાન ! અત્યારે તો બહુ ગપ (મારે છે), નિમિત્તથી થાય છે... નિમિત્તથી થાય છે... શું થાય છે ! નિમિત્ત તો છે, એટલું. આહા..હા...! '**જીવ-પુદ્ગલની સ્વાભાવિક તેમ જ વૈભાવિક સ્થિતિક્રિયામાં...**' અધર્માસ્તિકાય નામનો એક પદાર્થ છે. નીચે છે ને ? '**અધર્મદ્રવ્ય નિમિત્તમાત્ર છે.**' અધર્માસ્તિકાય છે. હવે એ બાજુ. ૨૪ પાનું.

'**(બાકીનાં) પાંચ દ્રવ્યોને અવકાશદાન (–અવકાશ દેવો તે) જેનું લક્ષણ છે તે આકાશ છે.**' આકાશના નામનો અરૂપી પદાર્થ છે એ લોક અને ઓલકમાં સર્વવ્યાપક છે. એ પાંચ દ્રવ્યો, પાંચ દ્રવ્યો છે ને ? અધર્માસ્તિ, ધર્માસ્તિ, કાળ, જીવ અને પુદ્ગલ. એમને '**અવકાશદાન જેનું લક્ષણ છે તે આકાશ છે.**' આકાશ નામનો પદાર્થ લોકાલોકમાં વ્યાપક છે. ચૌદ બ્રહ્માંડ છે ત્યાં પણ અરૂપી આકાશ છે. અને ખાલી ભાગ છે ત્યાં પણ આકાશ છે. અંત... અંત.. અંત.. વિનાનું આકાશ. આમ ચારે બાજુ આકાશ ચાલ્યું જાય છે. અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત...

અનંત... યોજન ક્યાંય અંત નહિ એવડું આકાશ છે. આહા..હા...! અંત હોય તો પછી શું ? એવી વાત છે. આકાશનો અંત નથી. સમજાણું કાંઈ ? એ **'એ પાંચ દ્રવ્યોને અવકાશદાન...'** ... નિમિત્ત છે.

**'(બાકીનાં) પાંચ દ્રવ્યોને વર્તનાનું નિમિત્ત તે કાળ છે.'** કાળ નામનો પદાર્થ છે. પાંચ દ્રવ્યોને.. જીવ, પુદ્ગલ એવા પાંચ પદાર્થ છે. એ વર્તે છે, પલટે છે. પલટાવવામાં નિમિત્ત થાય તે કાળદ્રવ્યનું નિમિત્ત છે. પલટવું તે પોતાનો સ્વભાવ છે. પણ કાળદ્રવ્ય એને નિમિત્ત છે. સમજાણું કાંઈ ? 'ચંદુભાઈ' ! શ્વેતાંબર કાળદ્રવ્યને માનતા નથી, એ ઉપચાર માને છે, એમ નથી. કાળદ્રવ્ય વસ્તુ છે. સમજાણું કાંઈ ? અમારે 'નારણભાઈ'એ પ્રશ્ન કર્યો હતો. હમણા કહ્યું હતું ને ? 'જામનગર'માં (સંવત) ૧૯૮૮ની સાલ. તમારા સસરા 'જ્વાળાપ્રસાદ' પણ ૧૯૮૮ની સાલમાં આવ્યા હતા. ૪૪ વર્ષ થયા. તો ત્યાં પ્રશ્ન થયો હતો કે ભાઈ ! આ શ્વેતાંબર કાળદ્રવ્યને નથી માનતા એનું કારણ શું ? અમારે 'નારણભાઈ' તર્કબાજ હતા ને ? કહ્યું હતું ને ?

સ્વકાળની પરિણતિ સ્વતઃ થાય છે એની એને ખબર નથી. સ્વકાળની પર્યાય પરથી ભિન્ન થઈ ગઈ. સ્વકાળ નિર્મળ ન થઈ તો તેણે કાળદ્રવ્યને ઊડાડી દીધો. સ્વકાળની પરિણતિનું ભાન નથી એણે કાળદ્રવ્યને ઊડાવી દીધું. એય..! 'નવરંગભાઈ' ! શું કીધું સમજાય છે ? ફરી વાર. તે દિ' આ વાત નહોતી. આહા..હા...! 'દયાબેન'. 'દયાબેન' તમારે. 'બચુભાઈ'ને ઘરે 'દયાબેન' છે ને ? એ તે દિ' ત્યાં આવ્યા હતા. ત્યારે પ્રશ્ન થયો હતો. ૧૯૮૮ની સાલની વાત છે. ૪૪ વર્ષ થયા. ત્યારે પ્રશ્ન થયો કે કાળદ્રવ્યને શ્વેતાંબર નથી માનતા એનું કારણ શું ? તો ત્યાં અમારે 'નારણભાઈ' સાથે ચર્ચા થઈ હતી કે સ્વકાળનો પુરુષાર્થ થયે અનુભવ થાય, એ થાય, એને સ્વકાળ છે, અનુભવ થયો તેને પરકાળનું નિમિત્તિનું સાચું જ્ઞાન થાય છે. પણ જેને સ્વકાળનું પરિણમન નથી તેણે કાળને ઊડાવી દીધો. ભાઈ ! આહા..હા...! ઝીણી વાત છે. આ તો ઘણા વર્ષથી અમારે ચાલે છે ને ! આહા..હા...! શું કીધું ઇ ?

પોતાનો આત્મા આનંદસ્વરૂપ છે, જ્ઞાયક સ્વભાવ છે, ચૈતન્ય આનંદકંદ છે, એના સ્વકાળમાં એની પરિણતિ સમ્યગ્દર્શન થયું હોય તો મારા કાળમાં મારો કાળ પાકી ગયો, મારા કાળમાં મારી દશા પલટી તેને બીજા કાળનું નિમિત્તનું સાચું જ્ઞાન છે. પણ જેને કાળની પરિણતિ બદલી નથી તેને કાળ આ છે અને આ છે એ એને રહ્યું નથી. સૂક્ષ્મ વાત છે. 'ભગવાનજીભાઈ'! અમારે તો દુકાન છોડ્યા પછી આ ધંધો ઠેઠથી ચાલે છે. દુકાન છોડ્યાને ૬૪ વર્ષ થયા. (સંવત) ૧૯૬૮ના વૈશાખની દુકાન છોડી. ૬૪ વર્ષ થયા. ૬૦ અને ૪. આ ચર્ચા ત્યારે સંસારમાં પણ થોડી થોડી ચાલતી હતી.

(સંવત) ૧૯૬૯ની સાલમાં એ ચર્ચા થઈ હતી. ઈશ્વરકર્તા છે ને ? તો કહે, આ વસ્તુ અનાદિ-અનંત છે, તો તે અનાદિ-અનંત જણાય કેમ ? આદિ હોય તો જાણે. અનાદિ-અનંતને કઈ રીતે

જાણે ? એવો પ્રશ્ન થયો હતો. સંવત ૧૯૬૯ની સાલમાં. ૭૦મા ઓછા. તે દિ' એ દૃષ્ટાંત આપ્યું હતું.

છાપ મારે છે ને ? શું કહે છે ? છાપ મારે છે ને ? જોયું છે ? ક્યારથી શરૂ થયું ? ... દેખાય છે ? ક્યાંથી શરૂ થયું ? ... એમ અનાદિથી જાણવામાં આવે છે. ક્યારથી શરૂ થયું ? છે નહિ ને. સમજાણું કાંઈ ? આ તો સંસારમાં દીક્ષા લીધા પહેલાં ચર્ચા થતી હતી. એક કાઠી હતા. ત્યાં 'ગઢડા' રહેતા હતા. જંગલમાં જતા ત્યારે બોલાવે. શરીર નાનું ઉંમર ૨૨ વર્ષની. અને અમારા પિતાજીના પિતાજીની ત્યાં 'ગઢડા'માં બહુ પ્રસિદ્ધિ. મોટા ગૃહસ્થ હતા. એટલે કહે એમના દીકરાના દીકરા દીક્ષા લે છે અને રૂપાળુ શરીર છે. તે દિ' બાવીસ વર્ષની ઉંમર. આ શું ? બોલાવો. કે તમે કહો છો કે આત્મા શરીર પ્રમાણે છે, તો એ તો અનિત્ય થઈ જાય. નિત્ય તો વ્યાપક હોય તો નિત્ય રહી શકે છે. એમ પ્રશ્ન કર્યો. કીંધુ એમ નથી. શરીર પ્રમાણે હોવા છતાં નિત્ય છે. આ પરમાણુ નિત્ય છે. પણ એ લોકોને બેસે નહિ. વ્યાપક માનરનારને, વેદાંત. વેદાંત સર્વવ્યાપક એક જ માને. સાંભળતા હતા. વૃદ્ધ હતા. 'વિક્રમ ખાચર' હતા, 'વિક્રમ ખાચર'. કાઠી, કાઠી હતા. ગરાસદાર. આ તો ઘણા વર્ષ પહેલાની વાત છે. ૬૩-૬૪ વર્ષ પહેલાની વાત છે.

વાસણનું દૃષ્ટાંત આપતા. કાંસાનું વાસણ હોય છે ને ? કાંસુ કાંસુ, થાળી. દેખાય છે કે નહિ ? ક્યાંથી શરૂ થઈ ? ગોળ છે. એમ અનાદિ-અનંત ચક્કર જેમ છે એમ જ્ઞાનમાં આવી ગયું. સમજાણું કાંઈ ? ન્યાયથી સ્વભાવ કેવો છે એમ જાણીને માનવું ને. આમ ને આમ સમજ્યા વિના માને તો ક્યાંથી ટકે ? સમજાણું કાંઈ ?

અહીં કહે છે, જુઓ ! પરમાણુ પણ વિભાવક્રિયાવાળા છે. આહા..હા...! છે ને ? '**પાંચ દ્રવ્યોને વર્તનાનું નિમિત્ત તે કાળ છે.**' પાંચ દ્રવ્યો પરિણમે છે એમાં વર્તવું. શાસ્ત્રમાં તો ત્યાં સુધી આવે છે કે કાળ ન હોય તો પરિણમે નહિ. એ તો નિમિત્તને સિદ્ધ કરવાની વાત ચાલે છે. સમજાણું કાંઈ ? પાઠ એમ છે ને ? '**નિમિત્ત તે કાળ છે.**' '**(જીવ સિવાયનાં) ચાર અમૂર્ત દ્રવ્યોના શુદ્ધ ગુણો છે;...**' ધર્માસ્તિ, અધર્માસ્તિ, કાળ અને આકાશમાં શુદ્ધ ગુણ છે. એની પર્યાય પણ શુદ્ધ જ છે, પર્યાય શુદ્ધ છે. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ. જીવ અને પુદ્ગલ બેમાં વિભાવ અને સ્વભાવ છે. વિભાવ જીવ અને પુદ્ગલમાં છે, ચારમાં વિભાવ નથી. સમજાણું કાંઈ ? આહા..હા...!

'**[હવે નવમી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક દ્વારા છ દ્રવ્યની શ્રદ્ધાનું ફળ વર્ણવે છે :]**' જુઓ ! શ્રદ્ધાનું ફળ વર્ણવે છે. ૧૬.

**इति जिनपतिमार्गाम्भोधिमध्यस्थरत्नं**
**द्युतिपटलजटालं तद्धि षड्द्रव्यजातम्।**
**हृदि सुनिशितबुद्धिर्भूपणार्थं विधत्ते**
**स भवति परमश्रीकामिनीकामरूपः।।१६।।**

'પદ્મપ્રભમલધારિદેવ' મુનિરાજનો શ્લોક છે.

**'એ રીતે ષટ્દ્રવ્યસમૂહરૂપી...'** છ દ્રવ્ય છે ને ? જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ. છ દ્રવ્ય થયા. ભગવાન કેવળજ્ઞાની પરમાત્મા જિનેન્દ્રદેવે છ દ્રવ્ય જોયા છે. ત્રણકાળ, ત્રણલોક છે એમાં છ દ્રવ્ય જોયા છે. **'એ રીતે તે ષટ્દ્રવ્યસમૂહરૂપી રત્નને...'** ષટ્દ્રવ્યસમૂહરૂપી રત્ન **'કે જે (રત્ન) તેજના અંબારને લીધે કિરણોવાળું છે...'** એ છ એ દ્રવ્ય ગુણ અને પર્યાયની શક્તિવાળા છે. સમજાણું કાંઈ ?

**'તેજના અંબારને લીધે...'** તેજનો અંબાર છે ને ! તેજનો પૂંજ. એમ દરેક દ્રવ્ય પોતાની શક્તિના તેજથી રહે છે, કોઈને આધારે કોઈ છે નહિ. **'તેજના અંબારને લીધે કિરણોવાળું છે...'** ગુણ, પર્યાયવાળા છે. **'અને જે જિનપતિના માર્ગરૂપી સમુદ્રના મધ્યમાં...'** આ છ દ્રવ્ય તો વીતરાગમાર્ગમાં છે. જિનપતિ વીતરાગ સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ. સમજાણું કાંઈ ? **'જિનપતિના માર્ગરૂપી સમુદ્ર...'** આહા..હા...! **'મધ્યમાં રહેલું છે...'** જૈનમાર્ગમાં છ દ્રવ્ય રહેલા છે. બીજામાં એ છે નહિ. આહા..હા...!

**'જે તીક્ષ્ણ બુદ્ધિવાળો પુરુષ...'** જુઓ ! છ દ્રવ્યને યથાર્થ સ્વભાવથી માનનારાને તીક્ષ્ણ બુદ્ધિવાળા કહે છે. આહા..હા...! આ તમારા સંસારના કામ કરે અને આ દવાખાના દેવા એ સૂક્ષ્મ બુદ્ધિવાળા નહિ, એની ના પાડે છે. **'તીક્ષ્ણ બુદ્ધિવાળો પુરુષ હૃદયમાં ભૂષણાર્થે (શોભા માટે) ધારણ કરે છે,...'** છ દ્રવ્ય છે એવા નિશ્ચય સમ્યગ્દર્શન સહિત વ્યવહાર સમકિતને ધારણ કરે છે એ શોભા છે. આહા..હા...! જગતમાં છ દ્રવ્ય છે. ભગવાને કહ્યા એ અનંત ગુણ–પર્યાયવાળા છે.

**'તે પુરુષ પરમશ્રીરૂપી કામિનીનો વલ્લભ થાય છે...'** પરમશ્રી એટલે લક્ષ્મી–કેવળજ્ઞાન– મોક્ષરૂપી લક્ષ્મી, પરમશ્રી મોક્ષરૂપી લક્ષ્મી, એની જે પરિણતિ, કામિની એટલે સ્ત્રી એટલે પરિણતિ–અવસ્થા, એનો વલ્લભ થાય છે અર્થાત્ પૂર્ણ આનંદરૂપી પરિણતિ એને છોડશે નહિ. પૂર્ણ આનંદની પરિણતિ સાથે રહેશે. આહા..હા...!

**શ્રોતા :–** નામ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** નામ ન લેવું...? એનું સ્વરૂપ શું ? દ્રવ્ય શું ? ગુણ શું ? પર્યાય શું ? સ્વતઃ પોતાની સ્થિતિમાં કેમ રહે છે ? એમ ધ્યાનમાં લેવાનું છે. નામથી .... આહા..હા...! છ દ્રવ્ય તો ભગવાનમાં આવ્યા છે. શ્વેતાંબર પાંચ દ્રવ્યને માને છે, એ કાળદ્રવ્યને નથી માનતા. પાંચ દ્રવ્ય છે ને ? એની પર્યાયને કાળ માને છે, ભિન્ન કાળદ્રવ્ય નથી માનતા. ભગવાનના માર્ગમાં છ દ્રવ્ય છે. જુઓ !

**'જિનપતિના માર્ગરૂપી સમુદ્રના મધ્યમાં રહેલું છે તેને––જે તીક્ષ્ણ બુદ્ધિવાળો પુરુષ હૃદયમાં ભૂષણાર્થે (શોભા માટે)...'** એ વ્યવહાની શ્રદ્ધા એ વ્યવહારની શોભા છે ને ? **'ધારણ કરે છે, તે પુરુષ પરમશ્રીરૂપી કામિની...'** પરમાનંદરૂપી મુક્તિ, એ રૂપી સ્ત્રી, એનો **'વલ્લભ થાય છે...'** પૂર્ણ આનંદની પરિણતિ તેનો વલ્લભ થાય છે. પૂર્ણ આનંદની પરિણતિ તેને છોડશે નહિ. તેને પરમાનંદની

પરિણતિ થશે. નિશ્ચયસમ્યગ્દર્શન સહિત છ દ્રવ્યની શ્રદ્ધાવાળા પરમમુક્તિની પરિણતિને ધારણ કરશે, એમ કહે છે. આહા..હા...! આવી વાતું.

**'(અર્થાત્ જે પુરુષ અંતરંગમાં છ દ્રવ્યની યથાર્થ શ્રદ્ધા કરે છે, તે મુક્તિલક્ષ્મીને વરે છે.)'** મુક્તિલક્ષ્મીને વરે છે. સમજાણું કાંઈ ? લ્યો, એ નવ ગાથા થઈ. દસમી. હવે ઉપયોગની વ્યાખ્યા સૂક્ષ્મ ચાલશે. પહેલાં જીવ લીધું હતું ને ? જીવને ઉપયોગસ્વરૂપ કહ્યો છે. જીવો, તો ઉપયોગની વ્યાખ્યા કરે છે.

**जीवो उवओगमओ उवओगो णाणदंसणो होइ।**
**णाणुवओगो दुविहो सहावणाणं विहावणाणं ति।।१०।।**

નીચે હરિગીત.

**ઉપયોગમય છે જીવ ને ઉપયોગ દર્શન-જ્ઞાન છે;**
**જ્ઞાનોપયોગ સ્વભાવ તેમ વિભાવરૂપ દ્વિવિધ. ૧૦.**

**'ટીકા :– અહીં (આ ગાથામાં) ઉપયોગનું લક્ષણ કહ્યું છે.'** જીવનો ઉપયોગ જ્ઞાન-દર્શન– જાણવું-દેખવું એવો ઉપયોગ નામ આત્માનો વેપાર, એનું લક્ષણ કહેવામાં આવે છે. આહા..હા...! દ્રવ્યની વાત કરી, હવે તેના ઉપયોગની વાત કરે છે. આ..હા..! **'આત્માનો ચૈતન્ય-અનુવર્તી (ચૈતન્યને અનુસરીને વર્તનારો) પરિણામ તે ઉપયોગ છે.'** શું કીધું ? ભગવાનઆત્મા, એનો ચૈતન્ય સ્વભાવ જે છે, ચૈતન્ય સ્વભાવ, એને અનુવર્તી—અનુસરણ કરનાર **'પરિણામ તે ઉપયોગ છે.'** આત્મામાં જ્ઞાન-દર્શન જે ચૈતન્ય ગુણ છે, ચૈતન્યદ્રવ્ય, જ્ઞાન-દર્શન-ગુણ, એને અનુસરનારા વર્તમાન જ્ઞાન-દર્શનના પરિણામ, તેને ઉપયોગ કહે છે. સમજાણું કાંઈ ? દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણે સમાડી દીધા. **'આત્માનો...'** એ દ્રવ્ય લીધું. **'ચૈતન્ય–'** એ ત્રિકાળી ગુણ લીધો. **'અનુવર્તી...'** એને અનુસરનારા, એ પરિણામ–પર્યાય લીધી.

બીજી રીતે કહીએ તો ભગવાનઆત્મા જે છે એ વસ્તુ છે અને ચૈતન્ય એનો જાણન-દેખન ત્રિકાળી ગુણ છે. એ ગુણને અનુસરીને પરિણામ થાય છે. આ શરીર, વાણીને સાંભળે છે, એનાથી ચૈતન્યના પરિણામ થાય છે એમ નથી. આ સાંભળે છે ને ? તો સાંભળવાથી ચૈતન્યના પરિણામ થાય છે, એમ નથી. આહા..હા...! આત્મા પદાર્થ છે, દેહથી ભિન્ન છે. હવે એનો ચૈતન્યશક્તિ–સ્વભાવ છે. આત્મા ચૈતન્યસ્વરૂપ (છે). આત્મ સ્વભાવ એમ આવ્યું હતું ને ? એ ચૈતન્ય ત્રિકાળી એનો સ્વભાવ છે. એ ગુણને અનુસરીને થનારો જાણન-દેખન પરિણામ એ ઉપયોગ નામ પર્યાય છે. એમ કહીને એમ કહ્યું કે અંતરમાં જે જાણન-દેખન પરિણામ થાય છે, એ ચૈતન્યગુણને અનુસરીને થાય છે સાંભળવાથી થાય છે એમ નથી. આહા..હા...! સમજાણું કાંઈ ?

ફરીને, **'આત્માનો...'** આત્મા એ દ્રવ્ય–વસ્તુ થઈ. **'ચૈતન્ય'** એનો ત્રિકાળી ગુણ થયો. જ્ઞાન-દર્શન ચૈતન્ય એ ત્રિકાળી ગુણ. ચેતનનો ચૈતન્યગુણ, ચેતનનો ચૈતન્યગુણ. સાકરનો મીઠાશ ગુણ, એમ ચેતનનો ચૈતન્યગુણ. આહા..હા...! સમજાણું કાંઈ ? એ **'ચૈતન્ય-અનુવર્તી...'** એને અનુસરીને. ગુણને અનુસરીને પર્યાય થાય છે. જાણવા-દેખવાના પરિણામ–ઉપયોગ એ ગુણને અનુસરીને થાય છે, નિમિત્તને અનુસરીને થાય છે એમ છે નહિ. આહા..હા...! આ સાંભળે છે ને ? સાંભળે છે તો શું ? સાંભળવાના પરમાણુ ભાષા જડ છે. જડથી એના પરિણામ થાય છે ?

ઉપયોગ એને કહીએ અને ઉપયોગ નામ જાણન-દેખનની પર્યાય ઉપયોગ એને કહીએ કે જે દ્રવ્ય નામ આત્મા અને ચૈતન્ય એનો ગુણ, એને અનુસરીને પરિણામ થાય તેને ઉપયોગ કહે છે. આહા..હા...! 'ચંદુભાઈ'! કેમ થયું ?

ફરીને, આત્મામાં ત્રણ પ્રકાર : દ્રવ્ય, ગુણ અને પર્યાય. જેમ સોનું છે, સોનું. સુવર્ણ એ દ્રવ્ય, પીળાશ, ચિકાશ, વજન, શક્તિ એ ગુણ અને કુંડળ, કડા, વીંટી એ પર્યાય છે. ત્રણ થયા ને ? એમ ભગવાનઆત્મા સુવર્ણ સમાન ત્રિકાળ તે દ્રવ્ય અને સુવર્ણમાં જેમ ચિકાશ, વજન, પીળાશ એ ગુણ છે એમ ચૈતન્ય આત્માનો ગુણ છે, જાણન-દેખન ત્રિકાળ ગુણ છે; અને જેમ કુંડળ, કડા, વીંટી, અવસ્થા પર્યાય છે એમ ગુણને અનુસરીને વર્તમાન પર્યાય થાય છે એ ઉપયોગ છે. આહા..હા...! વાંચવાથી (જ્ઞાન) નથી થતું, સાંભળવાથી નથી થતું એમ કહે છે. આહા..હા...! આ તો બાપુ ! માર્ગ છે. એ સાધરણ વાત હોય તો પણ વીતરાગની વાત છે. સર્વજ્ઞ પરમેશ્વર જિનેશ્વરદેવ... આહા..હા...! લોકોને અભ્યાસ નહિ. વાડામાં પડ્યા. કોક દિ' કલાક – બે કલાક સાંભળવા જાય. કેટલાક તો સાંભળવા પણ કો'ક દિ' જાય. એમાં આ ક્યાં સમજવું ?

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઉપાધિ કહ્યું ને ? આહા..હા...! આ તો બે ને બે ચાર જેવી સ્પષ્ટ વાત છે, ન સમજાય એવી ચીજ નથી. આચાર્યએ સમજવા માટે કહ્યું ને ? અને સમજનારને કહ્યું ને ? જડને કહ્યું છે ? સમજાણું કાંઈ ? આહા..! દૃષ્ટાંત નથી આપતા ? તરસ લાગી હોય, તરસ. ઘરમાં પાંચ હજારનો અશ્વ હોય કે બે હજારનો બળદ હોય, એને કહે કે પાણી લાવો ? તે જાણે છે કે એ નહી સમજે. પણ આઠ વર્ષની છોકરી હોય, તો કહે બેટા ! પાણી લાવો. ખબર છે કે એ સમજી શકે છે, બળદ, ઘોડો નહિ સમજી શકે. આઠ વર્ષની છોકરીને કહે, બેટા! પાણી લાવ. ક્યાં છે બાપુ ? પાણી તો ઉપર છે. પાણીયારું હોય છે ને પાણીયારુ? નીચે પણ પાણી રાખે છે ને ? લાવ પાણી. તો આઠ વર્ષની છોકરી પણ સમજી શકે છે. જે સમજી શકે છે એને કહે છે.

એમ અહીં આચાર્ય મહારાજ અંદર આત્માને કહે છે, જે સમજશક્તિવાળો છે એને કહે છે, જડને નથી કહેતા. સમજાણું કાંઈ ? આહા..હા...!

ભગવાન અંદર ચૈતન્યમૂર્તિ બિરાજે છે. કહે છે કે એ ચૈતન્યદ્રવ્યનો ગુણ જે ચૈતન્ય છે એને

અનુસરીને જે પરિણામ ઉપયોગ થાય છે એ જ્ઞાન-દર્શન પરિણામ એ ચૈતન્યને અનુસરીને થાય છે, નિમિત્તને અનુસરીને થાય છે એમ છે નહિ. આહા..હા...! સમજાણું કાંઈ ? ત્યારે આત્માના ઉપયોગની પરિણતિની સાચી શ્રદ્ધા એને કહે છે. પરિણતિ જે ઉપયોગ પર્યાય છે એ મારા ગુણને અનુસરીને થાય છે, નિમિત્તને અનુસરીને થાય છે એમ છે નહિ. આહા..હા...! હજી વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ !)

❊

*** જેણે અંદરમાં આરાધના કરી એને ભગવાનના વિરહ નથી. અરે ! અમારો ભગવાન અમારી પાસે છે. અમને ભગવાનના ભેટા થયા છે, અમે ભગવાન જ છીએ. આહાહા ! પંચમકાળનાં મુનિઓએ અપૂર્વ કામ કર્યાં છે. અહીંથી સ્વર્ગમાં ગયા છે ને ત્યાંથી મનુષ્ય થઈ મોક્ષે જવાના. પંચમકાળમાં ભરતક્ષેત્રમાં અવતર્યા એટલે એકાદ ભવ બાકી રહી ગયો, મહાવિદેહમાંથી તો એ જ ભવે મોક્ષ જાય છે. છ માસ ને આઠ સમયમાં છસ્સો ને આઠ જીવ મોક્ષે જાય અને એટલા જ જીવો નિગોદમાથી નીકળે, બાકી તો એમ ને એમ નિગોદમાં પડ્યા રહે છે. જ્યારે જુઓ ત્યારે નિગોદના એક શરીરમાં રહેલ જીવોના અનંતમાં ભાગે જ મોક્ષે જાય. આહાહા ! એ નિગોદમાંથી નીકળીને આવા મનુષ્યના ભવ મળ્યા ને વીતરાગની વાણી મળી એ તો ધન્ય ભાગ્ય ! મહા પુણ્યના થોક હોય... મેરુ જેટલા પુણ્યના થોક હોય ત્યારે આો યોગ મળે છે. હવે કામ કરવું એ એના હાથની વાત છે. ભાઈ ! આવા કાળે તું તારું કામ કરી લે. ૩૭૩.**

*** સુવર્ણને વાન-ભેદથી જોતાં વાન-ભેદરૂપ પણ છે અને સુવર્ણમાત્રથી જોતાં સુવર્ણમાત્ર છે, વાન-ભેદ જૂઠા છે. તેમ જીવવસ્તુને નવતત્ત્વના ભેદરૂપ, ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ, ગુણ-ગુણીભેદરૂપ જોતાં તે ભેદ સત્યાર્થ છે. વસ્તુ ભેદરૂપ પણ છે અને જીવને વસ્તુમાત્રપણે જોતાં તે બધાંય ભેદ જૂઠા છે. વસ્તુ અભેદ-ભેદરૂપ છે પણ સરાગીને ભેદ દેખતાં વિકલ્પ ઊઠે છે ને અભેદરૂપ દેખતાં નિર્વિકલ્પ અનુભવ થાય છે. કેવળીને ભેદ દેખવા છતાં વીતરાગ હોવાથી રાગ ઊઠતો નથી, સરાગીને ભેદ ઉપર લક્ષ જતાં રાગ થાય છે. ભેદને દેખવું તે રાગનું કારણ નથી પણ સરાગીને ભેદ દેખતાં રાગ ઉત્પન્ન થાય છે તેથી સરાગીને નિર્વિકલ્પતાનું પ્રયોજન હોવાના કારણે ભેદનું લક્ષ ગૌણ કરી અભેદનું લક્ષ કરવા કહ્યું છે. ૩૭૪.**

**— દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર – પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

## શ્રી નિયમસાર, ગાથા-૧૦, શ્લોક-૧૭,
## પ્રવચન નં. ૧૫૩, તા. ૧૫-૧-૧૯૭૬
## [૬]

'નિયમસાર' ગાથા-૧૦. આત્માનો સ્વભાવ ત્રિકાળ છે, એમાં પણ જ્ઞાન અને દર્શન ઉપયોગ ત્રિકાળ છે. આત્મા વસ્તુ છે, એમાં જ્ઞાન-દર્શન ત્રિકાળી ધ્રુવ ઉપયોગ છે, એમાંથી વર્તમાન કાર્યઉપયોગ પ્રગટે છે. સમજાણું કાંઈ ? એ ઉપયોગના બે પ્રકાર ને ઘણા વર્ણન કરશે.

**'આત્માનો ચૈતન્ય-અનુવર્તી...'** આત્મા વસ્તુ, એનો ચૈતન્યસ્વભાવ–ગુણ, અનુવર્તી—અનીસરીને થનારા પરિણામ, એ પર્યાય છે. વસ્તુ આત્મા, એનો ચૈતન્યગુણ–સ્વભાવ, એને અનુસરીને પર્યાયમાં જે ઉપયોગ નામ પરિણામ થાય છે એને પરિણામરૂપી ઉપયોગ કહે છે. સમજાણું કાંઈ ? બહારમાં એમ લાગે કે જાણે આ સાંભળવાથી આ જ્ઞાનની પર્યાય થાય છે, વાંચવાથી થાય છે, એ ભ્રમ છે. આહા..હા...! સમજાણું કાંઈ ? એ આત્માનો ચૈતન્ય સ્વભાવ, ત્રિકાળ શક્તિસ્વરૂપ, એનું અનુસરણ કરીને જ્ઞાન અને દર્શનના પરિણામ– પર્યાય–ઉત્પન્ન થાય છે. એ અંદરથી ઉત્પન્ન થાય છે, બહારથી ઉત્પન્ન થતી નથી.

**શ્રોતા :–** પર્યાય તો બહિર્તત્ત્વ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બહિર્તત્ત્વ છે પણ અંતરમાંથી બહિર્તત્ત્વ આવે છે. પર્યાય બહિર્તત્ત્વ એક અંશ છે માટે ભલે (બહિર્તત્ત્વ હો), પણ ઉત્પન્ન થાય છે ત્રિકાળીમાંથી. ઝીણી વાત છે, ભાઈ ! કહેશે, જુઓ !

**'ઉપયોગ ધર્મ છે, જીવ ધર્મી છે.'** ઉપયોગ એ આત્માનો કાયમી ધર્મ–સ્વભાવ છે, ધર્મ એટલે સ્વભાવ અને આત્મા ધર્મી છે. ધર્મને ધરનાર. ધર્મ શબ્દે જાણન-દેખન ઉપયોગ લેવો. એમાં જાણન-દેખન એવો સ્વભાવ એ ધર્મ અને જીવ એ સ્વભાવી–ધર્મી. આહા..હા...! **'દીપક અને પ્રકાશના જેવો એમનો સંબંધ છે.'** દીપક–ધર્મી, પ્રકાશ–ધર્મ. સમજાણું કાંઈ ? દીપક–ધર્મી, પ્રકાશ–ધર્મ. ધર્મ શબ્દે આ મોક્ષમાર્ગ નહિ, એનો સ્વભાવ. આહા..હા...! પ્રકાશરૂપી ધર્મને ધરનારો અને પ્રકાશ એનો ધર્મ. ધર્મ એટલે આ મોક્ષનો માર્ગ એ અહીં વાત નથી. ટકાવી રાખેલ ભાવ. ટકાવનાર ધર્મી અને ટકેલો ભાવ. આહા..હા...! આ તો મોક્ષમાર્ગનો અધિકાર છે ને ! માટે પર્યાયની બધી વાત સ્પષ્ટ કરી છે. કે જે જ્ઞાન-દર્શન પરિણામ–પર્યાય, પરિણામ કહો કે પર્યાય કહો, જે આવે છે એ ક્યાંથી

આવે છે ? બહારથી આવે છે ? અંતરમાંથી, જ્ઞાન-દર્શનની પર્યાય પરિણમન થઈને અંતરમાંથી આવે છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

**'જ્ઞાન અને દર્શનના ભેદથી આ ઉપયોગ બે પ્રકારનો છે...'** પહેલાં ઉપયોગ કહ્યો. એ ઉપયોગ ધર્મ છે. ધર્મ નામ ટકાવી રાખેલ ભાવ. જીવ ટકાવી રાખનાર છે. **'જ્ઞાન અને દર્શનના ભેદથી આ ઉપયોગ બે પ્રકારનો છે.'** જાણન ઉપયોગ અને એક દેખન ઉપયોગ. **'(અર્થાત્ ઉપયોગના બે પ્રકાર છે : જ્ઞાનોપયોગ અને દર્શનોપયોગ). આમાં જ્ઞાનોપયોગ પણ સ્વભાવ અને વિભાવના ભેદને લીધે બે પ્રકારનો છે...'** સમજાણું કાંઈ ? **'જ્ઞાનોપયોગ પણ સ્વભાવ અને વિભાવના ભેદને લીધે બે પ્રકારનો છે (અર્થાત્ જ્ઞાનોપયોગના પણ બે પ્રકાર છે : સ્વભાવજ્ઞાનોપયોગ અને વિભાવજ્ઞાનોપયોગ).'**

**'તેમાં સ્વભાવજ્ઞાન અમૂર્ત, અવ્યાબાધ, અતીન્દ્રિય અને અવિનાશી છે;...'** આહા..હા...! **'સ્વભાવજ્ઞાન અમૂર્ત,...'** એમાં રંગ, ગંધ નથી. **'અવ્યાબાધ,...'** એમાં વિઘ્ન નથી. **'અતીન્દ્રિય અને અવનાશી છે;...'** સ્વભાવજ્ઞાન અમૂર્ત છે. જ્ઞાનના બે પ્રકાર કહ્યા ને ? પહેલાં ઉપયોગના બે પ્રકાર (કહ્યા) : જ્ઞાન અને દર્શન, પછી જ્ઞાનના બે પ્રકાર : સ્વભાવજ્ઞાન અને વિભાવજ્ઞાન, પછી સ્વભાવજ્ઞાનના બે પ્રકાર, એ ચાલે છે. થોડી ઝીણી વાત છે, ભાઈ ! આ તત્ત્વનો પરિચય નથી. બહારમાં ક્રિયાકાંડ અને પ્રવૃત્તિમાં રોકાઈ ગયો અને આ તત્ત્વ રહી ગયું, વસ્તુ રહી ગઈ. એકડો નહિ ને એકડા વિનાના પુણ્ય. આહા..હા...!

ભગવાનઆત્મા અનંત ગુણ સંપન્ન વસ્તુ છે. પણ એમાં ઉપયોગ નામનો સ્વભાવ પણ ત્રિકાળ છે. અને એ ત્રિકાળ સ્વભાવઉપયોગ છે એ કારણસ્વભાવ ઉપયોગ છે અને વર્તમાન કાર્ય આવે છે એ કાર્યસ્વભાવ ઉપયોગ છે. આહા..હા...! જુઓ ! **'સ્વભાવજ્ઞાન અમૂર્ત, અવ્યાબાધ, અતીન્દ્રિય અને અવિનાશી છે; તે પણ કાર્ય અને કારણરૂપે બે પ્રકારનું છે (અર્થાત્ સ્વભાવજ્ઞાનના પણ બે પ્રકાર છે : કાર્યસ્વભાવજ્ઞાન અને કારણસ્વભાવજ્ઞાન). કાર્ય તો સકળવિમળ (સર્વથા નિર્મળ) કેવળજ્ઞાન છે...'** કેવળજ્ઞાન થાય છે એ પર્યાય છે. કેવળજ્ઞાન પણ પર્યાય છે, ગુણ નથી. ગુણ ત્રિકાળ છે. ઉત્પન્ન થાય છે એ પર્યાય ઉત્પન્ન થાય છે. ગુણ ઉત્પન્ન નથી થતા, ગુણ તો ત્રિકાળ રહે છે. એ કેવળજ્ઞાન પર્યાય છે તો કાર્ય છે. પર્યાય એ કાર્ય, કાર્ય એ પર્યાય. આહા...! એ કેવળજ્ઞાન **'સકળવિમળ (સર્વથા નિર્મળ)...'** એ કાર્યજ્ઞાન છે. આહા..હા...!

**'અને તેનું કારણ પરમ પારિણામિકભાવે રહેલું ત્રિકાળ નિરુપાધિરૂપ સહજજ્ઞાન છે.'** કેવળજ્ઞાનની પ્રાપ્તિ કાર્યરૂપ જે થયું એનું કારણ આત્મામાં ત્રિકાળ નિરુપાધિ, એ શબ્દ બધામાં લાગુ પાડવ, અમૂર્ત, અવ્યાબાધ, અતીન્દ્રિય અવિનાશી. પર્યાયને એ લાગુ પડે અને કારણને પણ એ લાગુ પડે છે. **'કાર્ય તો સકળવિમળ (સર્વથા નિર્મળ) કેવળજ્ઞાન છે અને તેનું કારણ...'** કેવળજ્ઞાનની પ્રાપ્તિનું કારણ, કેવળજ્ઞાનની ઉત્પત્તિરૂપી કાર્ય, એ કાર્યનું કારણ. આહા..હા...! કેવળજ્ઞાન મોક્ષ, એનું કારણ મોક્ષમાર્ગ એમ ન કહેતાં બીજું કહે છે. મોક્ષમાર્ગ છે. પૂર્વે કેવળજ્ઞાન થયા પહેલાં મોક્ષમાર્ગ છે

એનો તો વ્યય થાય છે અને કેવળજ્ઞાનનો ઉત્પાદ થાય છે. એ કેવળજ્ઞાનનું કારણ પૂર્વની મોક્ષમાર્ગની પર્યાય નથી. કારણ ઉપયોગ અંદર ત્રિકાળ છે (એ તેનું કારણ છે). એની ચૈતન્યની સંપદા, ઋદ્ધિ શું છે એની એને ખબર નથી. ચૈતન્યની વાત છોડીને બધી વાત (કરી).

**શ્રોતા :–** ઉપાદાન કારણ, નિમિત્ત કારણ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** નિમિત્ત-ફિમિત અહીં નથી. ઉપાદાન કારણ છે. એ તો પહેલું કહ્યું. મોક્ષમાર્ગ છે એ ખરેખર નિમિત્ત કારણ છે. એનો અભાવ થાય છે ને ? આ તો ત્રિકાળી જ્ઞાનઉપયોગ અંદર છે.

આત્મામાં ચૈતન્યના પ્રકાશનું નૂર (છે), એના બે પ્રકાર. એક ત્રિકાળી જ્ઞાનઉપયોગ અને એક કાર્ય કેવળજ્ઞાન ઉપયોગ. એ કેવળજ્ઞાન ઉપયોગરૂપી કાર્ય. પર્યાય છે ને ? પર્યાય કહો કે કાર્ય કહો. તો એ કાર્યનું કારણ આત્મામાં રહેલો પરમપારિણામિકભાવ. છે ? એમાં **'રહેલું ત્રિકાળનિરુપાધિરૂપ...'** ત્રણે કાળે એ જ્ઞાન નિરાવરણ અને નિરુપાધિરૂપ આત્મામાં પડ્યું છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

ઉપયોગ એ ધર્મ. ભગવાનઆત્મા ધર્મી–ધરનાર, અને એ ચૈતન્ય-ચેતન આત્મા, એનો ગુણ ચૈતન્ય. ચૈતન્યને અનુસરીને થનારા પરિણામ-પર્યાય તેને ઉપયોગ કહે છે. એ ઉપયોગના બે પ્રકાર : જ્ઞાન ઉપયોગ અને દર્શન ઉપયોગ. જ્ઞાન ઉપયોગના બે પ્રકાર : સ્વભાવજ્ઞાનોપયોગ અને વિભાવજ્ઞાનોપયોગ. સ્વભાવજ્ઞાનના બે પ્રકાર. વાત તો એવી છે, ભાઈ ! સ્વાભાવજ્ઞાન ઉપયોગના બે પ્રકાર : એક કારણસ્વભાવજ્ઞાન ઉપયોગ, એક કાર્યસ્વભાવજ્ઞાન ઉપયોગ. સમજાણું કાંઈ ?

**શ્રોતા :–** એ તો આવી ગયું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એમ કહે છે, કે હવે એના ભાગ નહિ પડે.

**'કાર્ય તો સકળવિમળ (સર્વથા નિર્મળ) કેવળજ્ઞાન છે...'** અરિહંત પરમાત્મા સર્વજ્ઞને જે કેવળજ્ઞાન થાય છે એ કાર્ય છે. પર્યાય છે ને ? પર્યાય છે. કેવળજ્ઞાન ગુણ નથી. ગુણ તો ત્રિકાળ રહે છે. સમજાણું કાંઈ ? એક વાર અમે ગયા હતા ને ? શું કહેવાય જંબુસ્વામીનું ? 'મથુરા.. મથુરા'. 'મથુરા' ગયા હતા ને ? ત્યાં વ્યાખ્યાન ચાલ્યું હતું, એમાં ઘણા પંડિતો બેઠા હતા. 'મુથુરા' ગયા હતા ત્યાં આ આવ્યું કે કેવળજ્ઞાન પણ પર્યાય છે, એક સમય રહીને નાશ પામે છે. ભડક્યા. આ શું ? પંડિત લોકો કહે આ શું ? 'કૈલાસચંદજી' એ કહ્યું હતું કે સાંભળો તો ખરા, શું કહે છે ? ભાઈ હતા ને ? 'કૈલાસચંદજી' હતા, નહિ ? 'મથુરા-મથુરા' જંબુસ્વામી. ત્યાં ગયા હતા. મુખ્ય મુખ્ય જે દિગંબર તીર્થ છે ત્યાં બધી જગ્યાએ ગયા છીએ. બે વાર ગયા હતા ને ? ૯-૯ હજાર માઈલ બે વાર ફર્યા છીએ. ત્રણ વાર..

ત્યાં (કહ્યું), કેવળજ્ઞાન પણ એક સમયની પર્યાય છે અને બીજે સમયે એ પર્યાય રહેતી નથી. ભડક્યા. મૂળ વાત ઇ છે કે કેવળજ્ઞાન એ પર્યાય છે. ઉત્પન્ન થાય છે ને ? ગુણ ઉત્પન્ન નથી થતા, ગુણ તો ત્રિકાળ રહે છે. દ્રવ્યમાં, વસ્તુમાં ગુણ ત્રિકાળ રહે છે અને પર્યાય ઉત્પન્ન થાય

છે અને વ્યય થાય છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્તં સત્. તો પર્યાય છે એ ઉત્પાદ-વ્યયવાળી છે અને ગુણ છે એ ધ્રુવ છે. સમજાણું કાંઈ ? તો ઉત્પાદવ્યયધ્રુવયુક્તં સત્‌માં ત્રણે આવી ગયા. નવી પર્યાય ઉત્પન્ન થાય છે, જૂની પર્યાય વ્યય થાય છે એ ઉત્પાદ-વ્યય, અને કાયમ રહે છે એ ધ્રુવ.

એમ આત્મામાં સ્વભાવજ્ઞાન ઉપયોગ બે પ્રકારનો છે. એક કારણસ્વભાવજ્ઞાન ઉપયોગ, એક કાર્યસ્વભાવજ્ઞાન ઉપયોગ. બાપુ ! આ તો અંતરની વાતું છે. આહા..હા...!

**શ્રોતા** :– સિદ્ધ પરમાત્માને આઠ ગુણ પ્રગટ થાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– એ ગુણ નથી, પર્યાય છે, એ પર્યાય છે.

**શ્રોતા** :– શાસ્ત્રમાં ગુણ લખ્યા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— એ ગુણ નામ પર્યાય. એ ગુણ પ્રગટે તો ગુણ તો ત્રિકાળ રહે છે. એ ભાષા સમજાવવા માટે છે. અવગુણ નાશ થઈને ગુણ પ્રગટ થયો. એનો અર્થ અવગુણની પર્યાયનો નાશ થઈ ગુણની પર્યાય ઉત્પન્ન થઈ. સિદ્ધ પોતે પર્યાય સ્વયં છે, સિદ્ધ ગુણ નથી. આહા..હા...! સંસાર અવસ્થા છે, એવી ચીજ પણ અવસ્થા છે. અવસ્થા કહો કે પર્યાય કહો. ભગવાનઆત્મા ત્રિકાળી ધ્રુવ છે. એમાં સંસાર અવસ્થા છે તે પર્યાય છે, મોક્ષમાર્ગ પણ પર્યાય છે અને મોક્ષ પણ પર્યાય છે. આહા..હા...!

**શ્રોતા** :– આટલું સમજવાનું શું કામ છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– આ અંદર સમજવું. જેને ધર્મ કરવો હોય તેને અંદર દૃષ્ટિ કરવાથી ધર્મ થાય, એમ બતાવે છે. સમજાણું કાંઈ ? ધર્મ–સ્વભાવ જેમાં પડ્યો છે, એની દૃષ્ટિ કરવાથી ધર્મ થાય છે. આહા..હા...! ધર્મ કોઈ બહારના ક્રિયાકાંડ અને ભગવાનના દર્શન ને જાત્રા કરી એટલે ધર્મ થયો... એમાં ક્યાંય ધર્મ નથી. આહા..હા...!

**શ્રોતા** :– સવારમાં તો ધર્મ કર્યો, પૂજા કરી ઇ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– એ તો શુભભાવ છે. પૂજા-બુજામાં ક્યાં ધર્મ છે ! એમાં આમ સ્વાહા... સ્વાહા... એ ક્રિયાનો કર્તા થાય એ તો મિથ્યાત્વ છે. એ તો જડની ક્રિયા છે. સૂક્ષ્મ છે, ભાઈ !

**શ્રોતા** :– ભગવાનની પૂજા કરે એ મિથ્યાદૃષ્ટિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– પૂજા કરે એ મિથ્યાત્વ નહિ, માને એમ માટે મિથ્યાત્વ. માને કે આ દેહની ક્રિયા મેં કરી, આમ મેં કર્યું. સ્વાહા.. એ મેં નાખ્યું. એ તો જડની ક્રિયા છે.

**શ્રોતા** :– ભગવાન ભૂખ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– ભગવાનને ક્યાં ભૂખ છે ! એ તો સ્થાપના નિક્ષેપ છે. આહા..હા...!

અહીંયાં તો ભગવાનઆત્મા, એનો જે ઉપયોગ નામ પરિણામ જે છે, એ ઉપયોગની વ્યાખ્યા છે. હવે, ઉપયોગની વ્યાખ્યામાં બે પ્રકાર લીધા. એક તો જાણન ઉપયોગ અને એક દેખન ઉપયોગ. જાણનમાં ભિન્ન ભિન્ન કરીને જાણે અને દર્શન ઉપયોગમાં ભિન્ન કર્યા વગર દેખે, સામાન્ય બધું

એકસાથે (દેખે). હવે, એ દર્શન અને જ્ઞાન ઉપયોગમાં જ્ઞાન ઉપયોગ જે છે એના બે પ્રકાર : સ્વભાવજ્ઞાનોપયોગ અને વિભાવજ્ઞાનોપયોગ. હવે સ્વભાવજ્ઞાનોપયોગના બે પ્રકાર : એક ત્રિકાળી કારણસ્વભાવજ્ઞાનોપયોગ અને વર્તમાન કાર્યસ્વભાવજ્ઞાનોપયોગ. સમજાણું કાંઈ ?

પહેલાં કહ્યું **'કાર્ય તો સકળવિમળ (સર્વથા નિર્મળ) કેવળજ્ઞાન છે અને તેનું કારણ...'** કેવળજ્ઞાનનું કારણ... આહા..હા...! **'પરમ પારિણામિકભાવે રહેલું...'** સ્વભાવભાવમાં સ્થિત ત્રિકાળ. નિત્યાનંદ ભગવાન નિત્ય છે એવો ઉપયોગ પણ અંદરમાં નિત્ય છે, ધ્રુવ છે. આહા..હા...! સમજાણું કાંઈ ? **'પરમ પારિણામિકભાવે...'** અર્થાત્ પર્યાય-અવસ્થા સિવાય. કાયમી અંદર ચીજ છે, એમાં **'રહેલું ત્રિકાળનિરુપાધિરૂપ...'** સ્વભાવિક જ્ઞાન જે ધ્રુવ છે, એ ત્રિકાળ નિરુપાધિક છે, એમાં કોઈ ઉપાધિ છે નહિ. આહા..હા...! એ **'સહજ જ્ઞાન છે.'** ત્રિકાળી આત્મામાં સ્વભાવભાવમાં રહેનારા ત્રિકાળી નિરાવરણ, સહજ જ્ઞાનોપયોગ એ કારણ જ્ઞાનોપયોગ છે. સમજાણું કાંઈ ? આ તો ભાઈ ! ઝીણી તત્ત્વની વાત છે. સમજાણું કાંઈ ? આહા..હા...!

**'કેવળ વિભાવરૂપ જ્ઞાન ત્રણ છે :...'** સ્વભાવજ્ઞાનના બે પ્રકાર કહ્યા ને ! કે સ્વભાવજ્ઞાનના બે પ્રકાર છે. એક કાર્યસ્વભાવજ્ઞાન કેવળજ્ઞાન, કાર્યસ્વભાવજ્ઞાન કેવળજ્ઞાન, કારણસ્વભાવજ્ઞાન પરમસ્વભાવમાં સ્થિત તે. ત્રિકાળ રહેનારો નિરુપાધિ નિરાવરણ ધ્રુવ જ્ઞાનોપયોગ એ કારણ ઉપયોગ છે. આહા..હા...! અને એમાંથી ઉત્પન્ન થતું કેવળજ્ઞાન. કેવળજ્ઞાન એ પર્યાય છે અને પર્યાય છે તે કાર્યઉપયોગ છે. સમજાણું કાંઈ ? ભાષા તો સમજાય એવી સાદી છે. ભાવ તો હોય એવા હોય ને !

હવે કહે છે કે કારણ કાર્ય ઉપયોગ સ્વભાવના બે ભેદ કહ્યા. રહ્યું વિભાવરૂપજ્ઞાન. સ્વભાવજ્ઞાનના બે પ્રકાર કહ્યા ને ! હવે વિભાવજ્ઞાન રહ્યું. એ પછીની ૧૧-૧૨ ગાથામાં એના ભેદ આવશે. **'કેવળ વિભાવરૂપ જ્ઞાનો ત્રણ છે : કુમતિ, કુશ્રુત અને વિભંગ. આ ઉપયોગના ભેદરૂપ જ્ઞાનના ભેદો, હવે કહેવામાં આવતાં બે સૂત્રો દ્વારા (૧૧ ને ૧૨મી ગાથા દ્વારા) જાણવા.'** આહા..હા...!

અહીંયાં તો એ કહેવું છે કે કાર્ય કેવળજ્ઞાનરૂપી દશા, પરમ આનંદની સાથે થનારી દશા, એનું કારણ આત્મામાં ત્રિકાળ રહેનારો ઉપયોગ, જાણન... જાણન... જાણન... ઉપયોગ, કારણરૂપ ધ્રુવ, આત્મામાં રહેનારો કારણજ્ઞાનઉપયોગ, એમાંથી કાર્યજ્ઞાન થાય છે. કેવળજ્ઞાન એ કારણમાંથી કાર્ય થાય છે. આહા..હા...! કોઈ વાણીથી નહિ, પરથી નહિ, ગુરુથી નહિ, વાંચનથી નહિ અને પૂર્વની પર્યાયથી પણ નહિ. આહા..હા...! આટલું બધું સમજવું ?

આત્મામાં પરમ આનંદરૂપી મોક્ષ (છે). આવ્યું હતું ને ? પરમ આનંદનો લાભ એ મોક્ષ. પહેલાં આવ્યું હતું. પર્યાયમાં પરમ અતીન્દ્રિય આનંદનો લાભ, એનું નામ મોક્ષ. એ મોક્ષમાં જે જ્ઞાનની દશા ઉત્પન્ન થઈ, એ કાર્યજ્ઞાનોપયોગ છે. મોક્ષમાં કેવળજ્ઞાન છે ને ? તો એ કેવળજ્ઞાન એ કાર્યઉપયોગજ્ઞાન છે અને એનું કારણ આત્મામાં ધ્રુવમાં રહેલ જ્ઞાન શક્તિ, જ્ઞાન ઉપયોગ, ત્રિકાળમાં

રહ્યો એ કારણ ઉપયોગ છે, એમાંથી કાર્યઉપયોગ કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે. આહા..હા...!

**શ્રોતા :–** જો એમ છે તો કારણ છે તો કાર્ય થવું જોઈએ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ વાત આવી ગઈને ? વાત થઈ ગઈ પરમ દિ'. સ્વીકાર કરે ત્યારે કારણ છે કે સ્વીકાર્યા વિના કારણ છે ? સ્વીકાર કરે કે આ કારણ છે તો તો કાર્ય આવ્યા વિના રહે નહિ. એ તો વાત થઈ ગઈ. પહેલાં પ્રશ્ન થયો હતો. 'ત્રિભુવનભાઈ' છે ને ? વારિયા-વારિયા. બે વર્ષ પહેલાં એણે પ્રશ્ન કર્યો હતો. કારણ એને કહીએ. પણ કારણ છે એની પ્રતીતિ સ્વભાવમાં આવ્યા વગર એને કારણ આવ્યું ક્યાંથી ? જે કારણ જ્ઞાન ઉપયોગ ત્રિકાળ છે, પણ એ ત્રિકાળ જ્ઞાન ઉપયોગ છે, એનું જ્ઞેય જ્ઞાનમાં આવ્યા વિના અને પ્રતીતમાં આવ્યા વિના, ઇ છે એમ ક્યાંથી આવ્યું ? આહા..હા...! ઝીણી વાત છે, ભાઈ !

**શ્રોતા :–** જેને પરિણમનમાં ... એને જ્ઞાનમાં આવવાનું શું કામ ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પરિણમન ક્યાંથી થયું ? કારણ કે એનું કામ છે. પરિણમન, પારિણામિકભાવમાં જ્ઞાન ઉપયોગ છે એમાંથી પરિણમન આવે છે.

**શ્રોતા :–** અગિયાર અંગનું પુસ્તક જાણ્યું તો એણે બધું જાણ્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** નથી જાણ્યું. અગિયાર અંગ અને નવ પૂર્વ જાણે તો શું થયું ? એ જ્ઞાન નથી. જ્ઞાન તો અંતર સ્વભાવમાં પડ્યું છે. શક્તિરૂપ, સ્વભાવરૂપ અંતર જ્ઞાન છે એ મોક્ષરૂપ છે. શક્તિરૂપ, મોક્ષરૂપ છે. એની દૃષ્ટિ કરીને એમાં એકાગ્ર થઈને કેવળજ્ઞાન કાર્યઉપયોગ થાય છે તેને મોક્ષ કહે છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

બીજી રીતે કહીએ તો અહીંયાં એવી શૈલી છે. પ્રાયશ્ચિત લીધું છે, પ્રાયશ્ચિત. પર્યાયમાં નિર્વિકારી દશારૂપ પ્રાયશ્ચિત. 'પ્રાયશ્ચિત અધિકાર' છે ને. ત્યાં કહ્યું કે ત્રિકાળી દ્રવ્ય પ્રાયશ્ચિસ્વરૂપ જ છે. આહા..હા...! કાર્યમાં પ્રાયશ્ચિત, નિર્વિકારી દશા થઈ એ પ્રાયશ્ચિત. તો કહે છે કે આત્મા પ્રાયશ્ચિત. આત્મા પ્રાયશ્ચિત એટલે જ્ઞાનસંપન્ન સ્વરૂપ છે એ પ્રાયશ્ચિત. આહા..હા...!

વીતરાગભાવ ઉત્પન્ન થાય છે એ તો પર્યાય છે. પણ આત્મામાં ત્રિકાળ વીતરાગભાવ છે એમાંથી વીતરાગભાવ ઉત્પન્ન થાય છે. આત્મા પણ વીતરાગસ્વભાવ છે તો વીતરાગકાર્ય થાય છે. આત્મા આનંદસ્વભાવ છે તો કાર્યમાં–પર્યાયમાં અનંત આનંદ પ્રાપ્ત થાય છે. આહા..હા...! આત્માની પર્યાયમાં ચારિત્ર નામ રમણતા–સ્થિરતા ઉત્પન્ન થાય છે. તો આત્મા ત્રિકાળ ચારિત્ર સંપન્ન છે. આત્મા પણ ચારિત્ર નામ સ્વરૂપની સ્થિરતા સંપન્ન જ અનાદિથી છે. એમાંથી કાર્યસ્થિરતા આવે છે. સમજાણું કાંઈ ?

'જિન સો હી હૈ આત્મા..' જિનસ્વરૂપી ભગવાનઆત્મા, એમાંથી જિનપર્યાય– વીતરાગપર્યાય ઉત્પન્ન થાય છે. પર્યાયમાં જે ભાવ આવે છે એ કારણમાં ન હોય તો કાર્યમાં આવે ક્યાંથી ? આહા..હા...! સમજાણું કાંઈ ? વીતરાગપર્યાય ઉત્પન્ન થઈ, તો કહે છે કે એ તો કાર્ય થયું. એનું

કારણ ? એ વીતરાગસ્વભાવ આત્મા છે એ એનું કારણ છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

એ વાત અહીં લે છે. કાર્ય કેવળજ્ઞાન પ્રગટ્યું, તો એનું કારણ શું ?–કે ત્રિકાળી આત્મામાં જ્ઞાન ઉપયોગ – શક્તિ, ત્રિકાળ નિરાવરણ, નિરુપાધિ સહજજ્ઞાન પારિણામિકભાવમાં– સહજભાવમાં પડ્યો છે. આહા..હા...! 'ચંદુભાઈ' ! આવું છે. આ તો હાડકા, માંસ, જડ માટી છે. અંદરમાં કર્મ ઊપજે એ અજીવ જડ, માટી છે. માટી નથી કહેતાં ? ખીલા-ખીલા. લોઢાની ચૂંક. લોઢું વાગે તો કોઈ એમ કહે મારી માટી પાકણી છે, ભાઈ ! પાણી ન અડાડતા. કહે છે ને ? મારી માટી પાકણી છે. લોઢુ વાગ્યું હોય તો પાણી ન અડાડવું. મારી માટી પાકણી છે. આ તો માટી છે. તમારી ભાષામાં શું કહે ?

મારી માટી પાકણી છે. કહે છે માટી, વળી માને છે મારી. આ તો માટી-ધૂડ જગતની ચીજ છે. જડ છે. આહા..હા...! એનાથી ભગવાનઆત્મા ભિન્ન છે અને એમાં તો પુણ્ય-પાપના વિકલ્પ પણ નથી. એમાં જે જ્ઞાનોપયોગ કાર્યરૂપ પરિણમે છે, એનું કારણરૂપ જ્ઞાન ઉપયોગ ત્રિકાળ છે. રાગ ઉત્પન્ન થાય છે, એનું કારણ કે કાર્ય આત્મામાં નથી.

૭૨ ગાથામાં આવે છે. આત્મા કારણ નથી અને કાર્ય નથી. 'સમ્મેદશિખર' સભામાં ઘણી ચર્ચા થઈ હતી. એક કલાક ચાલી હતી. બે-ત્રણ કલાક ચાલી. 'સમયસાર'ની ૭૨ ગાથામાં છે કે આત્મા કોઈનું કારણ નથી, રાગનું કારણ નથી અને રાગનું કાર્ય નથી. રાગ મંદ છે તો અહીંયા સમ્યગ્જ્ઞાન ઉત્પન્ન થયું અને આત્માનું ભાન થયું એમ નથી. સમજાણું કાંઈ ? રાગ છે, પુણ્ય-પાપના ભાવ છે એ આકુળતા છે. પુણ્ય-પાપનો ભાવ છે એ આકુળતા છે. ભગવાનઆત્મા એ આકુળતાનું કારણ પણ નથી, પુણ્ય-પાપનું કારણ પણ નથી અને પુણ્ય-પાપનું કાર્ય પણ નથી. રાગ મંદ છે તો જ્ઞાન–આનંદ થયા એમ નથી. સમજાણું કાંઈ ? આ તો માર્ગ બાપા ! જુદી જાતનો છે. આહા..હા...! સમજાણું કાંઈ ? 'સમ્મેદશિખર'માં ઘણી વાત ચાલી હતી.

આસ્રવો આકુળતાના ઉપજાવનારા છે અને દુઃખનું કારણ છે. શું કહ્યું ? શુભ-અશુભભાવ, ચાહે તો દયાનો, દાનનો, ભક્તિનો, પૂજાનો, વ્રતના ભાવ હોય એ આકુળતાને ઉપજાવનારા હોવાથી, આવી વાત ! ભગવાન ! એ દુઃખનું કારણ છે. કોણ ?–એ શુભ-અશુભભાવ. શુભભાવ–ભગવાનની ભક્તિનો, ભગવાનના સ્મરણનો, ભગવાનના નામનો, પૂજાનો ભાવ એ રાગ છે, એ આસ્રવ છે. આસ્રવ સમજો છો ? જે પરિણામથી નવું આવરણ આવે એ આસ્રવ. વહાણ હોય ને વહાણ ? વહાણમાં કાણું હોય તો અંદર પાણી આવે, એમ આત્મામાં શુભ અને અશુભભાવ થાય એ છિદ્ર છે, એનાથી કર્મ આવે છે. એ કારણે પુણ્ય-પાપને આસ્રવ કહેવામાં આવે છે. આ-સ્રવ. આ એટલે મર્યાદા, સ્રવ અટલે આવવું. આવરણ. કર્મ આવે છે. એ કારણે શુભ અને અશુભભાવ, પંચ મહાવ્રતનો ભાવ, અવ્રતનો ભાવ એ અશુભભાવ. મહાવર્તનો ભાવ શુભ. બન્ને આસ્રવ છે. આહા..હા...!

**'આસ્રવો આકુળતાને ઉપજાવનારા હોવાથી દુઃખનાં કારણો છે.'** ભગવાનઆત્મા, જુઓ! ટીકામાં

આત્માને ભગવાન કહીને બોલાવ્યો. આહા..હા...! ભગવાનઆત્મા. સંસ્કૃતની ટીકામાંમાં. **'ભગવાનઆત્મા તો સદાય નિરાકુળતા-સ્વભાવને લીધે, કોઈનું કાર્ય તેમ જ કોઈનું કારણ નહિ હોવાથી દુઃખનું અકારણ જ છે...'** એ પુણ્ય-પાપના આકુળતાનું કારણ ભગવાનઆત્મા નહિ. આહા..હા...! પર્યાયમાં ઉત્પન્ન થાય છે. દ્રવ્ય અને દ્રવ્યના ગુણમાં એ કોઈ કારણ છે નહિ. આહા..હા...! આવું ઝીણું પડે. માણસ શું સમજે ? ઝીણી વાત છે, ભગવાન !

ભાઈ ! તારી ચીજ અંદર અનંત આનંદ, અનંત જ્ઞાન અને અનંત શાંતિની સંપદાથી ભરી પડી છે. જો અંતરમાં શાંતિ અને આનંદ ન હોય તો કાર્યમાં શાંતિ અને આનંદ આવે છે એ આવે છે ક્યાંથી ? સમજાણું કાંઈ ? માટે કહ્યું **'કોઈનું કારણ નહિ...'** શું કહ્યું ? ભગવાનઆત્મા શુદ્ધ આનંદસ્વરૂપ, એ કોઈ રાગના કારણે કાર્ય ઉત્પન્ન થયું (એમ નથી) અથવા કોઈનું કારણ નથી. રાગનું કારણ નથી અને રાગથી આત્મામાં ધર્મ થયો એ કાર્ય નથી. રાગથી આત્મામાં ધર્મ થતો જ નથી. આહા..હા...! અશુભથી બચવા શુભભાવ આવે છે. અશુભથી બચવા (આવે), પણ એ ધર્મ નથી. આહા..હા...!

**શ્રોતા :–** અટક્યો એટલો ધર્મ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અટક્યો એ ધર્મ ક્યાં ? અટક્યો છે ત્યાં મિથ્યાત્વ છે ને. એમાં ધર્મ માને એ તો મિથ્યાત્વ છે. ત્યાં અટક્યો જ નથી. જ્ઞાનીને શુભભાવ આવ્યો તો અશુભથી બચ્યો છે. બસ એટલું. અશુભ વંચનાર્થ એમ આવે છે. જ્ઞાનીને શુભભાવ આવે છે એ શા કારણે ? અશુભ વંચનાર્થ–અશુભને છોડવા માટે. અશુભ છૂટીને શુભભાવ થાય છે. પણ છે તો આસ્રવ. આહા..હા...! છે ? આમાં તો ઘણું લીધું છે. કારણ-કાર્ય નથી. દયા, દાન, વ્રતના પરિણામનું કારણ આત્મા નથી કે આત્મામાંથી વ્રતના પરિણામ પ્રગટે એમ છે નહિ. કેમ કે આત્મામાં વિકાર છે નહિ. દ્રવ્ય-ગુણ તો નિર્મળાનંદ છે. તો એ વિકારી પરિણામનું કારણ નથી અને વિકારી પરિણામ થયા તો અહીં રાગની મંદતા થઈ, તો અહીં ધર્મની પર્યાય ઉત્પન્ન થઈ એમ નથી. આહા..હા...!

અરે..! કોઈ ઠેકાણે નાખે છે ને ? વ્યવહાર સાધન, નિશ્ચય સાધ્ય. સાધ્ય-સાધન આવે છે ને ? ત્યાં વળગે. એ તો સાધનનું જ્ઞાન કરાવ્યું છે. સાધન-ફાધન કેવું ! સમજાણું કાંઈ ? સાધનનો તો અહીં નિષેધ કરે છે. રાગની મંદતા કારણ અને એનાથી આનંદનું સમકિતનું કાર્ય થયું એમ નથી. આહા..હા...! ત્યારે 'પંચાસ્તિકાય'માં એમ કહ્યું, ભિન્ન સાધન-સાધ્યભાવ. એય..! છે ને ? છે તો કાઢી કેમ નાખો છો ? એય...! 'નવરંગભાઈ'! છે એટલે ત્યાં લખાણમાં છે એમ. આહા..હા...!

એ 'પંચાસ્તિકાય'માં લખ્યું છે. એ તો નિમિત્તનું જ્ઞાન કરાવે છે. આહા..હા...! શનૈઃ શનૈઃ આવે છે ને ? એ તો અંતર આત્માનું ભાન થયું છે, રાગના આશ્રય વિના ત્રિકાળી ચિદાનંદ સ્વરૂપ, એનું જ્ઞાન-શ્રદ્ધાન થયું છે, સ્થિરતા પણ થોડી થઈ છે એને જે શુભભાવ આવે છે, એમાં અશુભ નથી. અને પછી શુભભાવને ટાળશે. તે કારણે શુભ ક્રમે ક્રમે પરંપરા મોક્ષનું કારણ છે, એમ કહ્યું.

એ તો બંધનું જ કારણ છે. આહા..હા...!

અહીં જુઓ ! પુણ્ય અને પુણ્યના પરિણામ આત્માનું કાર્ય નથી. અને પુણ્ય પરિણામથી આત્મામાં કાર્ય થતું નથી. આહા..હા...! પુણ્ય પરિણામનું કારણ આત્મા નથી અને પુણ્ય પરિણામનું કારણ થઈને આત્મામાં ધર્મ થાય, એમ નથી.

**શ્રોતા :–** પુણ્ય અભાવરૂપ કારણ તો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અભાવ હોય તો એમાં શું થયું ! અભાવરૂપ કારણ હોય તો શું ? એ કારણ ન થયું. આહા..હા...! એ ભાઈએ રાત્રે વાત કરી હતી. આપણને તો કાંઈ ખબર ન મળે. કે ઓલા ધૂપ-બૂપ દે છે. અગરબત્તી. હવે એવું ન દે તો શું. આપણને ક્યાં .... અગરબત્તીનો ધૂપ ભાઈ કહે છે. ભાઈ કહેતા હતા, આપણને કાંઈ ખબર નથી. ઓલા જંગલી બિલાડાની વિષ્ટાની બને છે એમ કહે છે. આપણને કાંઈ ખબર નથી. આપણે એ કાંઈ કરતા નથી. એ તો લોકો કરે છે. ખરેખર તો એ અગરબત્તી-બગરબત્તી એ કરવાલાયક નથી. એનાથી જીવ મરી જાય. બત્તી કહી ને બત્તી ? બત્તી કરી એમાં જીવ મરે. અહીં તો જેમ બને તેમ જીવ ન મરે એવો માર્ગ છે. દીવાસળી ... એમાં ફૂદા પડે છે. અગરબત્તી અને ધૂપ કરવાનું કારણ શું ? એમાં અગ્નિ થાય તો જીવ મરે છે.

**શ્રોતા :––** ભગવાનના મંદિરમાં સુગંધ આવે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સુગંધ તો અંદરથી આવે છે. આનંદસ્વરૂપ ભગવાનમાં એકાગ્ર થવાથી સુગંધ તો ત્યાંથી આવે છે. લોકોને બહારની મહિમા બહુ ગરી ગઈ છે ને !

'ટોડરમલજી'ના દિકરા 'ગુમાનસિંહ' છે ને ? 'ટોડરમલ'ના દિકરા 'ગુમાનસિંહ'. ત્યાં તો એમ છે. 'જયપુર' છે ને ? 'જયપુર'માં મંદિર છે. 'જયપુર'માં મંદિર છે. જોયું છે ને બધું જોયું છે. ગોખલામાં.. ગોખલો સમજો છો ? એમાં પ્રતિમા રાખી છે. ભગવાનને સ્નાન પણ નહિ, અગરબત્તી નહિ, કાંઈ નહિ. એવો એક માર્ગ છે. એક આવે છે ને એ માર્ગના પ્રેમી છે ને ? જુવાન. 'કોમલચંદજી'. 'કોમલચંદજી'એ કર્યો હતો. એ યુવાન ભગવાનની મૂર્તિને પાણી પણ ન અડાડે. આ લોકો તો વીસપંથી તો શું કરે ? ફૂલ લગાવે, કેસર લગાવે, માળા પહેરાવે. ... આ તો સાફ કરવાનું જળ છે. એમ આવ્યું છે. પણ એ તો કાચનું બારણું બંધ રાખે છે. એમાં પ્રતિમા મૂકીને ભક્તિ કરી લે, બસ. ત્યાં 'જયપુર'માં મંદિર છે. છે, અમે ગયા હતા. બધું જોયું છે. એ તો જેમ બને તેમ બહારની ક્રિયામાં હિંસા ન થાય એવું હોવું જોઈએ. એવી વાત છે, ભાઈ !

અહીં તો કહેવું છે કે જે જ્ઞાન ઉપયોગ છે, સ્વભાવજ્ઞાન ઉપયોગ. વિભાવજ્ઞાન ઉપયોગની વ્યાખ્યા ૧૧-૧૨ ગાથામાં આવશે. સ્વભાવજ્ઞાન ઉપયોગ બે પ્રકારનો છે. એક ત્રિકાળી સ્વભાવજ્ઞાન ઊપયોગ, એક વર્તમાન કાર્યસ્વભાવજ્ઞાન ઉપયોગ. કાર્યસ્વભાવજ્ઞાનોપયોગ કેવળજ્ઞાન છે. તો કેવળજ્ઞાનનું કારણ શું ?–કે ત્રિકાળી આત્મામાં એ જ્ઞાન ઉપયોગ ધ્રુવ પડ્યો છે. પરમસ્વભાવભાવ,

પરમ પારિણામિકભાવ; ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકભાવ નહિ. કેવળજ્ઞાન છે એ ક્ષાયિકભાવ છે. એ ક્ષાયિકભાવનું કારણ અંદર પરમપારિણામિકભાવ છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

જેને કેવળજ્ઞાન પરમ આનંદનો લાભ લેવો હોય, તે લાભ ક્યાંથી આવશે ? વાણિયા દિવાળીમાં નથી લખતા ? લાભ સવાયા. આપણે વાણિયા બારણા ઉપર લખે ને ? લાભ સવાયા. લાભ સવાયા, પણ ક્યાંથી લાભ સવાયા ? બહારના લાભ ? મોક્ષના લાભ સવાયા એનો લાભ છે અને મોક્ષના લાભનું કારણ, અંતરમાં જ્ઞાન ઉપયોગ પડ્યો છે, એમાં દૃષ્ટિ દેવાથી કાર્ય આવે છે. આહા..હા...! આવો માર્ગ માણસને ઝીણો પડે. શું કરે ? ભગવાન ! ભગવાને આવો માર્ગ કહ્યો છે. આહા..હા...! અને એવો જ છે. આહા..હા...!

'**ભાવાર્થ :–...**' ટીકામાં કહ્યું હતું ને ? એનો ભાવાર્થ કહે છે. '**ચૈતન્યાનુવિધાયી પરિણામ તે ઉપયોગ છે.**' ચૈતન્યાનુવિધાયી અનુવર્તી. સંસ્કૃતમાં એમ શબ્દ છે. છે ને ? ચૈતન્ય અનુવર્તી સંસ્કૃતમાં છે. પછી અનુવિધાન લીધું છે. '**ચૈતન્યાનુવિધાયી...**' અર્થાત્ ભગવાનઆત્મામાં ચૈતન્યસ્વભાવ જે જ્ઞાન-દર્શન ત્રિકાળ છે, એને અનુસરીને થનારા પરિણામ '**તે ઉપયોગ છે.**' પરિણામ કહો કે પર્યાય કહો, એ ઉપયોગ છે. આહા..હા...!

'**ઉપયોગ બે પ્રકારના છે : (૧) જ્ઞાનોપયોગ અને (૨) દર્શનોપયોગ.**' ઉપયોગના બે ભેદ છે ને ! આમ તો ઉપયોગના બાર ભેદ છે ને ! પાંચ જ્ઞાન, ત્રણ અજ્ઞાન, ચાર દર્શન. સમજાણું કાંઈ ? અહીંયાં ઉપયોગના બે ભેદ પાડ્યા–જ્ઞાન અને દર્શન.

'**જ્ઞાનોપયોગના પણ બે પ્રકાર છે : (૧) સ્વભાવજ્ઞાનોપયોગ અને (૨) વિભાવજ્ઞાનોપયોગ. સ્વભાવજ્ઞાનોપયોગ પણ બે પ્રકારના છે : (૧) કાર્યસ્વભાવજ્ઞાનોપયોગ (અર્થાત્ કેવળજ્ઞાનોપયોગ) અને (૨) કારણસ્વભાવજ્ઞાનોપયોગ (અર્થાત્ સહજજ્ઞાનોપયોગ).**' નીચે નોટ.

'**સહજજ્ઞાનોપયોગ...**' એ શું કહે છે ? ઉપજવું નથી. વસ્તુમાં સહજ ભગવાનઆત્મામાં સહજ સ્વભાવ જ્ઞાનોપયોગ '**પરમ પારિણામિકભાવે સ્થિત છે...**' પરમ સ્વભાવભાવમાં સહજ જ્ઞાનોપયોગ સ્થિર છે, ધ્રુવ છે. પરમ પારિણામિકભાવનો અર્થ. ભાવના પાંચ પ્રકાર છે. રાગ-દ્વેષ આદિને ઉદયભાવ કહે છે. અને જેમ પાણીમાં મેલ બેસી જાય છે એવો ઉપશમભાવ છે. એ ઉપશમભાવ એ પર્યાય છે, ક્ષયોપશમ પણ પર્યાય છે, ક્ષાયિક પણ પર્યાય છે. અને એ પર્યાયનું કારણ જે ત્રિકાળ છે એ પારિણામિકભાવમાં સ્થિત છે. સમજાણું કાંઈ ? આમાં ધર્મ શું કરવો ?

ભાઈ ! આત્માનો ધર્મ. ધર્મ નામ આત્માએ ધારી રાખેલી શક્તિઓ એનું નામ ધર્મ. આત્મામાં જ્ઞાનોપયોગ, દર્શનોપયોગ, આનંદભાવ ધારી રાખેલ એ આત્માનો ધર્મ છે. ધર્મ નામ સ્વભાવ. એ સ્વભાવમાં જ્ઞાનોપયોગ પણ સ્થિત છે. આહા...! એનો આશ્રય કરવાથી, એમાં એકાગ્ર થવાથી જે કાર્ય થાય છે એ કાર્યઉપયોગ છે. ધર્મ ત્રિકાળ કારણ છે, ધર્મ શબ્દે ગુણ, અને આ પર્યાય ઉત્પન્ન થઈ એ કાર્ય છે. જુઓ! અહીંયાં છે ને ? સહજજ્ઞાન ઉપયોગ પરમ પારિણામિકભાવે સ્થિત છે,

ત્રિકાળ ઉપાધિ રહિત છે. એને સ્વરૂપપ્રત્યક્ષ કહેશે.એ નવી ભાષા છે. 'નિયમસાર'માં છે. બીજે ક્યાંય નથી. આત્મામાં ત્રિકાળી જે જ્ઞાન છે એને સ્વરૂપપ્રત્યક્ષ કહે છે. સ્વરૂપપ્રત્યક્ષ–સ્વરૂપમાં પ્રત્યક્ષ છે. આહા..હા...! એમાં કેવળજ્ઞાન પ્રત્યક્ષ ઉત્પન્ન થાય છે. આહા..હા...! આવી વાતું છે.

મૂળ તત્ત્વની એટલી ગંભીરતા, સૂક્ષ્મતા છે કે એને પરિચય અને અભ્યાસ વિના એ ખ્યાલમાં નથી આવતી. આમ તો આત્માના ભાન વિના અનંત વાર બધી ક્રિયા કરી– પુણ્ય કર્યા, દયા, દાન, વ્રત, પ્રાયશ્ચિત, બ્રહ્મચર્ય જાવજીવના પાળ્યા (પણ) એમાં શું થયું ? એ તો શુભરાગ છે. બ્રહ્મચર્ય (અર્થાત્) બ્રહ્માનંદ ભગવાન. બ્રહ્મ નામ આનંદનો નાથ, પ્રભુ! અતીન્દ્રિય અનીન્દ્રિય આનંદ સ્વભાવ, સહજાત્મ સ્વભાવ, એનો આશ્રય લીધા વિના કદિ ધર્મ થતો નથી. કહો, 'માંગીલાલજી'! આહા..હા...! આ તો ધમાધમ. મોટા ગજરથ ચલાવે, લાખ-બે લાખ ખર્ચે તો થઈ ગયા એ ધર્મધુરંધર. શું કહેવાય એને ? સિંઘઈ... સિંઘઈની પદવી આપે છે ને ? સંઘવી. અમારે અહીંયાં કાઠિયાવાડમાં સંઘવી કહે છે. હવે બે લાખ ખર્ચે... કાંઈ અત્યારે માલ ન મળે. પાછી અત્યારે મોંઘવારી કેટલી ! લોકો કહે પ્રતિમા છે, ભગવાન છે. હવે એ ગજરથમાં લાખો-બેલાખ ખર્ચ્યા. નિરર્થક છે. સમજાણું કાંઈ ? પણ ઓલાને પદવી લેવી હોય અને એવો પંડિત મળે. ચલાવો ગજરથ. હાથી જોડો.

**શ્રોતા** :– ધર્મની પ્રભાવના તો થાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– એ ધર્મની પ્રભાવના ક્યાં છે ? ... ભગવાન. આહા..હા...! ન હોય ત્યાં (કરે), પ્રતિમા મૂર્તિ આદિ ન હોય ત્યાં નવા કરવા પડે. પણ હવે ઢગલાબંધ તીર્થમાં હોય... શું કહેવાય એ ? 'ત્રિકમગઢ'. 'પપોરા, આહારજી' અમે બધે ગયા હતા ને. બધું જોયું છે. હવે ત્યાં ઢગલા ના ઢગલા. ત્યાં દિગંબરના તો ઘર છે નહિ. હજી તો નવું બનાવે છે.

**શ્રોતા** :– ધર્મ થાય ને...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– ધૂડેય ધર્મ નથી. એના માન માટે કરે છે તો પાપ બાંધે છે.

**શ્રોતા** :– આવા મંદિર બનાવીને પાપ ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– હા, બહાર પડવા માટે (કરે છે). અમે મોટા સંઘવી છીએ. એ તો અભિમાન છે. પણ રાગની મંદતા કદાચિત્ હોય તો પુણ્ય થશે. ધર્મ ત્રણ કાળમાં નથી. લાખ મંદિર બનાવે અને અબજો રૂપિયા ખર્ચે. અહીં તો આવી વાત છે, ભગવાન ! પૈસાની-ધૂડની કીંમત શું છે ? એકવાર કહ્યું હતું ને ? (સંવત) ૧૯૮૧ની સાલમાં. ૧૯૮૧-૮૧. ૫૧ વર્ષ થયા. અમે 'લીંબડી' ગયા હતા. 'લીંબડી' છે ને ? દરબાર છે. દસ લાખની ઉપજનો. દરબાર વ્યાખ્યાનમાં આવ્યા હતા. ૧૯૮૧ની સાલની વાત છે, ૫૧ વર્ષ પહેલાની. દરબાર ગુજરી ગયા. વ્યાખ્યાનમાં આવ્યા હતા. એને ફરીને આવવાનો ભાવ હશે. પણ અમારે દરબાર હો કે ન હો, અમારો ટાઈમ થાય એટલે ચાલ્યા ગયા. ત્યાં આગળ એક ગૃહસ્થ શેઠ હતા. એણે ૬૦ હજાર રૂપિયા ખર્ચીને તે વખતે પાઠશાળા બનાવી. ભાઈ 'મોહનલાલ લગડી'વાળા. આ .... ઓલાને પૈસાનો ... અમે ૬૦ હજાર ખર્ચ્યા. પછી

એકવાર મારી પાસે આવ્યા. અમે જંગલમાં બેઠા હતા. 'લીંબડી'થી આગળ 'અંતેવાળિયા' છે ને ? બે ગાવ બહાર બેઠા હતા. અમારી લાઈન એવી હતી ને કે અમે ગામમાં પછી જઈએ. આહાર-પાણી તૈયાર થઈ ગયા પછી જઈએ. નહિતર જઈને બનાવે તો ? એ અમે નથી લેતા. ગામમાં નવ, સાડા નવ વાગી જાય. દાળ, ભાત થઈ ગયા હોય, લોટની રોટલી તૈયારી થઈ ગઈ હોય. ત્યારે જતા. તે વિના જઈએ નહિ, બહાર બેસીએ. કારણ કે ગામમાં જઈએ તો પાછા બનાવે. એટલે અમે બહાર બેઠા હતા. ત્યાં 'મોહનલાલ' શેઠ આવ્યા. મહારાજ ! આ પૈસાવાળાનું, ધનવાળાનું ધર્મમાં કેટલું સ્થાન ? એમ પૂછ્યું. શું કીધું ? પૈસાવાળાનું સ્થાન-સ્થાન, એનું સ્થાન કેટલું ? કીધું, પૈસાવાળાનું સ્થાન ધર્મમાં બિલકુલ નહિ. ઓલા ૬૦ હજાર ખર્ચ્યા હતા ને ? એ જાણે મહારાજ કાંઈક કહેશે. હવે ધૂડેય નથી તારા. ૬૦ હજાર શું લાખ-કરોડ ખર્ચને. એ ક્યાં તારી ચીજ છે ! એ તો જડ છે. સમજાણું કાંઈ ? એ જડને મેં કર્યું, મેં દીધું એ તો મિથ્યાત્વ અભિમાન છે.

**શ્રોતા :–** રૂપિયા ગયા અને મિથ્યાત્વ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** રૂપિયા ક્યાં એના બાપના હતા ! એના ક્યાં હતા ! અહીં તો ભાઈ એવી વાત છે. ધર્મમાં સ્થાન છે ? કીધું, નહિ. પૈસાવાળાનું સ્થાન નથી. પૈસા શું કામ છે ? અહીં તો આત્માનું જ્ઞાન અને આનંદનું કામ છે, એ કામ છે. સમજાણું કાંઈ ? 'માંગીલાલજી'! પૈસાવાળા તો ઘણા આવે છે.

અહીંયાં તો જ્ઞાનોપયોગ જે ત્રિકાળી છે... આહા..હા...! એને સ્વભાવજ્ઞાનોપયોગ અને કાર્યસ્વભાવ ઉપયોગ. વર્તમાન પ્રગટ થાય એ. કેવળજ્ઞાનોપયોગ. કારણસ્વભાવજ્ઞાનોપયોગ એ બે. એ આવી ગયું. **'વિભાવજ્ઞાનોપયોગ પણ બે પ્રકારનો છે : (૧) સમ્યક્ વિભાવજ્ઞાનોપયોગ...'** એ મતિ, શ્રુત અવધિ, મનઃપર્યય છે એ સમ્યક્ જ્ઞાન વિભાવ ઉપયોગ છે. ચાર જ્ઞાનની પર્યાય છે ને ? મતિ, શ્રુત, અવધિ. એ અપૂર્ણ છે અને કર્મમાં એ નિમિત્ત છે. **'(૧) સમ્યક્ વિભાવજ્ઞાનોપયોગ અને (૨) મિથ્યા વિભાવજ્ઞાનોપયોગ.'** ઓહો..હો...! છે ? **'કેવળ વિભાવજ્ઞાનોપયોગ). સમ્યક્ વિભાવજ્ઞાનોપયોગના ચાર ભેદો...'** જુઓ ! સમ્યક્ વિભાવજ્ઞાનોપયોગ. **'(સુમતિજ્ઞાનોપયોગ, સુશ્રુતજ્ઞાનોપયોગ, સુઅવધિજ્ઞાનોપયોગ અને મનઃપર્યયજ્ઞાનોપયોગ)...'** એ ચારને સમ્યક્ વિભાવજ્ઞાનોપયોગ કહ્યો. કેવળજ્ઞાન એ સ્વભાવજ્ઞાનોપયોગ. ચાર જ્ઞાન એ વિભાવજ્ઞાન ઉપયોગ. અપૂર્ણ છે ને ? આહા..હા...! એ ચાર ભેદ છે : સુમતિ, સુશ્રુત, સુઅવધિ, મનઃપર્યય.

**'હવેની બે ગાથાઓમાં કહેશે. મિથ્યા વિભાવજ્ઞાનોપયોગના અર્થાત્ કેવળ વિભાવજ્ઞાનોપયોગના ત્રણ ભેદો છે...'** પછી કહેશે. **'(૧) કુમતિજ્ઞાનોપયોગ,...'** એ કેવળ વિભાવજ્ઞાન છે. ઓલા સમ્યક્ વિભાવજ્ઞાન છે. સમ્યક્ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિ, મનઃપર્યય. સાચા, હોં ! એ સમ્યગ્જ્ઞાન વિભાવ ઉપયોગ છે અને અજ્ઞાનીનો એકલો વિભાવ એ કેવળ વિભાવજ્ઞાનોપયોગ છે. અજ્ઞાનમાં મતિ, શ્રુત

અને વિભંગ હોય છે ને ? આહા..હા...! '**(૧) કુમતિજ્ઞાનોપયોગ, (૨) કુશ્રુતજ્ઞાનોપયોગ અને (૩) વિભંગજ્ઞાનોપયોગ અર્થાત્ કુઅવધિજ્ઞાનોપયોગ.**' એ ઉપયોગના ભેદ કહ્યા.

'**[હવે દસમી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]**'

**अथ सकलजिनोक्तज्ञानभेदं प्रबुद्धाव**
**परिहृतपरभावः स्वस्वरूपे स्थिती यः।**
**सपदि विशति यत्तच्चिच्चमत्कारमात्रं**
**स भवति परमश्रीकामिनीकामरूपः।।१७।।**

'**જિનેન્દ્રકથિત સમસ્ત જ્ઞાનના ભેદોને જાણીને...**' જિનેન્દ્રના મુખથી નીકળેલા બધા કથન. '**સમસ્ત જ્ઞાનના ભેદોને જાણીને જે પુરુષ...**' હવે કરવાનું શું છે ? એ કહે છે. એ જાણવામાં આવે છે તો જાણો. '**પરભાવોને પરિહરી...**' આહા..હા...! પરભાવનો ત્યાગ કરીને '**નિજસ્વરૂપમાં સ્થિત રહ્યો...**' આહા..હા...! પોતાના નિજ જ્ઞાનાનંદ સ્વરૂપમાં રહે, એ '**શીઘ્ર ચૈતન્યચમત્કારમાત્ર તત્ત્વમાં પેસી જાય છે—**' આ ઊંડા ઊંડા કહે છે એ ને ? ગુજરાતીમાં ઊંડું ઊંડું. ઊંડું ઉતરવું. ઊંડું-ઊંડું ઉતરવું. અહીં ગંભીર કહ્યું છે. ભગવાનઆત્મા... કહે છે કે જિનેન્દ્રએ કહેલાં ઉપયોગને જાણીને પોતાની પર્યાયને ઊંડે ઊંડે દ્રવ્ય સન્મુખ લઈ જવી. આહા..હા...! છે ?

'**શીઘ્ર ચૈતન્યચમત્કારમાત્ર તત્ત્વ...**' બસ, આ આત્મા. '**શીઘ્ર ચૈતન્યચમત્કારમાત્ર તત્ત્વમાં પેસી જાય છે—ઊંડો ઊતરી જાય છે.**' અંદરમાં ધ્રુવમાં પેસી જાય છે. ભાષા કઠણ છે. આપણે ગુજરાતીમાં ઊંડો ઊંડો ઉતરે એમ છે. ગુજરાતી છે ? ઊંડો ઉતરે. અહીં એમ કહે છે, ઊંડો ઉતરી જાય છે. ભગવાન પૂર્ણ સ્વરૂપ જ્ઞાનના ભેદ જાણીને ધ્રુવ સ્વભાવમાં (ઊંડો ઉતરી જાય). આખી પર્યાય છે એ ધ્રુવની ઉપર આખા અસંખ્ય પ્રદેશમાં છે. ઉપર સમજ્યા ? આમ નહિ. એ તો અહીં અંદરમાં પ્રદેશ છે એની ઉપર પર્યાય છે. સમજાણું કાંઈ ? ઉપર એટલે આ અસંખ્ય પ્રદેશમાં અહીંયાં અહીંયાં ઉપર એમ નહિ. જ્યાં જ્યાં પ્રદેશ છે ત્યાં ત્યાં ઉપર પર્યાય છે. ત્યાંથી ઊંડા ઊંડા ઉતરવું. પર્યાયને છોડી અંદર ધ્રુવમાં જવું.

'**તે પુરુષ પરમશ્રીરૂપી કામિનીનો વલ્લભ થાય છે (અર્થાત્ મુક્તિસુંદરીનો પતિ થાય છે).**' એ મોક્ષમાં જાય એમ કહે છે. પૂર્ણાનંદની પ્રાપ્તિ, અંતર આત્મામાં ધ્રુવમાં ઉતરતા પૂર્ણાનંદની પ્રાપ્તિરૂપી મુક્તિ થાય છે. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

❋

## શ્રી નિયમસાર, ગાથા-૧૧-૧૨
## પ્રવચન નં-૧૫૪, તા.૧૬-૧-૧૯૭૬
## [૭]

'નિયમસાર', જીવ અધિકાર, ગાથા–૧૧ અને ૧૨.

જ્ઞાનના ભેદોનું કથન છે. આત્મા ત્રિકાળી જ્ઞાનસ્વરૂપ છે, ત્રિકાળી જ્ઞાનસ્વરૂપ છે. એનું જ્ઞાન અને એના આશ્રયે થયેલા પર્યાયમાં કેવળજ્ઞાનાદિ ભેદને બતાવે છે. ૧૧-૧૨.

**केवलमिंदियरहियं असहायं तं सहावणाणं ति।**
**सण्णाणिदरवियप्पे विहावणाणं हवे दुविहं।।११।।**

**सण्णाणं चउभेयं मदिसदओही तहेव मणपज्जं।**
**अण्णाणं तिवियप्पं मदियाई भेददो चेव।।१२।।**

**અસહાય, ઇંદ્રિવિહીન, કેવળ, તે સ્વભાવિક જ્ઞાન છે;**
**સુજ્ઞાન ને અજ્ઞાન–એમ વિભાવજ્ઞાન દ્વિવિધ છે. ૧૧.**

**મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય–ભેદ છે સુજ્ઞાનના;**
**કુમતિ, કુઅવધિ, કુશ્રુત–એ ત્રણ ભેદ છે અજ્ઞાનના. ૧૨.**

'**ટીકા :– અહીં (આ ગાથાઓમાં) જ્ઞાનના ભેદ કહ્યા છે.**' પહેલી વાત એ કરે છે કે કેવળજ્ઞાન, આત્માનું ત્રિકાળ કેવળજ્ઞાન. અંતરમાં જ્ઞાનમૂર્તિ ભગવાનઆત્મા, અંતર જ્ઞાનસ્વભાવથી ભરેલો પદાર્થ, એનો જે જ્ઞાનરૂપ ભાવ–કારણજ્ઞાન, એને આશ્રયે ઉત્પન્ન થતું કેવળજ્ઞાન અને એને આશ્રયે ઉત્પન્ન થતા મતિ-અવધિ આદિ, એના ભેદોનું વર્ણન છે. પહેલું કેવળજ્ઞાનનું વર્ણન છે.

'**જે ઉપાધિ વિનાના...**' ભગવાનઆત્માને કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે, એ તો ઉપાધિ રહિત છે, તેમાં કોઈ ઉપાધિ છે નહિ. '**ઉપાધિ વિનાના સ્વરૂપવાળું...**' જ્ઞાન છે. કેવળજ્ઞાન, હોં ! પ્રગટ કેવળજ્ઞાનની વાત ચાલે છે. '**કેવળ છે,...**' એકલું જ્ઞાન છે, શુદ્ધ છે, ભેળસેળ રહિત નિર્ભેળ છે. એમાં ભેળ નથી. આત્માની કેવળજ્ઞાન પર્યાય એવી નિર્મળ ઉપાધિરહિત, શુદ્ધ, એકલી વિભાવ રહિત શુદ્ધ છે.

આ કેવળજ્ઞાન. પર્યાય કેવળજ્ઞાન, કાર્ય–કેવળજ્ઞાન. આહા..હા...!

**‘આવરણ વિનાના સ્વરૂપવાળું...’** કેવળજ્ઞાનમાં કોઈ આવરણ નથી, પૂર્ણ નિરાવરણ છે. એ કારણે કેવળજ્ઞાન **‘ક્રમ,...’** ક્રમથી જાણવું એમ એમાં નથી. કેવળજ્ઞાન ક્રમે જાણે, પહેલાં આમ (જાણે, પછી આમ જાણે) એમ નથી. ક્રમરહિત **‘ઇન્દ્રિય...’** રહિત. અંતર કેવળજ્ઞાન ક્રમે જાણવાથી રહિત છે અને ઇન્દ્રિયથી જાણવા રહિત છે. **‘અને (દેશ-કાળાદિ) વ્યવધાન રહિત છે,...’** એને કોઈ ક્ષેત્ર અને કાળની મર્યાદા નથી. કોઈ ક્ષેત્ર-કાળ વિઘન નથી કરતા. ત્રણ કાળ, ત્રણ લોકને નિરુપાધિ કેવળજ્ઞાન છે. ક્રમ અને ઇન્દ્રિયરહિત ભગવાનઆત્મામાં કેવળજ્ઞાન થાય છે એ જ્ઞાનનું આવું સ્વરૂપ છે. આહા..હા...! સાધારણ તો કેવળી-કેવળી કહે, પણ કેવળજ્ઞાન (શું તેના સ્વરૂપની ખબર ન મળે). છે ?

**‘એક-એક વસ્તુમાં નહિ વ્યાપતું...’** ક્રમની વ્યાખ્યા કરી. પહેલાં આવું જાણે અને પછી બીજું જાણે, અને પછી ત્રીજું જાણે એમ છે નહિ. એક સમયમાં, એક સમયની પર્યાયમાં ત્રણકાળ ત્રણલોકને જાણવાનો કેવળજ્ઞાનનો સ્વભાવ છે. સમજાણું કાંઈ ? **‘(–સમસ્ત વસ્તુઓમાં વ્યાપતું હોવાથી)...’** એટલે ? ત્રણકાળ ત્રણલોકનું જ્ઞાન થાય છે. વ્યાપ્તનો અર્થ એ. પરમાં વ્યાપતું નથી, પણ પર સંબંધી પોતાના પૂર્ણ જ્ઞાનમાં કેવળજ્ઞાન વ્યાપ્ત છે. જેથી **‘અસહાય છે,...’** એ કારણે કેવળજ્ઞાન ઇન્દ્રિયો એને બીજા પદાર્થની સહાયરહિત છે, અસહાય છે. આહા..હા...!

**‘તે કાર્યસ્વભાવજ્ઞાન છે.’** કાર્યસ્વભાવજ્ઞાન એટલે કેવળજ્ઞાન પર્યાય થઈ ને ? પર્યાય પ્રગટ છે તો કાર્યસ્વભાવજ્ઞાન છે. **‘કારણજ્ઞાન પણ તેવું જ છે. શાથી ?’** હવે ઝીણી વાત કરી. ભગવાનઆત્મામાં જ્ઞાનસ્વભાવ જે કારણરૂપ છે, જેના આશ્રયે કાર્યકેવળજ્ઞાન થાય છે. આહા..હા...! પોતાના સ્વભાવમાં કારણજ્ઞાન ત્રિકાળ છે. એના આશ્રયે કાર્યકેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ ? ભાષા સાધારણ છે પણ માલ અંદર ઘણો છે. આહા..હા...! આત્મામાં કારણજ્ઞાન, ત્રિકાળી જ્ઞાન, સ્વરૂપપ્રત્યક્ષ જ્ઞાન (પડ્યું જ છે). આહા..હા...!

**શ્રોતા :–** એ જ્ઞાન ગુણરૂપ કે બીજા કોઈ રૂપ ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ગુણરૂપ, ગુણરૂપ. કારણરૂપ કહે છે ને ? આત્મામાં એ ગુણરૂપ જ્ઞાન (છે). ત્રિકાળ કેવળજ્ઞાનરૂપી કાર્યનું કારણ અને એ કારણના અવલંબનથી કાર્યકેવળજ્ઞાન થાય છે. આહા..હા...! સમજાણું કાંઈ ? અહીં તો એ કહે છે કે પહેલાં ચાર જ્ઞાન ઉત્પન્ન થાય, એનાથી પણ કેવળજ્ઞાન પ્રગટતું નથી. કેવળજ્ઞાન એ ત્રિકાળી જ્ઞાયક કારણસ્વભાવના આશ્રયે ઉત્પન્ન થાય છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

**‘કારણજ્ઞાન પણ તેવું જ છે.’** આહા..હા...! કારણજ્ઞાન કોણ ? આત્મ–ભગવાનઆત્મા જ્ઞાનસ્વભાવથી ભર્યો છે, એને અહીં કારણજ્ઞાન કહેવામાં આવ્યું છે. કારણજ્ઞાન અને કાર્યજ્ઞાન ક્યાંય સાંભળ્યું ન હોય. સમજાણું કાંઈ ? ભગવાન અરિહંતને જે કેવળજ્ઞાન થાય છે એ કેવળજ્ઞાનને કાર્યકેવળજ્ઞાન કહે છે અને એ કેવળજ્ઞાનના કાર્યનું કારણ અંતર આત્મામાં જ્ઞાનસ્વરૂપ પૂર્ણ ભરેલું

છે એ કારણજ્ઞાન છે. એ કારણમાંથી કાર્ય થાય છે. સમજાણું કાંઈ ? કોઈ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા કરવાથી કેવળજ્ઞાન થાય છે (એમ નથી).

**શ્રોતા :–** એ તો રાગ છે. એનાથી શું થાય ? એનાથી તો બંધ થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ તો રાગ છે, વિકલ્પ છે. અહીંયા તો સમ્યક્ મતિ-શ્રુતજ્ઞાનાદિ જે ઉત્પન્ન થયા હોય એનાથી પણ કેવળજ્ઞાન થાય છે, એમ નથી. આહા..હા...!

**શ્રોતા :–** તો કેવળજ્ઞાન બોલાવે છે એ... ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** મતિજ્ઞાન બોલાવે છે. 'ધવલ'માં પાઠ છે. ભગવાનઆત્મા આનંદ જ્ઞાનસ્વરૂપ (છે). એનું જ્ઞાન થવાથી મતિ અને શ્રુતજ્ઞાન ઉત્પન્ન થયું. સમ્યક્, હોં ! એ મતિ-શ્રુતજ્ઞાન કેવળજ્ઞાનને બોલાવે છે. બોલાવે છે એનો અર્થ–આવો કેવળજ્ઞાન, આવો. એવો પાઠ છે. 'ધવલ'માં પાઠ છે. આહા..હા...! કોઈને માર્ગ પૂછવો હોય તો કહેતા નથી ! ભાઈ ! અહીં આવો. આ માર્ગ ક્યાં જાય છે ? પૂછે છે કે નહિ ? આ માર્ગ ક્યાંથી નીકળે છે ? અજાણ્યા છીએ. એમ મતિજ્ઞાન આત્માનું સહજ કારણસ્વભાવજ્ઞાન એના અવલંબને જે મતિ-શ્રુતજ્ઞાન થયું, એ મતિ અને શ્રુતજ્ઞાન કેવળજ્ઞાનને બોલાવે છે અર્થાત્ જેમ ચંદ્રમામાં ચંદ્રમાં, ચંદ્રમામાં બીજનો ચંદ્ર ઉગે છે ને ? એ બીજ ઊગે છે એ પૂનમને લાવે જ છે. એ બીજ પૂનમને બોલાવે છે, આવો. 'ચંદુભાઈ' ! આવી વાતું છે. આહા..હા...! બીજ ઊગે છે. આપણે બીજ કહીએ છીએ. બીજ ઊગે પછી પૂનમ થાય જ છે. સમજાણું કાંઈ ? કાલે પૂનમ છે.

એમ ભગવાનઆત્મા અંતર જ્ઞાનાનંદ કારણસ્વભાવરૂપ ભર્યો છે, એનું સ્વરૂપગ્રાહી જ્ઞાન હોવાથી મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન મોક્ષના માર્ગરૂપી પર્યાય ઉત્પન્ન થાય છે. આહા..હા...! એ મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન અલ્પજ્ઞાન છે. એ કેવળજ્ઞાન પૂર્ણ છે એને બોલાવે છે. આવો, અલ્પકાળમાં મને કેવળજ્ઞાન પ્રગટ થાઓ. બોલાવે છે, એવો પાઠ છે.

**શ્રોતા :–** દીકરો બાપને બોલાવે..

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** .. માર્ગમાં બતાવવું હોય. રસ્તામાં ચાલતા ચાલતા ભુલો પડ્યો હોય તો બોલાવે, ભાઈ ! ખેતરમાં કણબી માણસ હોય, ભાઈ ! અહીં આવો. આ માર્ગ અમને બતાવો. અહીં આવો.

**શ્રોતા :–** કેવળજ્ઞાન એ માર્ગ બતાવે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** મતિજ્ઞાન કહે છે કે કેવળજ્ઞાન આવો. એનો અર્થ કે જેને આત્માનું સ્વરૂપગ્રાહી મતિજ્ઞાન થયું, એને કેવળજ્ઞાન થશે, થશે અને થશે જ ! આહા..હા...! સમજાણું કાંઈ ? શાસ્ત્રનુ કે બીજું કાંઈ જ્ઞાન હોય ન હોય એની સાથે સંબંધ નથી. પોતાનો જ્ઞાનસ્વરૂપ ભગવાન સૂક્ષ્મ છે, ભગવાન ! આહા..હા...!

કહ્યું ને ? '**કારણજ્ઞાન પણ તેવું જ છે.**' તેવું જ નામ કાર્યજ્ઞાન જેવું છે, અસહાય, ઇન્દ્રિયરહિત,

ક્રમથી જાણવા રહિત અને દેશ-કાળનું એમાં વિઘ્ન નથી, એવું કારણરૂપ જ્ઞાન અંદર આત્મામાં છે. આહા..હા...! એ પણ તેવું જ અસહાય... આહા..હા...! કેવું છે ? તેવું જ છે. કાર્યજ્ઞાન જેવું જ આત્માનું જ્ઞાન અંદર છે. **'શાથી ? નિજ પરમાત્મામાં રહેલાં...'** છે. આહા..હા...! નિજ આત્મામાં વિદ્યમાન છે. એવું **'સહજદર્શન,...'** શું કહે છે ? આત્મામાં અંદર સહજદર્શન પડ્યું છે. સ્વભાવિકદર્શન ત્રિકાળ પડ્યું છે, અને **'સહજચારિત્ર,...'** આહા..હા...! ભગવાનઆત્મામાં સ્વભાવિક ચારિત્રશક્તિ પડી છે, સ્વભાવિક ચારિત્રગુણ. પર્યાય એટલે આ ચારિત્ર નહિ. અંદર સ્વરૂપમાં સહજ ચારિત્રસ્વરૂપ ત્રિકાળ પડ્યું છે. આહા..હા...!

**'સહજદર્શન,...'** પરમાત્મા નામ આત્મા. પોતાનો પરમ આત્મા, પરમસ્વરૂપ જે ધ્રુવ સ્વરૂપ, નિત્ય સ્વરૂપ છે એમાં વિદ્યમાન સહજદર્શન છે, સ્વભાવિકચારિત્ર ત્રિકાળમાં છે. ત્રિકાળમાં સ્વભાવિક પૂર્ણ શાંતિ પડી છે. આહા..હા...! **'સહજસુખ,...'** છે. આત્મામાં સ્વભાવિક આનંદ પડ્યો છે. આહા..હા...! સમજાણું કાંઈ ? સુખ નથી વિષયમાં, સુખ નથી લક્ષ્મીમાં, સુખ નથી આબરૂમાં. આહા..હા...!

**શ્રોતા :–** સારા ગુરુ મળે એમાં તો સુખ ખરું ને ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એમાંથી કાંઈ મળે એવું નથી, અંદરમાંથી મળે એવું છે. અંદરમાં સ્વસુખ ભર્યું છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

**શ્રોતા :–** આવું કહ્યું કોણે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ જાણનાર પોતે પોતાને બતાવે. પોતે નામ સ્વયં. આહા..હા...! સમજાણું કાંઈ ?

અહીં તો અંદરમાં એમ કહેવું છે કે ભગવાનઆત્મા ત્રિકાળ જ્ઞાનસ્વરૂપ છે, એનું જેને જ્ઞાન થાય છે, એ જ્ઞાન પરપદાર્થને પોતાથી ભિન્ન છે એમ એ જ્ઞાન જાણે છે. સ્વરૂપગ્રાહી જ્ઞાન વિના પરનું જ્ઞાન યથાર્થ થતું નથી. 'નવરંગભાઈ'! 'કળશટીકા'માં દૃષ્ટાંત આપ્યું છે ને ? કળશમાં આવે છે. ૬૦ મો કળશ છે. આ શાક કહે છે ને શાક ? શું કહે છે ? શાકમાં મીઠું છે, લવણ. મીઠું ખારું છે અને શાક ખારું નથી, એનું જ્ઞાન કોને થાય છે ? અજ્ઞાની માને છે એ નહિ, એ જ્ઞાન યથાર્થ નથી. જેને આત્મા જ્ઞાનસ્વરૂપ છે, આનંદસ્વરૂપ છે, એવું અંતરમાં જ્ઞાન થયું હોય, એ શાક અને મીઠું. શાક કહે છે ને ? અને મીઠું. એ બેનું ભિન્ન જ્ઞાન એને સાચું હોય છે. 'ચંદુભાઈ'! શું કીધું એ ? મીઠું ખારું છે અને શાક ખારું નથી. એનું જ્ઞાન પણ સ્વરૂપગ્રાહિ જ્ઞાનવાળાને આવું વ્યવહાર જ્ઞાન હોય છે. આહા..હા...!

**શ્રોતા :–** આત્મજ્ઞાની...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આત્મજ્ઞાન હોય એને યથાર્થ પરનું જ્ઞાન હોય છે. પાણી ઠંડું છે અને અગ્નિના નિમિત્તે ગરમ થયું. એ ગરમ અને ઠંડાનું જ્ઞાન, જેને સ્વરૂપગ્રાહિજ્ઞાન થયું હોય, અંતર

જ્ઞાનસ્વરૂપી ભગવાનઆત્માનું ભાન થયું હોય, એને એ ઠંડા અને ગરમનું સાચું જ્ઞાન થાય છે. આહા..હા...! સમજાણું કાંઈ ? ઠંડી-ગરમ પર વસ્તુ છે. તો પર વસ્તુનું યથાર્થ જ્ઞાન કોને હોય છે ?–કે જેને પોતાના જ્ઞાનસ્વરૂપનું જ્ઞાન થયું છે. 'ચંદુભાઈ'! આવી વાતું છે. આહા..હા...! કળશમાં છે. એય..! 'નવરંગભાઈ'! દવાનું જ્ઞાન પણ આ દવા ઠીક અને આ દવા ઠીક નહિ એનું જ્ઞાન કોને હોય છે ? સ્વરૂપગ્રાહિ જ્ઞાનીને જ પરનું યથાર્થ જ્ઞાન હોય છે. જેને સ્વનું યથાર્થ જ્ઞાન થયું, એને પરનું જ્ઞાન સ્વ–પરપ્રકાશ યથાર્થ થાય છે. આહા..હા...! આવી વાત છે, ભાઈ! વીતરાગમાર્ગ એવો સૂક્ષ્મ છે. લોકોને બહારથી સ્થૂળ મળ્યું છે. મૂળ ચીજ જ નથી મળી. આહા..હા...!

ભગવાનઆત્મા જ્ઞાનસ્વરૂપી કારણરૂપ જ્ઞાન જે છે, એના આશ્રયથી જે સમ્યગ્જ્ઞાન થાય છે એ મોક્ષના માર્ગનો માર્ગ છે. અને માર્ગ નામ ત્રણ પ્રકાર છે ને ? દર્શન-જ્ઞાન-ચારિત્ર, એમાં એ જ્ઞાનભાવ છે. અને એ જ્ઞાન પોતાના કારણજ્ઞાનમાંથી ઉત્પન્ન થયું છે, તેથી આ જ્ઞાન યથાર્થ છે. અને એ જ્ઞાન રાગને પણ જાણે છે કે આ રાગ છે અને હું શુદ્ધ છું. એવું ભેદજ્ઞાન, યથાર્થ જ્ઞાનીને જ એનું ભેદજ્ઞાન થાય છે. આહા..હા...! શું કહ્યું ? સમજાણું કાંઈ ? માર્ગ સૂક્ષ્મ છે, ભગવાન !

મારામાં આનંદ છે, એવું જેને અંતરનું જ્ઞાન થયું, એ જ્ઞાનમાં આ રાગ દુઃખરૂપ છે, ઇન્દ્રિય, શરીર આદિ પર છે, તેનું યથાર્થ જ્ઞાન થાય છે. સમજાણું કાંઈ ? આ દેહ પર છે અને કર્મ પર છે અને દયા, દાન, વિકલ્પ, શુભભાવનો રાગ ઉત્પન્ન થાય છે એ પર છે, એનું યથાર્થ કોને થાય છે ? આહા..હા...! કે જેને જ્ઞાનમય ભગવાનઆત્માની સન્મુખ થઈને જ્ઞાન કર્યું, એને રાગ ભિન્ન છે, શરીર ભિન્ન છે એવું વાસ્તવિક જ્ઞાન એને થાય છે. આહા..હા...! અરે..! આ તો કેવળજ્ઞાનની વાતું, બાપા ! કેવળજ્ઞાન કોને કહે ! લોકો અમથા પર્યાય માને. ણમો અરિહંતાણ... કેવળ કોને કહેવું ? આહા..હા...!

જેને એક સમયમાં ત્રણકાળ, ત્રણલોકનું ત્રણકાળ, ત્રણલોકને સ્પર્શ્યા વિના. ... ત્રણકાળ ત્રણલોક છે એને સ્પર્શ્યા વિના કેવળજ્ઞાન થાય છે. આહા..હા...! અને એક સમયમાં, સેકન્ડમાં અસંખ્ય સમય જાય છે એમાં એક સમયમાં... આહા..હા...! ત્રણકાળ, ત્રણલોકનું જ્ઞાન થાય છે. એ ૮૦મી ગાથામાં કહ્યું ને ? '**जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं**' જે કોઈ અરિહંતના દ્રવ્ય, ગુણ અને પર્યાયને જાણે, એ પોતાના આત્માને જાણે. હું પણ એવો છું એવી મીંઢવણી કરે. આહા..હા...! સમજાણું કાંઈ ? '**जो जाणदि अरहंतं**' અરિહંતનું દ્રવ્ય નામ આત્મા, ગુણ નામ અંદર ત્રિકાળ શક્તિ અને પર્યાય નામ કેવળજ્ઞાનાદિ વર્તમાન અવસ્થા. એને જે પહેલા વિકલ્પથી બરાબર જાણે છે. પછી એના સ્વરૂપમાં મીંઢવણી કરે છે કે હું પણ, જેવું એમનું દ્રવ્ય છે એવું દ્રવ્ય મારામાં છે, એના ગુણ જેવો મારામાં ગુણ છે અને કેવળજ્ઞાનની પર્યાય મારામાં પ્રગટ થવાની શક્તિ છે. એવી અંતરદૃષ્ટિ કરતાં સમ્યગ્જ્ઞાન થાય છે અને સમ્યગ્દર્શન થાય છે. કેવળજ્ઞાનની પર્યાય સાથે મીંઢવણી કરે છે. આહા..હા...! સમજાણું કાંઈ ? બધી વાતું ઝીણી ભારે, ભાઈ ! કાંઈક કરવું હોય અને આ કરે. ચાલો જાવ. પૂજા

કરવી, ભક્તિ કરવી, આ કરવું એમાં સૂઝ પડી જાય. એમાં ધૂડેય નથી. આવે છે, હોય છે પણ એ તો હેય છે. આહા..હા...!

પોતાનો ભગવાનઆત્મા અનંત... અનંત... અનંત... અનંત... જેની શક્તિ, જેની શક્તિનું સામર્થ્ય. એક એક ગુણની શક્તિનું સામર્થ્ય અનંત છે. ક્ષેત્રમાં ભલે નાનું હોય, એની સાથે સંબંધ નથી. સ્વભાવની સામર્થ્યતા એક એક આત્મામાં એક એક જ્ઞાનનું અનંત સામર્થ્ય છે. એ કારણજ્ઞાનને અવલંબીને જે કાંઈ મતિ-શ્રુતજ્ઞાન પહેલાં થાય છે તેને ધર્મ કહે છે. અને મતિ-શ્રુતજ્ઞાનનો વ્યય થઈને કેવળજ્ઞાન થાય છે એ કારણકેવળજ્ઞાનમાંથી કેવળજ્ઞાન થાય છે. મતિશ્રુતનો તો અભાવ થઈ જાય છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

કહે છે કે '**નિજ પરમાત્મામાં રહેલાં...**' શું ? '**સહજદર્શન,...**' ત્રિકાળ. '**સહજચારિત્ર,...**' ત્રિકાળ. '**સહજસુખ...**' ત્રિકાળ. '**અને સહજપરમચિત્શક્તિરૂપ...**' વીર્ય. '**સહજપરમચિત્શક્તિરૂપ નિજ કારણસમયસારનાં...**' આહા..હા...! અંતરનું કારણજ્ઞાન, અંતરનું ધ્રુવજ્ઞાન, સહજદર્શન, સહજચારિત્ર, સહજસુખ, સહજપરમચિત્શક્તિરૂપ એવા કારણસમયસારના '**સ્વરૂપોને યુગપદ્ જાણવાને સમર્થ...**' છે. શક્તિ, હોં ! સમજાણું કાંઈ ? એ શું કીધું ?

ભગવાનઆત્મામાં જે સહજકારણજ્ઞાન ધ્રુવ છે એના આશ્રયથી કાર્યજ્ઞાન કેવળ થાય છે. પણ એ સહજજ્ઞાન કેવું છે ? કે પોતામાં રહેનાર ત્રિકાળી સહજદર્શન, સહજસુખ, સહજવીર્ય અને સહજચારિત્ર... આહા..હા...! એને યુગપદ્ નિજકારણસમયસાર. એને નિજકારણસમયસાર કહ્યું. કોને ? એ '**નિજ પરમાત્મામાં રહેલા સહજદર્શન, સહજચારિત્ર, સહજસુખ અને સહજપરમચિત્શક્તિરૂપ નિજ કારણ સમયસારનાં સ્વરૂપોને...**' આહા..હા...! '**યુગપદ્ જાણવાને સમર્થ હોવાથી તેવું જ છે.**' ધ્રુવજ્ઞાન, હોં ! સ્વરૂપપ્રત્યક્ષ ધ્રુવજ્ઞાન જે છે, એ જ્ઞાન આત્મામાં વિદ્યમાન દર્શન, સુખ, ચારિત્ર, વીર્ય એવું કારણસમયસાર, એને જ્ઞાન, કારણજ્ઞાન યુગપદ્ જાણવાને સમર્થ છે. આહા..હા...! લોકોને વિશ્વાસ ક્યાં છે કે આ શું છે ? સમજાણું કાંઈ ?

આત્મા–ભગવાનઆત્મા દેહથી ભિન્ન, રાગથી ભિન્ન અને પોતાના સ્વભાવથી અભિન્ન. એવા સ્વભાવમાં રહેલું જ્ઞાન, ત્રિકાળી કારણજ્ઞાન, જેમાંથી કાર્યજ્ઞાન પર્યાયમાં ઉત્પન્ન થાય છે, એ કારણજ્ઞાન કેવું છે ? કે અંદરમાં પરમાત્મસ્વરૂપમાં વિદ્યમાન દર્શન, ચારિત્ર, સુખ, વીર્ય. એ કારણસમયસારને અંદર રહેલું જ્ઞાન યુગપદ્ જાણવામાં સમર્થ છે. આહા..હા...! સમજાણું કાંઈ ? '...જી'!

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સ્વના જ્ઞાન વિના પરનું જ્ઞાન યથાર્થ થતું નથી.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ... બોલે છે એ પરના જ્ઞાનમાં. આહા..હા...! આ મેં ઇન્દ્રિયથી જાણ્યું, એ ચીજ છે તો મારામાં જ્ઞાન થયું, એવી એને ગડબડ થઈ જાય છે. ઝીણી વાત છે, ભાઈ !

આહા..હા...!

સર્વજ્ઞ પરમાત્મા અરિહંતદેવ સર્વજ્ઞ પરમેશ્વર જે કેવળજ્ઞાન પામ્યા, તો કહે છે કે કેવળજ્ઞાન તો કાર્યજ્ઞાન છે. પર્યાય કહો કે કાર્ય કહો. એ કાર્યજ્ઞાનનું કારણ કોણ ? ત્રિકાળી આત્મામાં પડેલું જ્ઞાન, જે જ્ઞાન ત્રિકાળી જ્ઞાન સહજદર્શન, સહજસુખ, સહજચારિત્ર, સહજવીર્ય. એવા કારણ સમયસારને, જે અંતરમાં પડેલું જ્ઞાન કારણસમયસારને જાણવામાં સમર્થ છે. આહા..હા...!

અંદર ભગવાનઆત્મા સચ્ચિદાનંદ પ્રભુ બિરાજે છે. એમાં જે જ્ઞાન છે એને અહીં કારણજ્ઞાન કહ્યું. કેમ કે એના કારણે કાર્યજ્ઞાન, કેવળજ્ઞાન, ઉત્પન્ન થાય છે. પણ અંતરમાં એ જ્ઞાન કેવું છે ? કે જે પરમાત્મસ્વરૂપ પોતાનું છે, એમાં રહેનાર દર્શન, એમાં રહેનાર આનંદ, એમાં રહેનાર ચારિત્ર, ચિત્શક્તિવીર્ય. એવા કારણ સમયસારને, ધ્રુવ સમયસારને ધ્રુવજ્ઞાન જાણવામાં યુગપદ્ સમર્થ છે. આવી વાત છે. આ વસ્તુનો અભ્યાસ ઘટી ગયો છે. મૂળ તત્ત્વનો–દ્રવ્ય, ગુણ, અને પર્યાય કે જે મૂળ એકડા છે એની ખબર ન મળે અને એમ ને એમ ઉપરથી ચાલ્યું જાય. દૃષ્ટિ રહી ગઈ. આહા..હા...!

**શ્રોતા :–** ધ્રુવ ધ્રુવને જાણે છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા. જાણવાની શક્તિ છે એમ. કાર્યરૂપ નહિ. ધ્રુવમાં રહેલું જ્ઞાન, ધ્રુવમાં રહેલા દર્શન, ચારિત્ર, સુખને એક સાથે જાણવાની શક્તિ છે, એને જાણે છે એમ કહેવામાં આવે છે.

**'નિજ કારણસમયસારનાં સ્વરૂપોને...'** આહા..હા...! ત્રિકાળ નિજ કારણજ્ઞાન, **'નિજ કારણસમયસારને...'** કે જેમાં દર્શન, ચારિત્ર આદિ પડ્યા છે. એવા નિજ કારણસમયસારને યુગપદ્ જાણવાને સમર્થ, એની જાણવાની તાકાત છે. આહા..હા...! એવું કાર્યજ્ઞાન ... એવું જ છે. આહા..હા...! અરે..! એક બોલ પણ યથાર્થ સમજે ને... શાસ્ત્રમાં પાઠ છે. 'જયસેનાચાર્ય'નો. એક ભાવ બરાબર સમજે તો સર્વ ભાવ સમજાય છે. એક ભાવ પણ યથાર્થ સમજાયો તો બધા ભાવ સમજાય છે. એક ભાવ યથાર્થ સમજ્યા વગર ઉપર ઉપરથી અગિયાર અંગ ભણી ગયો, નવ પૂર્વ ભણી નાખ્યા, ભણીને નાખી દીધું. આહા..હા...! કેવી વાત કરી છે ! જુઓ ! આવી વાત બીજા શાસ્ત્રમાં એટલી વાત (નથી આવી). બીજા એટલે આપણા દિગંબર શાસ્ત્રમાં. એટલી સ્પષ્ટ વાત અહીંયા છે. સમજાણું કાંઈ ? એ બધી અહીંયા કોતરાઈ ગઈ છે. આ બધી ટીકા કોતરાઈ ગઈ છે. આહા..હા...! અંદરમાં કોતરવી, એ વાત કરે છે. આહા..હા...!

આત્મા અરૂપી પદાર્થ–તત્ત્વ છે. એમાં ત્રિકાળી જ્ઞાન જે છે, એને અહીંયા કારણજ્ઞાન (કહ્યું). જેવું કાર્યજ્ઞાન–કેવળજ્ઞાન છે, એવું કારણજ્ઞાન છે એમ કહ્યું. જેવું કાર્યજ્ઞાન છે એવું કારણજ્ઞાન છે એમ કહ્યું. આહા..હા...! છે ને ? જુઓને ! **'કારણજ્ઞાન પણ તેવું જ છે.'** એમ છે ને ? શરૂઆત ત્યાંથી કરી. **'કારણજ્ઞાન પણ તેવું જ છે.'** કેવું ? કાર્યજ્ઞાન જેવું. ભગવાનને જે કેવળજ્ઞાન ઉત્પન્ન થયું, એ કાર્ય છે, પર્યાય છે. પર્યાયનું કાર્ય છે એવું દ્રવ્યનું કારણજ્ઞાન એવું જ છે. આહા..હા...!

વિશ્વાસ, એને અંદરથી વિશ્વાસ આવવો જોઈએ.

પૂર્ણ જ્ઞાનઘન ભગવાન એકલો ચૈતન્યનો પૂંજ ! આહા..હા...! એમાં જેવું કારણજ્ઞાન પડ્યું છે. એ કારણજ્ઞાનની સાથે કારણસમયસારસ્વરૂપ ભગવાન, એમાં સ્વભાવિક દર્શન, સ્વભાવિક ચારિત્ર, સ્વભાવિક સુખ, વીર્ય—ચતુષ્ટય લીધા. સ્વચતુષ્ટય શક્તિરૂપ અંદર પડ્યા છે એને કારણજ્ઞાન જાણવામાં આવે છે. કાર્યજ્ઞાન જેમ જાણે છે એમ જ જાણે છે. સમજાણું કાંઈ ? આહા..હા...!

બીજી રીતે કહીએ તો આત્મામાં સર્વજ્ઞ સ્વભાવ પડ્યો છે. જે કેવળજ્ઞાન થયું, એ તો પર્યાયરૂપ સર્વજ્ઞાન થયું. અંદરમાં સર્વજ્ઞાન પડ્યું છે. જેવું કાર્ય છે એવું સર્વજ્ઞાનનું કારણ છે. આહા..હા...! જ્ઞ સ્વભાવી ભગવાન. સ્વભાવ જ્ઞ અને સ્વભાવી આત્મા. જ્ઞ સ્વભાવી આત્મા એને જો જ્ઞની પૂર્ણતા લગાડી દો તો સર્વજ્ઞ સ્વભાવી આત્મા (છે). કારણ કે જ્ઞ છે એ સ્વભાવમાં પૂર્ણતા છે, અપૂર્ણતા હોઈ શકે નહિ. સમજાણું કાંઈ ? આત્મા ... સ્વભાવ જ્ઞ. જાણવાનો સ્વભાવ. ત્રિકાળ, હોં ! હવે જાણવાનો સ્વભાવ, એમાં અપૂર્ણતા અને વિપરીતતા નથી. એ કારણે જાણવું એવો સ્વભાવ, જ્ઞ સ્વભાવી સર્વજ્ઞ સ્વભાવ થયો. આહા..હા...! સમજાણું કાંઈ ? 'શ્રીપાલજી'! આવી વાતું છે, ભાઈ !

એ જ્ઞ સ્વભાવી આત્મા. વસ્તુ જ્ઞ જેનો જાણન સ્વભાવ છે. જાણન જેનો સ્વભાવ એ જાણન સ્વભાવમાં પરિપૂર્ણતા છે. કારણ કે સ્વભાવ છે એમાં અપૂર્ણતા કે વિપરિતતા હોતા નથી. તો એવો જ્ઞ સ્વભાવ, સર્વજ્ઞ સ્વભાવ એ કારણજ્ઞાન છે. આહા..હા...! આવો ઉપદેશ. આ કઈ જાતનો ઉપદેશ ! ભાઈ ! માર્ગ આ છે. વીતરાગનો માર્ગ આવો છે. એ સર્વજ્ઞ સ્વભાવને અહીં કારણજ્ઞાન કહ્યું અને એ કારણજ્ઞાન જેમ સર્વજ્ઞ પર્યાય સર્વને જાણે છે એમ કારણજ્ઞાન સર્વજ્ઞાન થયું ને ? સર્વજ્ઞ જ્ઞાન. તો એ પણ અંદરમાં દર્શન, જ્ઞાન સર્વને જાણે છે. આહા..હા...! બહુ ટૂંકામાં ઘણું ભર્યું છે. ઓહો..હો...! મુનિરાજની ટીકા છે. દિગંબર સંત જંગલમાં રહેતા હતા. સિદ્ધ સાથે વાત કરતાં હતા. વાત કરતાં હતા એનો અર્થ જાણતાં હતા.

અહીંયાં તો કહે છે કે અલ્પ જ્ઞાન કોઈ શાસ્ત્રનું હોય, નવ પૂર્વ સુધીનું જ્ઞાન હોય તો પણ એનું એને અભિમાન હોય કે મને જ્ઞાન છે, તો એ મિથ્યાદૃષ્ટિ છે. કેમકે કેવળજ્ઞાનરૂપી કાર્ય જ્યાં નથી અને તેનું કારણજ્ઞાનરૂપ પરિપૂર્ણ છે એની પ્રતીતિ એને નથી. એથી એવા અલ્પજ્ઞાનમાં અભિમાન થાય છે. 'મગનભાઈ'! ફરીને. ફરીને આપણે ત્યાં ક્યાં... ?

જ્ઞાનની વર્તમાન પર્યાયમાં નવ પૂર્વ સુધીનું જ્ઞાન થઈ જાય. આ તો પાંચ, પચાસ હજાર કે પાંચ-દસ લાખ શ્લોકનું જ્ઞાન થાય, તો એને એમ થાય કે ઓ..હો..હો..! ભાઈ! તને જ્ઞાનનું અભિમાન થયું. એ તો મિથ્યાદૃષ્ટિ છે. કેમ ? કે એનાથી અનંતગુણી કેવળજ્ઞાનની કાર્યપર્યાય છે, એની તને કીંમત નથી. અને કેવળજ્ઞાન કાર્યનું કારણ જે છે એ તો મહાન અનંત-અનંત કેવળજ્ઞાન ઉત્પન્ન થવાનું કારણ છે. એનું જો મહાત્મ્ય હોય તો અલ્પજ્ઞાનમાં તને અભિમાન થશે નહિ. આહા..હા...! સમજાણું કાંઈ ? આહા..હા...!

આત્મામાં કારણજ્ઞાન જે ત્રિકાળ છે એ સર્વજ્ઞ સ્વભાવ છે, જેને સર્વજ્ઞશક્તિ કહી છે. ૪૭ શક્તિમાં આપણે આવ્યું છે, ૪૭ શક્તિમાં વિસ્તાર કર્યો છે. શક્તિ છે, સર્વજ્ઞશક્તિ છે એ કારણજ્ઞાન છે. આહા..હા...! એ કારણજ્ઞાનની એટલી તાકાત છે કે જેવું કેવળજ્ઞાન કાર્ય છે, એવું જ એને જાણે છે. ફક્ત આ કાર્યરૂપ છે, આ કારણરૂપ છે. તો અંદર કારણરૂપ જે ધ્રુવજ્ઞાન છે, એ અંતરમાં રહેનારા દર્શન, ચારિત્ર, સુખ અને વીર્ય એને એક સમયમાં યુગપદ્ (જાણવાની શક્તિ છે.) છે ને ? યુગપદ્ શબ્દ છે, જુઓ ! આહા..હા...! અંતર સ્વરૂપમાં જ્ઞાન એવી તાકાતવાળું છે. સ્વરૂપમાં ધ્રુવ, હોં ! તે સ્વરૂપમાં રહેલા દર્શન, સુખ અને આનંદ, વીર્ય આદિને એક સમયમાં યુગપદ્– સાથે જાણવાની શક્તિ છે. આહા..હા...! શક્તિ ... આહા..હા...! એની જેને શ્રદ્ધા છે એને કેવળજ્ઞાન વિના પોતાની પર્યાયમાં અધૂરો માને છે. હું તો પામર છું. આહા..હા...! સમજાણું કાંઈ ? ક્યાં કેવળજ્ઞાન અને ક્યાં મારું પૂર્ણ જ્ઞાન ! વર્તમાન પર્યાય ... જ્ઞાનની કેટલી કિંમત ? એને અભિમાન નથી થતું. સમજાણું કાંઈ ? બીજા તો થોડા શાસ્ત્રો ભણે, પાંચ-પચ્ચીસ, પચાસ હજાર, લાખ-બે લાખ શ્લોક ભણે. અમે આમ જાણીએ છીએ. એનું અભિમાન મિથ્યા છે. એનું કેવળજ્ઞાન–કાર્યજ્ઞાન અને અંદર શક્તિજ્ઞાન, એની પ્રતીતિ એને નથી. આહા..હા...! બરાબર છે ? આહા..હા...!

ભગવાન બિરાજે છે, ભાઈ ! દેહદેવળમાં પરમાત્મા (બિરાજે છે). આ હાડકા-ચામડા, પુણ્ય અને પાપ રાગ, એનાથી ભિન્ન ભગવાન અંદર ચૈતન્ય બિરાજે છે. એ ચૈતન્યમાં કારણજ્ઞાન કેવું છે ? કે જેવું કાર્યજ્ઞાન યુગપદ્ ઇન્દ્રિય વિના, ક્રમ વિના, અને અસહાય બધાને એક સાથે જાણે, કારણજ્ઞાન એવું જ છે કે જે કારણજ્ઞાન અંતરમાં કારણરૂપ ત્રિકાળ દર્શન, ત્રિકાળ આનંદ છે, એને એક સમયમાં યુગપદ્ જાણવાની તાકાત રાખે છે. આહા..હા...! અરે..! સમજાણું કાંઈ ? **'આમ શુદ્ધ જ્ઞાનનું સ્વરૂપ કહ્યું.'** લ્યો. આ પ્રકારે શુદ્ધ જ્ઞાનનું સ્વરૂપ કહ્યું. આહા..હા...! સમજાણું કાંઈ ?

**'હવે આ (નીચે પ્રમાણે), શુદ્ધાશુદ્ધ જ્ઞાનનું સ્વરૂપ અને ભેદ કહેવામાં આવે છે.'** મતિ-શ્રુત આદિ છે એ શુદ્ધાશુદ્ધ છે, પૂર્ણ શુદ્ધ નથી તેમ અશુદ્ધ પણ નથી, કંઈક શુદ્ધ અને કંઈક અશુદ્ધ છે. મતિ-શ્રુતજ્ઞાનાદિ... આહા..હા...! સમજાણું કાંઈ ? **'શુદ્ધાશુદ્ધ જ્ઞાનનું સ્વરૂપ અને ભેદ...'** કેટલા પ્રકાર છે એ કહેવામાં આવે છે. આહા..હા...! **'ઉપલબ્ધિ,..'** છે ? **'ભાવના અને ઉપયોગથી...'** એ ત્રણ પ્રકાર છે. નીચે છે. બગડો. **'મતિજ્ઞાન ત્રણ પ્રકારનું છે : ઉપલબ્ધિ, ભાવના અને ઉપયોગ.'** ત્રણની વ્યાખ્યા.

**'મતિજ્ઞાનાવરણનો ક્ષયોપશમ જેમાં નિમિત્ત છે એવી અર્થગ્રહણશક્તિ (–પદાર્થને જાણવાની શક્તિ તે ઉપલબ્ધિ છે;...'** એ મતિજ્ઞાનનો ભેદ છે. એ ઉપલબ્ધિ પણ શુદ્ધાશુદ્ધ છે. આહા..હા...! ઉપર છે ને શુદ્ધાશુદ્ધ એ બધાને લાગુ પાડવું. **'જાણેલા પદાર્થ પ્રત્યે ફરીફરીને ચિંતન તે ભાવના છે;...'** એ 'પંચાસ્તિકાય'ની વાત કરી છે. 'પંચાસ્તિકાય'માં 'જયસેનાચાર્ય'ની ટીકામાં છે, ત્યાંથી લીધું છે. ટીકામાં આવ્યું હતું ને. જે જાણેલી વાત છે એનું વારંવાર ચિંતવન કરવું. સમજાણું કાંઈ ? એ ભાવના.

એ ભાવના પણ શુદ્ધાશુદ્ધ છે. આહા..હા...!

**શ્રોતા :–** કઈ રીતે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** જેટલી શુદ્ધ છે એટલી શુદ્ધ છે. પણ હજી કર્મનું નિમિત્ત છે ને ? એ અપેક્ષાએ, એટલી ઓછી છે ને ? એ અપેક્ષાએ અશુદ્ધ છે. આહા..હા...! ત્રિકાળી કેવળજ્ઞાન શુદ્ધ છે. ત્રણકાળને જાણનારું અને એનું કારણજ્ઞાન શુદ્ધ છે, પૂર્ણ સ્વરૂપમાં પડ્યું છે. આ જે જ્ઞાન મતિજ્ઞાનની ઉપલબ્ધિ અને ભાવના અને ઉપયોગ. ઉપલબ્ધિ, ભાવના અને ઉપયોગ. એ મતિજ્ઞાનાવરણીયનો ઉઘાડ જેમાં નિમિત્ત છે, ક્ષયોપશમ જેમાં નિમિત્ત છે, હોં. પોતાની ઉત્પાદન શક્તિ તો પોતાથી છે. કોઈ એમ કહે છે કે મતિજ્ઞાનાવરણીનો ઉઘાડ થવાથી એટલી શક્તિ પ્રગટ થઈ. એમ નથી. એ તો નિમિત્તની વાત છે. પોતાની પર્યાયમાં પરપદાર્થની ગ્રહણ શક્તિ છે, એ પોતાના પુરુષાર્થથી પ્રગટે છે. સમજાણું કાંઈ ? આહા..હા...! કહે છે ને જ્ઞાનાવરણીય કર્મથી જ્ઞાન થાય છે. એમ નથી. પોતાના જ્ઞાનની પરિણતિમાં ઓછારૂપ પરિણમન પોતાથી થાય છે ત્યારે જ્ઞાનાવરણીયને નિમિત્ત કહેવામાં આવે છે. આહા..હા...!

**શ્રોતા :–** કાનજીસ્વામી કહે છે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, કહે છે ને. 'કાનજીસ્વામી' એમ કહે છે કે પોતાની ઇચ્છાથી જ્ઞાન થાય છે. એવો પ્રશ્ન ઊઠ્યો હતો. વાત તો એવી છે. પણ એ માનતા નથી માટે એને વિરુદ્ધ લાગ્યું હતું. સમજાણું કાંઈ ? ત્યાં તો હજી તો.. શું કહ્યું ? કે મતિજ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ જેમાં નિમિત્ત છે, મતિજ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ જેમાં નિમિત્ત છે, ઉપાદાન ક્ષયોપશમ તો પોતાની પર્યાયથી થયો છે. આહા..હા...! સમજાણું કાંઈ ? અરે..! મતિજ્ઞાનાવરણ ક્ષયોપશમ એનો ઉઘાડ, એ તો નિમિત્ત છે. એવી અર્થગ્રહણશક્તિ પોતાથી ઉત્પન્ન થઈ છે.

'**(–પદાર્થને જાણવાની શક્તિ) તે ઉપલબ્ધિ છે;...**' એ પણ શુદ્ધાશુદ્ધ છે. એ શુદ્ધાશુદ્ધ બધાને લગાડવું. આહા..હા...! '**જાણેલા પદાર્થ પ્રત્યે ફરીફરીને ચિંતન તે ભાવના છે;...**' એ પણ પોતાના પુરુષાર્થની ખામીથી એટલો ... છે. '**આ કાળું છે, આ પીળું છે ઇત્યાદિરૂપે અર્થગ્રહણવ્યાપાર (–પદાર્થને જાણવાનો વ્યાપાર) તે ઉપયોગ છે.**' આહા..હા...! પણ મતિજ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ નિમિત્ત અને વિકાસ પોતાથી થયો, તો મતિજ્ઞાનના ક્ષયોપશમને શુદ્ધાશુદ્ધ કહેવામાં આવ્યો છે. પૂર્ણ શુદ્ધ નહિ, પૂર્ણ અશુદ્ધ નહિ. આહા..હા...! સમજાણું કાંઈ ?

'**અવગ્રહાદિ ભેદથી...**' એ મતિજ્ઞાનના ભેદ કીધા ને ? અને અવગ્રહ, ઇહા, અવાય. નીચે છે. '**મતિજ્ઞાન ચાર ભેદવાળું છે : અવગ્રહ,..**' અવગ્રહ એટલે શું ? કોઈ ચીજ છે એને પહેલાં જાણવાની શરૂઆત, પછી વિચારણા, પછી નિર્ણય અને ધારણા. '**[વિશેષ માટે મોક્ષશાસ્ત્ર (ટીકા સહિત) જુઓ.]**' એ તો આવ્યું હતું. '**અવગ્રહ, ઈહા (–વિચારણા), અવાય (-નિર્ણય) અને ધારણા.**' મતિજ્ઞાનમાં અવગ્રહ, ઇહા આદિ ભેદ પડે છે. ઓલામાં લીધું છે કે જેટલો જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ

અંશ શુદ્ધ છે એને શુદ્ધ કહીએ. એમ કહ્યું છે. ક્યાં ? 'મોક્ષમાર્ગ પ્રકાશક' એનો અંશ સ્વભાવ છે ને ? એ અપેક્ષિત વાત છે. અહીં તો કહે છે કે એ શુદ્ધાશુદ્ધ છે. અપૂર્ણતા બતાવવી છે અને શુદ્ધ પ્રગટ છે એ બતાવવું છે. આહા..હા...! 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં છે કે ભાઈ ! જેટલો ક્ષયોપશમનો અંશ છે એ બંધનું કારણ નથી. બંધનું કારણ, એ અંશ સ્વભાવ ક્ષયોપશમ કઈ રીતે બંધનું કારણ હોય ? એ અપેક્ષાએ કહ્યું. છતાં અહીંયાં કહે છે કે જેટલો એ ક્ષયોપશમ અંશ પ્રગટ્યો–ઉપલબ્ધિરૂપ, ભાવનારૂપ કે ઉપયોગરૂપ, એ શુદ્ધાશુદ્ધ છે. તદ્દન શુદ્ધ નથી, તદ્દન અશુદ્ધ નથી.

એ એમ છે કે અજ્ઞાન એ બંધનું કારણ છે, અજ્ઞાન. કેમ કે જ્ઞાનની પર્યાયનો સ્વભાવ સ્વ-પરને જાણવાનો છે. તો અજ્ઞાનમાં પરને જાણે છે અને સ્વને નથી જાણતો માટે એ જ્ઞાનનો દોષ છે. એ બંધનું કારણ છે. 'શ્લોકવાર્તિક'માં લીધું છે. સમજાણું કાંઈ ? આ ચર્ચા તો અમારે ઘણા વર્ષ પહેલાં ચાલતી હતી ને ? એમાં 'દામોદરશેઠ' સાથે ચર્ચા થઈ. આ બાજુમાં તો પૈસાવાળા એક હતા ને ? ૧૦ લાખ રૂપિયા ૬૦ વર્ષ પહેલાં. ૧૦ લાખ. એમાં ચર્ચા ચાલતી હતી, જુઓ ! દારૂ છે, દારૂ પીવે છે એ જ્ઞાનને પાગલ બનાવે છે કે નહિ ? દારૂ પર છે, પણ પોતાને પાગલ બનાવે છે. મેં કીધું નહિ, બિલકુલ ખોટી વાત છે. પાગલ પોતાથી થયો છે. 'પંચાધ્યાયી'માં છે. સમજાણું કાંઈ ? પહેલેથી ઘણી ચર્ચા ચાલતી હતી. આત્મામાં જે જ્ઞાનની પર્યાયમાં દારૂ પીવાથી જે ઘેલછા દેખાય છે એ દારૂના કારણે નહિ. ઘેલછાની પર્યાયમાં ઉત્પત્તિ પોતાના કારણે થઈ છે. સમજાણું કાંઈ ? સત્યને સત્યપણે સમજવું જોઈએ. આડાઅવળું, ઓછું, અધિક, વિપરિત સમજે. એ આપણે આવી ગયું.

'રત્નકરંડશ્રાવકાચાર'માં કળશ આવી ગયો. કે જે જ્ઞાનમાં ન્યૂન સમજે એ યથાર્થ છે, વિપરિત સમજે, અધિક સમજે એ મિથ્યાજ્ઞાન છે. જેવું છે એ પ્રકારે સમજવું એ સમ્યગ્જ્ઞાન છે. સમજાણું કાંઈ ? નીચે છે ને ? 'મોક્ષશાસ્ત્ર' જોઈ લેવું.

**'મતિજ્ઞાન બાર ભેદવાળું છે : બહુ, એક, બહુવિધ,...'** એ બધી... છે. **'એકવિધ, ક્ષિપ્ર, અક્ષિપ્ર, અનિઃસૃત, નિઃસૃત અનુક્ત, ઉક્ત, ધ્રુવ અને અધ્રુવ.' 'લબ્ધિ અને ભાવનાના ભેદથી શ્રુતજ્ઞાન બે પ્રકારનું છે.'** એ મતિજ્ઞાનની વાત અહીં લીધી. હવે શ્રુતજ્ઞાન. લબ્ધિ અને ભાવનાના બે ભેદ. **'દેશ, સર્વ અને પરમના ભેદ..'** એ મનઃપર્યયજ્ઞાન. લબ્ધિ અને ભાવના શું ?

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ પણ ઉપયોગ જ છે. લબ્ધિ અને લબ્ધિ છે ને ? ... ભાવના ઉપયોગ, વર્તમાન વેપાર. એ એમાં લીધું. બીજું નથી લીધું. મતિમાં લીધું હશે.

**શ્રોતા :–** ભાવના આ રીતે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ ભાવના ઉપયોગ છે અહીં. લબ્ધરૂપ ઉઘાડ અને ઉપયોગરૂપ ભાવ. બે. એવા ભેદથી **'શ્રુતજ્ઞાન બે પ્રકારનું છે. દેશ, સર્વ અને પરમના ભેદથી...'** અવધિના ભેદ. પણ

એ શ્રુતજ્ઞાન કહ્યું એ પણ શુદ્ધાશુદ્ધ છે. આહા..હા...! બાર અંગનું જ્ઞાન પ્રગટે તો પણ શુદ્ધાશુદ્ધ છે. આહા..હા...! બાર અંગનું જ્ઞાન શ્રુતજ્ઞાન શુદ્ધાશુદ્ધ છે. આહા..હા...! ઉપર આવી ગયું. **'(નીચે પ્રમાણે), શુદ્ધાશુદ્ધ જ્ઞાનનું સ્વરૂપ અને ભેદ કહેવામાં આવે છે.'** આહા..હા...!

એક વાત તો એવી છે કે બાર અંગ તો શુદ્ધાશુદ્ધ છે, પણ બાર અંગમાં જે કહ્યું છે એ સ્થુળ વ્યાખ્યાન છે, સ્થુળ કહ્યું છે, એવો 'પંચાધ્યાયી'માં પાઠ છે. સૂક્ષ્મ-સૂક્ષ્મ વાત તો ઘણી રહી ગઈ. આહા..હા...! સમજાણું કાંઈ ? ભગવાનને જેટલું જાણવામાં આવ્યું, એના અનંતમે ભાગે કથનમાં આવે છે. આહા..હા...! એના અનંતમા ભાગે કે અમુક ભાગે ગણધર સમજી શકે છે અને એની અમુક ભાગની રચના કરી શકે છે. એવી શક્તિ. આહા..હા...! એમાં જ્ઞાનના ગુણની મહિમા અને જ્ઞાનની પૂર્ણતાની મહિમા જણાય છે. આહા..હા...! બાર અંગ એને કહીએ. આહા..હા...! એક આચારાંગમાં ૧૮ હજાર પદ. એક આચારાંગમાં ૧૮ હજાર પદ અને એક પદમાં ૫૧ કરોડ જાજેરા શ્લોક. આહા..હા...! એવા ૩૬ હજાર, ૭૨ હજાર ડબલ. આચારંગ. એ બાર અંગનું જ્ઞાન પણ અલ્પ છે. એ પણ શુદ્ધાશુદ્ધ છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

અવધિજ્ઞાન. અવધિજ્ઞાન છે ને ? રૂપીને જાણે. **'દેશાવધિ,...'** થોડું જાણે, **'સર્વાવધિ,..'** બધું જાણે, **'પરમાવધિ...'** એકદમ મુનિને થાય છે અને પછી કેવળજ્ઞાન થાય છે. **'એવા ત્રણ ભેદોને લીધે અવધિજ્ઞાન ત્રણ પ્રકારનું છે.'** સર્વઅવધિ, સર્વાવધિ. લોકાલોક, બધું. લોકને તો જાણે પણ એના અસંખ્યગુણા લોક હોય તો પણ જાણે, એવી પરમાવધિમાં શક્તિ છે. પ્રત્યક્ષ જાણે. એ પણ શુદ્ધાશુદ્ધ છે. શું કીધું ? શુદ્ધાશુદ્ધ જ્ઞાનનું સ્વરૂપ કહ્યું છે. કાર્યજ્ઞાનની વ્યાખ્યા આવી ગઈ. એ શુદ્ધ છે. કારણજ્ઞાનની વ્યાખ્યા થઈ એ પરમશુદ્ધ છે. આ ક્ષયોપશમભાવ છે એ શુદ્ધાશુદ્ધ છે. આહા..હા...! આવી વાત સર્વજ્ઞ પરમેશ્વર સિવાય બીજે ક્યાંય નથી. અજ્ઞાનીએ જોયું નથી, દીઠું નથી અને બધા ધર્મના નામે કથન કર્યાં. સમજાણું કાંઈ ? અરે..! આવી શુદ્ધાશુદ્ધ અને આવી સ્પષ્ટતા શ્વેતાંબરમાં પણ નથી. સમજાણું કાંઈ ? ન્યાયથી જુઓ તો એક એક શબ્દમાં અંદરમાં તુલના કરી છે.

એક બાજુ કાર્યજ્ઞાન પૂર્ણ બતાવ્યું. એક બાજુ કાર્યજ્ઞાન જેવું કારણ બતાવ્યું. કારણજ્ઞાન સર્વ શુદ્ધ છે. હવે મતિ-શ્રુત આદિના ભેદ શુદ્ધાશુદ્ધ છે. આહા..હા...! સમજાણું કાંઈ ? ... એ પછી શુદ્ધ છે, અપૂર્ણ છે એ અપેક્ષાએ અશુદ્ધ છે. આહા..હા...! એ અવધિજ્ઞાનનો ભેદ થયો. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ !)

❋

## શ્રી નિયમસાર, ગાથા-૧૧-૧૨
## પ્રવચન નં-૧૫૫, તા.૧૮-૧-૧૯૭૬
## [૮]

'નિયમસાર'ની ૧૧-૧૨ ગાથા. અવધિજ્ઞાન સુધી આવી ગયું ને ? શું કીધું ? પહેલાં થોડું આવી ગયું છે કે જે કેવળજ્ઞાન છે એ કાર્યજ્ઞાન છે. પર્યાયમાં જે કાર્ય ઉત્પન્ન થાય છે એ કેવળજ્ઞાન–કાર્યજ્ઞાન છે અને અંતરમાં જે ત્રિકાળી જ્ઞાન છે એ કારણજ્ઞાન છે. ત્રિકાળી આત્માનો જ્ઞાન સ્વભાવ ચિદ્‌વિલાસ ધ્રુવજ્ઞાન જે છે એ કારણજ્ઞાન છે અને કેવળજ્ઞાન પર્યાય પ્રગટે છે તે કાર્યજ્ઞાન છે. જ્ઞાનના ભેદનું કથન છે ને ?

પછી શુદ્ધાશુદ્ધ જ્ઞાનનો ભેદ. એ ચાલે છે. એમાં આ આવ્યું કે મતિ અને શ્રુતજ્ઞાન પણ શુદ્ધાશુદ્ધ છે. અવધિજ્ઞાન પણ શુદ્ધાશુદ્ધ છે. ત્યાં સુધી આવી ગયું. સમજાણું કાંઈ ? આ તો જ્ઞાનના અધિકારમાં ત્રિકાળી જ્ઞાનસ્વરૂપ જે ભગવાન ધ્રુવ, એ મોક્ષનું મૂળ કારણ છે. સમજાણું કાંઈ ? ભગવાનઆત્મામાં અનંત અનંત અપરિમિત જ્ઞાનશક્તિરૂપ સ્વભાવ છે. મોક્ષનું મૂળ કારણ એ છે. આહા..હા...! વચ્ચે આ ચાર જ્ઞાન, ત્રણ અજ્ઞાન વગેરે એ કાંઈ મોક્ષનું કારણ નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? આપણે અવધિજ્ઞાન સુધી આવ્યું.

હવે મનઃપર્યયની વાત છે. '**ઋજુમતિ અને વિપુલમતિના ભેદને લીધે મનઃપર્યયજ્ઞાન બે પ્રકારનું છે.**' છે ? '**પરમભાવમાં સ્થિત સમ્યગ્દૃષ્ટિને...**' હવે શું કહે છે ? આહા..હા...! સમ્યગ્દૃષ્ટિ ધર્મી, ધર્મની શરૂઆતવાળો ધર્મી કોને કહીએ ?–કે જે પરમભાવમાં સ્થિત છે. આહા..હા...! પરમભાવ જે જ્ઞાયકભાવ, ધ્રુવભાવ... આહા..હા...! એમાં જેની દૃષ્ટિ છે અને સ્થિર છે. આહા..હા...! સમજાણું કાંઈ ? '**પરમભાવમાં સ્થિત સમ્યગ્દૃષ્ટિને...**' વ્યાખ્યા જુઓને ટૂંકી કેવી કરી છે ! સમ્યગ્દૃષ્ટિ કોને કહીએ ? ધર્મની શરૂઆતવાળો જીવ કોને કહીએ ? કે જે પરમભાવ, પરમસ્વભાવભાવ, ધ્રુવ જ્ઞાયકભાવ, એમાં જે સ્થિત છે, દૃષ્ટિ ત્યાં લગાડી છે. આહા..હા...!

**શ્રોતા :–** પરમપારિણામિકભાવમાં અને આમાં શું ફેર છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ એક જ છે. પરમપારિણામિકભાવ પણ અહીં જ્ઞાનભાવ લેવાનો છે. પરમપારિણામિક તો પરમાણુમાં પણ પરમપારિણામિક છે. પણ અહીંયાં જ્ઞાનનો પરમપારિણામિકભાવ (લેવો છે). આહા..હા...! આ તો વીતરાગ સર્વજ્ઞનો માર્ગ ભાઈ ! અપૂર્વ માર્ગ છે. આત્મા જે વસ્તુ,

પદાર્થ છે. એમાં જે પરમ પારિણામિકભાવ સ્વભાવરૂપ જ્ઞાન છે એ સહજજ્ઞાન, કારણજ્ઞાન કહેવામાં આવે છે. એની દૃષ્ટિ થવાથી સમ્યગ્દૃષ્ટિ થવાય છે. આહા..હા...! સમજાણું કાંઈ ? આહા..હા...!

જેમાં અનંતઅનંત જ્ઞાન છે અને અનંતઅનંત બળ છે અને જેમાં અનંતઅનંત સુખ છે અને અનંતઅનંત જેમાં વીર્ય છે એવું શક્તિવંત જે સહજજ્ઞાન... આહા..હા...! એમાં જેની દૃષ્ટિ પડી છે, એ પરમભાવમાં સમ્યગ્દૃષ્ટિ સ્થિત છે. આહા..હા...! રાગમાં નહિ, નિમિત્તમાં નહિ, વર્તમાન પર્યાય છે એમાં નહિ. આહા..હા...! સમ્યગ્દૃષ્ટિ, સત્યદૃષ્ટિ એને કહીએ કે જે આત્મામાં પરમજ્ઞાનભાવ, ત્રિકાળભાવ છે એમાં જેની દૃષ્ટિ લાગી છે, સમ્યગ્દૃષ્ટિ, સત્યદૃષ્ટિ. તો ત્રિકાળ જ્ઞાનભાવમાં જેની સ્થિતિ છે તેને સમ્યગ્દૃષ્ટિ કહે છે. આહા..હા...! કહો, 'નવરંગભાઈ' ! આવું આકરું છે. માર્ગ ઇ છે, ભાઈ! ભગવાન એક સમયની વર્તમાન પર્યાય- પ્રગટ અવસ્થાથી ભિન્ન અંદર તત્ત્વ-દળ આત્મા વસ્તુ છે. એમાં જે જ્ઞાનભાવ ધ્રુવરૂપ છે એમાં સમ્યગ્દૃષ્ટિ સ્થિત છે. આહા..હા...! છે ?

**'પરમભાવમાં સ્થિત...'** સમ્યગ્દૃષ્ટિ નિમિત્તમાં નથી, વ્યવહારરત્નત્રયના વિકલ્પમાં સ્થિત નથી. આહા..હા..હા...! વર્તમાન ચાર જ્ઞાનાદિ ઉત્પન્ન થયા હોય કે મતિ-શ્રુતાદિ (હોય), એમાં પણ સ્થિત નથી. આહા..હા...! ઝીણી વાત છે, ભગવાન ! આ તો સર્વજ્ઞનો પંથ છે. સર્વજ્ઞના પંથનો અર્થ એકવાર કહ્યું હતું કે આત્મા જ્ઞ સ્વભાવી છે. જ્ઞ સ્વભાવી કહો કે પૂર્ણ જ્ઞ સ્વભાવ કહો કે સર્વજ્ઞસ્વભાવી કહો. આહા..હા...! આ જડ-બડ ક્યાંય દૂર રહ્યા. એ વસ્તુ જે ભગવાનઆત્મા છે એ જ્ઞ સ્વભાવી (છે). વસ્તુ સ્વભાવી છે પણ એનો સ્વભાવ જ્ઞ છે. જાણન સ્વભાવ છે. હવે એ જાણન સ્વભાવમાં પરિપૂર્ણતા લગાવવું હોય તો એ સર્વજ્ઞ સ્વભાવી છે. કારણ કે જાણન સ્વભાવ અપૂર્ણ અને વિપરિત હોય નહિ. આહા..હા...! સમજાણું કાંઈ ? એવો પરમભાવ... આહા..હા...! એમાં સ્થિત સમ્યગ્દૃષ્ટિને... આહા..હા...! સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિ પરમભાવમાં પડી છે. આહા..હા...! 'ચંદુભાઈ'! આવી ... છે. પર્યાય છે, રાગ છે, નિમિત્ત પરદ્રવ્ય છે પણ સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિ પરમભાવમાં સ્થિત છે. આહા..હા...! સમજાણું કાંઈ ? ઝીણી વાત બહુ એટલે લોકોને...

**શ્રોતા :-** દૃષ્ટિ તો પ્રભુ ! પર્યાય નહિ ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પર્યાય પરમભાવમાં સ્થિત.

ભગવાન ચૈતન્ય હીરલો... આહા..હા...! ચૈતન્ય હીરો ! હીરામાં જેમ પાસા હોય છે ને ? પાસા હોય છે ને ? એમ ભગવાનઆત્મામાં અનંત ગુણના પાસા છે. ક્ષેત્ર નાનું છે એમ ન જુઓ. સમજાણું કાંઈ ? એમાં અનંત અનંત ગુણ પડ્યા છે. એમાં જ્ઞાનગુણ પ્રધાન ગુણ છે. તો પરમભાવ જે સ્વભાવભાવ જે પર્યાય નથી, રાગ નથી, નિમિત્ત નથી એવો પરમ સ્વભાવભાવ, એવો જ્ઞાયકભાવ, એવો જ્ઞાનસ્વભાવ, સર્વજ્ઞ સ્વભાવભાવ. આહા..હા...! એમાં જેની સ્થિતિ છે, એમાં જેની રુચિથી સ્થિતિ થઈ છે તેને સમ્યગ્દૃષ્ટિ કહે છે. 'નાથુમલજી'! બહુ ઝીણી વાત, ભગવાન ! આ માર્ગ આવો છે. અત્યારે તો એવું ચાલ્યું છે કે આ ક્રિયા કરે અને વ્રત કરે. આ મૂળ વસ્તુ ન મળે. સમજાણું

કાંઈ ?

મહાભગવાન પૂર્ણાનંદનો નાથ, જેની શક્તિમાં અનંત અનંત અપરિમિત જ્ઞાનસ્વભાવ પડ્યો છે એવા પરમભાવમાં જ્ઞાની સમકિતી સ્થિત છે. આહા..હા...! એની દૃષ્ટિનો વિષય જે પરમભાવ છે એમાં સ્થિત છે. આહા..હા...! સમજાણું કાંઈ ? સમજાય છે ? ભાષા સાદી છે, ભાવ ભલે ઊંચા હોય. માર્ગ તો આ છે, ભાઈ ! સમજાણું કાંઈ ? પરમભાવમાં... શરૂઆતમાં જ મંગળીક આવ્યું. આહા..હા...! કાલે કહ્યું હતું ને ? લોકો 'મહાબળેશ્વર' જાય છે ને ? આ શેઠિયાઓ, પૈસાવાળાઓ નવરા હોય એ ત્યાં ફરવા જાય. મહાબળેશ્વર તો આ આત્મા છે. મહાબળનો ઈશ્વર ધણી. આહા..હા...! અખંડ પ્રતાપથી સ્વતંત્રપણે શોભાયમાન એવી પ્રભુત્વશક્તિ એમાં પડી છે. પ્રભુ–ઈશ્વર નામની શક્તિ છે. આહા..હા...! એ શક્તિ કેવી છે ?–કે અખંડિત પ્રતાપથી સ્વંત્રપણે શોભાયમાન ભગવાનઆત્મા એક ગુણે એવો છે. એવા અનંત ગુણથી અખંડિત પ્રતાપવંત સ્વતંત્રતાથી શોભાયમાન એવો જ્ઞાનગુણ છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

એ જ્ઞાનગુણ જે ત્રિકાળી પરમભાવ છે, એમાં સમ્યગ્દૃષ્ટિ સ્થિત છે. આહા..હા...! આ સમ્યગ્દૃષ્ટિની વ્યાખ્યા. દેવ-ગુરુ-ધર્મને માને અને નવ તત્ત્વને–ભેદને માને એ સમકિત નથી. સમજાણું કાંઈ ? 'દિલ્હી'માં 'વિદ્યાનંદજી'એ પ્રશ્ન કર્યો હતો. 'પંડિતજી'! 'વિદ્યાનંદજી' હતા ને ! તમે 'દિલ્હી'માં હતા ? 'વિદ્યાનંદજી' પાસે ગયા હતા. બધાને બહાર કાઢીને અંદર બે જણ રહ્યા. એ અને ઓલા 'જિનેન્દ્ર વર્ણી' અને હું. તો એણે પ્રશ્ન કર્યો. આમાં 'સમયસાર'ની ૧૫૫ ગાથા છે. એમાં '**जीवादीसद्दहणं सम्मत्तं**' છે ને ? એ પ્રશ્ન કર્યો હતો. એ કહે '**जीवादीसद्दहणं सम्मत्तं**' કીધું એવા ''**जीवादीसद्दहणं सम्मत्तं**'' નો અર્થ એવો છે... જીવાદિ એમ નહિ. જ્ઞાનનું પરિણમન થવું, એમ પાઠમાં છે. 'સમયસાર'ની ૧૫૫ ગાથા છે. જીવ આદિ નવ તત્ત્વરૂપ અભેદ એક આત્મા, એની અંતરની શ્રદ્ધા થઈને જ્ઞાનરૂપ પરિણમન (થવું) એટલે સ્વભાવરૂપ પરિણમન, રાગરૂપ પરિણમન નહિ, એ સ્વભાવરૂપ પરિણમનને સમ્યગ્દર્શન કહે છે. ૧૫૫ ગાથા છે. જીવાદિ નવ તત્ત્વ માને એટલે સમકિત થઈ રહ્યું, જાવ. એમ નથી. ૧૫૫ છે ને ? કેટલામું છે આ ? કળશ આવ્યા. આ પ્રશ્ન હતો.

'**મોક્ષનું કારણ ખરેખર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. તેમાં સમ્યગ્દર્શન તો જીવાદિ પદાર્થોના શ્રદ્ધાનસ્વભાવે જ્ઞાનનું થવું–...**' જીવાદિ પદાર્થોના શ્રદ્ધાનસ્વભાવે જ્ઞાનનું હોવું અર્થાત્ '**પરિણમવું તે...**' સમ્યગ્દર્શન છે. આમ જીવાદિ નવ તત્ત્વને માને એમ નહિ. જેવો એનો સ્વભાવ છે એવું શ્રદ્ધામાં જ્ઞાનનું પરિણમન થવું. આહા..હા...! બહુ ઝીણી વાતું. છે ?

'**જીવાદિ પદાર્થોના શ્રદ્ધાનસ્વભાવે જ્ઞાનનું થવું—પરિણમન થવું તે...**' સમ્યગ્દર્શન છે. પંડિતજી ! આ તો બહારથી જીવાદિ માનીએ એ સમ્યગ્દર્શન. એમ નથી. આહા..હા...! એના આત્મામાં ત્રિકાળી જે જ્ઞાન છે, એમાં એકાગ્ર થઈને જ્ઞાનનું પરિણમન, શુદ્ધનું પરિણમન થવું તેનું નામ સમ્યગ્દર્શન છે. આહા..હા...! ત્રણેની વ્યાખ્યા છે. '**જીવાદિ પદાર્થોના જ્ઞાનસ્વભાવે જ્ઞાનનું થવું—પરિણમવું તે જ્ઞાન**

**છે; રાગાદિના ત્યાગસ્વભાવે જ્ઞાનનું થવું–પરિણમવું તે ચારિત્ર છે.**' ત્યાં ત્રણની વ્યાખ્યા ચાલી હતી. ખાનગી વાત ચાલી હતી. આ 'શાંતિપ્રસાદ શાહુ' હતા. ભાઈ હતા, 'ફૂલચંદજી' હતા, 'કૈલાસચંદજી' હતા. બધાને બહાર મોકલી દીધા પછી ખાનગી આ પૂછ્યું. માર્ગ આ છે, કીધું. બધા ધર્મ સરખા છે એમ અહીંયા નથી. સમજાણું કાંઈ ? અને જૈનધર્મમાં પણ નવ તત્ત્વની ભેદવાળી શ્રદ્ધા, એ સમ્યગ્દર્શન નથી. આહા..હા...!

**શ્રોતા :–** એ તો વિકલ્પ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** વિકલ્પ છે. આહા..હા...! ભગવાન ! વીતરાગનો મૂળ માર્ગ ઘણો સૂક્ષ્મ છે. મૂળ માર્ગ વિના એની શરૂઆત બીજેથી કરે તો એમાં સંસાર રહેશે. અહીં તો પરમાત્મા, પરમાત્મા કહે છે એ સંતો આડતિયા થઈને કહે છે. ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વર, એની વાણીના માલ આચાર્યો, મુનિઓ કહે છે કે માલ આ છે, ભાઈ ! સમજાણું કાંઈ ?

'**પરમભાવમાં સ્થિત...**' આહા..હા...! કેટલી ટૂંકી વાત ! એવા '**સમ્યગ્દૃષ્ટિને...**' આહા..હા...! છે ? '**આ ચાર સમ્યગ્જ્ઞાનો હોય છે.**' ચાર સમ્યક્ જ્ઞાન હોય છે. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને મનઃપર્યયજ્ઞાન એ '**પરમભાવમાં સ્થિત સમ્યગ્દૃષ્ટિને...**' હોય છે. આહા..હા...! સમજાણું કાંઈ ? પરમભાવ છે એ ત્રિકાળી ભાવ છે. સ્થિતપણું એ સમ્યગ્દૃષ્ટિ પર્યાય છે. એને આ ચાર જ્ઞાન થાય છે. જે પરમજ્ઞાનભાવમાં સ્થિત છે એને મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને મનઃપર્યયજ્ઞાન થાય છે. આહા..હા...!

શાસ્ત્રના લક્ષે શાસ્ત્ર વાંચે અને જ્ઞાન થાય એ જ્ઞાન નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? પરમાત્મા ત્રિલોકનાથ તો જ્ઞાન એને કહે છે કે ત્રિકાળી જ્ઞાન રસસ્વરૂપ.૩૩ આત્મા એટલે જ્ઞાનરસસ્વરૂપ. આ બરફની શું કહેવાય ? પાટ. 'મુંબઈ'માં જોઈ છે ને. ૧૦-૧૦, ૧૫-૧૫, ૨૦-૨૦ મણની બરફની પાટ. 'નવનીતભાઈ'! રસ્તામાં નીકળીએ તો બરફની પાટ નીકળતી હોય. બરફની ૧૫-૧૫, ૨૦-૨૦ મણની ખૂલી પાટો લઈ જતા હોય. પાટો સમજ્યા ? આવા મોટા દળ. એમ આત્મા જ્ઞાનના શાંતરસનું દળ છે. જ્ઞાનની પાટ અંદર છે. આહા..હા...! સમજાણું કાંઈ ? આહા..હા...! એ અરૂપી છે એટલે એને કઈ રીતે કહેવું ? પણ અરૂપી પણ જ્ઞાન અને આનંદની મોટું દળ... સમજ્યા ? શું કીધું બરફની ? પાટ.

શીલા-શીલા. બરફની શીલા હોય છે. ૨૦-૨૦ મણની પાટ. ખટારામાં લઈ જતા હોય. આ ભગવાનઆત્મા અનંત જ્ઞાન આનંદની શીલા છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

એવા '**પરમભાવમાં સ્થિત...**' આહા..હા...! આચાર્ય મુનિરાજ 'પદ્મપ્રભમલધારિદેવ'ની ટીકા છે. મુનિરાજ જંગલમાં વસતા હતા, આનંદકંદમાં ઝૂલતાં હતા. વિકલ્પ આવ્યો તો અક્ષર અક્ષરથી થઈ ગયા. આહા..હા...! કહે છે કે '**પરમભાવમાં સ્થિત...**' મુનિ પણ પરમભાવમાં સ્થિત, સમ્યગ્દૃષ્ટિ પરમભાવમાં સ્થિત, શ્રાવક જે પંચમ ગુણસ્થાનમાં કહે છે એ પણ પરમભાવમાં સ્થિત હોય તો

શ્રાવક છે, નહિતર નહિ. આહા..હા...! સમજાણું કાંઈ ? એ બહારની ક્રિયા કરે, પડિક્કમણા કરે, પૂજા કરે, ભક્તિ કરે, વ્રત પાળે માટે શ્રાવક છે એમ નથી. આહા..હા...! સમજાણું કાંઈ ?

પર્યાય છે એ પરમભાવ નથી. પર્યાય-પર્યાય. ચાર જ્ઞાનની લ્યો, કેવળજ્ઞાનની પર્યાય લ્યો એ પરમભાવ નથી. એ પર્યાયભાવ છે, અપરમભાવ છે. આમાં આવે છે એ. અપરમભાવ છે. આહા..હા...! એ ૧૨મી ગાથાનો પરમભાવ એ નહિ, હોં ! અહીંયાં તો પરમ જે ત્રિકાળી ધ્રુવ સ્વભાવભાવ, ચૈતન્યદળ, ચૈતન્યશિલા અરૂપી ભગવાનઆત્મા, એ અનાદિ અનંત નિત્યાનંદ પ્રભુ ! એવા પરમભાવમાં જેની સ્થિતિ છે. આહા..હા...! એવા સમ્યગ્દષ્ટિને ચાર જ્ઞાન હોય છે. આહા..હા...!

એટલામાં તો કેટલું કહ્યું ! ઓહો..હો...! સમ્યગ્દષ્ટિનું નિમિત્તમાં લક્ષ નથી. વ્યવહારરત્નત્રય, દયા, દાન આદિના વિકલ્પ ઉત્પન્ન થાય છે એમાં સ્થિત નથી અને એક સમયની પર્યાયમાં સ્થિત નથી, પર્યાય પરભાવમાં સ્થિત છે. આહા..હા...! માર્ગ તો જુઓ ! આ દિગંબર ધર્મ સિવાય આવી વાત ક્યાંય નથી. આ તો સનાતન જૈનદર્શન છે, ભાઈ ! મૂળ અનાદિનું દર્શન જૈનદર્શન. આહા..હા...! સમજાણું કાંઈ ?

**'પરમભાવમાં સ્થિત સમ્યગ્દષ્ટિને...'** એટલે સમ્યગ્દષ્ટિની વ્યાખ્યા પણ કરી અને સમ્યગ્દષ્ટિને આ ચાર જ્ઞાન હોય છે. છે ને ચાર ? એ ચાર સમ્યગ્જ્ઞાન હોય છે. નીચે છે. **'સુમતિજ્ઞાન ને સુશ્રુતજ્ઞાન સર્વ સમ્યગ્દષ્ટિ જીવોને હોય છે.'** નીચે નોટ છે. **'સુમતિજ્ઞાન ને સુશ્રુતજ્ઞાન સર્વ સમ્યગ્દષ્ટિ જીવોને હોય છે. સુઅવધિજ્ઞાન કોઈ કોઈ સમ્યગ્દષ્ટિ જીવોને હોય છે.'** બધાને નહિ. અને **'મનઃપર્યયજ્ઞાન કોઈ કોઈ મુનિવરોને—વિશિષ્ટ સંયમધરોને—હોય છે.'** પણ એ ત્રણે મતિ-શ્રુત હોય, અવધિ હોય કે મનઃપર્યય હોય પણ એની દૃષ્ટિ તો પરમભાવમાં સ્થિત છે. સમજાણું કાંઈ ? આહા..હા...! લ્યો. 'ચંદુભાઈ'! 'ચંદુભાઈ' કહે કે આકરું બહુ. પર્યાયનું આમ આકરું. પણ આવું છે આ. આમ કહે પર્યાયને આમ વાળવી... વાળવી... વાળવી... વાત સાચી. બીજું બધું સાખી લેવું, ધારી લેવું એ તો સહેલું છે. મૂળ તો આ છે. વર્તમાન પર્યાયને ત્રિકાળ ભાવમાં સ્થિર કરવી એ વસ્તુ છે. આહા..હા...! સમજાણું કાંઈ ? એ ચાર જ્ઞાન એને હોય છે. જોયું ?

**'મિથ્યાદર્શન હોય ત્યાં મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન...'** હોય છે. મતિજ્ઞાનને કુમતિ કહે છે, શ્રુતજ્ઞાનને કુશ્રુત કહે છે, અવધિને વિભંગજ્ઞાન કહે છે. ત્રણેના નામાંતર કહ્યા. **'એવા આ નામાંતરોને (અન્ય નામોને) પામે છે.'** મિથ્યાદૃષ્ટિ નામ જેને આત્મા પરમભાવ સ્વરૂપ, એમાં સ્થિત નથી અને રાગમાં અને પુણ્યની પર્યાયમાં સ્થિત છે, એવા અજ્ઞાનીને **'કુમતિજ્ઞાન, કુશ્રુતજ્ઞાન અને વિભંગજ્ઞાન—'** હોય છે. પહેલાં નામ આ રીતે કહ્યા કે **'મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન...'** મિથ્યાદૃષ્ટિને. પણ એ મતિજ્ઞાનને કુમતિજ્ઞાન કહીએ, શ્રુતને કુશ્રુત કહીએ અને અવધિને વિભંગ કહીએ. લ્યો. આહા..હા...! એક વાત. એ આ ત્રણ જ્ઞાન પણ શુદ્ધાશુદ્ધ છે, શુદ્ધાશુદ્ધ છે. આપણે શુદ્ધાશુદ્ધનો ભેદ ચાલે છે ને ? ક્યાં ?

**'(નીચે પ્રમાણે), શુદ્ધાશુદ્ધ જ્ઞાનનું સ્વરૂપ અને ભેદ કહેવામાં આવે છે.'** છે પહેલી લીટી ? કાલે ચાલ્યું હતું. એનો અર્થ ? જેટલો ક્ષયોપશમ છે એ અપેક્ષાએ શુદ્ધ કહ્યું, પણ અપૂર્ણ છે, વિપરીત છે એ અપેક્ષાએ અશુદ્ધ કહ્યું. આહા..હા...! સમજાણું કાંઈ ? આ શુદ્ધાશુદ્ધના ભેદ ચાલે છે. એમાં આ આવ્યું કે નહિ ?

**શ્રોતા :–** અશુદ્ધ, શુદ્ધાશુદ્ધ અને શુદ્ધ એમ ત્રણ ભેદ નથી ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** નહિ એમ નહિ. શુદ્ધ સર્વજ્ઞપદ, સર્વજ્ઞપર્યાય એ શુદ્ધ અને એ સિવાય ચાર જ્ઞાન અને ત્રણ અજ્ઞાન શુદ્ધાશુદ્ધ. સમજાણું કાંઈ ? ક્ષયોપશમ–એટલો વિકાસ તો છે ને ? સ્વભાવ છે ને ? 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં લીધું છે ને ? કે જ્ઞાનનો જેટલો ક્ષયોપશમ એ તો સ્વભાવ છે. એ સ્વભાવ બંધનું કારણ નથી. એની વિપરીતતા બંધનું કારણ છે. આહા..હા...! ભારે માર્ગ, ભાઈ !

**'અહીં (ઉપર કહેલાં જ્ઞાનોને વિષે)...'** ઉપર કારણજ્ઞાન કહ્યું હતું. **'કેવળજ્ઞાન સકલપ્રત્યક્ષ છે.'** અરિહંતને જે કેવળજ્ઞાન થાય છે એ સકળપ્રત્યક્ષ છે. છે ? **'(સંપૂર્ણપ્રત્યક્ષ) છે.'** ઓહો..હો...! 'નિયમસાર'ની શૈલી જ જુદી જાતની છે. **'અહીં (ઉપર કહેલાં જ્ઞાનોને વિષે) સહજજ્ઞાન, શુદ્ધ અંતઃતત્ત્વરૂપ પરમતત્ત્વમાં વ્યાપક હોવાથી, સ્વરૂપપ્રત્યક્ષ છે.'** આહા..હા...! શું કહ્યું ? આ બધા જ્ઞાનના ભેદો કહ્યા–કારણજ્ઞાન, કાર્યજ્ઞાન, મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યયજ્ઞાન, કુમતિ, કુશ્રુત, વિભંગજ્ઞાન એમાં જે ત્રિકાળી સહજજ્ઞાન છે – એ **'શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ...'** શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ. જે ઓલો પરમભાવ કહ્યો હતો એ. **'પરમતત્ત્વમાં વ્યાપક હોવાથી...'** આહા..હા...! સ્વભાવિક જ્ઞાન, ત્રિકાળી જ્ઞાન એ અંતઃતત્ત્વરૂપ, પરમતત્ત્વમાં વ્યાપક હોવાથી એ **'સ્વરૂપપ્રત્યક્ષ છે.'** એ ધ્રુવજ્ઞાનને સ્વરૂપપ્રત્યક્ષ કહ્યું. આહા..હા...! કેમ કે કેવળજ્ઞાન પ્રત્યક્ષ એક પર્યાય ઉત્પન્ન થાય છે, તો એ ત્રિકાળી સ્વરૂપપ્રત્યક્ષમાંથી ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ ? આહા..હા...! શું કીધું ?

ફરીને. **'(ઉપર કહેલાં જ્ઞાનોને વિષે)...'** જેટલા ભેદ કહ્યા ને ? કારણજ્ઞાન, કાર્યજ્ઞાન, શુદ્ધાશુદ્ધજ્ઞાન, મિથ્યાદૃષ્ટિનું કે સમ્યગ્દૃષ્ટિનું, એ જ્ઞાનમાં સહજજ્ઞાન, સ્વભાવિક જ્ઞાન, પર્યાય વિનાનું જ્ઞાન. અંદર ધ્રુવ સ્વરૂપ ભગવાનમાં જે જ્ઞાન છે એ શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ. **'શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ પરમતત્ત્વમાં વ્યાપક હોવાથી સ્વરૂપપ્રત્યક્ષ છે.'** આહા..હા...! પર્યાય ? ગુણ.

**શ્રોતા :–** કારણશુદ્ધ પર્યાય... ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ નહિ, અત્યારે એ વાત નથી. એ પછી આવશે.

અહીંયાં તો ભગવાનઆત્મામાં જે સહજ ત્રિકાળી જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... સ્વભાવ જે વસ્તુ આત્મા, એનો જ્ઞાન સ્વભાવ, ધ્રુવ સ્વભાવ, નિત્ય સ્વભાવ, એ જ્ઞાન, સહજજ્ઞાન એ **'શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ...'** પૂર્ણ બધું શુદ્ધ અંતઃતત્ત્વ, પૂર્ણ શુદ્ધ અનંત ગુણનું રૂપ, શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ, એવા પરમતત્ત્વ. એમાં સહજજ્ઞાન, સ્વભાવિક જ્ઞાન એ અંતઃતત્ત્વરૂપ પરમતત્ત્વમાં વ્યાપક હોવાથી.

બધામાં પ્રસરેલું છે. ટીકા પણ કરી છે ને !

**'સહજજ્ઞાન,....'** ધ્રુવજ્ઞાન નિત્યાનંદ પ્રભુ એવું નિત્યજ્ઞાન. જેની આદિ નહિ, અંત નહિ. જેની ઉત્પત્તિ નથી. એવું ત્રિકાળી **'સહજજ્ઞાન, શુદ્ધ અંતઃતત્ત્વરૂપ...'** પરમતત્ત્વ. એ **'સહજજ્ઞાન, શુદ્ધ અંતઃતત્ત્વરૂપ પરમતત્ત્વ...'** શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ પરમતત્ત્વ એમાં સહજજ્ઞાન **'વ્યાપક હોવાથી સ્વરૂપપ્રત્યક્ષ છે.'** આહા..હા...! કેટલાકે તો સ્વરૂપપ્રત્યક્ષ શું હશે એ પણ સાંભળ્યું નહિ હોય. કેવળજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન... આહા..હા...! એ તો બધી પર્યાયની વાતું છે. આ તો અંતરસ્વરૂપ ખાણ, નિધાન જ્ઞાનનું નિધાન... આહા..હા...! અનંત-અનંત પરમસ્વભાવ ભાવ જ્ઞાન, એ અંતઃતત્ત્વસ્વરૂપ પરમતત્ત્વમાં વ્યાપક વ્યાપક હોવાથી, આખા અંતઃતત્ત્વરૂપ પરમતત્ત્વમાં એ સહજજ્ઞાન વ્યાપક હોવાથી, પ્રસરેલ હોવાથી તેને સ્વરૂપપ્રત્યક્ષ કહેવામાં આવે છે. આહા..હા...! આવો ઉપદેશ કઈ જાતનો ? વીતરાગનો માર્ગ આવો છે, બાપા ! આહા..હા...!

**શ્રોતા :–** આવું સ્વરૂપ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ક્યાંય નથી, અહીં જ આવે છે. ખાસ ખાસ બોલ કેટલા લખ્યા છે ? આમાં જ છે આ. આ મોક્ષમાર્ગની પર્યાયનો અધિકાર છે ને ! 'નિયમસાર'. એટલે પર્યાયના અધિકારમાં કારણપર્યાય પણ આમાં આવી, બીજે ન આવી. સમજાય છે ? અને એ કારણપર્યાયની સાથે જે ત્રિકાળ જ્ઞાન છે એને અહીંયાં સ્વરૂપપ્રત્યક્ષ કહેવામાં આવ્યું. આહા..હા...! કાર્યનું કારણ, કેવળજ્ઞાનરૂપી મોક્ષની પર્યાય એનું કારણ ત્રિકાળી જ્ઞાન એ અહીંયા જ કહેવામાં આવ્યું છે. આહા..હા...! ભગવાનઆત્મામાં જે જ્ઞાન સ્વભાવભાવ છે, એ ત્રિકાળી ધ્રુવપ્રવાહ જ્ઞાનનો સાગર છે. આ એક એક આત્માની વાત ચાલે છે, હોં ! બધા આત્મા ભિન્ન ભિન્ન છે. આહા..હા...! વીતરાગનો માર્ગ એટલો સૂક્ષ્મ છે. લોકોને જૈનને નામે અજૈનપણું મળ્યું છે. અજૈનની વાતું મળી અને માને છે કે જૈન છીએ. '...મલજી'! આહા..હા...!

સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર જિનેન્દ્રદેવના શ્રીમુખે નીકળેલી દિવ્યધ્વનિ, એમાંથી મુનિરાજ જ્ઞાનનું કથન કરે છે. આહા..હા...! કહે છે, સહજજ્ઞાન. ઉપર કહ્યું હતું ને પરમભાવ ? એ આખો પરમભાવ. ત્રિકાળી બધું. આ એકલું જ્ઞાન. સહજજ્ઞાન, સ્વભાવિક જ્ઞાન, પ્રગટરૂપ પર્યાય વિનાનું જ્ઞાન. સમજાણું કાંઈ ? નિધાન ભગવાનઆત્માનું જ્ઞાન, એ શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ. પૂર્ણ જે શુદ્ધ અંતઃતત્ત્વ અનંત ગુણનો પિંડ જે છે, એવા જે પરમતત્ત્વમાં એ સહજજ્ઞાન વ્યાપક છે, બધું વ્યાપક છે. વિભુશક્તિ છે ને એમાં ? તો એ ગુણ સર્વમાં વ્યાપક છે. વિભુશક્તિ. આહા..હા...! ૪૭ શક્તિમાં વિભુશક્તિ આવે છે. એક સહજગુણ અંતઃતત્ત્વસ્વરૂપ પૂર્ણ, એવું જે શુદ્ધ પરમતત્ત્વ.

પર્યાયો છે એ ચાહે તો કેવળજ્ઞાન હોય તો પણ અપરમતત્ત્વ છે. ચાર ભાવ છે ને એ ? ક્ષાયિકભાવ છે ને ? ચાર ભાવને અપરમભાવ કહ્યા છે અને ત્રિકાળીભાવને પરમભાવ કહ્યો છે. આહા..હા...! ફરીને. રાગ-દ્વેષ આદિ ઉદયભાવ, જ્ઞાનનો ક્ષયોપશમભાવ, સમકિતનો ઉપશમભાવ,

જ્ઞાનનો કેવળજ્ઞાનભાવ એ ચારે ભાવને અપરમભાવ કહ્યા છે. આમાં આગળ આવશે. છે, ચાલી ગયું છે, આ તો ઘણીવાર ચાલ્યું છે ને. આહા..હા...! અને એક ત્રિકાળી ભાવને જ પરમભાવ કહેવામાં આવે છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

**'(ઉપર કહેલાં જ્ઞાનોને વિષે) સહજજ્ઞાન, શુદ્ધ અંતઃતત્ત્વરૂપ પરમતત્ત્વ...'** એ જ છે. એમાં જ સહજજ્ઞાન **'વ્યાપક હોવાથી સ્વરૂપપ્રત્યક્ષ છે.'** નીચે. **'સ્વરૂપપ્રત્યક્ષ = સ્વરૂપે પ્રત્યક્ષ;...'** ત્રિકાળી સ્વરૂપથી અંદર પ્રત્યક્ષ જ છે. **'સ્વરૂપ-અપેક્ષાએ પ્રત્યક્ષ;...'** કાર્યની અપેક્ષાએ લીધું હતું ને એ ! **'સ્વભાવથી પ્રત્યક્ષ.'** સ્વભાવથી પ્રત્યક્ષ છે. આહા..હા...! ત્રિકાળી સ્વભાવથી એ સ્વરૂપપ્રત્યક્ષ છે. આહા..હા...! આ ભાવ 'નિયમસાર'ની આ ગાથા સિવાય બીજે ક્યાંય નથી. સમજાણું કાંઈ ? અને હજી કારણપર્યાય આવશે એ પણ આમાં જ છે. બીજે નથી. આહા..હા...! સ્વરૂપથી પ્રત્યક્ષ, સ્વરૂપથી પ્રત્યક્ષ કાયમ. **'સ્વરૂપ અપેક્ષાએ પ્રત્યક્ષ, સ્વભાવથી પ્રત્યક્ષ.'** એ સ્વરૂપપ્રત્યક્ષ છે.

**'કેવળજ્ઞાન સકલપ્રત્યક્ષ...'** ભગવાનને, કેવળીને, જિનેન્દ્રને, અરિહંતને કેવળજ્ઞાન થાય છે એ કેવળજ્ઞાન સકળપ્રત્યક્ષ છે. **`रूपष्ववधेः''(અવધિજ્ઞાનનો વિષય–સંબંધ રૂપી દ્રવ્યોમાં છે)...'** સંપૂર્ણમાં નથી, રૂપીમાં છે. **'એવું (આગમનું) વચન હોવાથી અવધિજ્ઞાન વિકલપ્રત્યક્ષ (એકદેશપ્રત્યક્ષ) છે.'** એકદેશપ્રત્યક્ષ અવધિ. અને **'તેનાં અનંતમાં ભાગે વસ્તુના અંશનું ગ્રાહક (–જાણનારું) હોવાથી મનઃપર્યયજ્ઞાન પણ વિકલપ્રત્યક્ષ છે. મતિજ્ઞાન ને શ્રુતજ્ઞાન બન્ને પરમાર્થથી પરોક્ષ છે અને વ્યવહારથી પ્રત્યક્ષ છે.'** મતિ-શ્રુત પોતાના સ્વરૂપને પ્રત્યક્ષ કરે છે ને ? એ અપેક્ષાએ એને પ્રત્યક્ષ કહે છે. પણ પ્રત્યક્ષ પૂર્ણ નથી જાણતા એ અપેક્ષાએ પરોક્ષ કહે છે.

**'વળી વિશેષ એ કે —'** ખાસ વાત તો એ છે કે... એમ. વિશેષ કહે છે ને ? ખાસ વાત એ છે કે... સંતોની લહેરી તો જુઓ ! **'(ઉપર કહેલાં) જ્ઞાનોમાં સાક્ષાત્ મોક્ષનું મૂળ નિજપરમતત્ત્વમાં સ્થિત એવું એક સહજજ્ઞાન જ છે;..'** લ્યો. ખાસ વાત એ છે કે આ જ્ઞાનોના ભેદમાં સાક્ષાત્ મોક્ષનું મૂળ કારણ નિજ પરમતત્ત્વમાં સ્થિત એવું સહજજ્ઞાન મોક્ષનું કારણ છે. આહા..હા...! અહીં તો ચાર જ્ઞાનને મોક્ષનું કારણ નથી ગણવામાં આવ્યું. ત્રિકાળજ્ઞાન એ મોક્ષનું કારણ છે. મોક્ષના કારણનું કારણ. મોક્ષનું કારણ મતિ-શ્રુતજ્ઞાન, એનું કારણ પરમભાવ ત્રિકાળી જ્ઞાન. આહા..હા...! અરે..! વીતરાગમાર્ગ સિવાય આવી ચીજ ક્યાં મળે, ભાઈ ! આહા..હા...! જેણે એકલા અમૃત રેડ્યા છે. લ્યો, ક્યાં ગયા ? 'કૈલાસભાઈ'! ભાઈ ત્યાં બેઠા છે. સમજાણું કાંઈ ? આહા..હા...!

**શ્રોતા :–** કારણનું કારણ

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** નહિ, નહિ; એ વ્યવહારકારણ હતું. પહેલા આવ્યું હતું ને ? કે આગમ એ મોક્ષના કારણનું કારણ છે. મોક્ષનું કારણ સમ્યગ્જ્ઞાન આદિ, એનું કારણ નિમિત્ત આગમ. અહીં બીજી વાત છે કે જે ખરેખર મોક્ષ છે, એનું કારણ જે છે એ મતિ-શ્રુતજ્ઞાન, પણ એનું કારણ મૂળ સહજજ્ઞાન છે. આહા..હા...! સમજાણું કાંઈ ? ભગવાન નિત્યાનંદ પ્રભુ ! સ્વભાવિક જ્ઞાન, જ્ઞાન

શબ્દે આત્મા જ્ઞાનસ્વભાવ છે, જ્ઞાનસ્વભાવ છે, સહજજ્ઞાન છે, જ્ઞ સ્વભાવ છે, સર્વજ્ઞ સ્વભાવ છે, જ્ઞાનભાવ પરમતત્ત્વરૂપ ભાવ એ છે. આહા..હા...! અરે..! એની શું વાત ! એ ભગવાને શબ્દોથી કહ્યું પણ એનો માલ તો પાછળ રહી ગયો. આહા..હા...! બાર અંગમાં સ્થુળ કથન છે. 'પંચાધ્યાયી'માં આવે છે. 'પંડિતજી'! 'પંચાધ્યાયી'માં આવે છે કે બાર અંગમાં પણ સ્થુળ કથન છે. બાર અંગ એ સ્થૂળ કથન છે. ઘણી સૂક્ષ્મ વાત રહી ગઈ છે. 'પંચાધ્યાયી'માં છે. પંડિતજીએ 'પંચાધ્યાયી' જોયું છે ને ? આહા..હા...!

એ બધા જ્ઞાનોમાં સાક્ષાત્ મોક્ષ પરમાનંદરૂપી, પરમ આનંદનો લાભરૂપી મોક્ષ, પરમ અતીન્દ્રિય આનંદના લાભરૂપી મોક્ષ એનું મૂળ **'નિજપરમતત્ત્વમાં સ્થિત એવું એક સહજજ્ઞાન જ છે;...'** જ છે. એકાંત કરી નાખ્યું. એ સમ્યક્ એકાંત જ છે. આહા..હા...! ભાઈ ! અનંત સંસારનો અંત લાવીને અનંત આનંદની પ્રાપ્તિ થાય એ વસ્તુ કેવી હોય ? સમજાણું કાંઈ ?

કહે છે કે સહજજ્ઞાન **'મોક્ષનું મૂળ નિજપરમતત્ત્વમાં સ્થિત એવું એક સહજજ્ઞાન જ...'** મોક્ષનું કારણ છે. એક વાત. વ્યવહાર રત્નત્રય, દયા, દાન, વ્રત, ભક્તિ તો મોક્ષનું કારણ નથી, એ તો સ્થુળ રીતે બંધનું કારણ છે. અને પર્યાયમાં જે સમ્યગ્દર્શ-જ્ઞાન આદિ પ્રગટ થયા, એને મોક્ષનું કારણ કહ્યું, એ પર્યાય તો ઉપાય અને ઉપેયની અપેક્ષાએ કહ્યું. પણ એ સમ્યગ્જ્ઞાનની ઉત્પત્તિ અને એના ફળરૂપ કેવળજ્ઞાન એનું મૂળ કારણ ત્રિકાળી જ્ઞાન છે. આહા..હા...! અહીંયાં તો દ્રવ્ય ઉપર જોર છે. સમજાણું કાંઈ ?

**'એવું એક સહજજ્ઞાન જ છે;...'** એમ છે ને ? **'એક સહજજ્ઞાન જ છે;...'** કથંચિત્ ત્રિકાળી જ્ઞાન અને કથંચિત્ વર્તમાન જ્ઞાન એમ કેમ ન કહ્યું ? આ એક જ છે. આહા..હા...! સમજાણું કાંઈ ? **'તેમ જ સહજજ્ઞાન (તેના) પારિણામિકભાવરૂપ સ્વભાવને લીધે...'** આહા..હા...! એ ત્રિકાળી જ્ઞાન, જ્ઞાનના નૂરનું તેજ જે સ્વરૂપ ભગવાન ધ્રુવ, તે સહજજ્ઞાન, **'પારિણામિકભાવરૂપ સ્વભાવને લીધે...'** આહા..હા...! એ તો સહજ સ્વભાવરૂપ છે. એવા પારિણામિકભાવરૂપ છે. એ ક્ષાયિકભાવરૂપ, ઉપશમભાવરૂપ નથી. સમજાણું કાંઈ ? કેવળજ્ઞાન એ ક્ષાયિકભાવ છે. આ તો પારિણામિકભાવરૂપ સ્વભાવને લીધે. આહા..હા...! ભારે પણ 'નિયમસાર' તે...! એ **'સહજજ્ઞાન (તેના) પારિણામિકભાવરૂપ સ્વભાવને લીધે ભવ્યનો પરમસ્વભાવ હોવાથી,...'** ભવ્યજીવનો પરમસ્વભાવ છે. અભવિને છે પણ પ્રગટતો નથી માટે ના પાડી. સમજાણું કાંઈ ? આવી ઝીણી વાત એટલે માણસને આકરું લાગે. એ તો ભવ્યજીવનો પરમસ્વભાવ છે. **'સહજજ્ઞાન (તેના) પારિણામિકભાવરૂપ...'** સમજાણું ? **'સ્વભાવને લીધે ભવ્યનો પરમસ્ભાવ હોવાથી...'** આહા..હા...! એ તો પરમસ્વભાવ જ ભવ્યજીવનો સ્વભાવ છે. સમજાણું કાંઈ ?

**'સહજજ્ઞાન સિવાય...'** સ્વભાવિક ત્રિકાળ જ્ઞાનથી અન્ય **'બીજું કાંઈ ઉપાદેય નથી.'** મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, કેવળજ્ઞાન એ ઉપાદેય નથી એમ કહ્યું. એ તો મોક્ષમાર્ગમાં લીધું છે ને ? સંવર છે તે

ઉપાદેય છે, નિર્જરા હિતકર છે, મોક્ષ પરમ ઉપાદેય છે. એ પ્રગટ કરવાની અપેક્ષાએ, પ્રગટ કરવાની અપેક્ષાએ. પણ એ પ્રગટનું કારણ એ ત્રિકાળ છે તે ઉપાદેય છે. આહા..હા...!

**શ્રોતા :–** સાક્ષાત્ મોક્ષનું મૂળ સહજજ્ઞાન..

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ ઉપાદાન ત્રિકાળી, પર્યાય નહિ.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પરિણમે એ પર્યાય નહીં. અહીં તો ત્રિકાળી ઉપાદાન છે એ ઉપાદેય.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ધ્રુવ ક્યાં પરિણમે છે ? પરિણમે એ તો પર્યાય થઈ. આહા..હા...! એને ઉપાદેય તરીકે સ્વીકાર થયો એ જ પર્યાયનું પરિણમન થઈ ગયું. ત્રિકાળી જ્ઞાયકભાવ ધ્રુવ, એ ઉપાદેય છે એવો આદરભાવ થયો એ જ પર્યાય થઈ. આહા..હા...! ભાઈ ! આ તો વીતરાગમાર્ગ છે. એમાં પણ દિગંબર ધર્મ, એટલે સનાતન અનાદિ અનાદિ અનંત તીર્થંકરોએ જે માર્ગ કહ્યો એ માર્ગ છે. આહા..હા...!

**શ્રોતા :–** સહેલો કરીને બતાવે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ સહેલો કરીને બતાવે છે.

**શ્રોતા :–** ... બતાવ્યો આ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** તો શી રીતે બતાવે ? એને કોળિયો કરીને બતાવ્યું પણ કોળિયો ચાવવો તો પડશે કે નહિ ? દાંત ન હોય તો પણ માખણ ચવાય. શીરાને દાંતની જરૂર નથી. શીરાને શું કહે ? હલવા. આહા..હા...! ભારે વાત આવી, હોં !

(શ્રોતા :– ન્યાલભાઈ કહે છે કે હમકો તો 'ગુરુદેવ' મિલગયે તો પકા-પકાયા હલવા મિલ ગયા !)

**'સહજજ્ઞાન સિવાય બીજું...'** આહા..હા...! ભગવાન પૂર્ણાનંદમાં સહજજ્ઞાન, પરમતત્ત્વમાં પડ્યું છે, એ સિવાય **'બીજું કાંઈ ઉપાદેય નથી.'** આહા..હા...! કેટલું જોર છે ! આહા..હા...! કેવળજ્ઞાન એ ઉપાદેય નથી, એમ કહે છે. કેમ કે પર્યાય છે. મતિ-શ્રુતજ્ઞાન, બાર અંગનું જ્ઞાન પણ ઉપાદેય નથી. કેમ કે એ પર્યાય છે. આહા..હા...! અમૃત રેડ્યા છે, અમૃત !! આહા..હા...! એ **'સિવાય બીજું કાંઈ ઉપાદેય નથી.'**

હવે **'આ સહજચિદ્વિલાસરૂપે...'** એ ત્રિકાળી. ત્રિકાળી સહજચિદ્વિલાસરૂપ એવી વસ્તુ. એ **'(૧) સદા સહજ પરમ વીતરાગ સુખામૃત,...'** સાથે. સદા સહજ પરમ વીતરાગ સુખામૃત, એની સાથે. છે ને ? **'સહજચિદ્વિલાસરૂપ...'** સહિત છે. આત્મા એવો જે સહજચિદ્વિલાસ છે, એ **'સદા સહજ પરમ વીતરાગ સુખામૃત,...'** સહિત છે. આહા..હા...! **'સહજચિદ્વિલાસરૂપે...'** સ્વભાવિક જ્ઞાન સમજણ-સમજણ... સમજ... સમજ... સમજ... જ્ઞાન જ્ઞાનનો પિંડ ત્રિકાળ. એ **'સહજચિદ્વિલાસરૂપે (૧) સદા**

**સહજ પરમ વીતરાગ સુખામૃત,...'** સ્વભાવિક સદા પરમ વીતરાગરૂપી આનંદનું અમૃત, એનાથી આત્મા સનાથ છે. આહા..હા...! સમજાણું કાંઈ ? એવા આત્માને, એમ કહે છે. સહજચિદ્વિલાસરૂપ, એની સાથે સદા સહજ પરમ વીતરાગ સુખામૃત, સદા સુખ-અમૃત, અતીન્દ્રિય અમૃત. આહા..હા...!

કાલે બપોરે કહ્યું હતુ ને ? 'ગગન મંડળમેં અધબિચ કૂવા વહાં હૈ અમી કા વાસા....' આત્મા અધ બીચ કૂવો છે. 'ગગન મંડળમેં ગૌવા વિયાણી વસુધા દૂધ જમાયા, માખણ થા સો વિરલા રે પાયા સંતો, છાશે જગત ભરમાયા.' છાશ સમજ્યા ? મઠ્ઠા. 'ગગન મંડળમેં ગોવા વિયાણી વસુધા દૂધ જમાયા.' ભગવાની વાણી દિવ્યધ્વનિ નીકળી. 'માખણ થા સો વિરલા રે પાયા સંતો... છાશે જગત ભરમાયા. અબ સુજોગી રે ગુરુ મેરા. ઇન પદ કા કરે નિવેડા, જોગી રે ગુરુ મેરા. ગગન મંડળ મેં અધબિચ કૂવા.' આત્મા અધવચ્ચે કૂવો છે, જુઓ ! 'વહાં હે અમી કા વાસા.' ત્યાં અમૃત ભર્યાં છે. 'સગુરા હોવે સો ભર ભર પીવે સંતો, નુગરા જાવે પ્યાસા. અબધુ સો જોગી રે ગુરુ મેરા.' આહા..હા...! સમજાણું કાંઈ ? આ તો મસ્તીની વાતું છે. મસ્તી ! આહા..હા...!

કહે છે કે ભગવાનઆત્મામાં જે **'સહજચિદ્વિલાસરૂપે સદા સહજ પરમ વીતરાગ સુખામૃત,...'**ની સાથે આત્મા રહે છે. **'અપ્રતિહત નિરાવરણ પરમ ચિત્શક્તિરૂપ,...'** વીર્ય. જેનું બળ અપ્રતિહત્, પાછું ફરે નહિ. **'નિરાવરણ પરમ ચિત્શક્તિરૂપ,...'** જ્ઞાનશક્તિરૂપ બળ. આ ત્રિકાળની વાત ચાલે છે. **'સદા અંતર્મુખ એવા સ્વસ્વરૂપમાં અવિચળ...'** આહા..હા...! **'સદા અંતર્મુખ એવા સ્વસ્વરૂપમાં અવિચળ...'** ચળે નહિ એવું **'સ્થિતિરૂપ સહજ પરમ ચારિત્ર,...'** ત્રિકાળી, હોં ! ત્રિકાળી.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ચારિત્રપિંડ ત્રિકાળ છે. આ ચારિત્ર પર્યાય નથી. કહે છે કે જ્ઞાનની પર્યાય કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે તો એનું ચિદ્વિલાસ ત્રિકાળી જ્ઞાન કારણ છે. શ્રદ્ધાની–સમ્યગ્દર્શનની પર્યાય ઉત્પન્ન થાય છે તો ત્રિકાળી શ્રદ્ધા, ત્રિકાળી દર્શન એનું કારણ છે. ત્રિકાળી શ્રદ્ધા-શક્તિ એ કારણ છે. હમણા આવશે. અને પર્યાયમાં ચારિત્ર ઉત્પન્ન થાય છે એ ત્રિકાળી અવિચળ ચારિત્ર શક્તિમાંથી પ્રગટે છે. સમજાણું કાંઈ ? **'સ્થિતિરૂપ સહજ પરમ ચારિત્ર,...'** ત્રિકાળી ચારિત્ર, હોં ! વીતરાગભાવ. આહા..હા...! ભગવાનઆત્મામાં ત્રિકાળ વીતરાગભાવ જ પડ્યો છે. ચારિત્ર સ્વરૂપ જ ભગવાન છે. પર્યાયમાં પ્રગટે છે એ ચારિત્રના સ્વભાવમાંથી ચારિત્ર પર્યાય પ્રગટે છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

હવે શ્રદ્ધા કહે છે, જુઓ ! શ્રદ્ધા. **'(૪) ત્રણે કાળે અવિચ્છિન્ન (અતૂટક) હોવાથી સદા નિકટ એવી પરમ ચૈતન્યરૂપી શ્રદ્ધા—'** આહા..હા...! આ ત્રિકાળની વાત છે. વાત તો જુઓ! **'ત્રણે કાળે અવિચ્છિન્ન (અતૂટક) હોવાથી...'** કોણ ? અંદર શ્રદ્ધા. ત્રિકાળ ધ્રુવ, હોં ! **'સદા નિકટ એવી...'** અનંત ગુણની સાથે અંદર નિકટ શ્રદ્ધા પડી છે. **'પરમ ચૈતન્યરૂપની શ્રદ્ધા—'** આહા..હા...! પરમ ચૈતન્યરૂપી શ્રદ્ધા. અહીંયા પર્યાયની વાત નથી, ત્રિકાળની વાત છે. આહા..હા...! આજે તો બધું

સારું આવ્યું. 'પંડિતજી' બરાબર આવ્યા ને.

**શ્રોતા :–** 'ચંદુભાઈ' ચમત્કાર કરે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** 'ચંદુભાઈ'નું નિદાન ... એવું છે. અમે તો ઘણા વર્ષથી જાણીએ છીએ.

અહીંયાં કહે છે, આહા..હા...! સહજ ચિદ્વિલાસરૂપ ભગવાનઆત્મા, એની સાથે વીતરાગ સુખામૃત રૂપ એવો આત્મા, સહજ અવિચળ ચારિત્રરૂપ આત્મા. ત્રિકાળ, હોં ! અને ચિત્શક્તિરૂપ વીર્ય. જ્ઞાનની શક્તિરૂપ ત્રિકાળ વીર્ય, એની સાથે અંદર આત્મા છે. આજે તો આવ્યું બહુ. અને **'ત્રણે કાળે અવિચ્છિન્ન (અતૂટક) હોવાથી સદા નિકટ...'** ત્રિકાળ શ્રદ્ધાની વાત છે. **'એવી પરમચૈતન્યરૂપી શ્રદ્ધા...'** પરમ ચૈતન્યરૂપી શ્રદ્ધા, ત્રિકાળમાં ત્રિકાળમાં, હોં ! આહા..હા...! **'ત્રણે કાળે અવિચ્છન્ન...'** દરેકની ભિન્ન-ભિન્ન વ્યાખ્યા કરે છે. શ્રદ્ધાને ત્રિકાળ અવિચ્છન્ન કહી. ત્રિકાળ તૂટ ન પડે એવી. ત્રિકાળી ચૈતન્યની નજીક, સર્વ ગુણમાં નજીક રહે એવી ચૈતન્યરૂપની શ્રદ્ધા. આહા..હા...!

**'એ સ્વભાવ-અનંતચતુષ્ટયથી...'** એ ચાર ત્રિકાળ સ્વભાવ લીધા. આહા..હા...! **'જે સનાથ (સહિત) છે...'** જે આત્મા સનાથ છે એનાથી રક્ષિત છે. સહજચિદ્વિલાસરૂપ આત્મા, એ અનંત સુખામૃત અને અનંત વીર્ય ચિત્શક્તિરૂપ અને અંતર અવિચળ ચારિત્રરૂપ અને ત્રિકાળ અતૂટક એવી ચૈતન્યની નિકટમાં રહેલી શ્રદ્ધા, એવા અનંતચતુષ્ટય ધ્રુવ, એનાથી આત્મા સનાથ છે. આહા..હા...! સમજાણું કાંઈ ? **'એ સ્વભાવ-અનંતચતુષ્ટયથી જે સનાથ (સહિત) છે...'** જુઓ! **'એવા આત્માને—'** આહા..હા...! **'અનાથ મુક્તિસુંદરીના નાથને–ભાવવો...'** જોઈએ. મુક્તિસુંદરી અનાથ છે. એનો નાથ આત્મા, એને ભાવવો જોઈએ. એવા ત્રિકાળી અનંતચતુષ્ટય રૂપ જે આત્મા છે એ સનાથ છે. મુક્તિસુંદરી અનાથ છે. કોઈપણ વરી શકે છે. સનાથ આત્માની ભાવના કરવાથી મુક્તિસુંદરી પ્રગટે છે. વિશેષ કહેવાશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ)

❋

*** સર્વજ્ઞનો નિર્ણય કરવા જાય, આદર કરવા જાય, વિશ્વાસ કરવા જાય, પ્રશંસા કરવા જાય, રુચિ કરવા જાય ત્યાં જ પોતાના સર્વજ્ઞસ્વભાવનો નિર્ણય થઈ જાય છે. એ જ પુરુષાર્થ આવ્યો. ૨૩૯.**

**— દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર – પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

## શ્રી નિયમસાર, શ્લોક-૧૮ થી ૨૦
## પ્રવચન નં-૧૫૬, તા.૧૯-૧-૧૯૭૬
## [૯]

'નિયમસાર'નો ૧૮મો કળશ ચાલે છે. ૧૧-૧૨ ગાથા પછી છે ને ? ૧૮મો કળશ. એ છે ને ?

**'આમ સંસારરૂપી લતાનું મૂળ છેદવાને દાતરડારૂપ આ ઉપન્યાસથી બ્રહ્મોપદેશ કર્યો.'** ત્યાંથી શરૂ કર્યું છે. શું કીધું ઇ ? સંસારરૂપી રાગ, દ્વેષ અને મિથ્યાત્વ એ સંસારરૂપી લતાની વેલડી. વેલડી કહે છે ? એનું મૂળ છેદવા માટે. એનું મૂળ. દાતરડારૂપ. દાતરડારૂપ સમજો છો ને ? **'આ ઉપન્યાસથી બ્રહ્મોપદેશ કર્યો.'** એ શું કહ્યું ? કે આ આત્મા અનંત જ્ઞાન, અનત આનંદ અને અનંત ચારિત્ર અને અનંત સુખરૂપથી જે દ્રવ્ય સ્વભાવ ભર્યો છે... આહા..હા...! એની અંતર ભાવના કરવી એ બ્રહ્મોપદેશ છે. આહા..હા...! સૂક્ષ્મ વાત છે. આ લોકો વ્રત, દયા, દમન, તપ કરે છે એ તો બધો રાગ છે, એ કોઈ ધર્મ નથી. આહા..હા...!

ધર્મ તો અહીંયાંથી ઉત્પન્ન થાય છે કે ભગવાનઆત્મા અનંત આનંદ, અનંત.. ઉપર આવ્યું હતું ને ? ચતુષ્ટય આવી ગયા. સુખામૃતથી ભરેલો આત્મા, અનંત ચારિત્ર, અનંત ચિત્શક્તિવીર્ય અને ત્રિકાળ દૃષ્ટિ. છે ને ? **'(અતૂટક) હોવાથી સદા નિકટ એવી પરમ ચૈતન્યરૂપી શ્રદ્ધા—'** વસ્તુમાં ત્રિકાળ શ્રદ્ધા સ્વભાવ, હોં ! આહા..હા...! **'એ સ્વભાવ-અનંતચતુષ્ટયથી જે સનાથ (સહિત) છે...'** આહા..હા...! પોતાના સ્વભાવમાં અનંત સુખ છે, અનંત ચારિત્ર છે, સ્વભાવ-સ્વભાવ, ચારિત્ર પર્યાય ભિન્ન છે. આહા..હા...! ચારિત્ર છે. અનંત દૃષ્ટિ છે. ચૈતન્યરૂપ શ્રદ્ધાની અંતર દૃષ્ટિ ત્રિકાળમાં પડી છે. એવા અનંત ચતુષ્ટય સહિત આત્મા સનાથ છે, આહા..હા...! એમાં અનંત ચતુષ્ટય પડ્યા છે, એ કારણે આત્મા સનાથ છે. રક્ષા સહિત છે. આહા..હા...! મૂળ ચીજની દૃષ્ટિ અને અનુભવ વિના બધા થોથા છે. આ વ્રત, તપ, ત્યાગ એ એકડા વિનાના મીંડા છે. એ સંસાર છે. એવી વાત છે.

જ્યાં અનંત આનંદ, અનંત ચારિત્ર સ્વરૂપલીનતા, રમણતા અંદર શક્તિ, હોં ! એવી નિકટ શ્રદ્ધા. અત્રુટ ત્રિકાળી અંદર શ્રદ્ધા, ચૈતન્યના સ્વભાવમાં, હોં ! ત્રિકાળ સ્વભાવમાં. એવા સ્વચતુષ્ટય સહિત આત્મા સનાથ છે. આહા..હા...! સમજાણું કાંઈ ? એ દ્રવ્યસ્વભાવમાં ચતુષ્ટય પડ્યા છે તેથી

આત્મા સનાથ છે. આહા..હા...! એ કારણે... આહા..હા...! આવ્યું ને ?

**'અનાથ મુક્તિસુંદરીના નાથને—ભાવવો...'** જોઈએ. આહા..હા...! મુક્તિસુંદરની જે વરી શકે તે ત્રિકાળ સનાથ છે. તેને સનાથ આત્મા વરી શકે છે. અંતર આનંદ સુખસ્વભાવ પડ્યો છે, અનંત ચિત્શક્તિ ધ્રુવમાં પડી છે. અનંત નિકટ અત્રુટ શ્રદ્ધા અંદર પડી છે અને અનંત ચિત્શક્તિ અંદરમાં પડી છે. આહા..હા...! એવો ભગવાનઆત્મા પોતાની શક્તિથી, સ્વભાવથી સનાથ છે. આ વ્યાખ્યા કેવી ! એ સનાથ આત્મા, મુક્તિ જે અનાથ છે, એને વરી શકે છે–પ્રાપ્ત કરી શકે છે. સમજાણું કાંઈ ?

**'આમ સંસારરૂપી લતાનું મૂળ છેદવાને...'** સંસારરૂપી વેલડીનું મૂળ નાશ કરવા માટે **'દાતરડારૂપ...'** તમારી ભાષામાં શું કહેવાય ? દાંતા. લોઢાનું હોય છે. મૂળ છેદવાને માટે. **'આ ઉપન્યાસથી બ્રહ્મોપદેશ કર્યો.'** બ્રહ્મોપદેશ કર્યો. આનંદસ્વરૂપ ભગવાનઆત્મા એનો ઉપન્યાસ, એની કથા કહી. આહા..હા...! હવે ૧૮મો કળશ.

**'[હવે આ બે ગાથાઓની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ પાંચ શ્લોક કહે છે :]'** ગાથા બે, એના શ્લોક પાંચ. આહા..હા...! દિગંબર મુનિ છે ને ! મુનિરાજ 'પદ્મપ્રભમલધારિદેવ' વનવાસમાં હતા. આનંદ-આનંદ અતીન્દ્રિય આનંદનું વેદન હતું. અતીન્દ્રિય આનંદનો ભરચક ભરપૂર આત્મા, એમાં ડૂબકી મારતાં હતા. જેમ સ્નાન કરવા જળમાં ડૂબકી મારે, એમ મેલ કાઢવા માટે આનંદસ્વરૂપમાં ડૂબકી મારતાં હતા. એવો વિકલ્પ આવ્યો અને શાસ્ત્ર લખ્યું. એ ૧૮મો શ્લોક કહે છે.

**इति निगदिभेदज्ञानसाध्य भव्यः**
**परिहरतु समस्तं घोरसंसारमूलम्।**
**सुकृतमसुकृतं वा दुःखमुच्चैः सुखं वा**
**तत उपरि समग्रं शाश्वतं शं प्रयति।।१८।।**

આહા..હા...! **'આ રીતે કહેવામાં આવેલા ભેદોના જ્ઞાનને પામીને...'** સર્વ વસ્તુથી ભિન્ન અને રાગ, દયા, દાનના વિકલ્પથી પણ ભગવાન ભિન્ન છે. આહા..હા...! આ શરીરથી ભિન્ન. ધૂડ આ પૈસા-બૈસા છે ને ? એ જડ, માટી, ધૂડ એનાથી પણ ભગવાન ભિન્ન છે. અને અંદરમાં પૂણ્ય અને પાપના સુકૃત, દષ્કૃત એટલે વ્રતનો, ભક્તિનો, પૂજાનો વિકલ્પ થાય છે એ રાગથી પણ ભગવાન અંદર ભિન્ન છે. છે ? **'ભેદોને જ્ઞાનને પામીને....'** પરથી ભિન્ન, પોતાના સ્વભાવમાં અભિન્ન એવા ભેદજ્ઞાનને પામીને. આહા..હા...!

**'ભવ્ય જીવ ઘોર સંસારના મૂળરૂપ..'** સુકૃત અને દુષ્કૃત. નીચે અર્થ છે. **'સુકૃત અને દુષ્કૃત = શુભ કે અશુભ.'** એ શુભભાવ અને અશુભભાવ સંસારનું મૂળ છે. આહા..હા...! ઘોર સંસારનું

મૂળ છે. રાડ નાખે. એને તો ધર્મ માને. દયા, દાન, વ્રત, તપ, જાત્રા, ભક્તિ આદિના શુભભાવ છે ને ? એ ઘોર સંસારનું મૂળ છે. '...મલજી'! આકરી વાત. આહા..હા...! છે ? નીચે છે ? **'સુકૃત અને દુષ્કૃત...'** સુકૃત એટલે શુભ અને દુષ્કૃત એટલે અશુભ. બન્ને ભાવ સંસારનું ઘોર મૂળ છે. આહા..હા...! રાડ નાખે. અહીં તો હજી તો વ્રત પાળે, ભક્તિ કરે, પૂજા કરે, શાસ્ત્ર લખે એ ભાવને ધર્મ માને, એ મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ ? આકરી વાત છે, ભાઈ ! જગતે વર્તમાન જૈનદર્શનને એવું વિકૃત કરી નાખ્યું છે કે ખબર નથી જૈનદર્શનનો માર્ગ શું છે ? સમજાણું કાંઈ ? શું કહે છે ?

આ પ્રકારે રાગ, પુણ્યનો ભાવ, એનાથી ભિન્ન ભગવાનઆત્મા અંદર, શરીર અને લક્ષ્મી, આબરૂ, કીર્તિ તો જડ ક્યાંય રહી ગયા. એ તો આત્મામાં છે જ નહિ. આહા..હા...! અહીંયાં તો પુણ્ય અને પાપના બે ભાવ, એનાથી ભેદજ્ઞાન કરીને... આહા..હા...! એનાથી ભેદ કરીને એનો અર્થ કે સ્વભાવ ઉપર દૃષ્ટિ પડતાં રાગથી ભિન્ન થઈ જાય છે. સૂક્ષ્મ વાત છે, ભાઈ ! અનંતકાળમાં કર્યું નથી. વ્રત, તપ, ભક્તિ એ અનંત વાર કર્યા, એ કોઈ ચીજ નથી, એ તો સંસાર છે. આહા..હા...!

**'ભેદોના જ્ઞાનને પામીને...'** ભિન્ન પામીને. રાગના વિકલ્પથી ભિન્ન ભગવાનને પામીને આહા..હા...! **'ભવ્ય જીવ...'** મોક્ષને માટે લાયક આત્મા. આહા..હા...! **'ઘોર સંસારના મૂળરૂપ સમસ્ત સુકૃત કે દુષ્કૃતને,...'** સમસ્ત સુકૃત, દુષ્કૃત – ગમે તે પ્રકારનો શુભભાવ હોય અને અશુભભાવ હોય, એ તો સંસારનું મૂળ છે, સંસાર છે. આહા..હા...! આ અત્યારે તો સંપ્રદાયમાં તો આ જ વાત ચાલે. એય...! '...મલજી'! તમે સાંભળ્યું છે કે નહિ ? આ તો '...' તમારા ફઈ છે એણે દીક્ષા લીધી. ... છે ? તમારા ફઈ હતા ને ? આ ફૂવા એ .. ફઈ છે. અમારે અહીં ફઈ છે. એ '...મલજી'ના ફઈ થાય છે. અમારા ફઈ કહે છે. તમારે હિન્દીમાં બુઆ કહે.

અહીંયાં તો કહે છે, ભગવાન એકવાર સાંભળ તો ખરો, ભાઈ ! તેં સાંભળ્યું નથી.. આહા..હા...! કહે છે કે શુભભાવ ગમે તેટલા હોય, ચાહે તો ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ શુભ હોય, ચાહે તો પંચ મહાવ્રતનો શુભભાવ હોય, ચાહે તો ભગવાનની ભક્તિ કરવાનો શુભભાવ હોય, ચાહે તો ભગવાન ણમો અરિહંતાણં એવું સ્મરણ કરવાનો શુભભાવ હોય અને હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના એ અશુભભાવ–એ બંને ભાવ ઘોર સંસારનું મૂળ છે. છે ? આ દિગંબર સંતોની કથની તો જુઓ !

**'આ રીતે કહેવામાં આવેલા...'** આહા..હા...! **'ભેદોના જ્ઞાનને પામીને...'** શુભ-અશુભ વિકલ્પથી ભિન્ન આત્માને પામીને **'ભવ્ય જીવ ઘોર સંસારના મૂળરૂપ સમસ્ત સુકૃત કે દુષ્કૃત...'** શુભના અસંખ્ય પ્રકાર, અશુભના અસંખ્ય પ્રકાર (છે). આહા..હા...! શુભભાવ, પુણ્યભાવના અસંખ્ય પ્રકાર છે, દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજા, નામ સ્મરણ એના અસંખ્ય પ્રકાર અને હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, માન, માયા, લોભ આદિ અશુભના અસંખ્ય પ્રકાર છે. એવા બધા શુભ અને અશુભભાવ ઘોર સંસારનું મૂળ છે. આહા..હા...! અને **'સુખ કે દુઃખ...'** કલ્પનામાં ઇન્દ્રિયનું, પૈસાનું સુખ છે, સ્ત્રીના

સુખની કલ્પના અને દુઃખ–રાગ. **'અત્યંત પરિહરો.'** સુખ-દુઃખની કલ્પના અને સુકૃત અને દુષ્કૃત એવો શુભ-અશુભભાવ, દૃષ્ટિમાંથી છોડી દ્યો. અંદર ભગવાનને પ્રાપ્ત કરો. આહા..હા...! આવી વાત હોય એટલે પછી લોકોને આકરી લાગે ને ! સમજાણું કાંઈ ? એ દૃષ્ટિમાં પ્રાપ્ત કરવું, એમ થયું ને ! એને પ્રાપ્ત કરીને, ભગવાનઆત્માને પ્રાપ્ત કરીને, **'ભેદોન જ્ઞાનને પામીને...'** એમ આવ્યું ને ? તો રાગથી, પર્યાયથી પણ ભિન્ન ભગવાનઆત્મા, એવા અનંત ચતુષ્ટય સ્વભાવને પ્રાપ્ત કરીને... આ તો સંતોની અધ્યાત્મ વાણી છે. આ કાંઈ કથા-વાર્તા નથી. આહા..હા...!

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આમાં તો બધું આવી જાય છે. ભેદજ્ઞાનમાં દર્શન, જ્ઞાન, સ્થિરતા બધું આવી ગયું. એને પ્રાપ્ત કરીને સંસારના (મૂળને) નાશ કરવાની ચીજ શું ? ભગવાન અનંત ચતુષ્ટય સંપન્નને અંદર પ્રાપ્ત કરીને, ઘોર સંસારના મૂળ શુભ-અશુભભાવ, **'સુખ કે દુઃખને અત્યંત પરિહરો.'** એને પ્રાપ્ત કરો અને આ સુખ-દુઃખની કલ્પના અને શુભ અને અશુભભાવને છોડો. આહા..હા...!

ભગવાનઆત્મા અંદર અનંત આનંદ છે. અતીન્દ્રિય આનંદથી પ્રભુ છલોછલ ભર્યો છે. છલોછલને હિન્દીમાં શું કહે ? લબાલબ. આહા..હા...! પ્રભુ અંદર આત્મા છે એ અતીન્દ્રિય આનંદથી છલોછલ ભર્યો છે. એને પરથી ભિન્ન કરીને પ્રાપ્ત કરીને. આહા..હા...! કહો, 'ભગવાનજીભાઈ'! આમાં કાંઈ પૈસા-બૈસાની કીંમત આવતી નથી. આપણા મહાજન લોકો 'આફ્રિકા'માં જઈને બહુ કરોડોપતિ થઈ ગયા છે. બધા ધૂડના ધણી છે.

**શ્રોતા :–** એ ધૂડ વિના ચાલતું નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ ધૂડ વિના જ ચાલે છે. એ તો એકવાર કહ્યું હતું ને ! (સંવત) ૨૦૧૦ની સાલ. ૨૨ વર્ષ થયા. 'બોટાદ' ગયા હતા ને ? 'બોટાદ'. મ્યુનિપાલટીમાં વ્યાખ્યાન ચાલતું હતું. મકાન નહોતું માટે. ત્યાં 'હરજીવનભાઈ' છે ને ? 'હરજીવનભાઈ' હતા ને ? 'સમઢિયાળા'ના 'નાગરભાઈ' નહોતા આવતા ? એના મોટા ભાઈ હતા. ... મકાનમાં... એ કહે, મહારાજ ! બધા સાંભળવા આવે. બધાને પ્રેમ. મહારાજ ! પૈસાની તમે ... પૈસા વિના એક ઘડી પણ ચાલતું નથી. એવો પ્રશ્ન કર્યો હતો. ૨૨ વર્ષ થયા. ૨૦૧૦ની સાલ હતી. કીધું, ભાઈ ! એય..! 'શિવલાલભાઈ'! તમને ખબર નહિ હોય. હતા ? 'વીરચંદભાઈ' હતા. કીધું, સાંભળો ! આ આંગળીએ આ આંગળી વગર ચલાવે છે કે નહિ ? આ આંગળી આંગળીપણે છે અને આ પણે નથી. તો એ પર વિના જ એણે ચલાવ્યું છે. એમ ભગવાનઆત્મા પોતાથી છે અને પરથી નથી. તો પરથી નથી એમ જ એણે ચલાવ્યું છે.

**શ્રોતા :–** લોજિક છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** લોજિક. નિ ધાતુ.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અંદરમાં આ મૂકવું. ની ધાતુ છે. ન્યાયમાં ની ધાતુ છે. ની ધાતુ–લઈ

જવું. સત્ય વસ્તુ કેવી છે ત્યાં જ્ઞાનને લઈ જવું. અંતરમાં લઈ જવું કે હું આત્મા છું, અને રાગાદિ, શરીરાદિ કે લક્ષ્મી આદિ મારામાં નથી. એનું નામ પર વિના આત્માએ ચલાવ્યું છે. એની માન્યતામાં મોટી ભૂલ છે. એના વિના ચાલે નહિ, રાગ વિના ચાલે નહિ, ધૂડ વિના ચાલે નહિ, એ તો માન્યતા ભ્રમ છે. સમજાણું કાંઈ ? આહા..હા...! દિગંબર સંતોની આવી કડક ભાષા છે.

**'આ રીતે કહેવામાં આવેલા...'** ઉપર કહ્યું ને ? **'ભેદોના જ્ઞાનને પામીને...'** રાગથી પુણ્યથી, દયા, દાનના વિકલ્પથી ભેદજ્ઞાન કરીને, **'ભેદોના જ્ઞાનને પામીને...'** ભેદજ્ઞાનને પામીને. એમાં શુદ્ધ ચૈતન્યઘન આત્મા આવ્યો. **'ભવ્ય જીવ ઘોર સંસારના મૂળ..'** આહા..હા...! જેને આ શુભક્રિયાકાંડને લોકો ધર્મ માને. ... પંચ મહાવ્રત. એને તો હજી પંચ મહાવ્રત પણ ક્યાં છે ? સમ્યગ્દર્શન નથી ત્યાં પાંચ મહાવ્રત ક્યાંથી હોય ? અને પંચમહાવ્રત પણ ક્યાં છે ? એને માટે ભોજન બનાવીને લે છે, ચોકા બનાવીને લે છે, એ પંચ મહાવ્રતના પરિણામ એ વ્યવહારે પણ નથી. સમજાણું કાંઈ ? આ વાત છે. સાચી વાત આ છે. જગતને ગમે ન ગમે એ જગત પાસે રહ્યું. આહા..હા...! સમજાણું કાંઈ ?

અમે તો પહેલાં સંપ્રદાયમાં હતા, ત્યાં એવી કડક ક્રિયા હતી, ઘણી કડક ક્રિયા હતી. અમે તો માનતા હતા ને કે આ સાધુ માટે બનાવ્યું હોય તે ન લેવું, એક પાણીનું ટીપું નહોતા લેતા. નાના ગામડામાં જઈએ, સાત-આઠ ઘર હોય તો ત્યાં અમે સાડા નવ વાગે જઈએ. વહેલા ન જઈએ. કારણ કે વહેલા જઈએ તો બનાવી દે તો. દાળ, ભાત થઈ ગયા હોય અને રોટલીનો લોટ બંધાઈ ગયો હોય, અને રોટલી બનાવતા હોય ત્યારે જઈએ. નિર્દોષ હોય એ લઈએ. અમારે માટે એક રોટલી પણ બનાવે કે પાણી બનાવ્યું હોય (તો લઈએ નહિ), એટલા કડક વ્રત હતા. પણ એ ક્રિયાકાંડ હતી.

**શ્રોતા :–** ધર્મ નથી ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ધર્મ-બર્મ બિલકુલ નથી. સખત ક્રિયા. પછી કપડા પણ મેલા ઘણા, ધોતા નહિ. આઠ માસે એકવાર ધોઈએ. ચોમાસુ આવે ત્યારે ... મેલ.. દેખાવ સારો લાગે. શરીર સારું ખરું ને એટલે. કપડું મેલું પણ લાગે રેશમ જેવું.

**શ્રોતા :–** આજકાલ તો બધું કરે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બધા કરે છે, અમને તો ખબર છે ને. અમે તો આઠ-આઠ મહિના સુધી ધોતા નહિ, છતાં કપડા લાગે સારા. શરીર .. જેવું છે. કેવું લાગે ? શાટીન જેવું લાગે. પણ એ તો ક્રિયાકાંડ, મિથ્યાત્વ સહિત રાગની મંદતા. ભ્રમણા–આ ધર્મ છે એમ માનતા હતા. સમજાણું કાંઈ ?

અહીં કહે છે કે એકવાર સાંભળ તો ખરો નાથ ! અનંત શક્તિનો સનાથ પરમાત્મા તું છે, તું અનાથ નથી. સમજાણું કાંઈ ? તું અનાથ નથી. અનંત આનંદ અને અનંત જ્ઞાન, શાંતિથી ભરેલો

ભંડાર છો ને ! આહા..હા...! એવો તું સનાથ છો. એવી શક્તિને પરથી ભિન્ન છે એવા આત્માને પામીને ઘોર સંસારનું મૂળ, પુણ્ય અને પાપના ભાવ એને **'અત્યંત પરિહરો.'** આહા..હા...! છે ? **'અત્યંત પરિહરો.'** પહેલાં દૃષ્ટિમાં તો નિર્ણય કરો કે શુભાશુભભાવ એ સંસારનું મૂળ છે. હોય છે. જ્યાં સુધી વીતરાગ ન હોય ત્યાં સુધી શુભભાવ હોય છે, પણ એ છે સંસાર. એ ધર્મ નથી અને ધર્મનું કારણ નથી. સમજાણું કાંઈ ?

**'અત્યંત પરિહરો.'** ભાષા તો જુઓ ! એકલા પિરહરો શબ્દ નથી લીધો. **'અત્યંત પરિહરો.'** સંપૂર્ણ પૂરા પરિહરો. અત્યંત છોડી દો. શુભભાવને લેશ પણ અંદર ન રાખો. આહા..હા...! 'શ્રીપાલજી'! આવું છે, ભગવાન ! વીતરાગનો માર્ગ (આવો છે). સર્વજ્ઞદેવ જિનેન્દ્રનો માર્ગ એવો છે. વીતરાગભાવ, જેમાં રાગનો અત્યંત પરિહાર અને પૂર્ણાનંદનું અત્યંત શરણ. આનો આદર અને એનો ત્યાગ. આહા..હા...! સમજાણું કાંઈ ? અનંતઅનંત આનંદ અને જ્ઞાનથી પૂર્ણ ભરેલો પ્રભુ, એની ખબર નથી. કેમ કે એક સમયની વ્યક્ત પ્રગટ પર્યાય છે, એની પાછળ આખી ચીજ અવ્યક્ત પડી છે. પર્યાયની અપેક્ષાએ અવ્યક્ત છે. સ્વભાવની અપેક્ષાએ વસ્તુ પ્રગટ જ છે. એવી ચીજ છે પણ એના તરફ કદી નજર કરી નથી અને સાંભળવામાં પણ આવા ક્રિયાકાંડ કરો તો ધર્મ થશે, એવું સાંભળ્યું. એ તો બધો મિથ્યાત્વભાવ છે. આહા..હા...! સમજાણું કાંઈ ? 'માંગીલાલજી'! આહા..હા...! કેટલું ટૂંકું !

**'આ રીતે કહેવામાં આવેલા...'** ૧૧-૧૨ ગાથામાં ઉપદેશ કર્યો ને. **'ભેદોના જ્ઞાનને પામીને ભવ્ય જીવ...'** લાયક જીવ. અભવિ તો પામી શકતા નથી. **'ઘોર સંસાર...'** આહા..હા...! ચાહે તો સ્વર્ગ મળે એ પણ સંસાર છે. સ્વર્ગમાં દુઃખ–આકુળતા છે. સમજાણું કાંઈ ? ત્યાં સુખ નથી. સુખ તો ભગવાનઆત્મામાં છે. આહા..હા...! સ્વર્ગમાં પણ દુઃખ છે. આ શેઠિયાઓ બધા કરોડપતિ અને અબજોપતિ કહેવાય એ બિચારા બધા દુઃખી પ્રાણી છે. '...' ! એના સસરા તો પૈસાવાળા હતા. ઘણા પૈસા ખર્ચ્યા હતા. ૩૨ સૂત્ર. નરમ હતા. પ્રકૃતિ નરમ. વિનંતી કરવા આવ્યા હતા, પણ આ ચીજ શું છે એની ખબર ન મળે. (સંવત) ૧૯૮૮ની સાલમાં 'દિલ્હી'થી 'જામનગર' વિનંતી કરવા આવ્યા. એમાં 'ગોકુલચંદજી' એક ઝવેરી હતા એ હોશિયાર હતા. એ કહે આ મહારાજ કાંઈક જુદી વાત કરે છે. આપણે જે સંપ્રદાયમાં ચાલે છે એનાથી બીજી વાત કરે છે. આ સંપ્રદાયમાં રહિ નહિ શકે. 'વીરજીભાઈ'ને કહ્યું. આ સંપ્રદાયમાં નહિ રહી શકે. સંપ્રદાયમાં આ વાત નથી. હોશિયાર હતા. પાઘડી બાંધતા. 'ગોકુળચંદ ઝવેરી'. 'ગોકુળચંદ ઝવેરી' હતા, ખબર છે ? 'શ્રીપાલજી' નથી ઓળખતા. ઘણા વર્ષ થઈ ગયા. ૪૪ વર્ષ થઈ ગયા. ઘણો સમય થઈ ગયો. આહા..હા..! અમને તો હજી કાલે આવ્યા હોય એવું લાગે. કારણ કે એ વખતે શરીરની ૪૨ વર્ષની ઉંમર અને ૪૪ વર્ષ આ. ૮૬ વર્ષ થયા. આહા..હા...!

કહે છે કે હે ભગવાન ! એકવાર તું રાગથી ભિન્ન થઈને પોતાના સ્વરૂપને પ્રાપ્ત કરી, **'સંસારના**

**મૂળરૂપ સુકૃત કે દુષ્કૃતને, સુખ કે દુઃખને અત્યંત પરિહરો. તેનાથી ઉપર (અર્થાત્ તેને ઓળંગી જતાં), જીવ સમગ્ર (પરિપૂર્ણ) શાશ્વત સુખને પામે છે.'** લ્યો. આહા..હા...! ઉપર એટલે એને ઓળંગીને. જીવ સંપૂર્ણ. ભગવાન અનંત આનંદનો નાથ, એમાં અંતર એકાગ્ર થઈને, તેને પ્રાપ્ત કરીને અને પુણ્ય-પાપના ભાવને અત્યંત છોડીને, અત્યંત સુખને પામે છે. **'(પરિપૂર્ણ) શાશ્વત સુખને પામે છે.'** લ્યો. એક ગાથામાં તો સંસારનો નાશ, મોક્ષની ઉત્પત્તિ અને પૂર્ણાનંદની પ્રાપ્તિ (બધી વાત કરી). આહા..હા...! સમજાણું કાંઈ ? ભાઈ ! અહીં તો કાયરના કામ નથી, વીરના કામ છે. એવી વાત છે. સાધારણને તો એવું લાગે કે આ તો નિશ્ચય.. નિશ્ચય... નિશ્ચય... પણ વ્યવહાર શું ? તારા વ્યહાર ક્યાં છે ? નિશ્ચય વિના વ્યવહાર આવ્યો ક્યાંથી ? સમજાણું કાંઈ ?

અહીં તો વીતરાગ સંત મુનિ જંગલમાં રહેતા હતા અને આ ટીકા બનાવી, એ એમ કહે છે કે **'શાશ્વત સુખને પામે છે.'** લ્યો. એ ૧૮મો કળશ થયો. ૧૯મો કળશ છે ને !

**परिग्रहाग्रहं मुक्तवा कृत्वोपेक्षां च विगर्हे।**
**निर्व्यग्रपायचिन्मात्रविग्रहं भावयेद् बुधः।।१९।।**

**'પરિગ્રહનું ગ્રહણ છોડીને...'** રાગાદિ ભાવ એ પરિગ્રહ છે. પૈસા ને ધૂડ તો ક્યાંય રહી ગયા. આહા..હા...! શરીર, માટી આ તો ધૂડ છે. રાગાદિનો પરિગ્રહ છોડીને. આહા..હા...! **'શરીર પ્રત્યે ઉપેક્ષા કરીને...'** આહા...! શરીરમાં શું થાય છે એની ઉપેક્ષા કરી દે એની પર્યાય પર્યાયથી એને કારણે થાય છે. આહા..હા...! **'ઉપેક્ષા કરીને બુધ પુરુષે...'** આહા..હા...! જ્ઞાની પુરુષે, ધર્મીજીવે... આહા..હા...! **'અવ્યગ્રતાથી (નિરાકુળતાથી) ભરેલું ચૈતન્ય...'** આહા..હા...! અંદર ચૈતન્ય ભગવાન નિરાકુળ આનંદથી ભરેલો છે. આહા..હા...! સમજાણું કાંઈ ? એ દૃષ્ટાંત આપીએ છીએ ને ? શક્કરિયા. શક્કરકંદ કહે છે ? શક્કરિયા. એની ઉપર લાલ છાલ અને અને અંદર આખો શક્કરકંદ, સાકર નામ મીઠાશનો પિંડ છે. આવડા હોય છે ને ? ઉપર લાલ છાલ હોય. છાલને શું કહે છે ? જરીક છાલ હોય. એ સિવાય આખો શક્કરકંદ છે. શક્કર નામ સાકરનો કંદ, મીઠાશનો કંદ છે. શક્કરકંદ કહે છે ને ? શક્કરકંદ. આહા..હા...! એમ આ ભગવાનઆત્મા, પુણ્ય અને પાપની છાલનું લક્ષ્ય છોડી દે, તો અંદરમાં એકલા અનાકુળ નિરાકુળ આનંદથી ભરપૂર પડ્યો છે. એ શક્કરકંદની પેઠે ભગવાન અનંત આનંદનો કંદ અંદર પડ્યો છે. આહા..હા...! ૯ વાગ્યા. સમભાવમાં આનંદ આવો હોય છે. આહા..હા...!

**'પરિગ્રહનું ગ્રહણ છોડીને...'** રાગાદિ. **'શરીર પ્રત્યે ઉપેક્ષા કરીને બુધ પુરુષે અવ્યગ્રતાથી (નિરાકુળતાથી) ભરેલું...'** **'पाय'** પ્રશ્ન પૂછ્યો હતો. **'पाय'** શબ્દ છે ને ? ભરેલું. એ શક્કરકંદમાં જેમ એકલી મીઠાશનું દળ પડ્યું છે. એની અંદર લાકડાની કટકી, પત્થરની કટીકી નથી. એકલી મીઠાશનો પિંડ છે માટે શક્કરકંદ કહે છે, સાકરનો કંદ ! એમ ભગવાન અનાકુળ આનંદનો કંદ

છે. આહા..હા...! કેમ બેસે ? સમ્યગ્દષ્ટિને અનાકૂળ આનંદનો કંદ આત્મા ભાસે છે. સમજાણું કાંઈ ? વીતરાગમાર્ગ આવો છે, ભાઈ ! જિનેન્દ્રદેવનો આવો માર્ગ બીજે ક્યાંય નથી. એ વાત સાંભળવા મળે નહિ, એ માર્ગ ક્યાંથી લાવે ? આહા..હા...!

કહે છે, ભગવાનઆત્મા **'(નિરાકુળતાથી) ભરેલું ચૈતન્યમાત્ર જેનું શરીર..'** આત્માનું ચૈતન્ય શરીર. આ શરીર નહિ, આ શરીર. ચૈતન્યમાત્ર આનંદકંદ જેનું શરીર છે. આહા..હા...! શરીર નામ સ્વરૂપ. આહા..હા...! આ શરીરની ઉપેક્ષા કરીને ચૈતન્યમાત્ર શરીરને પકડી લે. આહા..હા...! આવો ધર્મ કેવો ? ઓલું તો જાત્રા કરવી, ભક્તિ કરવી, દાન કરવા, પૈસાવાળા હોય તો પાંચ-પચાસ લાખ, બે લાખ પૈસા ખર્ચવા, એનાથી ધર્મ થશે. લ્યો, આમાં ૨૬ લાખ ખર્ચ્યા. અમે તો કીધું આમાં કાંઈ ધર્મ-બર્મ નથી. અમે તો પહેલેથી જ કહીએ છીએ. સમજાણું કાંઈ ? આટલા પૈસા ખર્ચ્યા માટે કરનારને ધર્મ થાય (એમ નથી). રાગ મંદ હોય તો પુણ્ય છે.

**શ્રોતા :–** ધર્મ નથી પણ સાધન તો છે ને ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સાધન-બાધન નથી. બહારમાં સાધન નથી, સાધન અંદર છે. સમજાણું કાંઈ ? અંદર સાધન છે. આત્મામાં સાધન નામની શક્તિ પડી છે. કર્તા, કર્મ, કરણ, કરણ એ સાધન છે. ષટ્કારક છે ને ? કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ ષટ્કારકની ક્રિયા છે. એમાં કરણ–સાધન નામનો ગુણ આત્મામાં છે. ત્રિકાળ, હોં ! જેમ આનંદ ત્રિકાળ છે એમ કરણ નામનો ગુણ આત્મામાં ત્રિકાળ છે. એ ૪૭ શક્તિમાં આવી ગયું છે. આહા..હા...! એ અંદર સાધન નામનો ગુણ છે એને પકડીને વીતરાગી નિર્મળ દશા થાય એ મોક્ષનું સાધન છે. આહા..હા...! બહુ માર્ગ જુદો, બાપુ ! આહા..હા...! પહેલાં શ્રદ્ધામાં તો લે કે ચીજ આ છે, અને એ ચીજને પ્રાપ્ત કરીને એમાં રમણતા કરવી એ મોક્ષનો માર્ગ છે. બાકી બધી વાતું છે. સમજાણું કાંઈ ? આહા..હા...! શું કીધું ?

**'(નિરાકુળતાથી) ભરેલું ચૈતન્ય માત્ર જેનું શરીર...'** બે લીધા. જ્ઞાન અને આનંદ. બધી જગ્યાએ એ જ લીધું છે. અંતર અતીન્દ્રિય આનંદ અને ચૈતન્ય જાણન સ્વભાવ, એનાથી ભરેલું ચૈતન્યશરીર છે. આ શરીરથી ભિન્ન એ ચૈતન્યશરીર છે. આહા..હા...! સમજાણું કાંઈ ? **'તેને (–આત્માને) ભાવવો.'** એવી નિરાકૂળતાથી ભરેલું ચૈતન્યમાત્ર જેનું સ્વરૂપ-શરીર છે એની ભાવના કરવી જોઈએ. એની દૃષ્ટિ કરીને, એને દૃષ્ટિમાં પ્રાપ્ત કરીને એમાં એકાગ્રતાની ભાવના કરવી જોઈએ. એ મોક્ષનો ઉપાય છે. બહુ ટૂંકામાં પણ એકલો માલ ભર્યો છે, માલ.

આવે છે ને ? અન્યમતિ નથી ? ભાષા ભુલી ગયા. નામ બધા ભૂલી ગયા. ઓલા અન્યમતિ નથી ? 'દાદુ કહે દુંદ ફાટી, સવળી હાલી સેર; ભટકવું તો મટી ગયું અને વસ્તુ જડી ઘેર' અન્યમતીમાં છે. 'દાદુ કહે...' એનું નામ દાદુ છે. દાદુ નામ હતુ. 'દાદુ કહે દુંદ ફાટી...' આ દુંદ હોય છે ને ? શરીરમાં મોટી દુંદ. એમ આત્મામાં અનંત આનંદની દુંદ અંદર પડી છે. દુંદ કહે છે. 'દાદુ કહે

ઢુંઢ ફાટી, સવળી ચાલી સેર...' અંદર આત્મા આનંદ અને જ્ઞાનથી ભરેલો ભગવાન જ્યાં અંતરમાં જાય ત્યાં એની શક્તિ ફાટી. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની દશા પ્રગટ થઈ. આહા..હા...! 'દાદુ કહે ઢુંઢ ફાટી...' ઢુંઢ એટલા ઊંચું-જાડુ શરીર હોય ને ? એને ઢુંઢ કહે છે. એમ આત્મા મોટી ઢુંઢ છે, અનંત આનંદ છે. **'સવળી હાલી સેર..'** સેર સમજ્યા ? ધારા. નિર્મળધારા અંદરમાંથી નીકળી. 'ભટકવું તો મટી ગયું ને વસ્તુ જડી ઘેર.' અંદરમાં છે. અન્યમતિમાં છે. એ વેદાંતને માનનારા. વસ્તુની ખબર નહિ પણ વેદાંતમાં એવું લોકોએ ઘણું ગાયું છે. વસ્તુ નથી. સમજાણું કાંઈ ?

એમ અહીંયા કહે છે **'તેને (–આત્માને) ભાવવો.'** આવા આત્માની ભાવના કરવી જોઈએ. આહા..હા...! પૂર્ણાનંદનો નાથ, ચૈતન્યમાત્ર જેનું શરીર છે, પર શરીર અને પર પરિગ્રહનો આગ્રહ છોડીને, રાગાદિનો પણ આગ્રહ છોડીને સ્વરૂપની ભાવના કરવી જોઈએ. આહા..હા...! સ્વરૂપ આનંદના નાથને ભાવવો જોઈએ. એમાં એકાગ્રતાની ભાવના કરવી જોઈએ. એ ભાવના મોક્ષનું કારણ છે. ઓહો..હો...! શ્લોક બનાવ્યા છે ને ! દિગંબર સંતોની શું વાત કરવી !

૨૦. બે શ્લોક થયા ને ? ૨૦મો શ્લોક.

**शस्ताशस्तसमस्तरागविलयान्मोहस्य निर्मूलनाद्**
**द्वेषाम्भःपरिपूर्णमानसघटप्रध्वंसनात् पावनम् ।**
**ज्ञानज्योतिरनुत्तमं निरुपधि प्रव्यक्ति नित्योदितं**
**भेदज्ञानमहीजसत्फलमिदं वन्द्यं जगन्मंगलम् ।।२०।।**

**'महीज'** એટલે .. **'महीज'**. મહિમા ઉત્પન્ન થવો.

**'મોહને નિર્મૂળ કરવાથી,...'** કહે છે કે ભગવાન પૂર્ણાનંદના નાથની પ્રતીતિ અનુભવ કરવાથી **'મોહને નિર્મૂળ કરવાથી, પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત રાગ...'** પ્રશસ્ત નામ શુભરાગ, અપ્રશસ્ત નામ અશુભરાગ. ઓલામાં સુકૃત-દુષ્કૃત કહ્યું હતું ને ? એ પ્રશસ્ત નામ શુભરાગ. આહા..હા...!

**શ્રોતા :–** શુભભાવ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અપ્રશસ્તની અપેક્ષાએ શુભ કહેવાય ને. પાપ રાગ એ અશુભ, પુણ્યરાગ એ શુભ. બન્ને બંધનું કારણ છે. છે ?

**'પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત...'** ભાષા જુઓ ! છે ? **'પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત...'** ઓલામાં આવ્યું હતું સુકૃત-દુષ્કૃત સમસ્ત. એમાં પણ સમસ્ત આવ્યું હતું. શુભ અને અશુભભાવ **'સમસ્ત રાગનો વિલય કરવાથી..'** એ પ્રશસ્ત-અપ્રશસ્ત બધો રાગ છે. આહા..હા...! દયા પાળવી, સત્ય બોલવું, બ્રહ્મચર્ય પાળવું એ બધા ભાવ એ શુભરાગ છે. આહા..હા...! અને હિંસા, જૂઠું, વિષય, ભોગ, વાસના એ અશુભરાગ છે. એ **'સમસ્ત રાગનો વિલય કરવાથી...'** વિલય નામ નાશ કરવાથી. વિ-લય, વિશેષે,

લય = નાશ. આહા..હા...! શાસ્ત્રના સ્વાધ્યાય આવી અધ્યાત્મની વાત કરે તો કાંઈક ખબર પડે. સ્વાધ્યાય કરે નહિ અને ઉપરથી માની લે. આચાર્ય શું કહે છે ? શાસ્ત્રમાં સંતો વારસો મૂકી ગયા છે. બાપનો વારસો મૂક્યો હોય તો દીકરો તરત તપાસ કરે કે પૈસા કેટલા છે ? દસ લાખ છે કે વીસ લાખ છે, કૂંચી મૂકી. મરી ગયો તરત કૂંચી ઉપાડી લીધી. આ સંતો વારસો મૂકી ગયા છે. આહા..હા...!

**શ્રોતા** :– ભેગા થોડાક રૂપિયા મૂકી ગયા હોત તો...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— આ રૂપિયા અનંતી લક્ષ્મી અંદર પડી છે. ઓલા રૂપિયા તો કરોડ, બે કરોડ, પાંચ કરોડ કે અબજ, બે અબજ, પાંચ અબજ (હોય). સમજ્યા જેવું હોય. 'પોપટભાઈ'! આ 'પોપટભાઈ' રહ્યા. એમના સાળા પાસે બે અબજ ચાલીસ કરોડ છે. આ 'પોપટભાઈ' 'લીંબડી'થી આવ્યા હતા. 'ખુશાલ' કેવા કીધું ? 'શાંતિલાલ ખુશાલ'. એમના સાળા છે, આ એના બનેવી છે. 'લીંબડી'. જો બેઠા. એમના સાળા પાસે બે અબજ ચાલીસ કરોડ. 'ગોવા'માં છે. હમણા દસ મહિના પહેલાં મરી ગયો.

**શ્રોતા** :– મૂકીને ગયા કે લઈ ગયા ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– મૂકીને ગયા અને દસ મિનિટમાં રાડ નાખીને ગયા. હાય.. હાય.. મને દુઃખે છે, કહે. આ એના બનેવી બેઠા. એકલા આવ્યા છો ? બૈરા આવ્યા છે ? નથી આવ્યા. ઠીક. એના એ બનેવી છે. એના સાળા પાસે બે અબજ ચાલીસ કરોડ રૂપિયા છે. દસ મહિના પહેલાં ગુજરી ગયા. એની વહુને જરી આ થયું હતું... શું કહેવાય ? હેમરેજ. 'ગોવા'માં રહે છે. ઘણા મોટા શેઠિયા છે. ચાલીસ-ચાલીસ લાખના બંગલા છે. દસ-દસ લાખના બે બંગલા છે, એક ચાલીસ લાખનો બંગલો છે. પણ એ બે અબજ અને ચાલી કરોડ પાછા મરતા.. એય..! 'ચંદુભાઈ' એ સાંભળ્યું નહિ હોય. મરતા વીસ લાખ દોઢ ટકાના વ્યાજે લીધેલા. ઓલી જમીનમાં, સંચામાં રૂપિયા ઘૂસી ગયા. એમાં જમીનમાં અને સંચામાં પૈસા રોકાઈ ગયા. એટલે બહાર છૂટથી વાપરવા જોઈએ એટલા લીધા હતા. ધૂડમાં ક્યાંય નથી. એવા અબજોપતિ અત્યારે છે. પણ એમાં ધૂડમાં શું છે ? આહા..હા...!

**શ્રોતા** :– ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– આ દુનિયાને બતાવવા કે જુઓ આવા અબજોપતિ પણ મરી ગયા. દસ મિનિટમાં મરી ગયો. એ કહે, ડોક્ટરને બોલાવો, મને દુઃખે છે. ભાઈ કહેતો હતો. એમના સગા 'મુંબઈ'માં નથી ? શું નામ એનું ? અમે એના ઘરે ગયા હતા. એ શ્વેતાંબર–મંદિર 'મુંબઈ' પછી મકાન છે. 'મુંબઈ'માં એના ઘરે ગયા હતા. એ કહે, હું ઊભો હતો. એના સગા થાય છે. રાત્રે દોઢ વાગે એને દુઃખવા આવ્યું, એકદમ દુઃખાવો ઉપડ્યો. ૬૧ વર્ષની ઉંમર. ૬૦ ને ૧. નામ ભૂલી ગયા. 'કાંતિભાઈ'. તમે નથી ઓળખતા ? એમના સગા છે.

**શ્રોતા** :– શ્વેતાંબરના મંદિરની પાસે એનું ઘર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** 'મુંબઈ' છે આ બાજુ શ્વેતાંબરનું મંદિર છે, એ બાજુ મકાન છે. એના ઘરે ગયા હતા. એ કહેતાં હતા કે હું ત્યાં ઊભો હતો. એ કહે, ભાઈ ! મને દુઃખે છે. હું ડોક્ટરને બોલાવવા ગયો. ડોક્ટર જ્યાં આવ્યા ત્યાં ભાઈ સાહેબ ઉપડ્યા, વયા ગયા. .. ડોક્ટર હાલ નાખી દેત એમ કહે છે. એમાં વહેલો અને મોડો હોય છે ક્યાં ? આહા..હા...! દસ મિનિટ કે પા કલાકમાં તો ખલાસ થઈ ગયો, દેહ છૂટી ગયો. અબજો રૂપિયા અને કુટુંબ-કબીલા ઘણા. આહા..હા...! ત્યાં લઈ ગયા. ગૃહસ્થ માણસ હતા ને ? 'મુંબઈ' ગુજરી ગયા અને ત્યાં 'ગોવા' લઈ ગયા. મોટી આબરૂવાળા છે ને ? ધૂડમાં શું છે. ઓલો મરીને ક્યાંક વયો ગયો. આહા..હા...!

અહીં તો કહે છે કે એકવાર પ્રભુ સાંભળ તો ખરો ! તારામાં તારી અનંત લક્ષ્મી પડી છે. આહા..હા...! આ તો કાંઈક અબજો કે ખર્વ, નિખર્વ આવે છે ને ? એ અમારા વખતમાં આવતું. ... આવતું. ... અમારી નિશાળ વખતે અબજ ઉપરના બોલ આવતા. આ તો ૭૦ વર્ષ પહેલાંની વાત છે. અબજ પછી ખર્વ, નિખર્વ આવે છે ને ? સો કરોડનું એક અબજ, સો અબજનું એક ખર્વ, સો ખર્વનું એક નિખર્વ. એમ ખર્વ, નિખર્વ એના પછી ભૂલી ગયા. .... એવા બોલ આવતા. બધા એટલા, હોં ! કરોડ અબજનું એક ખર્વ. લાખ-લાખ ને. આહા..હા...! ક્યાંના ક્યાં ૧૮મો આંકડો આવતો. તો પણ શું ? ધૂડમાં છે શું ? આ તો અનંત આંકડો. આત્મામાં તો અનંત આનંદ ! આહા..હા...!

જેનો સ્વભાવ છે એની શક્તિના સામર્થ્યની હદ શું ? આહા..હા...! ભગવાનઆત્મા એનો આનંદસ્વભાવ, અતીન્દ્રિય આનંદસ્વભાવ એ સ્વભાવની શક્તિનું સામર્થ્યનું માપ શું ? અમાપ... અમાપ... અમાપ... એવા અનંત ગુણનો પિંડ ભગવાન, એ નિજ લક્ષ્મીનો સનાથ છે, નિજ લક્ષ્મીથી ભરેલો છે. આહા..હા...! એ લક્ષ્મી આગળ આ ધૂડની લક્ષ્મી, મફતના ભિખારા છે. રાંકા માણસ અંતરની લક્ષ્મીને છોડીને બહારની લક્ષ્મીમાં હેરાન થાય છે. એય...! શાસ્ત્રમાં એને વરાંકા કહ્યા છે. વરાંકા એટલે રાંકા. સ્વરૂપ-લક્ષ્મીનું જ્યાં ભાન નથી અને પરલક્ષ્મીની જ્યાં ભાવના અને ગરજ છે એ રાંકા, વરાંકા, ભિખારી છે. એવી વાત છે અહીંયાં. એય..! '...ભાઈ'!

અહીં કહે છે, **'મોહને નિર્મૂળ કરવાથી,...'** મિથ્યાત્વનો નાશ કરવાથી. આહા..હા...! પરની કીંમતની દૃષ્ટિ છોડીને. **'પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત રાગનો વિલય કરવાથી અને દ્વેષરૂપી જળથી ભરેલા મનરૂપી ઘડાનો નાશ કરવાથી,...'** આહા..હા...! મન રૂપી ઘડો. એમાં દ્વેષરૂપી જળ ભર્યું છે, એનો નાશ કરવાથી. આહા..હા...! **'પવિત્ર,...'** ભગવાનઆત્મા અંદર પવિત્ર... આહા..હા...! **'અનુત્તમ,...'** **'જેનાથી બીજું કાંઈ ઉત્તમ નથી એવી; સર્વશ્રેષ્ઠ.' 'નિરુપધિ = ઉપધિ વિનાની; પરિગ્રહ રહિત; બાહ્ય સામગ્રી રહિત; ઉપાધિ રહિત; છળકપટ રહિત—સરળ.'** નીચે અર્થ છે. **'અને નિત્ય-ઉદિત (સદા પ્રકાશમાન) એવી જ્ઞાનજ્યોતિ...'** સદા પ્રકાશમાન ભગવાન ચૈતન્યજ્યોતિ **'પ્રગટ થાય છે.'** પર્યાયમાં પ્રગટ થાય છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

**'પવિત્ર, અનુત્તમ, નિરુપધિ અને નિત્ય-ઉદિત (સદા પ્રકાશમાન) એવી જ્ઞાનજ્યોતિ પ્રગટ થાય છે. ભેદ-જ્ઞાનરૂપી વૃક્ષનું આ સત્ફળ વંદ્ય છે,...'** આહા..હા...! શું કહ્યું ?–કે જ્ઞાનજ્યોતિ ઝળહળ ભગવાન આનંદનો નાથ ! રાગનો નાશ કરીને... આહા..હા...! દ્વેષનો નાશ કરીને પવિત્ર ઉત્તમ વીતરાગી સ્વરૂપ, નિરુપધિ–રાગ વિનાની ચીજ, નિત્ય પ્રકાશમાન એવી જ્ઞાનજ્યોતિ પ્રગટ થાય છે. પર્યાયમાં ઝળહળ જ્યોતિ પ્રગટ પ્રકાશમાન (થાય) છે. આહા..હા...! **'ભેદજ્ઞાનરૂપી વૃક્ષનું આ સત્ફળ વંદ્ય છે,...'** આહા..હા...! ત્રિકાળમાં એકાગ્ર થઈને પરનો નાશ કરીને જે આનંદનું ફળ આવ્યું એ **'ભેદજ્ઞાનરૂપી વૃક્ષનું આ સત્ફળ વંદ્ય છે,...'** આહા..હા...! રાગનો નાશ કરીને, સ્વભાવના શરણનો આશ્રય કરીને જે પર્યાયમાં નિર્મળ આનંદની દશા પ્રગટી, એ ભેદજ્ઞાનરૂપી વૃક્ષનું ફળ છે. આહા..હા...! સમજાણું કાંઈ ? આવો ઉપદેશ. ઓલા તો કહે, દયા પાળવી, વ્રત કરવા, છ કાયના જીવની દયા પાળવી–એ તો રાગની ક્રિયા છે. પરની (દયા) પાળી કોણ શકે ! બધા દાળ, ભાત, શાક બધા ખાય છે કે નહિ ? ગંજના ગંજ બધા ખાય છે કે નહિ ? દાણો પણ નથી ખાતો. કોણ ખાય છે ? આહા..હા...! ભાન ક્યાં છે તને ! એટલા ડાંગર પાકે છે, ચોખા પાકે છે, જમરૂખ, દાડમ, શું કહેવાય ? માણસ બધું ખાય છે કે નહિ ? પરને કોણ ખાય ? એ તો એ વખતે રાગ ખાય છે–રાગનો અનુભવ કરે છે. એ તો જડની ક્રિયા છે. જડની ક્રિયા કરે કોણ ? આહા..હા...! દુનિયાને ચીજની ખબર નહિ અને સાધુ થઈને ત્યાગ કરીને હાલી નીકળ્યા.

કહે છે **'સત્ફળ વંદ્ય છે, જગતને મંગળરૂપ છે.'** આહા..હા...! મં-ગળ. મમ્ નામ અહંકાર અને ગળ નામ મોહનો નાશ કરીને. મંગ નામ પવિત્રતા અને લ નામ લાતી. મંગલ–અંતર પવિત્ર સ્વરૂપ મંગ એને લ નામ પર્યાયમાં પ્રાપ્ત કરી અને મમ નામ પરના અહંકારને ગળ નામ નાશ કરી દીધો. એ મંગળ છે. **'જગતને મંગળરૂપ છે.'** આહા..હા...! મુનિરાજે પણ... **'ભેદજ્ઞાનરૂપી વૃક્ષનું આ સત્ફળ વંદ્ય છે.'** રાગથી ભિન્ન થઈને પૂર્ણાનંદના નાથની અનુભવ દશાને પ્રાપ્ત કરીને, જે આનંદની દશા થઈ એ સત્ફળ વંદ્ય છે. સાચું ફળ એ વંદનિક છે અને એ જગતને મંગળરૂપ છે. અતીન્દ્રિય આનંદની પર્યાયમાં પ્રાપ્તિ થાય એ મંગળ છે. આહા..હા...! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ આનંદરૂપ દશા છે. એ અંતરના આશ્રયે જે પ્રગટ થયું એ સત્ફળ એ મંગળ છે અને એ વંદ્ય છે. એ વંદનિક છે, કહે છે. રાગભાવ આવે છે એ વંદનીક નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? આ તો વીતરાગમાર્ગ છે, ભાઈ ! એમાં સાધરણના કામ નહિ. આહા..હા...!

૯૦૦ વર્ષ પહેલાં ટીકા થઈ છે. 'પદ્મપ્રભમલધારિદેવ' ૯૦૦ વર્ષ પહેલાં થયા છે. આ મૂળ શ્લોક બે હજાર વર્ષ પહેલાં 'કુંદકુંદાચાર્યે' કરેલા છે. સમજાણું કાંઈ ? ઓહો..હો...! અમૃત ભર્યા છે, અમૃત !! કહે છે કે અમૃતનો સાગર તારું આત્મ-શરીર. આ શરીરમાં ભિન્ન અમૃતનો સાગર તારું ચૈતન્યશરીર. આહા..હા...! એનો અનુભવ કરીને, પરથી ભિન્ન ભેદજ્ઞાન કરીને તારો અનુભવ કરીને, રાગનો અનુભવ છોડીને તારો અનુભવ કરીને જે આનંદનું ફળ આવ્યું એ વંદ્ય છે. આહા..હા...!

એ જગતને મંગળિક છે. આહા..હા...! એને કેવળજ્ઞાન લેવાની તૈયારી થઈ ગઈ. એણે મંગળિક કર્યું. એને સિદ્ધપદ થવાની તૈયારી થઈ ગઈ. આહા..હા...! સમજાણું કાંઈ ? આવો ઉપદેશ !

**શ્રોતા :–** બ્રહ્મ ઉપદેશ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બ્રહ્મ ઉપદેશ. એ પહેલાં આવ્યું ને ? ૧૨ ગાથામાં બ્રહ્મ ઉપદેશ છે. આપણે આવે ને ૧૨ ગાથા. પીઠીકા. 'સમયસાર'ની ૧૨ ગાથા. પીઠીકા. એમ આ છે. આહા..હા...!

**'જગતને મંગળરૂપ છે.'** આહા..હા...! શું મંગળરૂપ છે ?–કે મિથ્યાત્વનો નાશ કરીને, દયા, દાન, વ્રત, વિકલ્પ તે ધર્મ છે એવો મિથ્યાત્વભાવ, એનો નાશ કરીને, અને અંતરમાં સ્વરૂપનું શરણ લઈને, દ્વેષરૂપી મનના ઘડાનો નાશ કરીને, **'પવિત્ર, અનુત્તમ, નિરુપધિ...'** જેમાં રાગની ઉપધિ નથી એવું વીતરાગસ્વરૂપ, **'નિત્ય-ઉદિત (સદા પ્રકાશમાન) એવી જ્ઞાનજ્યોતિ...'** ત્રિકાળ. એને **'પ્રગટ થાય છે.'** દીવાસળીને ઘસતા અગ્નિ પ્રગટે છે એમ ભગવાનની શક્તિમાં આનંદ પડ્યો છે એને ઘસીને પર્યાયમાં આનંદ પ્રગટ કર. 'નવરંગભાઈ' ! આવું છે. આહા..હા...!

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ આ દીવાસળી. દીવાસળીમાં અગ્નિ છે કે નહિ ? તેને ઘસતા પ્રગટ થાય છે કે નહિ ? અંદર છે એ આવે છે કે નથી ને આવે છે ? એમ ભગવાનઆત્મામાં અતીન્દ્રિય આનંદરૂપી શક્તિ પડી છે. અતીન્દ્રિય જ્ઞાન, અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય શાંતિ, અનંતી સ્વચ્છતા, અનંત પ્રભુતા. એ શક્તિમાં એકાગ્ર થઈને ઘસારો દે. પરથી ભિન્ન થઈને એમાં એકાગ્રતા લગાડી દે. અંદરથી નીકળશે... તને શક્તિમાંથી આનંદની વ્યક્તિ થશે. એ સત્ય વંદ્ય છે, એ ફળ વંદ્ય છે અને એ ફળ આનંદદાયક છે. એ મંગળિક છે. ભારે વાત કરી, ભાઈ ! વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ.)

*** રાગમિશ્રિત નિર્ણયથી નિર્વિકલ્પ થતો નથી પરંતુ નિર્વિકલ્પ થતાં પહેલાં વિકલ્પથી કેવો નિર્ણય કરે છે તે કહે છે. પ્રથમ શું કરે?– કે પ્રથમ રાગમિશ્રિત વિચારથી નિર્ણય કરે કે જ્ઞાનસ્વરૂપ આત્મા છું. સર્વજ્ઞદેવે કહેલાં પરમાગમથી નિર્ણય કરે છે કે જ્ઞાન તે હું છું. ગુરુ પાસેથી સાંભળીને નિર્ણય કરે છે કે જ્ઞાન તે હું છું. હજી સમ્યગ્દર્શન થયું નથી પણ સમ્યગ્દર્શન પ્રગટ કરવું છે તેવી ધગશવાળો આંગણે ઊભેલો જીવ પ્રથમ એમ નિર્ણય કરે છે કે દયા-દાનના ભાવ વિકાર છે, તે મારું સ્વરૂપ નથી. હું તો જ્ઞાનસ્વભાવ આત્મા છું. જાણવાના સ્વભાવવાળો અનાદિ-અનંત છું,—આવો વિકલ્પ તે પણ હું નથી. હું જ્ઞાનસ્વભાવ આત્મા છું. પહેલાં વિકલ્પ દ્વારા આવો નિર્ણય કરે છે. ૨૬૨.**

**— દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર – પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

## શ્રી નિયમસાર, ગાથા–૧૩, શ્લોક–૨૧-૨૨
## પ્રવચન નં-૧૫૭, તા.૨૦-૧-૧૯૭૬
## [૧૦]

આ 'નિયમસાર' જીવ અધિકાર. ૧૩મી ગાથાની ઉપર ૧૨મી ગાથાના છેલ્લા બે કળશ છે ને ? ૨૧ અને ૨૨ કળશ.

**मोक्षे मोक्षे जयति सहजज्ञानमानन्दतानं**
**निर्व्याबाधं स्फुटितसहजावस्थमन्तर्मुखं च।**
**लीनं स्वस्मिन्सहजवलसच्चिच्चचत्कारमात्रे**
**स्वस्य ज्योतिः प्रतिहततमोवृत्ति नित्याभिरामम्।।२१।।**

મોક્ષની પર્યાયની વાત કરે છે. જ્ઞાન, આનંદ. **'આનંદમાં જેનો ફેલાવ છે,...'** ભગવાન મોક્ષની દશામાં જેનો આનંદમાં વિસ્તાર છે. કેવળજ્ઞાનની સાથે પૂર્ણ આનંદનો વિસ્તાર –શક્તિ પ્રગટ થઈ ગઈ છે. અતીન્દ્રિય આનંદસ્વરૂપ જે અંદર છે એમાંથી અતીન્દ્રિય આનંદ, અનાકુળ અતીન્દ્રિય આનંદનો વિસ્તાર પ્રગટ થયો છે. આહા..હા...! **'જે અવ્યાબાધ...'** જેને કોઈ બાધા, પિડા, વિઘ્ન નથી એવી કેવળજ્ઞાન દશા.

**'જેની સહજ અવસ્થા ખીલી નીકળી છે,...'** કેવળ સહજજ્ઞાનસ્વરૂપ. મોક્ષ દશાની વાત છે, હોં ! **'અવસ્થા ખીલી નીકળી છે,...'** પૂર્ણ સ્વભાવિક દશા પ્રગટ થઈ છે. અને **'જે અંતર્મુખ છે, જે પોતામાં—'** જુઓ ! અહીં તો કેવળજ્ઞાનને પણ અંતર્મુખ કહ્યું. આહા..હા...! **'જે પોતામાં—સહજ વિલસતા (ખેલતા, પરિણમતા) ચિત્ચમત્કારમાત્રમાં—લીન છે,..'** કેવળજ્ઞાન ચિત્ચમત્કારમાત્રમાં પર્યાયમાં લીન છે. સમજાણું કાંઈ ? અથવા **'(ખેલતા, પરિણમતા) ચિત્ચમત્કારમાત્રમાંલીન છે,...'** પર્યાયમાં, એમ કહે છે ને ? ભાષા અલૌકિક છે !

**'જેણે નિજ જ્યોતિથી તમોવૃત્તિને (–અંધકારદશાને, અજ્ઞાનપરિણતિને) નષ્ટ કરી છે...'** જેણે કેવળજ્ઞાનની જ્યોતથી અંધકાર દશા, અજ્ઞાન પરિણતિનો નાશ કર્યો છે **'અને જે નિત્ય અભિરામ (સદા સુંદર) છે, એવું સહજજ્ઞાન સંપૂર્ણ મોક્ષમાં જયવંત વર્તે છે.'** મોક્ષની દશા. **'એવું સહજજ્ઞાન...'** પર્યાયની વાત છે, હોં ! **'સંપૂર્ણ મોક્ષમાં જયવંત વર્તે છે.'** આ મોક્ષનું તત્ત્વ, આ મોક્ષની દશા.

૨૨મો (શ્લોક).

**सहजज्ञानसाम्राज्यसर्वस्वं शुद्धचिन्मयम्**
**ममात्मानमयं ज्ञात्व निर्विकल्पो भवाम्यहम्।।२२।।**

આહા..હા...! **'સહજજ્ઞાનરૂપી સામ્રાજ્ય જેનું સર્વસ્વ છે...'** ત્રિકાળી, સ્વભાવિક જ્ઞાનસ્વરૂપ **'સામ્રાજ્ય જેનું સર્વસ્વ છે એવો શુદ્ધ ચૈતન્યમય...'** એવો શુદ્ધ ચૈતન્યમય ત્રિકાળીની વાત છે. **'મારા આત્માને જાણીને,...'** આહા..હા...! મુનિરાજ કહે છે, કે અમે અત્યારે શું કરીએ છીએ ? ધર્મરૂપી મોક્ષદશા, મોક્ષનું કારણ. કે **'સહજજ્ઞાનરૂપી સામ્રાજ્ય જેનું સર્વસ્વ છે...'** એ આત્મા. **'એવો શુદ્ધ ચૈતન્યમય મારા આત્માને...'** એવા આત્માને જાણીને. સ્વભાવિક જ્ઞાનરૂપી રાજ્ય જેનું સર્વસ્વ સામ્રાજ્ય છે. આહા..હા...! એવા **'શુદ્ધચૈનત્યમય મારા આત્માને જાણીને, હું આ નિર્વિકલ્પ થાઉં.'** બસ. જાણીને હું એમાં સ્થિર થઈ જાઉં. વીતરાગી પર્યાય પ્રગટ કરીને નિર્વિકલ્પ થઈ જાઉં એ મોક્ષનો માર્ગ છે. આહા..હા...! આત્માને (એમ કહીને) ત્યાં સુધી ત્રિકાળની વાત કરી, વર્તમાન પર્યાયમાં જાણીને હું આ નિર્વિકલ્પ વીતરાગ પર્યાયમય થઈ જાઉં. હવે જરી સૂક્ષ્મ અધિકાર આવશે.

૧૩મી ગાથા. થોડો સૂક્ષ્મ અધિકાર છે.

**'આ, દર્શનોપયોગના સ્વરૂપનું કથન છે.'** જ્ઞાનની વ્યાખ્યા થઈ ગઈ. મોક્ષની અને ત્રિકાળની બેની વાત થઈ.

**तह दंसणउवओगो ससहावेदरवियप्पदो दुविहो।**
**केवलमिंदियरहियं असहायं तं सहावमिदि भणिदं।।१३।।**

**ઉપયોગ દર્શનનો સ્વભાવ-વિભાવરૂપ દ્વિવિધ છે;**
**અસહાય, ઇંદ્રિવિહીન, કેવળ, તે સ્વભાવ કહેલ છે. ૧૩.**

**'तह'** નામ જ્ઞાનની વાત કરી. હવે દર્શન.

**'ટીકા :– આ, દર્શનોપયોગના સ્વરૂપનું કથન છે. જેમ જ્ઞાનોપયોગ બહુવિધ ભદોવાળો છે,...'** જ્ઞાનની વ્યાખ્યા આવી ગઈને ? મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન, કેવળજ્ઞાન. મતિજ્ઞાનમાં બહુવિધ આદિ ભેદ આવી ગયા. **'જેમ જ્ઞાનોપયોગ બહુવિધ ભેદોવાળો છે, તેમ દર્શનોપયોગ પણ તેવો છે.'** ઝીણું છે, જરા ધ્યાન આપવું. **'(ત્યાં પ્રથમ, તેના ભેદ છે :)'** દર્શનોપયોગના બે ભેદ : એક **'સ્વભાવદર્શનોપયોગ અને વિભાવદર્શનોપયોગ. સ્વભાવદર્શનોપયોગ પણ બે પ્રકારનો છે : કારણસ્વભાવદર્શનોપયોગ અને કાર્યસ્વભાવદર્શનોપયોગ.'** અંતરમાં કારણસ્વભાવદર્શન ઉપયોગ એ ત્રિકાળી સહજ અને એમાં કેવળદર્શન કાર્ય પ્રગટ થાય એ કાર્યસ્વભાવદર્શનોપયોગ છે. શું કહ્યું ?

દર્શન (એટલે) દેખવું અને શ્રદ્ધવું એમ બે પ્રકાર લીધા. દર્શન જે જ્ઞાનોપયોગની વાત કરી ત્રિકાળની અને ચારિત્રની. હવે અહીંયાં દર્શન ઉપયોગ ત્રિકાળમાં છે, એ કારણસ્વભાવદર્શન ઉપયોગ છે. દર્શન ઉપયોગના બે ભેદ : કારણસ્વભાવદર્શનોપયોગ અને કાર્યસ્વભાવદર્શનોપયોગ. કાર્ય નામ પર્યાયમાં સ્વભાવઉપયોગ. કારણસ્વભાવ ઉપયોગ બે પ્રકારના છે. સ્વભાવદર્શનોપયોગ પણ બે પ્રકારના છે. એક કારણસ્વભાવદર્શનોપયોગ, એક કાર્યસ્વભાવદર્શનોપયોગ. ત્રિકાળ છે એ કારણસ્વભાવદર્શનોપયોગ અને પર્યાયમાં પ્રગટ છે એ કાર્યસ્વભાવદર્શનોપયોગ. આહા..હા...! સૂક્ષ્મ વાત છે. સમજાણું કાંઈ ?

હવે જરી દર્શનોપયોગની વાત ચાલે છે પણ અંદર કારણદૃષ્ટિ પણ સાથે લઈ લીધી છે. સમ્યગ્દર્શન જે પર્યાયમાં પ્રગટે છે, એની અંતરમાં કારણદર્શન ત્રિકાળ એક શ્રદ્ધા છે. કારણશ્રદ્ધા–દૃષ્ટિ ત્રિકાળ એક અંદર છે. શું કીધું ? જેમ સ્વભાવકારણઉપયોગ ત્રિકાળ છે એમાંથી કાર્યસ્વભાવઉપયોગ પ્રગટે છે. એમ આત્મામાં સમ્યગ્દર્શન–શ્રદ્ધા એવી કારણદૃષ્ટિ ત્રિકાળ આત્મામાં છે. એય..! 'ચંદુભાઈ' ! આ કોઈ દિ' નહિ સાંભળ્યું હોય એવી વાત છે જરી.

દર્શન નામ જોવું અને દર્શન નામ શ્રદ્ધા. એમ અહીંયા બે ભાગ લેવા. ત્રિકાળ દર્શન ઉપયોગ જે છે સ્વભાવ એ ત્રિકાળ છે અને એમાંથી પરમાત્માને જે કેવળદર્શન ઉત્પન્ન થાય છે એ કાર્યદર્શનોપયોગ છે. પર્યાયને કાર્યદર્શનોપયોગ કહે છે અને ગુણને કારણદર્શનોપયોગ કહે છે. હવે અહીંયાં દર્શનોપયોગ અને કારણદર્શનોપયોગ. ઇ શું ? **'ત્યાં કારણદૃષ્ટિ...'** ત્રિકાળી શ્રદ્ધાને કારણદૃષ્ટિ કહે છે. સમજાણું કાંઈ ? પૂર્ણાનંદનો નાથ ભગવાનઆત્મા અનંત ચારિત્ર આદિથી સંપન્ન. ત્રિકાળ, હોં ! એની શ્રદ્ધામાત્રને અંતર કારણદૃષ્ટિ કહેવામાં આવે છે. પ્રગટ સમ્યગ્દર્શનની અહીંયા વાત નથી. જેમ સમ્યગ્દર્શનની પર્યાય પ્રગટે છે, તો અંતરમાં કારણદૃષ્ટિ પણ ત્રિકાળ છે એમાંથી સમ્યગ્દર્શનની પર્યાય આવે છે. આહા..હા...! કારણદર્શનોપયોગ જે ત્રિકાળ છે એમાંથી અનંત કેવળદર્શનનો ઉપયોગ પ્રાપ્ત થાય છે. આહા..હા...! ત્રિકાળમાં રમણતા, ચારિત્રરૂપી અકષાયભાવ આત્મામાં ત્રિકાળ પડ્યો છે. એમાંથી યથાખ્યાત ચારિત્રની પર્યાય પ્રગટે છે. આહા..હા...! સમજાણું કાંઈ ? નીચે ખુલાસો કર્યો છે ને ?

**'દૃષ્ટિ = દર્શન.'** લેવું. **'[દર્શન અથવા દૃષ્ટિના બે અર્થ છે : (૧) સામાન્ય પ્રતિભાસ અને (૨) શ્રદ્ધા.]'** દર્શનના બે અર્થ છે : **'(૧) સામાન્ય પ્રતિભાસ અને (૨) શ્રદ્ધા.'** દર્શન ઉપયોગના બે ભેદ છે. એ દર્શનના ભેદ. એક સામાન્ય દર્શનોપયોગ અથવા ત્રિકાળ સામાન્ય શ્રદ્ધા. ઝીણી વાત બહુ છે. આ તો નવી વાત છે. 'નિયમસાર' સિવાય આ વાત બીજે ક્યાંય આવતી નથી. સમજાણું કાંઈ ? અને એનો અભ્યાસ પણ અત્યારે ઘણો ઓછો થઈ ગયો છે. આહા..હા...!

**શ્રોતા :–** પ્રતિભાસ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પ્રતિભાસ તો દર્શન કીધું. દર્શન જુઓને ! દેખવું. દેખવું તે દર્શનોપયોગ અને શ્રદ્ધા એ શ્રદ્ધાનો ભાવ, એ બીજી ચીજ છે. સામાન્ય પ્રતિભાસ દર્શન. ત્રિકાળમાં દર્શન જે

સ્વભાવ છે, ત્રિકાળ દર્શનસ્વભાવ, એને સામાન્ય પ્રતિભાસ કહે છે; અને ત્રિકાળીમાં શ્રદ્ધા જે છે, એને દૃષ્ટિ કહે છે. ત્રિકાળમાં આત્મામાં અંદર પડી છે એની વાત છે. આહા..હા...! છે ?

**'જ્યાં જે અર્થ ઘટતો હોય ત્યાં તે અર્થ સમજવો. બન્ને અર્થો ગર્ભિત હોય ત્યાં બન્ને સમજવા.'** દર્શન ઉપયોગની વાત ચાલે છે. દર્શન ઉપયોગના બે પ્રકાર : એક કારણદર્શનોપયોગ ત્રિકાળ સ્વભાવ અને એક કાર્યદર્શનોપયોગ પર્યાય. હવે, એવી રીતે શ્રદ્ધાના બે પ્રકાર લેવા. દર્શનમાં સાથે શ્રદ્ધા લીધી. ત્રિકાળી કારણ શ્રદ્ધારૂપી દૃષ્ટિ એ ત્રિકાળ. પૂર્ણ આત્મા અનંત આનંદ આદિ લેશે. પૂર્ણ સ્વભાવરૂપ, પરમ પારિણામિકભાવસ્વરૂપ, ચારિત્રસ્વરૂપ. ત્રિકાળ, હોં ! એવા આત્માની ત્રિકાળમાં પડેલી એવી કારણસ્વરૂપ શ્રદ્ધાનમાત્રદૃષ્ટિને કારણદૃષ્ટિ કહે છે. છે ને ? **'ત્યાં કારણદૃષ્ટિ તો,...'** શ્રદ્ધાની અપેક્ષાએ લીધું. અને દર્શનોપયોગ પણ લેવો હોય તો સાથે લઈ શકાય છે. સમજાણું કાંઈ ? આહા..હા...!

**શ્રોતા :–** આ સમાન્ય પ્રતિભાસ અને શ્રદ્ધા બન્ને ... પર્યાય છે ને ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** પર્યાયની ના પાડી. પર્યાયની વાત ક્યાં ચાલે છે ? અહીં તો ત્રિકાળની વાત ચાલે છે. ધ્યાન રાખો... ધ્યાન રાખો. આ તો બીજી ચીજ છે. આ પર્યાયની વાત નથી.

**શ્રોતા :–** બે ગુણ છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બે ગુણ છે. બે ગુણ સાથે છે. દર્શનોપયોગ અને કારણદૃષ્ટિ બન્ને ધ્રુવમાં સાથે છે, પર્યાયમાં નથી. અહીંયા પર્યાયની વાત નથી. આ તદ્દન ઝીણી વાત છે. અત્યારે સમ્યગ્દર્શન અને એનો વિષય શું છે એ વાત તો લુપ્ત થઈ ગઈ છે. આ વ્રત કરવા, તપ કરવા એ બધું અજ્ઞાનમાં ચાલ્યું છે. આહા..હા...!

**શ્રોતા :–** એ સહેલું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સહેલું શું એ તો અનંતવાર કર્યા. અને જે અનંતવાર કર્યા એ પણ અત્યારે ક્યાં છે ? નવમી ગ્રૈવેયક ગયો હતો અને કર્યું હતું એવું તો અત્યારે નથી. મિથ્યાદૃષ્ટિ સહિત, હોં ! એવું ક્યાં છે ? આહા..હા...! ઝીણી વાત, બાપુ !

ભગવાન ! અહીંયાં તો કહે છે, જેમ જ્ઞાનોપયોગના બે ભેદ લીધા હતા, એક ત્રિકાળી કારણસ્વભાવોપયોગ અને કાર્યપર્યાય અને કાર્યજ્ઞાન બે લીધા. એમ દર્શનમાં એક કારણદર્શનોપયોગ, એક કાર્યદર્શનોપયોગ. હવે કારણદર્શનોપયોગમાં કારણદૃષ્ટિ સાથે લીધી. દર્શન કીધું એ અપેક્ષાએ. જેમ આત્મામાં ત્રિકાળી કારણદર્શન ઉપયોગ ધ્રુવ છે, એવી કારણદૃષ્ટિ આત્મામાં ધ્રુવ છે. આહા..હા...! ધીમે ધીમે સમજો. આ તો...

જેમ આ ભગવાનઆત્મા ! દેહ, વાણી, મન તો ભિન્ન લીધા, પુણ્ય-પાપ, રાગની ક્રિયા છે એને પણ ભિન્ન લીધી. એની એક સમયની પર્યાય પણ કાર્ય છે. એમાં ત્રિકાળી વસ્તુ એ કારણ છે. એ ત્રિકાળી કારણપરમાત્મા અથવા કારણઆત્મા, એમાં કારણદૃષ્ટિ ત્રિકાળ પડી છે.

ફરીને. આ તો બહુ વાત કરે ત્યારે માંડ પકડાય એવી વસ્તુ છે. આહા..હા...! આ આત્મા

છે, એ જ્ઞાન ઉપયોગ પણ છે અને દર્શન ઉપયોગ પણ છે. તો જ્ઞાન ઉપયોગ જે ત્રિકાળ છે, આત્મામાં ત્રિકાળ જ્ઞાન છે એ કારણજ્ઞાનોપયોગ ત્રિકાળ જ્ઞાન છે અને વર્તમાન કેવળજ્ઞાનની પર્યાય કાર્યઉપયોગ છે.

હવે, દર્શનોપયોગની વ્યાખ્યા. ભગવાનઆત્મામાં જેમ જ્ઞાનોપયોગ ત્રિકાળ છે, એમ એક દર્શનોપયોગ ત્રિકાળ છે. એ દર્શનોપયોગને કારણસ્વભાવ ઉપયોગ કહેવામાં આવે છે. આહા..હા...! એની સાથે એક કારણદૃષ્ટિ ત્રિકાળ આત્મામાં પડી છે. ધ્રુવ.

**શ્રોતા :–** શ્રદ્ધાના ગુણરૂપ ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, શ્રદ્ધાના ગુણરૂપ. શ્રદ્ધાગુણરૂપ. દર્શનગુણરૂપની વાત તો દર્શનઉપયોગમાં ગઈ. આ તો શ્રદ્ધાગુણરૂપ એક ત્રિકાળ છે.

**શ્રોતા :–** બંને ભિન્ન છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ભિન્ન ભિન્ન છે. આ શ્રદ્ધા છે, એને એ તો ઉપયોગનો વેપાર છે. ઉપયોગ છે. એમાં એટલો ફેર છે, અનંતગુણો ફેર છે. આ તો શ્રદ્ધામાત્રની વાત છે. કારણદૃષ્ટિ. દર્શનોપયોગ, દેખવું એ તો ઉપયોગ છે. કહો, સમજાણું કાંઈ ? શું કહે છે ?

**શ્રોતા :–** આત્મામાં અનંત શક્તિ છે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અનંતમાં બન્ને શક્તિ ભિન્ન છે. બંને ભિન્ન છે.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એક દેખવાની અને એક શ્રદ્ધાની. બે વિશેષતા ભિન્ન છે. બે ગુણ છે ને ! કહ્યું ને ! બે ગુણ ભિન્ન છે. એક દર્શનગુણ છે અને એક શ્રદ્ધાગુણ છે. બે ભિન્ન છે. એ તો પહેલેથી વાત ચાલે છે. આહા..હા...!

**શ્રોતા :–** જૂની વાતની અમને ખબર ન હોય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ધીમે ધીમે કહીએ છીએ, તેથી તો ધીમે ધીમે કહીએ છીએ.

આત્મામાં એક દર્શનશક્તિ ત્રિકાળ પડી છે એમ આત્મામાં શ્રદ્ધાશક્તિ ત્રિકાળ પડી છે. બે ભિન્ન ગુણ છે. સમજાણું કાંઈ ? આ તો (એવું ઝીણું છે), બાપુ ! સમ્યગ્દર્શનનો વિષય આત્મા કેવો છે એની અહીં વાત ચાલે છે. સમજાણું કાંઈ ? તો કહે છે કે **'કારણદૃષ્ટિ તો,...'** કારણદૃષ્ટિ નામ ત્રિકાળી શ્રદ્ધા દૃષ્ટિ તો. કારણદૃષ્ટિનો અર્થ ત્રિકાળી શ્રદ્ધા–દૃષ્ટિ તો, ત્રિકાળી.

**'સદા પાવનરૂપ...'** હવે આ વિશેષણો આત્માના છે. **'સદા પાવનરૂપ અને ઔદયાદિક ચાર વિભાવસ્વભાવ પરભાવોને અગોચર...'** આત્મા. આત્માની વાત ચાલે છે. છેલ્લે છે ને ? **'એવા આત્માના ખરેખર સ્વરૂપશ્રદ્ધાનમાત્ર જ છે...'** છેલ્લી લીટી છે. છેલ્લીને હિન્દીમાં શું કહે છે ? આ ગાથા અને આ અર્થ તો અલૌકિક છે. એ બીજે ક્યાંય નથી. આહા..હા...! ત્રિકાળમાં દર્શનોપયોગ પ્રતિભાસરૂપ કહ્યો. કહ્યું ને ? દર્શન ત્રિકાળ. દર્શનોપયોગ પ્રતિભાસરૂપ અને શ્રદ્ધામાત્ર પ્રતિકરૂપ. એ ત્રિકાળ.

એ બન્ને ગુણ ત્રિકાળ ભિન્ન છે. 'ચંદુભાઈ' ! આહા..હા...!

હવે અહીંયાં જરી કારણદૃષ્ટિ એની શ્રદ્ધા કરે છે. ત્રિકાળ, હોં ! ત્રિકાળમાં એને કોની શ્રદ્ધા છે ? **'સદા પાવનરૂપ...'** પરમપારિણામિકભાવ, ત્રિકાળી સ્વભાવભાવ **'સદા પાવનરૂપ...'** અંદર જે પાવન પરમપારિણામિકભાવ, પર્યાય સિવાયનો ત્રિકાળી ભાવ. એ પરમ **'સદા પાવનરૂપ અને ઔદયાદિક ચાર વિભાવસ્વભાવ પરભાવોને અગોચર...'** આહા..હા...! શું કહે છે ? અહીંયા એમ લેવું છે કે એવા આત્માની શ્રદ્ધા એ કારણદૃષ્ટિ એમ લેવું છે. પણ એ આત્મા કેવો છે ? કે **'સદા પાવનરૂપ અને ઔદયાદિક...'** રાગાદિની ક્રિયાથી, ઉપશમભાવ સમકિત આદિ, ક્ષાયિકભાવ કેવળજ્ઞાનાદિ કે સમકિત આદિ અને ક્ષયોપશમ. એ **'ચાર વિભાવસ્વભાવ...'** છે. આત્મામાં ત્રિકાળ સ્વભાવ છે એ પારિણામિક સ્વભાવભાવ છે અને પર્યાયમાં ઉદય, ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક ચાર ભાવ છે, એ પર્યાયભાવને વિભાવસ્વભાવ કહેવામાં આવ્યું છે. સ્વભાવ ઉપયોગ ત્રિકાળની અપેક્ષાએ, પરમભાવની અપેક્ષાએ ચાર પર્યાયને વિભાવસ્વભાવ કહેવામાં આવ્યું છે. આહા..હા...!

એક તો કારણદૃષ્ટિ સ્વરૂપશ્રદ્ધાનમાત્ર કોની ?–કે આત્માની. એ આત્મા કેવો છે ? કે **'સદા પાવનરૂપ...'** આત્મા પારિણામિકભાવ. **'અને ઔદયાદિક ચાર વિભાવસ્વભાવ પરભાવોને અગોચર...'** નીચે લખ્યું છે. બગડો છે ને ? ક્ષાયિકભાવ, કેવળજ્ઞાન ક્ષાયિકભાવ, યથાખ્યાત ચારિત્ર ક્ષાયિકભાવની પર્યાય–એ બધાને અહીં વિભાવભાવ કહેવામાં આવ્યા છે. કેમ ?–કે એ વિશેષ પર્યાયભાવ છે, સામાન્ય સ્વભાવભાવ નથી. આહા..હા...! આ સામાન્ય ને વિશેષ ને... જૈનદર્શન બહુ સૂક્ષ્મ, ભાઈ ! એમાં પણ સમ્યગ્દર્શન અને એનો વિષય, અલૌકિક વાત છે. આહા..હા...! અત્યારે તો એ વાત ચાલતી પણ નથી. સમ્યગ્દર્શનની વાત નહિ. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એ સમ્યક્, જાવ. આહા..હા...!

**શ્રોતા :–** અમારે માટે તો વર્તમાનમાં ચાલે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અહીં તો બધું ચાલે છે. આહા..હા...!

આત્મા જે છે એ સહજ પરમ પારિણામિકભાવસ્વરૂપ જેનો સ્વભાવ છે. આત્માનો. છે ને ? એ અપેક્ષાએ. નીચે વિભાવ. **'વિભાવ = વિશેષ ભાવ; અપેક્ષિત ભાવ.'** કર્મના નિમિત્તની અપેક્ષા અને નિમિત્તના અભાવની અપેક્ષા. અપેક્ષિત ભાવનો અર્થ એ. **'[ઔદયિક,...'** દયા, દાન વિકલ્પ છે એ ઔદયિકભાવ કહેવાય છે. **'ઔપશમિક,...'** સમ્યગ્દર્શનની ઉપશમદશાને ઔપશમિક કહે છે. **'ક્ષાયોપશમિક...'** જ્ઞાન અને વીર્યનો થોડો ઉઘાડ અને થોડું વિઘન, એને ક્ષાયોપશમિક કહે છે. **'અને ક્ષાયિક...'** કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત આનંદ. એને ક્ષાયિકભાવ કહે છે.

**'એ ચાર ભાવો અપેક્ષિત ભાવો હોવાથી...'** અપેક્ષિત અર્થાત્ જેમાં ઉદયભાવમાં કર્મનું નિમિત્ત પડે છે અને ત્રણમાં નિમિત્તનો અભાવ પડવાની એટલી અપેક્ષા આવે છે. ... તેથી કેવળજ્ઞાન ક્ષાયિકભાવને પણ વિભાવભાવ કહેવામાં આવે છે. કેમ કે એ પર્યાયભાવ છે અને એમાં કેવળજ્ઞાનાવરણીયના અભાવની અપેક્ષા આવે છે. ઉદયમાં દયા, દાન, વ્રત, ભક્તિના ભાવમાં કર્મના

નિમિત્તની અપેક્ષા આવે છે. એ કારણે ચારે ભાવને વિભાવભાવ કહેવામાં આવ્યા છે. આહા..હા...!

એક કોર રાગને વિભાવભાવ કહેવો અને એક કોર ચાર ભાવને વિભાવભાવ કહેવા. એ અપેક્ષિત વાત છે. કેમ ?–કે ત્રિકાળી ભગવાન પરમ સ્વભાવભાવનો પિંડ જે ધ્રુવ છે, એ અપેક્ષાએ સ્વભાવભાવ વસ્તુ, એ અપેક્ષાએ વિકારી કે અવિકારી જેટલી પર્યાય પ્રગટી, એ પર્યાયમાં કર્મના નિમિત્તની હાજરી કે અભાવ (છે), એવી અપેક્ષા આવતાં ચાર ભાવને વિભાવસ્વભાવ કહેવામાં આવ્યા છે. આહા..હા...! 'ચંદુભાઈ' ! આવું છે.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સ્વભાવ કઈ અપેક્ષાએ કહ્યું ?–કે નિર્મળ પૂર્ણ થયો એ અપેક્ષાએ સ્વભાવભાવ કહ્યું, પણ કર્મના નિમિત્તના અભાવની અપેક્ષા લઈને એને વિભાવભાવ કહ્યો. ઝીણી વાત, ભાઈ ! આત્માની વાત જ બહુ સૂક્ષ્મ છે. સમજાણું કાંઈ ? ધીમે ધીમે સમજવું. અહીં ધીમે ધીમે વાત ચાલે છે.

આત્મા જે વસ્તુ છે ને એ તો પરમસ્વભાવ, પરમ પારિણામિકસ્વભાવ (છે), એ તો ધ્રુવ છે. અને પર્યાયમાં જે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, મનઃપર્યય, અવધિ, કેવળજ્ઞાન આદિ થાય છે, સમજાણું કાંઈ ? કે ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન, કેવળદર્શન થાય છે એ પર્યાય છે. અને પર્યાયમાં કર્મના ઉદયમાં નિમિત્ત છે તો ઉપશમ, ક્ષાયિકમાં નિમિત્તનો અભાવ છે. એટલી અપેક્ષાએ આવે છે એ કારણે કેવળદર્શનોપયોગને પણ, પર્યાયને પણ વિભાવસ્વભાવ કહેવામાં આવ્યું છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

**'જ્યાં જે અર્થ ઘટતો હોય ત્યાં તે અર્થ સમજવો.'** કારણદર્શનોપયોગની વાતમાં કારણ દૃષ્ટિ નાખી એ દૃષ્ટિને લેવી અને દર્શન ઉપયોગ લેવો તો દર્શનઉપયોગ લેવો. બે લઈ શકે છે. આહા..હા...! નીચે છે ને ? **'ચાર ભાવો અપેક્ષિત ભાવો હોવાથી તેમને વિભાવસ્વભાવ પરભાવો...'** પરભાવ. આહા..હા...! પાઠ છે ને, વિભાવસ્વભાવ પરભાવ. આ પુણ્ય, પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ તો પરભાવ જ છે, એ તો વિકાર છે. પણ ચાર પર્યાય છે એને પણ વિભાવભાવ કહીને પરભાવ (કહ્યું છે). ત્રિકાળી પરમસ્વભાવભાવની અપેક્ષાએ ચાર ભાવને પરભાવ કહ્યા છે.

ફરીને. આ આત્મા જે વસ્તુ ત્રિકાળ છે એ પરમસ્વભાવભાવરૂપ (છે). પારિણામિકભાવ કહ્યું ને ? જુઓ ! **'સહજ-પરમપારિણામિકભાવરૂપ જેનો સ્વભાવ છે,...'** એ આત્માનો. આત્માનો ત્રિકાળી સ્વભાવિક પરમપારિણામિકરૂપ જેનો સ્વભાવ છે. એ ભાવ વિભાવસ્વભાવથી– પરભાવથી અગમ્ય છે. પરમસ્વભાવભાવ એ ચાર વિભાવસ્વભાવના આશ્રયથી અગમ્ય છે. આશ્રયથી. ચાર પર્યાયનો આશ્રય કરવાથી પરમપારિણામિકભાવ પ્રાપ્ત નથી થતો. આહા..હા...! ગમ્ય તો આ ક્ષયોપશમ અને ક્ષાયિક ગમ્ય જ આત્મા છે, પણ ક્ષયોપમ અને ક્ષાયિકના આશ્રયથી ગમ્ય નથી થતો. એ અપેક્ષાએ ચાર ભાવથી અગમ્ય છે એમ કહેવામાં આવ્યું છે.

ત્રિકાળી ભગવાનઆત્મા ધ્રુવસ્વરૂપ છે, પરમપારિણામિક સ્વભાવભાવ છે એના આશ્રયથી પરમપારિણામિકસ્વભાવનું ભાન થાય છે. એ ચાર પર્યાયના આશ્રયે પરમપારિણામિક આત્માના

સ્વભાવનું ભાન થતું નથી. આહા..હા...! દયા, દાન, વ્રત, ભક્તિનો ભાવ એ વિકલ્પ–રાગ છે, વિકાર છે, એનાથી તો આત્મા જણાતો નથી પણ અહીંયાં તો ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક જે નિર્મળ પર્યાય છે. એ નિર્મળ પર્યાયના આશ્રયથી જણાતો નથી. નિર્મળ પર્યાયથી જણાય છે પણ નિર્મળના પર્યાયના આશ્રયે જણાતો નથી.

**શ્રોતા :–** એટલો ફેર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઉગમણો આથમણો ફેર છે. આહા..હા...! સમજાણું કાંઈ ? 'કૈલાસચંદજી' ક્યાં બેઠા છે ? પાછળ. સમજાણું કાંઈ ? આહા..હા...! ધીમે ધીમે કહીએ છીએ. એકદમ કાંઈ લઈ નથી જતા.

અહીં વાત શું કરવી છે ?–કે કારણદૃષ્ટિ. અહીં કારણદર્શનોપયોગની વ્યાખ્યા ચાલે છે ને ! તો દર્શનમાં શ્રદ્ધા પણ સાથે લીધી. દર્શન જેમ જોવાનું છે, એમ દૃષ્ટિ શ્રદ્ધામાત્ર છે. જેમ દર્શન ત્રિકાળદર્શન ઉપયોગમાં ધ્રુવ છે. પરમ પારિણામિકસ્વભાવભાવ. એવી કારણદૃષ્ટિ, શ્રદ્ધા–દૃષ્ટિ ત્રિકાળ એક છે, એ પણ પરમ પારિણામિકભાવસ્વરૂપ છે. એ **'કારણદૃષ્ટિ તો,..'** ત્યાં એટલું રાખવું. **'સદા પાવનરૂપ...'** કોણ ? આત્મા. **'અને ઔદયાદિક ચાર વિભાવસ્વભાવ પરભાવોને અગોચર...'** અર્થાત્ ચાર પર્યાયના આશ્રયે ગમ્ય નથી. પરમ પારિણામિકભાવનો આશ્રય કરવાથી ગમ્ય છે. આહા..હા...!

ચાર વિભાવસ્વભાવથી અગમ્ય. પરભાવ અને અગમ્ય બે ભાષા છે. ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક–ચારને વિભાવસ્વભાવ કહ્યું. ત્રિકાળી પરમસ્વભાવની અપેક્ષાએ ચારને પરભાવ કહ્યા. તો એ પરભાવના આશ્રયે સ્વભાવનું ભાન નથી થતું. આહા..હા...! પરભાવથી થાય છે પણ પરભાવના આશ્રયે નથી થતું. ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકભાવથી ભાન થાય છે, પણ ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકભાવના આશ્રયે ભાન નથી થતું. આહા..હા...! સમજાણું કાંઈ ? 'ભગવાનજીભાઈ'! આ તો અગમગમ્યની વાતું છે, ભાઈ ! જિનેશ્વરદેવની વાતું ઝીણી બહુ. આહા..હા...! આખો અધિકાર ઝીણો છે.

**'કારણદૃષ્ટિ તો,...'** એટલી વાત. **'સદા પાવનરૂપ...'** કોણ ?–આત્મા. **'અને ઔદયાદિક ચાર વિભાવસ્વભાવ પરભાવોને અગોચર...'** અગોચરનો અર્થ ચાર ભાવના આશ્રયથી અગમ્ય એમ લેવું. **'એવો સહજ-પરમપારિણામિકભાવરૂપ જેનો સ્વભાવ છે,...'** આત્માનો. ત્રિકાળી આત્માનો સ્વભાવ કેવો છે ? સ્વભાવિક પરમપારિણામિકભાવરૂપ જેનો–આત્માનો સ્વભાવ છે. આહા..હા...!

અહીં એમ લેવું છે કે કારણદૃષ્ટિ એવા આત્માની સ્વરૂપશ્રદ્ધાનમાત્ર ત્રિકાળ છે. એમ લેવું છે ને ? સમજાણું કાંઈ ? શું કીધું ? કારણદૃષ્ટિ તો ત્રિકાળ પડી છે, શ્રદ્ધા-દૃષ્ટિ. ત્રિકાળમાં ધ્રુવ, ધ્રુવ કારણદૃષ્ટિ, ત્રિકાળ કારણદૃષ્ટિ. એ તો એટલી વાત. કોના શ્રદ્ધાનમાત્ર છે ? કારણદૃષ્ટિ કોના શ્રદ્ધાનમાત્ર છે ?–આત્માના. એ આત્મા કેવો છે ?-કે ચાર વિભાવસ્વભાવથી અગોચર. આહા..હા...! એક પર્યાય... એક પર્યાય છે ને ? કેવળજ્ઞાન ક્ષાયિક પણ પર્યાય છે. ક્ષાયિક સમકિત હોય, ક્ષાયિક ચારિત્ર હોય કે રાગ હોય એ બધી પર્યાય છે અને પર્યાયના આશ્રયે દ્રવ્નું ભાન નથી થતું. એમ સિદ્ધ કરવું છે. દ્રવ્યના આશ્રયે દ્રવ્યનું ભાન થાય છે. આહા..હા...! સમજાણું કાંઈ ? થોડું સૂક્ષ્મ

છે. વિચાર કરે તો પકડી શકે. પણ ધીમે ધીમે વિચાર પણ કરવો જોઈએ.

**'કારણદૃષ્ટિ તો,...'** એટલે કે સ્વરૂપ જે ત્રિકાળ ભગવાનઆત્મા, એમાં એક સ્વરૂપશ્રદ્ધાનમાત્ર ત્રિકાળ દૃષ્ટિ પડી છે. સ્વરૂપશ્રદ્ધાનમાત્ર દૃષ્ટિ ત્રિકાળ છે. એ દૃષ્ટિ તો **'સદા પાવનરૂપ...'** આત્મા. ધ્રુવસ્વરૂપ. **'સદા પાવનરૂપ..'** આત્મા ઉદયભાવ આદિ વિભાવસ્વભાવથી અગમ્ય. એ ચાર ભાવની પર્યાયના આશ્રયથી અગમ્ય. સમજાણું કાંઈ ? આહા..હા...! **'એવો સહજ-પરમપારિણામિકભાવરૂપ જેનો સ્વભાવ છે,..'** આત્માનો. જે સહજ-પરમપારિણામિક ત્રિકાળભાવરૂપ જેનો સ્વભાવ છે. **'જે કારણસમયસાર સ્વરૂપ છે,...'** ત્રિકાળ આત્મા. એ કારણસમયસારસ્વરૂપ આત્મા છે. કારણપરમાત્મા કહો, કારણસમયસારસ્વરૂપ આત્મા કહો. ત્રિકાળ, હોં ! ત્રિકાળ. પર્યાય વિનાનો. સમજાણું કાંઈ ? ધીમે ધીમે મંથન કરવું, વિચાર કરવો. અંદર આ તો વસ્તુ ભગવાન અગમ્ય છે. આહા..હા...! એને ગમ્ય કરવાની વાત છે. આહા..હા...!

સ્વભાવિક પરમપારિણામિકભાવરૂપ. અહીં પરમપારિણામિક એટલે શું એ પણ સાંભળ્યું ન હોય. અંદર સ્વભાવભાવ જે ત્રિકાળ છે એ પરમપારિણામિકભાવ છે. જેને કોઈ કર્મના અભાવની અપેક્ષા નથી. એવા પરમપારિણામિકભાવરૂપ જેનો–આત્માનો સ્વભાવ છે. **'જે કારણસમયસારસ્વરૂપ છે,...'** ભગવાનઆત્મા. સમજાણું કાંઈ ? **'નિરાવરણ જેનો સ્વભાવ છે,...'** ધ્રુવ ભગવાનઆત્મા તો નિરાવરણ સ્વભાવરૂપ છે. એમાં આવરણ-ફાવરણ નથી. **'જે નિજ સ્વભાવસત્તામાત્ર છે,...'** જે ભગવાનઆત્મા નિજસ્વભાવસત્તા. નિજ–પોતાના સ્વભાવસત્તામાત્ર આત્મા છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

**'જે પરમચૈતન્યસામાન્યસ્વરૂપ છે,...'** એ આત્મા પરમચૈતન્યસામાન્ય ધ્રુવસ્વરૂપ છે. પરમચૈતન્યધ્રુવસ્વરૂપ છે. આહા..હા...! અને **'જે અકૃત્રિમ પરમ સ્વ-સ્વરૂપમાં અવિચળસ્થિતિમય શુદ્ધચારિત્રસ્વરૂપ છે,..'** ત્રિકાળ-ત્રિકાળ. અકૃત્રિમ—નહિ કરાયેલી દશા. ચારિત્ર ત્રિકાળ છે એ નહિ કરાયેલી છે. **'પરમ સ્વસ્વરૂપમાં અવિચળસ્થિતિ...'** ભગવાન પૂર્ણાનંદના નાથમાં ચારિત્રની અવિચળ સ્થિતિ. ત્રિકાળ, હોં ! ત્રિકાળ. પર્યાયના ચારિત્રની વાત નથી. આહા..હા...! આચાર્યોએ કેવા કામ કર્યા છે ! આહા..હા..! લોકોને સમજવી મુશ્કેલ પડે એવી વાતું કરી છે. સમજવું સહેલું પડે એ રીતે કરી છે. આહા..હા...!

કારણશ્રદ્ધા તો ત્રિકાળી સ્વભાવમાં કારણશ્રદ્ધા નામની શક્તિ–ગુણ પડ્યો છે. એ કારણશ્રદ્ધા કોની શ્રદ્ધા કરે છે ?–કે જે પરમપારિણામિકભાવસ્વરૂપ અને જે કારણસમયસારસ્વરૂપ ભગવાન કારણપરમાત્મા, **'નિરાવરણ જેનો સ્વભાવ છે, જે નિજ સ્વભાવસત્તામાત્ર છે,...'** પોતાના સ્વભાવનું હોવાપણું એ જેની સત્તા છે. આહા..હા...! **'જે પરમચૈતન્યસામાન્યસ્વરૂપ છે,...'** ભગવાનઆત્મા પરમચૈતન્યસામાન્યસ્વરૂપ છે, પરમસામાન્ય ધ્રુવસ્વરૂપ છે, સામાન્યસ્વરૂપ છે. **'જે અકૃત્રિમ પરમ સ્વ-સ્વરૂપમાં અવિચળસ્થિતિમય શુદ્ધચારિત્રસ્વરૂપ છે,...'** ત્રિકાળ-ત્રિકાળ. નહિ કરાયેલા સ્થિરતારૂપ ચારિત્રસ્વરૂપ ત્રિકાળ છે. આહા..હા...! **'જે નિત્ય-શુદ્ધ-નિરંજનજ્ઞાનસ્વરૂપ છે...'** આહા..હા...! નિત્ય,

શુદ્ધ અને અંજન વિનાનું–મેલ વિનાનું જ્ઞાનસ્વરૂપ ત્રિકાળ આત્મા છે.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** આ બધા જુદાં જુદાં ગુણો કીધાને ? ભેદ નથી. આ ગુણ જુદાં જુદાં છે કે નહિ ? પણ ગુણનું સ્વરૂપ ત્રિકાળ એક છે. આત્મા એક ગુણમાત્ર છે ? અનંત ગુણ છે. તો અનંતગુણ ... ?

**શ્રોતા :–** એક વાક્યમાં બધું સમાડી દીધું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** આમાં તો ઘણું સમાડી દીધું છે. આહા..હા...! આજનો પેરેગ્રાફ અલૌકિક છે. આહા..હા...!

**'પરમચૈતન્યસામાન્યસ્વરૂપ છે, જે અકૃત્રિમ પરમ સ્વ-સ્વરૂપમાં અવિચળસ્થિતિમય શુદ્ધચારિત્રસ્વરૂપ છે, જે નિત્ય-શુદ્ધ-નિરંજજ્ઞાનસ્વરૂપ છે...'** આત્મામાં. **'અને જે સમસ્ત દુષ્ટ પાપોરૂપ વીર દુશ્મનોની ધજાના નાશનું કારણ છે એવા આત્મા..'** એવો આત્મા. પહેલેથી લીધું. **'સદા પાવનરૂપ અને ઔદિયાદિક ચાર વિભાવસ્વભાવ પરભાવોને અગોચર એવો સહજ-પરમપારિણામિકભાવરૂપ જેનો સ્વભાવ છે, જે કારણસમયસારસ્વરૂપ છે, નિરાવરણ જેનો સ્વભાવ છે, જે નિજ સ્વભાવસત્તામાત્ર છે, જે પરમચૈતન્યસામાન્યસ્વરૂપ છે, જે અકૃત્રિમ પરમ સ્વ-સ્વરૂપમાં અવિચળસ્થિતિમય શુદ્ધચારિત્રસ્વરૂપ છે, જે નિત્ય-શુદ્ધ-નિરંજનજ્ઞાનસ્વરૂપ છે અને જે સમસ્ત દુષ્ટ પાપોરૂપ વીર દુશ્મનોની સેનાની ધજાના નાશનું કારણ છે.'** એટલે કે એમાં પાપ છે જ નહિ, અને એનો આશ્રય કરે છે એના પુણ્ય-પાપનો નાશ થાય છે. આહા..હા...!

હજી તો શું કહેવું છે ? **'એવા આત્માના...'** કેવા આત્માના ?–કે સદા પવિત્ર, ચાર ભાવને અગમ્ય... આહા..હા...! ક્ષાયિક સમકિતને પણ અગમ્ય. ક્ષાયિક સમકિતના આશ્રયને અગમ્ય. સમજાણું કાંઈ ? પર્યાયનું લક્ષ કરે અને એ આત્મા જ્ઞાનમાં જણાય એમ વાત નથી. સમજાણું કાંઈ ? ધીમે ધીમે સમજો. આખો પેરેગ્રાફ ઝીણો આવ્યો. લ્યો, આ તમારી હાજરીમાં આજે ઊંચી વાત આવી ગઈ. ભાગ્યશાળીને કાને વાત પડે છે ને ! જુદી વાત છે, ભાઈ ! આહા..હા...!

**'એવા આત્માના...'** કેવા ? સદા પાવનરૂપથી માંડીને અહીંયાં સુધી. આહા..હા...! **'ખરેખર સ્વરૂપશ્રદ્ધાનમાત્ર જ છે...'** કોણ ? એવા આત્માના **'(અર્થાત્ કારણદૃષ્ટિ તો...'** પહેલેથી શરૂઆત કરી એ. ભગવાનઆત્મામાં ત્રિકાળ કારણશ્રદ્ધા પડી છે. **'એવા આત્માને ખરેખર સ્વરૂપશ્રદ્ધામાત્ર જ છે...'** એવા આત્મામાં કારણદૃષ્ટિ સ્વરૂપશ્રદ્ધાનમાત્ર જ છે. ત્રિકાળ સ્વરૂપની શ્રદ્ધામાત્ર ત્રિકાળ છે. સમજાણું કાંઈ ? **'(અર્થાત્ કારણદૃષ્ટિ તો...'** લ્યો. પહેલેથી આવ્યું ને ? **'ખરેખર શુદ્ધાત્માની સ્વરૂપશ્રદ્ધાનમાત્ર જ છે).'** ત્રિકાળ, હોં ! સમ્યગ્દર્શન વર્તમાનની વાત નથી. ત્રિકાળ એવા આત્માની સ્વરૂપશ્રદ્ધનમાત્ર શક્તિ પડી છે. આહા..હા...! સમજાણું કાંઈ ? ૧૩. ફરીને, અમારે 'સુજાનમલજી' કહે ફરીને લેજો.

જુવાનીયા તો જટ બેસે એમ કહે છે. બધા આત્મા છે, બધાને બેસી જાય. ભગવાનઆત્મા પૂર્ણાનંદનો નાથ છે. એની પ્રતીતિનું મહાત્મ્ય આવે તો બધાને બેસી જાય.

અધિકાર શું ચાલે છે ? દર્શનોપયોગનો. જ્ઞાનનો ઉપયોગ ૧૧-૧૨ ગાથામાં લીધો. ૧૩મી ગાથામાં દર્શનોપયોગની વ્યાખ્યા ચાલે છે. દર્શન ઉપયોગ એટલે જોવારૂપ ભાવ, જોવારૂપ ભાવ. એ જોવારૂપ ભાવના બે પ્રકાર. એક સ્વભાવદર્શનરૂપ ભાવ, એક વર્તમાન પર્યાયમાં કાર્યસ્વભાવ ઉપયોગ સ્વભાવ. સમજાણું કાંઈ ? એમાં કારણસ્વભાવ ઉપયોગ. એ ચાલે છે. કારણસ્વભાવ ઉપયોગમાં કારણદૃષ્ટિ નાખી. દૃષ્ટિ જે છે એમાં કારણઉપયોગ પણ સાથે લેવો અને સાથે અંદર કારણદૃષ્ટિ પણ લેવી. શ્રદ્ધા અપેક્ષાએ કારણદૃષ્ટિ, ઉપયોગની અપેક્ષાએ ત્રિકાળ કારણદર્શનોપયોગ. આહા..હા...! આચાર્યો ગજબ કામ કરે છે ને ! આહા..હા...!

**શ્રોતા :–** ઉપયોગ ત્રિકાળ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઉપયોગ પણ ત્રિકાળ છે અને કારણદૃષ્ટિ પણ ત્રિકાળ છે. બધા ગુણ ત્રિકાળ છે. અત્યારે દર્શનઉપયોગ અને કારણદૃષ્ટિની વાત ચાલે છે. આહા..હા...!

પહેલાં શું કીધું ? જુઓને ! **'જેમ જ્ઞાનોપયોગ બહુવિધ ભેદોવાળા છે, તેમ દર્શનોપયોગ પણ તેવો છે.'** દર્શનોપયોગની વાત ચાલે છે. એમાં **'સ્વભાવદર્શનોપયોગ અને વિભાવદર્શનોપયોગ. સ્વભાવદર્શનોપયોગ પણ બે પ્રકારનો છે : ત્રિકાળ કારણસ્વભાવદર્શનોપયોગ અને...'** વર્તમાન પર્યાયમાં **'કાર્યસ્વભાવદર્શનોપયોગ.'** જેને અહીંયાં કાર્યસ્વદર્શનોપયોગ કહ્યો, એને અહીં પરભાવ કહ્યો. કઈ અપેક્ષાએ પણ ? કાર્યદર્શન જે કેવળદર્શનઉપયોગ જે ભગવાનને છે એને સ્વભાવકાર્યદર્શનોપયોગ કહ્યો. ત્રિકાળમાં છે એ કારણસ્વભાવદર્શનોપયોગ. કાર્યરૂપ તો પર્યાયમાં આવ્યો. એ કાર્યદર્શનોપયોગને પરભાવ કહીને વિભાવ કહ્યો છે. કોની અપેક્ષાએ ? ત્રિકાળી પરમસ્વભાવની અપેક્ષાએ ચાર ભાવને વિભાવ કહીને પરભાવ કહેવામાં આવ્યા. અને ચાર ભાવના આશ્રયે ત્રિકાળી પરમપારિણામિકભાવ અનુભવમાં, ખ્યાલમાં આવતો નથી. આહા..હા...! સમજાણું કાંઈ ?

હવે અહીંયાં **'કારણદૃષ્ટિ તો,...'** જુઓ ! 'સુજાનમલજી'! ફરીને લઈએ છીએ. ચાલે છે કારણદર્શનોપયોગ અને કાર્યદર્શનોપયોગ. પણ એમાં આચાર્ય મુનિરાજે સમ્યગ્દર્શન સાથે શ્રદ્ધા લઈ લીધી. કે ત્રિકાળી શ્રદ્ધાદૃષ્ટિ તો, ત્રિકાળી શ્રદ્ધા દૃષ્ટિ જે ત્રિકાળમાં છે એ **'સદા પાવનરૂપ...'** કોણ ? આત્મા. છે ને ? એવો આત્મા છે ને ? છેલ્લે **'એવા આત્મા...'** **'સદા પાવનરૂપ...'** એવો આત્મા. **'ઔદયિકાદિક ચાર વિભાવસ્વભાવ પરભાવોને અગોચર એવો...'** આત્મા. '..લાલજી'! આહા..હા...! **'એવો સહજ-પરમપારિણામિકભાવરૂપ જેનો સ્વભાવ છે,...'** આત્માનો. સ્વભાવિક પરમપારિણામિકભાવરૂપ જેનો સ્વભાવ છે, એ આત્માનો સ્વભાવ. **'જે કારણસમયસારરૂપ છે,...'** એ ભગવાનઆત્મા. **'નિરાવરણ જેનો સ્વભાવ છે,...'** એ ભગવાનઆત્મા. **'જે નિજ સ્વભાવસત્તામાત્ર છે,...'** એ આત્મા. **'પરમચૈતન્યસામાન્યસ્વરૂપ છે,...'** એ આત્મા. **'જે અકૃત્રિમ પરમ સ્વ-સ્વરૂપમાં...'** એ આત્મા. અકૃત્રિમ

એટલે ચારિત્ર પર્યાય જે થાય છે કરાયેલી નવી રમણતા વીતરાગી. પણ આ તો અકૃત્રિમ નહિ કરાયેલું ચારિત્ર ત્રિકાળ આત્મામાં છે. આહા..હા...! ઓ..હો..! આવી વાત !

**'જે અકૃત્રિમ પરમ સ્વ-સ્વરૂપમાં અવિચળસ્થિતિમય શુદ્ધચારિત્રસ્વરૂપ છે,...'** ત્રિકાળ. અને **'જે નિત્ય-શુદ્ધ-નિરંજનજ્ઞાનસ્વરૂપ છે...'** ત્રિકાળ. **'અને જે સમસ્ત દુષ્ટ પાપોરૂપ વીર દુશ્મનોની સેનાની ધજાના નાશનું કારણ...'** આત્મા. એટલે કે એ આત્મામાં છે જ નહિ. પાપ આદિ આત્મામાં નથી. **'એવા આત્માના...'** કેવા આત્માના ? **'સદા પાવનરૂપ...'**થી માંડીને એવા આત્માના. આહા..હા...! **'ખરેખર સ્વરૂપશ્રદ્ધાનમાત્ર જ છે...'** કોણ ? કારણદૃષ્ટિ. ભગવાન અનંત ગુણનો પિંડ, પ્રભુ ! એમાં કારણ દૃષ્ટિ પણ ત્રિકાળ શક્તિ પડી છે. એ કારણદૃષ્ટિ કેવી છે ?–કે આવા આત્માના સ્વરૂપશ્રદ્ધાનમાત્ર કારણદૃષ્ટિ છે. સ્વરૂપશ્રદ્ધાન ત્રિકાળની વાત છે, હોં ! ગુણરૂપ ત્રિકાળ. આત્મામાં જેમ જ્ઞાનગુણ છે, આનંદગુણ છે, દર્શનગુણ છે, પ્રભુત્વગુણ છે, વીર્યગુણ છે. એવો કારણદૃષ્ટિ નામનો ગુણ અંદરમાં છે. કારણશ્રદ્ધા. કારણદૃષ્ટિ કહો, કારણશ્રદ્ધા કહો એ ત્રિકાળી આત્મામાં ગુણ છે. એવા સર્વસ્વ ગુણનો ધરનાર આત્મા, એવા આત્માની અંતરમાં સ્વરૂપશ્રદ્ધાનમાત્ર એ કારણદૃષ્ટિ છે, આહા..હા...! લ્યો, આટલામાં એક કલાક ગયો. સૂક્ષ્મ છે ને, ભગવાન ! સમ્યગ્દર્શન અને સમ્યગ્દર્શનનો વિષય એ અલૌકિક ચીજ છે. લોકોને હજી સમ્યગ્દર્શનની ખબર ન મળે અને એના વિના ચારિત્ર અને વ્રત ને તપ લે એ બધા એકડા વિનાના મીંડા છે. આહા..હા...!

સ્વરૂપશ્રદ્ધાનમાત્ર. સ્વરૂપશ્રદ્ધાનનો અર્થ નીચે જુઓ. **'સ્વરૂપશ્રદ્ધાન = સ્વરૂપ-અપેક્ષાએ શ્રદ્ધાન.'** નીચે નોટ છે ? ત્રિકાળી જે કારણપરમાત્મા જે અહીંયા સ્વરૂપ કહ્યું, જ્ઞાન, દર્શન, ચારિત્ર આદિ સ્વરૂપ, એવા સ્વરૂપના શ્રદ્ધાનમાત્ર. ત્રિકાળી, હોં ! **'[જેમ કારણસ્વભાવજ્ઞાન અર્થાત્ સહજજ્ઞાન સ્વરૂપપ્રત્યક્ષ છે,...'** જુઓ ! સ્વરૂપપ્રત્યક્ષ કહ્યું હતું. જ્ઞાન અંદર સ્વરૂપપ્રત્યક્ષ ધ્રુવ એક છે. ધ્રુવ સ્વરૂપપ્રત્યક્ષ જ્ઞાન છે. આહા..હા...! **'તેમ કારણસ્વભાવદૃષ્ટિ અર્થાત્ સહજદર્શન સ્વરૂપશ્રદ્ધાનમાત્ર જ છે.]'** દર્શનસ્વરૂપ પણ લેવું અને શ્રદ્ધામાત્ર પણ લેવું. બન્ને ગુણ એમાં લેવા. બાપુ ! આ તો સર્વજ્ઞ વીતરાગ ત્રણલોકનો નાથ, જિનેશ્વરદેવની વાણી છે. એ કોઈ વાર્તા નથી. આહા..હા...! તેને પહોંચવા માટે ઘણો પુરુષાર્થ જોઈએ. ક્રિયાકાંડ કરવાથી આ વસ્તુ મળી નથી જતી. સમજાણું કાંઈ ? આહા..હા...! આવ્યું કે નહિ ? 'સુજાનમલજી'! ફરીને લીધું.

**શ્રોતા :–** આ પૂરું ક્યાં થાય એવું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પૂરું તો ભગવાન કરે ત્યારે પૂરું થાય. આ બાળકો બેઠા છે, જુઓ ! કેટલા પ્રેમથી સાંભળે છે. આત્મા છે ને, ભગવાન ! આહા..હા...! દેહદેવળમાં ભગવાન આનંદમૂર્તિ બિરાજે છે. આહા..હા...! એ પહેલાં કહ્યું ને ? આનંદનો વિસ્તાર. કેવળજ્ઞાનનો, હોં ! મોક્ષમાં આનંદનો વિસ્તાર થઈ ગયો છે. જે આનંદ શક્તિરૂપ હતો એનો પર્યાયમાં વિસ્તાર થઈ ગયો. આહા..હા...! આ મુનિરાજની ટીકા તો જુઓ ! આ દિગંબર સંતો... આહા..હા...! એની લાઈન જ જુદી. એવી

લાઈન શ્વેતાંબરમાં ૩૨(સૂત્ર) વાંચે, ૪૫ વાંચે તો પણ એમાં ક્યાંય મળે એવું નથી. મને બહેને પૂછ્યું હતું. એમના ઘરેથી બહેન છે એ કહે, મહારાજ ! ૩૨માંથી ક્યું પુસ્તક વાંચવું ? ખબર છે ? ૩૨મા એકેય સૂત્ર સત્ય નથી. ... આવ્યા હતા ને. એ વખતે આ વાત હતી નહિ ને. આહા..હા...! ભાઈ ! આ તો મહા સિદ્ધાંત છે. દિગંબર શાસ્ત્રો તો મહા પરમસત્ય સિદ્ધાંત છે. એને સમજવા અને અંતરદૃષ્ટિ કરવી એ તો અલૌકિક ચીજ છે. આહા..હા...! અહીં તો ત્યાં સુધી કહ્યું...

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ એ વાત નથી. અહીં તો મોક્ષમાર્ગની પર્યાય ...

**શ્રોતા :–** 'પદ્મપ્રભમલધારિદેવે' આ વાત કાઢી ક્યાંથી ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પહેલાં લખ્યું નથી ? જુઓ ! પહેલાં લખ્યું છે. વાંચો. ગણધરથી ચાલી આવી છે.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પણ એ ભલે ન હોય. અહીં છે. એક જગ્યાએ બધી વાત ન આવે. એ છે. જુઓ! છે ને ? આવ્યું ને ?

**'ગુણના ધરનાર ગણધરોથી રચાયેલા અને શ્રુતધરોની પરંપરાથી સારી રીતે વ્યક્ત કરાયેલા...'** પરંપરાગત મુનિઓ, દિગંબર સંતો. આ પરંપરાથી આવી છે. નવી કરનાર અમે કોણ ? એમ કહે છે. છે ? **'આ પરમાગમના અર્થસમૂહનું કથન કરવાને અમે મંદબુદ્ધિ તે કોણ ?'** મુનિરાજ કહે છે અમે મંદબુદ્ધિ કોણ ? ગણધર અને આચાર્યની પરંપરાથી, ભગવાની ચાલી આવતી ટીકા છે. આ 'ચંદુભાઈ'એ પૂછ્યું. આહા..હા...!

એ કારણદૃષ્ટિની વ્યાખ્યા થઈ. કારણદર્શનોપયોગની વ્યાખ્યા પણ આમ જ છે. જે ત્રિકાળી આત્મા કહ્યો એને કારણઉપયોગ અંદર જોવે છે એનું નામ ત્રિકાળ કારણઉપયોગ. અને આ આત્મા કહ્યો એની શ્રદ્ધામાત્ર એ કારણદૃષ્ટિ ત્રિકાળ. આહા..હા...! સમજાણું કાંઈ ? અહીં છે ને ? નીચે વિભાવની વાત કરી ને ? પરભાવ કહ્યું છે. છે ? નીચે એક નોટ છે. **'એક સહજપરમપારિણામિક ભાવને જ સદા-પાવનરૂપ નિજ સ્વભાવ કહ્યો છે. ચાર વિભાવભાવોનો આશ્રય કરવાથી પરમપારિણામિકભાવનો આશ્રય થતો નથી.'** આહા..હા...! પર્યાયનો આશ્રય કરવાથી ત્રિકાળીનો આશ્રય થતો નથી. આહા..હા...!

**'પરમપારિણામિકભાવનો આશ્રય કરવાથી જ સમ્યક્ત્વથી માંડીને...'** જુઓ ! સમકિત ઉત્પન્ન થાય છે. પરમસ્વભાવનો આશ્રય કરવાથી સમકિત પ્રગટે છે. આહા..હા...! છે ? **'પરમપારિણામિકભાવનો આશ્રય કરવાથી જ સમ્યક્ત્વથી માંડીને...'** સમકિતથી લઈને કેવળજ્ઞાનની ઉત્પત્તિ ત્રિકાળી પરમસ્વભાવના આશ્રયે થાય છે. **'દશાઓ પ્રાપ્ત થાય છે.'** લ્યો પૂરું થઈ ગયું. કલાક થઈ ગયો.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

## શ્રી નિયમસાર, ગાથા–૧૩-૧૪, શ્લોક–૨૩
## પ્રવચન નં-૧૫૮, તા.૨૧-૧-૧૯૭૬
## [૧૧]

'નિયમસાર' જીવ અધિકાર. ૧૩મી ગાથા ચાલે છે. દર્શન ઉપયોગનું સ્વરૂપ છે. જેમ જ્ઞાન ઉપયોગ બે પ્રકારના છે : એક કારણસ્વભાવ ઉપયોગ અને કાર્યસ્વભાવ ઉપયોગ. જ્ઞાનમાં કારણસ્વભાવ ઉપયોગ ત્રિકાળ છે અને કાર્યસ્વભાવ ઉપયોગ એ વર્તમાન પર્યાય છે. સમજાણું કાંઈ ? એમ વિભાવજ્ઞાનોપયોગની વાત ચાલી ને ? ચાર જ્ઞાન છે એ વિભાવજ્ઞાન છે.

એમ અહીંયા દર્શનની વાત. દર્શન પણ બે પ્રકારના છે : એક સ્વભાવદર્શનોપયોગ, એક વિભાવદર્શનોપયોગ. સ્વભાવદર્શનોપયોગના પણ બે પ્રકાર છે. આહા..હા...! ત્રિકાળી ભગવાન દર્શનસ્વભાવ ત્રિકાળ. એ સ્વભાવકારણ ઉપયોગ. વિભાવદર્શન ઉપયોગ એ ચક્ષુ, અચક્ષુ આદિ. અને કાર્યસ્વભાવ ઉપયોગ, એ કેવળદર્શન. કેવળજ્ઞાનીને કેવળદર્શન પ્રગટે છે એ કાર્યસ્વભાવદર્શનોપયોગ છે. સમજાણું કાંઈ ?

અહીંયાં કારણસ્વભાવ ઉપયોગમાં દૃષ્ટિ લીધી છે. આત્મામાં કારણદૃષ્ટિ એટલે સમ્યગ્દૃષ્ટિ, કારણશ્રદ્ધા ત્રિકાળ છે. ત્યાં દર્શનઉપયોગના સ્થાનમાં કારણદૃષ્ટિ ત્રિકાળ લીધી છે. અને હવે આ કાર્યદૃષ્ટિમાં દર્શનોપયોગ લેશે. આ..હા...! આ બધા ભેદ જાણીને પણ ત્રિકાળી જ્ઞાનોપયોગ અને દર્શનોપયોગ અથવા ત્રિકાળી કારણદૃષ્ટિ, એનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શનથી માંડીને કેવળજ્ઞાન પ્રગટે છે. શું કીધું એ ?

આત્મામાં જ્ઞાનસ્વભાવ કારણ ઉપયોગ ત્રિકાળ પડ્યો છે. એમ દર્શન કારણસ્વભાવ ઉપયોગ પણ ત્રિકાળ છે. એમ કારણદૃષ્ટિ આત્માની સ્વરૂપશ્રદ્ધાનમાત્ર ત્રિકાળ પડી છે એને કારણદૃષ્ટિ કહે છે. સમજાણું કાંઈ ? એ કારણસ્વરૂપદૃષ્ટિ એ ત્રિકાળી આત્માની સ્વરૂપશ્રદ્ધાનમાત્ર ધ્રુવમાં પડી છે. આવો ઉપદેશ શું હશે આ તે ? લોકોને તત્ત્વની, મૂળ ચીજની ખબર નહિ.

ભગવાન એક સમયમાં પૂર્ણાનંદ પ્રભુ. કારણજ્ઞાનોપયોગ, કારણદર્શનોપયોગ, કારણદૃષ્ટિ સમ્યક્ શ્રદ્ધા. એ સહિત અનંત શક્તિસંપન્ન ભગવાનઆત્મા છે. એ આત્માનો આશ્રય કરવાથી, આવું કારણજ્ઞાન, કારણદર્શન, કારણ સમ્યગ્દૃષ્ટિ. દૃષ્ટિ આદિ. કારણ આનંદસ્વરૂપ, કારણ યથાખ્યાત ચારિત્રસ્વરૂપ. ત્રિકાળ, હોં ! ત્રિકાળ. એવા આત્માનો આશ્રય કરવાથી, એનું અવલંબન કરવાથી

સમ્યગ્દર્શનની ઉત્પત્તિથી માંડીને કેવળજ્ઞાન, કેવળદર્શન પ્રગટે છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

પરમપારિણામિકસ્વભાવભાવ નિત્યાનંદ પ્રભુ એક સમયની પર્યાયથી રહિત, રાગ-દ્વેષથી તો રહિત છે જ, પણ એક સમયની પ્રગટ વ્યક્ત અવસ્થા પર્યાય છે, એનાથી રહિત છે. આહા..હા...! ત્રિકાળ કારણભગવાન, કારણપરમાત્મા કહો, કારણજીવ કહો અને એ કારણપરમાત્મામાં રહેલ કારણદર્શનોપયોગ કહો, ઉપયોગ, કારણજ્ઞાનોપયોગ કહો. એમાં રહેલી કારણ સમ્યક્ શ્રદ્ધારૂપી ત્રિકાળની સ્વરૂપશ્રદ્ધાનમાત્ર દૃષ્ટિ કહો, એ બધું કારણરૂપ છે. આહા..હા...! આવો ઉપદેશ ! જૈનદર્શન. પરમ સત્ય વસ્તુ બહુ અલૌકિક છે. આહા..હા...!

કહે છે કે કારણદૃષ્ટિની વ્યાખ્યા તો થઈ ગઈ. હવે બીજી કાર્યદૃષ્ટિ. હવે કાર્યદૃષ્ટિમાં દર્શનોપયોગ લે છે. કારણદૃષ્ટિમાં ત્રિકાળી આત્માનું સ્વરૂપશ્રદ્ધાનમાત્ર કારણ લીધું હતું. સમજાણું કાંઈ ? કારણદૃષ્ટિમાં ત્રિકાળી ભગવાન અનંત ગુણ સંપન્ન પ્રભુ ! એની સ્વરૂપશ્રદ્ધાન કારણદૃષ્ટિ ત્રિકાળ, એને લીધી હતી. ચાલે છે દર્શન ઉપયોગની વ્યાખ્યા. તો એમાં દૃષ્ટિને નાખી. સમજાણું કાંઈ ? આહા..હા...!

જેમ ત્રિકાળી જ્ઞાનોપયોગસ્વરૂપ છે, તો એમાંથી કાર્યજ્ઞાનોપયોગ ઉત્પન્ન થશે. કેવળજ્ઞાનરૂપી કાર્ય એ ત્રિકાળી જ્ઞાનોપયોગમાંથી ઉત્પન્ન થશે, ત્રિકાળી દર્શનોપયોગમાંથી કેવળદર્શનની પર્યાય કાર્ય–કેવળદર્શન ઉત્પન્ન થશે, ત્રિકાળી કારણદૃષ્ટિમાંથી સમ્યગ્દૃષ્ટિની ઉત્પત્તિ થશે. વીતરાગનું તત્ત્વજ્ઞાન બહુ સૂક્ષ્મ છે. લોકોને બહારની પ્રવૃત્તિ આડે એ તત્ત્વ ખોવાઈ ગયું. જે આખું તત્ત્વ પરમાનંદ મૂર્તિ પ્રભુ ! જેમાં આવા અનંત ગુણ કારણરૂપ અંદર પડ્યા છે તો એ આખા આત્માને કારણપરમાત્મા કહેવામાં આવે છે.

અહીંયા ચાલે છે દર્શનોપયોગની વ્યાખ્યા પણ એમાં કારણદૃષ્ટિ પણ લીધી. જોવું છે તો એમાં શ્રદ્ધા પણ લીધી. કારણદૃષ્ટિ એ સમ્યગ્દર્શન પર્યાય ઉત્પન્ન થાય છે એનું કારણ. આહા..હા...! સમજાણું કાંઈ ? કાર્યદૃષ્ટિમાં દર્શનોપયોગ લે છે. સમજાણું કાંઈ ?

**'બીજી કાર્યદૃષ્ટિ...'** ભાઈ ! થોડો અભ્યાસ હોય તો સમજાય. આ તો અલૌકિક વાત છે. બાકી તો વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા તો અનંતઅનંત વાર કર્યા પણ વાસ્તવિક કારણપરમાત્મા–આત્મા કેવો છે એ એની દૃષ્ટિમાં, લક્ષમાં આવ્યું જ નથી. સમજાણું કાંઈ ? એક સમયની પ્રગટ પર્યાય છે એને લક્ષમાં લઈને એમાં રમણતા કરી. પણ પર્યાય એક સમયની છે એની પાછળ, પાછળ નામ પર્યાય પ્રગટ છે અને વસ્તુ અપ્રગટ છે. પર્યાયની અપેક્ષાએ. વસ્તુની અપેક્ષાએ વસ્તુ અંદર પ્રગટ છે, સત્તા. એની દૃષ્ટિ કદિ કરી નથી. જૈન સાધુ અનંત વાર થયો, પંચ મહાવ્રત પાળ્યા, અઠ્યાવીશ મૂળગુણ પાળ્યા. સમજાણું કાંઈ ? પણ એ વસ્તુ અંદર પરમાત્મસ્વરૂપ, જેમાં સિદ્ધ પરમાત્મ દશાઓ જેમાં અનંતઅનંત શક્તિપણે પડી છે. એવું પરમાત્મસ્વરૂપ કારણપરમાત્મા, પરમ પારિણામિકભાવસ્વરૂપ, એની દૃષ્ટિ કરી નથી. આહા..હા...! એ વિના બધું ફોગટ ગયું. સમજાણું કાંઈ ?

'દ્રવ્ય સંયમ સે ગ્રૈવેયક પાયો ફેર પીછો પટક્યો.' આ દુકાન ઉપર અમે વાંચતા હતા એમાં આ આવ્યું. એ તો ૬૫-૬૬ની સાલની વાત છે. સંવત ૧૯૬૫-૬૬. શ્વેતાંબરની ચાર સજ્જાયમાળા છે. એક-એક સજ્જાયમાળામાં સજ્જાય નથી હોતી ? એક એકમાં અઢીસો-ત્રણસો સજ્જાય. એવી ચાર સજ્જાયમાળા છે. અમારે તો પિતાજીની ઘરની દુકાન હતી ને ! તો ત્યારે પુસ્તક મંગાવ્યું હતું. દુકાન ઉપર ચારેય વાંચ્યા હતા. એમાં આ એક બોલ આવ્યો હતો. 'દ્રવ્ય સંયમ સે ગ્રૈવેયક પાયો, ફેર પીછો પટક્યો.' આ શું ? કદિ સાંભળ્યું નહોતું. નાની ઉંમર હતી. ૧૮-૧૯ વર્ષની ઉંમર હતી. તો ત્યાં એમ કહે છે–કે દ્રવ્ય સંયમ આ ઇન્દ્રિયદમન, બધા જીવને ન મારવા, ખોટું ન બોલવું એવું દ્રવ્યસંયમ અનંત વાર લીધું. 'દ્રવ્ય સંયમ સે ગ્રૈવેયક પાયો.' આપણે 'છ ઢાળા'માં એ આવ્યું છે. 'મુનિવ્રત ધાર અનંત બૈર..' એ ભાષા આપણા દિગંબરની છે. ઓલી ભાષા શ્વેતાંબરની છે. સમજાણું કાંઈ ?

આત્મજ્ઞાન અને સમ્યગ્દર્શન એ ચીજ શું છે એની ખબર નથી અને સમ્યગ્દર્શનનો વિષય પરમસ્વભાવભાવ એકલો શુદ્ધ ચૈતન્યકંદ, એ ચીજની દૃષ્ટિ કદિ કરી નથી. અને એ વિના દ્રવ્યસંયમ લીધું. દ્રવ્ય સંયમથી ગ્રૈવેયકમાં ઉપર ગયો, પાછો નીચે પટકાયો. નીચે મનુષ્યમાં આવ્યો, ત્યાંથી ઢોરમાં, ત્યાંથી નિગોદમાં જશે. આહા..હા...! સમજાણું કાંઈ ? બે વાત ત્યાં એ વખતે ગૃહસ્થાશ્રમમાં, દુકાન ઉપર બે વાત આવી હતી. એક દ્રવ્યસંયમથી અને બીજી 'કેવળી આગળ રહી ગયો કોરો.' એ તો એ વખતે કહ્યું હતું. 'કેવળી આગળ રહી ગયો કરો.' એવી સજ્જાય છે. સર્વજ્ઞની સભામાં પણ અનંત વાર ગયો. 'નવરંગભાઈ'! કેવળી આગળ એ ગુજરાતી ભાષા છે. કોરા નામ લુખ્ખો રહી ગયો. કેવળીની વાત સાંભળી ખરી પણ ચીજ શું છે એ દૃષ્ટિમાં ન આવી. આહા..હા...! સમવસરણમાં અનંત વાર ગયો, ભગવાનની વાણી સાંભળી પણ કેવળી આગળ રહી ગયો કોરો. કોરાને હિન્દીમાં શું કહે ? લુખ્ખા. અંદર આત્મા આનંદકંદ છે એની દૃષ્ટિ ન કરી. આહા..હા...! રાગની મંદતાની ક્રિયા કરી અને પછી ચાર ગતિમાં રખડ્યો.

અહીં કહે છે, ભગવાનઆત્મામાં એક કારણદર્શન, જોવું–પ્રતિભાસ સામાન્ય એવી એક ત્રિકાળ શક્તિ અંદર આત્મામાં પડી છે. એ ત્રિકાળદર્શનને કારણદર્શન ઉપયોગ કહે છે અને એના આશ્રયથી કેવળદર્શન જે કેવળજ્ઞાનીને થાય છે એને અહીંયાં કાર્યદર્શન ઉપયોગ કહેવામાં આવે છે. આહા..હા...! તેને અહીંયા કાર્યદૃષ્ટિ લીધી છે. ઓલી કારણદૃષ્ટિ ત્રણ પ્રકારની છે. પણ અહીં કહેવો છે દર્શનોપયોગ. સમજાણું કાંઈ ?

'**કાર્યદૃષ્ટિ...**' એટલે કે આત્મામાં કેવળદર્શન જે કેવળજ્ઞાનની સાથે પ્રગટે છે એ કાર્યદર્શનોપયોગને અહીં કાર્યદૃષ્ટિ કહીને વર્ણન કર્યું છે. એ '**કાર્યદૃષ્ટિ...**' અથવા કાર્યદર્શનોપયોગ. '**દર્શનાવરણીય, જ્ઞાનાવરણીયાદિ ઘાતિકર્મોના ક્ષયથી ઉત્પન્ન થાય છે.**' સર્વજ્ઞ પરમાત્માને કેવળદર્શન ચાર ઘાતિકર્મના નાશથી ઉત્પન્ન થાય છે. ઘાતિકર્મ નિમિત્તથી કથન છે, પણ પોતાની અપૂર્ણ પર્યાયનો નાશ કરીને

પૂર્ણ પર્યાય પ્રગટ કરી તો કર્મનો નાશ એના કારણે થયો. **'આ ક્ષાયિક જીવને...'** જેને દર્શનોપયોગ. દર્શન ત્રિકાળ. કારણદર્શનોપયોગ ત્રિકાળી શક્તિ સ્વભાવ, એનો આશ્રય કરીને જેને કાર્યદર્શનોપયોગ કેવળજ્ઞાનની સાથે પ્રગટ્યું, એ **'આ ક્ષાયિક જીવને—'** ક્ષાયિક જીવ. ક્ષાયિક એ પર્યાય છે, જીવ એ ત્રિકાળ છે. આહા..હા...!

**'આ ક્ષાયિક જીવને—'** શબ્દ છે ? ભાઈ ! આ તો અધ્યાત્મ વાત છે. સંતોના પેટની ગર્ભ વાત છે. **'આ ક્ષાયિક જીવને—'** લ્યો, ક્ષાયિક જીવ કહ્યો. પરમપારિણામિકજીવને. ત્રિકાળ. પરમપારિણામિક જીવને એ ત્રિકાળ અને ક્ષાયિકજીવ એ ક્ષાયિક વર્તમાનપર્યાય જીવને. દ્રવ્ય-ગુણ-પર્યાયનું જ્ઞાન રહ્યું નહિ. બધા આમ તેમ એમ ઢસરડા કરીને. ઢસરડા એટલે ? ભાન વિનાની ભક્તિ, પૂજા, દાન, વ્રત, તપ કરીને ચડાવી દીધું. આહા..હા...! કરતાં કરતાં ભાન થાય.. લસણ ખાતા ખાતા કસ્તૂરીનો ઓડકાર આવે. એવું છે ? રાગ કરતાં કરતાં વીતરાગતા ઉત્પન્ન થાય છે ?

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** રાગનો નાશ થઈ જાય. રાગનો નાશ કરે ત્યારે આત્માની ઉત્પત્તિ થાય છે. આહા..હા...! વીતરાગ માર્ગ છે, ભાઈ !

સર્વજ્ઞ પરમેશ્વર કહે છે કે સર્વજ્ઞપણું પ્રગટ્યું એને કાર્યજ્ઞાનોપયોગ કહે છે. સર્વજ્ઞ પર્યાય જે પ્રગટી એને કાર્યજ્ઞાનોપયોગ. વર્તમાન પર્યાયને કાર્ય કહીને કાર્યઉપયોગ કહેવામાં આવ્યો છે. અને ત્રિકાળી આત્મામાં જે કારણજ્ઞાનોપયોગ, પડ્યો છે એ ધ્રુવ છે. આહા..હા...!

એમ અહીંયાં કાર્યદૃષ્ટિ, કાર્યઉપયોગ. **'આ ક્ષાયિક જીવને—જેણે સકળવિમળ (સર્વથા નિર્મળ) કેવળજ્ઞાન વડે ત્રણ ભુવનને જાણ્યા છે,...'** આહા..હા...! કેવળજ્ઞાનમાં ભગવાન પરમાત્માએ ત્રણકાળ, ત્રણલોકને પ્રત્યક્ષ જાણ્યા. સમજાણું કાંઈ ? **'ક્ષાયિક જીવને—જેણે સકળવિમળ (સર્વથા નિર્મળ) કેવળજ્ઞાન વડે ત્રણ ભુવનને...'** ત્રણ ભુવન નામ ત્રણલોક અને લોકાલોક. ત્રણ ભુવન તો ઊર્ધ્વ, મધ્ય અને અધો ત્રણ આવે છે. પણ એમાં અલોક પણ આવી ગયો. લોક-અલોક **'ત્રણ ભુવનને જાણ્યા છે,...'** ભગવાન કેવળજ્ઞાનીએ. આહા..હા...!

**'નિજ આત્માથી ઉત્પન્ન થતા પરમ વીતરાગ સુખામૃતનો જે સમુદ્ર છે,...'** આહા..હા...! કહે છે કે કેવળજ્ઞાનમાં ત્રણકાળ જોયા, એની સાથે–કેવળજ્ઞાનની સાથે પરમવીતરાગ સુખામૃતનો એ સમુદ્ર છે, પર્યાય. આહા..હા...! જેમ કેવળજ્ઞાન ત્રણકાળ, ત્રણલોકને જાણે એવી પર્યાય સમુદ્ર જેવી મહાન છે. એમ કેવળજ્ઞાની ભગવાનને **'આત્માથી ઉત્પન્ન થતા પરમ વીતરાગ સુખામૃત...'** પરમ વીતરાગી સુખામૃતનો પૂર્ણ સ્વાદ ભગવાનને ઉત્પન્ન થયો છે. આહા..હા...! સમજાણું કાંઈ ? **'નિજ આત્માથી ઉત્પન્ન થતા...'** ભાષા જુઓ ! પર આત્માથી નહિ, રાગથી નહિ, પર્યાયથી નહિ. નિજ આત્મા. આ..હા...! **'નિજ આત્માથી ઉત્પન્ન થતા (પર્યાય) પરમ વીતરાગ સુખામૃતનો જે સમુદ્ર છે,...'** આહા..હા...! કેવળજ્ઞાનની સાથે પરમ સુખામૃત વીતરાગ અમૃતનો સમુદ્ર પ્રગટ્યો છે. સમજાણું કાંઈ ?

**'યથાખ્યાત નામના કાર્યશુદ્ધચારિત્રસ્વરૂપ છે,...'** ભગવાને કેવળજ્ઞાનમાં એમ જોયું. અને વીતરાગ સુખામૃત જેવો સમુદ્ર પ્રગટ થયો અને **'યથાખ્યાત્ નામના કાર્યશુદ્ધચારિત્રસ્વરૂપ છે,..'** આહા..હા...! પર્યાયમાં યથાખ્યાત (અર્થાત્) જેમ અંદર ચારિત્ર સ્વરૂપમાં શુદ્ધ પૂર્ણ હતું, એવું પ્રગટ કાર્યશુદ્ધચારિત્રસ્વરૂપ પ્રગટ થયું. આહા..હા...! **'જે સાદિ-અનંત અમૂર્ત અતીન્દ્રિયસ્વભાવવાળા...'** ભગવાનને કેવળજ્ઞાનની સાથે વીતરાગ સુખામૃત સમુદ્ર પ્રગટ થયો અને યથાખ્યાત કાર્યશુદ્ધચારિત્ર પૂર્ણ વીતરાગતા પ્રગટ થઈ. અને **'જે સાદિ-અનંત..'** કેવળજ્ઞાનાદિ ઉત્પન્ન થયા એ સાદિ થઈ, સાદિ નામ આદિ, આદિ નામ શરૂઆત. કેવળજ્ઞાન, કેવળદર્શન, વીતરાગ સુખામૃત આદિ એ ઉત્પન્ન થયા નામ આદિ થઈ. તમારે શાદિ લગનને કહે છે. અહીં તો સ + આદિ, આદિ સહિત નવી દશા પ્રગટી. કેવળજ્ઞાન અનાદિનું નહોતું. નવી દશા ઉત્પન્ન થઈ. કેવળજ્ઞાન, સુખામૃત સમુદ્ર પર્યાય અને યથાખ્યાત્ ચારિત્ર એ બધી સાદિ અનંત. આદિ–ઉત્પન્ન થઈ પણ હવે અનંતકાળ રહેશે.

**'અમૂર્ત...'** આહા..હા...! એ પર્યાય તો અમૂર્ત છે. જેમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ નથી. **'અતીન્દ્રિયસ્વભાવવાળા...'** આહા..હા...! એ અતીન્દ્રિય સ્વભાવ પ્રગટ્યો, અતીન્દ્રિય સ્વભાવ. **'શુદ્ધ સદ્ભૂતવ્યવહારાનયાત્મક છે,...'** ભાષા જુઓ ! કેવળજ્ઞાની પરમાત્મા શુદ્ધ સદ્ભૂત વ્યવહારનયસ્વરૂપ છે. વ્યવહારનો વિષય એમ નથી લીધું. **'भूयत्थ देसिदो'** કહ્યું ને ? ૧૧મી ગાથા. ભૂતાર્થ તે શુદ્ધનય છે. ભૂતાર્થ તે શુદ્ધનય છે. ત્રિકાળી સત્યાર્થ પ્રભુ ભગવાન, એ શુદ્ધનય છે. એમ આ ભગવાન જે આત્મા કેવળજ્ઞાની છે એ શુદ્ધસદ્ભૂતવ્યવહારનયાત્મક છે. સમજાણું કાંઈ ? આહા..હા...!

જેમ ત્રિકાળી ભૂતાર્થ ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ સત્ય ત્રિકાળ છે એને જ શુદ્ધનય કહ્યું. એવા વર્તમાન પ્રગટ પર્યાયવાળા જીવને શુદ્ધ સદ્ભૂતવ્યવહારનય કહ્યું. આહા..હા...! સમજાણું કાંઈ ? જેમ ત્રિકાળી.. 'સમયસાર'ની ૧૧મી ગાથામાં આવ્યું ને ? **'भूदत्थो देसिदो दु सुद्धणओ'** ત્રિકાળી ભગવાન સત્યાર્થ પ્રભુ, કારણપરમાત્મા, કારણજીવ, પરમસ્વભાવભાવસ્વરૂપ એને અહીં શુદ્ધનય કહ્યો. નય તો જ્ઞાનનો ભાગ છે અને એનો વિષય ભૂતાર્થ છે. પણ વિષય અને નયના બે ભેદ ન કરતા એ ત્રિકાળી સ્વરૂપને જ શુદ્ધનય કહ્યું. એમ કેવળજ્ઞાનપર્યાય, કેવળજ્ઞાન યથાખ્યાત્ ચારિત્ર આદિ ઉત્પન્ન થયા એ વ્યવહારનયનો વિષય છે. શુદ્ધ સદ્ભૂતવ્યવહારનયનો વિષય એમ નહિ કહીને એમ કહ્યું, શુદ્ધ સદ્ભૂતવ્યવહારનયસ્વરૂપ જ છે. આહા..હા...! સમજાણું કાંઈ ? નીચે લખ્યું છે. જુઓ ! બગડો છે ને ?

**'તીર્થંકરપરમદેવ શુદ્ધ સદ્ભૂતવ્યવહારનયસ્વરૂપ છે,...'** નયનો વિષય ન કહેતા નયસ્વરૂપ જ છે એમ કહ્યું. આહા..હા...! હવે આ તો થોડું જ્ઞાન હોય તો (સમજાય). આ કોઈ રમત નથી. આ તો તીર્થંકરના પેટમાં–અંદર જ્ઞાનમાં જવા જેવી ચીજ છે. આહા..હા...! નીચે છે ને ? **'તીર્થંકરપરમદેવ શુદ્ધ સદ્ભૂતવ્યવહારનયસ્વરૂપ છે,...'** જુઓ ! શુદ્ધ કેમ કહ્યું ?–કે પવિત્ર છે. સદ્ભૂત કેમ કહ્યું ? કેમ કે એની પર્યાય છે. વ્યવહાર કેમ કહ્યો ?-કેમ કે એ પર્યાય દ્રવ્યનો ભેદ છે. શું કહે છે ?

**'તીર્થંકરપરમદેવ શુદ્ધ સદ્ભૂતવ્યવહારનયસ્વરૂપ છે, કે જે શુદ્ધ સદ્ભૂતવ્યવહારનય...'** એ શુદ્ધ સદ્ભૂતવ્યવહારનય શું છે ? કે સાદિ અનંત છે. એ શુદ્ધ સદ્ભૂતવ્યવહાર કેવળજ્ઞાન, કેવળદર્શન ઉત્પન્ન થયા એની આદિ થઈ. ભવિષ્યમાં અંત નહિ. **'અમૂર્તિક અને અતીન્દ્રિયસ્વભાવાળો છે.'** આહા..હા...! સમજાણું કાંઈ ?

**'તીર્થંકરપરમદેવ શુદ્ધ સદ્ભૂતવ્યવહારનયસ્વરૂપ છે, કે જે શુદ્ધસદ્ભૂતવ્યવહારનય સાદિ-અનંત, અમૂર્તિક અને અતીન્દ્રિયસ્વભાવવાળો છે.'** આહા..હા...! આવું શું પણ આ બધું ? ભાઈ ! વસ્તુનું સ્વરૂપ એ રીતે છે. જે રીતે છે એ રીતે જાણે તો એને યથાર્થતા થશે. આહા..હા...! ઓલું તો સહેલુંસઠ હતું. દયા પાળવી, વ્રત પાળવા, અપવાસ કરવા. જાવ.

**શ્રોતા :–** આપે કહ્યું ને એ બધું ખોટું છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ખોટું. ખોટું તે કેવું ખોટું ? એકડા વિનાના મીંડા. શું કહે છે (હિન્દીમાં) ? આહા..હા...! એક વિનાના શૂન્ય.

ભગવાન અંદર પૂર્ણાનંદસ્વરૂપ કારણપરમાત્મા, એના આશ્રયે પ્રગટેલું કેવળજ્ઞાન, કેવળદર્શન, યથાખ્યાત ચારિત્ર એ શુદ્ધ સદ્ભૂતવ્યવહારનયસ્વરૂપ છે. જેમ ત્રિકાળી વસ્તુ શુદ્ધનયસ્વરૂપ છે એમ આ પર્યાય શુદ્ધ સદ્ભૂતવ્યવહારનયસ્વરૂપ છે. આહા..હા...! સમજાણું કાંઈ ? **'અને જે ત્રિલોકના ભવ્ય જનોને પ્રત્યક્ષ વંદનાયોગ્ય છે,...'** સિદ્ધ ભગવાન તો ઉપર છે. પ્રત્યક્ષ વંદન યોગ્ય ન રહ્યા. એ તો પરોક્ષ વંદનયોગ્ય રહ્યા. અને ભગવાન જે સમવસરણમાં બિરાજે છે, તીર્થંકર પરમદેવ... છે ? આહા..હા...! **'ત્રિલોકના ભવ્ય જનોને...'** આહા..હા...! ત્રિલોકના ભવ્ય જનો. બધા ભવ્ય જનો ? પણ જે લાયક છે એ ત્રિલોકના જનોને.

**'ત્રિલોકના ભવ્યજનોને પ્રત્યક્ષ વંદનાયોગ્ય છે,...'** તીર્થંકર પરમદેવ સમવસરણમાં બિરાજે છે. આહા..હા...! એ તીર્થંકર લીધા છે. સમજાણું કાંઈ ? ચોવીશ તીર્થંકર તો મોક્ષ પધાર્યા છે, પણ જ્યારે સમવસરણમાં હતા એ રીતે લક્ષમાં લઈને વાત કરી છે. અથવા ભગવાન મહાવિદેહમાં બિરાજે છે, સમવસરણમાં સાક્ષાત બિરાજે છે. એ તીર્થંકર પરમદેવ... આહા..હા...! **'ત્રિલોકના ભવ્ય જનોને...'** ઉત્તમ ઉત્તમ જીવોને વંદનાયોગ્ય છે. એમાં બધું આવી ગયું. ત્યાં બધા પ્રાણી ક્યાં ભગવાનને વંદન કરે છે ! પણ મુખ્ય-મુખ્ય મહાપુરુષો, ઇન્દ્રો, ગણધરો, નાગ, વાઘ, સિંહ ભગવાનને પૂજે છે. ત્રણ લોકના ભવ્યજીવોને પ્રત્યક્ષ વંદનાયોગ્ય છે. સાક્ષાત્ ભગવાન સમવસરણમાં બિરાજે છે તે પ્રત્યક્ષ વંદનાયોગ્ય છે. આહા..હા...!

**'એવા તીર્થંકરપરમદેવને—'** એવા તીર્થંકરપરમદેવને... **'કેવળજ્ઞાનની માફક...'** કેવળજ્ઞાનની પેઠે **'આ (કાર્યદષ્ટિ) પણ...'** લીધી છે કાર્યદષ્ટિ પણ કારણદર્શનોપયોગ. **'યુગપદ્ લોકાલોકમાં વ્યાપનારી છે.'** ભાષા જુઓ ! લોકોલાકમાં વ્યાપનારી છે અર્થાત્ લોકાલોકને દેખનારી છે. સમજાણું કાંઈ ? લોકાલોકમાં દર્શનોપયોગ જાતો નથી. ઓલા વેદાંત સર્વવ્યાપક કહે છે, એમ નથી. પણ લોકાલોકને

દર્શનોપયોગ કાર્ય ભાવ લોકાલોકને જોવે છે. આહા..હા...! અરે..! આત્માની શું શક્તિ અને આત્માની પર્યાય પ્રગટ મહિમા કેવી હોય, એ કદી સાંભળ્યું નથી, સમજ્યા નથી.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પાત્ર હોય તો મળ્યા વિના રહે નહિ. ભગવાન બિરાજે છે ત્યાં કેમ ન ગયા ? સાક્ષાત્ ભગવાન બિરાજે છે, વાણી ખરે છે, સમસવસરણમાં છે, ઇન્દ્રો, ગણધરો જાય છે. સમજાણું કાંઈ ? આહા..હા...!

**'કેવળજ્ઞાનની માફક...'** ભગવાન તીર્થંકરને જેવું કેવળજ્ઞાન છે એવું કેવળદર્શન **'યુગપદ્ લોકાલોકમાં વ્યાપનારું છે.'** યુગપદ્ લોકાલોકને જાણનારા. બસ એટલું, દેખનારા. કેવળજ્ઞાન લોકાલોકને જાણનાર છે એ પહેલાં આવી ગયું. છે ને ? કેવળજ્ઞાન દ્વારા ત્રણ ભૂવનને જાણ્યા છે. એ આવી ગયું છે. એ રીતે દર્શનથી યુગપદ્ લોકાલોકને જાણનાર છે. આહા..હા...!

**'આ રીતે કાર્યરૂપે અને કારણરૂપે...'** લ્યો એ શું કહ્યું ? દર્શનોપયોગ કાર્યરૂપ જે કેવળજ્ઞાનની સાથે દર્શન છે એ અને કારણરૂપે ત્રિકાળ દર્શનોપયોગ છે એ. એ **'સ્વભાવદર્શનોપયોગ કહ્યો.'** બન્નેને સ્વભાવદર્શનોપયોગ કહ્યો. એક કેવળદર્શન કાર્યરૂપ પણ સ્વભાવદર્શનોપયોગ અને ત્રિકાળમાં કારણદર્શનોપયોગ એ પણ સ્વભાવદર્શનોપયોગ. આહા..હા...! સમજાણું કાંઈ ? **'આ રીતે કાર્યરૂપ...'** એટલે પર્યાયરૂપ **'અને કારણરૂપે...'** દ્રવ્યરૂપ. **'સ્વભાવદર્શનોપયોગ કહ્યો.'** આહા..હા...! સ્વભાવદર્શનોપયોગના બે ભેદ કહીને બે પ્રકારનું વર્ણન કર્યું. **'વિભાવદર્શનોપયોગ હવે પછીના સૂત્રમાં (૧૪મી ગાથામાં)...'** આવશે. **'ત્યાં જ દર્શાવવામાં આવશે.'** ૧૪મી ગાથામાં દર્શાવશે.

**'[હવે ૧૩મી ગાથાની ટીકા પૂર્ણ કરતા ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છે :]'**

(इन्द्रवज्रा)

**दृग्ज्ञप्तिवृत्यात्मकमेकमेव**
**चैतन्यसामान्यनिजात्मतत्त्वम् ।**
**मुक्तिस्पृहाणामयनं तदुच्चै-**
**रेतेन मार्गेण विना न मोक्षः ।।२३।।**

દર્શન, જ્ઞાન અને ચારિત્રસ્વરૂપ. આહા..હા...! ભગવાનઆત્મા પૂર્ણાનંદની પ્રતીતિ, પૂર્ણાનંદનું જ્ઞાન અને પૂર્ણાનંદમાં રમણતા અથવા પૂર્ણાનંદસ્વરૂપ ભગવાનના દર્શન–જોવું, જાણવું અને રમણતા એમ ત્રણ મોક્ષમાર્ગ છે. આહા..હા...! **'(દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપે પરિણમતું) એવું જે એક જ ચૈતન્યસામાન્યરૂપ...'** આહા..હા...! સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યગ્ચારિત્રરૂપથી પરિણમિત પર્યાય. **'એવું જે એક જ ચૈતન્યસામાન્યરૂપ નિજ આત્મતત્ત્વ,...'** આહા..હા...! એવા એક જ ચૈતન્ય સામાન્ય

ત્રિકાળ '**નિજ આત્મતત્ત્વ, એ મોક્ષેચ્છુઓને (મોક્ષનો) પ્રસિદ્ધ માર્ગ છે;...**' એ મોક્ષના અભિલાષીનો પ્રસિદ્ધ માર્ગ છે.

'**ચૈતન્યસામાન્યરૂપ નિજ આત્મતત્ત્વ,...**' એ દર્શન-જ્ઞાનરૂપ જે પરિણમિત થયું, '**તે મોક્ષેચ્છુઓને (મોક્ષનો) પ્રસિદ્ધ માર્ગ છે;...**' મોક્ષના અભિલાષીનો આ પ્રસિદ્ધ પ્રગટ માર્ગ છે. આહા..હા...! લ્યો, આમાં વિકલ્પ ને વ્રત ને તપ ને કાંઈ ન લીધું. વ્રતાદિ તો વિકલ્પ છે, પુણ્ય છે, શુભ છે. મોક્ષમાર્ગ નથી. સમજાણું કાંઈ ?

**શ્રોતા :–** પણ બીજા શાસ્ત્રમાં કહ્યું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ત્યાં તો નિમિત્તનું કથન જ્ઞાન જણાવવા માટે. એનું જ્ઞાન કરવા માટે (કહ્યું છે), છે નહિ. મોક્ષમાર્ગ તો આ એક જ છે, બે મોક્ષમાર્ગ નથી. બેના કથન છે પણ બે માર્ગ નથી. બેનું નિરૂપણ છે. 'ટોડરમલે' સાતમાં અધ્યાયમાં ઘણો ખુલાસો કર્યો છે, ઘણો ખુલાસો કર્યો છે. સાતમાં અધ્યાયમાં નિશ્ચય-વ્યવહારની વ્યાખ્યા કરી છે. બહુ... ઓહો..હો...! પહેલાં અમે (સંવત) ૧૯૮૨ની સાલમાં જોયું હતું. 'મોક્ષમાર્ગ પ્રકાશક' ૧૯૮૨ની સાલમાં. કેટલા વર્ષ થયા ? ૫૦ વર્ષ થયા.

પહેલાં જ્યારે જોયું હતું. 'રાજકોટ'માં ખાવું, પીવું ગમે નહિ, વ્યાખ્યાનમાં ગમે નહિ. એટલો રસ અંદરથી આવતો હતો. 'મોક્ષમાર્ગપ્રકાશક' મેડી ઉપર વાંચતો હતો. પછી ૧૯૮૪ની સાલમાં.. અહીંયા 'બગસરા' છે. એમાં એ સાતમો અધ્યાય લખી લીધો. અમે પુસ્તક સાથે નહોતા રાખતા. આખું લખી લીધું. ૧૯૮૪ની સાલમાં આખો સાતમો અધ્યાય લખી લીધો. અમારા 'જીવણલાલજી' હતા એણે કીધું. એવો સાતમો અધ્યાય છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક' સાતમો અધિકાર, ૧૯૮૪ની સાલ. ૪૦ અને ૮, ૪૮ વર્ષ થયા. આ તો ઘણા વર્ષ પહેલાંથી ચાલે છે ને, ભાઈ ! આ કાંઈ આજકાલની વાત નથી. આહા..હા...!

કહે છે,... આમાં શું કહ્યું ? એમાં મોક્ષમાર્ગ એક જ કહ્યો છે, બે નથી. બે મોક્ષમાર્ગ માને છે એ ભ્રમમાં પડ્યા છે એમ કહ્યું. ત્યારે અહીંયાં 'રતનચંદજી' કહે છે, 'રતનચંદજી' છે ને ! મુખત્યાર. બે મોક્ષમાર્ગ ન માને એ ભ્રમમાં પડ્યા છે, એમ કહે છે. ભાઈ ! એ તો સ્વતંત્ર છે ને ? સાતમા અધિકારમાં. સમજાણું કાંઈ ? શેઠ ! .. નિરૂપણ તે નિશ્ચય, ઉપચાર નિરૂપણ તે વ્યવહાર. નિરૂપણની અપેક્ષાએ બે પ્રકાર જાણવા. પણ એક નિશ્ચયમોક્ષમાર્ગ અને એક વ્યવહારમોક્ષમાર્ગ, બે મોક્ષમાર્ગ માનવા એ મિથ્યા છે. સાતમા અધ્યયનમાં. સમજાણું કાંઈ ? વળી તે નિશ્ચય-વ્યવહાર બંનેને ઉપાદેય માને છે, તે પણ ભ્રમ છે. કારણ કે નિશ્ચય-વ્યવહારનું સ્વરૂપ પરસ્પર વિરુદ્ધતા સહિત છે. આહા..હા...! ૧૧મી ગાથામાં કહ્યું ને ? વ્યવહાર અભૂતાર્થ છે. સત્ સ્વરૂપને નિરૂપતું નથી પણ અપેક્ષાએ ઉપચારથી નિરૂપે છે. નિશ્ચય શુદ્ધ ને ભૂતાર્થ છે કારણ કે તે વસ્તુનું સ્વરૂપ તેવું છે. બંનેનું સ્વરૂપ તો વિરુદ્ધતા સહિત છે. તો બંને ઉપાદેય કઈ રીતે હોય શકે ? બહુ સરસ

વાત લીધી છે. છે ને ? સાતમા અધિકારમાં. આહા..હા...! 'ટોડરમલે' પણ ઘણું.. મોક્ષમાર્ગ કરીને સામાન્યમાં રહસ્યને ખોલીને બતાવ્યું છે. 'ટોડરમલજી'..

**'દૃશિ-જ્ઞપ્તિ-વૃત્તિસ્વરૂપ (દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપે પરિણમતું) એવું જે એક જ ચૈતન્યસામાન્યરૂપ નિજ આત્મતત્ત્વ, તે મોક્ષેચ્છુઓને (મોક્ષનો) પ્રસિદ્ધ માર્ગ છે;...'** આત્મતત્ત્વમાં એકાગ્રતા એ પ્રસિદ્ધ માર્ગ છે. આહા..હા...! વ્યવહાર વિકલ્પ છે એ માર્ગ નથી. આહા..હા...! ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ જ્ઞાન-દર્શન-આનંદના કારણસ્વરૂપ પૂર્ણ સ્વભાવથી ભરેલો છે. એ તત્ત્વ પરમ ગતિની પ્રાપ્ત કરનાર જીવે પરમપારિણામિકભાવનું સ્મરણ કરવું. આવે છે ? 'નિયમસાર'માં આગળ છે. પંચમગતિ–મોક્ષગતિની પ્રાપ્તિના ઇચ્છુક પુરુષે પરમપારિણામિકભાવસ્વભાવનું સ્મરણ કરવું, તેને યાદ કરીને શ્રદ્ધા-જ્ઞાન કરવા. આહા..હા...! શું પરમપારિણામિકભાવ... મૂળ વાત બહુ ગુપ્ત થઈ ગઈ. આહા..હા...!

**'આ માર્ગ વિના મોક્ષ નથી.'** છે ? નિજ આત્મતત્ત્વની પ્રતીતિ, જ્ઞાન અને રમણતા સિવાય બીજો મોક્ષમાર્ગ નથી. સમજાણું કાંઈ ? છે ને ? પાઠમાં છે ને ? **'एतेन मार्गेण विना न मोक्षः'** સંસ્કૃતમાં કળશ છે. આહા..હા...! ચૈતન્ય સામાન્યરૂપ નિજ આત્મતત્ત્વ, ત્રણપણે પરિણમિત. એમ છે ને ? ચૈતન્યસામાન્યરૂપ ત્રિકાળ, એવું નિજ આત્મતત્ત્વ, એ દર્શન-જ્ઞાન-ચારિત્રપણે પરિણમિત એ મોક્ષેચ્છુને મોક્ષનો માર્ગ છે. શું કીધું ? **'એવું જે એક જ ચૈતન્યસામાન્યરૂપ નિજ આત્મતત્ત્વ,...'** ત્રિકાળ. એ દર્શન-જ્ઞાન-ચારિત્રથી પરિણમિત. એ મોક્ષની ઇચ્છા કરનારને પ્રસિદ્ધ માર્ગ છે. નિજ આત્મતત્ત્વની શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રપણે પરિણત એ મોક્ષમાર્ગ છે. આહા..હા...! સમજાણું કાંઈ ? **'આ માર્ગ વિના મોક્ષ નથી.'** અંતર સામાન્ય ચૈતન્યસ્વરૂપ ભગવાન, એની પ્રતીતિ, એનું જ્ઞાન અને એની રમણતા–એ જ મોક્ષેચ્છુને મોક્ષનો પ્રસિદ્ધ માર્ગ છે, એ સિવાય બીજો માર્ગ છે નહિ. સમજાણું કાંઈ ? લ્યો, અહીં મોક્ષમાર્ગ એક કહ્યો, બે નથી. ઓલા કહે બે માનો, નહિતર ભ્રમમાં છો, એમ કહે છે. લ્યો !

**શ્રોતા :–** એ પંડિત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પંડિત તો આ 'ફૂલચંદજી' પંડિત નથી ?

**શ્રોતા :–** એ નોખી નાતના છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** નોખી નાતના છે. આહા..હા...! એ ૧૩મી ગાથા થઈ. સમજાણું કાંઈ ? બહુ સરસ વાત કરી.

**'(દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપે પરિણમતું) એવું જે એક જ ચૈતન્યસામાન્યરૂપ નિજ આત્મતત્ત્વ,...'** જોયું ? ચૈતન્યસામાન્ય નિજતત્ત્વ–દ્રવ્ય. પણ એ દ્રવ્ય દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપે પરિણમિત. આહા..હા...! એ એક જ પ્રસિદ્ધ માર્ગ છે.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ પણ પડ્યું છે. એનું પરિણમન કીધું ને આ. ધ્રુવ ચૈતન્યસામાન્ય

ભગવાન આત્મતત્ત્વ, એ દર્શન-જ્ઞાન-ચારિત્રથી પરિણમિત છે એવો જે આત્મા. આહા..હા...! જુઓને ! કેટલી વાત લ્યે છે ! ઓહો..હો...! મોક્ષેચ્છુઓને મોક્ષનો પ્રસિદ્ધ માર્ગ છે. **'મોક્ષેચ્છુઓને (મોક્ષનો) પ્રસિદ્ધ માર્ગ છે; આ માર્ગ વિના મોક્ષ નથી.'** આહા..હા...! વ્યવહાર, વ્રત, તપ, વિકલ્પ, ભક્તિ, પૂજા એ મોક્ષમાર્ગ નથી એમ કહે છે. આહા..હા...! એ ૧૩મી ગાથા થઈ. ૧૩ ગાથા અને ૨૩ કળશ.

૧૪મી ગાથા. **'આ, અશુદ્ધ દર્શનની તથા શુદ્ધ ને અશુદ્ધ પર્યાયની સૂચના છે.'** ૧૪મા. **'આ, અશુદ્ધદર્શનની...'** ચક્ષુ, અચક્ષુ, અવધિ એ બધા અશુદ્ધ અને **'શુદ્ધ ને અશુદ્ધ પર્યાય...'** નિર્મળ પર્યાય અને મલિન પર્યાય. એનું અહીં સૂચન કથન છે. ૧૪મી ગાથા.

**चक्खु अचक्खू ओही तिण्णि वि भणिदं विहारदिट्ठि त्ति।**
**पज्जाओ दुवियप्पो सपरावेक्खो य णिरवेक्खो।।१४।।**

**ચક્ષુ, અચક્ષુ, અવધિ—ત્રણ દર્શન વિભાવિક છે કહ્યાં;**
**નિરપેક્ષ, સ્વપરાપેક્ષ–એ બે ભેદ છે પર્યાયના. ૧૪.**

**અન્વયાર્થ :– 'ચક્ષુ, અચક્ષુ અને અવધિ એ ત્રણે વિભાવદર્શન...'** છે. ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન. **'એ ત્રણે વિભાવદર્શન કહેવામાં આવ્યા છે.'** ભગવાનની વાણીમાં. **'પર્યાય દ્વિવિધ છે : સ્વપરાપેક્ષ...'** આહા..હા...! એક પર્યાય પોતાથી ઉત્પન્ન થાય છે અને નિમિત્ત સાપેક્ષ છે. એ સ્વપરસાપેક્ષ. **'(સ્વ ને પરની અપેક્ષા યુક્ત) અને નિરપેક્ષ.'** પર્યાય છે. કારણપર્યાય લેશે અને સ્વભાવ અગુરુ-લઘુ આદિ.

**'ટીકા :– આ, અશુદ્ધ દર્શનની તથા શુદ્ધ ને અશુદ્ધ પર્યાયની સૂચના છે. જેમ મતિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી (જીવ) મૂર્ત વસ્તુને જાણે છે,...'** બતાવવો છે ચક્ષુદર્શનનો ક્ષયોપશમ. એમાં પહેલું આ લઈને બતાવ્યું. **'જેમ મતિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી (જીવ) મૂર્ત વસ્તુને જાણે છે,...'** એ સમયે લે કે જુઓ! મતિજ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ હોય તો એને જાણે છે. એ તો નિમિત્તનું કથન છે. પોતાની પર્યાયમાં એટલા ક્ષયોપશમની લાયકાતથી ઉત્પન્ન થયું હોય તો મતિજ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ નિમિત્તરૂપે છે. મોટી ચર્ચા થઈ હતી ને ? જ્ઞાનની પોતાની યોગ્યતાથી ઉત્પત્તિ થાય છે ત્યારે બીજા કહે, નહિ. જ્ઞાનાવરણીય કર્મ છે, એનો ક્ષયોપશમ હોય તો ઉત્પન્ન થાય છે. અને જ્ઞાનાવરણીયના નિમિત્તથી આવરણ આવે છે. એ તો નિમિત્તનું કથન છે. પરદ્રવ્ય આવરે ક્યાં અને પરદ્રવ્ય... સમજાણું કાંઈ ?

'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ.' ભક્તિમાં આવે છે. 'કર્મ બિચારે કૌન ?' એ તો જડ છે, ધૂડ છે, માટી છે. આહા..હા...! 'ભૂલ મેરી અધિકાઈ.' એ ભૂલ કરનાર પણ આત્મા અને

ભૂલને ટાળનારો પણ આત્મા. કર્મ રહે તો નુકસાન થાય અને ટળે તો લાભ થાય એમ નથી. આહા..હા...! મોટી ચર્ચા ચાલી હતી. જ્યાં આવું આવે ને (ત્યાં કહે), જુઓ ! જ્ઞાનાવરણીયના ક્ષયોપશમથી થાય છે (એમ આધાર આપે). એ તો નિમિત્તનું કથન છે. ક્ષયોપશમ તો પોતાની યોગ્યતાથી મતિજ્ઞાનમાં ક્ષયોપશમની પર્યાય પ્રગટ છે. પોતાના પુરુષાર્થથી પ્રગટ છે. આહા..હા...! ત્યારે મતિજ્ઞાનાવરણીયના નિમિત્તથી ક્ષયોપશમ છે એમ કહેવામાં આવે છે. આહા..હા...!

'તત્ત્વાર્થ સૂત્ર'માં ક્ષયાત્ આવે છે ને ? જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અંતરાય ક્ષયાત્ કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે. એ પ્રશ્ન 'જૈનતત્ત્વ મિમાંસા' માં પંડિતજીએ નાખ્યો છે. છે ? ક્ષયાત્‌નો અર્થ – એ તો કર્મની પર્યાય હતી તે અકર્મરૂપ થઈ. પંડિતજી ! એમ લખ્યું ને ? 'જૈનતત્ત્વ મિમાંસા'માં.. એ તો કર્મની પર્યાય અકર્મરૂપ થઈ, પણ કર્મરૂપી પર્યાય બદલી માટે અહીં ઉઘાડ થયો એમ નથી. સમજાણું કાંઈ ? જ્ઞાનાવરણીયના ક્ષયાત્ કેવળજ્ઞાન. ત્યાં શબ્દ પડ્યો છે. જ્ઞાનાવરણીના ક્ષયથી... ક્ષય થયો તો શું થયું ? એ પરમાણુની કર્મરૂપ પર્યાય હતી એ અકર્મરૂપ થઈ. પણ એના ક્ષયથી કેવળજ્ઞાન થયું એમ ક્યાં છે ?

**શ્રોતા :–** શબ્દાર્થમાં...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પણ એનો ભાવાર્થ સમજવો જોઈએ ને. સમજાણું કાંઈ ? 'તત્ત્વાર્થ સૂત્ર'માં એવો પાઠ છે કે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય, અંતરાય ક્ષયાત્ કેવળજ્ઞાન આદિ (પ્રગટે). તો ક્ષયાત્‌નો અર્થ એનો ક્ષય થયો તો અહીંયા કેવળજ્ઞાન ઉત્પન્ન થયું ? એનો ક્ષય નામ કર્મની પર્યાય હતી એ અકર્મરૂપ થઈ. એનું પરિણામ એટલું આવ્યું. સમજાણું કાંઈ ? વાંચ્યું છે કે નહિ ? 'જૈનતત્ત્વ મિમાંસા' છે કે નહિ ? છે ? ઠીક. નવું છપાય છે. 'તત્ત્વાર્થ સૂત્ર' શાસ્ત્રમાં એમ આવ્યું છે કે મોહ ક્ષયાત્, જ્ઞાનાવરણી ક્ષયાત્ આ કેવળજ્ઞાન આદિ ઉત્પન્ન થાય છે. પણ એનો અર્થ શું ? પોતાની પુરુષાર્થની જાગૃતિ, ભાવકર્મના, ભાવઘાતિકર્મની પર્યાયનો નાશ કરીને ઉત્પન્ન થયું છે. દ્રવ્ય ઘાતિકર્મનો આત્મા નાશ કરી શકતો નથી, એ તો એના કારણે નાશ થાય છે. આહા..!

**શ્રોતા :–** ભાવઘાતિનો નાશ કરવો એ પણ નામમાત્ર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ પર્યાય છે ને ? નાશ કરવાની પર્યાય છે ને. પાઠ છે. ૧૬મી ગાથા. 'પ્રવચનસાર' ૧૬મી ગાથા. દ્રવ્ય-ભાવ ઘાતિકર્મના નાશથી ઉત્પન્ન થાય છે, એવો પાઠ છે. બધા પાઠની સાક્ષી છે. ભાવઘાતિનો નાશ. એ જ લેવું છે ને ? બાકી તો સ્વરૂપની એકાગ્રતા થઈ તો ભાવઘાતિ પર્યાય ઉત્પન્ન ન થઈ અને નાશ થયો, એમ કહેવામાં આવે છે. નહિ થવું એનો અર્થ નાશ. બીજો ક્યાં નાશ છે ? આહા..હા...! એ તો કથનશૈલી છે. આહા..હા...! બહુ સમજવામાં અત્યારે કર્મને નામે બહુ ગડબડી છે. કર્મથી થાય છે... કર્મથી થાય છે... ભાઈ ! કર્મ તો જડ છે. જડ આત્મામાં શું કરે ? આત્મા કર્મને અડતો નથી અને કર્મ આત્માને અડતા નથી. બે ભિન્ન ભિન્ન ચીજ છે. આહા..હા...! પોતાના ઊલ્ટા પુરુષાર્થથી વિપરીત થાય છે અને સુલટા પુરુષાર્થથી

અવિપરીત થાય છે. સમજાણું કાંઈ ?

અહીં કહ્યું કે **'જેમ મતિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી...'** એ નિમિત્તથી કથન છે. **'(જીવ) મૂર્ત વસ્તુને જાણે છે, તેમ ચક્ષુદર્શનાવરણીય કર્મના ક્ષયોપશમથી (જીવ) મૂર્ત વસ્તુને દેખે છે.'** ઓલો જાણે છે ને આ દેખે છે. પોતાના ક્ષયોપશની દશાથી મૂર્ત પદાર્થને દેખે છે, જ્ઞાન મૂર્ત પદાર્થને જાણે છે. આ દેખવાની વાત છે ને, દર્શનઉપયોગ. નીચે છે. **'દેખના = સામાન્યપણે અવલોકવું; સામાન્ય પ્રતિભાસ થવો.'** દર્શનમાં સામાન્યનું ભાન થવું, જોવું. એ ચક્ષુદર્શનાવરણીયની વાત કરી. **'જેમ શ્રુતજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી (જીવ) શ્રુત દ્વારા દ્રવ્યશ્રુતે કહેલા મૂર્ત-અમૂર્ત સમસ્ત વસ્તુસમૂહને પરોક્ષ રીતે જાણે છે,...'** લ્યો. **'શ્રુતજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી (જીવ) શ્રુત દ્વારા દ્રવ્યશ્રુતે કહેલા મૂર્ત-અમૂર્ત સમસ્ત વસ્તુસમૂહને પરોક્ષ રીતે જાણે છે, તેમ...'** આ જાણવાનું મિલાન કરે છે. **'તેમ અચક્ષુદર્શનાવરણીય કર્મના ક્ષયોપશમથી (જીવ) સ્પર્શન, રસન, ઘ્રાણ અને શ્રોત્ર દ્વારા તેને તેને યોગ્ય વિષયોને દેખે છે.'** બસ. જેમ શ્રુતજ્ઞાનાવરણીના ક્ષયોપશમથી જાણે છે એમ અચક્ષુદર્શનાવરણીયના ક્ષયોપશમથી દેખે છે. એની સાથે મેળવ્યું છે. પાંચ ઇન્દ્રિયથી યોગ્ય વિષયને દેખે છે. આહા..હા...! આ અશુદ્ધદર્શનની વ્યાખ્યા ચાલે છે.

**'જેમ અવધિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી (જીવ) શુદ્ધપુદ્ગલપર્યંત (–પરમાણુ સુધીના) મૂર્તદ્રવ્યને જાણે છે,...'** એક પરમાણુ સુધી જાણે છે. **'તેમ અવધિદર્શનાવરણીય કર્મના ક્ષયોપશમથી (જીવ) સમસ્ત મૂર્ત પદાર્થને દેખે છે.'** એક જાણે છે અને એક દેખે છે. બે ભિન્ન ગુણ છે ને ? જાણવું અને દેખવું, બે ગુણ ભિન્ન છે. જાણવામાં કેવળજ્ઞાન આવે છે અને દેખવામાં કેવળદર્શન આવે છે. સ્વભાવ. અને આમાં ચક્ષુદર્શનમાં અવધિ.. જોવામાં આવે છે. અને મતિ, શ્રુત અને અવધિ એ જ્ઞાનમાં આવે છે. સમજાણું કાંઈ ?

**'(ઉપર પ્રમાણે) ઉપયોગનું વ્યાખ્યાન કર્યા પછી અહીં પર્યાયનું સ્વરૂપ કહેવામાં આવે છે :–'** ત્યાં પાઠ છે ને ? **'पज्जाओ दुवियप्पो'** હવે. **परि समन्तात् भेदमेति गच्छतीति पर्यायः** પર્યાયનો અર્થ કર્યો. **'परि समन्तात् भेदमेति गच्छतीति'** ભેદ પડે એને પર્યાય કહેવામાં આવે છે. અભેદ એ ત્રિકાળી ચીજ છે. સમજાણું કાંઈ ? એમાં એક સમયની પર્યાય ભેદ, એને પર્યાય કહે છે. દ્રવ્ય, ગુણ છે એ ત્રિકાળ અભેદ છે. દ્રવ્ય અને ગુણની પર્યાયનું જ્ઞાન જ નથી કર્યું.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ... તે દિ' ઓલા આવ્યા હતા, નહિ ? '...શાસ્ત્રી' મહારાષ્ટ્રના. અહીં આવ્યા હતા. ... ઉદ્ઘાટન હતું ને ? પર્યાય શું છે ? પંડિત. પણ માણસ સારા, હોં ! પણ તમે પંડિત છો ને પર્યાય (પૂછો છો). મહારાષ્ટ્રના શાસ્ત્રી છે. ઘણા નરમ છે. અહીં આવ્યા હતા. આપણે ઉદ્ઘાટન થયું ને ? .... ઉદ્ઘાટન થયું ને ત્યારે. કઈ સાલ ? (સંવત) ૨૦૦૮ની સાલ. ૨૪ વર્ષ પહેલાં આવ્યા હતા. પર્યાય શું ? અરે..! તમે પંડિત છો અને પર્યાય (પૂછો છો). અને એક આગ્રાના

એ વીસપંથી ખરાને એ ? એટલે એ કેસર અને ચંદન નાખીને ભગવાનને ... કીધું ભાઈ ! અહીં એ રિવાજ નથી. ભગવાન ઉપર કેસર અને ચંદન (ન હોય). માણસ નરમ હતા. મહારાષ્ટ્રના.

અહીં કહે છે કે **'परि समन्तात् भेदमेति गच्छतीति पर्यायः'** **'અર્થાત્ જે સર્વ તરફથી ભેદને પામે તે પર્યાય છે.'** આહા..હા...! ત્રિકાળીમાંથી પર્યાયના ભેદ પડે છે ને ? પરિ.. પરિ.. પર્યાય. એક સમયની પર્યાય ભેદ છે. ભેદ નયનો વિષય છે, એ વ્યવહારનયનો વિષય છે. કોણ ? જે પ્રગટ પર્યાય છે એ. શુદ્ધકારણપર્યાય બીજી લેશે. એ પછી આવશે. હવે **'તેમાં, સ્વભાવપર્યાય છ દ્રવ્યને સાધારણ છે, અર્થપર્યાય છે,...'** એ સ્વભાવપર્યાય અર્થપર્યાય છે. **'વાણી અને મનને અગોચર છે,...'** ભગવાને કહ્યું એમ જાણવું. **'અતિ સૂક્ષ્મ છે, આગમપ્રમાણથી સ્વીકારવાયોગ્ય...'** છે. અગુરુ-લઘુ અર્થપર્યાય. **'છ હાનિવૃદ્ધિના ભેદો સહિત...'** છ હાનિવૃદ્ધિના ભેદો સહિત **'અર્થાત્ અનંતભાગ વૃદ્ધિ, અસંખ્યાતભાગ વૃદ્ધિ, સંખ્યાતભાગ વૃદ્ધિ, સંખ્યાતગુણ વૃદ્ધિ, અસંખ્યાતગુણ વૃદ્ધિ અને અનંતગુણ વૃદ્ધિ સહિત હોય છે અને એવી રીતે (વૃદ્ધિની જેમ) હાનિ પણ ઉતારાય છે.'** એ અગુરુ-લઘુની પર્યાય જરી સૂક્ષ્મ છે. એ આગમગમ્ય છે. એ સાધારણ માણસને ખ્યાલમાં ન આવે.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** નહિ, એકલી નિરપેક્ષ છે. અગુરુલઘુ સ્વભાવ છે. પરની અપેક્ષા એમાં નથી.

**'અશુદ્ધપર્યાય નર-નારકાદિ વ્યંજનપર્યાય છે.'** આ ટીકાનો શ્લોક હવે કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

*** પરમપારિણામિકભાવલક્ષણ જે પરમાત્મા તે હું છું, તેની દૃષ્ટિ કરવાથી જન્મ-મરણનો અંત આવશે. શું કરવું?–કે નિજપરમાત્મા છે ત્યાં દૃષ્ટિ કરવી. પરવસ્તુ, રાગ અને પર્યાયની દૃષ્ટિ છે તે બહિર્મુખ દૃષ્ટિ છે. જે ત્રિકાળી વસ્તુમાં નથી તેને પોતાની માનવી તે બહિર્દૃષ્ટિ છે. પ્રભુ! તું કોણ છો એ તને ખબર નથી. તેથી અહીં કહે છે કે જેને ધર્મ કરવો હોય, કલ્યાણના પંથે આવવું હોય, તેણે પહેલામાં પહેલો આત્માને જાણવો. મંદિર, પ્રતિષ્ઠામહોત્સવ આદિ શુભાશુભ હોય, પણ તે સાધન નથી. પ્રજ્ઞાછીણી એ સાધન છે. કેમ કે સકલ નિરાવરણ આત્મવસ્તુ અને રાગ એ બે વચ્ચે સંધિ છે, નિઃસંધિ થયા નથી, તેથી ત્યાં સાવધાનીપૂર્વક પ્રજ્ઞાછીણી પટકવાથી બે ભિન્ન થઈ જાય છે. ૨૦૫.**

**— દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર – પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

## શ્રી નિયમસાર, શ્લોક-૨૪, ૨૫, ૨૬, ગાથા–૧૫, પ્રવચન નં. ૧૫૯, તા. ૨૨-૧-૧૯૭૬ [૧૨]

એના ત્રણ કળશો છે ને ? ૨૪મો કળશ.

**अथ सति परभावे शुद्धमात्मानमेकं**
**सहजगुणमणीनामाकरं पूर्णबोधम्भजति**
**निशितबुद्धिर्यः पुमान्त शुद्धदृष्टिः**
**स भवति परमश्रीकामिनीकामरूपः ।।२४।।**

**'પરભાવ હોવા છતાં,...'** શું કહે છે ? આત્માની પર્યાયમાં પુણ્ય અને પાપના, રાગ-દ્વેષના ભાવ હોવા છતાં **'સહજગુણમણિની ખાણરૂપ...'** ભગવાનઆત્મા સ્વભાવિક ગુણમણિની ખાણ છે. વિકાર ભલે હો પણ તેના ઉપરથી દૃષ્ટિ છોડી દે. અને ભગવાનઆત્મા સહજગુણમણિની ખાણ છે. આહા..હા...! સ્વભાવિક ગુણમણિનું નિધાન છે.

**'અને પૂર્ણજ્ઞાનવાળા શુદ્ધ આત્માને...'** ત્રણ વાત થઈ કે આત્મામાં શુભ-અશુભભાવ વિકાર હોવા છતાં પણ અને ત્રિકાળ સહજગુણમણિની ખાણ ભગવાનઆત્મા અને શુદ્ધજ્ઞાનવાળા, પૂર્ણ જ્ઞાનવાળા, અંદર પૂર્ણ જ્ઞાન પડ્યું છે. આહા..હા...! એવા **'પૂર્ણજ્ઞાનવાળા શુદ્ધ આત્માને...'** ત્રિકાળી દ્રવ્યને. **'એકને જે તીક્ષ્ણ...'** એકને જ. એવો ત્રિકાળી જ્ઞાયકભાવ જ્ઞાનથી પૂર્ણ છે, અનંત સહજગુણમણિની ખાણ છે. એ એક આત્મા એકને, એવા આત્મા એકને **'જે તીક્ષ્ણબુદ્ધિવાળો શુદ્ધદૃષ્ટિ પુરુષ...'** ઓહો..હો...! સમ્યગ્દૃષ્ટિ સૂક્ષ્મ તીક્ષ્ણ બુદ્ધિવાળો કહેવાય છે. આહા..હા...! જેની દૃષ્ટિ સહજગુણમણિની ખાણ અને પૂર્ણ જ્ઞાનસ્વરૂપ એવા એક આત્માને જેણે દૃષ્ટિમાં પકડ્યો (છે), દૃષ્ટિથી એકરૂપને પકડ્યો છે એ તીક્ષ્ણ બુદ્ધિવાળો છે. આહા..હા...! આત્માનો જે ધ્રુવ સ્વભાવ છે એને તીક્ષ્ણ બુદ્ધિથી જેણે પકડી લીધો. આહા..હા...!

**'શુદ્ધદૃષ્ટિ પુરુષ...'** એ શુદ્ધ સમ્યગ્દૃષ્ટિ પુરુષ. **'ભજે છે,...'** ત્રિકાળી સહજગુણમણિની ખાણ અને પૂર્ણ જ્ઞાનસ્વરૂપ, એને એકને જ તીક્ષ્ણ બુદ્ધિ સંપન્ન અંદર દ્રવ્ય સ્વભાવને પકડતાં શુદ્ધદૃષ્ટિ પુરુષ. શુદ્ધ ત્રિકાળની જેની દૃષ્ટિ થઈ છે, એવો શુદ્ધદૃષ્ટિ પુરુષ એ ત્રિકાળી જ્ઞાયકને ભજે છે,

સેવા કરે છે, ત્રિકાળી જ્ઞાયકભાવની રમણતા કરે છે. આહા..હા...! એ ધર્મ અને એ મોક્ષનો માર્ગ છે. આહા..હા...! સમજાણું કાંઈ ? મુનિરાજે કેટલી શૈલી (કરી છે) !

આ આત્મા વસ્તુ છે એ ત્રિકાળી સ્વભાવિક ગુણમણિની ખાણ અને પૂર્ણ જ્ઞાનસ્વરૂપ શુદ્ધ છે અને પર્યાયમાં પુણ્ય-પાપના ભાવ હોવા છતાં એ પરભાવ વિભાવ છે. એમ હોવા છતાં તેમાં આ દૃષ્ટિ કરીને શુદ્ધ આત્માને સૂક્ષ્મ તીક્ષ્ણ બુદ્ધિવાળો સમ્યગ્દૃષ્ટિ તેને ભજે છે. આહા..હા...! છે ? **'તે પુરુષ પરમશ્રીરૂપી કામિનીનો (મુક્તિસુંદરીનો) વલ્લભ બને છે.'** અર્થાત્ વિકાર, પુણ્ય, દયા, દાન, વિકલ્પ, કામ, ક્રોધનો ભાવ હોવા છતાં એ સ્વભાવમાં નથી. એના સ્વભાવમાં તો સ્વભાવિક ગુણમણિનું નિધાન આત્મા છે. અને પૂર્ણ જ્ઞાન. અહીં કેવળજ્ઞાનની વાત નથી. પૂર્ણ જ્ઞાનસ્વરૂપ ત્રિકાળ. એવા શુદ્ધ એકને જે ભજે છે. અંતરમાં તીક્ષ્ણ બુદ્ધિવંત... આહા..હા...! એ ભજે છે એ મોક્ષમાર્ગ છે.

**શ્રોતા :–** ભજે છે એટલે શું ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સેવા એટલે એકાગ્ર થાય છે. ત્રિકાળી જ્ઞાયક શુદ્ધ પૂર્ણ સ્વભાવમાં એકાગ્ર થાય છે. ભજે નામ એની સેવા કરે છે.

**શ્રોતા :–** ભજનો બનાવીને ભજનો કરવા એમ ને ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ ભજન-બજન ક્યાં છે ? એ તો વિકલ્પ છે.

અહીંયાં તો આનંદમૂર્તિ શુદ્ધ જ્ઞાન પૂર્ણ પ્રભુ ! અહીં જ્ઞાનની પ્રધાનતા લીધી. બાકી બધા સહજ ગુણમણિની ખાણ આત્મા છે. આહા..હા...! **'શુદ્ધ આત્માને એકને જે...'** ત્રિકાળને. આહા..હા...! **'તીક્ષ્ણબુદ્ધિવાળો...'** જેની બુદ્ધિ પકડવામાં તીક્ષ્ણ છે, તેને અહીંયા તીક્ષ્ણ બુદ્ધિવાળો કહે છે. શુદ્ધદૃષ્ટિ-સમ્યગ્દૃષ્ટિ. અહીં કહ્યું હતું ને પહેલું ? **'પૂર્ણજ્ઞાનવાળો શુદ્ધ આત્મા...'** તો એ શુદ્ધ આત્માની દૃષ્ટિ એ શુદ્ધદૃષ્ટિ. સમજાણું કાંઈ ? આહા..હા...! આ તો અધ્યાત્મની સૂક્ષ્મ વાત છે ને. આહા..હા...!

મુનિરાજ 'પદ્મપ્રભમલધારીદેવ' ભાવલિંગી સંત કહે છે કે આવા આત્માને–વસ્તુ જે અનંત ગુણની ખાણ અને પૂર્ણ જ્ઞાન (સ્વરૂપ છે), એવા **'શુદ્ધ આત્માને એકને જે...'** એ શુદ્ધ એકને તીક્ષ્ણ બુદ્ધિવાળો–જ્ઞાનની ઝીણી બુદ્ધિથી એને ભજે છે, શુદ્ધદૃષ્ટિ આત્માની સેવા કરે છે. આવા આત્મામાં એકાગ્ર થાય છે એ મોક્ષને પામે છે. મોક્ષનો માર્ગ, એનું કારણ અને એનું કાર્ય–મોક્ષમાર્ગનું ફળ, ત્રણે વાત લઈ લીધી. આહા..હા...! મોક્ષનો માર્ગ, એનું કારણ ત્રિકાળી જ્ઞાયકભાવ. આહા..હા...! ત્રિકાળી આનંદકંદ પ્રભુ એ મોક્ષમાર્ગનું કારણ છે અને ત્રિકાળીનું સેવન કરવું એ મોક્ષમાર્ગ. અને મોક્ષમાર્ગનું ફળ... **'તે પુરુષ પરમશ્રીરૂપી કામિની...'** મોક્ષ. પૂર્ણાનંદની પ્રાપ્તિરૂપી સ્ત્રી, પરિણતિ એનો **'વલ્લભ બને છે.'** પૂર્ણાનંદની પ્રાપ્તિ એને છોડતી નથી. પૂર્ણાનંદની પ્રાપ્તિ તેને સદાય રહે છે. આહા..હા...! આવી વાત હવે.

**શ્રોતા :–** આમાં કરવું શું પણ ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ કરવાનું આવ્યું ને. શરીર, વાણી, મન તો ક્યાંય દૂર રહ્યા. એ તો

આત્મામાં છે જ નહિ. પણ દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજાના વિકલ્પ છે એ પણ આત્મામાં નથી. એ તો પરભાવ વિકાર છે.

**શ્રોતા :–** એ તો પરભાવમાં આવ્યા ને ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પરભાવમાં આવ્યા. અહીંયાં પરભાવમાં ઓલી પર્યાય નિર્મળ એમ ન લેવી. અહીંયાં તો વિકારી પર્યાય એ પરભાવ. સ્વભાવની પર્યાય ત્રિકાળને પકડીને તેની સેવા કરે એ સ્વભાવપર્યાય છે. સમજાણું કાંઈ ?

ફરીથી. આ તો અધ્યાત્મસ્વરૂપ છે. **'તે પુરુષ પરમશ્રીરૂપી...'** જેણે ભગવાનઆત્મા સહજાનંદ પૂર્ણ જ્ઞાનસ્વરૂપ અને અનંત ગુણનું નિધાન, એવી એક નામ અભેદ ચીજ, એવા એકને પોતાની તીક્ષ્ણ બુદ્ધિથી શુદ્ધદૃષ્ટિ પુરુષ (એમાં) એકાગ્ર થાય છે. એ એકાગ્ર થાય છે એ મોક્ષનો માર્ગ છે. એનાથી મોક્ષ મળે છે. મોક્ષ આ. **'તે પુરુષ પરમશ્રીરૂપી...'** પરમ લક્ષ્મી. કેવળજ્ઞાન અનંત આનંદાદિ પરમલક્ષ્મી–મોક્ષ. **'પરમશ્રીરૂપી કામીની...'** એટલે શુદ્ધ પરિણતિ **'(મુક્તિસુંદરીનો) વલ્લભ બને છે.'** એટલે મુક્તિસુંદરીની પર્યાય એનાથી દૂર નહિ રહે. અભેદપણે અનુભવમાં રહેશે. આહા..હા...! છે તો ત્રણ લીટી, ત્રણ પંક્તિ છે.

**શ્રોતા :–** ભંડાર ભર્યો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ભંડાર ભર્યો છે. આહા..હા...!

એક તો એ સિદ્ધ કર્યું, કે વિકાર પરિણામ પર્યાયમાં તો છે. ગાગરમાં સાગર કહે છે ને ? ગાગરમાં સાગર એમ ભરી દીધું છે. આહા..હા...! જંગલમાં નગ્ન દિગંબર મુનિ આનંદમાં ઝુલનારા અનુભવ (કરનારા) કહે છે કે ભગવાન ! આ તારી ચીજ જ ભગવાન સ્વરૂપ શુદ્ધ જ્ઞાનઘન છે, અનંત ગુણમણિનું નિધાન છે. તેને વર્તમાન જ્ઞાનની તીક્ષ્ણ બુદ્ધિથી શુદ્ધદૃષ્ટિ એટલે ત્રિકાળની દૃષ્ટિવંત, એવો પુરુષ એને ભજે છે–એમાં એકાગ્ર થાય છે. એ મોક્ષરૂપી સુંદરી... આવ્યું ને ? પરમશ્રી... પરમશ્રી... પરમશ્રી... પરમશ્રી... પૂર્ણ લક્ષ્મી. શ્રી એટલે લક્ષ્મી. અતીન્દ્રિય આનંદ આદિ મુક્તિની પરમલક્ષ્મી, તેને પ્રાપ્ત થાય છે, તેનો વલ્લભ થાય છે... એટલે પૂર્ણ આનંદની પ્રાપ્તિ તેને થાય છે. લ્યો, એ ૨૪મો (કળશ) થયો. ૨૫.

**इति परमगुणपर्यायेषु सत्सूत्तमानां**
**हृदयसरसिजाते राजते कारणात्मा।**
**सपदि समयसारं तं परं ब्रह्मरूपं**
**भज भजसि निजोत्थं भव्यशार्दूल स त्वम्।।२५।।**

આહા..હા...! **'એ રીતે પર ગુણ પર્યાયો હોવા છતાં,...'** પર્યાયમાં રાગાદિ હોવા છતાં. એ

પર ગુણ-પર્યાય વિકારી ભાવ આદિ. **'ઉત્તમ પુરુષોના હૃદયકમળમાં...'** ઉત્તમ પુરુષોના હૃદયકમળમાં **'કારણ-આત્મા બિરાજે છે.'** આહા..હા...! જ્ઞાનની નિર્મળ પર્યાયરૂપી કમળમાં ભગવાન ત્રિકાળ અંદર બિરાજમાન છે. આહા..હા...! **'આત્મા બિરાજે છે.'** હૃદયકમળનો અર્થ જ્ઞાનની નિર્મળ પર્યાયમાં આખો આત્મા બિરાજમાન છે. આહા..હા...! સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનરૂપી કમળ, એમાં આખા ભગવાનને બિરાજમાન કર્યા છે. આખા ભગવાનનો આશ્રય લીધો છે, પૂર્ણ ભગવાનનું અવલંબન લીધું છે. આહા..હા...!

**'પોતાથી ઉત્પન્ન એવા તે પરમબ્રહ્મરૂપ સમયસારને—'** પોતાથી છે. ઉત્પન્નનો અર્થ એ. આત્મા સમયસારને, એવા પરમબ્રહ્મસ્વરૂપ ધ્રુવ ચૈતન્ય આનંદને. આહા..હા...! **'જેને તું ભજી રહ્યો છે...'** મુનિરાજ કહે છે. આહા..હા...! પૂર્ણ કારણપરમાત્મા નિત્યાનંદ પ્રભુને તું સેવી રહ્યો છે, ભજી રહ્યો છે. આહા..હા...! આ મુનિપણું. આહા..હા...! વ્રત લેવા ને નગ્નપણું એ મુનિપણું નથી. સમજાણું કાંઈ ? **'પર ગુણ પર્યાયો હોવા છતાં, ઉત્તમ પુરુષોના હૃદયકમળમાં...'** જ્ઞાનકમળમાં **'કારણ-આત્મા બિરાજે છે.'** કારણપરમાત્મા કહો, અહીં કારણઆત્મા લીધું છે. આહા..હા...! સમ્યગ્જ્ઞાનની કમળદશામાં આખો આત્મા રહ્યો છે. આખા આત્માનો સ્વીકાર કર્યો ને ? જ્ઞાને પૂર્ણ આત્માનો સ્વીકાર કર્યો. તેથી જ્ઞાનકમળમાં આત્મા રહ્યો છે એમ કહ્યું છે. સમજાણું કાંઈ ?

**શ્રોતા :–** એના પ્રયોગો બતાવો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ પ્રયોગો જ કહે છે ને. અંદરમાં જાવું એ (પ્રયોગ). ત્રિકાળી જ્ઞાયકભાવ પાસે જાવું એ એનો પ્રયોગ છે. વિકારથી દૂર થઈને ત્રિકાળ પાસે જાવું એ પ્રયોગ છે.

**શ્રોતા :–** કસરત કરાવે છે ત્યારે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ કસરત છે. આહા..હા...!

શુદ્ધ જ્ઞાનઘન ધ્રુવ, ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્તં સત્. એ આખી પૂર્ણ ચીજ. એમાંથી ઉત્પાદ-વ્યયની પર્યાય ત્રિકાળ ધ્રુવને અવલંબે છે, એ પ્રયોગ છે. આહા..હા...! માર્ગ આ છે, ભાઈ ! આહા..હા...! જૈનદર્શન, વસ્તુદર્શન, વિશ્વદર્શન છે. આખા વિશ્વનું સ્વરૂપ આવું છે. આહા..હા...!

**'એવા તે પરમબ્રહ્મરૂપ સમયસારને—'** ત્રિકાળની વાત છે, હોં ! **'કે જેને તું ભજી રહ્યો છે...'** આહા..હા...! મુનિરાજ કહે છે કે હું તો ત્રિકાળી આનંદકંદને ભજું છું, એકાગ્ર થાઉં છું. આહા..હા...! એ મારું મુનિપણું અને એ મારો મોક્ષનો માર્ગ છે. આહા..હા...! હજી પકડવું કઠણ (પડે). સાંભળવા મળે નહિ. આ બધી બહારની વાતું. આ કરો... આ કરો... આ કરો...

**શ્રોતા :–** આપ પણ કરવાનું તો કહો છો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પણ આ તો અંદરનું કરવાની વાત છે. આહા..હા...! દિશાને ફેરવવી હોય તો દશા ફરશે. પર તરફની જે દિશા છે, એની એ દશાને ફેરવવા દિશા ફેરવવી પડશે. એની ત્રિકાળ ઉપર દિશા જતાં એની દિશા સમ્યક્ થશે. સમજાણું કાંઈ ? ... શું કરો છો ? કે હું પરમાનંદ

સ્વરૂપ ભગવાનની એકાગ્રતા કરું છું. વ્રત પાળું છું, એ હું નહિ. આહા..હા...! એ તો એમાં પંચ મહાવ્રતમાં લીધું છે. પરગુણ–પર્યાય હોવા છતાં, પરભાવ હોવા છતાં. આહા..હા...! પરગુણ–પર્યાયમાં એ લીધું. આહા..હા...!

**'ઉત્તમ પુરુષોના હૃદયકમળમાં...'** હૃદય નામ અંદર જ્ઞાનકમળ. જ્ઞાનપર્યાય છે. **'કારણ-આત્મા બિરાજે છે.'** આહા..હા...! જ્ઞાનની નિર્મળ પર્યાયમાં કારણપરમાત્માનો સ્વીકાર થયો છે એટલે બિરાજમાન છે. એ **'પોતાથી ઉત્પન્ન એવા તે પરમબ્રહ્મરૂપ સમયસારને–'** અનાદિનો છે કે જેને તું ભજી રહ્યો છે. આહા..હા...! ભગવાનને ભજવા, તીર્થંકરને (ભજવા) એમ ન કહ્યું. તું એમ ભજી રહ્યો છે. આહા..હા...! અહો..! આ સિદ્ધાંત કહેવાય. સમજાણું કાંઈ ? જેમાં થોડામાં ઘણું ભરી દીધું છે. સમજાણું કાંઈ ? આ બધું લખાઈ ગયું છે. આ બધી ટીકા લેશે. આહા..હા...!

અહીં તો હવે અંતર ... આગળ વધ. આહા..હા...! સમજાણું કાંઈ ? શરીર, વાણી, મન પર રહ્યા, શુભાશુભભાવ પર રહ્યા, સ્વ અનાદિ અનંત 'સમયસાર' ધ્રુવ ચૈતન્ય ભગવાન તે સ્વ, તેને તું ભજે છે, એમાં તું એકાગ્ર થાય છે, એ તારું મુનિપણું છે. પણ હવે કહે છે શીઘ્ર ભજ. એકદમ અંદર એકાગ્ર થા. આહા..હા...! સમજાણું કાંઈ ? શ્લોકમાં .. કથન કરવું અને બોલવું એ જુદી વસ્તુ છે. આ તો અંદર વસ્તુ શુદ્ધ ચૈતન્યઘન પૂર્ણ બ્રહ્મ, પરમ 'સમયસાર'. સમયસાર એટલે ત્રિકાળી આત્મા. .. ભવ્ય, લાયક ઉત્તમપુરુષ આત્મા. આહા..હા...! **'તું શીઘ્ર ભજ;...'** ને. અંતરમાં ઉતાવળ કરીને અંદર વિશેષ એકાગ્ર થા. આહા..હા...! સમજાણું કાંઈ ? જુઓ ! આ દિગંબર સંતોની વાણી. આહા..હા...! ભગવાનના કેડાયતો, ભગવાનને કેડે ચાલનારા. આ નગ્નપણું, પંચ મહાવ્રત એ કાંઈ સાધુ નથી. આહા..હા...! સ્વરૂપને સાધે તે સાધુ. એ તો સ્વરૂપ જે ત્રિકાળી આત્મા આનંદકંદ છે એમાં એકાગ્રતા–ભજન કરવું એ સાધન છે, એ સાધુ છે. આહા..હા...!

**'(ભવ્યોત્તમ)...'** આત્માને કહે છે. પોતે પોતાને સ્વયં કહે છે. હે ભગવાન ! હે ઉત્તમ આત્મા ! આહા..હા...! મુનિરાજ 'પદ્મપ્રભમલધારીદેવ'... આહા..હા...! (કહે છે), **'તું શીઘ્ર ભજ;...'** કેમ ? કે **'તું તે છે.'** જેને તું ભજે છે તે તું છો. આહા..હા...! પૂર્ણાનંદનો નાથ સચ્ચિદાનં સ્વરૂપ કારણપરમાત્મા, કારણધ્રુવ, કારણજીવ, કારણઆત્મા બધી એક જ વાત છે. તેને ભજ, કેમ કે એ તું છો. એને ભજ કેમ કે એ તું છો. આહા..હા...! એ કોઈ પર નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? ગજબ વાત છે. આહા..હા...! અમૃત રેડ્યા છે. માણસને આ અંતરની વાતું સાંભળી નથી એટલે એવું લાગે કે આ કેવું હશે ? કંઈક દયા પાળો, મહાવ્રત કરો (એવું તો કહેતા નથી). હવે એ તો અનંતવાર કર્યું છે, સાંભળને. એ ધર્મ ક્યાં છે.

ધર્મી એવો ભગવાન સહજ ગુણમણિની ખાણ, એમાં એકાગ્ર થવું એ ધર્મ છે. ધર્મી એવો આત્મા એમાં એકાગ્ર થવું એ ધર્મ છે. આહા..હા...! **'તું તે છે.'** અંદર એમ છે ને ? **'भव्यशार्दूल स त्वम्'** એમ છે ને ? **'स त्वम्'** છેલ્લો શબ્દ છે. **'તે તું છો.'** આહા..હા...! જ્ઞાનથી પરિપૂર્ણ

ભગવાન પોતે, અને અતીન્દ્રિય આનંદ અને સહજ ગુણમણિની ખાણ, એનું ભજન કર, એમાં એકાગ્ર થા. કેમ કે એ તું છો. આહા..હા...! તને તું ભજ એમ કહે છે. સમજાણું કાંઈ ? એ બે શ્લોક થયા. આહા..હા...!

**कचिल्लसति सद्‌गुणैः कचिदशुद्धरूपैर्गुणैः**
**कचित्सहजपर्ययैः कचिदशुद्धपर्यायकैः ।**
**सनाथमपि जीवतत्त्वमनाथं समस्तैरिदं**
**नमामि परिभावयामि सक्लार्थसिद्धयै सदा ।।२६ ।।**

આહા..હા...! '**જીવતત્ત્વ...**' એટલે ભગવાનઆત્મા '**ક્વચિત્ સદ્‌ગુણો સહિત વિલસે છે–**' કેવળજ્ઞાનાદિ ગુણોસહિત વિલસે છે. ક્વચિત્ ભગવાનઆત્મા અનંત ગુણનો પિંડ પ્રભુ, પર્યાયમાં સદ્‌ગુણ નામ કેવળજ્ઞાનાદિ સહિત પ્રગટે છે. નીચે છે ? '**વિલસવું = દેખાવ દેવો; દેખાવું; ઝળકવું; આવિર્ભૂત થવું; પ્રગટ થવું.**' આહા..હા...! આ સદ્‌ગુણો એટલે પર્યાય. પ્રગટ થાય છે ને ? ત્રિકાળની વાતમાં ત્રિકાળ તો વસ્તુ છે. હવે સદ્‌ગુણો સહિત. કેવળજ્ઞાન, કેવળદર્શન આદિ ગુણોને સદ્‌ગુણો કહેવામાં આવ્યા છે, છે પર્યાય. આહા..હા...!

'**સદ્‌ગુણો સહિત વિલસે છે—દેખાય છે,...**' આહા..હા...! '**ક્વચિત્ અશુદ્ધરૂપ ગુણો સહિત વિલસે છે,...**' મતિજ્ઞાન આદિ વિભાવગુણને અશુદ્ધ ગુણ કહેવામાં આવ્યા છે. મતિ, શ્રુત, મનઃપર્યય, અવધિ ચાર એ '**અશુદ્ધરૂપ ગુણો સહિત વિલસે છે,...**' પર્યાયમાં ચાર જ્ઞાન સહિત પ્રગટ દેખાય છે. સમજાણું કાંઈ ? આહા..હા...! '**ક્વચિત્ સહજ પર્યાયો સહિત વિલસે છે...**' અગુરુ-લઘુ આદિ. અગુરુ-લઘુ ષટ્‌ગુણહાનિવૃદ્ધિ છે ને ? '**સહજ પર્યાય સહિત વિલસે છે અને ક્વચિત્ અશુદ્ધ પર્યાયો સહિત વલિસે છે.**' વ્યંજનપર્યાય. સમજાણું કાંઈ ?

જીવતત્ત્વ ત્રિકાળ .. પ્રભુ પૂર્ણ જ્ઞાયક .. તે કેવળજ્ઞાનાદિ ગુણો સહિત દેખાય છે. કોઈ વખતે મતિજ્ઞાનાદિ અશુદ્ધ ગુણોથી બિરાજમાન છે પર્યાયમાં દેખાય છે. અગુરુલઘુ આદિ ષટ્‌ગુણહાનિવૃદ્ધિથી પર્યાયમાં દેખાય છે. ક્વચિત્ અશુદ્ધપર્યાયો–વ્યંજનપર્યાય–નારકી, મનુષ્ય આદિ જે ચાર ગતિ એ અશુદ્ધ પર્યાય છે. અશુદ્ધ નર, નારક આદિ વ્યંજનપર્યાય. સમજાણું કાંઈ ? એ પણ છે તો પર્યાય. કોણ ? આ ષટ્‌ગુણ. પણ કેવળજ્ઞાનાદિને ષટ્‌ગુણ કહેતા પર્યાય છે. છે તો પર્યાય. મતિશ્રુત, અવધિ ચાર. પણ એના ગુણ છે એમ કહીને અશુદ્ધરૂપ ગુણો સહિત અહીંયા લે છે, વિલસે છે. આહા..હા...!

'**આ બધાથી સહિત હોવા છતાં પણ...**' આહા..હા...! '**જે એ બધાથી રહિત છે...**' ભગવાન ત્રિકાળ તો (રહિત છે). કેવળજ્ઞાનાદિ પર્યાય, મતિજ્ઞાનાદિ ચાર પર્યાય, અગુરુલઘુ આદિની ષટ્‌ગુણહાનિ પર્યાય અને અશુદ્ધવ્યંજનપર્યાય સહિત હોવા છતાં વસ્તુ એનાથી રહિત છે. સમજાણું કાંઈ ? '**સહિત**

**હોવા છતાં...**' જુઓ ! '**એ બધાથી રહિત...**' વસ્તુ એ તો ચાર પ્રકારના પર્યાયથી રહિત છે. કેવળજ્ઞાનાદિની પર્યાયથી રહિત છે, અગુરુલઘુની ષટ્‌ગુણહાનિવૃદ્ધિ પર્યાય એનાથી પણ દ્રવ્ય તો રહિત છે. અને અશુદ્ધવ્યંજનપર્યાયથી પણ દ્રવ્ય તો રહિત છે. આહા..હા...!

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ના, ના, નારકીની. વ્યંજનપર્યાય, બીજી નહિ. ... કીધું ને ? ... મતિજ્ઞાનાદિ. વિકાર છે એ અહીં ન લેવું. અહીં તો આટલું દેખાય છે. અગુરુલઘુની પર્યાય દેખાય છે ? નારકી આદિની વ્યંજનપર્યાય દેખાય છે. આહા..હા...!

'**આ બધાથી સહિત હોવા છતાં પણ...**' આહા..હા...! '**જે એ બધાથી રહિત છે...**' કેવળજ્ઞાન આદિ પર્યાય, મતિઆદિની પર્યાય, અગુરુલઘુની પર્યાય અને અશુદ્ધપર્યાય. ચારથી વસ્તુ જે છે એ તો રહિત છે. જ્ઞાયકભાવ ચિદાનંદ ... આ શૈલી છે આમાં. વ્યંજનપર્યાયમાં નારકી આદિની. રાગ આદિ નહિ. એ તો પહેલાં કહ્યું. પર ગુણપર્યાય હોવા છતાં. હોય. હવે એનું કાંઈ કામ નથી. આહા..હા...! '**એવા આ જીવતત્ત્વને...**' કેવા ? કે ચાર પ્રકાર પર્યાયમાં હોવા છતાં વસ્તુ જે જીવતત્ત્વ ધ્રુવ જ્ઞાયકપ્રભુ છે તો એ જીવતત્ત્વ એનાથી રહિત છે. એનાથી રહિત હું... આહા..હા...! મુનિરાજ કહે છે કે એવું એ જીવતત્ત્વ, જ્ઞાયકતત્ત્વ, કારણપરમાત્મા, શુદ્ધ અખંડાનંદ અભેદ વસ્તુ, '**હું સકળ અર્થની સિદ્ધિને માટે...**' આહા..હા...! મારા અર્થની સિદ્ધિ–મોક્ષની પર્યાય પ્રગટ કરવા માટે. એ અર્થસિદ્ધિ થાય. એ અર્થસિદ્ધિ. આ પૈસાની અર્થસિદ્ધિ નહિ.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હવે આ ધૂડને શું કરવી છે ? ધૂડ તો એની પર્યાયમાં પણ નથી. એ શું કહ્યું ? સાંભળો ! એ પૈસા, લક્ષ્મી તો એની પર્યાયમાં પણ નથી. એની તો વાત અહીં છે જ નહિ. પણ એની પર્યાયમાં છે એ દ્રવ્યમાં નથી. આહા..હા...! આ શરીર, વાણી, મન, લક્ષ્મી એ તો ભગવાનઆત્માની પર્યાયમાં પણ નથી. એની તો વાત નથી. અહીં તો પર્યાયમાં જે છે કેવળજ્ઞાન, મતિજ્ઞાન, અગુરુલઘુપર્યાય અને વ્યંજનપર્યાય એ છે એ ત્રિકાળમાં નથી. સમજાણું કાંઈ ? આહા..હા...! એવી વાત છે.

અરે..! સત્ ક્યાં છે ? ભાઈ ! પૂર્ણ સત્યપ્રભુ અંદર બિરાજે છે. આહા..હા...! પૂર્ણ સત્યપ્રભુ ! સત્‌સાહેબો કારણસમયસાર ભગવાન એ જીવતત્ત્વ છે. આહા..હા...! એને તું ભજ. '**આ જીવતત્ત્વને હું...**' મુનિરાજ કહે છે. '**એવા જીવતત્ત્વને હું સકળ અર્થની સિદ્ધિ...**' મોક્ષરૂપી પર્યાયની પ્રાપ્તિ માટે '**સદા નમું છું,...**' આહા..હા...! એવી ત્રિકાળી ચીજમાં મારી નમન દશા છે. આહા..હા...! જુઓ! તો આ. શ્વેતાંબરના ૩૨ સૂત્ર વાંચે તો એક કડી હાથ ન આવે. અમારે બહેન પૂછતા હતા ને ? આ તો એક એક કડી આ તે શું ચીજ છે ! આહા..હા...! સંતોની વાણી કેવળજ્ઞાનના કેડાયતો.. આહા..હા...!

ભગવાન ! એકવાર સાંભળને, કહે છે. આહા..હા...! તું જેને ભજે છે એને હું હવે સર્વ અર્થની સિદ્ધિ માટે ભજું છું. મારું કેવળજ્ઞાનરૂપી પ્રયોજન એ મારું પ્રયોજન છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

**શ્રોતા :–** જે વસ્તુમાં નથી...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ તો વસ્તુમાં નથી, પણ પર્યાયનું કરવાનું કાર્ય છે ને ! કાર્ય તો એ કરવાનું છે ને ! કેવળજ્ઞાન મોક્ષ એ કાર્ય. વસ્તુમાં નથી પણ વસ્તુને આશ્રયે કાર્ય તો આ કરવાનું છે ને ! આહા..હા...! વસ્તુમાં નથી પણ વસ્તુને આશ્રયે કાર્ય આ કરવાનું છે. આહા..હા...! ધ્યેય જુદું. ધ્યેય દ્રવ્ય. કાલે પંડિતજીને કહ્યું હતું. ધ્યેય એ દ્રવ્ય. સાધ્ય કેવળજ્ઞાન મોક્ષ. સાધન આ. અંદર દ્રવ્યની એકાગ્રતા (કરવી) એ એનું સાધન. આહા..હા...!

**'એ બધાથી રહિત છે એવા આ જીવતત્ત્વને...'** એ તો ચાર પર્યાયથી રહિત છે. **'સકળ અર્થની સિદ્ધિને માટે...'** પૂર્ણાનંદની પ્રાપ્તિ માટે **'સદા નમું છું,...'** એ જ્ઞાયકભાવમાં મારું વલણ, નમન છે અને એને **'ભાવું છું.'** એ ત્રિકાળની ભાવના કરું છું. આહા..હા...! એ અંદર નમે છે.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** વિકલ્પ વિકલ્પના ઘરે રહ્યો. આ મુનિ છે, હોં ! આચાર્ય નથી. 'અમૃતચંદ્ર' આચાર્ય છે, આ મુનિરાજ છે, આચાર્ય નથી. આહા..હા...! આ તો બહારની વાત છે ને ! ખરું આચાર્યપણું તો આત્માનું સ્વરૂપ છે એ છે. પાંચ પદ આત્માનું સ્વરૂપ લીધું છે. સમજાણું કાંઈ ? પાંચે પરમેષ્ઠીની પર્યાય તે, નિર્મળ વીતરાગી પર્યાય તે પરમેષ્ઠી છે. નગ્નપણું, મહાવ્રત એ કાંઈ પરમેષ્ઠીપણું નથી. આહા..હા...! વીતરાગી પરિપૂર્ણ પર્યાય અરિહંત અને સિદ્ધની, આચાર્ય, ઉપાધ્યાય, સાધુની અપૂર્ણ નિર્મળ પર્યાય. વાત એ કે આ બધા દેહ ને ફેહ બધા મારા ... જડ ... એની સાથે વળગ્યો. ઓલી ચીજ પડી રહી. બે કળશ છે, 'નિયમસાર'. એની સાથે વળગ્યો, ઓલી ચીજ પડી રહી.

**શ્રોતા :–** એ ત્રણ પર્યાયમાં કાંઈ ભેદ ખરો ? આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ ત્રણે બધું ... એક ન્યાયે. એ .. છે જ તો. 'નિયમસાર'માં આવી ગયું છે. કેવળજ્ઞાની અને મોક્ષમાર્ગી સાધુમાં થોડો ફેર છે. પછી એકવાર કહ્યું કે ફેર માને એ જડ છે. બે કળશ છે. 'નિયમસાર'. પૂર્ણાનંદનો નાથ પ્રભુ... આ 'નિયમસાર' છે. છે ? ક્યાં છે ? ૨૮૮ પાનું. એ શ્લોકમાં જુઓ! ૨૮૮ પાને. **'એ લોકમાં તપશ્ચર્યા સમસ્ત સુબુદ્ધિઓને પ્રાણપ્યારી છે.'** આનંદની દશારૂપી તપસ્યા. જડમતી અરે..રે..! **'જે જીવ અન્યવશ છે તે ભલે મુનિવેશધારી હોય તોપણ સંસારી છે, નિત્ય દુઃખનો ભોગવનાર છે; જે જીવ સ્વવશ છે તે જીવન્મુક્ત છે, જિનેશ્વરથી કિંચિત્ ન્યૂન છે (અર્થાત્ત તેનામાં જિનેશ્વરદેવ કરતાં જરાક જ ઊણપ છે).'** મુનિરાજની દશા જિનેશ્વરથી થોડી ઓછી છે. આ તો જડબુદ્ધિ છે, એમ લખ્યું છે.

હા, એ. એ ૨૫૩ કળશ. ૨૫૩ કળશ. ૨૯૬ પાનું. **'સર્વજ્ઞ-વીતરાગમાં અને આ સ્વવશ**

**યોગીમાં...'** આ સંત, મુનિઓ, ભાવલિંગી, અંદર આનંદના કંદમાં (ઝુલનારા), **'ક્યારેય કાંઈ પણ ભેદ નથી;...'** છે ? **'છતાં અરેરે! આપણે જડ છીએ કે તેમનામાં ભેદ ગણીએ છીએ.'** આહા..હા...! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વીતરાગી અંતર દશા પ્રગટ છે, તો કેવળજ્ઞાનીમાં અને એનામાં પહેલાં થોડો ફેર કહ્યો હતો. હવે ... વીતરાગપણાની તૈયારી થઈ ગઈ. કેવળજ્ઞાન લેવાની તૈયારી (થઈ ગઈ), (બીજું) કાંઈ છે નહિ, જાવ. મોક્ષ. 'પ્રવચનસાર'માં મોક્ષતત્ત્વ કહ્યું ને ? ભાઈ ! હજી સાધકપણે છે ને મોક્ષતત્ત્વ કહ્યું. 'પ્રવચનસાર'માં. છે ને ? ચારેબાજુથી લખાણ એક સરખું. જૈન સિદ્ધાંત અલૌકિક વાણી છે. ક્યાંય છે નહિ. આહા..હા...!

**શ્રોતા :–** .. એક બાજુથી કહે સમકિત ન હોય, એક બાજુથી...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ કઈ અપેક્ષાએ ? .. જ્ઞાન યથાર્થ કરાવ્યું છે. તેથી ન્યૂન છે, તદ્દન પૂર્ણ છે એમ પણ નહિ અને પૂર્ણ થવાની તૈયારી છે, માટે એને પૂર્ણ છે એમ કહે છે. આહા..હા...!

એ ૧૪મી ગાથા થઈ. બે ભાષા કરી, હોં ! નમું છું અને ભાવું છું. ત્રિકાળી આનંદકંદમાં અંદર એકાગ્ર છે અને એની મને ભાવના છે. ભાવના એની છે. રાગની ભાવના એ મારી ભાવના નથી. સમજાણું કાંઈ ? હવે આવી ગાથા. હવે ૧૫મી ગાથા.

**શ્રોતા :–** આત્મા એ .. છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** .... બે હજાર. ૩૨ વર્ષ થયા. આ ગાથાને.

**શ્રોતા :–** થોડો વિશેષ ખુલાસો આપશો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** જુઓ ! શું આવે છે.

**णरणारयतिरियसुरा पज्जाया ते विहावमिदि भणिदा।**
**कम्मोपाधिविवज्जियपज्जाया ते सहावमिदि भणिदा।।१५।।**

જુઓ, પેલી વ્યંજનપર્યાય કીધી છે ને ! નીચે.

**તિર્યંચ-નારક-દેવ-નર પર્યાય વૈભાવિક કહ્યા;**
**પર્યાય કર્મોપાધિવર્જિત તે સ્વભાવિક ભાખિયા. ૧૫.**

**'અન્વયાર્થ :– મનુષ્ય, નારક, તિર્યંચ ને દેવરૂપ પર્યાયો તે વિભાવપર્યાયો...'** વ્યંજનપર્યાય વિભાવ. **'કહેવામાં આવ્યા છે;...'** ભગવાને એમ કહ્યું છે અને **'કર્મોપાધિ રહિત પર્યાયો તે સ્વભાવપર્યાયો...'** છે. એ સ્વભાવપર્યાયના ભેદ પાડશે. **'આ, સ્વભાવપર્યાયો અને વિભાવપર્યાયોનું સંક્ષેપકથન છે.'** સ્વભાવિક પર્યાય અવસ્થા, હોં ! અને વિભાવક અવસ્થાઓનું સંક્ષેપકથન છે. **'ત્યાં સ્વભાવપર્યાયો અને વિભાવપર્યાયો મધ્યે પ્રથમ સ્વભાવપર્યાય બે પ્રકારે કહેવામાં આવે છે :'** સ્વભાવપર્યાય બે પ્રકારે

કહેવામાં આવે છે. **'કારણશુદ્ધપર્યાય અને કાર્યશુદ્ધપર્યાય.'** સમજાણું કાંઈ ? આ અધિકાર તો શ્વેતાંબરમાં તો છે જ નહિ, પણ દિગંબરમાં આ સિવાય બીજે નથી. કારણ કે આ મોક્ષમાર્ગનો અધિકાર છે ને ? 'નિયમસાર' એટલે મોક્ષમાર્ગ પર્યાયનો અધિકાર છે.

**શ્રોતા :–** મોક્ષમાર્ગ એ કારણ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એમાંથી આ કારણપર્યાય ... ત્રિકાળી. આહા..હા...! મોક્ષમાર્ગની પર્યાય, શુદ્ધકારણપર્યાયમાંથી પ્રાપ્ત થાય છે. શુદ્ધકારણપરમાત્મા અને શુદ્ધકારણપર્યાય, એમાંથી મોક્ષનો માર્ગ પ્રાપ્ત થાય છે, માટે એ ત્યાં નાખી. એ તો કહ્યું છે કે આ ટીકા હું મંદબુદ્ધિ શું કરું ? ગણધરદેવથી ચાલી આવતી ટીકા છે. ગણધરદેવથી અને આચાર્યની પરંપરા નગ્ન મુનિ સંતો, અનુભવી સંતોની પરંપરાથી આ ટીકા ચાલી આવી છે. હું મંદબુદ્ધિ કોણ ? પહેલાં શ્લોકમાં બતાવ્યું હતું.

**શ્રોતા :–** એ વિનયથી એમ જ કહેવાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ તો એમ જ છે, પણ પરંપરાથી ચાલી આવી છે. એ અધિકાર છે. .. મળી છે એને. વિસ્તાર ભલે પછી પોતે કર્યો, પણ વસ્તુ એને પરંપરામાં મળી હતી.

**'કારણશુદ્ધપર્યાય અને કાર્યશુદ્ધપર્યાય.'** હવે કારણશુદ્ધપર્યાયની વ્યાખ્યા. **'અહીં સહજ શુદ્ધ નિશ્ચયથી,...'** સ્વભાવિક શુદ્ધ નિશ્ચયથી ત્રિકાળ **'અનાદિ-અનંત,...'** આદિ નહિ, અંત નહિ. **'અમૂર્ત,...'** રંગ, ગંધ, રસ, સ્પર્શ રહિત **'અતીન્દ્રિયસ્વભાવવાળાં...'** ઇન્દ્રિયથી રહિત અતીન્દ્રિય સ્વભાવવાળા **'અને શુદ્ધ એવાં સહજજ્ઞાન-...'** ત્રિકાળી. સ્વભાવિકજ્ઞાન ત્રિકાળી અનાદિ-અનંત. **'સહજદર્શન-'** ત્રિકાળી અનાદિ અનંત. **'સહજચારિત્ર-...'** ત્રિકાળી અનાદિ અનંત. અંદર સ્વભાવ, હોં ! પ્રગટ ચારિત્રની આ વાત નથી. **'સહજપરમવીતરાગસુખાત્મક...'** સ્વભાવિક પરમવીતરાગ અમૃતસ્વરૂપ... આહા..હા...! ત્રિકાળી.

**'શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ...'** એવા શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ. આહા..હા...! **'જે સ્વભાવ-અનંતચતુષ્ટયનું સ્વરૂપ...'** જે **'અંતઃતત્ત્વસ્વરૂપ જે સ્વભાવ-અનંતચતુષ્ટયનું સ્વરૂપ...'** ચાર કીધા ને ? જ્ઞાન, દર્શન, ચારિત્ર અને સુખ. એવા **'અનંતચતુષ્ટય સ્વરૂપ તેની સાથેની...'** હવે આ કારણપર્યાય આવી. આહા..હા...! **'જે પૂજિત પંચમભાવપરિણતિ...'** આહા..હા...! **'(-તેની સાથે તન્મયપણે રહેલી...'** અનંતચતુષ્ટયની સાથે તન્મયપણે રહેલી **'જે પૂજ્ય...'** કારણપર્યાય. **'એવી પારિણામિકભાવની પરિણતિ)...'** ત્રિકાળી પારિણામિકભાવની પર્યાય. **'તે જ કારણશુદ્ધપર્યાય છે, એવો અર્થ છે.'** આ વાત તદ્દન નવી છે.

એ વખતે કહ્યું હતું. એમ કેમ છે ? (સંવત) ૨૦૦૦ ની સાલમાં. ૧૯મી ગાથાનું વ્યાખ્યાન આવશે. પહેલાં ૧૯મી ગાથા છે ને ? કે ખરેખર વસ્તુનું સ્વરૂપ એવું છે, પુદ્ગલ એક કોર રાખો. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ–એના દ્રવ્ય પારિણામિકભાવે, એનો ગુણ પારિણામિકભાવે અને એની પર્યાય પારિણામિકભાવે. ચાર. પારિણામિકભાવ એ તો ઠીક. એ તો આત્માના રાગને

પણ પારિણામિકભાવ કહ્યો છે. નિમિત્તની અપેક્ષાએ ઉદયભાવ. પણ આત્મા પારિણામિકભાવ છે એની પરિણતિ રાગની થઈ ને એને 'જયધવલ'માં પારિણામિકભાવ કહ્યો. 'જયધવલ'માં. ચાર પર્યાય– ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક એને પારિણામિક કહ્યો છે અને ત્રિકાળીને પરમપારિણામિકભાવ કહ્યો છે.

હવે, અહીંયાં જ્યારે ચાર દ્રવ્યમાં એની ઉત્પાદ-વ્યયની પર્યાય, દ્રવ્યે પૂર્ણ, ગુણે પૂર્ણ અને પર્યાયમાં એકરૂપી એક સદશ્ય પર્યાય અનાદિ અનંત. ઓછી, વિપરીત, પૂર્ણ એવો ભેદ એમાં નથી. સમજાય છે કાંઈ ? એટલે કે એ ચાર દ્રવ્યમાં પર્યાય એકસરખી પરિપૂર્ણ એકસરખી છે. ત્યારે એ પારિણામિકભાવ પૂરો થયો.

એમ આત્મામાં દ્રવ્ય ત્રિકાળી, ગુણ ત્રિકાળી પારિણામિકભાવે, અને પર્યાય એકસરખી ઉત્પાદ-વ્યયવાળી નથી. સંસારમાં વીતરાગનો ઉત્પાદ એ પણ રહે છે, પછી મોક્ષમાર્ગમાં નિર્વિકારી પર્યાયની ઉત્પત્તિ, પછી મોક્ષમાં નિર્વિકારી પૂર્ણની ઉત્પત્તિ, તો એ એકરૂપ ન રહ્યું, ભેદ પડી ગયા. તો એમાં પણ એકરૂપ કારણપર્યાય હોવી જોઈએ. થોડું સૂક્ષ્મ છે.

એ ચાર દ્રવ્યમાં જ્યારે એકરૂપ ઉત્પાદ-વ્યય ઉત્પાદ-વ્યયરૂપે સરખી છે અને આત્મામાં ઉત્પાદ-વ્યયની પર્યાય સરખી નથી. એ સરખી છે. વિકાર, મોક્ષમાર્ગ (એમ એકસરખી નથી). તો એ પારિણામિકભાવની એક પર્યાય જેમ એમાં એકસરખી છે, એવી આમાં એકસરખી હોવી જોઈએ. એ કારણપર્યાયમાં નાખ્યું છે. એક ન્યાયે એમ છે. અને વેદાંત એમ કહે છે કે પર્યાય નથી. એ તો ધ્રુવ છે. તો અહીં તો એની પર્યાય છે, ધ્રુવની જેવી એક કારણપર્યાય પણ ત્રિકાળ છે. ઉત્પાદ-વ્યયવાળી પર્યાય તો છે પણ એક કારણપર્યાય પણ અનાદિ અનંત છે કે જેમાં પારિણામિકભાવ પૂરો થયો. પર્યાય વગરનો, ઉત્પાદ-વ્યયની પર્યાય વિનાનો. દ્રવ્યે શુદ્ધ એકરૂપ, ગુણે શુદ્ધ એકરૂપ અને પર્યાયે શુદ્ધ એકરૂપ તો ઉત્પાદ-વ્યયમાં છે નહિ. એટલે એક કારણશુદ્ધપર્યાય એકરૂપ ત્રિકાળ છે એમ ભગવાને સિદ્ધ કર્યું છે. સમજાણું કાંઈ ? આહા..હા...! આ વાત ૧૫મી ગાથા સિવાય બીજે ક્યાંય નથી. બીજે તો શ્વેતાંબરમાં ૩૨-૪૫ (સૂત્રમાં) તો નથી... આહા..હા...!

અહીં કારણશુદ્ધપર્યાય કેમ કહી ? પુદ્ગલની વાત ન લેવી. કારણ કે પુદ્ગલમાં પૂરાવું, ગળાવું સ્વભાવ છે. ચાર દ્રવ્યમાં એકસરખી પારિણામિકભાવની પર્યાય છે. ત્યારે આત્મામાં પારિણામિકભાવની પર્યાય અથવા ઉત્પાદ-વ્યયની પર્યાય એક સરખી નથી. તો એકસરખી અંદર હોવી જોઈએ કે જેમાં દ્રવ્યની પૂર્ણતા થાય. દ્રવ્યની પૂર્ણતા, હોં ! દ્રવ્ય પોતે પૂર્ણ, એના ગુણ પૂર્ણ અને આ કારણપર્યાય પણ પૂર્ણ શુદ્ધ ધ્રુવ છે, ઉત્પાદ-વ્યય નહિ. ત્યારે પરમપારિણામિકભાવ ત્યાં પૂરો થાય. જેમ ધર્માસ્તિ, અધર્માસ્તિ એકરૂપ પર્યાયે પૂર્ણ થાય છે. ત્યારે આનું એમાં કારણપર્યાય સહિતમાં એકરૂપ પૂર્ણ થાય છે. સમજો, આ તો આવેલી વાત છે. સમજાય છે કાંઈ ? એ ૧૯મી ગાથામાં કહેવાય ગયું છે. ૧૯ ગાથાનું વ્યાખ્યાન છે ને આ પહેલાં અધ્યાયનું ? બે હજારની સાલનું. ૩૨ વર્ષ થયા. સમજાય

છે કાંઈ ?

એથી દ્રવ્ય જ્યારે પૂર્ણ, ગુણ પૂર્ણ, એકસરખું, પર્યાય એકસરખી પૂર્ણ ઉત્પાદ-વ્યયમાં છે નહિ. એથી એક કારણપર્યાય પૂર્ણ અનાદિ અનંત છે એમ કહીને ભગવાને દ્રવ્ય, ગુણ, પર્યાયને સિદ્ધ કર્યા છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? એથી એ કહ્યું કે આ આત્મામાં સ્વભાવિકજ્ઞાન, દર્શન, સુખ આનંદ, જે ચતુષ્ટય છે એની સાથે રહેલી, એની સાથે પરમપારિણામિકભાવ જે ત્રિકાળ, એની સાથે રહેલી કારણપર્યાય એ પરમપારિણામિકભાવની પર્યાય છે. ચાર પર્યાય પરમપારિણામિકભાવની નહિ. ચાર–ઉદય, ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક પારિણામિકભાવની પર્યાય છે. અને આ ત્રણ થઈને પરમપારિણામિકભાવની વાત છે. એ વિશેષ કહેશે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

*** અહા! ચૈતન્યપ્રભુ સમીપ બિરાજે છે એની ઉપર નજર નહિ અને પર્યાય ઉપર નજર-દૃષ્ટિ રાખવાથી ચૈતન્યપ્રભુ પ્રગટ થાય નહિ. ભલે પર્યાયમાં જાણપણું ઘણું ખીલ્યું છે અને વ્યવહારશ્રદ્ધા આદિ પર્યાયમાં થયું છે પણ એ પર્યાય ઉપરની દૃષ્ટિ રાખ્યે ચૈતન્યપ્રભુના દર્શન નહિ થાય. આ તો પર્યાય ઉપરની દૃષ્ટિથી મરી જાય ત્યારે દૃષ્ટિ થાય એવી વાત છે! જ્ઞાનની પર્યાયમાં શાસ્ત્રજ્ઞાનનો વિકાસ થયો છે તેનું પણ લક્ષ છોડી દે! એ જ્ઞાન તે આત્માનું જ્ઞાન નથી. પરસત્તાવલંબી જ્ઞાનમાં જેને હોંશ આવે છે એ જ્ઞેયનિમગ્ન છે, તેને જ્ઞાનસ્વરૂપમાં મગ્નતા નહિ આવે. જેને આવડતના અભિમાન છે તે બધાં જ્ઞેયનિમગ્ન છે, જ્ઞાનનિમગ્ન નથી. આ તો ભવથી છૂટકારાની અપૂર્વ વાતો છે. પ્રભુ! જ્ઞાયકભાવમાં દૃષ્ટિને થંભાવ! દ્રવ્યમાં અનંતુ સામર્થ્ય ભર્યું છે ત્યાં દૃષ્ટિને થંભાવ! નિગોદથી માંડીને કેવળજ્ઞાન ને સિદ્ધદશા સુધીની કોઈ પર્યાય શુદ્ધદૃષ્ટિનો વિષય નથી. શુદ્ધદૃષ્ટિનો વિષય અખંડ દ્રવ્યસામાન્ય છે. ત્યાં તારી દૃષ્ટિને થંભાવ-ઝુકાવ! દૃષ્ટિને દ્રવ્યમાં જ થંભાવવાથી આગળ વધાય છે. ૨૩૪.**

*** જ્ઞાનના અચિંત્ય મહિમાનું ચિંતન સંસારના સર્વ ક્લેશને ભૂલાવી દે છે. અહો! આ વાત સમજીને પોતે પોતાના અંતરમાં ઉતરવા જેવું છે. પોતે પોતાનું હિત કરવા માટે આ વાત છે. ૨૫૦**

**— દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર – પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

## શ્રી નિયમસાર, ગાથા–૧૫,
## પ્રવચન નં. ૧૬૦, તા. ૨૩-૧-૧૯૭૬
## [૧૩]

શુદ્ધકારણપર્યાય ચાલે છે. જરી ઝીણો વિષય છે. ફરીને ઇ 'ફરીને' બરાબર કહ્યું ?

**'ત્યાં, સ્વભાવપર્યાયો અને વિભાવપર્યાયો મધ્યે પ્રથમ સ્વભાવપર્યાય બે પ્રકારે કહેવામાં આવે છે : કારણશુદ્ધપર્યાય અને કાર્યશુદ્ધપર્યાય.'** હવે અહીંયા કારણશુદ્ધપર્યાયની વ્યાખ્યા ચાલશે. **'અહીં સહજ શુદ્ધ નિશ્ચયથી, અનાદિ-અનંત, અમૂર્ત, અતીન્દ્રિયસ્વભાવવાળાં અને શુદ્ધ એવાં સહજજ્ઞાન-'** એ ચતુષ્ટયના વિષય થયો. **'સહજજ્ઞાન-..'** ત્રિકાળી **'સહજદર્શન...'** ત્રિકાળી. **'સહજચારિત્ર-'** ત્રિકાળી. અનાદિ અનંત છે ને ? **'સહજપરમવીતરાગસુખાત્મક...'** એ ત્રિકાળી. એવું **'શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ જે સ્વભાવ-અનંતચતુષ્ટયનું સ્વરૂપ...'** એવું શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ ત્રિકાળ. **'સ્વભાવ-અનંતચતુષ્ટયનું સ્વરૂપ...'** ચાર સ્વભાવ અનંતચતુષ્ટય કહ્યા ને ? જ્ઞાન, દર્શન, ચારિત્ર અને આનંદ–સુખ એવા **'અનંતચતુષ્ટયનું સ્વરૂપ તેની સાથેની...'** આ નવી વાત છે. આ બીજે ક્યાંય નથી. દિગંબર શાસ્ત્રમાં પણ આ સિવાય ક્યાંય બીજે સ્પષ્ટ નથી, સ્પષ્ટ નથી. અંદર હશે ક્યાંક. આ શુદ્ધ ચેતના પદ્ધતિમાં ક્યાંક લાગે છે.

અહીંયાં કહે છે કે આત્મામાં એક અનાદિ અનંત ચતુષ્ટયસ્વરૂપ. અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ અને અનંત ચારિત્ર–સહજચારિત્ર. આત્મામાં સહજજ્ઞાન, સહજદર્શન, સહજચારિત્ર અને આનંદ–સુખ, એવું જે **'શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ જે સ્વભાવ-અનંતચતુષ્ટય...'** એમાં રહેલા અનંત ચતુષ્ટય, આ દર્શન-જ્ઞાન કીધા એ. **'તેની સાથેની...'** અનંત ચતુષ્યટયની સાથે **'જે પૂજિત પંચમભાવપરિણતિ...'** હવે આમાં ઘણા સૂક્ષ્મ પ્રકાર છે. એ વખતે સમુદ્રનું દૃષ્ટાંત દીધું હતું. સમુદ્ર છે ને આમ આખો દરિયો ? પાણીનું દળ ભર્યું છે, અને પછી સમુદ્રની ઉપર સપાટી હોય. નક્શો કર્યો છે. જોયો છે કે નહિ ? એકસરખી સપાટી ઉપર હોય, પછી એના ઉપર પાણીના ઓછા-વત્તા એવા મોજા હોય.

એમ આત્મા વસ્તુ છે એ સમુદ્ર સ્વરૂપ છે. એમાં અનંત ગુણો વસેલા છે. જેમ આ પાણીમાં શીતળપણું આદિ છે, એમ આમાં અનંત ગુણો છે. હવે એ ગુણો અને એ દ્રવ્ય, એની ઉપરની એકસરખી સપાટી, એને અહીં શુદ્ધકારણપર્યાય કહે છે. ઝીણી વાત છે. ચાલતા સંપ્રદાયમાં આ વાત ક્યાંય છે નહિ.

**શ્રોતા :–** એની ગંધ પણ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ તો વાત જ નથી. આ વાત નથી. આ વાત તો તદ્દન અહીં જ નવી છે. (સંવત) ૨૦૦૦ ની સાલમાં મગજમાં આવે એવી રીતે એનું સ્પષ્ટીકરણ કર્યું હતું. ત્યારે 'નારણભાઈ' હતા. સમુદ્રની ઉપર.. ત્યાં નકશો છે. એકસરખી સપાટી છે ને ? અને એના ઉપર પરિણામના મોજા (થાય છે). એમ આત્મદ્રવ્ય દરિયા સ્વરૂપ, એમાં અનંત ગુણનો પિંડ એ આખું સ્વરૂપ અને એની એક સમયની પારિણામિકભાવની પર્યાય, સપાટીરૂપ પારિણામિકભાવની એકસરખી (પર્યાય), એ કારણપર્યાય છે. એ પારિણામિકભાવની સાથે પારિણામિકભાવની કારણપર્યાય છે અને એના ઉપર ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક એ દરિયાની ઉપરની ચાર પર્યાયો. આહા..હા...! જરી ઝીણી વાત છે, ભાઈ ! સમજાય છે કાંઈ ? એ નકશો ત્યાં મૂક્યો છે.

એમ આ આત્મામાં ત્રિકાળી અનંત ગુણનો પિંડ પ્રભુ ધ્રુવ, પારિણામિક સહજ સ્વભાવભાવ, એની સાથે રહેલી, જેમ દરિયા ઉપર એકસરખી સપાટી છે, એમ આ કારણપર્યાય અનાદિ અનંત ધ્રુવ, ઉત્પાદ-વ્યય વિનાની, પરમપારિણામિકભાવની સાથે વર્તમાન.. વર્તમાન... વર્તમાન... જેનું ત્રિકાળ છે, એની સાથે આ વર્તમાન છે તો ધ્રુવ. એ ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવપર્યાય અનાદિ અનંત છે. એ કારણસહજચતુષ્ટયસ્વરૂપ અને કારણપર્યાય, એના આશ્રયથી કાર્યપર્યાય પ્રગટ થાય છે. આ વિષય તો તદ્દન જુદો છે. હજી બહાર તો એ ચાલે કે ભાઈ ! આ પુણ્યથી ધર્મ થાય. એ વાત તો ભલે કરે. પણ આ વિષય તો અત્યારે છે નહિ. સમજાણું કાંઈ ?

અહીંયાં કહે છે કે અનંત ચતુષ્ટયસ્વરૂપ, જેમ સમુદ્ર છે એની સપાટી જેમ એકસરખી છે, એમ ભગવાનઆત્મામાં શુદ્ધકારણપર્યાય પંચમપારિણામિકભાવ જે ચતુષ્ટય છે, એની સાથે, એ છે તો પંચમપારિણામિકભાવ, પણ એને પર્યાય કીધી. એ પર્યયા ઉત્પાદ-વ્યયવાળી નહિ. આવી વાત. શું સમજવું માણસને ! વસ્તુ એવી છે.

તે દિ' તો થોડું 'શ્રીમદ્'માંથી કહ્યું હતું. 'પરિણામી પદાર્થ સ્વ–આકાર પરિણામી હોય છતાં અવ્યવસ્થિતપણું..' એનું મગજ ઘણું કામ કરતું હતું. પણ એ વખતે લોકો બહુ તૈયાર નહોતા. આ એક અંદર મૂક્યું છે. તે દિ' કહ્યું હતું ને ? 'જૈનમાર્ગ' એના ૩૬ બોલ કર્યા છે. જૈનમાર્ગ. એમનો ક્ષયોપશમ ઘણો. એ વખતે એ એક જ પુરુષ હતો. 'જૈનમાર્ગ' એમ વ્યાખ્યા કરીને પછી લોકસંસ્થાન (કહ્યું છે). એ લોકસંસ્થાન જૈનમાર્ગમાં છે, બીજે ક્યાંય છે નહિ. એવા-એવા ૩૬ બોલ કર્યા છે. એમાં ૩૬મો બોલ. આપણે અત્યારે આની સાથે કામ છે. પરિણામી પદાર્થ. સમુચ્ચય આવ્યું છે એને સમુચ્ચય લઈએ. નિરંતર સ્વ–આકાર પરિણામી. સ્વ–આકાર, આવડા મોટા અક્ષરે લખ્યું છે. પછી ઓલા સમજ્યા નથી એટલે સૌની સાથે સરખા અક્ષર કરી નાખ્યા. શું કીધું સમજાણું ? સ્વ–આકાર આ શબ્દ છે એમાં કાંઈક વિશેષ સમજવાનું છે. એની માટે સ્વ–આકાર મોટા અક્ષરે લખ્યું હતું. હવે વર્તમાન ઓલા સમજ્યા નહિ એટલે સ્વઆકાર શબ્દ એક સરખા અક્ષર કરી નાખ્યા.

જુઓ! છે ? સ્વ–આકાર મોટા અક્ષરે. ત્યાં નજર ખેંચાય કે કાંઈક છે.

પરિણામી પદાર્થ નિરંતર સ્વ–આકાર પરિણામી હોય. સ્વ–આકારના પરિણામ પર્યાયપણે હોય, તો પણ અવ્યવસ્થિતપણું ! છતાં વળી પર્યાયમાં અવ્યવસ્થિત ! આત્મા પરિણામી પદાર્થ છે. તેની પર્યાય પણ એકસરખી પરિણામી પદાર્થની સ્વઆકારે જ પર્યાય હોય. આ હિન્દીમાં આવે એવું નથી. સમજાણું કાંઈ ? છતાં અવ્યવસ્થિત ! ઉત્પાદ-વ્યયમાં અવ્યવસ્થિત છે. 'ચંદુભાઈ'! ઝીણી વાત છે, ભગવાન ! આ તો અંતરની આવેલી વાત છે. પછી વાંચતી વખતે.. સમજાણું કાંઈ ? (સંવત) ૨૦૦૦ ની સાલ. પહેલું જ્યારે વાંચ્યું હતું ત્યારે અંદરથી આવ્યું હતું એ વાત કરી હતી. આહા..હા...!

એ વસ્તુ છે, એમાં જે અનંત ગુણ છે એ પારિણામિકભાવે છે. તો એની પારિણામિકભાવની પર્યાય પણ સ્વ–આકારે હોવી જોઈએ. એ કારણપર્યાય. અને છતાં અવ્યવસ્થિતપણું ઉત્પાદ-વ્યયમાં (છે). સંસારની પર્યાય વિકારી, મોક્ષમાર્ગની પર્યાય કાંઈક શુદ્ધ અને કાંઈક અશુદ્ધ અને મોક્ષની પર્યાય શુદ્ધ–એમ ત્રણ ભેદ આવ્યા. અવ્યવસ્થિત– એકરૂપ ન રહી. સમજાય છે કાંઈ ? પર્યાયમાં ત્રણ પ્રકાર પડી ગયા. ઉદય આદિની સંસાર વિકારી અવસ્થા, પછી મોક્ષમાર્ગની પછી (મોક્ષની). ઉત્પાદ-વ્યયના ત્રણ પ્રકાર પડી ગયા. એકસરખી ન રહી. તો એકસરખી પર્યાય અંદર હોવી જોઈએ.

જેમ ચાર દ્રવ્યમાં એકસરખી પર્યાય છે. સમજાય એટલું પકડવું. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ–ચારમાં જેમ ઉત્પાદ-વ્યયની પરિણામી પર્યાય એકસરખી છે, એકસરખી. એમ આત્મામાં પારિણામિકભાવની ઉત્પાદ-વ્યયની પર્યાય છે એ તો એકસરખી નથી. ત્યારે એની એકસરખી પર્યાય હોવી જોઈએ, એ કારણપર્યાય. આહા..હા...! સમજાય છે કાંઈ ? એ ૧૯મી ગાથામાં આવી ગયું છે, બે હજારની સાલના વ્યાખ્યાનમાં. પંડિતજીએ નથી લીધું. એ 'નિયમસાર'ની ૧૯મી ગાથાનું વ્યાખ્યાન દીધું છે. એમાં છે. (સંવત) ૨૦૦૦ની સાલમાં વ્યાખ્યાન. ૩૨ વર્ષ થયા. આહા..હા...!

દ્રવ્ય એ આત્મા વસ્તુ, એમાં આ પારિણામિકભાવ. ગુણ, જ્ઞાન, દર્શન આદિ એ પણ પારિણામિકભાવ, એવી જ એક પર્યાય પારિણામિકભાવની સ્વ–આકારે હોવી જોઈએ. તો ઉત્પાદ-વ્યયની પર્યાય સ્વ–આકારે તો છે નહિ. સમજાય છે કાંઈ ? તેથી એનામાં એ કારણપર્યાય અહીં આચાર્ય મુનિરાજે કીધી. એ તો કહે છે કે ગણધરથી ચાલી આવેલી આ ટીકા છે, કાંઈ અમારા ઘરની કરેલી નથી. આહા..હા...! અધ્યાત્મની વાત ઘણી સૂક્ષ્મ, ભાઈ !

ચેતનાપદ્ધતિમાં એમ લીધું છે. 'બનારસીદાસે' પરમાર્થ વચનિકામાં એમ કહ્યું છે કે આગમપદ્ધતિ અને શુદ્ધચેતના પદ્ધતિ, એ પરમાર્થ વચનિકામાં લીધું. એ બહુ સૂક્ષ્મ છે. વંચાઈ ગયું છે. આગમપદ્ધતિ એને કહીએ કે વસ્તુનો સ્વભાવ, એમ લખ્યું છે. સ્વભાવનો અર્થ એ કે પુદ્‌ગલના સ્વભાવપરિણામ એ આગમ દ્રવ્ય પરિણામ કહે છે. અને પુદ્‌ગલના આકારે જો આત્મામાં અશુદ્ધ પરિણતિ થાય, એ ભાવ આગમપદ્ધતિના પરિણામ ગણવામાં આવ્યા છે. પછી શુદ્ધચેતના પરિણામ લીધા છે. છે ? આ તો 'શ્રીમદ્'નું છે.

આગમ–અધ્યાત્મનું સ્વરૂપ. અહીંયાં ગુજરાતી છે. વસ્તુનો જે સ્વભાવ એને આગમ કહીએ. એવી શૈલી લીધી છે. આગમથી ચાલ્યું આવતું. છે... છે... છે... છે... પુદ્ગલના પરિણામને પુદ્ગલાકારે અશુદ્ધ પરિણામ વિકારી. આત્માનો જે અધિકાર તેને અધ્યાત્મ કહીએ. આગમ ને અધ્યાત્મ સ્વરૂપભાવ આત્મદ્રવ્યના જાણવા. એટલે કે આત્મદ્રવ્યની સાથે પુદ્ગલના પરિણામ અને વિકારી પરિણામ એ અહીંયા લેવા, બીજા ન લેવા. બંનેને સંસાર અવસ્થા વિષે ત્રિકાળીવર્તી માનવા. આગમરૂપ કર્મપદ્ધતિ છે. પહેલું કહ્યું હતું કે વસ્તુનો સ્વભાવ તે આગમ કહીએ. પછી અહીં કહ્યું કે આગમ કર્મપદ્ધતિ છે અને અધ્યાત્મરૂપ શુદ્ધચેતના પદ્ધતિ છે. એનું વિવેચન.

કર્મપદ્ધતિ પુદ્ગલીદ્રવ્યરૂપ. આ વ્યાખ્યાન વિસ્તારથી થઈ ગયું છે. જરી ઝીણું પડે સભાને તો તદ્દન. આહા..હા...! અથવા ભાવરૂપ. આગમ પદ્ધતિ, એનો ભાવ એ સ્વભાવ કર્મપદ્ધતિ. એ કર્મપદ્ધતિના બે પ્રકાર, એક દ્રવ્યરૂપ અને એક ભાવરૂપ. દ્રવ્યરૂપ પુદ્ગલના પરિણામ. કર્મનો ઉદય જે છે એ પુદ્ગલના પરિણામ, એ આગમ પદ્ધતિના દ્રવ્ય-ભાવ. ભાવરૂપ પુદ્ગલાકારની આત્માની અશુદ્ધ પરિણતિ. ઝીણી વાત. આત્મામાં જે વિકાર થાય છે, એ પુદ્ગલાકાર. વિકારી પર્યાય છે ને ? તેથી પુદ્ગલના પરિણામ કીધા છે ને. ભાવરૂપ પુદ્ગલાકાર આત્માની અશુદ્ધ પરિણતિ પર્યાય, તે બંને પરિણામ આગમરૂપ સ્થાપ્યા. હવે શુદ્ધચેતના પદ્ધતિ. 'બનારસીદાસ' બહુ ઊંડે ગયેલા. અધ્યાત્મમાં બહુ ઊંડા ગયેલા.

શુદ્ધચેતના પદ્ધતિ શુદ્ધાત્મપરિણામ. એ પણ દ્રવ્યરૂપ અને ભાવરૂપ. શુદ્ધાત્મપરિણામ બે પ્રકારના : દ્રવ્યરૂપ અને ભાવરૂપ. દ્રવ્યરૂપ તો જીવત્વપરિણામ, આખા દ્રવ્યના એક સાથે પરિણામ. પરિણામ, હોં ! ભાવરૂપ જ્ઞાન, દર્શન, સુખ, વીર્યાદિ અનંત ગુણ પરિણામ. એ બંને પરિણામ અધ્યાત્મરૂપ જાણવા. એક તો જીવના પરિણામ જે કહ્યા અને જીવના જે પરિણામ કહ્યા એ પર્યાય કારણપર્યાયમાં જાતુ હોય એવું વિચારમાં આવ્યું હતું. વિષય એકદમ સૂક્ષ્મ છે. આહા..હા...! બીજે શ્વેતાંબરમાં તો ક્યાંય આ વાત છે નહિ. પણ દિગંબરમાં પણ આ ૧૫મી ગાથા સિવાય ક્યાંય નથી. પછી ત્યાંથી સમજ્યા પછી બીજે નીકળે એ જુદી વાત છે. સમજાણું કાંઈ ? આહા..હા...! તત્ત્વજ્ઞાન સૂક્ષ્મ બહુ, ભગવાન !

કહે છે કે જે આત્મા ત્રિકાળી વસ્તુ, એ આખા દ્રવ્યના પરિણામ, એ સમુચ્ચય દ્રવ્ય– પરિણામ કહ્યા. અને એક એક ગુણના પરિણામ એ ભાવપરિણામ કહ્યા. એ પરિણામમાં કારણપર્યાયની આકૃતિ જાય છે એમ ... કેમ ? કે ઓલી અશુદ્ધ પરિણતિ તો પુદ્ગલાકારે ભાવ. અશુદ્ધપરિણતિ પુદ્ગલાકારે ભાવ, એ આગમપદ્ધતિમાં નાખી દીધું. .... આહા..હા...! અને અંતરમાં જે શુદ્ધ ત્રિકાળી ગુણો અને ત્રિકાળી દ્રવ્ય, એના પરિણામ. પરિણામ, હોં એ. આહા..હા...! એ પરિણામ એને ધ્રુવનો અંશ છે એમ લાગે છે. જે અહીં કીધું એ.

અહીં એ કહ્યું... આહા..હા...! તે દિ' તો જરી વિસ્તારથી કહ્યું હતું. જેમ લીંડીપીપર છે ને ?

નાની પીપર. એમાં તિખાશ જે છે ને ચરપરાઈ ? એ પર્યાયરૂપે ચરપરાઈ છે. પોતે ચરપરાઈએ પર્યાય (છે). રસગુણની ચરપરાઈ પર્યાય (છે). લીંડીપીપર છે, એના દરેક પરમાણુમાં તીખાશ એટલે ચરપરાઈ રસગુણની પર્યાય પ્રગટ છે અને એને ઘૂંટતા ઘૂંટતા જે ચોસઠ પહોરી વધે છે, એ પર્યાયમાં એવી તાકાત છે કે એમાંથી વધે છે. વેળુ છે. વેળુ-વેળુ સમજો છો ? રેતી. એ વેળુની પર્યાયમાં ચરપરાઈ પર્યાય પ્રગટ નથી. પરમાણુમાં રસગુણ છે. વેળુના દ્રવ્યમાં પરમાણુની જે શક્તિ રસગુણ છે એ તો છે. પણ રસગુણની પર્યાય જેવી લીંડીપીપરમાં રસગુણની તીખી પર્યાય પ્રગટ છે, એ રીતે પરમાણુ–વેળુમાં રસગુણની પર્યાય તીખી નથી. એની સાધારણ એવી પર્યાય છે. તેથી વેળુને ઘૂંટતા ચોસઠ પહોરી (તીખાશ) નહિ થાય. કેમ કે પ્રગટપર્યાયમાં ચરપરાઈ પર્યાયમાં નથી. રસગુણમાં છે. રસગુણમાં ચરપરાઈ, આ શું કહેવાય ? મીઠાશ, ખટાશ એ બધી પર્યાય થવાની તાકાત છે. પણ પર્યાયમાં ત્યાં તીખાશ ચરપરાઈ જેવી લીંડીપીપરમાં છે એમ આમાં નથી. તો એને ઘૂંટતા તીખાશ.. અંદર જ્યારે રસગુણ પરિણમીને થાય. જેમ રસગુણ પરમાણુમાં વેળુમાં સાધારણ છે. એ ... લેવું. રસગુણની પર્યાય. પણ એ રસગુણની પર્યાય જ્યારે શક્તિમાંથી પ્રગટ થાય, ત્યારે મોળપ ઘટીને તીખાશ થાય એ તો રસગુણમાંથી આવે. સમજાય છે કાંઈ ? અને જે ચરપરાઈ લીંડીપીપરમાં છે, એમાં તો તીખાશની ચરપરાઈ, રસગુણની તીખાશ બાહ્ય પ્રગટ છે. જરી ઝીણી વાત છે, ભાઈ ! તે દિ' થોડું કહ્યું હતું. (સંવત) ૨૦૦૦ મા. ... ... આહા..હા...!

એમ આ ભગવાનઆત્મામાં પરિણામ જે કારણપર્યાય ગણવામાં આવી, એ તો અંદર ધ્રુવપણે છે. જેમ ગુણ ધ્રુવ છે એવી કારણપર્યાય પણ ધ્રુવપણે છે. સમજાય છે ? પ્રગટપણે તો કોઈ ઉદયભાવ, કોઈ ઉપશમભાવ, કોઈ ક્ષાયિકભાવ એ પ્રગટ પર્યાયપણે છે. સમજાય છે કાંઈ ? આહા..હા...! એથી એક એવી પર્યાય અહીં ભગવાને ગણી મુનિરાજે સત્ કીધું કે જેમ દ્રવ્ય ધ્રુવ ત્રિકાળ છે, એવા એના અનંત ગુણ–જ્ઞાન, દર્શન, આદિ ત્રિકાળ છે એમ એની વર્તમાન પારિણામિકભાવની પર્યાય શુદ્ધકારણપર્યાય પણ ત્રિકાળ છે. આહા..હા...! આવું ઝીણું છે, ભાઈ ! આ અધિકાર ૧૫મી ગાથા સિવાય બીજે ક્યાંય છે નહિ. એથી અહીં .... આહા..હા...!

ભગવાનના વિરહ પડ્યા, કેવળજ્ઞાનની ઉત્પત્તિ ... નહિ અને એકલા શાસ્ત્ર આધાર રહી ગયા. એમાં પણ આ દિગંબર શાસ્ત્ર ગજબ કામ કરે છે. કેવળીઓએ કહેલી વાત એક-એક વાત એટલી સ્પષ્ટ મૂકી છે. કહે છે કે એ **'અનંતચતુષ્ટય સ્વરૂપ તેની સાથે...'** જોયું ? ત્રિકાળ જે અનંત જ્ઞાન, દર્શન, આનંદગુણ જે છે, એની સાથે–ગુણની સાથે **'જે પૂજિત પંચમભાવપરિણતિ...'** એ વખતે તો એમ કહ્યું હતું, થોડું સૂક્ષ્મ છે, કે જેમ એ આત્મા દ્રવ્ય છે અને ગુણ ત્રિકાળ છે, એમાં આ કારણપર્યાય વર્તમાન... વર્તમાન... વર્તમાન... એ ત્રિકાળ ત્રિકાળરૂપે છે, આ વર્તમાન... વર્તમાન... વર્તમાન... વર્તમાન.. ધ્રુવપર્યાય છે. એય..! પકડાય એટલું પકડવું ભાઈ ! આ તો ભગવાનનો માર્ગ અદ્ભૂત ઘણો, ભાઈ ! આહા..હા...!

શું કીધું ? કે જે આત્મા સહજપારિણામિકભાવે છે, તેના અનંત ચતુષ્ટય પણ સહજ પારિણામિકભાવે છે, તેની સાથે એક પર્યાય પણ પારિણામિકભાવે સહજ છે. કેમ કે ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળમાં ઉત્પાદ-વ્યયની પર્યાય એકસરખી છ, એવી એકસરખી પર્યાય આત્મામાં સંસાર, મોક્ષમાર્ગ અને મોક્ષમાં નથી. ત્યાં ભેદ પડી ગયા, અવ્યવસ્થિત થઈ ગઈ, અવ્યવસ્થિત છે. તેથી 'શ્રીમદે' કહ્યું, પરિણામી પદાર્થ સ્વ-આકાર પરિણામી હોવા છતાં અવ્યવસ્થિતપણું (કેમ) ? આહા..હા...! એટલે ? ભગવાનઆત્મા સ્વગુણ, દ્રવ્ય એવા જ આકારે પર્યાય અંદર. સ્વપરિણામિકના આકારની પર્યાય, એમ હોવા છતાં ઉત્પાદ-વ્યય પર્યાયમાં અવ્યવસ્થિપણે. એય..!

**શ્રોતા :–** ઉત્પાદ-વ્યયરૂપ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઉત્પાદ-વ્યયમાં અવ્યવસ્થિતપણું છે. બીજામાં વ્યવસ્થિતપણું સરખું છે. ચાર દ્રવ્યમાં ઉત્પાદ-વ્યય અવ્યવસ્થિત નથી. વ્યવસ્થિત અનાદિ અનંત એક જ ધારા છે. જરી ઝીણી વાત છે, ભાઈ ! એમ આત્મામાં ઉત્પાદ-વ્યયની પર્યાય એકસરખી નથી. વિકારપણે, મોક્ષમાર્ગપણે, મોક્ષપણે. તો એની વ્યવસ્થિત એક અવસ્થા, પારિણામિકભાવની પરિણતિ એકસરખી હોવી જોઈએ. એ આ કારણપર્યાય છે. સમજાય એટલું પકડો. ભાઈ ! આ તો અંદરથી આવેલી વાત છે. આહા..હા...!

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કીધું ને શુદ્ધકારણપર્યાય પારિણામિકભાવથી ધ્રુવ.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અપરિણામી, તદ્દન બદલતી નથી. આહા..હા...! નીચે લખ્યું છે, જુઓ!

**'સહજજ્ઞાનાદિ સ્વભાવ...'** નીચે નોટ. **'અનંતચતુષ્ટયયુક્ત કારણશુદ્ધપર્યાયમાંથી...'** છે ને ? સહજજ્ઞાન, દર્શન, આનંદ આદિ **'સ્વભાવ-અનંતચતુષ્ટયયુક્ત કારણશુદ્ધપર્યાયમાંથી કેવળજ્ઞાનાદિ અનંતચતુષ્ટયયુક્ત કાર્યશુદ્ધપર્યાય પ્રગટે છે.'** અનંતચતુષ્ટયયુક્ત કારણશુદ્ધપર્યાયમાંથી કેવળજ્ઞાન પ્રગટે છે. **'કાર્યશુદ્ધપર્યાય પ્રગટે છે. પૂજનીય પરમપારિણામિકભાવપરિણતિ તે કારણશુદ્ધપર્યાય છે અને શુદ્ધ ક્ષાયિકભાવપરિણતિ તે કાર્યશુદ્ધપર્યાય છે.'** સમજાણું કાંઈ ? પારિણામિકભાવની વર્તમાન કારણશુદ્ધપર્યાય એ અનંતચતુષ્ટય સહિત કારણપર્યાય છે. અને એના આશ્રયે કાર્યશુદ્ધપર્યાય પ્રગટે છે, એ ઉત્પાદ-વ્યયની પર્યાય. ગુણ પર્યાય ધ્રુવની પર્યાય. દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણે ધ્રુવ. અને આ પ્રગટ થાય છે એ કાર્યપર્યાય ઉત્પાદ-વ્યયની પર્યાય છે. આહા..હા...! ભારે આકરું કામ. ઓહો..હો...! છે ને ?

**'પૂજનીય પરમપારિણામિકભાવપરિણતિ તે કારણશુદ્ધપર્યાય છે અને શુદ્ધ ક્ષાયિકભાવપરિણતિ તે કાર્યશુદ્ધપર્યાય છે.'** કારણશુદ્ધપર્યાયની વ્યાખ્યા આપણે આવી ગઈ. સમજાણું કાંઈ ? **'પૂજિત પંચમભાવની પરિણતિ...'** આચાર્ય મુનિરાજે ભાષા એમ લીધી છે ને ? આહા..હા...! એ કારણશુદ્ધપર્યાયમાંથી કાર્યશુદ્ધપર્યાય પ્રગટે છે. પણ એ કારણશુદ્ધપર્યાય અનંત ચતુષ્ટય સહિતની

કારણશુદ્ધપર્યાય છે, એમાંથી કાર્યશુદ્ધપર્યાય પ્રગટે છે. આમાં કાંઈ કરવું શું એવું આવે છે ક્યાંય ? ભાઈ ! એ આવે છે, બાપુ ! વસ્તુ, વસ્તુની શક્તિ અને વસ્તુની દશા એ શું છે એનો નિર્ણય કરવો. એ વસ્તુની સ્થિતિ છે. સમજાણું કાંઈ ? આહા..હા...! અને તેમાં અકાગ્ર થવું. એ દ્રવ્ય-ગુણ-પર્યાય જે ત્રિકાળી કહી, એમાં એકાગ્ર થવું એ ધર્મની દશા છે. એ વર્તમાન દશા છે. આહા..હા...! 'પ્રવચનસાર'માં ધ્યેય ક્યાં આવ્યું રાત્રે પૂછ્યું હતું ને ? ભૂતાર્થ ને બધું ઘણે ઠેકાણે છે ને આહા..હા...! એટલું... એટલું આવ્યું. અડધો કલાક ચાલ્યું. આહા..હા...!

**'પૂજ્ય એવી પારિણામિકભાવની પરિણતિ)...'** ભાષા એવી છે ને ? છે ને ? અનંતચતુષ્ટયસ્વરૂપ, તેની સાથે.

**શ્રોતા** :– પૂજ્ય એટલે શું ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– પૂજનીક, આદરણીય.

**શ્રોતા** :– એનો આશ્રય કરવો ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– આશ્રય કરવો. આદરણીય કહો, ઉપાદેય કહો. એ પૂજ્ય પરિણતિ આદરણીય છે. આહા..હા...! સમજાણું કાંઈ ? ત્રિકાળી ધ્રુવ છે એમાંથી તો નિર્મળ પર્યાય આવે છે. પણ કહે છે કે અહીંયાં કારણશુદ્ધ પર્યાય જો નજીકમાં ન હોય તો એમાં કાર્યશુદ્ધપર્યાય ક્યાંથી આવશે ? ધ્રુવમાં છે. પણ એ ધ્રુવ અને કારણપર્યાય બે, એના આશ્રયથી કાર્યપર્યાય થાય છે.

**શ્રોતા** :– એ દ્રવ્યમાંથી આવે છે કે...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— એ ત્રણમાંથી થઈને આવે છે. પછી વાત કરશે. એક લીટી લખી છે.

**શ્રોતા** :– ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– એ તો બીજી વાત. એ તો દૃષ્ટાંત હતું. એમ કે મગના દાણાનો ઢગલો હોય, મગનો. હવે પંખી બેઠું હોય, તો એને ઉડવા નીચે જોર દેવાનું નથી. કારણે કે જોર દેવા જાય તો ઢગલો ખરી જાય. સમજાણું કાંઈ ? પણ એ તો સંઘયણની મજબૂતાઈની અપેક્ષાએ વાત છે. સૂક્ષ્મ કહ્યું છે. મગ, અડદ. આઠ-દસ મણ ખુલ્લા પડ્યા હોય. એના ઉપર પંખી બેઠું હોય અને એને ઉડવું હોય તો નીચે જોર નહિ દઈ શકે. આમ જેવો ઉડવા જશે તો ખસી જશે. એમ જ્ઞાનીને અંતરની પર્યાયમાં જોર દેવામાં ઉત્પાદ-વ્યયની પર્યાય કામ નહિ કરે. નીચે અંદર ધ્રુવ છે તેના ઉપર જોર દેતા ઉત્પાદ-વ્યયની પર્યાય પ્રગટ થશે. એટલે એ અપેક્ષાએ લીધું હતું.

**શ્રોતા** :– ધ્રુવ ઉપર જોર કોણ દે છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– એ પોતે પર્યાય. પ્રગટ પર્યાય થાય તે.

**શ્રોતા** :– ઉત્પાદ-વ્યય પર્યાય ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– ઉત્પાદની. એ ધ્રુવ છે એના ઉપર પર્યાય જોર દેશે ત્યારે એકાગ્ર થશે. આહા..હા...! એવું છે, ભાઈ ! આ તો બધી ખબર છે. ૪૧ વર્ષ થયા. ઘણા દાખલા અને ઘણી

ચીજ. આહા..હા...! આ વધારે સ્પષ્ટ છે ?

અંતઃતત્ત્વસ્વરૂપ, અંતઃતત્ત્વસ્વરૂપ, અનંત જ્ઞાન-દર્શન સ્વરૂપ, એવો **'સ્વભાવ અનંતચતુષ્ટયનું સ્વરૂપ તેની સાથે જે પૂજિત પંચમભાવપરિણતિ તે જ કારણશુદ્ધપર્યાય છે,...'** આહા..હા...! આ પર્યાય ધ્રુવ છે. પણ એક ન્યાયે ધ્રુવ જે ત્રિકાળી છે એવી આ વર્તમાન પર્યાય ધ્રુવ છે. પણ આઘા વિચાર કરતા અંદર ચાલતું નહોતુ. એ પર્યાય તે એની એ પર્યાય એમાં રહ્યા કરે છે કે નવી ઉત્પન્ન થાય છે ? તે દિ' મગજ કામ નહોતું કરતું. ત્યાં સુધી અટકી ગયું. શું કહ્યું સમજાણું ?

**શ્રોતા :–** એની એ પર્યાય...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ બસ વર્તમાન. એ ધ્રુવ પર્યાય છે, એને તો અનાદિ અનંત કીધી. હવે છે એ ખરેખર તો દ્રવ્ય-ગુણ સામાન્ય છે, એનું આ વિશેષ છે. વિશેષ ઉત્પાદ-વ્યયવાળું નહિ, ધ્રુવનું. છતાં એ વિશેષની પર્યાય મગજમાં નહોતું બેસતું. એ પર્યાય એની એ એમ ને એમ રહ્યા કરે છે ? કે નવી નવી થાય છે ? નવી નવી થાય તો પરિણમન થઈ ગયું. ઉત્પાદ થઈ ગયો. એ વખતે એમ ને એમ રહે એમ મગજમાં ભાસ્યું. ભાસે એટલું કહેવાય. આહા..હા...! શું કહ્યું સમજાણું ? 'હિમંતભાઈ'! એ તે દિ'નું જ છે. આ કાંઈ નવું નથી. ૩૨ વર્ષ પહેલાંનું છે. ભાઈએ લીધું ને, 'નાગરભાઈ' લાવ્યા હતા. એમાં લખ્યું હતું કે જેમ દ્રવ્ય ધ્રુવ છે, એવો ગુણ ધ્રુવ છે, એવી અહીં કારણપર્યાય ધ્રુવ છે. પણ એને કારણપર્યાય કીધી, તો જેમ દ્રવ્ય ધ્રુવ એકસરખું જેમ ચાલ્યું આવે છે, એમ આ ધ્રુવપર્યાય એકસરખી ચાલી આવે છે એટલે શું ? એની એ પર્યાય એમની એમ ચાલી આવે છે ? એ તો એ જે પર્યાય છે એ એમને એમ ચાલી આવે નવી ધ્રુવપણે. એ બહુ મગજ કામે લગાડ્યું. બહુ વિચાર્યું હતું. આ તો બધું જાતે જ કરવાનું હતું ને. સમજાય છે કાંઈ ?

**શ્રોતા :–** અમારે શું સમજવું ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એટલું આ રીતે સમજવું. કારણ કે જ્યારે એને એમ કહેવું કે ત્રિકાળી સાથે વર્તમાન પર્યાય છે. તો એ વર્તમાન પર્યાય એટલે શું ? ઉત્પાદ-વ્યય તો છે નહિ. વળી ધ્રુવ... ધ્રુવ...ધ્રુવ.. હવે એ અંશ એમ ને એમ ચાલ્યો આવે છે. ત્યારે એને કારણપર્યાય કહીએ. એની એ ચાલી આવતી હોય એટલે શું ? આ મગજમાં બેસે...

**શ્રોતા :–** કારણ ભેદે ભેદ પડે છે... ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ વળી તમારું કામ નથી. સમજાણું કાંઈ ? એ ચાલે એમ ચાલવા દ્યો.

ત્યાં તો એમ કહ્યું હતું અને વિચારમાં એમ ચાલ્યું છે કે વસ્તુ જે ત્રિકાળ છે, એવો જ ત્રિકાળી ધ્રુવ સામાન્ય ગુણ ત્રિકાળ છે. હવે એની પર્યાય અહીંયાં ગણીએ તો એ ખરેખર તો સામાન્ય વિશેષ થઈ ગઈ, છે ધ્રુવ. ઓલું ઉત્પાદ-વ્યયનું ધ્રુવ નહિ અને ઉત્પાદ-વ્યયની પર્યાય નહિ, છે ધ્રુવ. પણ એ ધ્રુવનો અંશ છે એ કાયમ એમ ને એમ રહે. એમ કાયમ રહે. એ કાયમ રહે એ શી રીતે રહે ? એમ વિચરતા અટકી ગયું. એવી પર્યાય છે એની એ એમ ને એમ રહે ? જેમ આ ધ્રુવ

.. તે અહીં શક્તિ આપી એટલે તો એમ ને એમ રહે છે. પણ આ તો પર્યાય છે, એની સાથેની દશા છે. તો એ દશા એની ને એની રહે ? એમ જાણવામાં આવેલું. બીજું વિશેષ સ્પષ્ટ નહિ થાય. મગજમાં આવે એટલું થાય ને ! આહા..હા...! આચાર્યોના હૃદય તો ગંભીર છે, ભાઈ ! આહા..હા...! દિગંબર સંતોના હૃદયો જ્ઞાનથી ઘણા ગંભીર અને ઊંડા ! ઘણો વારસો મૂકી ગયા છે. સમજાણું કાંઈ ? પોતાની શક્તિ પ્રમાણે એમાંથી નીકળશે. ગુરુગમ છે નહિ. બહારમાં તો ગુરુગમ રહ્યો નહિ. આહા..હા...!

**શ્રોતા :–** પૂર્વનો ગુરુગમ છે ને !

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ તો કહેવાનો હતો કે પૂર્વે ભગવાન પાસે સાંભળ્યું હતું એ અંદર કાંઈક હતું. આહા..હા...! ગજબ કામ કર્યું છે ને ! એક તો પર્યાય કહેવી અને ધ્રુવ કહેવું ! પર્યાય કહેવી અને પારિણામિકભાવ કહેવો ! ખરેખર તો એ 'શ્રીમદે' કહ્યું છે ને ? પરિણામી પદાર્થ સ્વઆકાર પરિણામી હોવા છતાં અવ્યવસ્થિતપણે. એ આત્માને માટે વિચાર આવેલો. તે લખ્યું છે. આમ જુઓ તો પર્યાય આત્મા, એની પર્યાય સ્વ–આકારે આખી એકસરખી પૂરી હોવી જોઈએ, છતાં ઉત્પાદ-વ્યયમાં તો અવ્યવસ્થિત છે. સમજાય છે કાંઈ ? ઉત્પાદ-વ્યયમાં અવ્યવસ્થિત છે અને... એવું ઝીણું છે જરી. આહા..હા...!

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ તમારું કામ નહિ આમાં. આ તો અંદર આવતું હોય એટલું આવે. બાપા કાંઈ... આહા..હા...! આમાં કાંઈ બીજાનો ગજ સુજે એવું નથી આમાં. કેવળીના કેડાયતોની આ ટીકા છે. આહા..હા...!

**'તે જ કારણશુદ્ધપર્યાય છે, એવો અર્થ છે.'** જુઓ! હવે કાર્યશુદ્ધપર્યાયની વ્યાખ્યા. **'સાદિ-અનંત,...'** જુઓ ! એક અનાદિ અનંત હતું. પહેલું અનાદિ અનંત હતું. આ સાદિ અનંત છે. કેમ કે કેવળજ્ઞાન પર્યાય ઉત્પન્ન થવાને આદિ છે. પણ કેવળજ્ઞાન આદિ પર્યાય પ્રગટી, અંત નથી. અનંતકાળ રહેશે, સદશ્ય તરીકે. જે કેવજ્ઞાનપર્યાય પ્રગટી એ જ પર્યાય બીજા સમયે રહેશે એમ નથી. સમજાણું કાંઈ ? કેવળજ્ઞાનની પર્યાય એક સમયે ઉત્પન્ન થઈ, તો એ તો સાદિ થઈ. અને એવી જ પર્યાય, એવી સરખી બીજે સમયે થશે, પણ પહેલાં હતી એ પર્યાય નહિ, અનેરી પણ એવી. આહા..હા...! કેમ કે કેવળજ્ઞાનની પર્યાયની મુદ્દત જ એક સમયની છે. આહા..હા...! પણ અહીંયા જે કહ્યું કે જે પર્યાય પૂર્ણ પ્રગટી, એ પૂર્ણ પર્યાય એવી ને એવી સાદિ અનંત રહેશે, એ અપેક્ષાએ સાદિ અનંત કહ્યું છે. સમજાણું કાંઈ ?

ફરીથી, ભગવાનઆત્મા દ્રવ્ય છે, ગુણ છે. હવે કારણપર્યાય એ તો ત્રિકાળી પારિણામિકભાવ થયો. હવે તેના આશ્રયથી કેવળજ્ઞાન પ્રગટે છે એ નવું પ્રગટે છે. એ ગુણની પેઠે અનાદિ નથી. કારણપર્યાયને અનાદિ કહી. પણ આ કાર્યપર્યાયને સાદિ કહી. નવી પ્રગટે છે ને ! સાદિ કહી અને

પછી અનંત કહી. **'સાદિ-અનંત,...'** તો એ પર્યાય એની એ નહિ પણ એવી ને એવી અનંતકાળ રહેશે એ અપેક્ષાએ. દ્રવ્યાનુયોગનું તત્ત્વ સૂક્ષ્મ ઘણું, ભાઈ ! આહા..હા...! સમજાણું કાંઈ ?

એ એકવાર ત્યાં 'મથુરા'માં કહ્યું હતું ને ? 'કૈલાસચંદજી' ને ઘણા પંડિતો હતો. 'મથુરા'માં ગયા ત્યારે. 'ફૂલચંદજી' નહોતા, નહિ ? 'ફૂલચંદજી' નહોતા. ત્યારે કહ્યું હતું 'મુથરા'માં વ્યાખ્યાન ચાલતું હતું. ઘણા પંડિતો બેઠા હતા. કીધું કેવળજ્ઞાન પણ એક જ સમયે રહે છે. ભડક્યા.

**શ્રોતા :–** ... દ્રવ્ય, ગુણ, પર્યાય...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કેવળજ્ઞાન એ પર્યાય છે. પર્યાયની મુદ્દત એક સમયની જ છે. બીજે સમયે એ નહિ આવે, બીજે સમયે બીજી પર્યાય થશે. પણ એવી અને સરખી હશે એ અપેક્ષાએ ઉત્પન્ન થઈ એટલે સાદિ કહી, એવી ને એવી રહેશે માટે અનંત કહી. પણ એ જ પર્યાય ભવિષ્યમાં રહેશે એમ નથી. 'મથુરા'માં પંડિતજી ! 'મથુરા' છે ને 'મથુરા' ? ત્યાં અમે ગયા હતા ને ? તો 'કૈલાસચંદજી' આદિ બીજા ઘણા પંડિતો હતા. ત્યાં વ્યાખ્યાનમાં થોડીવાર આવ્યા. કીધું, કેવળજ્ઞાનની પર્યાય એક સમયની છે. પંડિતો ભડક્યા. અરે ! આ શું ? કેવળજ્ઞાન પર્યાય છે. પર્યાયની મુદ્દત એક સમયની છે. પણ એવી ને એવી અનંતકાળ રહેશે એ અપેક્ષાએ સાદિ અનંત કહેવામાં આવે છે. ત્યારે 'કૈલાશચંદજી'ને કહ્યું હતું કે સાંભળો તો ખરા મહારાજ શું કહે છે. ઘણા વર્ષ થયા. (સંવત) ૨૦૧૫ની સાલ હતી ? ૨૦૧૩ની સાલ. ૧૯ વર્ષ થયા.

અહીંયાં જે સાદિ અનંત કહી એ પર્યાય એવી ને એવી રહેશે. એ અપેક્ષાએ સાદિ અનંત કહી. પણ પહેલાં સમયમાં જે કેવળજ્ઞાન ઉત્પન્ન થયું, તેનો બીજા સમયે વ્યય થશે અને બીજે સમયે બીજી પર્યાય થશે. આહા..હા...! ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્તં સત્. નવી પર્યાય ઉત્પન્ન થાય, પૂર્વની પર્યાય વ્યય થાય છે અને ધ્રુવપણે કાયમ રહે છે. આવો માર્ગ વીતરાગનો ભારે, ભાઈ !

**'સાદિ-અનંત, અમૂર્ત,...'** લ્યો. ઓલામાં કારણપર્યાયમાં અનાદિ અનંત હતું, આ સાદિ અનંત. એમાં અમૂર્ત હતું આ પણ અમૂર્ત. **'અતીન્દ્રિયસ્વભાવવાળા...'** એ પણ અતીન્દ્રિયસ્વભાવવાળું હતું. **'શુદ્ધસદ્‌ભૂતવ્યવહારથી,...'** આ ફર્યો. ઓલામાં નિશ્ચય હતું. આ શુદ્ધસદ્‌ભૂત વ્યવહાર. જુઓ ! આહા..હા...! કેવળજ્ઞાનપર્યાય પણ શુદ્ધસદ્‌ભૂતવ્યવહાર છે. શુદ્ધ છે માટે પવિત્ર છે માટે શુદ્ધ, પોતાની પર્યાય છે માટે સદ્‌ભૂત અને ત્રિકાળની અપેક્ષાએ ભેદ પડ્યો માટે વ્યવહાર. કેવળજ્ઞાન પણ શુદ્ધસદ્‌ભૂતવ્યવહારનયનો વિષય છે. આહા..હા...!

**શ્રોતા :–** નય ક્યાંથી આવ્યા ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એને ક્યાં ? સમજવા માટે છે ને ! એના માટે નય ક્યાં છે ? નીચે શ્રુતજ્ઞાની સમજે છે એને માટે વાત છે. આહા..હા...! કેવળજ્ઞાનની પર્યાય પણ ત્રિકાળની અપેક્ષાએ એક અંશ થયો. ભેદ પડ્યો ને ભેદ ? તો એ ભેદ પડ્યો માટે વ્યવહાર, એની છે માટે સદ્‌ભૂત. શુદ્ધ છે માટે શુદ્ધ. શુદ્ધસદ્‌ભૂતવ્યવહાર. આહા..હા...! નિર્મળ પર્યાય ઉત્પન્ન થઈ એ એવી ને એવી

ને એવી ને એવી રહે છે ને ? એમાં ત્રિકાળ એ નિશ્ચય અને એ ભેદ પડ્યો એ અપેક્ષાએ વ્યવહાર થયો. વ્યવહાર છે પણ એના માટે સદ્ભૂત છે, પવિત્ર છે માટે શુદ્ધ છે. આહા..હા...!

**'સાદિ-અનંત, અમૂર્ત, અતીન્દ્રિયસ્વભાવવાળી, શુદ્ધસદ્ભૂતવ્યવહારથી, કેવળજ્ઞાન, કેવળદર્શન-કેવળસુખ-કેવળશક્તિ...'** એટલે વીર્ય. એવી **'કેવળશક્તિયુક્ત...'** સહિત. **'ફળરૂપ..'** એ કેવળજ્ઞાન ફળરૂપ છે ને ? એ મોક્ષમાર્ગનું ફળ છે. મોક્ષમાર્ગ કારણ છે અને એ ફળ– કાર્ય આવ્યું. **'કેવળશક્તિયુક્ત ફળરૂપ અનંતચતુષ્ટયની સાથેની...'** ફળરૂપ અનંત ચતુષ્ટયની સાથે. એ આખું લીધું. આ સાથેનો અર્થ–છે તો એની એ, પણ ઓલામાં પારિણામિકભાવ એ સાથ તો પર્યાય થઈ. અને આ અનંત ચતુષ્ટય છે તો પર્યાય, એની સાથેની એટલે **'(–અનંતચતુષ્ટયની સાથે તન્મયપણે રહેલી) જે પરમોત્કૃષ્ટ ક્ષાયિકભાવ...'** આખી પર્યાય ગણવી. વળી ચારની સાથે બીજી છે એમ નથી. ચાર તો પર્યાય છે. એની સાથે બીજી પર્યાય એમ નહિ, એ ચારનું એકરૂપ એનું નામ કાર્યશુદ્ધપર્યાય છે. જુઓને !

**'પરમોત્કૃષ્ટ ક્ષાયિકભાવની...'** અહીં ભાવ લેવો છે ને ક્ષાયિક ? **'શુદ્ધપરિણતિ...'** શુદ્ધપર્યાય. **'તે જ કાર્યશુદ્ધપર્યાય છે.'** લ્યો. ત્રિકાળી કારણશુદ્ધપર્યાય એ પારિણામિકભાવે છે અને કાર્યશુદ્ધપર્યાય એ ક્ષાયિકભાવે છે. શું કહ્યું ?–કે આત્મા વસ્તુ–દ્રવ્ય, ગુણ અને કારણપર્યાય–શુદ્ધકારણ એ પરમપારિણામિકભાવે છે અને જે કેવળજ્ઞાન, કેવળદર્શન થયું એ ક્ષાયિકભાવ છે. કારણપર્યાય એ નિશ્ચયપર્યાયનો વિષય કહેવામાં આવ્યો અને કાર્યપર્યાય છે એને સદ્ભૂતવ્યવહારનયનો વિષય કહ્યો. ભારે વાત, ભાઈ ! આમાં તો જરી ઉંડા જઈને અભ્યાસ કરે તો બેસે એવું છે. આહા..હા...!

જોયું આટલા વિશેષણો. **'પરમોત્કૃષ્ટ ક્ષાયિકભાવની શુદ્ધપરિણતિ તે જ કાર્યશુદ્ધપર્યાય છે.'** આમાં શું કહ્યું ? એ કારણપર્યાય તો ઠીક–ત્રિકાળી ગુણ, દ્રવ્ય સાથે પર્યાયકારણ. આ તો અનંતચતુષ્ટય પર્યાય છે એની સાથે. સાથેનો અર્થ એ. સાથે નામ એનું એકરૂપ જે ક્ષાયિકભાવ છે તેને અહીં કાર્યશુદ્ધપર્યાય કહે છે. આહા..હા...! હવે આવું વ્યાખ્યાનમાં. આ શું પણ ? એ કરતા દયા પાળો, વ્રત કરો, સમજાય તો ખરું. એમાં કાંઈ ધૂડમાં નથી, સાંભળને. આહા..હા...!

વસ્તુ કેમ છે ? કેવી છે ? એવું જ્ઞાનમાં આવ્યા વગર એમાં સ્થિરતા કેમ કરે ? આહા..હા...! વસ્તુ જેવી છે એવી દૃષ્ટિમાં આવ્યા વગર શેમાં સ્થિરતા કરે ? ચારિત્ર એટલે સ્થિરતા શેમાં કરવી ? કેમ કે વસ્તુ દૃષ્ટિમાં આવી નથી, તો ચારિત્ર ક્યાંથી આવે ? આહા..હા...! સમજાણું કાંઈ ? આ તો ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરનો માર્ગ છે, ભાઈ ! આ કોઈ સાધારણ પ્રાણીનું કથન નથી.. આહા..હા...!

અહો...! શબ્દ શું છે એ સમજ્યા ? ઓલા દ્રવ્ય-ગુણ જે પારિણામિકભાવ, એની સાથે તો પર્યાય ગણી. વર્તમાન... વર્તમાન.... વર્તમાન... પણ આ ચારની સાથે એટલે એ ચારનું એકરૂપ ક્ષાયિકભાવ એ ક્ષાયિકભાવ સાથે કહ્યો. આ શબ્દ પડ્યો છે ને ? **'(–અનંતચતુષ્ટયની સાથે તન્મયપણે રહેલી)...'** એકરૂપ **'પરમોત્કૃષ્ટ ક્ષાયિકભાવ...'** કેવળજ્ઞાન એ ક્ષાયિકભાવ છે. **'શુદ્ધપરિણતિ તે**

**કાર્યશુદ્ધપર્યાય છે.'** નીચે ખુલાસો કરી ગયા છીએ. **'કાર્યશુદ્ધપર્યાય પ્રગટે છે. પૂજનીય પરમપારિણામિકભાવપરિણતિ તે કારણશુદ્ધપર્યાય અને શુદ્ધ ક્ષાયિકભાવપરિણતિ તે કાર્યશુદ્ધપર્યાય છે.'**

**'અથવા,...'** મુનિરાજ કહે છે કે **'પૂર્વ સૂત્રમાં કહેલા...'** અગુરુલઘુ કીધું હતું ને ? **'સૂક્ષ્મ ઋચુસૂત્રનયના અભિપ્રાયથી,...'** સૂક્ષ્મ વર્તમાન અગુરુલઘુ–ષટ્‌ગુણની વૃદ્ધિ, એ **'સૂક્ષ્મ ઋજુસૂત્રનયના અભિપ્રાયથી, છ દ્રવ્યોને સાધારણ...'** છએ દ્રવ્યમાં સાધારણ. આ તો એક આત્માની જ વાત કરી – કારણ અને કાર્ય. એમાં આવી પણ એક પર્યાય ગણવામાં આવે છે, શુદ્ધપર્યાયમાં. **'સૂત્રમાં કહેલા સૂક્ષ્મ ઋજુસૂત્રનયના અભિપ્રાયથી, છ દ્રવ્યોને સાધારણ...'** છએ દ્રવ્યની પર્યાય અગુરુલઘુ છ દ્રવ્યમાં હોય છે. **'અને સૂક્ષ્મ એવા તે અર્થપર્યાયો શુદ્ધ જાણવા...'** એને પણ શુદ્ધ જાણવું એમ કહે છે. કારણશુદ્ધને જાણવું, કાર્યશુદ્ધને જાણવું આને પણ શુદ્ધ ત્રિકાળમાં અગુરુલઘુ કહેવાય છે. લ્યો.

**'(એ રીતે) શુદ્ધપર્યાયના ભેદ સંક્ષેપથી કહ્યા.'** આહા..હા...! સંક્ષેપમાં કહ્યું કહે છે. વિસ્તાર તો ... વીતરાગ..

**શ્રોતા :–** આવી કારણશુદ્ધપર્યાયનું જ્ઞાન ન હોય એને ત્રિકાળી દ્રવ્યનું આલંબન હોય ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ આવી ગયું. એ તો ન પણ હોય. એ તો ધ્રુવમાં આલંબન લે.

**શ્રોતા :–** એવું જ્ઞાન જેને હોય એને... ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** જેને વિશેષ(જ્ઞાન) છે એને તો જાણવી જોઈએ. સામાન્યપણે જેને હોય એ ન જાણી શકે. ત્રિકાળી ધ્રુવનો આશ્રય લે તો એમાં બધું આવી જાય છે. એને એવું જ્ઞાન જ હોય એવું કાંઈ નથી. પણ અહીં તો વિશેષ સ્પષ્ટ કરવું છે ત્યાં તો... આહા..હા...! તિર્યંચને સમ્યગ્દર્શન થાય છે. એ આનંદસ્વરૂપ ભગવાન પૂર્ણાનંદના નાથ ઉપર દૃષ્ટિ દે છે અને સમ્યગ્દર્શન થાય છે.

**શ્રોતા :–** તો બધાયને...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બધાને થાય છે, બધા એક જાત છે. મનુષ્યને તો વિપરીત શલ્ય ઘણા ઘુસી ગયા છે તો એને વિપરિત શલ્ય કાઢવા માટે અવિપરિત જ્ઞાન વિશેષ કરવું જોઈએ. એને વિપરિત શલ્ય નથી, તિર્યંચને. એ 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં આવ્યું ને ? કે એને નવ તત્ત્વનું જ્ઞાન નથી ને, પણ સાંભળ તો ખરો. એને આ આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ (છે), બસ, એવી જ્યાં દૃષ્ટિ થઈ ત્યાં આનંદસ્વરૂપી આત્મા અને એને અંદર થોડું દુઃખ દેખાય છે એ આત્મા નહિ. એટલે અજીવનું જ્ઞાન થયું, જીવનું જ્ઞાન થયું અને આત્મામાં જે આનંદ પ્રગટ્યો એ સંવર, નિર્જરાનું જ્ઞાન થઈ ગયું અને એ આનંદ તરફ ઢળે છે તો મોક્ષ તરફ ઢળે છે એમ કહેવામાં આવે છે. મોક્ષમાર્ગમાં લીધું છે. 'ટોડરમલ્લજી'એ ઘણું લીધું છે. 'ટોડરમલ્લજી'એ 'મોક્ષમાર્ગ પ્રકાશ'માં ઘણું લીધું છે. આહા..હા...! એ શુદ્ધ કારણપર્યાય અને શુદ્ધકાર્યપર્યાયની વ્યાખ્યા થઈ. એ શુદ્ધની (વ્યાખ્યા) થઈ.

**'હવે વ્યંજનપર્યાય કહેવામાં આવે છે : જેનાથી વ્યક્ત થાય–પ્રગટ થાય તે વ્યંજનપર્યાય છે.**

**શા કારણે ? પટાદિની માફક ચક્ષુગોચર હોવાથી...'** પટાદિ દેખાય છે આમ. **'(પ્રગટ થાય છે); અથવા, સાદિ-સાંત મૂર્ત વિજાતીયવિભાવસ્વભાવવાળો હોવાથી,...'** આ શરીર સાદિ છે, અંત છે, મૂર્ત, વિજાતીય. આત્માથી વિજાતીય ભાવ છે. એવી વિભાવસ્વભાવવાળી હોવાથી. આ દેહ આદિ. **'દેખાઈને નાશ પામવાને સ્વરૂપવાળો હોવાથી...'** નાશ પામવાના સ્વરૂપવાળી હોવાથી. આ વ્યંજનપર્યાય આ શરીરની આ આકૃતિ છે ને ? તેને અશુદ્ધ વ્યંજનપર્યાય કહે છે. એક પરમાણુની નહિ માટે અશુદ્ધ, માટે વિભાવ અને વ્યંજન એટલે આકૃતિ... આ અશુદ્ધની વ્યાખ્યા કરી. સમજાણું કાંઈ ? હવે વિશેષ વાત કરશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ !)

*** ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે. વીતરાગ સવરૂપ આત્મા છે તેના આશ્રયથી વીતરાગતા પ્રગટે એ ધર્મ છે. કર્તા, કર્મ, કરણ આદિ છએ કારકો વીતરાગી ગુણ છે. ષટ્કારકથી સ્વતંત્ર પરિણમવું એવો આત્માનો ગુણ છે અને અનંતા ગુણોમાં તેનું રૂપ છે. વીતરાગપણે પરિણમવું એવો એનામાં ગુણ છે, રાગરૂપે થવું એવો એનામાં ગુણ નથી. અકર્તા થવું એ આત્માનો ગુણ છે. રાગનું ન કરવું, રાગને ન ભોગવવું એવા ગુણો આત્મામાં છે. આહાહા ! વસ્તુની આવી જ મર્યાદા છે. વસ્તુ એની મર્યાદામાં જ રહે છે. મર્યાદા બહાર વસ્તુ જતી નથી. બધા આત્મા વીતરાગ સ્વરૂપ છે. રાગ એ તો પુણ્ય-પાપ તત્ત્વમાં જાય છે. આત્મા તો એકલો વીતરાગ સ્વરૂપ છે. રાગ એ તો પુણ્ય-પાપ તત્ત્વમાં જાય છે. આત્મા તો એકલો વીતરાગ જ્ઞાયકસ્વરૂપ છે એને જ્ઞાનપ્રધાનથી કહો તો જ્ઞાનસ્વરૂપ છે, દર્શનપ્રધાનથી કહો તો દર્શનસ્વરૂપ છે, ચારિત્રપ્રધાનથી કહો તો ચારિત્ર સ્વરૂપ છે, વીર્યપ્રધાનથી કહો તો વીર્યસ્વરૂપ છે, સ્વચ્છત્વ, વિભુત્વ, પ્રભુત્વ આદિની પ્રધાનતાથી કહો તો પ્રભુત્વ આદિ સ્વરૂપ જ છે. આહાહા ! આત્મા એકલો વીતરાગ સ્વભાવનો દરિયો છે. વીતરાગ કહો કે અકષાય સ્વભાવ કહો. સર્વ જીવ છે સિદ્ધ સમ, જે સમજે તે થાય. સર્વજ્ઞસ્વરૂપની દૃષ્ટિ થઈ એટલે પર્યાયમાં જિન થયો, અમૃતનો સાગર ઊછળ્યો. ૩૮૬.**

**— દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર – પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

## શ્રી નિયમસાર, ગાથા–૧૫, પ્રવચન નં. ૧૬૧, તા. ૨૫-૧-૧૯૭૬ [૧૪]

છેલ્લું આવ્યા. એમ કહ્યું કે આત્મા જે છે આ આત્મા, એ શુદ્ધ દ્રવ્ય અને શુદ્ધ ગુણ-શક્તિ અને કારણશુદ્ધપર્યાય સહિત આત્મા છે. આત્મા જે છે એ સર્વજ્ઞ જિનેશ્વરદેવ, પરમેશ્વરે જે જોયો અને આવો છે કે આ આત્મા દ્રવ્યસ્વરૂપ છે. અનંત શક્તિનો પિંડ અને એમાં અનંત ગુણરૂપ શક્તિ–ભાવ છે અને એની પર્યાયમાં એક શુદ્ધકારણપર્યાય છે. ઝીણી વાત છે, ભાઈ ! એ ઉત્પાદ-વ્યયની પર્યાય સિવાયની અંતરમાં શુદ્ધકારણપર્યાય છે, છે ધ્રુવ. આહા..હા...!

**શ્રોતા :–** ધ્રુવને જ પર્યાય કહેવી ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, એ વાત થતી હતી ને. ઝીણી વાત છે, ભાઈ ! આ તો સર્વજ્ઞ પરમેશ્વરે કહી એ વાત છે. એ વાત બીજા કોઈ સંપ્રદાયમાં છે નહિ. સમજાણું કાંઈ ? આ વાત તો શ્વેતાંબર સંપ્રદાયમાં પણ નથી. આ તો સનાતન જૈનદર્શન વીતરાગ પરમેશ્વરે કહ્યું, એ દર્શનમાં આ વાત છે. અને એ એમાં જન્મેલાને પણ ખબર નથી કે જૈન કેવા હોય. ક્રિયા કરે, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા–અમને ધર્મ થઈ ગયો. એમ માનીને સંપ્રદાયમાં (રહે). એ દૃષ્ટિ તો મિથ્યા છે.

**શ્રોતા :–** દિગંબરમાં જન્મ્યા અને મિથ્યાદૃષ્ટિ ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** દિગંબરમાં જન્મ્યા તો શું થયું ? આહા..હા...!

**શ્રોતા :–** એને પછી વ્રત જ કરવાનું રહે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** મિથ્યાદૃષ્ટિને હજી ભાન મળે કે આત્મા શું છે. આત્મા અખંડ આનંદનો નાથ પ્રભુ. એ આગળ આવશે. એક સમયમાં પરમાત્મસ્વરૂપ ભગવાન પૂર્ણ અતીન્દ્રિય આનંદનો કંદ છે, જેમાં શરીર, કર્મ અને વાણી આદિ તો નથી, પણ જેમાં દયા, દાન, ભક્તિ, પૂજાનો વિકલ્પ રાગ ઊઠે એ પણ એમાં નથી. એ તો નથી પણ વર્તમાન ઉત્પાદ-વ્યયવાળી પર્યાય જે છે એ પણ અંદરમાં નથી. આહા..હા...! ઝીણી વાત છે, ભાઈ ! એ તો ભગવાનઆત્મા અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદાદિ અનંત શક્તિઓનો પિંડ ભગવાનઆત્મા છે. એ આત્મામાં અનંત શક્તિ એ ગુણ છે અને એમાં કારણપર્યાય ધ્રુવ છે એ પર્યાય છે. ઉત્પાદવાળી પર્યાયથી રહિત એ પર્યાય છે. આહા..હા...!એવો આત્મા અંદર છે એની દૃષ્ટિ કરવી, એનું આત્મજ્ઞાન કરવું એ સમ્યગ્દર્શન

અને મોક્ષનું કારણ છે. સમજાણું કાંઈ ?

હવે અહીંયાં તો કેવળજ્ઞાન છે એની પર્યાય કહી. આત્મામાં સર્વજ્ઞપણું અરિહંતપદ જે પ્રાપ્ત થાય છે, એ શુદ્ધ સદ્‌ભૂત વ્યવહારનયનો વિષય છે. ત્રિકાળી દ્રવ્ય, ત્રિકાળી શક્તિ અને કારણશુદ્ધપર્યાય એ નિશ્ચયનય દ્રવ્યાર્થિકનયનો વિષય છે. આહા..હા...! સમજાણું કાંઈ ? વસ્તુ જે આત્મા, એક એક હોં ! દરેક આત્મા ભિન્ન છે. કોઈ આત્મા એક થતા નથી. દરેક આત્મા એ વસ્તુ તરીકે દ્રવ્ય અર્થાત્ અનંત શક્તિનો એકરૂપ પિંડ એ દ્રવ્ય અને એમાં અનંત જ્ઞાન, અનંત દર્શન આદિ સ્વભાવ–શક્તિ (છે) એ ગુણ છે અને એની વર્તમાનમાં ધ્રુવરૂપ એક ઉત્પાદ-વ્યય વિનાની... આહા..હા...! શુદ્ધકારણપર્યાય (છે, એ) ત્રણે ધ્રુવ છે. દ્રવ્ય ધ્રુવ છે, ગુણ ધ્રુવ છે અને પર્યાય ધ્રુવ છે. એવા આત્માની અંદર દૃષ્ટિ કરવી... આહા..હા...! એનું નામ સમ્યગ્દર્શન છે. હજી ધર્મની પહેલી સીઢી છે. એ વિના કદી ધર્મ થતો નથી. લાખ વ્રત કરે, તપસ્યા કરે, ભક્તિ કરે, પૂજા કરે, લાખ મંદિર બનાવે અને ભક્તિ કરે એ બધા પુણ્ય છે, ધર્મ નથી. સમજાણું કાંઈ ? સૂક્ષ્મ વાત છે, ભગવાન ! આ તો વળી ૧૫મી ગાથા છે.

**શ્રોતા** :– આજે તો ગુજરાતીમાં બોલવાનું હતું ને ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– આજે તો આ જરી શેઠ બેઠા છે ને. શેઠ આજે જવાને છે. આ બે-ત્રણ જણા હિન્દી આવ્યા છે. હિન્દી લીધું છે. હવે પછી ગુજરાતીમાં ચાલશે. આહા..હા...! સમજાણું કાંઈ ?

'કુંદકુંદાચાર્ય' મહારાજ દિગંબર સંત ભગવાન પાસે ગયા હતા. 'સીમંધર' ભગવાન મહાવિદેહમાં બિરાજે છે, ત્યાં ગયા હતા. સંવત ૪૯મા આઠ દિવસ રહ્યા હતા. ભગવાનની વાણી સાંભળી અને શ્રુતકેવળી સાથે પણ કેટલીક ચર્ચા થઈ, પછી અહીં આવ્યા. આવીને આ શાસ્ત્ર બનાવ્યું છે. સમજાણું કાંઈ ? એ અહીં 'નિયમસાર' બનાવ્યું. 'નિયમસાર'ની છેલ્લી ગાથામાં એમ કહ્યું છે કે મારી ભાવના માટે આ 'નિયમસાર' બનાવ્યું છે. છેલ્લી ગાથા છે ? ૧૮૭. છેલ્લી-છેલ્લી.

**णियभावणाणिमित्तं मए कदं णियमसारणामसुदं।**
**णच्चा जिणोवदेसं पुव्वावरदोसणिम्मुक्कं।।१८७।।**

છેલ્લી ગાથા ૧૮૭. ૧૮૭. છે ? '**णियभावणाणिमित्तं**' આ 'નિયમસાર' મારી ભાવના માટે, અંદર આત્માના આનંદની એકાગ્રતા માટે '**मए कदं**' મેં આ 'નિયમસાર' બનાવ્યું છે. '**णियमसारणामसुदं। णच्चा जिणोवदेस**' જિનેશ્વરનો ઉપદેશ, પૂર્વાપર દોષરહિત જાણીને આ બનાવ્યું છે. આહા..હા...! સમજાણું કાંઈ ? એ અહીં ૧૫ ગાથામાં કહે છે. છેલ્લી ૧૮૭ ગાથામાં કહે છે, મારી ભાવના માટે મેં આ 'નિયમસાર' બનાવ્યું છે એમ કહે છે. એ જિનેશ્વર વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર, એનો ઉપદેશ પૂર્વાપર વિરોધરહિત જાણીને મેં બનાવ્યું છે. સમજાણું કાંઈ ? અહીં એ ૧૫મી ગાથામાં

ચાલી ગઈ છે.

પોતાની જે ત્રિકાળી વસ્તુ અને એની શક્તિ ત્રિકાળી ધ્રુવ અને એની શુદ્ધકારણપર્યાય પણ ત્રિકાળી ધ્રુવ. આહા..હા...! આ ક્યાં વાત ! સમજાણું કાંઈ ? અંદરમાં ત્રણેની એકાકાર દૃષ્ટિ કરવી ભેદ પાડ્યા વિના, અખંડ અનુભવ અંતર દૃષ્ટિ કરતાં જે સમ્યગ્દર્શન થાય છે એ ધર્મની પહેલી સીઢી, ધર્મનું પહેલું સોપાન કહેવામાં આવે છે. એ સમ્યગ્દર્શન વિના ચાહે તો લાખ, કરોડ વ્રત અને તપ અને ભક્તિ અને પૂજા કરે એનાથી જન્મ-મરણ નહિ મટે. સમજાણું કાંઈ ? એ અહીં કહે છે. હવે આવશે.

એક કારણપર્યાય સહિત દ્રવ્ય કહ્યું અને એક પોતાના સ્વરૂપના અવલંબનથી, ધ્યાન કરતા ભગવાન અરિહંતને કેવળજ્ઞાન જે ઉત્પન્ન થયું એ શુદ્ધસદ્ભૂત વ્યવહારનયનો વિષય છે. ઓલો ત્રિકાળી નિશ્ચયનયનો વિષય છે અને આ અરિહંતપદ પ્રગટ્યું એ શુદ્ધસદ્ભૂત વ્યવહાર છે. પર્યાય છે ને ? પોતાની છે ને ? ભેદ છે ને ! તો શુદ્ધ સદ્ભૂત વ્યવહાર કહ્યું. અને વ્યંજનપર્યાય–આ નારકી, મનુષ્ય, દેવ આદિ શરીર છે ને ? એની આકૃતિ અથવા આત્માના અંદરના પ્રદેશમાં વ્યંજનપર્યાયની આકૃતિ, તેને વ્યંજનપર્યાય કહે છે. એ વાત તો કાલે ચાલી ગઈ. હવે આજે અહીંયાં આવ્યા છીએ.

**'પર્યાયી આત્માના જ્ઞાન વિના...'** આ બાજુ છે. સૂક્ષ્મ છે, ભગવાન ! આ માર્ગ સૂક્ષ્મ છે. લોકો માને છે એવી વાત નથી. સમજાણું કાંઈ ? કે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરો, નવ તત્ત્વના ભેદવાળી શ્રદ્ધા કરો અને પછી વ્રત લઈ લ્યો–એ બધા મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ ? શેઠ ! આવી ઝીણી ચીજ છે.

**શ્રોતા :–** દેવ-શાસ્ત્ર-ગુરુની પૂજા પણ મિથ્યાદર્શન છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ રાગ શુભભાવ છે.

**શ્રોતા :–** રાગને ધર્મ માને એ (મિથ્યાદૃષ્ટિ) છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એને ધર્મ માને (એ મિથ્યાદૃષ્ટિ છે). આહા..હા...! હું કર્તા થઈને રાગ કરું એ પણ મિથ્યાદૃષ્ટિ છે. સૂક્ષ્મ વાત છે, ભાઈ ! દિગંબર જૈનદર્શન, એ જૈનદર્શન સૂક્ષ્મ છે. એ જ જૈનદર્શન છે, બીજું કોઈ છે નહિ. સમજાણું કાંઈ ? એ અહીં 'કુંદકુંદાચાર્ય મહારાજ' ૧૫મી ગાથા દ્વારા કહ્યું. હવે કહે છે.

**'પર્યાયી આત્માના જ્ઞાન વિના...'** શું કહે છે ? આ આત્માને પર્યાયી કહ્યો. પર્યાયી આત્મા ત્રિકાળી વસ્તુ. આહા..હા...! એના જ્ઞાન વિના. એના અંતરમાં જ્ઞાન વિના ચોરાશીના અવતાર અનંત વાર કર્યા. સમજાણું કાંઈ ? આહા..હા...! **'પર્યાયી આત્મા...'** આહા..હા...! ત્રિકાળી. વસ્તુ ત્રિકાળી છે ને ? એ પર્યાયી એટલે એ આત્મા, પર્યાયી આત્મા, એમ. એના **'જ્ઞાન વિના...'** અંતરમાં એના ભાન વિના **'પર્યાયસ્વભાવવાળો હોય છે;...'** એની દૃષ્ટિ પર્યાય ઉપર છે, ત્રિકાળની દૃષ્ટિ નથી અને

પર્યાયની દૃષ્ટિ છે તો પર્યાયસ્વભાવવાળો મિથ્યાદૃષ્ટિ થયો. આહા..હા...! શું કીધું ?

**'પર્યાયી આત્મા...'** વસ્તુ ત્રિકાળી. દ્રવ્ય-ગુણ અને શુદ્ધકારણપર્યાયવાળાને અહીં આત્મા કહે છે. આહા..હા...! એ **'આત્માના જ્ઞાન વિના...'** 'મુનિ વ્રતધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમ જ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' આતમજ્ઞાન શું છે એની ખબર નથી. આ વ્રત પાળો, અપવાસ કરો, ભક્તિ કરો, પૂજા કરો. 'મુનિવ્રતધાર અનંતબેર ગ્રૈવેયક ઉપજાયો.' અનંત વાર સ્વર્ગમાં ગયો. પણ આત્મા શું ચીજ છે એનો અનુભવ અને સમ્યગ્દર્શન ન કર્યું. સમજાણું કાંઈ ?

**'પર્યાયી આત્મા...'** ભાષા તો જુઓ ! એના **'જ્ઞાન વિના...'** એની અંદર અનુભવ સમ્યગ્દર્શન વિના, એનું સ્વસંવેદન, ભાવશ્રુતના આનંદના વેદન વિના. આહા..હા...! સમજાણું કાંઈ ? આત્મા પર્યાય સ્વભાવવાળો (છે).. આહા..હા...! એ તો વર્તમાન પર્યાયની દૃષ્ટિ અનાદિથી છે. વર્તમાન રાગ અને વર્તમાન જ્ઞાનથી પર્યાય વ્યક્ત ઉત્પાદવાળી છે, ઉત્પાદ-વ્યયવાળી છે, એવી દૃષ્ટિ એની છે. ત્રિકાળી આત્માની ખબર નથી. આહા..હા...! જૈન દિગંબર સાધુ અનંતવાર થયો, પણ એ મિથ્યાદૃષ્ટિપણે વ્રત પાળ્યા અને આ કર્યું. પણ આત્મજ્ઞાન અનુભવ છે એ કર્યું નહિ. આહા..હા...!

**શ્રોતા :–** દિગંબર સાધુ થઈ શકાય ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** દિગંબર એટલે ? બહારના વાડાના નગ્નમુનિ થાય. પંચ મહાવ્રત પાળે એ બધી મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા...! અંતર આત્મજ્ઞાન વિના.... 'મુનિ વ્રત ધાર અનંતબેર...' છ ઢાળામાં આવે છે. 'છ ઢાળા'માં આવે છે. એ વાંચ્યું હોય પણ અર્થની ખબર ન હોય. 'મુનિવ્રત ધાર...' દિગંબર મુનિ, હોં ! શ્વેતાંબર મુનિ એ કોઈ મુનિ છે નહિ. એ તો ગ્રહતિ મિથ્યાદૃષ્ટિ છે. શ્વેતાંબર, સ્થાનકવાસી, એ આ મૂર્તિપૂજક શ્વેતાંબર એને તો ભગવાન જૈન કહેતાં જ નથી.

**શ્રોતા :–** તેરાપંથી તો જૈનમાં ગણાય ને ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** તેરાપંથી, સ્થાનકવાસી બધા ગ્રહિત મિથ્યાદૃષ્ટિ. આ 'તુલસી' છે ને ? ભાઈ ! વાત તો એવી છે. કોઈને દુઃખ લાગે એની વાત નથી. વસ્તુનું સત્ય આવું છે. શ્વેતાંબર મૂર્તિપૂજક, એમાંથી નીકળ્યા સ્થાનકવાસી મૂર્તિને ઉથાપીને. બે. એમાંથી નીકળ્યા તેરાપંથી. સ્થાનકવાસી તેરાપંથી, હોં ! આપણા દિગંબર તેરાપંથી નહીં. દિગંબરમાં પણ તેરાપંથી અને વીસપંથી બે છે ને ? દિગંબર તેરાપંથી તો સનાતન ચીજ છે. સમજાણું કાંઈ ? પણ આ જે તેરાપંથી 'તુલસી' છે, એના લાખો માણસ છે, એ પરની દયા પાળવાના ભાવને પાપ કહે છે. એ પણ બધી વસ્તુસ્થિતિ એવી (વિપરીત) છે, ભગવાન ! આ કોઈ સંપ્રદાયની વાત નથી. આ તો વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ, જે દિવ્યધ્વનિ દ્વારા કહ્યો, એ માર્ગ અહીંયાં છે.

કહે છે કે આત્મજ્ઞાન વિના. ભલે દિગંબર સંપ્રદાયનો સાધુ હોય, બાર વ્રત પાળો, ભક્તિ-પૂજા કરો પણ આતમજ્ઞાન વિના, આત્મા અનંત આનંદકંદ છે, આહા..હા...! અતીન્દ્રિય આનંદના વેદન વિના... અતીન્દ્રિય આત્મજ્ઞાનના ભાન વિના... આહા..હા...! **'આત્મા પર્યાયસ્વભાવવાળો હોય**

**છે;...'** એ તો એની એક સમયની અવસ્થા સ્વભાવવાળો હોય છે.

**શ્રોતા :–** પર્યાયી આત્મા...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** શું કહ્યું ? પહેલાં કહ્યું સાંભળ્યું નહિ ? ત્રણવાર કહ્યું, ચાર વાર કહ્યું. પર્યાયી આત્મા એમ. પર્યાયી એટલે આત્મા. વાત તો કરી. પહેલી શરૂઆતથી કરી. અહીં તો ધ્યાન રાખો તો એકેય વાત કોઈ પૂછવાલાયક રહે એવી નથી આવતી. પર્યાયી એટલે જ આત્મા. પર્યાય એ વ્યંજનપર્યાય બતાવવા. આ ચાર ગતિ મળે છે ? અહીં તો પર્યાયી એટલે આત્મા. પર્યાય એટલે આત્મા એમ નહિ. આહા..હા...! સમજાણું કાંઈ ? અરે..! ભાઈ ! આ તો વીતરાગ માર્ગ જિનેશ્વરનો. કદિ એણે સમજ્યો નથી. જૈનમાં અનંત વાર જન્મ્યો. વાડા કર્યા, સાધુ થયો, દિગંબર મુનિ થયો, પંચ મહાવ્રત પાળ્યા–બધા એકડા વીનાના મીંડા છે. આહા..હા...! સમજાણું કાંઈ ? શું કહે એકડા વિનાને ?

**શ્રોતા :–** પહેલાં મીંડા વાળી દે અને પછી એકડો ચઢાવે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** મીંડામાં કોઈ સંખ્યા ન આવે. લાખ મીંડાને સંખ્યા ન આવે. એક આંકડો લખે તો સંખ્યા થાય. પાછળ મીંડા કરે તો સંખ્યા આવે. એમ સમ્યગ્દર્શન પછી સ્વરૂપમાં સ્થિરતા થાય તો ચારિત્ર થાય છે. સમજાણું કાંઈ ? આ તો માર્ગ એવો છે. 'કુંદકુંદાચાર્ય' પોકાર કરે છે. અનંત તીર્થંકરોએ કહ્યો એ માર્ગ કહે છે. સમજાણું કાંઈ ? આહા..હા...! 'મંગલં ભગવાન વીરો' આવે છે ને ? 'મંગલં ગૌતમો ગણી, મંગલં કુંદકુંદાર્યો'. પહેલે નંબરે ભગવાન, બીજે નંબરે ગણધર-ગૌતમ, ત્રીજે નંબરે 'કુંદકુંદાચાર્ય'. 'જૈન ધર્મોસ્તુ મંગલં.' તે આ 'કુંદકુંદાચાર્ય' કહે છે. આહા..હા...! સમજાણું કાંઈ ? એક લીટીમાં કેટલું સમાડી દીધું છે !

પર્યાયી એવો આત્મા. પર્યાય નહિ, પર્યાયી. **'પર્યાયી આત્માના જ્ઞાન વિના...'** એના જ્ઞાન, અનુભવ સમ્યગ્દર્શન વિના **'આત્મા પર્યાયસ્વભાવવાળો...'** વર્તમાન અવસ્થાવાળો તે આત્મા છે. વર્તમાન અવસ્થાને જ પ્રાપ્ત થાય છે. ચાર ગતિમાં રખડવા. એ કહે છે, જુઓ! **'તેથી શુભાશુભરૂપ મિશ્ર પરિણામથી...'** જ્યારે પર્યાયદૃષ્ટિ છે, વર્તમાન અંશની દૃષ્ટિ છે, તો એ દૃષ્ટિવાળો આત્મા શુભાશુભ મિશ્ર પરિણામ કરે છે. કંઈક પુણ્યના પરિણામ, કંઈક પાપના પરિણામ, એવા **'મિશ્ર પરિણામથી આત્મા વ્યવહારે મનુષ્ય થાય છે,...'** શું કહ્યું ? સમજાણું કાંઈ ?

નિશ્ચયથી તો ભગવાન અખંડ આનંદ શુદ્ધ ચિદાનંદમૂર્તિ પ્રભુ, એવો પર્યાયી આત્મા, પર્યાયી એટલે પર્યાય નહિ, પર્યાયી આત્મા, એના જ્ઞાન વિના **'પર્યાયસ્વભાવવાળો...'** એટલે ચાર ગતિની પર્યાય પ્રાપ્તવાળો હોય છે. આહા..હા...! સમજાણું કાંઈ ? ભાઈ ! માર્ગ ઝીણો છે, બાપા ! દિગંબર ધર્મ એ કોઈ સંપ્રદાય નથી વસ્તુનું સ્વરૂપ છે. હજી એની સમ્યગ્દર્શનની જ ખબર ન મળે. આ માનીલે દેવ-ગુરુ-શાસ્ત્ર માન્યા અમને સમ્યગ્દર્શન થયું. ધૂડેય નથી સાંભળને. સમ્યગ્દર્શનની ચીજ કોઈ અલૌકિક છે.

એ કહે છે, સમ્યગ્દર્શનની ચીજ આત્મજ્ઞાન. એ આત્મજ્ઞાન વિના આત્મા, આત્માના જ્ઞાન વિના આત્મા, ત્રિકાળી જ્ઞાયકભાવના જ્ઞાન વિના આત્મા... સમજાણું કાંઈ ? પર્યાય સ્વભાવવાળો હોય છે. વર્તમાન પર્યાયની પ્રાપ્તિવાળો હોય છે. તો કેવી પર્યાયની પ્રાપ્તિ કરે છે ? કે **'શુભાશુભરૂપ મિશ્ર પરિણામથી...'** કાંઈક પુણ્ય અને કાંઈક પાપ, એવા **'મિશ્ર પરિણામથી આત્મા વ્યવહારે મનુષ્ય થાય છે,...'** નિશ્ચયથી તો આત્મા આત્મા રહે છે, પણ પર્યાયમાં વ્યવહારથી મનુષ્યભવ ધારણ કરે છે. પર્યાયદૃષ્ટિવાળો અને પર્યાયસ્વભાવને પ્રાપ્ત કરે છે. આહા..હા...! 'શાંતિભાઈ'! આવું ઝીણું છે, હોં !

**'તેનો મનુષ્યાકાર તે મનુષ્યપર્યાય છે;...'** જુઓ! આ મનુષ્યનો આકાર અંદર, શરીરનો જુદો પણ અંદર જે મનુષ્યગતિનો આકાર, એ મનુષ્યપર્યાય છે. આહા..હા...! શું કહે છે સમજાણું ? ભગવાનઆત્મા અખંડાનંદ પૂર્ણાનંદ પર્યાય આત્મા. એવો પૂર્ણ સ્વભાવ ભગવાન, એના જ્ઞાન વિના, એના અનુભવ વિના, એની પ્રતીતિ વિના, એના સમ્યગ્દર્શન વિના વર્તમાન પર્યાયની પ્રાપ્તિવાળો હોય છે. આત્મા જે ત્રિકાળી પર્યાયી એ આત્મા, એનું જે જ્ઞાન અને દર્શન થાય તો તો સિદ્ધગતિને પ્રાપ્ત કરે છે. સમજાણું કાંઈ ? એ પર્યાયી આત્મા એવા દ્રવ્ય, ગુણ, પર્યાયનો અંતરનો અનુભવ વિના. આ ચાર ગતિની પર્યાયને પ્રાપ્ત કરે છે. આહા..હા...! જુઓને હમણા આપણે સવારે સવારે સાંભળ્યું છે ને ? '...લાલ'નું સાંભળ્યું ને ? કેવો માણસ બિચારો. મારી નાખ્યો. ખૂન. '...લાલ'. કેવો માણસ ! બહુ ઉદાર માણસ. ઘણા લાખો રૂપિયા ખર્ચ્યા. હમણા ત્યાં આવ્યા હતા ને. અમે ત્યાં હતા ને બેંગલોર ત્યાં. બહેન બિચારા આવ્યા હતા. પેલી બાહુબલિની ૪૨ ફૂટની મૂર્તિ લઈને નીકળ્યા હતા. મહારાજ ... બે દિ આવ્યા હતા. રહી ગયા. વ્યાખ્યાન સાંભળી ગયા. 'બેંગલોર' હમણા એ પૈસા બહુ ખર્ચે છે. કોણ એવો માણસ કે મારી જ નાખ્યા, ખૂન કરી નાખ્યું. બાદશાહી મકાન, કરોડોપતિ મોટો, ઘણા કરોડો. ૨૦-૨૫ લાખ તો ધર્માદે ખર્ચ્યા હશે, મંદિર... કોઈકે મારી નાખ્યો. આહા..હા...!

કહે છે કે એ મનુષ્યદેહ કેમ પ્રાપ્ત થાય છે ? અંદર મનુષ્યની આકૃતિની પ્રાપ્તિ કેમ થાય છે ? કે ભગવાનઆત્માના આનંદ અને અનભવ વિના, સમ્યગ્દર્શન વિના એવા શુભાશુભભાવથી મનુષ્યની પર્યાય ઉત્પન્ન થાય છે. આહા..હા...! **'કેવળ અશુભ કર્મથી વ્યવહારે આત્મા નારક થાય છે,...'** એકલા અશુભભાવ, હિંસા, જૂઠું, મહાપાપ, નરકને યોગ્ય. નીચે નારકી છે. **'કેવળ અશુભ કર્મથી વ્યવહારે આત્મા નારક થાય છે,...'** વ્યવહારથી આત્મા નારક થાય છે. આત્મા તો આત્મા જ છે. આત્માનું દ્રવ્યે કોઈ નારકી થાય છે એમ નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? **'કેવળ અશુભ કર્મથી વ્યવહારે આત્મા નારક થાય છે, તેનો નારક આકાર તે નારકપર્યાય છે.'** વ્યંજનપર્યાય. નારકીના શરીર પ્રમાણે આત્માનો આકાર હોય ને ?

**'કિંચિત્ શુભમિશ્રિત...'** કાંઈક શુભભાવમિશ્રિત માયા કપટ પરિણામથી **'આત્મા વ્યવહારે તિર્યંચકાયમાં જન્મે છે,...'** આહા..હા...! આ તિર્યંચ-એકેન્દ્રિય, બે ઇન્દ્રિય, આ પશુ, ગાય, ઘોડા

આદિ તિર્યંચ છે ને ? આડાને શું કહે છે ? તીર્છા. એ આડાને ભગવાન તિર્યંચ કહે છે. એ આડા કેમ થયા ? પૂર્વે માયા, કપટ આદિ આડોડાઈ ઘણી કરી હતી. માયા, કપટ, કુટીલ એ આડોડાઈ કરી હતી તો શરીર પણ આડું થઈ ગયું. આહા..હા...! સમજાણું કાંઈ ? એ **'કિંચિત્ શુભમિશ્રિત માયાપરિણામથી....'** કપટ. આહા..હા **'આત્મા વ્યવહારે તિર્યંચકાયમાં જન્મે છે,..'** લ્યો, અહીં જન્મે છે એમ લખ્યું. જોયું ? ઓલામાં એમ કહ્યું હતું કે વ્યવહારે મનુષ્ય થાય છે. નારકમાં નારક પર્યાય છે. આમાં તિર્યંચ ગતિમાં જન્મે છે. ભાષા ફેર છે. નારક આકાર હોય. .. પર્યાય. છે એ ? ... પર્યાય હોય છે એમ. **'તેનો આકાર તે તિર્યંચપર્યાય છે;...'**

**'અને કેવળ શુભકર્મથી...'** દયા, દાન, ભક્તિ, પૂજા, વ્રત એ પુણ્ય છે. એ પુણ્યથી સ્વર્ગમાં જાય છે. સમજાણું કાંઈ ? એ ધર્મ નથી. છે ? **'કેવળ શુભકર્મથી...'** એકલા પુણ્યભાવથી, જેમાં અશુભભાવ નથી પણ જેને આત્મજ્ઞાન પણ નથી, એકલો શુભભાવ કરે છે–દયા, દાન, વ્રત, ભક્તિ, તપસ્યા, પૂજા, દાન, એમાં રાગની મંદતા હોય તો એ શુભ છે. એ શુભથી સ્વર્ગ મળે, સ્વર્ગ ગતિની પર્યાય મળે, એનાથી ધર્મ નથી થતો. આહા..હા...! સમજાણું કાંઈ ? કેટલો ખુલાસો કર્યો, જુઓ!

અહીંયાં શું કહે છે ?–કે પર્યાયી એવો આત્મા ત્રિકાળી જ્ઞાયક ભગવાન, એના જ્ઞાન વિના ચાર ગતિની પર્યાય, પર્યાયદૃષ્ટિવાળો ચાર ગતિની પર્યાયને પ્રાપ્ત થાય છે. આહા..હા...! સંતોએ તો કેટલી કરુણા કરીને... આહા..હા...! સ્પષ્ટ કર્યું છે. શું કીધું ? કે આ આત્મા અંદર વસ્તુ છે એ તો કર્મ, શરીર, વાણી એનાથી રહિત છે અને દયા, દાન, વ્રત, ભક્તિ અને પાપના પરિણામથી રહિત છે અને વર્તમાન જ્ઞાનની એક સમયની પર્યાયનો જે વિકાસ છે એનાથી પણ રહિત છે. એવા આત્માના જ્ઞાન વિના... આહા..હા...! એવા આત્માના અનુભવ સમ્યગ્દર્શન વિના, એની પર્યાયસ્વભાવવાળો નામ પર્યાયદૃષ્ટિવાળો હોવાથી ચાર ગતિની પર્યાય પ્રાપ્ત થાય છે. સમજાણું કાંઈ ? અંતર સ્વભાવ આનંદકંદ પ્રભુ ! એનો અનુભવ કરવાથી, દૃષ્ટિ કરવાથી, સ્થિરતા કરવાથી સિદ્ધપદ મળે છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

ચૈતન્યપિંડ પ્રભુ ! તું તો ભવ અને ભવના ભાવરહિત વસ્તુ છે. એવી ચીજ જે પૂર્ણ આનંદ જ્ઞાયકઘન, એની દૃષ્ટિ અને જ્ઞાન કરવાથી સિદ્ધપદની પ્રાપ્તિ થાય છે. પણ એવા આત્માના જ્ઞાન અને દર્શન વિના, પર્યાય–વર્તમાન અંશ દૃષ્ટિવાળો ચાર ગતિની પર્યાયને પ્રાપ્ત કરે છે. આહા..હા...! સમજાણું કાંઈ ? પણ હવે કરવું શું ? કરવાનું એ છે કે પુણ્ય-પાપનો વિકલ્પ રાગ છે એનાથી હટીને ત્રિકાળી જ્ઞાયકની દૃષ્ટિ કરવી, જ્ઞાન કરવું એ કરવાનું છે. બાકી બધા થોથા છે. સમજાણું કાંઈ ? 'માંગીલાલજી'! આહા..હા...!

અહીં કહે **'કેવળ શુભ કર્મથી...'** એકલા પુણ્ય–દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, શુભભાવથી **'વ્યવહારે આત્મા દેવ થાય છે,...'** એનાથી દેવ થાય છે. આહા..હા...! પર્યાયદૃષ્ટિ હોવાથી ચાર ગતિની પર્યાયને પ્રાપ્ત કરે છે. દ્રવ્યદૃષ્ટિ–ત્રિકાળની દૃષ્ટિ અને જ્ઞાન થવાથી ચાર ગતિ વિના સિદ્ધની

પર્યાયને પ્રાપ્ત થાય છે. આહા..હા...! છે ? **'તેનો આકાર તે દેવપર્યાય છે.'** વ્યંજન (પર્યાય), આ આકૃતિ, શરીરની અથવા દેવની. **'આ વ્યંજનપર્યાય છે.'** એ શરીર આદિની અવસ્થા, અંદર આત્માની આકૃતિ, એ વ્યંજનપર્યાય પ્રગટ બહાર દેખાય એવી છે. **'આ પર્યાયનો વિસ્તાર અન્ય આગમમાં જોઈ લેવો.'** અહીં તો અધ્યાત્મ ગ્રંથ છે માટે થોડું લખ્યું છે. માટે બીજા ગ્રંથમાં જોઈ લેવું.

**'[હવે ૧૫મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ...'** 'પદ્મપ્રભમલધારિદેવ'. આ શ્લોક (-ગાથા) છે એ 'કુંદકુંદાચાર્યદેવ'ના છે. અને ટીકા 'પદ્મપ્રભમલધારિદેવ' ૯૦૦ વર્ષ પહેલા દિગંબર મુનિ હતા, અને 'સમયસાર'ની ટીકા કરનાર 'અમૃતચંદ્રાચાર્ય' છે. ત્રણે મુનિઓની અહીં (પરમાગમ મંદિરમાં) સ્થાપના કરી છે. સમજાણું કાંઈ ? સ્થાપના એટલે ચિત્ર મૂક્યા છે. આહા..હા...!

૨૭ શ્લોક છે ને ઉપર ?

**अपि च बहुविभावे सत्ययं शुद्धदृष्टिः**
**सहजपरमतत्त्वाभ्यासनिष्णातबुद्धिः ।**
**सपदि समयसारान्नान्यदस्तीति मत्त्वा**
**स भवति परमश्रीकामिनीकामरूपः ।।२७।।**

ઓલામાં આવ્યું છે ને આપણે ? 'સમયસાર'થી વિશેષ.. એ શૈલી 'અમૃતચંદ્રાચાર્ય'ની છે. **'બહુ વિભાવ હોવા છતાં...'** આહા..હા...! શું કહે છે ? ચાહે તો શુભ-અશુભનો વિકલ્પ વિભાવ પર્યાયમાં હો, ભગવાનઆત્મા એ વિભાવથી ભિન્ન છે. પર્યાય નામ અવસ્થામાં શુભ-અશુભભાવ વિભાવ, શુભ-અશુભભાવ વિભાવ, બહુ વિકાર હોવા છતાં પણ...એમ કહે છે. આહા..હા...! પર્યાય અવસ્થામાં મિથ્યાત્વ હોય, રાગ-દ્વેષ હોય, શુભાશુભભાવ હોવા છતાં પણ **'સહજ પરમ તત્ત્વના અભ્યાસમાં જેની બુદ્ધિ પ્રવીણ છે...'** આહા..હા...! એ શુભ-અશુભભાવ હોવા છતાં સમ્યગ્દષ્ટિની બુદ્ધિ તીક્ષ્ણ છે. આહા..હા...!

**'પરમ તત્ત્વના અભ્યાસમાં...'** પરમ તત્ત્વ જ્ઞાયકમૂર્તિ જે ભગવાનઆત્મા, એ વિભાવ હોવા છતાં એનાથી દૂર હટીને **'પરમ તત્ત્વના અભ્યાસમાં જેની બુદ્ધિ પ્રવીણ છે...'** આહા..હા...! શું કહે છે ? ભાઈ ! આ તો અધ્યાત્મ શાસ્ત્ર છે. દિગંબર સંતોના પેટ છે એ તો. કેવળીના પેટ ખોલી નાખ્યા છે. સૂક્ષ્મ બાત છે. જલ્દી સમજાય એવી નથી. ઘણો પ્રયત્ન જોઈએ. આહા..હા...! આ શરીર, બરીર એ તો જડ છે. આ તો માટી-ધૂડ છે. કર્મ ધૂડ-માટી અંદર છે.

અહીં તો પુણ્ય અને પાપ અને મિથ્યાત્વના ભાવ પર્યાયમાં હોવા છતાં, **'વિભાવ હોવા છતાં પણ...'** એકલા પુણ્ય-પાપના વિકાર ભલે હોય, ચાર ગતિના કારણરૂપ ભાવ હોય પણ **'જેની બુદ્ધિ...'** **'પરમ તત્ત્વના અભ્યાસમાં...'** પરમ જ્ઞાયકભાવ અખંડાનંદ પ્રભુ, એની એકાગ્રતાના અભ્યાસમાં **'જેની બુદ્ધિ પ્રવીણ છે...'** આહા..હા...! જેની જ્ઞાનબુદ્ધિ પ્રવીણ છે કે જે ત્રિકાળી પરમતત્ત્વના એકાગ્રતાનો

અભ્યાસ કરે છે. આહા..હા...! સમજાણું કાંઈ ? સૂક્ષ્મ છે, ભાઈ !

આ તો જિનેશ્વરદેવનો માર્ગ છે, બાપુ ! જેને સો ઇન્દ્રો પૂજે, જેને એકાવતારી ઇન્દ્રો જ્યાં... શું કહે છે કૂતરાના બચ્ચાને ? પિલ્લુ. પિલ્લુની જેમ ઇન્દ્ર ભગવાન પાસે બેસે. મહાવિદેહમાં ભગવાન બિરાજે છે. 'સીમંધર' ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરદેવ, એમની પાસે ગયા હતા, ત્યાંથી આવીને આ બનાવ્યું. જેની પાસે એકાવતારી ઇન્દ્રો સાંભળે છે. પહેલાં દેવલોકના ઇન્દ્ર છે એ એકભવાતરી છે, શક્રેન્દ્ર. અને એની ઇન્દ્રાણી એકભવતારી છે. સિદ્ધાંતમાં, આગમમાં એ લેખ છે. બન્ને એકભવતારી છે. બન્ને ત્યાંથી નીકળીને મોક્ષે જનારા છે. એ ભગવાન પાસે સાંભળવા જાય છે. એ વાત કેવી હશે ? ભાઈ ! આ સાધારણ વાત નહિ. દયા, પાળો, આ કરો. હવે એ તો કુંભાર પણ કહે છે. સમજાણું કાંઈ ? આ તો વીતરાગમાર્ગ જગતથી તદ્દન નિરાળો છે.

શું કહે છે ? પર્યાયમાં, અવસ્થામાં પુણ્ય-પાપ આદિ વિભાવ–વિકાર હોવા છતાં પણ જેની દૃષ્ટિ એને ઓળંગીને અંતરમાં ગઈ છે. સહજ પરમ તત્ત્વ ભગવાનઆત્મા સ્વભાવિક પરમતત્ત્વ અનાદિ અનંત પડ્યો છે. આહા..હા...! સહજ. કોઈએ બનાવ્યું નથી. અનાદિથી છે જ. એવા **'પરમ તત્ત્વના અભ્યાસમાં...'** પરમ તત્ત્વની અંદર એકાગ્રતામાં **'જેની બુદ્ધિ પ્રવીણ છે...'** આહા..હા...! જેની જ્ઞાનની પરિણતિ એટલી પ્રવીણ-નિપૂણ છે કે વિભાવભાવ હોવા છતાં પણ ત્યાંથી હટીને ત્રિકાળ તત્ત્વનો અભ્યાસ કરે છે, તેને તીક્ષ્ણબુદ્ધિવાળો કહે છે. આહા..હા...! એ સમ્યગ્દૃષ્ટિ. સમજાણું કાંઈ ? હજી તો વાત પકડવી કઠણ પડે. અને અત્યારે તો મૂળ ચીજની વાત ચાલતી નથી. બહારનું આ કરો... આ કરો.. આ કરો... વ્રત કરો, અપવાસ કરો, ત્યાગ કરો, આ કરો. આહા..હા...! 'પાટણીજી'! 'પાટણી'ને ઓળખો છો તમે ? 'આગ્રા'. સમાજાણું કાંઈ ? આહા..હા...! ભાઈ ! તમારું 'આગ્રા' આવ્યું. ભાઈ આવ્યા છે. આહા..હા...! ભગવાનનો માર્ગ બહુ સૂક્ષ્મ, ભાઈ !

કહે છે કે વિભાવભાવ છે. એક બાજુ પરમતત્ત્વ છે. શરીર, વાણી, મન એ જડની સાથે કોઈ સંબંધ નથી, એ તો પરમાણુ જગતની જડ ચીજ છે. એની પર્યાયમાં, અવસ્થામાં પુણ્ય અને પાપ, દયા અને દાન, વ્રત અને ભક્તિ, કામ અને ક્રોધ, એવા વિભાવ છે, પાછું એમ કીધું ખરું, નથી એમ નહિ. વેદાંતની પેઠે કાંઈ નથી એમ નહિ. પર્યાયમાં (છે). છે ને ? **'વિભાવ હોવા છતાં પણ...'** આહા..હા...! **'સહજ પરમ તત્ત્વના...'** ભગવાનઆત્મા સચ્ચિદાનંદ પ્રભુ 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' 'બનારસીદાસ'માં આવે છે. 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' મારું પદ જ સિદ્ધ સમાન ત્રિકાળ છે. એવું પરમતત્ત્વ, **'સહજ પરમ તત્ત્વના અભ્યાસમાં...'** અંતર્મુખ એકાગ્રતા.. આહા..હા...! એમાં જેની બુદ્ધિ પ્રવીણ છે. અંતર્મુખ તત્ત્વની એકાગ્રતા કરવામાં જેની જ્ઞાનબુદ્ધિ તીક્ષ્ણ-ઝીણી છે, પ્રવીણ છે. આહા..હા...! એક એક શ્લોક તો જુઓ !

**'એવો આ શુદ્ધિદૃષ્ટિવાળો પુરુષ,...'** જ્ઞાન અને દૃષ્ટિ બે લીધા. આહા..હા...! આ આત્મા અને પર્યાયી આત્મા ત્રિકાળી જ્ઞાયક આનંદકંદ પ્રભુ અને એની કારણપર્યાય ધ્રુવ એ બધા મળીને આત્મા.

અને એની પર્યાયમાં એ ધ્રુવ ઉપર ઉત્પાદ-વ્યય પર્યાયમાં ઘણા વિભાવ-વિકાર, શુભ-અશુભભાવ હોવા છતાં, છે એમ સિદ્ધ કર્યું, પણ એનું લક્ષ છોડીને ત્રિકાળી જ્ઞાયકભાવના અનુભવમાં જે પ્રવિણ છે, અભ્યાસ નામ અંદર અનુભવમાં પ્રવીણ છે, **'એવો આ શુદ્ધદૃષ્ટિવાળો પુરુષ,...'** એને શુદ્ધદૃષ્ટિ, સમકિતી અને ધર્મી કહે છે. આહા..હા...! સમજાણું કાંઈ ? ભારે વાત, ભાઈ ! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણી મોક્ષમાર્ગ. 'તત્ત્વાર્થસૂત્ર'માં આવે છે ને ! એ આ સમ્યગ્દર્શન. સમજાણું કાંઈ ? આહા..હા...!

વર્તમાન દશામાં અસ્તિત્વમાં શુભ-અશુભભાવ હોવા છતાં જેની પરમતત્ત્વમાં એકાગ્ર થવાની પ્રવીણ બુદ્ધિ છે, એને ઓળંગીને અંતર બુદ્ધિ કરે છે એ **'શુદ્ધદૃષ્ટિવાળો પુરુષ,...'** આહા..હા...! **''સમયસારથી અન્ય કાંઈ નથી'...'** એવો ભગવાનઆત્મા આનંદમય, એ સિવાય બીજી કોઈ ચીજ છે નહિ. આહા..હા...! ભારે વાત, ભાઈ ! એ આવ્યું હતું 'સમયસાર' એના સિવાય બીજુ કોઈ નથી. 'સમયસાર'માં છેલ્લા કળશમાં આવે છે. એ બધી શૈલી કરી છે. આહા..હા...! ભગવાન પૂર્ણાનંદનો નાથ આત્મા એનો અનુભવ કરવો એ વર્તમાન પ્રગટ સમયસાર, પેલો ત્રિકાળ સમયસાર. વર્તમાન વીતરાગી દૃષ્ટિથી, વીતરાગી જ્ઞાનથી, સ્થિરતાથી ત્રિકાળમાં એકાગ્રતા થવી એ ત્રિકાળી સમયસાર ધ્રુવ ! એ ધ્રુવનું ભાન થયું એ પર્યાયમાં.. એવા 'સમયસાર' સિવાય જગતમાં અન્ય કોઈ ચીજ નથી. આ ચીજ છે. આહા..હા...!

**શ્રોતા :–** છ દ્રવ્ય ક્યાં ગયા ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** છ દ્રવ્ય દ્રવ્યમાં રહી ગયા. આત્મામાં ક્યાં છે ? આહા..હા...! એક સમયની પર્યાયમાં છ દ્રવ્યનું જ્ઞાન થાય છે, એ પર્યાયનું લક્ષ પણ છોડીને ત્રિકાળની દૃષ્ટિ કરવી એમ કહ્યું છે. સમજાણું કાંઈ ? ભાઈ ! આ તો પરમાત્મા જિનેશ્વરદેવ ત્રિલોકનાથ, એનો માર્ગ છે, એ કોઈ સાધારણ માર્ગ નથી. લોકોને એ મળ્યું નથી અને બહારના ક્રિયાકાંડમાં આમ ખાવું, આમ પીવું એમાં દૃષ્ટિ ઘૂસી ગઈ. વીતરાગ માર્ગ બીજો છે. સમજાણું કાંઈ ?

**શ્રોતા :–** ખાવાની વાત તો ક્યાંય આવતી જ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ખાવાની આવે છે ને આમ કરવું, આમ લેવું. એ ખાઈ કોણ શકે છે ? એ તો જડની ક્રિયા છે. કોઈ કહે છે કે જુઓ ! દુનિયામાં દાળ, ભાત, શાક કેટલા ખવાઈ ગયા. કોણ ખાય ? ધૂડ ? એ તો જડની ક્રિયા છે. આત્મા ખાઈ શકે છે ? દાળ, ભાત, રોટલા આત્મા ખાઈ શકે છે ? ત્રણ કાળમાં નહિ. એ તો જડ છે. એ તરફનો રાગ કરે છે અને રાગનો અનુભવ કરે છે. આહા..હા...! સમજાણું કાંઈ ? 'પોપટભાઈ'! આ પૈસાને ભોગવી શકતો નથી એમ કહે છે. તમારા બધા છ છોકરા ને. એના ઉપર રાગ કરે એટલે રાગને અનુભવે. આહા..હા...! એ સ્ત્રીના ભોગ વખતે એ સ્ત્રીના શરીરને આત્મા અનુભવી શકે ? એ તો જડ, માટી, ધૂડ છે, માંસ, હાડકા છે. એના ઉપર લક્ષ કરે, રાગ કરે કે ઠીક છે, એ રાગનો અનુભવ છે. એને આકુળતાનો અનુભવ છે. સમજાણું કાંઈ ?

અહીં તો કહે છે એ ભાવ ભલે હો, ત્યાંથી દૃષ્ટિ ઊઠાવીને ત્રિકાળ જ્ઞાયકદૃષ્ટિનો અભ્યાસ થયો, એ '**શુદ્ધ દૃષ્ટિવાળો પુરુષ, સમયસારથી અન્ય કાંઈ નથી'...**' મારી ચીજ પૂર્ણાનંદ સિવાય આ જગતમાં કોઈ નથી એવી પ્રતીતિ, અનુભવ થયો. પર્યાયમાં અનુભવ થયો ત્યારે આ 'સમયસાર' ખ્યાલમાં આવ્યો ને ! આહા..હા...! નહિતર તો હતો. પુણ્ય-પાપના ભાવ હતા. ત્યાં દૃષ્ટિ હતી તો એવો હું છું એમ માન્યું હતું. ત્યાંથી દૃષ્ટિ હટાવીને પર્યાયે જ્ઞાનનો–દૃષ્ટિનો અંતરમાં સ્વીકાર કર્યો, છે તો છે, પણ પ્રતીતમાં સ્વીકાર કર્યો કે છે તો તેને છે એમ થયું. એ વિના છે એ એને ક્યાંથી થયું ? સમજાણું કાંઈ ? આહા..હા...! આવો ઉપદેશ હવે. આવો ઉપદશે હશે ? ભાઈ ! ઉપદેશ તો બધા આમ કરો, મોટા મંદિર બનાવો, જાત્રા કરો.

**શ્રોતા :–** તમારે તો મોટું મંદિર...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કોણ હવે... મંદિર કોણે બનાવ્યું છે ? એ તો એને કારણે બની ગયું. પુદ્ગલની રચનાનો કાળ હતો ત્યાં બની ગયું છે, ભાઈ ! સમજાણું કાંઈ ? એય..! છવીસ લાખ. પરમાણુની પર્યાય ત્યાં બનાવાની હતી એ બની ગઈ. આત્મા કરી શકે એ વાતમાં માલ નથી. આહા..હા...! જડની પર્યાયનો કર્તા આત્મા ! એ તો મૂઢ છે, અજ્ઞાની મૂઢ છે.

અહીં તો પુણ્ય અને પાપના વિકલ્પોનો કર્તા થાય ઠીક છે, એ પણ મિથ્યાદૃષ્ટિ છે. કર્તા, કરું, ઠીક છે એમ. આહા..હા...! અહીંયાં તો ભગવાન ત્રણલોકના નાથ એમ ફરમાવે છે કે વિભાવ હોવા છતાં પણ પ્રભુ ! અસ્તિત્વ ભલે હો. પણ આખું અસ્તિત્વ અહીં પડ્યું છે ને ? આહા..હા...! એ તો ક્ષણિક અસ્તિત્વ રહ્યું. આ ત્રિકાળ અસ્તિત્વ અંદર છે. રાગથી હટીને અંતરમાં એકાગ્રતાનો અભ્યાસ કરે એ પ્રવીણ બુદ્ધિ. કહો, 'પ્રવીણભાઈ' આવ્યા છે કે નહિ ? આ પ્રવીણ બુદ્ધિ. આ બેઠા છે. સમજાણું કાંઈ ? અને એ '**શુદ્ધ દૃષ્ટિવાળો...**' છે ?

'**એવો આ શુદ્ધદૃષ્ટિવાળો પુરુષ,...**' પુરુષ શબ્દે આત્મા. આહા..હા...! '**સમયસારથી અન્ય કાંઈ નથી...**' અભેદ વસ્તુની જ્યાં દૃષ્ટિ અનુભવ થયો ત્યાં 'સમયસાર' સિવાય જગતમાં કોઈ ઊંચી ચીજ છે નહિ. આહા..હા...! '**એમ માનીને,...**' જોયું ? '**શીઘ્ર પરમશ્રીરૂપી....**' પહેલાં ચાર ગતિની પર્યાય બતાવી, પહેલાં ઉપર, પર્યાયબુદ્ધિવાળા પર્યાયને પ્રાપ્ત કરે છે, દ્રવ્યબુદ્ધિવાળા મુક્તિને પ્રાપ્ત કરે છે, એમ કહે છે. આહા..હા...! સમજાણું કાંઈ ? '**એમ માનીને, શીઘ્ર...**' અલ્પકાળમાં પરમશ્રી નામ કેવળજ્ઞાનરૂપી લક્ષ્મી. '**પરમશ્રીરૂપી...**' પરમ લક્ષ્મીરૂપી '**સુંદરી...**' એટલે પરિણતિ. નિર્મળ શુદ્ધ મોક્ષની પરિણતિનો '**વલ્લભ થાય છે.**' આહા..હા...! એને શુદ્ધ પરિણતિ કદિ છોડશે નહિ. આહા..હા...! આ ચાર ગતિ તો છૂટશે. એક પછી એક પછી એક ફરે છે, આ છૂટશે નહિ. આહા..હા...! સમજાણું કાંઈ ?

'**શીઘ્ર પરમશ્રીરૂપી સુંદરી...**' નિર્મળાનંદના નાથ ભગવાન સુંદર પવિત્ર રમણીય, શિવરમણી, એનો વલ્લભ થાય છે, એના પ્યારા બને છે. આહા..હા...! અર્થાત્ અંતર્મુખના અભ્યાસથી, આનંદના

અભ્યાસથી 'સમયસાર'થી ઉત્કૃષ્ટ કોઈ ચીજ નથી. એવો અનુભવ કરવાથી પરમ રમણીય આનંદની પર્યાયરૂપી મુક્તિ, એને પ્રાપ્ત કરે છે. એક એક કડીમાં કેટલું ભર્યું છે ! ઓહો..હો...! એ ૧૫મી ગાથા થઈ.

૧૬. જરી ગતિનું વર્ણન કરે છે.

**माणुस्सा दुवियप्पा कम्ममहीभोगभूमिसंजादा।**
**सत्तविहा णेरइया णादव्वा पुढविभेदेण।।१६।।**

**चउदहभेदा भणिदा तेरिच्छा सुरगणा चउव्भेदा।**
**एदेसिं वित्थारं लोयविभागेसु णादव्वं।।१७।।**

**છે કર્મભૂમિજ ભોગભૂમિજ—ભેદ બે મનુજો તણા,**
**ને પૃથ્વીભેદે સપ્ત ભેદો જાણવા નારક તણા. ૧૬.**

**તિર્યંચના છે ચૌદ ભેદો, ચાર ભેદો દેવના;**
**આ સર્વનો વિસ્તાર છે નિર્દિષ્ટ લોકવિભાગમાં. ૧૭.**

'**ટીકા :– આ, ચાર ગતિના સ્વરૂપનિરૂપણરૂપ કથન છે.**' વિભાવથી મળતી ચાર ગતિનું કથન કરે છે. સ્વભાવભાવથી મળતી સિદ્ધગતિની વાત થઈ ગઈ. સમજાણું કાંઈ ? '**મનુનાં સંતાન તે મનુષ્ય છે.**' મનુ–કુલકર કહે છે ને ! કર્મભૂમિમાં કુલકર છે ને ! નીચે નોટ. '**ભોગભૂમિના અંતમાં અને કર્મભૂમિના આદિમાં થતા કુલકરો મનુષ્યોને આજીવિકાના સાધન શીખવીને લાલિત-પાલિત કરે છે...**' જુગળીયા હોય છે ને ? પછી કર્મભૂમિ હોય ત્યારે એ કુલકર એ બધાને બતાવે છે. '**તેથી તેઓ મનુષ્યોના પિતા સમાન છે. કુલકરને મનુ કહેવામાં આવે છે.**' અન્યમતિમાં પણ એમ આવે છે.

'**મનુનાં સંતાન તે મનુષ્યો છે.**' એ કુલકરના સંતાનો તે મનુષ્ય છે. '**તેઓ બે પ્રકારના છે : કર્મભૂમિજ અને ભોગભૂમિજ. તેમાં કર્મભૂમિજ મનુષ્યો પણ બે પ્રકારના છે : આર્ય અને મ્લેચ્છ.**' શું કહે છે ? આ શુભાશુભભાવથી મળતી ગતિની વ્યાખ્યા કરે છે. શુદ્ધભાવ આત્માના અનુભવથી મુક્તિ થાય છે અને આ શુભાશુભભાવથી ચાર ગતિ મળે છે. આ ચાર ગતિની વ્યાખ્યા ચાલે છે. '**આર્ય અને મ્લેચ્છ. પુણ્યક્ષેત્રમાં રહેનારા તે આર્ય છે...**' આહા..હા...! આર્યક્ષેત્રમાં જન્મ્યા એ પુણ્ય ક્ષેત્ર છે. '**અને પાપક્ષેત્રમાં રહેનારા તે મ્લેચ્છ છે.**' આહા..હા...!

'**ભોગભૂમિજ મનુષ્યો આર્ય નામને ધારણ કરે છે,...**' ભોગભૂમિ. '**જઘન્ય, મધ્યમ...**' ઉત્કૃષ્ટ ક્ષેત્રમાં રહેનારા છે ને ? આ દેવકુરુ, ઉત્તરકુરુ. '**એક પલ્યોપમ, બે પલ્યોપમ અથવા ત્રણ પલ્યોપમના આયુષ્યવાળા છે.**' લ્યો. ઓહો..હો...! જુગળીયા-જુગળીયા છે. મેરુ પર્વતની આસપાસ દેવકુરુ, ઉત્તરકુરુ

છે. જઘન્ય છે એની એક પલ્યની મનુષ્યની સ્થિતિ. અસંખ્ય અબજ વર્ષનું એક પલ્યોપમ. ત્યાં પણ અનંતવાર ગયો છે, જન્મ્યો છે. કોઈ નવી ચીજ નથી. આત્મજ્ઞાન વિના, સમ્યગ્દર્શન વિના. પહેલાં કહ્યું હતું ને ? પર્યાયસ્વભાવવાળો હોવાથી ચાર ગતિની પર્યાય અનંતવાર મળી છે. આહા..હા...! એક પલ્યનું આયુષ્ય હોય, બે પલ્યોપમ આયુષ્ય હોય, ત્રણ પલ્યોપમ આયુષ્ય (હોય). ત્રણ પ્રકારના જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ છે. સાત નારકી, નીચે સાત નરક છે. માંસ, દારૂ, શિકાર આદિ કરનારા પ્રાણી નરકમાં જાય છે. એ પર્યાયદૃષ્ટિવાળા આવી પર્યાય હોય તો નરકમાં જાય છે. નીચે નરક છે, હંબક નથી. નીચે સાત નરક છે. લોઢું જેમ બહુ વજનવાળું હોય તો પાણી ઉપર નાખે તો નીચે જાય. એમ બહુ પાપ કરનારા નીચે નરકમાં જાય છે. સમજાણું કાંઈ ? એવી નરકગતિ પણ અનંતવાર મળી છે આત્મજ્ઞાન વિના, સમ્યગ્દર્શન વિના, આત્મ અનુભવ વિના ! સાત નરક છે. **'રત્નપ્રભા,...'** નારકીનું નામ રત્નપ્રભા છે.

**શ્રોતા :–** નામ બહુ ઊંચા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, કીધું ને. એક બાયને કહ્યું હતું. બહેન ! તમારે રત્નપ્રભા જાવું છે ? બહારના વેષધારી સાધુએ બાઈની મશ્કરી કરી. બહેન ! તમારે રત્નપ્રભા જાવું છે ? મહારાજ ! અમારા જેવા જાય ? તમારા જેવા જાય. કારણ કે રત્નપ્રભા નામ આવ્યું ને ? એટલે વેષધારી સાધુએ બાઈની એની મશ્કરી કરી કે મા ! તમારે રત્નપ્રભા જાવું છે ? મહારાજ ! અમારા જેવા ન જાય, આપના જેવા જાય. એને એમ કે રત્નપ્રભા જાણે શું હશે ! રત્નપ્રભા તો નારકી છે. આહા..હા...! એ સાત નામ છે. છે ને ?

**'શર્કરાપ્રભા,...'** બીજી. **'વાલુકાપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા, તમઃપ્રભા અને મહાતમઃપ્રભા નામની સાત પૃથ્વીના ભેદને લીધે નારક જીવો સાત પ્રકારે છે.'** લ્યો. પછી એની સ્થિતિનું વર્ણન કરશે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

❁

*** શ્રદ્ધા એવી હોય કે રાગને ઘટાડે, જ્ઞાન એવું હોય કે રાગને ઘટાડે, ચારિત્ર એવું હોય કે રાગને ઘટાડે. શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગતા છે. ક્રમબદ્ધની શ્રદ્ધા પણ એને કહેવાય કે જે રાગને ઘટાડે. ક્રમબદ્ધની શ્રદ્ધામાં અકર્તાપણું આવે છે. જે થાય તેને કરે શું ? જે થાય તેને જાણે છે. જાણનાર રહેતાં, જ્ઞાતા રહેતાં, રાગ ટળતો જાય છે ને વીતરાગતા વધતી જાય છે. વીતરાગતા વધવી તે જ શાસ્ત્રનું તાત્પર્ય છે. ૪૦૮.**

**— દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર – પર્યાયદૃષ્ટિ વિનશ્વર**

## શ્રી નિયમસાર, ગાથા–૧૫
## પ્રવચન નં.૪૨૨, તા. ૯-૧૦-૧૯૫૧
## [૧૫]

ગાથા-૧૫. 'નિયમસાર'ની ગાથા ૧૫ જુઓ. આમાં અધિકાર જરી સૂક્ષ્મ છે.

**णरणारयतिरियसुरा पज्जाया ते विहावमिदि भणिदा।**
**कम्मोपाधिविवज्जियपज्जाया ते सहावमिदि भणिदा।।१५।।**

**તિર્યંચ-નારક-દેવ-નર પર્યાય વૈભાવિક કહ્યા;**
**પર્યાય કર્મોપાધિવર્જિત તે સ્વભાવિક ભાખિયા. ૧૫.**

'**આ, સ્વભાવપર્યાયો અને વિભાવપર્યાયોનું સંક્ષેપ કથન છે.**' એમાં એનો અન્વયાર્થ. જુઓ! આ પર્યાયની વ્યાખ્યા છે, અવસ્થાની વ્યાખ્યા છે. '**મનુષ્ય, નારક, તિર્યંચ ને દેવરૂપ પર્યાયો તે વિભાવપર્યાયો કહેવામાં આવ્યા છે; કર્મોપાધિ રહિત પર્યાયો તે સ્વભાવપર્યાયો કહેવામાં આવ્યા છે.**' હવે, એ સ્વભાવપર્યાયો અને વિભાવપર્યોમાં '**ત્યાં સ્વભાવપર્યાયો અને વિભાવપર્યાયો મધ્યે પ્રથમ સ્વભાવપર્યાય બે પ્રકારે કહેવામાં આવે છે...**' જુઓ! જરી ઝીણો વિષય છે. શાંતિથી સાંભળવા જેવો છે.

'**પ્રથમ સ્વભાવપર્યાય...**' જુઓ! પર્યાયનો અધિકાર છે આ, ગુણનો અધિકાર નથી, દ્રવ્યનો અધિકાર નથી. આ અધિકાર પર્યાય નામ અવસ્થાનો છે. '**સ્વભાવપર્યાય અને વિભાવપર્યાયની મધ્યે પ્રથમ સ્વભાવપર્યાય બે પ્રકારે કહેવામાં આવે છે : કારણશુદ્ધપર્યાય અને કાર્યશુદ્ધપર્યાય.**' એક આત્મામાં ત્રિકાળ કારણશુદ્ધપર્યાય છે અને એક પ્રગટ થયેલી કેવળજ્ઞાનાદિ કાર્યશુદ્ધપર્યાય (છે), એની વ્યાખ્યા ચાલે છે.

હવે કહે છે કારણશુદ્ધપર્યાય કોને કહેવી ? કારણશુદ્ધપર્યાય, હોં! પર્યાય એટલે અવસ્થા. પર્યાય એટલે અવસ્થા. એ કારણ અવસ્થા, કારણ શુદ્ધદશા કોને કહેવી એ વ્યાખ્યા છે. જુઓ ! આ 'પદ્મપ્રભમલધારીદેવ' મુનિએ એવી રીતે વાત લીધી છે કે જેમ ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ એ જેમ દ્રવ્યે-ગુણે જેમ અખંડ છે અને એની પર્યાય પણ પ્રવાહિત અખંડ એકધારાએ પર્યાય પણ અખંડ છે. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળમાં એની પર્યાયમાં ક્યાંય વિષયમતા નથી,

એકરૂપ પર્યાય છે. એમ આત્મામાં વસ્તુ પોતે અનંત સ્વભાવનો–ગુણનો પિંડ છે, એનો જે એક એક સમયનો પ્રગટ પર્યાય છે, અનાદિ અનંત સંસાર, મોક્ષમાર્ગ અને મોક્ષ–એ પર્યાયમાં તો અનેકતા આવે છે. સંસારની પર્યાય, મોક્ષમાર્ગની પર્યાય અને મોક્ષ એમાં એકરૂપતા નથી આવતી, અનેકતા આવે છે. એટલે આત્મા જ્ઞાન, દર્શન આદિ સ્વભાવ જે શક્તિરૂપ છે, એ સામાન્ય છે એની એક એક સમયની વિશેષ પરિણતિ જે ધ્રુવ સ્વભાવની સાથે ધ્રુવરૂપ રહેનારી, વ્યક્તરૂપ, ઉત્પાદ-વ્યયરૂપ નહિ, પણ અવ્યક્તરૂપ. જેમ સામાન્ય ત્રિકાળ ધ્રુવ સ્વભાવ છે, એમ એનો એક એક સમયનો પરિણતિરૂપ પર્યાય પણ અનાદિ અનંત એકરૂપ છે, એવો એ પારિણામિકભાવ એ અખંડ થાય છે. કહો, સમજાય છે કાંઈ ? ઝીણી વાત છે, ભાઈ !

જેમ ધર્માસ્તિ આદિ દ્રવ્ય, ગુણ અને પર્યાયમાં.. ધર્માસ્તિમાં પર્યાય ઉત્પાદ-વ્યય છે. ઉત્પાદ-વ્યય... ઉત્પાદ-વ્યય... ઉત્પાદ-વ્યય... પણ એક પારિણામિકભાવે એક ધારાવાહી. પારિણામિકભાવે. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળમાં પરમ પારિણામિક સ્વભાવભાવની એની ઉત્પાદ-વ્યયની પર્યાય એકરૂપ છે. પુદ્ગલમાં એકરૂપ નથી. પુદ્ગલ ખંડ-ખંડ ને ભંગરૂપ છે. એથી એક પરમાણુ છૂટો રહે તોપણ એમાં એકગુણ ચિકાશ, અનંતગુણ ચિકાશ વગેરે વિષમતાઓ થાય છે. પણ ચૈતન્ય ભગવાન અખંડ અભેદ સ્વરૂપે વર્ણવવાનું સ્વરૂપ છે અત્યારે. અને એ વસ્તુનું સ્વરૂપ છે. એનામાં સંસારપર્યાય જે રાગ-દ્વેષ, પુણ્ય-પાપ, સંકલ્પ-વિકલ્પ અસંખ્ય પ્રકાર(ના થાય છે) એવો જ એનો પરિણતિરૂપ પર્યાય પણ ત્રિકાળ એકરૂપ છે. 'પ્રવીણભાઈ'! શું કહ્યું સમજાણું ?

જેમ ધર્માસ્તિ, અધર્માસ્તિનો પર્યાય એકરૂપ ત્રિકાળ છે, એમ વસ્તુ ચૈતન્યમૂર્તિ આત્મા, એનો પર્યાય પણ પ્રગટરૂપની અવસ્થા સંસાર, મોક્ષમાર્ગ અને મોક્ષ એ વિષમ છે, એકધારા નથી. અનાદિ અનંત એકધારાએ પર્યાય નથી. એ વખતે એક અવ્યક્ત પર્યાય એટલે પ્રગટરૂપ પર્યાય બાહ્ય ઉત્પાદના, વ્યયના અનુભવરૂપ નહિ, એવી એક શુદ્ધકારણરૂપ પર્યાય આત્મામાં અનાદિ અનંત છે કે જે આખા સ્વભાવ, ત્રિકાળ અને વર્તમાન વિશેષ પરિણતિ એમ થઈને પારિણામિક પદાર્થ પૂરો થાય છે. અને આ વ્યવહારનયનો વિષય સંસાર, મોક્ષમાર્ગ અને મોક્ષ એ વ્યવહારનયનો વિષય છે. અને શુદ્ધનિશ્ચયનયનો વિષય, એ ત્રિકાળ સ્વભાવ અને એની પરિણતિ છે. એ પરિણતિની વ્યાખ્યા ચાલે છે.

**'અહીં સહજ શુદ્ધ નિશ્ચયથી,...'** જુઓ! હવે અહીંયાં આ નિશ્ચય સ્વભાવ એનો ત્રિકાળ વર્ણવાય છે. **'અહીં સહજ...'** સ્વભાવિક શુદ્ધ નિશ્ચય. એ વાત પહેલી લીધી છે. આત્મામાં સહજ શુદ્ધ નિશ્ચયથી એટલી વાત. **'અનાદિ-અનંત,...'** એક આત્મામાં આદિ નહિ અને અંત નહિ એવી પર્યાય (રહેલી છે). એ પર્યાય લે છે સ્વચતુષ્ટય. એની સાથે એક એવી ને એવી પર્યાય છે. **'અહીં સહજ શુદ્ધ નિશ્ચયથી, અનાદિ-અનંત,...'** સ્વભાવચતુષ્ટય લે છે. સ્વભાવચતુષ્ટય–અનાદિ અનંત આત્માનો સ્વભાવ ચતુષ્ટય. જ્ઞાન-દર્શન-આનંદ અને વીર્ય એ ત્રિકાળ સ્વભાવ ચતુષ્ટય. એ **'સહજશુદ્ધ નિશ્ચયથી, અનાદિ-અનંત, અમૂર્ત,...'** એમાં મૂર્તપણું નથી. સ્વભાવચતુષ્ટય ત્રિકાળ.

**'અતીન્દ્રિયસ્વભાવવાળાં...'** જે આત્માનો સ્વભાવચતુષ્ટય અતીન્દ્રિય સ્વભાવ છે. **'અતીન્દ્રિયસ્વભાવાળા અને શુદ્ધ એવાં...'** પહેલાં તો સહજ શુદ્ધનિશ્ચયથી વર્ણન કર્યું હતું. સહજશુદ્ધ નિશ્ચય દૃષ્ટિથી. અને આ **'અનાદિ-અનંત, અમૂર્ત, અતીન્દ્રિયસ્વભાવવાળાં અને શુદ્ધ એવાં સહજજ્ઞાન...'** એ પોતે જ્ઞાન અંદર જે ત્રિકાળ (છે તે). **'શુદ્ધ એવા સહજજ્ઞાન-સહજદર્શન...'** સ્વભાવિક ત્રિકાળ ચારિત્ર અને **'સહજપરમવીતરાગસુખાત્મક...'** આ ચાર બોલ લીધા. જ્ઞાન-દર્શન-ચારિત્ર અને આનંદ એમાં લીધો. કહો, સમજાણું ? એવું જે **'શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ...'** આત્મા વસ્તુની એક સમયની પર્યાય સંસાર, મોક્ષમાર્ગ અને મોક્ષ છે, એને ગૌણ કરીને ત્રિકાળ વસ્તુ જે છે **'શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ...'** ત્રિકાળ જે જ્ઞાન-દર્શન-આનંદ અને ચારિત્ર. સમજાણું ? આમાં એમ લીધું છે. ઓલામાં પ્રગટમાં વીર્ય લેશે, ભાઈ ! સમજાણું ?

એવું **'શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ...'** આત્માનું **'શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ જે સ્વભાવ-અનંતચતુષ્ટયનું સ્વરૂપ...'** આત્માનું ત્રિકાળ સ્વભાવ અનંતચતુષ્ટય. સહજજ્ઞાન-દર્શન-ચારિત્ર, સહજ પરમવીતરાગસુખાનંદસ્વરૂપ સ્વભાવ અનંતચતુષ્ટયનું સ્વરૂપ. આત્મામાં ત્રિકાળ સ્વભાવગુણરૂપે આ **'તેની સાથેની જે...'** એવા ત્રિકાળ સ્વભાવની સાથેની જે **'પૂજિત પંચમભાવપરિણતિ...'** ત્યાં **'सहांचितपंचमभावपरिणति'** એમ શબ્દ છે. તો **'(-તેની સાથેની...)'** પૂજિત પંચમભાવપરિણતિ. જુઓ! આ પર્યાય છે. આત્મા દ્રવ્ય, આ સહજ(જ્ઞાન) આદિ જે અનંતચતુષ્ટય કહ્યા એ ગુણો અને **'(-તેની સાથે તન્મયપણે રહેલી જે પૂજ્ય એવી પારિણામિકભાવની પરિણતિ)...'** પરિણતિ એટલે અવસ્થા, પરિણતિ એટલે દશા, પરિણતિ એટલે પર્યાય. **'તે જ કારણશુદ્ધપર્યાય છે એવો અર્થ છે.'** જુઓ! આ વાત જરી ઝીણી છે.

વસ્તુ એવી છે કે ચૈતન્ય પિંડ એનો સ્વભાવ અને સ્વભાવ સાથેની પરિણતિરૂપ સ્વભાવ, સ્વભાવ સાથેની પરિણતિરૂપ સ્વભાવ. નિગોદથી માંડીને સિદ્ધ સુધી બધા આત્મામાં શુદ્ધકારણ- પર્યાય એકધારાએ વહી રહી છે. એમાં ક્યાંય ભેદ નથી. કહો, સમજાય છે ? એ શુદ્ધનિશ્ચયથી, સહજ શુદ્ધનિશ્ચયથી, સહજ શુદ્ધનિશ્ચયથી કારણશુદ્ધપર્યાય. વ્યવહારથી કાર્યપર્યાય બીજી આવશે. કહો, સમજાય છે કાંઈ ? ઝીણું છે આ, 'મોહનભાઈ'! બહુ ઝીણું છે.

વળી, આ ઉત્પાદ-વ્યયની પર્યાય સંસારમાં અલ્પ જ્ઞાન કે જ્ઞાન કે રાગ-દ્વેષ કે મોક્ષમાર્ગ કે મોક્ષ એ બધી પર્યાય વિષમરૂપ છે એટલે એકધારા ત્રણકાળ... એકધારા ત્રણકાળની એ પર્યાય નથી. એટલે 'પદ્મપ્રભમલધારીદેવે' અંદરથી કર્મ-ઉપાધિ-વિવર્જિતમાંથી કાઢ્યું છે. કર્મની ઉપાધિથી વિવર્જિત, જેમાં કર્મની ઉપાધિ નથી એવી પર્યાય. એ પર્યાયના બે પ્રકાર કહ્યા. એમ આને તો કર્મના નિમિત્તની જ અપેક્ષા નથી. આ શુદ્ધકારણપર્યાય જે છે, એમાં તો કર્મનો અભાવ એવા નિમિત્તની અપેક્ષા પણ નથી. કાર્યશુદ્ધપર્યાય, એમાં તો હજી કર્મની ઉપાધિરહિત એવા નિમિત્તના અભાવની પણ અપેક્ષા છે. પાઠ તો એક જ છે, એમાંથી બે કાઢ્યું છે. **'कर्मोपाधिविवर्जितपर्यायाः'** એમ કહ્યું

ને ? '**પર્યાયાઃ**' પર્યાયો છે.

આ આત્માની આ રીતે પરમ પારિણામિકસ્વભાવ, વસ્તુનો સ્વભાવ અને એની પરિણતિ એકરૂપ અભેદ, એકરૂપ અખંડ, એકધારાવાહી પરિણતિ અંદર વહી રહી છે. કહો, સમજાય છે કાંઈ ? જેવો સામાન્ય શક્તિરૂપ સ્વભાવ છે, એવો એનો પરિણતિરૂપ પણ એનો સ્વભાવ છે. સામાન્ય... સામાન્ય... સામાન્ય... સામાન્ય... ધ્રુવ. એવો એનો પરિણતિ નામ વર્તમાન... વર્તમાન... વર્તમાન... વર્તમાન... એ પારિણામિકનું વર્તમાન, ત્રિકાળ પારિણામિક સ્વભાવનું વર્તમાન વર્તમાનરૂપી પરિણતિ, એ પણ એકધારાએ શુદ્ધ છે. એ વર્તમાનની અંતર એકાગ્રતા કરતાં મોક્ષમાર્ગ અને મોક્ષ પ્રગટે છે. કહો, સમજાણું ? જુઓ! નીચે છે.

'**સહજજ્ઞાનાદિ સ્વભાવ-અનંતચતુષ્ટયયુક્ત...**' ત્રિકાળ. '**કારણશુદ્ધપર્યાયમાંથી...**' એવી કારણશુદ્ધ નિર્મળ એકધારાની અવસ્થામાંથી '**કેવળજ્ઞાનાદિ અનંતચતુષ્ટયયુક્ત કાર્યશુદ્ધપર્યાય પ્રગટે છે. પૂજનીય પરમપારિણામિકભાવપરિણતિ તે કારણશુદ્ધપર્યાય છે અને શુદ્ધ ક્ષાયિકભાવપરિણતિ તે કાર્યશુદ્ધપર્યાય છે.**' જુઓ! આ પર્યાયના બે ભેદ. આ શુદ્ધકારણ– પર્યાયમાં ઉત્પાદ-વ્યય નથી. સમજાય છે ? એનો ઉત્પાદ-વ્યય જે નવો નવો ઉત્પાદ થાય અને જૂની પર્યાય વ્યય થાય એવું આ શુદ્ધકારણપર્યાયમાં નથી. કારણ કે જો એનો અનુભવ પ્રગટ હોય તો કોઈને સંસાર હોય નહિ, તો વ્યવહારનય જ ન હોય. જેવો એનો ત્રિકાળી સ્વભાવ છે એની પરિણતિ પ્રગટ એકધારાએ હોય તો સંસાર, મોક્ષ, મોક્ષમાર્ગ, નવ તત્ત્વ, છ દ્રવ્ય, દેવ-ગુરુ-શાસ્ત્ર કાંઈ રહેતા નથી.

અને આ રીતે જો પરિણતિ સામાન્ય સાથેની કારણરૂપ એકધારા ન હોય. સમજાય છે ? કારણશુદ્ધપર્યાય અપેક્ષા વિનાની, જેને કર્મનું નિમત્ત કે નિમત્તના અભાવની અપેક્ષા કોઈ નથી, એવી એકધારા શુદ્ધકારણપર્યાય જો ન હોય તો સ્વભાવ પારિણામિકભાવ એક અભેદરૂપ સામાન્ય અને વિશેષ, ત્રિકાળ શક્તિ અને વર્તમાન બેનું એક અભેદપણુંરૂપ પારિણામિકભાવ સાબિત થતો નથી. કહો, સમજાય છે કાંઈ ? ત્રિકાળ પરિણતિ. આ જો પ્રગટ નથી, હોં ! પાછા કોઈ એમ કહે કે એની એમાં પ્રગટરૂપે વર્તે છે અને વળી વિષમતાની પર્યાય પણ સંસાર અને મોક્ષમાર્ગ સાથે સાથે વર્તે છે. એમ નથી. પણ પ્રગટ થવાનું એ સાધન-કારણ છે. શુદ્ધ આત્માનો મોક્ષમાર્ગ અને મોક્ષની પર્યાયના અનુભવનું વેદન, એના કારણરૂપે વર્તમાન... વર્તમાન... વર્તમાન... વર્તમાન... વર્તી રહ્યું છે. કહો, સમજાય છે કાંઈ ? એ સ્વભાવ અનંતચતુષ્ટયનું સ્વરૂપ જે ત્રિકાળ છે, એની સાથેની પૂજિત પંચમભાવપરિણતિ '**તે જ કારણશુદ્ધપર્યાય છે, એવો અર્થ છે.**'

આ વાત તો સ્પષ્ટ આ ઠેકાણે જ નીકળી છે. આ સિવાય બીજે આવી ચોખ્ખી–સ્પષ્ટ વાત કરી નથી. 'પદ્મપ્રભમલધારીદેવે' અંદરથી કાઢ્યું અને એ વસ્તુનું સ્વરૂપ છે. એ ત્રિકાળ પંચમપારિણામિકભાવ એકધારાએ પરિણતિરૂપ રહે એ વસ્તુનો સ્વભાવ છે. એને અહીંયા વ્યક્ત પ્રગટ કરીને બહાર મૂક્યો છે.

સંસાર, મોક્ષમાર્ગ અને મોક્ષ એ તો નિમિત્તની અપેક્ષાવાળો વ્યવહારનય છે. એટલે એનો આશ્રય કરવા જેવો નથી. પણ ત્રિકાળ જ્ઞાન, દર્શન, આનંદ આદિ સ્વભાવ એની સાથે એકધારાવાહી, જેટલી વિષમપર્યાયો છે, એની બધી અવિષમ એકપરિણતિધારા અનાદિ-અનંત વર્તી રહી છે. કહો, સમજાણું ? આ કારણશુદ્ધપર્યાય ગુણ નથી. આ કારણશુદ્ધપર્યાય ધ્રુવ ત્રિકાળી, સામાન્ય એકરૂપે નથી. સામાન્યની સાથેનું વર્તમાન... વર્તમાન.. પરિણતિરૂપ ભાવ, એ આ કારણશુદ્ધપર્યાય છે. એનો પ્રગટ અનુભવ કોઈને હોતો નથી. પ્રગટ અનુભવમાં એ આખું એક સમયમાં આવી જાય તો એ પર્યાય પાછી પારિણામિકભાવે કારણરૂપે રહેતી નથી. કહો, સમજાય છે કાંઈ ? 'નારણભાઈ'! શું કહ્યું ? શું આ પર્યાય કે ગુણ ? પર્યાય કેવી ? આ ઉત્પાદ-વ્યયવાળી કે નહિ ? ઉત્પાદ-વ્યય વગરની પર્યાય, વળી પરિણતિ. એ કઈ જાતની વ્યાખ્યા ? ઉત્પાદ-વ્યય નવા નવા સમયે ઉત્પન્ન થાય, જૂનાનો વ્યય થાય એ તો પર્યાયની વ્યાખ્યા હોય છે. પણ આ કઈ જાતની વળી ?

એકધારા અખંડ પરમસ્વભાવ જેવો સામાન્ય છે તેવો વિશેષ, જેવો ત્રિકાળ છે તેવો વર્તમાન એકધારાએ પરમ પારિણામિક ભગવાન બિરાજી રહ્યો છે. એવી ને એવી પંચમભાવની પરિણતિથી શોભિત, પૂજિત, અર્ચિત એવો ને એવો બિરાજી રહ્યો છે. એમાં ક્યાંય ખંડ, ખોપણ કાંઈ આવ્યું નથી. એવો પર્યાયમાં પણ, પરિપૂર્ણ ભગવાન ગુણે તો છે, પણ પરિણતિએ પરિપૂર્ણ ભગવાન અનાદિ અનંત એકધારાએ વહી રહ્યો છે. કહો, સમજાય છે કાંઈ ?

**શ્રોતા :–** ઉત્પાદ-વ્યય સત્ છે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સત્ છે. ઉત્પાદ-વ્યય સત્ છે. સત્ તો ઉત્પાદ-વ્યય પણ સત્ છે. સત્ તો બધું સત્ છે. દ્રવ્ય સત્ છે, ગુણ સત્ છે, કારણપર્યાય સત્ છે, આ ઉત્પાદ-વ્યય પણ સત્ છે, ઉત્પાદ સત્ છે, વ્યય સત્ છે. છે તો બધું (સત્), પણ આ એકરૂપ સત્ છે, સદૃશ એકરૂપ સત્ છે. ત્રિકાળ સ્વભાવ અને કારણરૂપપર્યાય સદૃશ્ય એકભાવરૂપ સત્ છે. ત્યારે ઉત્પાદ-વ્યય પણ સત્ તો છે. જે નવી પર્યાયનો ઉત્પાદ થાય, એ પણ સત્ છે અને વ્યય પણ અભાવરૂપ પણ સત્ છે. વ્યય અભાવરૂપ પણ અભાવ એવું સ્વરૂપ છે. એમ આ કારણશુદ્ધપર્યાય ભાવરૂપ સત્ છે. એમાં અભાવરૂપ આવતું નથી. કહો, સમજાય છે કાંઈ ?

જેવો આત્મા ત્રિકાળ શુદ્ધ સ્વભાવ ગુણરૂપે સત્ છે, એવી કારણશુદ્ધપરિણતિ પણ પર્યાયરૂપ સત્ છે. એમાં અસત્નું કે વ્યયનું અભાવરૂપ સ્વરૂપ નથી. અને સમય સમયની પર્યાય ઉત્પન્ન થાય, પૂર્વની અવસ્થા વ્યય થાય, એ બન્ને પણ છે સત્, પણ એ ઉત્પાદ એક સમયના ભાવના સત્રૂપ (છે), ઉત્પાદ એક સમયના ભાવના અસ્તિરૂપ સત્ છે અને વ્યય એક સમયના અભાવસ્વરૂપ સત્ છે. અભાવ પણ સ્વરૂપ છે. એમ અભાવ એ સ્વરૂપ છે, એ બિલકુલ તુચ્છ છે એમ છે નહિ. એમ ઉત્પાદ એક સમયના સત્ સ્વરૂપ છે. ઉત્પાદ-વ્યય જો સ્વરૂપ છે તો એની વાણી છે અને સ્વરૂપ છે તેનું જ્ઞાન પણ છે. એમ શુદ્ધ ત્રિકાળ સ્વભાવ અને પરિણતિ એ સ્વરૂપ છે, એનું જ્ઞાન

પણ છે અને એની વાણી પણ છે. શું કહ્યું સમજાણું કાંઈ ?

ત્રિકાળ શુદ્ધ ચૈતન્ય સ્વભાવ એકરૂપ... અહીં તો કહ્યું કે સહજ શુદ્ધનિશ્ચયથી. પાછું એકલા નિશ્ચયથી પણ નહિ. '**સહજ શુદ્ધનિશ્ચયથી,...**' એટલી વાત. '**અનાદિ-અનંત, અમૂર્ત, અતીન્દ્રિયસ્વભાવવાળાં અને શુદ્ધ એવાં સહજજ્ઞાન-સહજદર્શન-સહજચારિત્ર-સહજપરમવીતરાગસુખાત્મક...**' એટલી ભાષા વાપરી. સ્વભાવિક પરમવીતરાગ. એ પ્રગટ્યાની વાત નથી, આ તો ત્રિકાળ ગુણની વાત છે. '**સહજપરમ વીતરાગ...**' આમ શબ્દ કહો તો વીત-રાગ છે. રાગનો અભાવ બતાવે એમ નથી. અહીં તો અસ્તિપણું જ એકલું બતાવું છે. ભાષા તો એમ છે, ભાઈ ! વીત-રાગ એમ નથી લેવું અહીંયાં. '**સહજપરમવીતરાગસુખાત્મક...**' સ્વરૂપ '**શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ...**' ત્રિકાળ શક્તિનો કંદ ભગવાન, સ્વભાવનો કંદ ભગવાન, જે સ્વભાવ અનંત ચતુષ્ટય છે એના સ્વરૂપની સાથે બિરાજી રહેલી ભગવાનની પરિણતિ, ભગવાનની પરિણતિ, એની સાથે બિરાજી રહી છે. ભગવાન ચૈતન્યનની પરિણતિ વિનાનો એક સમય પણ રહ્યો નથી. કહો, સમજાણું ?

દર સમય સદૃશ્ય પરિપૂર્ણ એકરૂપ ભાવ. જેવો ત્રિકાળ સ્વભાવ છે, એવી જ પરિણતિની પર્યાય એકરૂપ સદૃશ્ય એક અભેદરૂપ અખંડ, જેવો સામાન્ય એવો વર્તમાન, જેવો સામાન્ય એવો વિશેષ, જેવો ત્રિકાળ સ્વભાવ એવી એક સમયની પર્યાય, એ અભેદ ધારાવાહી ચૈતન્યમાં વહી રહ્યો છે. તેને અહીંયા ભગવાન કારણશુદ્ધપર્યાય કહે છે. આ તો જરી ઝીણું છે, હોં ! હવે પણ આ અભ્યાસ કરે અને આમાં જરી ઉતરે તો (સમજાય એવું છે).

વસ્તુ છે, વસ્તુ છે, તો એની પર્યાય જે છે, એની એક પર્યાય છે એના સ્વ-સ્વભાવની અપેક્ષાથી અભેદરૂપ ધારાવાહી પર્યાય હોવી જોઈએ. પરની અપેક્ષાવાળી સંસાર મોક્ષ એ તો ભેદનો વિષય થઈ ગયો. મોક્ષ પણ ભેદ અને વ્યવહારનો વિષય થઈ ગયો. સત્ શુદ્ધનિશ્ચયનો વિષય, સહજશુદ્ધનિશ્ચય એ તો ત્રિકાળ જેવો સ્વભાવ... સ્વભાવ... સ્વભાવ.... ધ્રુવ સામાન્ય... સામાન્ય.. શક્તિરૂપ સ્વભાવ અનંતચતુષ્ટયયુક્ત જે સ્વરૂપ, તેની સાથે જે બિરાજી રહેલી, એ પૂજિત શબ્દ વાપર્યો. અર્ચિત શબ્દનો અર્થ કર્યો. ઓલામાં બિરાજીત કર્યું હતું. પૂજિત મહાપૂજનિક પરિણતિ છે, કહે છે. કહો, સમજાય છે ? આ ભગવાન ત્રિલોકનાથ કરતાં અને મોક્ષમાર્ગ કરતાં અને મોક્ષ પણ કરતાં એ પંચમભાવની પરિણતિ તે પૂજનિક છે. ભાઈ ! '...ભાઈ'! 'હિંમતભાઈ'એ પૂજિત શબ્દનો અર્થ કર્યો છે, હોં ! સંચિતનો અર્થ. પેલામાં બિરાજિત હતું. કહો, સમજાય છે કાંઈ ?

જે વર્તમાનમાં વર્તમાન જે ચૈતન્યની અંદર શુદ્ધ પરિણતિ કારણપર્યાય એ પૂજિત છે, પૂજવાયોગ્ય છે, આદરણિય છે, એના તરફનું વલણ કરીને એકાગ્રતા કરવા જેવી છે કે જે વર્તમાનમાંથી જે મોક્ષનો માર્ગ પ્રગટીને મોક્ષ થાય છે. માટે મોક્ષ, મોક્ષનો માર્ગ કે મોક્ષ થયેલા બીજા ભગવાન, એ બધા કરતાં પણ આ પંચમભાવની પરિણતિ પૂજનિક છે. કહો, સમજાય છે કાંઈ ? તે દિ' દાખલો આપ્યો હતો.

દરિયાનો દાખલો આપ્યો હતો, દરિયાનો. પાણી છે ને પાણી ! દરિયાનું પાણી. દળ-દળ, પાણીનું દળ. એ પાણીનું દળ છે એવી જ એની એકરૂપ સપાટી માથે છે. શું કહ્યું સમજાણું ? પાણીનું જેમ દળ છે ને ! એવી એકરૂપ એક ધારાવાહી એની સપાટી છે. એના ઉપર પછી વિષમતા, પાણીના નાના–મોટા મેલવાળા લોટ ઊઠે. મેલવાળા નાના–મોટા લોટ ઊઠે એ ઉપરમાં છે. પાણીનું દળ અને એકરૂપ સપાટીની ધારા (છે).

એમ ચૈતન્યનું સામાન્યદળ એકરૂપ છે. અને એની એક-એક સમયની શુદ્ધકારણ પરિણતિરૂપ પર્યાય સપાટીની માફક વર્તમાન વર્તમાન ત્રિકાળ કારણરૂપ પર્યાય વર્તી રહી છે. અને એની ઉપરમાં ઉદય, ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક એ ચાર પ્રકારની પર્યાયો ઉપર ઉત્પાદ-વ્યયવાળી વર્તી રહી છે. કહો, સમજાય છે કાંઈ ? તે દિ' દાખલો આપ્યો હતો. પેલામાં લખાણો છે. શું કહેવાય ? ...માં. કહો, સમજાણું ? છે ને ઓલો લીલો ... ? શું કહેવાય ? નકશો. કહો, સમજાય છે કાંઈ ? માથે છે માથે.

ખરેખર તો ભગવાનઆત્માની આ વ્યાખ્યા અલૌકિક વ્યાખ્યા કરી કે વસ્તુ જેવી સામાન્ય છે એવો વિશેષ.. વર્તમાન જેની ભૂમિ નકોર-નકોર, નકોર-નક્કર, નિવડ, વજ્રભૂમિ જેવી જેની વિશેષ શુદ્ધ કારણપર્યાયરૂપ પરિણતિ ત્રિકાળ એકધારી વર્તી રહી છે. જેની એકાગ્રતાથી મોક્ષમાર્ગ થાય અને મોક્ષ થાય પણ એ પરિણતિ તો એકધારા છે. એ પરિણતિમાં ક્યાંય ઓછપ, ખંડત, ભેદ, ભંગ કંઈ થાતો નથી. કહો, સમજાણું કાંઈ ?

કોઈને આ ત્રિકાળ પારિણામિક સ્વભાવ અને વર્તમાન પર્યાય એ એકરૂપ છે એમાં વેદાંત જેવો ભાસ થઈ જાય એવું છે. આ શું ? એકરૂપ ત્રિકાળ એવી પરિણતિ એકરૂપ એક ધારાવાહી. તો એક જ રૂપ થઈ ગયું. ખલાસ. અનાદિ અનંત મુક્ત જ છે એમાં બીજું કાંઈ છે નહિ. આ એક જ એવું કૂટસ્થ જેવો સામાન્ય કૂટસ્થ છે, એવી એની કારણરૂપ પર્યાય પણ એક ધારાવાહી કુટસ્થ થઈ ગઈ. આ તો વેદાંત જેવું થાય છે એમ કેટલાકને લાગે છે. વાત એ છે કે પણ આવું છે એવું જાણ્યું કોણે ? એ કાર્યપર્યાયમાં એટલે મોક્ષમાર્ગમાં જણાય છે. અહીં કાર્યપર્યાય તો પૂર્ણને લીધી છે.

આવો અખંડ પરમસ્વભાવભાવ સામાન્ય અને તેનું વર્તમાન વિશેષ વર્તતું.. વર્તતું... વર્તતું... સમજાય છે ? પર્યાયદૃષ્ટિએ આ વિષય નથી. આ તો દ્રવ્યદૃષ્ટિનો વિષય છે. શુદ્ધનિશ્ચયનયનો વિષય છે, શુદ્ધનિશ્ચયનયનો વિષય છે. જે ત્રિકાળ એકધારાએ એની પરિણતિ પરિણમી રહી છે. આવો જે પારિણામિકસ્વભાવ સામાન્ય અને વિશેષ, ત્રિકાળ ધ્રુવ અને વર્તમાન એમ એકરૂપ સ્વરૂપ જો ન હોય તો ધર્માસ્તિ આદિ જે જડ પદાર્થો, એની ઉત્પાદ-વ્યયની એકધારાવાહી પર્યાય અને ભગવાન ઉત્તમ પદાર્થ જે બધાનો જાણનાર, એનામાં એક ધારાવાહી પર્યાય ન હોય તો એ દ્રવ્યદૃષ્ટિનો, નિશ્ચયનો વિષય તે પૂરો થતો નથી. કહો, સમજાય છે કાંઈ ?

જ્યારે એક જડ જેવો પદાર્થ કે એને ખબર પણ નથી. ધર્માસ્તિને, અધર્માસ્તિને, આકાશને, કાળને (ખબર પણ નથી કે) અમે તત્ત્વો છીએ કે નહિ. એને જાણનાર તો આત્મા છે. એને આત્મા જાહેર કરે છે કે આ જગતના તત્ત્વો છે. કારણ કે એમાં પ્રમેયત્વ છે, પણ પ્રમાણત્વ નથી. તો પ્રમેયત્વના એકલા ગુણ અને વિશેષ... એક ધારાવાહી પર્યાય સરખી વહી રહી છે તો ભગવાનઆત્મા વીતરાગ છે. વીતરાગ જેનો ત્રિકાળ સ્વભાવ છે. તો એની પરિણતિ પણ વીતરાગધારાએ શુદ્ધકારણપર્યાય એકધારી વર્તી રહી છે. એમાં વીતરાગપણું જે શુદ્ધસ્વભાવ શક્તિ સામાન્ય છે, એવી એની પરિણતિ પણ એકધારા વીતરાગ (વર્તી રહી છે). વિષમતા ઓછીવત્તી હોય તો વિષમ થઈ જાય. ત્રિકાળ કારણરૂપ પર્યાયરૂપ પરિણતિ છે કે તેમાં એકાગ્ર થવાથી, વર્તમાન વર્તમાનમાં એકાગ્ર થવાથી સમ્યગ્દર્શ-જ્ઞાન-ચારિત્રની પર્યાય પ્રગટીને પૂર્ણ પર્યાય થાય છે. કહો, સમજાણું કાંઈ ?

માણસ કહે છે કે શું કરવું ? તો આ શું કરવું એ આવે છે કે નહિ આમાં ? આવી ચીજ સત્તા, સ્વભાવનો સાગર, દરિયો અંદર ભર્યો છે, એ દરિયાની સપાટી પણ એકધારાએ વહી રહી છે. એમ ચૈતન્ય ત્રિકાળમાં એની પરિણતિ પણ એકરૂપ વહી રહી છે. પરિણતિ. એના શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર કરવા એનું નામ મોક્ષમાર્ગ છે. એ સમ્યગ્દર્શનનો વિષય સ્વભાવ ચતુષ્ટય સહિત અને પરિણતિ સહિત બે ભેગું તે શુદ્ધનિશ્ચયનો વિષય છે. એ બે થઈને અહીં પારિણામિક ભાવ કહેવામાં આવે છે.

પારિણામિક કહેતા પરણામે ભવઃ પારિણામિક. એ પરિણામ એટલે એને કોઈ અપેક્ષા નથી. સ્વભાવભાવ જ વર્તી રહ્યો... સ્વભાવભાવ જ વર્તી રહ્યો છે. અપેક્ષા કોઈ નથી. જેમ સામાન્યને અપેક્ષા નથી એમ એની પરિણતિને પણ કોઈ અપેક્ષા નથી. એ પણ સ્વભાવભાવરૂપે પરિણમી રહી છે. કહો, સમજાય છે કાંઈ ?

જુઓ ! ભાઈ ! આ વિષય જરી નવો છે. પંડિતોને પણ જરી સમજવું મુશ્કેલ પડે છે. તેથી કહે છે, આ શું ? પણ હવે અંદર લખાણ છે એટલે પછી કાંઈ ના પાડે નહિ. મેળવી શકવામાં વાંધો આવે. પણ આ લખાણ છે કે **'અહીં સહજ શુદ્ધ નિશ્ચયથી,...'** આ સ્વભાવ સાથેની એક પરિણતિ શુદ્ધ નિશ્ચયથી છે. વ્યવહારથી એ વાત બીજી આવશે. એટલે આ પરિણતિ વ્યવહારના ભંગની નથી. કારણ કે મોક્ષની કાર્યશુદ્ધપર્યાય તો પછી આવે છે. અને જો આને ગુણ વર્ણવે તો અહીં તો પર્યાય છે. ગુણ તો સાથે વર્ણવ્યા. સહજજ્ઞાન-દર્શન-આનંદ-ચારિત્ર અને પરમસ્વભાવવીતરાગસુખાત્મક, એવું જે શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ. જોયું ? શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ.

જેમ દળ હોય છે ને ? આ સાર સાર નથી કહેતાં ? ઓલો લાકડાનો સાર નથી, સાર ? કેવું આવે ? સીસમ-સીસમ. સીસમનો સાર અંદર હોય ને ? કસ.. કસ. એમ ચૈતન્યનો અંદરનો શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ કસ. એવી સ્વભાવ અનંતચતુષ્ટય એની સાથે બિરાજી રહેલી પરિણતિ ધારા, ભગવાન અને ભગવાનની પરિણતિ બે સાથે રહ્યા છે. કોઈ દિ' એનો એક સમયનો વિરહ છે

નહિ. પરિપૂર્ણ સમયે સમયે પરિણતિ પરિપૂર્ણ છે. તારે ક્યાંય ગોતવા જાવું પડે એવું નથી. નિમિત્તની અપેક્ષા નથી, રાગની અપેક્ષા નથી, વર્તમાન પ્રગટેલી પર્યાય એની અપેક્ષા નથી.. એવા ત્રિકાળ સ્વભાવ પરિણતિની અપેક્ષા કરતા, આશ્રય લેતા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ થાય છે. એ સિવાય એનો બીજો કોઈ ઉપાય પણ છે નહિ. કહો, સમજાય છે કાંઈ ?

એ અધ્યાત્મ અને આગમ પદ્ધતિના વ્યાખ્યાનમાં પણ એ વાત આવી છે. સાંભળી છે ? હતા ? આગમ અને અધ્યાત્મની પદ્ધતિની વાત હમણા કહી. એમાં પણ સંસાર અવસ્થાને વિષે... સંસાર અવસ્થાને વિષે... દ્રવ્ય-ભાવરૂપ કર્મની પર્યાય અને દ્રવ્ય-ભાવરૂપ ચૈતન્યની પર્યાય, એ સંસાર અવસ્થા વિષે ત્રિકાળ વર્તી રહ્યો છે. એ આગમપદ્ધતિમાં, અધ્યાત્મપદ્ધતિમાં 'બનારસીદાસે' 'પરમાર્થ વચનિકા'માં એ નાખ્યું છે. સાંભળ્યું છે કે નહિ ? 'નારણભાઈ'! સંસારદશાને વિષે ત્રિકાળવર્તી. ચાર બોલ વર્ણવ્યા છે. સંસારદશાને વિષે ત્રિકાળવર્તી ચાર બોલ વર્ણવ્યા છે.

એક દ્રવ્યરૂપ કર્મની પર્યાય. દ્રવ્યરૂપ કર્મની પર્યાય એ સંસારમાં ત્રિકાળ છે. સંસારમાં. એક ભાવરૂપ વિકાર, પર્યાય એ પણ સંસારમાં ત્રિકાળ છે. એ બે. જુઓ ! ત્યાં દ્રવ્યરૂપ અને ભાવરૂપ કહેતાં પણ પર્યાય લીધી છે. દ્રવ્યરૂપ કર્મ પુદ્‌ગલનો ઉદય ભાવપર્યાય અને ભાવરૂપ કર્મના નિમિત્તના આશ્રયે પોતાનો અશુદ્ધ આકાર-વિકાર, તેને ભાવરૂપ કર્મપદ્ધતિની વાત લીધી છે. આગમ પદ્ધતિમાં બે બોલ લીધા. સમજાય છે ? એક દ્રવ્યરૂપ અને ભાવરૂપ. દ્રવ્યરૂપ કર્મનો ઉદયભાવ, એ પર્યાય અને ભાવરૂપ તેને આકારે વિકારની પર્યાય.

આત્મામાં શુદ્ધ ચેતનાપદ્ધતિના બે બોલ. જેવા બે પર્યાય એ, એવા બે પર્યાય અહીંયા. શુદ્ધચેતના પદ્ધતિના બે બોલ. શુદ્ધ ચેતનાના અભેદરૂપ એક જીવત્વ પરિણામ, દ્રવ્યરૂપ પરિણામ, છે તો પરિણામ. જીવત્વ પરિણામ. આખાનું એકરૂપ અભેદ ગણીને જીવત્વ પરિણામ લીધું છે. એ જીવત્વ પરિણામ પણ સંસારમાં ત્રિકાળ વર્તે છે. અને એક જ્ઞાન, દર્શન આદિ ભાવરૂપ પરિણામ. એ પણ સંસાર–અવસ્થા વિષે ત્રિકાળ વર્તે છે. એ આગમપદ્ધતિનું તો વંચાઈ ગયું છે ને ? સાંભળ્યું છે ને ? કહો, સમજાય છે કાંઈ ?

જુઓ! એ ચારેય પર્યાયો સંસારમાં ત્રિકાળ સંસાર પર્યાયમાં વર્તે છે. મોક્ષમાં ઓલા કર્મના નિમિત્તનું અને નિમિત્તના તરફનો આકાર-વિકાર એ મોક્ષમાં નથી. માટે આ ચાર પ્રકારનું વર્ણન સંસાર અવસ્થા વિષે કર્યું છે. એમ લખ્યું કે ભાઈ ! દ્રવ્ય અને ભાવ એ સંસાર વિષે સદા જાણો. એ આમાં જે ભાવરૂપ લીધું છે, ભાવરૂપ શુદ્ધચેતના પદ્ધતિ, સમજાય છે ? એમાં આ વાત સમાય જાય છે. કહો, સમજાણું કાંઈ ?

આમ વસ્તુ જે છે, એ ત્રિકાળ શક્તિરૂપ એનું વર્તમાન-વર્તમાન ભાવરૂપ એટલે પર્યાય હોં ! ઓલો ત્રિકાળ ભાવ નહિ. એની એક સમયની પર્યાય.. પર્યાય.. પર્યાય.. પર્યાય... પરિણતિ એ ત્રિકાળ વર્તી રહી છે. ભગવાન અખંડાનંદ પરિપૂર્ણ પર્યાય અને ગુણે બિરાજી રહ્યો છે. આવા ભગવાનઆત્માની

પ્રતીત, જ્ઞાન અને રમણતા (થાય) એનું નામ મોક્ષમાર્ગ છે. બીજો કોઈ મોક્ષમાર્ગ છે નહિ. કહો, સમજાણું ? લ્યો, એ કારણશુદ્ધપર્યાયનું આટલું આવ્યું.

એવો નિધિથી ભરેલો ભગવાન, એની પરિણતિમાં કોઈ દિ' ઓછપ થઈ નથી. આ ઓછો માને એ ઓછો રહેવાનો છે. એમ કહે છે. પણ વર્તમાન વર્તમાન પરિપૂર્ણ ભગવાન છે. જે ખાણમાં અંદર ભર્યું છે, ત્રિકાળ તો ભર્યું છે. શક્તિ તો એની વર્તમાન પરિપૂર્ણતા ભરી છે. એકાગ્રતાની જેટલી તારી કચાશ, આ એટલો અંદર પ્રગટવામાં અભાવ. પરિપૂર્ણ પર્યાયે ભર્યો છે. સિદ્ધપર્યાય પ્રગટી તો શુદ્ધકારણપર્યાય તો ત્યાં એમ ને એમ પડી છે, કે ભાઈ ! સિદ્ધદશા પ્રગટી તો ત્યાં પરિણતિમાં કાંઈ ઓછપ થઈ કે નહિ ?

એવો આત્મા પોતાનો ત્રિકાળ સ્વભાવ જે અનંત ચતુષ્ટય, એના સ્વરૂપની સાથેની પરિણતિ બિરાજિત શોભિત પૂજિત પંચમભાવની અવસ્થા તેને ભગવાન આચાર્ય અથવા મુનિ કારણશુદ્ધપર્યાય છે એવું કહે છે. કહો, કારણશુદ્ધપર્યાય **'इत्यर्थः'** એવો એનો અર્થ છે. હવે કાર્યશુદ્ધપર્યાય. કહો, સમજાણું ? 'વીરજીભાઈ'! 'વીરજીભાઈ' કહે કે આ દશેરાનો દિવસ છે એટલે... આ તો કુદરતી રીતે આપણે ૧૫મી ગાથા આવી છે. દશેરા તો હજી લોકોને કાલે છે.

સજાવેલા તૈયાર હથિયાર આ છે. તૈયાર પડ્યા છે. કહે છે ને કે .. ઓલા ...માં હથિયાર હતા તે તૈયાર કર્યા. રામચંદ્રજી આજે દશેરાના દિવસે યુદ્ધ જીતીને 'અયોધ્યા' આવ્યા અને 'ભરત' ચક્રવર્તી પણ દશેરાને દિવસે વિજય કરવા નિકળ્યા. એમ કહે છે ને ? તેથી વિજયાદશમી કહેવાય છે. આસો મહિનાનું નામ વિજયમાસ કહેવાય છે. આસો મહિનાનું નામ જ વિજયમાસ છે. એટલે એનું નામ દશેરા. પણ એ તો સમજવા જેવી વાતું છે. આ તૈયાર કહે છે કે જેમ ઓલા હથિયાર પડ્યા હતા, એમ ચૈતન્ય ભગવાનની પરિણતિમાં તૈયાર સજેલી પરિણતિ–હથિયાર પડ્યા છે. છે ? અંદર પડ્યા જ છે.

વસ્તુ અંદર એકધારાએ પડી છે. એને ખ્યાલમાં અને શ્રદ્ધામાં આવે ત્યારે એને વ્યક્ત દેખાય, બાકી વસ્તુ તો એમ ને એમ પડી છે. કહો, સમજાણું કાંઈ ? એનો બાપ મૂડી મૂકી ગયો પણ એને જ્યાં સુધી ખ્યાલમાં ન આવે ત્યાં સુધી તો કાર્યકર્તા ટ્રસ્ટી આદિ હોય એને ખ્યાલ હોય કે હા હું હવે અધિપતિ છું.

એમ ચૈતન્યસ્વભાવ વસ્તુનો સ્વભાવ, આ ગાણા. જુઓ! આ સમજવા જેવા છે. 'મોહનભાઈ'! કહે છે કે પૈસા નહિ, બાયડી-છોકરા નહિ, શરીર નહિ, કર્મ નહિ, પુણ્ય-પાપ નહિ, વર્તમાન પ્રગટેલી પર્યાય નહિ. એ બધા બહારનું. એકરૂપ ધારાવાહી, એકરૂપ સપાટી ચૈતન્ય ત્રિકાળ બિરાજે છે. એકરૂપ દરિયાની સપાટી ભગવાન જ્ઞાન–આનંદના દરિયાની એકરૂપ સપાટી, એકધારા વહી રહી છે એને પૂજનિક કહેવામાં આવી છે. પૂજિત આ પૂજિત તે પૂજ્ય છે તો પછી બીજું બધું વ્યવહારે પૂજનીક કહેવાય છે. નિશ્ચય તો આ પૂજનીક છે કે જેને આધારે કેવળજ્ઞાન પ્રગટ થાય છે. ફળરૂપ કાર્યપર્યાય પ્રગટ થાય, ફળરૂપ કાર્યપર્યાય પ્રગટ થાય. આ ફળરૂપ નથી, આ તો વસ્તુરૂપ કાયમ છે. ફળરૂપની

હવે વ્યાખ્યા કરે છે.

**'સાદિ-અનંત,...'** જુઓ! એ ફળની વ્યાખ્યા (કરે છે). કેવળજ્ઞાનાદિ તો સાદિ શરૂઆત થયેલી છે. આ કારણપર્યાય શરૂ જ છે અને એ તો અનાદિ અનંત એકધારાવહી છે. સાદિ કેવળજ્ઞાન આદિ જે અનંત ચતુષ્ટય છે, એની શરૂઆત થાય છે, પણ અનંત છે. પછી એનો અંત આવતો નથી. કાળ બતાવે છે. ઓલામાં હતુ કે અનાદિ અનંત, એ કાળ બતાવતો હતો. કારણશુદ્ધપર્યાય અનાદિ અનંત એ કાળ બતાવતો હતો. અને શુદ્ધ નિશ્ચય તે એનો નય બતાવ્યો હતો. અહીં નય પછી આવશે. '...ભાઈ'! આમાં નય પછી આવશે.

**'સાદિ અનંત, અમૂર્ત,...'** અનંત ચતુષ્ટય ફળરૂપ કાર્યપર્યાય પણ અમૂર્ત છે. એને કાંઈ રંગ, ગંધ, રસ, સ્પર્શ છે નહિ. એ વિશેષણ અનાદિ અને સાદિ એટલું ફર્યું છે. **'અતીન્દ્રિયસ્વભાવવાળા...'** આ કેવળજ્ઞાનાદિ જે ફળરૂપ પ્રગટ થાય છે, એ અતીન્દ્રિય સ્વભાવ છે. એ પણ અતીન્દ્રિય સ્વભાવ છે. એ પણ કર્મ-ઉપાધિરહિત છે. ભલે નિમિત્ત હતું અને કહ્યું, પણ એ વર્તમાન કર્મ ઉપાધિ નથી અને ઓલી કારણશુદ્ધપર્યાય ત્રિકાળ કર્મ–ઉપાધિ નથી. કારણશુદ્ધપર્યાયને ત્રિકાળ કર્મ–ઉપાધિ નથી અને કાર્યશુદ્ધપર્યાયને વર્તમાન કર્મઉપાધિનું નિમિત્તપણું નથી. એટલો બેમાં ફેર છે.

**'અતીન્દ્રિયસ્વભાવવાળા શુદ્ધસદ્ભૂતવ્યવહારથી,...'** આ નય લીધી. ઓલામાં સહજ શુદ્ધનિશ્ચયથી લીધું હતું. પહેલું લીધું હતું. પછી આ લીધું. **'શુદ્ધસદ્ભૂતવ્યવહારથી,...'** શુદ્ધ પર્યાય છે, સદ્ભૂત પોતાનો પર્યાય છે અને વ્યવહાર ત્રિકાળનો એ ભેદ છે. ત્રિકાળનો એ ભેદ છે. શુદ્ધસદ્ભૂત પોતાની પર્યાય છે અને વ્યવહાર નામ ત્રિકાળમાંથી એ ભેદ છે. કારણપર્યાય ત્રિકાળી છે અને આ જે કેવળજ્ઞાન, કેવળદર્શન આદિ એ પ્રગટેલી નવી છે માટે એને વ્યવહાર કહ્યો છે.

**'કેવળજ્ઞાન-...'** શુદ્ધસદ્ભૂત વ્યવહારથી **'સાદિ અનંત અમૂર્ત અતીન્દ્રિયસ્વભાવવાળા કેવળજ્ઞાન-કેવળદર્શન-કેવળસુખ-કેવળશક્તિયુક્ત...'** આમાં વીર્ય લીધું. ત્રિકાળમાં ચારિત્ર અને આનંદ લીધું હતું. સમજાય છે ? અહીંયાં કેવળ શક્તિયુક્ત એટલે વીર્ય. વીર્ય પ્રગટ્યું. પ્રગટ્યું એ કાર્યની વાત છે. એવા **'કેવળશક્તિયુક્ત ફળરૂપ અનંતચતુષ્ટયની સાથેની...'** એ ફળરૂપ જે પ્રગટ્યું છે. **'(–અનંતચતુષ્ટયની સાથે તન્મયપણે રહેલી) જે પરમોત્કૃષ્ટ ક્ષાયિકભાવની શુદ્ધપરિણતિ...'** એટલે કે બધી પર્યાયો જે ક્ષાયિક થઈ ગઈ છે, એનું અભેદરૂપ એકધારાવાહી, એકધારાવાહી **'પરમોત્કૃષ્ટ ક્ષાયિકભાવની શુદ્ધપરિણતિ તે જ કાર્યશુદ્ધપર્યાય છે.'** કહો, એમાં જેટલા બધા ગુણો ક્ષાયિક થઈ ગયા એને અભેદ વર્ણવીને એક શુદ્ધ ક્ષાયિકભાવની પરિણતિ કહીને તેને કાર્યશુદ્ધપર્યાય કહે છે. કહો, સમજાણું કાંઈ ?

મુનિએ કેટલી વાત કાઢી છે ! જંગલમાં રહી અને આમ સિદ્ધની સાથે ગમ્મત કરતા. સિદ્ધ એટલે આત્મા, હોં ! અંદર આનંદ સાથે રમતા-રમતા બહાર રમતું માંડી. બહાર મૂક્યું કે બહાર કે જો ભગવાન તું આવો છો.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા. કેવળજ્ઞાનનું કારણ શુદ્ધકારણ પરિણતિ ત્રિકાળ એકરૂપ છે ને ? ભગવાન અને ભગવાનની રાણી બે એક સાથે બિરાજી રહ્યા છે. ક્યાંય વિરોધ એને નથી. કેવળજ્ઞાન પછી કહે ... ત્રિકાળ શુદ્ધ ભગવાનઆત્મા અને શુદ્ધકારણ પરિણતિરૂપ રાણી. શુદ્ધ સ્વભાવ ત્રિકાળ રાજા અને એની પરિણતિરૂપ રાણી ત્રિકાળ પરિણમી રહ્યા છે. ત્રિકાળ એકધારાવાહી છે.

'ચરણાનુયોગ'માં તો કહે, કઈ સ્ત્રી તું નહિ મારી શુદ્ધ અનુભૂતિરૂપી સ્ત્રી છે. એ તો પ્રગટેલી પરિણતિ સ્ત્રીની વાત કરી. 'ચરણાનુયોગ'માં (આવે છે), હે સ્ત્રી ! તું શરીરને રમાડનાર છો. જ્યારે આજ્ઞા માગે છે. મારી પરિણતિને તું રમાડનાર નહિ. મારી શુદ્ધ પરિણતિરૂપી સ્ત્રી પ્રગટ થઈ છે. માટે રજા આપ. અમે દીક્ષીત થઈએ. સમજાય છે ?

અહીં કહે છે કે એ પરિણતિ તો પ્રગટેલી છે. આ તો ત્રિકાળ શુદ્ધ પરિણતિ વિનાનો એક સમય પણ રહ્યો નથી. એવી કારણપરિણતિની એકાગ્રતાનું ભાન થતાં જ્યાં પૂર્ણ દશા પ્રગટી, એને અહીંયાં ક્ષાયિકભાવની શુદ્ધ પરિણતિ કહે છે. આનું નામ કાર્યશુદ્ધપર્યાય છે. ચતુષ્ટય તો લીધા, ચાર તો લીધા પણ એ સિવાયની જેટલી પર્યાય પ્રગટી, એને અભેદ ગણીને.. અભેદ ગણીને '**પરમોત્કૃષ્ટ ક્ષાયિકભાવની શુદ્ધપરિણતિ...**' (કહ્યું).

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા. આ મૂળ વસ્તુ છે. અનંતચતુષ્ટય મૂળ છે ને ? બેયમાં એ વર્ણવ્યું છે.

**શ્રોતા :–** પર્યાય નહીં... ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ના પર્યાય નહિ. એ મૂળ છે. ત્રિકાળ અંતઃતત્ત્વ સ્વરૂપ છે. અંતઃતત્ત્વસ્વરૂપ તત્ત્વ છે. એની સાથેની પર્યાય. પછી એની એક સમયની પર્યાય લેવી. એ તો ભેગું આવ્યું. પણ ઓલું તો અંતઃતત્ત્વસ્વરૂપ, ત્રિકાળ સ્વરૂપ, એની સાથેની જે પૂજિત પરિણતિ. ઓલી શક્તિરૂપ જે ચાર ગણ્યા. અહીં તો અનંતચતુષ્ટયની વાત કરી છે. બેમાં અનંતચતુષ્ટયની પ્રધાનતા વર્ણવવા. અનંતચતુષ્ટયની સાથે રહેલી, પણ એની એક સમયની પર્યાય તો પાછી અભેદમાં આવી જાય છે. કારણશુદ્ધપર્યાયમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર એક-એક સમયની પર્યાયમાં અભેદમાં આવી જાય છે. અહીં તો અભેદ વર્ણન કરીને કારણશુદ્ધપર્યાયમાં બધાની પર્યાયની ભેળવી નાખી છે. અહીં પણ ચાર લીધા. એની સાથે પણ બીજી બધી પર્યાય સાથે રહેલી ગણી લેવી. ચારની સાથે બીજી લીધી ને ? ઓલી તો છે. પણ એ સિવાય '**પરમોત્કૃષ્ટ ક્ષાયિકભાવની શુદ્ધપરિણતિ તે જ કાર્યશુદ્ધપર્યાય છે.**'

જુઓ! આ સ્વભાવપર્યાયના બે ભેદ. કહો, સમજાણું ? પર્યાયના બે ભેદ : એક સ્વભાવપર્યાય અને એક વિભાવપર્યાય. સ્વભાવપર્યાયના બે ભેદ : એક કારણશુદ્ધપર્યાય અને એક કાર્યશુદ્ધપર્યાય. એમાં કારણશુદ્ધપર્યાય ત્રિકાળી છે, કાર્યશુદ્ધપર્યાય સાદિ અનંત છે. કારણશુદ્ધપર્યાય શુદ્ધ નિશ્ચયનયનો વિષય છે, કાર્યશુદ્ધપર્યાય શુદ્ધ સદ્ભૂત વ્યવહારનયનો વિષય છે. કહો, સમજાણું ? વસ્તુ છે તો

એના જ્ઞાનમાં આવે છે અને વાણી પણ એવી થાય છે. એથી અહીં કહ્યું કે આ સ્વભાવપર્યાયના જે બે ભેદ લીધા હતા એમાં આ રીતે બે પૂરા કર્યા. એ જ બીજી સ્વભાવરૂપ પર્યાય... સ્વભાવપર્યાયનો ભેદ છે ને ? એ ત્રીજો લેશે. પણ આ રીતે જે બે ભેદ કારણશુદ્ધપર્યાય અને કાર્યશુદ્ધપર્યાય કહ્યું હતું એ પૂરું કર્યું. ઓલાને કારણ કે કાર્ય કાંઈ લાવવું પડશે નહિ. એ તો ત્રિકાળી... હવે કહેશે એ. એને કારણશુદ્ધ પર્યાય કે કાર્યશુદ્ધપર્યાય એમ નહિ. એ તો પહેલી આવી ગઈ છે. એની એ એ વાત ... ત્રિકાળ એકરૂપ છે. પણ આ જે સ્વભાવના કારણશુદ્ધપર્યાય અને કાર્યશુદ્ધ પર્યાય કહી, એની વ્યાખ્યા અહીં પૂરી થાય છે. કહો, સમજાણું ?

**'અથવા પૂર્વ સૂત્રમાં કહેલા...'** સૂક્ષ્મ ૠજુસૂત્રમાં ક્યાં ? પરિસમંતાત.. આવ્યું હતું ને ? **'परिसमंतात भेदं गच्छति पर्याय।'** આગમ પ્રમાણથી સ્વીકારવાયોગ સ્વભાવપર્યાય છ દ્રવ્ય અને સાધારણ અર્થપર્યાય છે તે, એ પણ સ્વભાવપર્યાય છે. પણ એને કારણ-કાર્ય કાંઈ લાગુ પડતું નથી. એમ છએ દ્રવ્યને સાધારણ છે. **'પૂર્વ સૂત્રમાં કહેલા...'** ત્યાં નય નહોતો વાપર્યો. **'સૂક્ષ્મ ૠજુસૂત્રનયના અભિપ્રાયથી,...'** એટલે એક એક સમયની પર્યાયને લક્ષમાં લેનાર ૠજુસૂત્રનય. **'છ દ્રવ્યોને સાધારણ...'** જુઓ! અહીં નય ઉતારી છે. ઓલામાં નય નહોતી ઉતારી. સાધારણ વાત કરી હતી. વાણી અગોચર, એ સાધારણ વાત કરી. આમાં ત્રણમાં નય ઉતારી. પહેલાંમાં કારણ શુદ્ધપર્યાયમાં સહજ શુદ્ધનિશ્ચયનય ઉતારી, બીજામાં ઉતારી શુદ્ધસદ્‌ભૂત વ્યવહાર, ત્રીજામાં ઉતારી સૂક્ષ્મ ૠજુસૂત્રનયનો અભિપ્રાય. ભાઈ! આમાં ત્રણેમાં નય ઉતારી. આવી તો પહેલી વાત કહી ગયા છે. પણ વર્તમાન... વર્તમાન... વર્તમાન... એક એવી આગમગમ્ય સૂક્ષ્મ વાત કોઈ અર્થપર્યાય છે કે જે **'છ દ્રવ્યોને...'** સાધારણ છે. આ પહેલી વાત કરી એ તો જીવની વાત થઈ. કારણશુદ્ધપર્યાય અને કાર્યશુદ્ધપર્યાય તો જીવમાં છે. અને આ જે છે એ છ દ્રવ્યોને સાધારણ એટલે બધાને છે. આ તો સંસાર જીવમાં પણ છે, સંસારની વિકારી વ્યંજનપર્યાય વખતે પણ છે. સંસારી બીજી અર્થ વિકારીપર્યાય એ વખતે પણ આ છે અને ત્રિકાળ સિદ્ધમાં પણ છે, અને પરમાણુમાં એક પરમાણુ વખતે અને સ્કંધ વખતે પણ છે.

**'છ દ્રવ્યોને સાધારણ અને સૂક્ષ્મ એવા તે અર્થપર્યાયો શુદ્ધ જાણવા.'** લ્યો. સ્વભાવપર્યાયનો એક ભેદ આ પણ જાણવો. આત્માની અપેક્ષાએ કારણ અને કાર્ય પર્યાય લેવી. છ દ્રવ્યની સાધારણ અપેક્ષાએ આ અર્થપર્યાયને શુદ્ધ જાણવા. **'(અર્થાત્ તે અર્થપર્યાયો જ શુદ્ધપર્યાયો છે).'** તે છ દ્રવ્યને માટે સાધારણ છે. જીવને માટે ઓલી છે. કહો, સમજાણું ? મૂળ તો નારકથી ઉપાડ્યું છે. જીવનો અધિકાર છે ને ? ભાઈ ! મૂળ તો જીવ અધિકાર છે. એટલે જીવમાંથી કારણ-કાર્ય સિદ્ધ કરી અને પછી સાધારણ એક વ્યાખ્યા કરી નાખી. બાકી મૂળ અધિકાર જીવનો છે. એટલે કારણ અને કાર્ય કહ્યા પછી કહ્યું છએ દ્રવ્યોને સાધારણ એક અર્થપર્યાય છે જે આગમગમ્ય છે, ષટ્‌ગુણ હાનિવૃદ્ધિયુક્ત છે, એને પણ શુદ્ધ અર્થપર્યાય કહેવામાં આવે છે. **'(એ રીતે) શુદ્ધપર્યાયના ભેદ સંક્ષેપથી કહ્યા.'** લ્યો. પૂરું થયું. કલાક પૂરો થયો તમારો... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ.)

## શ્રી નિયમસાર, ગાથા–૧૫
## પ્રવચન નં.૪૧૪, તા. ૧૦-૧-૧૯૫૫
## [૧૬]

આ 'નિયમસાર' જીવ અધિકાર, એની ૧૪મી ગાથાનો છેલ્લો કળશ છે. ૨૬મો કળશ છે.

**कचिल्लसति सद्‌गुणैः कचिदशुद्धरूपैर्गुणैः**
**कचित्सहजपर्ययैः कचिदशुद्धपर्यायकैः।**
**सनाथमपि जीवतत्त्वमनाथं समस्तैरिदं**
**नमामि परिभावयामि सक्लार्थसिद्धयै सदा।।२६।।**

જુઓ ! આ ૧૪મી ગાથાની છેલ્લા ઉપસંહારમાં ત્રણ શ્લોક કહે છે. એમાં બે તો કહેવાઈ ગયા છે. છેલ્લી લીટી એક જ છે ને ?

જુઓ ! કહે છે, આ જીવતત્ત્વ કેવું છે ? કે **'ક્વચિત્ સદ્‌ગુણો સહિત વિલસે છે...'** ભગવાનઆત્મા જીવ પદાર્થ સ્વભાવ જ્ઞાયક ક્વચિત્ નામ કોઈ વખતે સદ્‌ગુણો નામ કેવળજ્ઞાનાદિ પર્યાયસહિત ભાસે છે. વિલસે છે એટલે **'દેખાય છે,...' 'દેખાવ દેવો; દેખાવું; ઝળકવું; આવિર્ભૂત થવું; પ્રગટ થવું.'** એટલા અર્થ કર્યા છે. ભગવાનઆત્મા એક સમયમાં જે પૂર્ણ જ્ઞાયક સ્વભાવ છે, એની પર્યાયમાં ક્વચિત્ પર્યાય શબ્દે અહીં ગુણ લીધા છે. સદ્‌ગુણે એટલે કેવળજ્ઞાનાદિ ગુણો, ક્વચિત્ કોઈ વખતે અંદર પર્યાયમાં ઝળકે છે.

**'ક્વચિત્ અશુદ્ધરૂપ ગુણો સહિત વિલસે છે,...'** ક્વચિત્ નામ કોઈ વખતે, અશુદ્ધ ગુણો એટલે મતિ અને શ્રુતજ્ઞાનાદિ વિભાવગુણો, એનાથી તે જીવતત્ત્વ પર્યાયમાં દેખાય છે. સમજાય છે કાંઈ ? **'ક્વચિત્ અશુદ્ધરૂપ ગુણો સહિત વિલસે છે,...'** એટલે કે જ્યારે આમ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન આદિ વિભાવગુણોનું લક્ષ જાય, તો એ વખતે આવિર્ભાવ જાણે મતિ અને શ્રુતના વિભાવગુણરૂપો અશુદ્ધ ગુણરૂપે દેખાવ દે છે. **'ક્વચિત્ સહજ પર્યાયો સહિત વિલસે છે...'** ક્વચિત્ એની ષટ્‌ગુણ હાનિવૃદ્ધિ જે અગુરુલઘુની જે પર્યાય છે. જે ષટ્ દ્રવ્યને, છએ દ્રવ્યને સામાન્યરૂપે છે, એવી એક આત્મામાં ષટ્‌ગુણ હાનિવૃદ્ધિરૂપ જે પર્યાય છે, જે અનાદિ અનંત સામાન્ય અર્થપર્યાયરૂપ છે, એ રીતે પણ એ વિલસે નામ દેખાય છે.

**'અને ક્વચિત્ અશુદ્ધ પર્યાયોસહિત વિલસે છે.'** કોઈ વખતે અશુદ્ધ પર્યાય નામ વ્યંજનપર્યાય–મનુષ્ય, દેવ, નારકી, ઢોર આદિ એની વ્યંજન નામ પ્રદેશગુણની આકૃતિ વિકારિક પર્યાય, એ રીતે આત્મા પર્યાયમાં દેખાવ દે છે અથવા એવી પર્યાય આવિર્ભૂત પામે છે. પ્રગટ થાય છે એવો દેખાવ દે છે. ચાર વાત કરી. સમજાય છે કાંઈ ? **'આ બધાથી સહિત હોવા છતાં...'** જુઓ ! પર્યાયનો વિષય તો છે, વ્યવહારનો વિષય છે. એ કેવળજ્ઞાનાદિ પર્યાય શુદ્ધ ગુણરૂપે, મતિજ્ઞાનાદિ પર્યાય અશુદ્ધ ગુણરૂપે, ષટ્ગુણહાનિવૃદ્ધિરૂપ પર્યાય સહજ પર્યાયરૂપે અને વ્યંજનપર્યાયરૂપે અશુદ્ધપર્યાય. એ **'બધા સહિત હોવા છતાં...'** આત્માની પર્યાયમાં એ વ્યવહારનયનો વિષય છે, છતો છે, એ નથી એમ નહિ. જુઓ! આ રીતે ચારે વ્યવહારનયનો વિષય છે. કેવળજ્ઞાનાદિ, મતિ-શ્રુતજ્ઞાનાદિ, અગુરુલઘુ આદિ ષટ્ગુણોની પર્યાય એ પણ ઋજુસૂત્રની વર્તમાન સહજ પર્યાય એ વર્તમાન નયનો વિષય છે. અને અશુદ્ધપર્યાય વ્યંજનપર્યાય પણ વર્તમાન નયનો વિષય આત્માની પર્યાયમાં છે. પર્યાયરૂપે છતો વિષય છે.

**'છતાં પણ જે એ બધાથી રહિત છે...'** એકલો એક સમયમાં જ્ઞાયક પરમાત્મ તત્ત્વ, કે જે કેવળજ્ઞાનાદિ પર્યાયરહિત ત્રિકાળ તત્ત્વ છે, મતિજ્ઞાનાદિ ગુણ વિભાવરહિત તત્ત્વ છે અને અગુરુલઘુની ષટ્ગુણી વૃદ્ધિ એક સમયમાં પર્યાય થાય એ રહિત પણ એક જીવતત્ત્વ એકરૂપ છે અને અશુદ્ધ વ્યંજનપર્યાય રહિત પ્રદેશગુણની આકૃતિરૂપી વિભાવપર્યાય, એનાથી પણ રહિત છે. **'એવા આ જીવતત્ત્વને...'** જુઓ! એક સમયમાં જ્ઞાયક ત્રિકાળ દ્રવ્ય-ગુણ અને શુદ્ધકારણપર્યાય સહિતનું જીવતત્ત્વ લીધું છે. **'એ બધાથી રહિત છે...'** જુઓ ! છે અને નથી.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ ચાર તો પ્રગટપણે.

**'એ બધાથી રહિત છે...'** એક જીવતત્ત્વ. જ્ઞાયકતત્ત્વ. એક સમયમાં પૂર્ણ દ્રવ્ય-ગુણ અને પર્યાયે શુદ્ધ, પર્યાય નામ કારણશુદ્ધપર્યાયે શુદ્ધ, અભેદ એકરૂપ તત્ત્વ, એ પર્યાયોમાં ચાર પ્રકારે દેખાવ આપે છે. કેવળજ્ઞાનાદિ પર્યાય, મતિજ્ઞાનાદિ પર્યાય, સહજ અગુરુલઘુ પર્યાય અને અશુદ્ધ વ્યંજનપર્યાય, છતાં ચારે પર્યાયરહિત જીવતત્ત્વ, એકરૂપ અખંડ જ્ઞાયકતત્ત્વ છે એ પર્યાયથી રહિત છે. **'એ બધાથી રહિત છે એવા આ જીવતત્ત્વને હું...'** એવા જીવતત્ત્વને હું **'સકળ અર્થની સિદ્ધિને માટે...'** સકળ આત્માની મોક્ષપર્યાય નિર્મળ આનંદ અમૃતના અનુભવની પર્યાય, એની **'સિદ્ધિને માટે સદા નમું છું.'** નિરંતર એ જ્ઞાયકભાવ તરફ મારી રુચિ અને પરિણમન ચાલે છે. સમજાય છે કાંઈ ?

એક સમયની અંદર, સેકન્ડનો અસંખ્ય ભાગ, એમાં આત્મા જીવતત્ત્વ પૂર્ણાનંદ પડ્યો છે. એવા જીવતત્ત્વ આ ચાર પ્રકારની પર્યાયો વ્યવહારનયનો વર્તમાન વિષય, એ પર્યાયો પર્યાયમાં હોવા છતાં જે સ્વભાવમાં ત્રિકાળમાં એનો અભાવ છે એવું જે જીવતત્ત્વ, એને **'હું સકળ અર્થની સિદ્ધિને માટે...'** એમ કહેવા માગે છે કે મોક્ષની સિદ્ધિ આ અંતર જ્ઞાયકતત્ત્વને અવલંબે થાય છે. એ સિવાય થઈ

શકતી નથી. એવી સિદ્ધિને માટે સદા, નિરંતર એક સમયનો વિરહ પડ્યા વિના. મતિ કે અજ્ઞાનાદિ ભલે વિભાવ હો, કેવળજ્ઞાની તો સાધકપણામાં છે નહિ પણ ખ્યાલમાં છે કે પ્રગટવાનું છે. અને સહજ અગુરુલઘુ ષટ્‌ગુણીહાનિવૃદ્ધિ પર્યાયમાં વર્તે છે એ આગમ પ્રમાણે સ્વીકારવા યોગ્ય છે અને અશુદ્ધપર્યાયનો ખ્યાલ આવે છે કે વિભાવરૂપ વ્યંજનપર્યાય છે.

એ બધા હોવા છતાં એ વખતે એ ક્ષણમાં સદા નિરંતર હું એવા જીવતત્ત્વમાં નમું છું, ઢળું છું, વળું છું, પરિણમું છું, ભાવું છું, એકાગ્ર થાવ છું. કહો, સમજાય છે કાંઈ ? નમું છું, નમન કરું છું, વળું છું, અંતરમાં પરિણમન કરું છું. એક સમયના વિરહ વિના સાધક સ્વભાવમાં જ્ઞાયક ચૈતન્યતત્ત્વ તરફની શ્રદ્ધા-જ્ઞાનની રમણતા, એમાં કોઈ સમયે એને અંતર વિરહ અને આંતરો પડતો નથી. સમજાય છે કાંઈ ?

**'એવા આ જીવતત્ત્વને હું સકળ અર્થની સિદ્ધિને માટે સદા નમું છું, ભાવું છું.'** એની હું ભાવના કરું છું. એ ૧૪મી ગાથા પૂરી થઈ. હવે ૧૫મી ગાથા.

**णरणारयतिरियसुरा पज्जाया ते विहावमिदि भणिदा।**
**कम्मोपाधिविवज्जियपज्जाया ते सहावमिदि भणिदा।।१५।।**

**તિર્યંચ-નારક-દેવ-નર પર્યાય વૈભાવિક કહ્યા;**
**પર્યાય કર્મોપાધિવર્જિત તે સ્વભાવિક ભાખિયા. ૧૫.**

લ્યો. આ ૧૫મી ગાથા. માણસ વાટ જોતા હતા એ આજે આવી. પહેલો અન્વયાર્થ. **'नरनारकतिर्यक्सुराः पर्यायाः'** જુઓ ! ત્યાં ૧૪મી ગાથામાં પર્યાયના બે ભેદ કહ્યા હતા. બીજા પદને વિષે. સમજાય છે ? ૧૪મી ગાથામાં. **'पज्जाओ दुवियप्पो'** પર્યાય બે પ્રકારની. સ્વ-પર અપેક્ષિત અને નિરપેક્ષિત. એમ બીજા પદમાં બે પ્રકાર કહ્યા હતાં. એ માયલી સ્વ-પર અપેક્ષિત પર્યાયનું આ પહેલું પદ છે.

**'મનુષ્ય, નારક, તિર્યંચ ને દેવરૂપ પર્યાયો તે વિભાવપર્યાયો કહેવામાં આવ્યા છે;...'** જે ત્યાં સ્વપર અપેક્ષિત કહ્યા હતા, એને અહીંયાં વિભાવપર્યાય કહીને એનું વર્ણન કર્યું છે. કેમ કે એમાં વ્યંજનપર્યાયમાં સ્વ પર્યાય પોતાની લાયકાત પણ છે અને કર્મના નિમિત્તની ઉપસ્થિતિ છે. માટે તેને સ્વ-પર અપેક્ષિત વ્યંજનપર્યાય, વિભાવિક પર્યાયને સ્વપર અપેક્ષિત કહેવામાં આવી છે. **'કર્મોપાધિ રહિત પર્યાયો...'** આ બીજા પદનો પહેલો શબ્દ છે. **'कर्मोपाधिविवर्जितपर्यायाः'** **'કર્મોપાધિરહિત પર્યાયો...'** આમાંથી આ સિદ્ધાંત 'પદ્મપ્રભમલધારીદેવે' આ શબ્દમાંથી કાઢ્યો છે. મૂળ વસ્તુ આમાંથી કાઢી છે.

**'કર્મોપાધિરહિત પર્યાયો તે સ્વભાવપર્યાયો કહેવામાં આવ્યા છે.'** **'निरपेक्षः'** ૧૪મી ગાથામાં

છેલ્લો બોલ જે નિરપેક્ષ હતો. એ નિરપેક્ષ પર્યાય, કર્મ ઉપાધિરહિત પર્યાયને નિરપેક્ષ પર્યાય તરીકે કહેવામાં આવી છે. એમાં કર્મના વર્તમાન નિમિત્તની અપેક્ષા નથી. એવી સ્વભાવિક પર્યાય કહેવામાં આવી છે. ભગવંતોએ કહ્યા છે, મુનિઓએ કહ્યા છે એ પ્રમાણે 'કુંદકુંદાચાર્ય' કહે છે કે હું પણ કહું છું. અને 'પદ્મપ્રભમલધારિદેવ' કહે છે કે અમને પરંપરાએ આનો જે અર્થ મળેલો, એની જ ટીકા અને વ્યાખ્યા હું કહું છું.

હવે, વ્યંજનપર્યાય જે પહેલું પદ છે એની વ્યાખ્યા પહેલી ન કરતા, પહેલી વ્યાખ્યા સ્વભાવપર્યાયની કરે છે. કેમ કે સ્વભાવનું ભાન થાય તેને વ્યંજનપર્યાયનું યથાર્થ ભાન કહેવાય. નહિતર વ્યંજનપર્યાયનું પણ એ વ્યવહાર જ્ઞાન યથાર્થ કહેવાય નહિ.

**ટીકા :– 'આ, સ્વભાવપર્યાયો અને વિભાવપર્યાયોનું સંક્ષેપકથન છે.'** જુઓ ! ભાષા એમ લીધી છે પાછી. **'संक्षेपोक्ति'** થોડું કથન છે. વિસ્તાર તો તે યથાર્થપણે પોતે જ્ઞાનગમ્યથી વધારે વિચારી લવો. સંક્ષેપ કથન આ છે. સ્વભાવપર્યાય અને વિભાવપર્યાયનું ટૂંકું સંક્ષેપ કથન છે. **'ત્યાં, સ્વભાવપર્યાયો અને વિભાવપર્યાયો મધ્યે...'** બેની અંદરમાં **'પ્રથમ સ્વભાવપર્યાય બે પ્રકારે કહેવામાં આવે છે :...'** સ્વભાવપર્યાય જે નિરપેક્ષ પર્યાય, જે ભેદરૂપ પર્યાય. **'परिसमंतात भेदं गच्छति'** આવ્યું હતું ને ! એ સ્વપર અપેક્ષા વિનાની પર્યાય એટલે કે એકલી નિરપેક્ષ પર્યાય એટલે કે સ્વભાવપર્યાય એટલે કે કર્મોપાર્જિતના નિમિત્તની અપેક્ષા વિનાની પર્યાય એટલે કે સામાન્ય આત્મા ત્રિકાળ છે એના ભેદરૂપ પર્યાય, એની વિશેષરૂપ પર્યાય... **'સ્વભાવપર્યાય બે પ્રકારે કહેવામાં આવે છે : કારણશુદ્ધપર્યાય અને કાર્યશુદ્ધપર્યાય.'** એવા બે ભેદ છે. સ્વભાવપર્યાયના બે ભેદ એક કારણશુદ્ધપર્યાય, બીજી કાર્યશુદ્ધપર્યાય. હવે એ કારણ શુદ્ધપર્યાય કોણ ?

સામાન્ય જે આત્મા એક સમયમાં દ્રવ્ય અને ગુણે શુદ્ધ ધ્રુવ એકરૂપ છે, એનો એક અંશ વિશેષ **'परिसमंतात भेदं गच्छति इति पर्यायः'** જે આત્મા એક સમયમાં દ્રવ્ય, ગુણે શુદ્ધ ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... છે, એની એક સમયનો વિશેષ, એક સમયનો ભેદ, સામાન્ય એક સમયનો અંશ જે કારણપર્યાય તરીકે કારણશુદ્ધપર્યાય તરીકે કહેવામાં આવે, એ પર્યાય નિરપેક્ષ પર્યાય છે, સામાન્ય ત્રિકાળ દ્રવ્ય ગુણની અપેક્ષાએ વર્તમાન અંશ... અંશ... અંશ... અંશ.. અંશ... છે સદૃશ્ય, છે ધ્રુવ, છે નિશ્ચયનયનો વિષય. શેઠી! છતાં એ પર્યાય સામાન્ય જે દ્રવ્ય છે અને ગુણ છે એ સામાન્ય સદૃશ્ય, એનું વિશેષ સદૃશ્ય.

કારણસ્વભાવપર્યાય, કારણશુદ્ધપર્યાય, કારણસ્વભાવપર્યાય કહો કે કારણશુદ્ધપર્યાય કહો, એ એનો અંશ છે. એ અંશ અને કાર્યશુદ્ધપર્યાયનો સ્વભાવિક પ્રગટ અંશ છે. પ્રગટ અંશ... પ્રગટ અંશ એ પણ નિરપેક્ષ છે, એ પણ ભેદરૂપ છે, એ પણ કર્મના નિમિત્તની ઉપસ્થિતિ તેમાં નથી અને એ પણ એક અંશરૂપ છે. એ સ્વભાવપર્યાયના બે અંશ છે : એક કારણશુદ્ધપર્યાય, એક કાર્યશુદ્ધપર્યાય. એ અંશમાં કારણશુદ્ધપર્યાયની પહેલી વ્યાખ્યા ચાલે છે.

**'અહીં સહજ શુદ્ધ નિશ્ચયથી,...'** આત્મા એક સમયમાં સામાન્ય દ્રવ્ય અને ગુણે જે શુદ્ધ છે, સ્વભાવ છે, સ્વભાવિક છે, સહજ છે. એની સાથે રહેલો એક સમયનો ધ્રુવ સદશ પર્યાય સ્વભાવિક છે, શુદ્ધ છે. નિશ્ચયનયનો, નિશ્ચય દૃષ્ટિનો એ વિષય છે, દ્રવ્યાર્થિકનયનો એ વિષય છે, અભેદ દૃષ્ટિનું એ ધ્યેય છે. એ **'સહજ શુદ્ધ નિશ્ચયથી, અનાદિ-અનંત,...'** પરમપારિણામિકભાવ, જે શક્તિ સ્વભાવરૂપ, જેમાંથી કેવળજ્ઞાનાદિ અનંત... અનંત... અનંત... પર્યાયો આવિર્ભાવ પ્રગટપણાને પામે, એવો જે દ્રવ્ય–ગુણ સ્વભાવ, એની સાથે એક પર્યાયરૂપ અંશ સ્વભાવ, કારણશુદ્ધપર્યાય એ અનાદિ અનંત છે, અનાદિ અનંત. જેને પારિણામિકભાવની પરિણતિ આગળ કહેવામાં આવે છે. પારિણામિકભાવની પરિણતિ, પારિણામિકભાવની પર્યાય, પારિણામિકભાવનો અંશ, પારિણામિક સામાન્ય ભાવનો ભેદરૂપ વિશેષ પર્યાય. ઓહો..હો...! સમજાય છે કાંઈ ?

**'અનાદિ-અનંત, અમૂર્ત,...'** એનામાં મૂર્તપણું નથી. સમજાય છે કાંઈ ? **'અતીન્દ્રિયસ્વભાવવાળાં...'** જે પર્યાય શુદ્ધ ધ્રુવ, વિશેષ સ્વભાવ અંશ, જે સામાન્ય અભેદ, એનો અંશરૂપ ભેદ પણ દ્રવ્યદૃષ્ટિએ તો બધું ત્રણે અભેદ છે. નિશ્ચય દૃષ્ટિએ ત્રણે અભેદ છે. એવા **'અતીન્દ્રિયસ્વભાવવાળાં...'** તે ઇન્દ્રિયસ્વભાવથી ગમ્ય નથી અને તે પોતે અતીન્દ્રિયસ્વભાવસ્વરૂપ છે. એ કોની સાથે આવે છે એમ કહે છે. **'અતીન્દ્રિયસ્વભાવવાળાં અને શુદ્ધ એવાં સહજજ્ઞાન-...'** જુઓ ! સહજજ્ઞાન. ત્રિકાળ ભાવ સ્વભાવિક... સ્વભાવિક... સ્વભાવિક... ત્રિકાળ જ્ઞાન. **'સહજદર્શન-'** સ્વભાવિક દર્શન ત્રિકાળ. **'સહજચારિત્ર-...'** સ્વભાવિક ચારિત્રસ્વરૂપ ત્રિકાળ અને **'સહજ પરમવીતરાગસુખાત્મક...'** અને એ આત્મામાં, પારિણામિકભાવમાં સ્વભાવિક પરમવીતરાગ–રાગ વિનાનું સુખાત્મક–સુખસ્વરૂપ, આનંદસ્વરૂપ. ચાર બોલ થયા. સ્વભાવિકજ્ઞાન, સ્વભાવિકદર્શન, સ્વભાવિકચારિત્ર અને સ્વભાવિક પરમવીતરાગ આનંદસ્વરૂપ.

**'શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ...'** એક સેકન્ડના અસંખ્ય ભાગમાં. એક સમયમાં જે **'શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ...'** પરમ પારિણામિકભાવસ્વરૂપ. આ જીવનું અંતઃતત્ત્વસ્વરૂપ, શુદ્ધ અંતઃતત્ત્વ, અંતરભાવ, અંતરસ્વભાવ, અંતર પારિણામિકભાવ સ્વરૂપ **'જે સ્વભાવ-અનંતચતુષ્ટયનું સ્વરૂપ...'** તે ત્રિકાળ અંદર સ્વભાવ અનંત ચતુષ્ટય. માથે કહ્યું ને ? જ્ઞાન-દર્શન-ચારિત્ર અને આનંદ. એવા **'સ્વભાવ અનંતચતુષ્ટયનું સ્વરૂપ...'** એવો જે ભાવ, જે ત્રિકાળ ભાવ, ત્રિકાળ પરમ પારિણામિકભાવ **'તેની સાથેની જે પૂજિત...'** શેઠી ! **'તેની સાથેની...'** કોની સાથેની ? **'શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ જે સ્વભાવ-અનંતચતુષ્ટય...'** એક સમયમાં પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ સ્વભાવિક. એ તો મુખ્યપણે ચાર લીધા. એવા અનંતા ગુણો લેવા. અનંતા ગુણો પણ મુખ્ય તત્ત્વ એવો જે ત્રિકાળભાવ, **'તેની સાથેની જે પૂજિત...'** લ્યો. **'તેની સાથેની જે પૂજિત...'** પરમ પૂજિત, પરમ પૂજવાલાયક, પરમ આદરણીય, પરમ ઉપાદેય, પરમ અંગીકાર કરવા લાયક **'પંચમભાવપરિણતિ...'** જુઓ! આ જૈનદર્શન, વસ્તુદર્શન, આત્મદર્શનની વિશેષતા. આવી વાત વીતરાગમાર્ગ સિવાય જીવતત્ત્વનું આ સ્વરૂપ બીજે ક્યાંય ત્રણકાળ, ત્રણલોકમાં હોઈ શકે નહિ. બીજે

ધર્માસ્તિ, અધર્માસ્તિકાય પણ હોઈ શકે નહિ. પણ આવો એક આત્મા, એનું **'સહજ શુદ્ધ નિશ્ચયથી, અનાદિ-અનંત,, અમૂર્ત, અતીન્દ્રિયસ્વભાવવાળાં અને શુદ્ધ એવા સહજજ્ઞાન-સહજદર્શન-...'** સ્વભાવિક આનંદ અને સ્વભાવિક ચારિત્ર, એવું **'શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ...'** ભાવ.. ભાવ.. ભાવ.. કે **'જે સ્વભાવભાવ...'** સ્વભાવભાવ ધરનાર આત્મા, સ્વભાવભાવ. પણ આ એનો ભાવ બન્ને અભેદ છે. આધાર અને આધેય એમાં ભેદ નથી કે આત્મા આધાર અને સ્વભાવભાવ આધેય (એમ નથી). કહેવામાં એ બધું અભેદ છે. એવો સ્વભાવ નિરૂપાધિ ત્રિકાળ સ્વભાવ એવા **'અનંતચતુષ્ટયનું સ્વરૂપ તેની સાથેની જે...'** એક સમયની **'પૂજિત પંચમભાવપરિણતિ..'** આમ સમય સમય કરતાં અનાદિ અનંત. અનાદિ અનંત. ઓહો..હો...!

આ પંચમભાવપરિણતિ. પરિણતિ એટલે કે પંચમભાવની સાથે તન્મયપણે રહેલી સામાન્ય દ્રવ્ય-ગુણની સાથે અંશરૂપે તન્મયપણે, સદૃશ્યરૂપે, ધ્રુવરૂપે અનાદિ અનંત. એ સિદ્ધમાં પણ હોય, નિગોદમાં હોય, ... હોય, અજ્ઞાનમાં હોય અને કેવળજ્ઞાન થાય તો પણ આ પર્યાય તો અનાદિ અનંત જ છે. કેવળજ્ઞાન થઈ ગયું એટલે કારણપર્યાયનો અભાવ થાય કે એની સદૃશ્યતાનો વિશેષ ભાવ ન રહે એમ છે નહિ. સમજાય છે કાંઈ ? 'પ્રવિણભાઈ'! બહુ ઝીણું, ભાઈ !

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પંચમભાવ પારિણામિક. આ ચાર ભાવથી રહિત. ઉદયભાવ... સમજાય છે ? ઉપશમભાવ, ક્ષયોપશમભાવ અને ક્ષાયિકભાવ. એ ચાર ભાવથી રહિત પંચમભાવ છે. ઉદય નામ પુણ્ય અને પાપ, રાગ અને દ્વેષ આદિ વિકલ્પો એ ઉદયભાવ છે. એની અપેક્ષા પંચમભાવમાં નથી. ઉપશમભાવ–સમ્યગ્દર્શન, ચારિત્ર વગેરે. જેને ઉપશમ નવી ધર્મપર્યાય, પ્રગટ નવી પર્યાય, એ ત્રિકાળ પંચમભાવને તેની અપેક્ષા નથી. ક્ષયોપશમભાવ : કાંઈ પ્રકૃતિનો ક્ષય અને કંઈક ઉપશમ, એવો મિશ્ર ભાવ, એ મિશ્ર ભાવની પર્યાય, તેની અપેક્ષા પણ પંચમભાવને નથી. અને ક્ષાયિકભાવ–વર્તમાન ક્ષાયિક કેવળજ્ઞાનાદિ ભાવ એને પણ પંચમભાવની અપેક્ષા નથી. અરે...! પંચમભાવની પરિણતિ એને પણ ચાર ભાવની અપેક્ષા નથી. ભાઈ !

**શ્રોતા :–** ક્ષાયિકભાવ....

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ક્ષાયિકભાવ પર છે. સમજાય છે ? ક્ષાયિકભાવ. અહીં તો નિરપેક્ષ કહેશે. પણ પંચમભાવમાં એકરૂપ ભાવની અપેક્ષાએ... આપણે પહેલાં આવ્યું હતું કે ચારેય ભાવ અપેક્ષિત છે. અહીંયાં એ કેવળજ્ઞાનની પર્યાયને પછી નિરપેક્ષ કહેશે. કેમ કે તેમાં વર્તમાન કર્મના નિમિત્તની અપેક્ષા નથી. પણ પંચમભાવને તો ચારેય ભાવની અપેક્ષા નથી. સમજાય છે ? આ વિષય જરી એવો છે.

એક સમયમાં પંચમભાવ શક્તિનો પિંડ પરમાત્મા અનંત-અનંત ચતુષ્ટયથી ભરેલો અને અનંતા સ્વભાવ શક્તિનો પિંડ એવો પંચમભાવ, એની પરિણતિ–એની પર્યાય–એની અવસ્થા, એનો વિશેષ

ભાવ તે પંચમભાવ. '**(–તેની સાથે તન્મયપણે રહેલી જે પૂજ્ય એવી પારિણામિકભાવની પરિણતિ) તે જ કારણશુદ્ધપર્યાય છે,...**' તે જ કારણશુદ્ધપર્યાય છે '**એવો અર્થ છે.**' એ વાત આપણે ત્રીજી ગાથા ચાલતા કહેવાય ગઈ છે. (સંવત) ૨૦૦૦ની સાલમાં એ વાત ઘણી વિસ્તારથી કહેવાય ગઈ છે. શું ?

આ ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ. એ ચાર પદાર્થો છે એ એકલા પારિણામિકભાવે છે. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ. એના દ્રવ્ય, ગુણો અને પર્યાય ત્રણે એકલા પારિણામિકભાવે છે. એ ધર્માસ્તિ આદિની જે પર્યાય અને ચારે દ્રવ્યનો ઉત્પાદ– વ્યય સમયે સમયે થાય, એ એકરૂપ પારિણામિકભાવ ત્રિકાળ છે. પારિણામિકભાવની પર્યાય ઉત્પાદ–વ્યયરૂપ પ્રગટ. ચાર દ્રવ્યમાં એકરૂપ પ્રગટ ઉત્પાદ વ્યયની પર્યાય સદશ્ય, ઓલા ગુણરૂપે સદશ્ય નહિ, પ્રગટરૂપે ઉત્પાદ–વ્યય–પૂર્વની અવસ્થાનો અભાવ, નવી અવસ્થાનો ઉત્પાદ, એમ અનાદિ અનંત ચાર દ્રવ્યમાં પારિણામિકભાવની પર્યાય એકરૂપ છે.

એવી પર્યાય આત્માના સંસાર પર્યાય લ્યો તો વિકાર પર્યાય છે. તેમાં પણ વિભિન્ન અને ઘણા ભંગ પડે છે. નિગોદની પર્યાય, એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ત્રણેન્દ્રિય, ચોન્દ્રિયની વગેરે. સંસાર પર્યાયમાં પણ અનેક પ્રકાર ઉત્પાદ–વ્યયના વિભિન્ન અને અનેક પ્રકાર પર્યાય પડે છે. મોક્ષમાર્ગની પર્યાયમાં પણ અનેક પ્રકાર પર્યાયમાં ભિન્ન પડે છે. જે સંસાર અનાદિ શાંત, એવી પર્યાયની પણ અનેકતા છે. જે મોક્ષમાર્ગ સાદિ શાંત શરૂઆત થઈને અંત આવે એની પણ વિવિધતા છે. એમ ક્ષયોપશમની, ક્ષાયિકની વગેરે. અને મોક્ષપર્યાય જે સાદિ અનંત છે એ પણ એકરૂપ છે. પણ એનો અનાદિ અનંતમાં ઘણા ભંગ પડી ગયા. એકરૂપ એની પારિણામિક પર્યાય જેવો ચાર દ્રવ્યને પ્રગટ ઉત્પાદ વ્યયરૂપે છે, એવું આત્મામાં ઉત્પાદ વ્યયરૂપે સરખી પર્યાય એકરૂપે અખંડ સળંગ ધારા ન રહી. સમજાય છે કાંઈ ? 'પ્રવીણભાઈ'! સમજાય છે કે નહિ ?

એટલે બીજા ચાર અજીવ દ્રવ્યમાં એ પારિણામિકની પર્યાય એકરૂપ અનાદિ અનંત ઉત્પાદ-વ્યયરૂપે (છે). એમ આ જાણનારી એવી પર્યાય એકરૂપે અખંડ પ્રગટમાં નથી. સમજાય છે? પ્રગટમાં નથી. પ્રગટમાં તો વિષમતા છે. સંસાર, મિથ્યાત્વ, અજ્ઞાન, અવ્રત, પ્રમાદ, કષાય, યોગના બંધન એમાં પણ મિથ્યાત્વના અસંખ્ય ભંગ, વ્રતના પણ ભંગ, પ્રમાદ, કષાયના ભંગ, એમાં પણ પછી મોક્ષમાર્ગમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, એમાં સમ્યગ્દર્શન કોઈને પછી ચારિત્ર વિશેષ થાય, એના પણ પ્રકાર. અને કેવળજ્ઞાન સાદિ અનંત. તો અનાદિ અનંત એકરૂપ પર્યાય ચારમાં છે, એવી આત્મામાં પ્રગટમાં ન રહી. અને પ્રગટમાં જો એકરૂપ હોય તો આ સંસાર, બંધ, મોક્ષમાર્ગ અને મોક્ષ હોય શકે નહિ. અને જો એકરૂપ એમાં પર્યાય ન હોય, તો પરમપારિણામિકભાવ સામાન્ય અને વિશેષનો સદશ્ય જે ત્રિકાળ જોઈએ એ નિશ્ચયનયનો વિષય પૂરો થાતો નથી. સમજાય છે કાંઈ ?

સામાન્ય એકરૂપ સ્વભાવ છે એવો વિશેષ પણ ભેદરૂપ પર્યાય એકરૂપ પરમપારિણામિકની

પરિણતિ ન હોય તો નિશ્ચયનયનો જે સામાન્ય અને વિશેષ એકરૂપ પરમપારિણામિકભાવ એ ખંડ અને અધૂરો રહી જાય છે. એથી એક એક જીવદ્રવ્યનો એવો અનાદિ અનંત સ્વભાવ છે કે સામાન્ય દ્રવ્ય ગુણની સાથે ધ્રુવરૂપ, સદૃશ્ય, પારિણામિકભાવની પરિણતિ અનાદિ અનંત એકરૂપે સદૃશ્ય રહે છે. સમજાય છે કાંઈ ? ત્રીજી ગાથામાં તો હતા. તે દિ' આ વાત થોડી આવી હતી. કહો, સમજાણું કાંઈ ? સમજાય છે ? બહુ ઝીણી વાત, ભાઈ !

**'પંચમભાવની પરિણતિ...'** કે જે કારણપર્યાય વિશેષ, ... વિશેષ. પર્યાયનો દૃષ્ટાંત આપ્યો હતો, તે દિ' (સંવત) ૨૦૦૦મા પણ આપ્યો હતો. ત્રીજી ગાથા ચાલી ત્યારે આપ્યો હતો. એનો નકશો પણ (બનાવેલો). કહે છે, ભગવાનઆત્મા જેમ એક સમયમાં દરિયો-સમુદ્ર પાણીના દળથી ભરેલો અને અનેક અનેક શક્તિથી ભરેલો, એ દરિયો સામાન્ય છે, એના ઉપર એક જાતની સપાટીનો અંશ કાયમ વર્તે છે. સપાટીનો અંશ માથે. સપાટી સમજાય છે ? સપાટી, શું કહે છે ? નહિ-નહિ. સપાટી. લહેર નીચેની સપાટી. સામાન્ય દળરૂપ પાણી હોય, એની ઉપર અંશ એકરૂપ (હોય છે). પછી એમાં લહેર ઊઠે છે. માથે પાણીનું એકસરખું લેવલ. ... સાદિ ભાષામાં સમજાય. સમજાય છે ? સીધો એક અંશ, એક અંશ આમ સીધો સામાન્ય જળથી ભરેલો દરિયો, એનો એક અંશ આમ સીધો.

એમ આત્મા જ્ઞાનાદિ અનંત ગુણનો દરિયો ભરેલો છે, અનંતગુણનો પિંડ. એમાં એક સમયની સીધી સપાટી અનાદિ અનંત ધ્રુવ પર્યાય પડેલી છે. ઓહો..હો...! સમજાય છે કાંઈ ? અને એના ઉપર આ ચાર બોલ છે. ઉદય, ઉપશમ, ક્ષાયિક અને ક્ષયોપશમ. ઉદય છે એ પુણ્ય-પાપના વિકારનો હીલોળો છે, હીલોળ. હીલોળ એટલે તરંગ. પુણ્ય-પાપના ઉપર તરંગ છે. ક્ષયોપશમ પણ એ જાતના કાંઈક શુદ્ધિ અને કાંઈક અશુદ્ધિના તરંગ છે. ઉપશમ પણ કાંઈ શુદ્ધિનો તરંગ અને ક્ષાયિક પૂર્ણ શુદ્ધિનો તરંગ ઉપર છે. ઓલી સપાટી આમ એકરૂપ ત્રિકાળ છે, એની ઉપરના આ ચાર તરંગો છે. ઉદય, ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક. અને નીચે સપાટી અને નીચે આખું સામાન્ય દળ. સમજાય છે કાંઈ ? બહુ ઝીણું, ભાઈ ! ડોક્ટર આવ્યા હતા. કહો, સમજાય છે કાંઈ ?

એક સમય સેકન્ડના અસંખ્ય ભાગમાં. જુઓ! આ વિજ્ઞાનનું વિજ્ઞાન. આ કેવળજ્ઞાનીનું વિજ્ઞાન. વિજ્ઞાનનું વિજ્ઞાન એટલે ઓલું સાચું વિજ્ઞાન નથી કહેતા. આ વિજ્ઞાન એ શું છે એને જણાવવાનું આ જ્ઞાન. સમજાય છે કાંઈ ? એક સમયમાં ભગવાન દ્રવ્ય ગુણની સાથે પારિણામિકભાવની શુદ્ધ પરણતિ જે ધ્રુવરૂપ, જે ઉત્પાદ-વ્યયની અપેક્ષા વિનાની, જેને ૧૪મી ગાથામાં છેલ્લા શબ્દોમાં નિરપેક્ષ કહી, એ નિરપેક્ષ પર્યાયના બે ભેદ માયલો એક ભેદ. નિરપેક્ષ પર્યાયના, સ્વભાવપર્યાયના બે શુદ્ધપર્યાયના બે ભેદ માયલો આ એક ભેદ છે. આ અનાદિ અનંત નિશ્ચયનયનો વિષય છે. સમજાય છે કાંઈ ?

**'સ્વરૂપ તેની સાથેની જે પૂજિત પંચમભાવપરિણતિ...'** કોઈને એમ લાગે કે ગ્રંથકારે, ટીકાકારે

ઘરનું નાખ્યું છે. બીજે ક્યાંય નથી માટે એમ નથી. આ ગ્રંથ 'નિયમસાર' છે. નિયમ એટલે મોક્ષમાર્ગની પર્યાય. મોક્ષમાર્ગની પર્યાય. નિર્વિકલ્પ શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા એ પર્યાયનો ગ્રંથ છે. પર્યાયનો વિષય ભલે દ્રવ્ય છે. સમજાય છે કાંઈ ? સમ્યગ્દર્શન પર્યાય છે, અવસ્થા છે. સમ્યગ્જ્ઞાન પર્યાય છે, અવસ્થા છે, સમ્યક્ ચારિત્ર પણ ધર્મ પર્યાય છે. 'મૂલચંદજી'! ત્રણ આવ્યા કે નહિ ? ... આવ્યા કે નહિ ? કહો, સમજાય છે કાંઈ ? એ ત્રણ પર્યાય છે. એ પર્યાયનો આશ્રય દ્રવ્ય છે. પણ ત્રણ પર્યાય છે. એ પર્યાયનું વ્યાખ્યાન છે માટે પર્યાયની સ્પષ્ટતા આમાં આવી ગઈ છે. એમાં આખી પર્યાયની વ્યાખ્યા છે. જુઓ ! આલોચના, પ્રતિક્રમણ, પચખાણ, છ આવશ્યક, સમજાય છે ? સમાધિ, ભક્તિ વગેરે પર્યાયો નિર્મળ, નિર્વિકલ્પ કેવી છે તેનું આખું વર્ણન બાર અધિકારમાં છે. એટલે આ પર્યાયનો અધિકાર જે અંદરમાં ગુપ્તપણે હતો એ અમને મુનિઓને ગુરુ તરફથી મળેલો છે. એમણે આ 'નિયમસાર'માં ટીકા દ્વારા સ્પષ્ટ કર્યો છે.

આ પર્યાયનો અધિકાર છે ને ? ધર્મ એ શું છે ? સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યગ્ચારિત્ર એ પર્યાય છે, અવસ્થા છે, નવી પ્રગટ થાય છે. એ કાંઈ અનાદિની પર્યાય નથી. એ પર્યાય નવી પ્રગટ થાય માટે પર્યાય અધિકારમાં પર્યાયના ઘણા વર્ણન એટલા બધા મૂક્યા છે. અહીંયાં પણ મૂક્યું. આગળ પણ સમકિતી જીવની પર્યાય પામવાને સમકિતી જીવની પર્યાય નિમિત્ત, અને ભગવાનની વાણિનું નિમિત્ત એવા બધા પર્યાયની સ્પષ્ટતાના અધિકાર આ 'નિયમસાર'માં આવી ગયા છે. માટે એમાં કોઈએ શંકા કરવા જેવું નથી કે આ શું ? પંચમભાવની પરિણતિ એ બીજા ક્યાંય શાસ્ત્રમાં વિશેષ સ્પષ્ટ નહિ. નથી એમ નથી કહેતા, હોં ! સ્પષ્ટ નથી. સમજાય છે ? અને આ ઠેકાણે ગ્રંથકાર, ટીકાકાર 'પદ્મપ્રભમલધારીદેવ' મુનિએ નાખી, તો કાંઈ એમના ઘરની કહેલી છે, એ વાત એમ છે નહિ. કેટલાક એમ કહે છે એ તો એમણે પોતે ઘરનું નાખ્યું છે. ઘરનું સાચું. પણ આત્માના ઘરનું. ઘરનો અર્થ કલ્પના કરેલી છે એમ છે નહિ.

એ પરમપારિણામિકભાવ... ત્રિકાળ એકરૂપ છે. ... છે કે નહિ આમાં ? સમજાણું કે નહિ ? એક સેકન્ડના અસંખ્ય ભાગમાં જે ભગવાન એક સમયમાં પરમસ્વભાવ, જ્ઞાયકભાવ, આનંદકંદ, આનંદ... આનંદ... આનંદ.. આનંદ.. આનંદ... ... પરમ વીતરાગ આનંદનો ભરેલો, એ આનંદની સાથે શુદ્ધપર્યાય, એ શુદ્ધચારિત્રની સાથેની શુદ્ધપર્યાય.

પહેલામાં ઉપયોગની જ્ઞાન દર્શનની પર્યાયનું વર્ણન કર્યું. સ્વભાવિક કાર્યસ્વભાવજ્ઞાન ઉપયોગ, કારણસ્વભાવદર્શન ઊપયોગ, સ્વરૂપ શ્રદ્ધાન માત્ર કારણદષ્ટિ–એમ પર્યાયની વ્યાખ્યા ચૈતન્યગુણને કારણે કહી. અહીંયાં સામાન્ય પર્યાયની વ્યાખ્યા સાથે ન લેવી. એક જે અનંત ગુણનો પિંડ છે, એના એક સમયમાં બધા ગુણનો ધ્રુવ અંશ... ધ્રુવ અંશ... ધ્રુવ અશં.. અનાદિ અનંત છે. સમજાય છે કાંઈ ? એટલે કહે છે કે .. કે કોઈને કહ્યું હતું, કે જો ભાઈ ! આમાં ... કાંઈ છે નહિ ? સાથે તો કર્મ ઉપાર્જિત વિવર્જિત પર્યાય છે. પાઠમાં નથી તો નવું કાઢ્યું છે ? કર્મ ઉપાધિ વિવર્જિત,

એ પર્યાયના બે ભેદ લીધા છે. એમાં પહેલો ભેદ આ કારણસ્વભાવ ધ્રુવનો લેવામાં આવે છે કે જે આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણ સ્વભાવભાવ, સ્વભાવભાવ અનંત ચતુષ્ટય પિંડ, એની સાથે વિશેષ ભાવ, એકરૂપભાવ, અંશરૂપ અનંત. અનાદિ અનંત એવી પંચમભાવની પરિણતિ. કેમ ? કે વિશેષ .. કરવું છે, શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર વિશેષ પર્યાયમાં પ્રગટ કરવું છે ને ? કે કેવળજ્ઞાન. તો એ વિશેષના અંશના ... હોય સામાન્ય હોય તો એટલા સામાન્ય તે કાયમ એકરૂપ નથી. ... વિશેષ... વિશેષ... વિશેષ... વિશેષનું કારણ વિશેષ. મુખ્ય વિશેષ.. મોક્ષનો માર્ગ સમ્યગ્દર્શન– જ્ઞાન– ચારિત્ર વિશેષ કહો કે પર્યાય કહો. કેવળજ્ઞાન એ મોક્ષમાર્ગનું ફળ વિશેષ. એક વિશેષને પ્રગટ થવામાં શુદ્ધકારણપર્યાય .... વિશેષતા છે. વિશેષ એવો અનાદિ અનંત એક કારણશુદ્ધપર્યાયરૂપ ધ્રુવપર્યાયમાં એમાં પડેલી છે. આ ન માને તેને વસ્તુની ખબર છે નહિ. એને આત્મા દ્રવ્ય-ગુણ-પર્યાયે કેવો છે, એને વિશેષ કેમ પ્રગટે વિશેષના જોરમાં (એની ખબર નથી). સમજાય છે કાંઈ ? કારણ કે મોઢા આગળ વિશેષ છે. ભાઈ ! શું કીધું ? ઉપર આમ સપાટી. સામાન્ય સ્વભાવ અનંત અનંત ગુણથી ભરેલો છે, એને ઉપરની સપાટીનો વિશેષ ... છે. એમ ... કારણપર્યાય, કારણપર્યાયના અવલંબે કાર્યપર્યાય પ્રગટે છે. કેવળજ્ઞાન, કેવળદર્શન આદિ આનંદ આદિ પરમાનંદ પર્યાય અને મોક્ષમાર્ગની પર્યાય પણ એને જ અવલંબે પ્રગટે છે. અને પૂર્ણ થયા પછી પણ સમય સમયનું કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત આનંદ, અનંત ચારિત્ર, અનંત વીર્ય એ બધો સમય સમયનો પાછો નવો નવો થાય છે. સિદ્ધમાં પણ નવું નવું કાર્ય થાય છે. પર્યાય કાર્ય છે. સિદ્ધ પણ કાર્ય છે. નવું નવું કાર્ય અને કારણ પણ ત્યાં ન હોય વિશેષરૂપથી એ કાર્ય હોઈ શકે નહિ. એટલે સિદ્ધમાં પણ સાદિ અનંત જે કાર્ય પર્યાય ઉત્પન્ન થયા કરે છે, એનું કારણ અનાદિ અનંત પડ્યું છે. શેઠી ! કહો, સમજાય છે કાંઈ ? ભારે વિષય, ભાઈ !

દ્રવ્યાનુયોગ એમાં પણ વ્યવહારરત્નત્રય રહિત, ચૈતન્યના નિર્વિકલ્પ શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા મોક્ષમાર્ગ, એનું પણ કારણ દ્રવ્ય-ગુણ અને પર્યાયનું કારણ શુદ્ધપર્યાય. વિશેષ ધ્રુવ એવો અનાદિ અનંત પંચમકાળની પરિણતિ, પંચમભાવની અવસ્થા, પંચમભાવની ધ્રુવદશા અને પંચભાવનો એક અંશ ભેદરૂપ પર્યાય, પણ એ ત્રિકાળ નિશ્ચયનયનો વિષય છે. એ પર્યાયનયનો વિષય નથી. આ પારિણામિકભાવની પર્યાય વ્યવહારનયનો વિષય નથી. સમજાય છે કાંઈ ? એ તો ત્રિકાળ સ્વરૂપનો વિષય છે. એવી ચીજ કારણશુદ્ધપર્યાય છે એવો એનો અર્થ છે. આવા દ્રવ્ય ગુણ ને પર્યાય ત્રણનું અભેદ પ્રતીત, જ્ઞાનમાં અને રમણતામાં લેવું એ જ મોક્ષનો માર્ગ છે. બાકી બધું સમજવા જેવું છે. કહો, સમજાય છે કાંઈ ? સમજવા જેવું એટલે વ્યવહારથી વિકલ્પ આવે, નિમિત્ત હોય એને જાણવા જેવું છે એ તો વ્યવહાર... નિશ્ચયથી નિરપેક્ષ આત્મા.

બીજી વાત, કે આ નિરપેક્ષ પર્યાય અને પછી કહેશે એમાં પણ કેવળજ્ઞાન આદિ પણ નિરપેક્ષ પર્યાય. પહેલાં ૧૩મી ગાથામાં કીધી એ સાપેક્ષ પર્યાય. ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક જે ચાર

પ્રગટ પર્યાયો છે, એને સાપેક્ષ કીધી હતી અને તે વિભાવભાવ પર્યાય છે. અહીં કહે છે કે બન્નેને અમે નિરપેક્ષ (કહીએ છીએ). ૧૪મી ગાથાનો છેલ્લો શબ્દ નિરપેક્ષ છે. નિરપેક્ષની આ વ્યાખ્યા છે. અને નિરપેક્ષના પણ પ્રકાર જ્યાં જ્યાં જેમ છે તેમ તેને સમજવા જોઈએ. સમજાય છે કાંઈ ?

એક કર્મની પર્યાય કર્મવર્ગણામાં થાય, એ પણ પર્યાય એક નિરપેક્ષ છે, એના દ્રવ્ય-ગુણમાં નથી. પરમાણુના દ્રવ્ય-ગુણમાં નથી. છતાં કર્મરૂપ પર્યાય પણ એવો જ કોઈ વસ્તુનો સ્વભાવ છે. એ કર્મરૂપ દશા થવી એ પણ એક કર્મની નિરપેક્ષ પર્યાય છે. સ્વતંત્ર સ્વયંસિદ્ધની અપેક્ષાએ. દ્રવ્ય-ગુણમાં અપેક્ષા નથી.

આત્મામાં થતાં પુણ્ય અને પાપ, દયા અને દાન, વ્રત અને ભક્તિ, શુભ અને અશુભ વિકલ્પો, એ સ્વયંસિદ્ધની અપેક્ષાએ નિરપેક્ષ છે. શું કહ્યું સમજાણું કાંઈ ? નિરપેક્ષ છે. પારિણામિકભાવની ખરેખર એ પણ એક વિકારી પ્રગટ પર્યાય છે. ઉદયભાવ એ પણ એક પારિણામિકભાવની પ્રગટ પર્યાય છે. આ અપ્રગટની વાત છે. અને કેવળજ્ઞાન પ્રગટ પર્યાય શુદ્ધની વાત છે. પણ નિમિત્તની અપેક્ષાએ તેને રાગ-દ્વેષનો ઉદયભાવ કહ્યો છે. એની સ્વયં નિશ્ચયની અપેક્ષાએ તે પર્યાય નિરપેક્ષ અને પારિણામિકભાવની પર્યાય પ્રગટ વિકારને સંસારને કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ ?

પારિણામિક પર્યાય નિરપેક્ષપણું ... અને .. મોક્ષનો માર્ગ નિશ્ચય થવો, નિશ્ચય મોક્ષમાર્ગ આત્માના શુદ્ધકારણપર્યાય અને કારણપરમાત્માને અવલંબે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર (થાય) એ પણ નિરપેક્ષ મોક્ષમાર્ગ છે. એ તો આપણે પહેલું આવી ગયું. આમાં આવી ગયું. નિરપેક્ષ મોક્ષમાર્ગ છે. રાગ પણ એક અપેક્ષાએ નિરપેક્ષ, કર્મની પર્યાય પણ એક નિરપેક્ષ છે. અને આ.. કેમ નિરપેક્ષ અપેક્ષા છે. ... ...ની અપેક્ષા, પર્યાયની અપેક્ષા દ્રવ્ય-ગુણમાં નથી અને સ્વયંસિદ્ધ એનો સ્વભાવ છે. રાગથી થતો હોય તો બધામાં થવો જોઈએ. પણ તે પરમાણુ તે કાળે કર્મરૂપ પર્યાય થવાની પોતાની સ્વયંસિદ્ધતા છે માટે કર્મરૂપ પર્યાય થાય છે. એમ એના નિમિત્તના આકારે પોતામાં પુણ્ય-પાપનો વિકાર થવો એ પણ પોતાની સ્વયંસિદ્ધ પર્યાયની અપેક્ષાએ નિરપેક્ષ છે. અનન્ય મોક્ષમાર્ગ પણ વ્યવહારની નિમિત્તની અપેક્ષા રાખતો નથી. માટે નિશ્ચયમોક્ષમાર્ગ પણ નિરપેક્ષ છે. ઓહો...! પછી કેવળજ્ઞાન કાર્યરૂપ પરિણતિ કર્મના નિમિત્તિની ઉપસ્થિતિ વર્તમાન નથી. માટે આ નિરપેક્ષ એટલે ત્રિકાળ શુદ્ધપર્યાય માટે નિરપેક્ષ. ઓહો..હો...! નિરપેક્ષના કેટલા અર્થ ! સમજાય છે કાંઈ ? અહીં તો જરી સૂક્ષ્મ વાત છે. એ વસ્તુ અંતરમા એના ખ્યાલમાં લીધા વિના કઈ અપેક્ષા છે એ સમજમાં આવે નહિ. કહો, સમજાણું કાંઈ ? આ કારણશુદ્ધપર્યાય તદ્દન નિરપેક્ષ છે. હવે એને સિદ્ધ કરવા માટે બીજી વાત કરી હતી.

આ જગતમાં એક સંસારપર્યાય સામાન્યપણે તો અનાદિ અનંત છે. સંસારપર્યાય કોઈ દિ' કોઈ જીવમાં નહિ એવા બધા .. કરશે ? અનાદિ અનંત સંસાર. એક જીવની વાત નથી. સામાન્ય જીવ લઈએ તો સંસારપર્યાય અનાદિ અનંત છે. એક વાત. એ એમાંથી કોઈ વ્યક્તિ પોતાનું ભાવ કરીને મોક્ષનો માર્ગ પ્રગટ કરે, એ અપેક્ષાએ એને અનાદિસાંત સંસાર કહ્યો. પણ સંસારમાં દુનિયામાંથી

અનાદિ અનંત સંસારપર્યાય કોઈ દિ' ચાલી જાય એમ બનવાનું નથી.

બીજી વાત. મોક્ષ, સિદ્ધગતિની પર્યાય પણ અનાદિ અનંત છે. કોઈ દિ' મોક્ષ જગતમાં નહોતો અને સિદ્ધગતિ નહોતી, એમ પણ નથી. કે ભાઈ ! પહેલા સંસાર હતો અને સિદ્ધ પરમાત્મા તો કોઈ દિ' મોક્ષરૂપે નહોતા એમ નથી. સિદ્ધગતિ પણ અનાદિ અનંત છે. સમજાય છે કાંઈ ? સામાન્યપણે સિદ્ધગતિ અનાદિ અનંત છે. અને વ્યક્તિગત પોતે સ્વરૂપનું સાધન કરીને નવું પ્રગટ કરે એને માટે સિદ્ધ ગતિ સાદિ અનંત.

સંસાર અને મોક્ષપર્યાય બન્ને અનાદિ અનંત છે. એમ કેવળજ્ઞાનનો ઉપયોગ પણ જગતમાં અનાદિ અનંત છે. છે કે નહિ ? કે દુનિયામાં પહેલા કોઈ દિ' કેવળજ્ઞાન નહોતું ? કેવળજ્ઞાન ઉપયોગ, કેવળદર્શન ઉપયોગ, શુદ્ધકારણ સમજાય છે ? અથવા શુદ્ધકાર્ય દૃષ્ટિ, પરમ અવગાઢ સમકિત, પરમ યથાખ્યાત ચારિત્ર એવું અનાદિ અનંત જગતમાં કોઈ દિ' નહોતું એમ છે નહિ. અનાદિ અનંત જગતમાં છે. એમ એકકોર સંસાર પર્યાય, એકકોર મોક્ષપર્યાય, એકકોર કેવળજ્ઞાનાદિ ઉપયોગ પર્યાય પ્રગટ. આ પ્રગટ વાત ચાલી. ઓલી સંસારપર્યાય પ્રગટ, મોક્ષપર્યાય પ્રગટ, કેવળજ્ઞાન ઉપયોગરૂપ પ્રગટ, એમ આત્મામાં અનાદિ અનંત અપ્રગટરૂપે પર્યાય.. સમજાય છે કાંઈ ? કે જેને કારણ છે એની ખબર નથી. છતાં કારણરૂપ પર્યાય અનાદિ અનંત છે. ધ્યાન રાખજો.

જેમ સંસાર અનાદિ અનંત છે પણ વ્યક્તિગત અને ભાન થતાં પછી એને અનાદિસાંત સંસાર થઈ જાય. મોક્ષ અનાદિ અનંત છે. પણ વ્યક્તિગત જ્યારે કરે ત્યારે એને મોક્ષની ગતિ સાદિ અનંત થઈ. એમ આત્મામાં ત્રિકાળ દ્રવ્ય અને ગુણ શુદ્ધ છે એવું એક શુદ્ધકારણ પર્યાય અનાદિ અનંત કારણ છે. પણ જેને ખબર પડે ત્યારે એને આ કારણ, અનાદિ અનંત છે. એના ખ્યાલમાં સાદિ અનંત આવી જાય છે. શું કહ્યું ? ભાઈ ! સમજાય છે ? શું કીધું સમજાણું ? શું કીધું ?

જેમ પહેલાં સંસાર અને સિદ્ધ બે બોલ લીધા. એમાં પાછા બે લીધા. એક અનાદિ સાંતસંસાર અને એક સિદ્ધ સાદિ અનંત. એમ આત્મામાં શુદ્ધકારણપર્યાય અનાદિ અનંત છે. અનાદિ અનંત. અભવિને, ભવિને, નિગોદને બધાને અનાદિ અનંત છે. પણ જ્યારે શ્રદ્ધા અને જ્ઞાનમાં કારણને કારણ બનાવે છે, ત્યારે એનો ખ્યાલ આવે તે સાદિ અનંત છે. વસ્તુ અનાદિ અનંત છે. સમજાય છે ? એક વ્યક્તિને અનાદિ અનંત ખ્યાલ આવે એમ નહિ. એક વ્યક્તિને અનાદિ અનંત ખ્યાલ આવે એમ નહિ. શું કહ્યું સમજાણું ? સમુચ્ચય અનાદિ અનંત કારણપર્યાય પડી છે અને એનો ખ્યાલ કરનારા પણ સામાન્યપણે અનાદિ અનંત છે. સમજાણું કાંઈ ? બહુ ઝીણો વિષય, ભાઈ !

એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પરમપારિણામિકભાવ, એની સાથેની પંચમભાવની પરિણતિ જગતમાં અનાદિ અનંત છે. અને એના ખ્યાલ કરનારા પણ અનાદિ અનંત છે. એના ખ્યાલ કરનારા પણ સામાન્યપણે અનાદિ અનંત છે. સામાન્યપણે તો અનાદિ અનંત છે. સમજાય છે કાંઈ ? પણ દરેકમાં અનાદિ અનંત કારણપર્યાય પારિણામિકભાવની પરિણતિ હોવા છતાં એક વ્યક્તિગત કહો

તો એનો ખ્યાલ કરનારા સાદિ અનંત હોય છે. એની કારણપર્યાય અનાદિ અનંત છે પણ એના ખ્યાલમાં આવે કે ઓહો..! આ દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રિકાળ શુદ્ધ છે. એવી પ્રતીતિ આદિનો ખ્યાલ આવ્યો, ત્યારે ખ્યાલમાં કારણપર્યાય આવી એને ખ્યાલમાં સાદિ અનંત, પણ વસ્તુ તરીકે અનાદિ અનંત છે. કહો, સમજાય છે કાંઈ ?

જુઓ ! આ રીતે પંચમભાવ, સ્વભાવભાવ ભગવાનઆત્મા અનંત ગુણના આનંદનો કંદ છે. લીંડીપીપરમાં ચોસઠ પહોરી જેમ તીખાશ, સોળ આના તીખાશ, પૂરી તીખાશ, આખી તીખાશ ભરેલી છે, તો પ્રગટ થાય છે. એમ ભગવાનઆત્મામાં સોળ આના પૂર્ણ આખો રૂપિયો, ઓલી ચોસઠ એટલે, આખો રૂપિયો એટલે પૂર્ણજ્ઞાન, પૂર્ણઆનંદ, પૂર્ણશ્રદ્ધા, પૂર્ણચારિત્ર, એની સાથે પૂર્ણ સદશ કારણશુદ્ધપર્યાય. સમજાય છે કાંઈ ? શક્તિરૂપ જેમ લીંડીપીપરમાં પડી છે પણ છતાં એને વિશેષરૂપ પ્રગટ થાય છે ત્યાં એનો વિશેષ અંશ છે. વિશેષ કઈ રીતે કહેવા માંગું છું ? ભાઈ ! કે વેળુ છે. ધ્યાન રાખજો. વેળુ-વેળુ. વેળુ સમજો છો ? રેતી. રેતીમાં ચિકાશની અંતર શક્તિ છે, પણ બાહ્ય પ્રગટ આવિર્ભાવ પામવાની લાયકાતની સપાટીનો પર્યાય રેતીમાં અત્યારે નથી. શું કહ્યું સમજાય છે આમાં ? એય..! 'હિંમતભાઈ'! પણ લીંડીપીપરમાં તીખાશ પડી છે પણ એનામાં બાહ્ય વ્યક્ત થવાની લાયકાત પણ ત્યાં નજીકમાં પડી છે. પરમાણુમાં તીખાશ પડી છે. રસગુણ, રસગુણ જે પડ્યો છે... એય..! 'હિંમતભાઈ'! આ નવું આવ્યું છે. એ તો આવતા-આવતા આવે એ ખરું. રસગુણ જેમ પરમાણુ કાંકરામાં પડયો છે તો એની ચિકાશની વ્યક્ત વર્તમાન સપાટીની નજીકતા એનામાં નથી. નજીકતા નથી. સમજાય છે કાંઈ ? 'નારણભાઈ'!

એમ લીંડીપીપરમાં જે તીખાશ અંદર પડી છે પણ પ્રગટ થવાની લાયકાત (છે). રસગુણ તો બધા પરમાણુમાં છે. પણ તીખાશ વર્તમાન વિશેષપણે તાકાત એ લીંડીપીપરમાં છે. કે તેથી વિશેષપણે ચોસઠ ગુણ પ્રગટ થવાની અની યોગ્યતાથી પ્રગટ થાય છે. સમજાય છે કાંઈ ? નહિતર પરમાણુમાં તો રસગુણની અપેક્ષાએ બધામાં ચિકાશ છે. કોઈ કાકરાને પીસે છે ? એની નજીકમાં નથી. એની સમીપમાં તીખાશ પ્રગટ થાય તેવી લાયકાત નથી. લીંડીપીપરમાં નજીકમાં તીખાશ પ્રગટે તેવી લાયકાત છે. ભાઈ ! બરાબર છે ને ? એમ ભગવાનઆત્મા સામાન્યપણે તો ત્રિકાળ ધ્રુવરૂપ છે, એની વિશેષ પર્યાય ત્રિકાળ નજીકમાં કાર્યપર્યાય પ્રગટે એવું સાધન અંદર પડ્યું છે. એવા આત્મામાં ભેદ નથી. પેલા જડમાં ભેદ છે, ભાઈ ! એકમાં નજીકપણે છે અને એકમાં દૂર એવા ભેદ છે. આમાં ભેદ નથી.

એવો આ ભગવાનઆત્મા કે જે અનાદિ અનંત દ્રવ્ય, ગુણ અને પર્યાયે વિશેષપણે શુદ્ધ છે. એની નજીકતા તો બધા આત્મામાં પડી છે. કોઈમાં નથી એમ છે નહિ. ઓલામાં બે ભેદ પડી ગયા. પુદ્ગલ છે એ, પુદ્ગલ છે એ. આ ભગવાનઆત્મા અખંડ જ્ઞાયક છે. ભાઈ ! અખંડ જ્ઞાયક છે. પુદ્ગલમાં પુરાવું, ગળાવું ભેદ પડીને એકમાં નજીક અને એક દૂર આવી ગયું છે. પણ ભગવાનઆત્મા અખંડ અભેદ ચૈતન્યતત્ત્વ છે, એમાં સામાન્યપણે જેમ શુદ્ધતા છે, એમ એની વિશેષ શુદ્ધતાનો અંશ

અનાદિ અનંત છે. એમાં કોઈને નજીક અને દૂર એમ છે નહિ. એ પોતે પ્રગટ કરવાને નજીક-દૂર થાય એ તો બાહ્ય પર્યાયની વાત થઈ. પણ એની નજીકતા વિશેષમાં ન હોય, અને ફરીને કોઈને અમુકને નજીક થવાનો કાળ આવે ત્યારે વિશેષ નજીક થાય છે. .. શુદ્ધકારણરૂપ વિશેષ પર્યાય, એમ આત્મામાં હોઈ શકે નહિ. કહો, સમજાય છે કાંઈ ?

એટલે અહીંયાં ભગવાન 'પદ્મપ્રભમલધારીદેવ' મુનિ. મુનિ પણ ભગવાન છે ને ? પરમેશ્વર છે ને ? પાંચ પરમેષ્ઠીમાં ભળ્યા છે. ણમો લોએ સવ્વ સાહૂણં. ગણધરદેવ ત્યાં મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે, એ 'પદ્મપ્રભમલધારીદેવ' જ્યારે ટીકા કરતા હતા ત્યારે ગણધરદેવે જ્યાં ણમો લોએ સવ્વસાહુણં (બોલે છે) ત્યારે લોએ સવ્વસાહુણંમાં 'પદ્મપ્રભમલધારીદેવ' ભળી જતા હતા. 'પદ્મપ્રભમલધારીદેવ'ને પણ ગણધર નમસ્કાર કરતા હતા. ણમો લોએ સવ્વ સાહૂણં. ભગવાન ! તું પણ પંચપરમેષ્ઠીમાં મુનિ પરમેષ્ઠી છો. ટીકા કરવા વખતે પણ જ્યારે કોઈ મુનિ-ગણધર ત્યાં શાસ્ત્ર રચના કરતા હોય કે ણમો પાંચ નવકારના સ્મરણનો વિકલ્પ ઉઠ્યો હોય તો ભગવાન ણમો લોએ સવ્વ સાહૂણંમાં પરમેષ્ઠી આવી જાય છે. અગિયારમી પડિમાધારક શ્રાવક પંચમ ગુણસ્થાન નિર્મળતાવાળો પરમેષ્ઠી પદમાં આવતો નથી. પંચમ ગુણસ્થાનની નિર્મળ શુદ્ધિ, જે સમ્યગ્દર્શનની શુદ્ધિ, એનાથી પહેલી પડિમાની શુદ્ધિ, બીજીની, ત્રીજીની, અગિયારમી, નિર્મળ આનંદકંદની શુદ્ધિ. પણ અગિયાર પ્રતિમા શુદ્ધિની જે નિર્મળ શુદ્ધિ થઈ, એ પાંચ પરમેષ્ઠીમાં નહિ ભળે. અને જ્યાં ત્રણ કષાયનો નાશ થઈને છઠ્ઠું અને સાતમું, છઠ્ઠું -સાતમું ગુણસ્થાન હજારો વાર આવવાની લાયકાત થઈ ગઈ (તો) ણમો લોએ સવ્વ સાહુણં. લોકમાં સર્વ સંતો સાધક. સર્વ નામ બીજા બધા આડાઅવળાની વાત નથી, હોં ! આ તો આવું સ્વરૂપ સાધે એની વાત છે. વળી કો'ક કહે બીજા બધા આવી જાય (એમ નહિ). આવા સ્વરૂપના સાધનારા એવા સંતોને ગણધરો પણ ણમો લોએ સવ્વ સાહૂણંમાં નમસ્કાર કરે છે. એ અહીં ભગવાન 'પદ્મપ્રભમલધારીદેવે' આ ટીકા કરી છે. કહો, સમજાય છે કાંઈ ?

**'તે જ કારણશુદ્ધપર્યાય છે,...'** કહો, આ વ્યાખ્યા નિરપેક્ષ પર્યાયના બે ભેદમાંથી એક નિરપેક્ષ પર્યાય, કારણશુદ્ધપર્યાય, ત્રિકાળ પર્યાય, પંચમભાવની વિશેષરૂપ-ભેદરૂપ, સામાન્યની સાથે વિશેષ અંશ રહેલો, એ વિશેષ વ્યવહારનયનો વિષય નહિ. નિશ્ચયનયનો ત્રિકાળી ધ્રુવ વિષય એને ભગવાન પંચમભાવની પરિણતિ અને તેને કારણશુદ્ધપર્યાય કહે છે અને પૂજિત કરીને ગ્રંથકાર પૂજનીય કહે છે. કારણ કે નજીકમાં તારો આધાર છે. તારે આધારે આ કાર્ય થાય. તારો આધાર છે. એમ કરીને પૂજિત ભાવ વર્ણવ્યો છે. કહો, સમજાય છે કાંઈ ? આ ૧૫મી ગાથાની ઘણા દિવસથી માણસો જિજ્ઞાસુ તરીકે વાટ જોતા હતા. એ કારણશુદ્ધપર્યાયની વ્યાખ્યા એક આવી. હવે કાર્યશુદ્ધપર્યાયની વ્યાખ્યા (આવશે)... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

❊

## શ્રી સમયસાર, ગાથા–૩૨૦,
## પ્રવચન નં. ૪૫૦, તા. ૧૭-૮-૧૯૭૦
## [૧૭]

'સમયસાર' ૩૨૦ ગાથા. 'જયસેનાચાર્ય'ની ટીકા. અધિકાર જરી સૂક્ષ્મ પરમ રહસ્યમય હતો. રહસ્યમય હતો. તમારામાં શું કહે ? થોડું ઝીણું છે પણ સાંભળે તો ખરા, શું ચીજ છે. વાસ્તવિક બાર અંગ અને સિદ્ધાંતનો સાર એ છે કે જ્ઞાયક ચિદાનંદ પોતાનો આત્મા ધ્રુવ પરમ પારિણામિકભાવલક્ષણ, એની સન્મુખ થઈને શ્રદ્ધા–જ્ઞાન કરવા એ આખા બાર અંગનો સાર છે. એની બધી પછી ટીકાઓ અને વિસ્તાર (છે). સમજાણું કાંઈ ?

આપણે અહીં આવ્યા. વિવિક્ષિત એકદેશ શુદ્ધનયાર્થિક જે ભાવના... કઈ ભાવના ? જે ચૈતન્યસ્વરૂપ જ્ઞાયકભાવ એ તરફની એકાગ્રતા, એવી જે ભાવના નામ નિર્મળ દશા એ એકદેશ શુદ્ધનયાશ્રિત છે. કેમ કે વ્યક્તરૂપ પર્યાય છે ને ? વ્યક્ત પ્રગટરૂપ મોક્ષનો માર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રિકાળી દ્રવ્યના આશ્રયે અનુભવમાં આવ્યો, તો એ એકદેશ શુદ્ધ છે. એ નિર્વિકાર સ્વસંવેદનલક્ષણ ક્ષયોપક્ષમિક જ્ઞાન હોવાથી... જ્ઞાનની પ્રધાનતાથી કથન કર્યું છે. આમ ત્રણ ભાવ લીધા હતા. અહીં તો એકલું ક્ષયોપશમ જ્ઞાન લીધું.

ત્રિકાળ જે ભગવાનઆત્મા જ્ઞાયકસ્વરૂપ, એ તરફની એકાગ્રતાથી પર્યાયમાં જ્ઞાનનો જે વિકાસ થયો એ ક્ષયોપશમિક જ્ઞાનરૂપ હોવાથી એકદેશ વ્યક્તિરૂપ છે. એક અંશે પ્રગટરૂપ છે, એક અંશ પ્રગટરૂપ છે. ચાહે તો મોક્ષ પ્રગટ હો તો પણ એક અંશ પ્રગટરૂપ છે. પર્યાય અંશ છે. ખંડ છે, અંશ છે, ભેદ છે. એક સમયની દશા એ શું ચીજ છે. એમ હોવાથી.. તોપણ ધ્રુવના સ્વભાવ આશ્રયે એવી નિર્મળ પર્યાય પ્રગટ થઈ, ધ્રુવ ચૈતન્ય ભગવાન, એની અંદર દૃષ્ટિ ધ્યેય કરીને, બીજી બાજુથી દૃષ્ટિને સમેટીને,... સમજાણું કાંઈ ? એ પણ નાસ્તિથી કથન છે. પોતાના ચૈતન્ય ધ્રુવ જ્ઞાયકમાં દૃષ્ટિ લગાવવી અને એ તરફનું જ્ઞાન કરવું અને એમાં લીન થવું એ મોક્ષનો માર્ગ છે. શુભ-અશુભભાવ કોઈ મોક્ષનો માર્ગ નથી. સમજાણું કાંઈ ?

એવી પ્રગટ દશા શક્તિમાંથી નિર્મળ વ્યક્તતા પ્રગટ થઈ તોપણ, તોપણ. તથાપિ તોપણ કહે કે નહિ તમારે ? અહીં હિન્દીમાં તથાપિ છે. ધ્યાતા પુરુષ એમ ભાવે છે. પણ સમ્યગ્દૃષ્ટિ આત્માનું ધ્યાન કરનાર આત્મા કોને ભાવે છે ? ત્રિકાળ વસ્તુને ભાવે છે. સમજાણું કાંઈ ? ભગવાનઆત્મા

અનંત અનંત સુખ સાગરનો સરોવર, સુખ સાગરનો ઉછળતો દરિયો. સુખ સાગર એવી ચીજ જે ત્રિકાળી છે, એમાં અંતરમાં એકાગ્ર થઈને સ્વભાવને ધ્યેય બનાવીને જે પર્યાય નિર્મળ દશા એક અંશે પ્રગટ થઈ, પણ એ ધ્યાન કરવા લાયક નથી. ધ્યાનમાં એને ધ્યેય બનાવવા લાયક નથી. 'નંદકિશોરજી'! ધ્યાતા પુરુષ–પોતાના શુદ્ધ સ્વરૂપનું ધ્યાન કરનાર આત્મા. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણે ધ્યાન છે. શું કીધું ?

**શ્રોતા :–** સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે ધ્યાન છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ધ્યાન છે. એ ધ્યાન જેને પ્રગટ થયું એ ધ્યાની કોને ધ્યાવે છે ? સમજાણું કાંઈ ? આહા..હા...! અનંત સુખસાગરનું નીર પ્રભુ ! સાગરનું નીર હોય ને ? સાગરના પાણી હોય છે ને ?

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ નહિ, નહિ. તમારા સાગરની વાત નથી. આ નિજ સાગર, અનંત સાગર નીર. સમજાણું કાંઈ ? એવો પ્રભુ ધ્યાન કરનાર ધર્મી કોને ધ્યાવે છે ? કોને ધ્યેય બનાવે છે ? એ નિમિત્તને–ભગવાનને ધ્યેય નથી બનાવતો એમ કહે છે. આહા..હા...! દયા, દાનનો વિકલ્પ વચ્ચે આવે એને ધ્યાતા ધ્યેય નથી બનાવતો. સમ્યગ્દષ્ટિ ધર્મીજીવ, એક સમયની નિર્મળ મોક્ષમાર્ગની પર્યાય જે પ્રગટ થઈ, એને પણ ધ્યેય નથી બનાવતા. આહા..હા...! સમજાણું કાંઈ ? બાર અંગનો નિચોડ–સાર આ છે.

ધ્યાતા પુરુષ એમ ભાવે છે–એવા ધ્યેયની ભાવના કરે છે. કેવું ધ્યેય ? જે આત્મા સકળનિરાવરણ છે. આહા..હા...! રાગાદિ તો ઉદયભાવ છે પણ શાસ્ત્રનો ક્ષયોપશમ, ક્ષાયિક ભાવને સાવરણ કહેવામાં આવ્યો છે. પંડિતજી! શું કહે છે ? 'નિયમસાર' માં છે અને આવરણ છે એ આવરણની અપેક્ષાનો અભાવ થયો ને ? એટલી અપેક્ષા છે ને ? 'પંચાસ્તિકાય'માં લીધું છે ને ? ચાર ભાવ કર્મકૃત. 'પંચાસ્તિકાય'માં લીધું છે. 'કુંદકુંદાચાર્યદેવે' મૂળ પાઠમાં લીધું છે કે કેવળજ્ઞાન ખંડરૂપ એક સમયની પર્યાય છે. એમાં આવરણના અભાવની અપેક્ષા રહી ગઈ. તો એ કેવળજ્ઞાનને પણ વિભાવજ્ઞાન, વિભાવભાવ કહેવામાં આવે છે. આહા..હા...! વિભાવ નામ વિશેષભાવ. ભાઈ ! વિભાવ નામ વિશેષભાવ. એ સામાન્યભાવ નથી. આહા..હા...!

કહે છે, સકળનિરાવરણ. ચાર ભાવને પણ ચાર આવરણવાળા કહ્યા છે. 'નિયમસાર'માં ચાર ભાવને. ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક ચાર આવરણવાળા. કેમ કે એકમાં આવરણનું નિમિત્ત છે અને ત્રણમાં આવરણનો અંશે અભાવનું કારણ છે, તો એ અપેક્ષિત ભાવ થયો. એટલે એને આવરણવાળા કહી દીધા. ભગવાનઆત્મા સકળનિરાવરણ. ત્રિકાળ નિરાવરણ, જેને આવરણ છે જ નહિ. સમજાણું કાંઈ ? અહીં આત્મતત્ત્વ નિશ્ચયથી કોને કહે છે એ વાત ચાલે છે. નિશ્ચયથી, સત્યથી, યથાર્થથી, વાસ્તવિક રીતે ધ્યાન કરનાર ધર્મીજીવ કોને આત્મા માને છે અને કોને ધ્યેય બનાવે

છે એની વાત ચાલે છે. આહા..હા...!

સકળનિરાવરણ. બીજા આવરણવાળા છે એમાં એમાં આવ્યું, ભાઈ ! ચાર ભાવ આવરણવાળા છે એમ એમાં આવ્યું ને ? અહીં નહિ એમાં આવ્યું. ત્રિકાળ ભગવાન સત્ત્વ જે જ્ઞાનસ્વભાવભાવ, ધ્રુવભાવ, અનાદિ અનંત એકરૂપભાવ, ત્રિકાળભાવ, સકળનિરાવરણ (ભાવ છે). ચાર ભાવ આવરણવાળા છે એ ધ્યેયમાં લેવા લાયક નથી. ઓહો..હો...! સમજાણું કાંઈ ?

ઉપર કહ્યું ને ? એકદેશ નિર્મળ આનંદ પ્રગટ થયો. સુખાનંદ. લ્યો, તમારે ત્યાં સુખાનંદ ધર્મશાળા છે ને ? 'મુંબઈ'માં નથી ? એય..! 'ચંદ્રકાન્તભાઈ'! જાવ છો કે નહિ ? ત્યાં સુખાનંદ ધર્મશાળા છે કે નહિ ? છે. સુખાનંદ ધર્મશાળા ભગવાનઆત્મા છે. સુખ અને આનંદના સ્વભાવવાળી ધર્મશાળા આત્મા છે. એવો ધ્રુવ આત્મા, એનો આશ્રય કરીને, ધ્યેય બનાવીને જે વીતરાગી નિર્વિકલ્પ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, શાંતિ, આનંદ આદિ જે પ્રગટ્યા એ ધર્મીનું ધ્યેય નથી. તેમ કેવળજ્ઞાન ધર્મીનું ધ્યેય નથી એમ અહીંયાં કહે છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

'સમયસાર'માં આવે છે. ઉપાય-ઉપેયનું કહ્યું હતું. પાછળ–છેલ્લે ઉપાય-ઉપેયનો અધિકાર આવે છે ને ? લ્યો, એ યાદ આવી ગયું. ત્યાં ઉપાય તો મોક્ષનો માર્ગ છે, ઉપેય તો મોક્ષમાર્ગનું ફળ એવું સિદ્ધપદ છે. ત્યાં એમ લીધું છે. 'સમયસાર' ઉપાય-ઉપેય. ઉપાય મોક્ષનું કારણ અને ઉપેય મોક્ષરૂપ દશા. એને ત્યાં ધ્યેય અને આ સાધન કહેવામાં આવ્યું છે. 'પંચાસ્તિકાય'માં આવી ગયું. વ્યવહાર સાધન-સાધ્ય, ભિન્ન સાધ્ય-સાધન. ભિન્ન સાધ્ય-સાધન કહો તો પણ નિર્મળ વીતરાગી પર્યાય સાધન અને પૂર્ણ વીતરાગી દશા પૂર્ણ મોક્ષ તે સાધ્ય. સમજાણું કાંઈ ?

અહીં તો કહે છે કે સાધ્ય એ નહિ. બીજા અર્થમાં છે. એ તો પ્રગટ કરવાની અપેક્ષાએ ત્યાં સાધ્ય કહેવામાં આવ્યું છે. પણ પ્રગટ કોના આશ્રયે થાય છે ? આહા..હા...! ધ્યાતા પુરુષ સકળનિરાવરણ ભગવાનઆત્મા. ધ્રુવ નિરાવરણ પિંડ ચૈતન્યબિંબ, પરમ સુખસાગરનો સમુદ્ર છે, એમાં બિલકુલ આવરણ અને આવરણના અભાવની અપેક્ષા ધ્રુવમાં નથી.

અખંડ. જુઓ! કેવળજ્ઞાનાદિ પર્યાય પણ ખંડ છે–અંશ છે. 'પ્રવચનસાર'માં પર્યાય અંશ છે એમ આવે છે ને ? પર્યાય અંશ છે... પર્યાય અંશ છે, અંશી નહિ. આહા..હા...! સમજાણું કાંઈ ? અહીં તો હજી .. સમકિત ... ભગવાનની પ્રતિમાથી, સમ્મેદશિખરની જાત્રા કરવાથી સમકિત થશે (એમ માને). કહે છે કે સમકિતનું ધ્યેય તો ધર્મીને પૂર્ણાનંદ પ્રભુ એ ધ્યેય છે, ત્યાંથી સમકિત પ્રાપ્ત થાય છે. શેઠ!

કહે છે કે અખંડ છે. ભગવાનઆત્મા નિત્યાનંદ પ્રભુ ! મહા અસ્તિરૂપ સ્વભાવ, નિશ્ચય વાસ્તવિક, યથાર્થ આત્મા જે ધ્રુવ છે એ અખંડ છે એમાં ખંડ નથી. આહા..હા...! એ ધર્મીનું ધ્યેય છે, સમકિતી જ્ઞાનીનું એ ધ્યેય છે. આહા..હા...! અખંડ સામે ખંડનો નિષેધ. એ આગળ કહેશે. એક. અખંડમાં અભેદ આવી ગયું. સમજાણું કાંઈ ? એક. પર્યાય તો અનેક છે. વસ્તુ તરીકે તો ભગવાન ધ્રુવ

એક છે. સમજાણું કાંઈ ? તમારામાં શું કહે છે ? રમવાનું આવે છે ને ? ગંજીપાનો એક્કો, હુકમનો એક્કો, હુકમનો એક્કો હોય એ જીતી જાય. એમ આવે છે ને ? અમે તો .... ગલ્લો, રાણી, બાદશાહ, એક્કો એમાં આવે છે ને ?

**શ્રોતા :–** આ તો હુકમનો એક્કો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઓલો એક્કો પણ ચડી જાય એવું છે. પણ હુકમનો એક્કો તો ખલાસ. બાદશાહ કરતા એક્કો ઊંચો હોય છે. આમાં આવે છે ને ? અમે મામાના ઘરે નાની ઉંમરમાં બધું રમતા. બધું થોડું થોડું કર્યું છે. મામા હતા ને ત્યાં આ રાખતા. ગૃહસ્થ હતા, બધું રાખતા અને રમતા. એક્કો, દુડો. નાની ઉંમરની વાત છે, હોં! આહા..હા...! અહીં તો કહે છે, ગુલ્લો, પર્યાય ગુલ્લો છે. આહા..હા...! આ ભગવાનઆત્મા બાદશાહ અને એક્કો છે. એક ભગવાન પૂર્ણ સ્વરૂપ, એક દૃષ્ટિમાં જેને આવ્યો છે એ એનું ધ્યાન કરે છે એમ કહે છે. સમજાણું કાંઈ ? સકળનિરાવરણ કહીને આવરણવાળા ચાર પર્યાયનો નિષધ કર્યો. અખંડ કહીને એક અંશ પર્યાયનો નિષેધ કર્યો. એક કહીને અનેક પર્યાયનો નિષેધ કર્યો. નિષેધ કર્યો નહિ પણ એમાં આવી ગયો.

પ્રત્યક્ષ પ્રતિભાસમય... આહા..હા...! ભગવાનઆત્મા કેવો છે ? એક સમયની પર્યાય– અવસ્થા વિનાની ચીજ પ્રત્યક્ષ પ્રતિભાસ છે. એ સ્વરૂપ પ્રત્યક્ષ જ વસ્તુ છે. 'નિયમસાર'માં સ્વરૂપપ્રત્યક્ષ એવો શબ્દ લીધો છે. ધ્રુવ એ સ્વરૂપપ્રત્યક્ષ છે. સમજાણું કાંઈ ? પણ કોને? જેણે મતિ અને શ્રુતજ્ઞાનની પર્યાયથી પોતના દ્રવ્યને પ્રત્યક્ષ કરી લીધું છે, એવા સમકિતીને ધ્યેયરૂપે પ્રત્યક્ષ પ્રતિભાસમય દ્રવ્ય છે. ભારે વાત આ.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ... એની ક્યાં વાત છે ? ... સમકિતી. એ ચીજ ખ્યાલમાં આવી નથી કે પ્રત્યક્ષપ્રતિભાસ આ ચીજ છે એમ દૃષ્ટિમાં આવ્યા વિના (ધ્યાન કોનું કરે?) સમજાણું કાંઈ ? ધ્યાતા ધ્યાન કરે છે તો ધ્યાતાને એ ચીજનો ખ્યાલ છે. 'શોભાલાલજી'! થોડું ઝીણું છે, હોં! પણ સાંભળે તો ખરા. ... પડશે. લ્યો. એ જેટલા ... સમજાણું કાંઈ ? આ સમજ્યા વિના ત્રણ કાળમાં ક્યાંય ઉદ્ધાર નથી. લાખ જાત્રા કરે, ભક્તિ કરે, પૂજા કરે, દયા કરે, દાન કરે. એ બધા શુભભાવ છે અને ત્યાં દૃષ્ટિ છે તો મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? આહા..હા...!

અહીં કહે છે, '**પ્રત્યક્ષ પ્રતિભાસમય...**' એનો અર્થ એ થયો કે પર્યાયમાં, વર્તમાન દશામાં સમકિતીને મતિ-શ્રુતના જ્ઞાન દ્વારા આત્મા પ્રત્યક્ષ થયો છે એને આ પ્રત્યક્ષ પ્રતિભાસમય છે એમ ધ્યેય કરે છે. આહા..હા...! ભારે વાત, ભાઈ ! સમજાણું કાંઈ ? આ બારમે દિવસે ભાગવત્ કથા પૂરી થાય છે.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આવે છે ને. 'નિયમસાર'માં આવે છે ને. ભાગવત શાસ્ત્ર. 'નિયમસાર'ની

ટીકામાં છે. આ ભાગવત્ શાસ્ત્ર છે. ભગવાનનું કહેલું ભાગવત્. સમજાણું કાંઈ ?

કહે છે કે ભગવાનઆત્મા... આહા..હા...! **'પ્રત્યક્ષ પ્રતિભાસમય...'** ભાષા તો એવી છે કે જાણેલી ચીજ ત્રિકાળી દૃષ્ટિમાં આવી ગઈ છે. પ્રત્યક્ષ પ્રતિભાસમય છે ને ? અંતર જે ધ્રુવ ચીજ છે, એની નિર્મળ પર્યાય એ ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... એ ધ્રુવ ધ્રુવ લક્ષમાં આવ્યું છે એમ કહે છે. **'પ્રત્યક્ષ પ્રતિભાસમય...'** પ્રત્યક્ષનો ભાસ ધ્રુવમાં થાય છે. ભાઈ ! આહા..હા...! વસ્તુ જે પ્રત્યક્ષ પ્રતિભાસમય છે, પ્રતિભાસ નામ ધ્રુવ જે છે, એવા ભાવમાં ધ્રુવભાવમાં ધ્રુવનો પ્રતિભાસ થયો. એય..! આ ટીકા ....

**'પ્રત્યક્ષ પ્રતિભાસમય..'** એ વસ્તુ વસ્તુમાં પ્રત્યક્ષપ્રતિભાસમય વસ્તુ ધ્રુવ છે. એને મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાની જીવ, ચાહે તો આઠ વર્ષની બાલિકા હોય... સમજાણું કાંઈ ? પણ સમ્યગ્દૃષ્ટિ હોય તો એ સમ્યગ્દૃષ્ટિનું ધ્યેય પ્રત્યક્ષ પ્રતિભાસમય દ્રવ્ય ઉપર દૃષ્ટિ છે. આહા..હા...! જાણે કે વસ્તુ પ્રત્યક્ષ જ છે એમ પડી છે. પ્રત્યક્ષ છે એવી ચીજ પડી છે. સમજાણું કાંઈ ? એમ મતિ અને શ્રુતજ્ઞાનમાં આ ધ્રુવ વસ્તુ પ્રત્યક્ષ પડી છે એમ દૃષ્ટિમાં આવ્યું, પ્રત્યક્ષ પ્રતિભાસને ધ્યેય બનાવ્યું. પરોક્ષ જ્ઞાનનું ધ્યેય નથી, આ પ્રત્યક્ષ કેવળજ્ઞાનનું પણ ધ્યેય નથી. આહા..હા...! સમજાણું કાંઈ ?

**શ્રોતા :–** પરોક્ષ જ્ઞાનનું તો ધ્યેય નથી...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ ધ્યેય નહિ. ધ્રુવમાં ધ્રુવનો પ્રતિભાસ થઈ ગયો એવી ચીજ છે એમ કહે છે. કેમ કે જ્ઞાનમાં મતિ અને શ્રુતજ્ઞાનમાં.. કેમ કે એમાં પ્રત્યક્ષ નામનો ત્રિકાળ ગુણ છે. પ્રકાશ નામનો. આત્મામાં પ્રકાશ નામનો ત્રિકાળ ગુણ છે. એ ૪૭ શક્તિમાં આવે છે. બારમી શક્તિ, પ્રકાશશક્તિ. એ ગુણનું કાર્ય શું ? કે ગુણ જ પ્રત્યક્ષ પ્રતિભાસમય છે. આહા..હા...! એય..! શીખવાનું તો આ છે. શિબિર એટલે શું ? સવારે પૂછ્યું હતું. પછી 'હિંમતભાઈ'એ શિબિર એટલે ... છે. શિબિર એટલે શું કહેવાતું હશે આપણને કાંઈ ખબર નથી. એય...! પંડિતજી ! શિબિરને શું કહે છે ? શિક્ષણ શિબિર એમ કહ્યું ને ? પણ શિક્ષણ શિબિરનો અર્થ શું ?

**શ્રોતા :–** ....

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અહીંયાં .. અમને ખબર છે ? એ તો અમારા પંડિતજી જાણે.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** .... શિક્ષણનો કેમ્પ. શિક્ષણનો કેમ્પ અહીં થયો છે.

**શ્રોતા :–** શિક્ષણ કેમ્પમાં આત્માના ભાગવત્‌ની કથા ચાલે..

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ વસ્તુ છે. ભાગવત્ કથા. આહા..હા...! વાત એમ પણ ચાલી કે પર્યાય છે, પરિણમન છે, પણ એ પર્યાય ધ્યાન કોનું કરે છે ? કે ધ્રુવનું. ધ્રુવ ધ્રુવનું ધ્યાન શું કરે ? હજી તો કોઈ પર્યાય છે એમ માન્યું નથી, ધ્રુવ શું છે એની ખબર નથી. એને તો આ હોય જ નહિ. પર્યાયમાં, અવસ્થામાં ધ્રુવ પ્રતિભાસમય પ્રત્યક્ષ જે ચીજ છે એમ જ્ઞાનમાં આવ્યું છે. આ ચીજ

પ્રત્યક્ષ જ છે. પણ એ પર્યાયમાં પ્રત્યક્ષ થઈ, પ્રત્યક્ષ વસ્તુ ... સમજાણું કાંઈ ? પ્રકાશ નામનો ગુણ છે. સ્વસંવેદન પ્રકાશ. આહા..હા...! સંતોની કળા અને રીત, કથન પદ્ધતિ અલૌકિક છે.

**શ્રોતા :–** ધ્રુવમાં ધ્રુવનો ભાસ થયો ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ધ્રુવમાં ધ્રુવનો ભાસ થયો. એ પ્રત્યક્ષમાં ભાસ થયો તો ધ્રુવમાં ધ્રુવનો ભાસ છે એમ માન્યું. આહા..હા...! શું કીધું સમજાણું ?

**શ્રોતા :–** બરાબર ન આવ્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ન આવ્યું ? થોડું કઠણ તો છે.

**શ્રોતા :–** પર્યાયમાં ધ્રુવનો ભાસ થયો તા કે ધ્રુવમાં ધ્રુવનો ભાસ થયો ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પર્યાયમાં ભાસ થયો એની અહીંયા વાત નથી. વસ્તુ પ્રત્યક્ષ ભાસમય ધ્રુવ ચીજ એવી છે. પ્રત્યક્ષ પ્રતિભાસમય દ્રવ્ય છે. એમ લેવું છે ને ? આ દ્રવ્ય નિજાત્મ. નિજ પરમાત્મ દ્રવ્યના બધા વિશેષણ ચાલે છે. આહા..હા...! ભગવાન નિજ પરમાત્મા, જુઓ ! પરમાત્મદ્રવ્ય નિજ પરમાત્મા. ત્રિકાળ પરમ સ્વરૂપ ભગવાન ધ્રુવ નિત્યાનંદ નાથ. એ કેવો છે ? પ્રત્યક્ષ પ્રતિભાસમય છે. એ વસ્તુ એવી છે.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** જેમ બહારમાં પોતાની પર્યાયમાં એક ચીજ પ્રત્યક્ષ હોય છે ને ? એમ ધ્રુવમાં એ ચીજ પ્રત્યક્ષ જ છે. જ્ઞાન પ્રતિભાસમય છે. જ્ઞાનમાં બીજી ચીજ પ્રતિભાસે છે. પ્રતિ પર ભાસે છે. સમજાણું કાંઈ ? જ્ઞાનની પર્યાયમાં. તો આ ધ્રુવ છે એ પ્રતિભાસમય ત્રિકાળ છે. આ વસ્તુ સમ્યગ્દષ્ટિનો વિષય છે. સમજાણું કાંઈ ? પરમભાવમાં સ્થિત સમ્યગ્દષ્ટિ આ પરમભાવ આવો છે એમ જાણે છે. આહા..હા...! 'નંદકિશોરજી'! ત્યાં તમારા ગામમાં આવું વ્યાખ્યાન-બ્યાખ્યાન ન ચાલે કોઈ દિ'. ત્યાં ચાલે ? ક્યાં ગયા 'રાજનકુમારજી'! ત્યાં તો આવી વાત ચાલે નહિ. કોઈ એકાદ આવ્યું હોય, બસ. શિક્ષણ શિબિરમાં ચાલે. આહા..હા...!

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ... એવી માંડી છે. મહારાજે માંડી છે શી આ ? ... પામર સાધારણ પ્રાણી.. તું પામર નથી. તું તો ભગવાનનો ભગવાન છો. આહા..હા...! ભાઈ ! તને ખબર નથી. સમજાણું કાંઈ ? અનંતા સિદ્ધ પરમાત્મા અને સંખ્યાતા અરિહંતો, તીર્થંકરો એ તો તારી એક જ્ઞાનની પર્યાયમાં સમાય જાય છે. સમજાણું કાંઈ ? એવી અનંતી પર્યાયનો પિંડ ધ્રુવ છે, એ તારા ભગવાનનો ભગવાન તું છો. આહા..હા...! 'પ્રકાશદાસજી'! આ સાહેબની વ્યાખ્યા ચાલે છે. આહા..હા...! શું થાય ? .... આહા..હા...!

ભાઈ ! સાહેબ તો આ છે. જે ભગવાન અંદર પ્રત્યક્ષ પ્રતિભાસમય છે. એટલે કે જ્ઞાન પ્રત્યક્ષ.. એ તો 'નિયમસાર'માં આવે છે ને ? કે કારણસમયસારને જાણનાર જ્ઞાન ત્રિકાળ એમાં પડ્યું છે.

એ આવે છે કે નહિ ? કારણસમયસાર જે છે એને જાણવાનું જ્ઞાન પણ એમાં ત્રિકાળ પડ્યું છે. એ કારણસમયસારને જાણે છે. એવા ધ્રુવમાં બે ભેદ પાડી દીધા. છે ? કારણ સમયસાર... આહા..હા...! ભગવાન કારણ નામ અહીં જે પરમાત્મ દ્રવ્ય કહે છે એ કારણસમયસાર. એને શું કહે છે ? કારણસમયસારમાં એક એવું જ્ઞાન છે કે જે પોતાને પૂર્ણ જાણે. ધ્રુવ, હોં ! આહા..હા...! સમજાણું કાંઈ ? ... 'નિયમસાર'માં પણ ક્યાં હોય એ કાંઈ (યાદ ન હોય). આ તો હિન્દી છે. મેં તો ગુજરાતી વાંચ્યું હોય. એ છે.

ઉપયોગની વાત ચાલતી હશે. આમાં ઉપયોગની વ્યાખ્યામાં હોય ને ? અહીં છે, આ રહ્યું. કારણજ્ઞાનની વ્યાખ્યા એ છે. ૧૧-૧૨ ગાથા. આ તો નવું છે ને ? શું કહે છે ? કારણજ્ઞાન, ત્રિકાળીજ્ઞાન, ધ્રુવજ્ઞાન. કેવું છે ? '**કારણજ્ઞાન પણ તેવું જ છે. શાથી ? નિજ પરમાત્મામાં રહેલા સહજદર્શન,...**' ત્રિકાળી દર્શન, ત્રિકાળી ચારિત્ર, જુઓ ! આત્મામાં ત્રિકાળી ચારિત્ર પડ્યું છે. સમજાણું કાંઈ ? અને '**સહજસુખ, અને સહજપરમચિત્શક્તિરૂપ નિજ કારણસમયસારનાં સ્વરૂપોને યુગપદ્ જાવણાને સમર્થ હોવાથી તેવું જ છે.**' આહા..હા...! જુઓ! વાત થોડી ઝીણી છે. ત્રિકાળ જે ધ્રુવ જ્ઞાન છે એ પોતાના જ્ઞાનને જાણે છે એવું ત્રિકાળ પડ્યું છે. ત્રિકાળ ધ્રુવને જાણે છે એવું જ્ઞાન છે.

**શ્રોતા** :– સાચી રીતે જાણે...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– સાચી રીતે જાણવાનો સ્વભાવ પડ્યો છે ને ? પર્યાયરૂપે જાણ્યું ત્યારે સ્વરૂપ ત્રિકાળ જાણનાર છે એવો નિર્ણય થયો. સમજ્યા ને ? 'નિયમસાર'ની ૧૧-૧૨ ગાથા છે. સહજજ્ઞાન ... '**નિજ કારણસમયસારનાં સ્વરૂપોને યુગપદ્ જાણવાને સમર્થ હોવાથી..**' શું કહ્યું ?

કહે છે કે ધ્રુવ ધ્રુવ કારણપરમાત્મા અથવા અહીંયા જે નિજપરમાત્મા નિજદ્રવ્ય (કહ્યું એ), એમાં જ્ઞાન છે, દર્શન છે. કેવું ? કે એ જ્ઞાન પોતાને ત્રિકાળ જાણે, યુગપદ્ જાણે એવું જ્ઞાન અંદર પડ્યું છે. ધ્રુવ ધ્રુવને જાણે એવું જ્ઞાન પડ્યું છે એમ કહે છે. ગજબ વાત છે ! સમજાણું કાંઈ ? સહજ કારણજ્ઞાન પણ પરમાત્માને, નિજ પરમાત્માને. જુઓ ! અહીંયા આપણે આવે છે ને ? નિજપરમાત્મદ્રવ્ય, એના આ બધા લક્ષણ છે. નિજપરમાત્મદ્રવ્ય. એ નિજપરમાત્મામાં વિદ્યમાન. કોણ વિદ્યમાન ? '**સહજદર્શન, સહજચારિત્ર, સહજસુખ અને સહજપરમચિત્શક્તિરૂપ નિજ કારણસમયસારનાં સ્વરૂપને યુગપદ્ જાણવાને સમર્થ હોવાથી...**' અહીં પર્યાયની વાત નથી. આહા..હા...! પર્યાયની વાત નથી. આ તો ધ્રુવનું એવું લક્ષણ છે.

**શ્રોતા** :– ધ્રુવમાં એવી શક્તિ પડી છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– પોતાને ત્રિકાળ યુગપદ્ જાણે એવો જ સ્વભાવ જ છે. આહા..હા...!

**શ્રોતા** :– પર્યાય પ્રગટે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– એ તો પ્રગટ પર્યાય છે. સમજાણું કાંઈ ? ત્રિકાળ જ્ઞાન ધ્રુવ છે, એ ધ્રુવને બરાબર જાણે છે એમ કહે છે. એવું એ પડ્યું છે. આહા..હા...! બ્રહ્મ ઊપદેશ, આવે છે ને ?

ભાઈ ! ... એમાં જ આ છે. જુઓ ! ... ૧૧-૧૨ પૂરી થાય છે ને ? પછી ૧૩મી ગાથા. ૧૨મી ગાથામાં આ બ્રહ્મઉપદેશ કર્યો મેં, એમ કહે છે. **'આમ સંસારરૂપી લતાનું મૂળ છેદવાને દાતરડારૂપ...'** છે. હથિયારને શું કહે ? દાતરડા.

પરમ પારિણામિક સ્વભાવ સંસારને છેદવાને દાતરડા સમાન છે એનો અર્થ કે છેદવાવાળી પર્યાય નહિ. સંસારછેદન સ્વરૂપ જ એનું છે. સમજાણું કાંઈ ? ભગવાન ધ્રુવ જ્ઞાયકભાવ, જેને અહીં નિષ્ક્રિય કહ્યો હતો, નિષ્ક્રિય કહ્યો હતો, જેમાં પરિણમન નથી, મોક્ષમાર્ગ નથી, જેમાં મોક્ષ નથી, એવું ધ્રુવસ્વરૂપ, કહે છે એ પોતામાં પોતાને ત્રિકાળ જાણે એવો એમાં સ્વભાવ પડ્યો જ છે. પોતાને ધ્રુવને ધ્રુવ જાણે એવો ત્રિકાળ સ્વભાવ પડ્યો છે. સમજાણું કાંઈ ?

**શ્રોતા :–** કર્મ હલકા થાય ત્યારે જાણે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કર્મ-ફર્મની અહીં વાત પણ નથી. કર્મ એને ઘરે (રહ્યા). એ તો પરદ્રવ્ય છે એ સ્વદ્રવ્યમાં ક્યાં આવ્યા છે ? આહા..હા...! પર્યાયની વાત નથી ત્યાં વળી કર્મની વાત તો ક્યાંય રહી ગઈ. આહા..હા...!

ભગવાનઆત્મા... જુઓ! કહે છે ને ? **'અનાથ મુક્તિસુંદરીના નાથ—'** એની ભાવના કરવી જોઈએ. એ ત્રિકાળ ભગવાન મુક્તિસુંદરીનો નાથ ! આહા..હા...! એનો અનુભવ કરવો જોઈએ. 'નિયમસાર'માં બહુ સરસ પરમ પારિણામિકભાવને ખુબ વર્ણવ્યો છે, ખુબ.

અહીં કહે છે, પ્રત્યક્ષ પ્રતિભાસમય.. ઓ..હો...! લ્યો, હજી તો એમાં ને એમાં રહ્યું.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** .. કે નહિ ? નિજ પરમાત્મા ત્રિકાળી દ્રવ્ય. એક સમયની વર્તમાન અવસ્થાની પાછળ જે ધ્રુવ ચીજ પડી છે એની વાત ચાલે છે. કેમ કે ધર્મીનું ધ્યેય એ છે. અને ધર્મીને સમકિતદર્શન પ્રગટ્યું એ દ્રવ્યની દૃષ્ટિથી પ્રગટ થયું છે. સમજાણું કાંઈ ? આહા..હા...! પ્રત્યક્ષ પ્રતિભાસમય. કોને પ્રતિભાસ થયો ? આ દ્રવ્ય પ્રત્યક્ષ પ્રતિભાસમય છે, સ્વરૂપપ્રત્યક્ષ જ છે. વસ્તુ વસ્તુ તરીકે અંદર સ્વરૂપપ્રત્યક્ષ છે. એમ મતિ અને શ્રુતજ્ઞાન દ્વારા પ્રત્યક્ષ થઈને આત્માનો અનુભવ થયો તો પ્રત્યક્ષ પ્રતિભાસમય ધ્રુવ છે એ મારું ધ્યેય છે. આહા..હા...! ભારે કામ આકરું. જગતને. 'બિપિનભાઈ'! આવું સાંભળવા મળ્યું નથી.

એકલો ભગવાન, જેના જ્ઞાનની પર્યાયમાં ધ્યેયરૂપે ધ્રુવ ભગવાન (છે), કહે છે કે એ તો પ્રત્યક્ષ પ્રતિભાસમય વસ્તુ જ છે. અનાદિ અનંત પ્રત્યક્ષ પ્રતિભાસ વસ્તુ જ એવી છે. આહા..હા...! **'અવિનશ્વર છે...'** ... પ્રત્યક્ષ સિવાયનું પરોક્ષપણું, એનો નિષેધ કર્યો. સમજાણું કાંઇ ? અથવા એક સમયની પર્યાય જે કેવળજ્ઞાનની પ્રત્યક્ષ પર્યાય છે એનો પણ નિષેધ થઈ ગયો. આહા..હા...! **'અવિનશ્વર છે....'** ભગવાન ધ્રુવસ્વરૂપ ત્રિકાળ અવિનશ્વર છે. પર્યાય તો નાશવાન છે. કેવળજ્ઞાનની પર્યાય પણ નાશવાન છે. આ વાત ! અહીં તો કેવળજ્ઞાનની પર્યાય એ એક સમય રહે છે બીજા સમયે એનો

નાશ થાય છે. પર્યાય છે ને ? '**उत्पादव्ययध्युवयुक्तं सत्**' કેવળજ્ઞાન ઉત્પન્ન થયું, બીજા સમયે એ પર્યાયનો નાશ થાય છે. બીજા સમયે બીજું કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે. ઓહો..હો...!

કેવળજ્ઞાન નાશવાન. સદૃશ્ય રહે છે એ અપેક્ષાએ કૂટસ્થ કહ્યું છે. અહીં તો ત્રિકાળની અપેક્ષાએ તો એને નાશવાન કહ્યું છે. સમજાણું કાંઈ ? એવી ને એવી કેવળજ્ઞાનની પર્યાય પ્રગટ થઈ, એવી ને એવી સદૃશ્યપણે રહે છે, પર્યાય તેની તે નથી, પણ એવી ને એવી, એવી ને એવી રહે છે એ અપેક્ષાએ કુટસ્થ કહ્યું, છે તો નાશવાન. એક ભગવાન ધ્રુવ સ્વરૂપ અવિનાશી છે. આહા..હા...! અહીં તો હજી શરીર અને પર નાશવાન છે એ અંદર બેસતું નથી. આહા..હા...! આ નાશવાન પદાર્થ છે એમ બેસે નહિ. રાગ નાશવાન એ એને બેસે નહિ. પર્યાય નાશવાન કેમ બેસે ? આહા..હા...! બેસાડી બેસાડે. ભગવાન પોતે બેસાડે તો બેસે. સમજાણું કાંઈ ? નિશ્ચયગુરુ તો એ આત્મા છે. નિશ્ચયદેવ અને નિશ્ચય... એક ધ્રુવ આત્મા છે. એ તીર્થમાં સ્નાન કરો, એમ કહે છે. સમજાણું કાંઈ ? આહા..હા...! માર્ગ ભારે, ભાઈ !

'**અવિનશ્વર...**' કદિ નાશ નથી થતો. એમાં પલટવું થતું નથી એમ કહે છે. ધ્રુવમાં પલટવું કેવું ? પરિણમન કેવું ? પરિણમન છે એ તો નાશવાન છે. સમજાણું કાંઈ ? શુદ્ધ પારિણામિક પરમભાવલક્ષણ. બીજામાં પરમ પારિણામિકભાવ એવો શબ્દ આવે છે, ભાઈ ! પરમ પારિણામિકભાવ. અહીંયાં શુદ્ધ ઉપર જોર દઈને ત્રિકાળ શુદ્ધ એ પરિણમ .. ભવિ-અભવિ જીવ. શુદ્ધ પારિણામિક સહજભાવ, પરમભાવ. કેવળજ્ઞાનાદિ પણ અપરમભાવ. સમજાણું કાંઈ ? આહા..હા...!

'નિયમસાર'ની ૫૦મી ગાથામાં કહ્યું ને ! ક્ષાયિક સમકિત પણ પરસ્વભાવ છે, પરસ્વભાવ છે, પરદ્રવ્ય છે, પરસ્વભાવ છે. ગજબ વાત છે ! ૫૦મી ગાથામાં લીધું, ભગવાન ! તારો સ્વભાવ તો ત્રિકાળ એ તારો સ્વભાવ છે. આહા..હા...! એક સમયની ક્ષાયિક સમકિતની પર્યાય પરસ્વભાવ છે. 'નિયમસાર'માં છે, આમાં નથી. 'નિયમસાર' ગાથા-૫૦. છે ને ? પરસ્વભાવ, હોં ! પરભાવ નહિ.

અહીં તો પહેલાં પરસ્વભાવ. પૂર્વોક્ત સ્વભાવ પરસ્વભાવ છે. એ ચાર ભાવ પરસ્વભાવ છે. ક્ષાયિક સમકિત પરસ્વભાવ છે. આહા..હા...! આ તે કાંઈ દિગંબર સંતો ! કહે છે, કે ચારિત્ર પર્યાય પરસ્વભાવ છે. સમ્યગ્દર્શન પૂર્વક અનુભવમાં વીતરાગી ચારિત્ર પર્યાય પ્રગટ થઈ એ પણ પરસ્વભાવ છે.

**શ્રોતા :–** કોની અપેક્ષાએ ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ત્રિકાળની અપેક્ષાએ. રાગની અપેક્ષાએ તો સ્વભાવ છે પણ ત્રિકાળની અપેક્ષાએ પરસ્વભાવ છે. અને પરદ્રવ્યમ્. એને પરદ્રવ્ય કીધું. આહા..હા...! ત્રિકાળી જ્ઞાયક ભગવાન એ સ્વદ્રવ્ય અને નિર્મળ પર્યાય, મોક્ષનો માર્ગ એ પર્યાય પરદ્રવ્ય છે. પરસ્વભાવ અને પરદ્રવ્ય. આહા..હા...! ત્રણ બોલ લીધા. '**शुद्धान्तस्तत्त्वस्वरूपं स्वद्रव्यमुपादेयम् ।**' ભગવાનઆત્મા.. જુઓ! સહજ.. બહુ ઊંચું કીધું. '**શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ આ સ્વદ્રવ્યનો આધાર સહજપરમપારિણામિકભાવલક્ષણ (–સહજ પરમ પારિણામિકભાવ જેનું લક્ષણ છે એવો) કારણસમયસાર છે.**' આહા..હા...! ત્રિકાળી

ભગવાન જેમાં મોક્ષની પરિણતિ પણ નથી, એવો ભગવાન ધ્રુવ, કહે છે કે શુદ્ધ પારિણામિકભાવ અને એ સિવાય ધર્મની એક સમયની પર્યાય, સાચી ધર્મની પર્યાય, હોં ! એ પણ પરસ્વભાવ, પરદ્રવ્ય અને હેય છે. એ હેય છે, ઉપાદેય નથી. આહા..હા...! શેઠ ! કદિ આવું સાંભળ્યું નથી.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ... વંચાઈ ગઈ છે. સમજાણું કાંઈ ? આ તો અગમ્યગમ્યની વાતું છે.

કહે છે, અંતઃતત્ત્વ દ્રવ્ય સ્વ જેને અહીંયાં પારિણામિકભાવ કહે છે. પારિણામિકપરમભાવ લક્ષણ. પારિણામિક, શુદ્ધ પારિણામિક એમ કહ્યું છે. કારણ કે અશુદ્ધ પારિણામિકનો નિષેધ કરવો છે ને ! શુદ્ધ પારિણામિક પરમભાવ. બીજો પરમભાવ. કેવળજ્ઞાનાદિ, ક્ષાયિક સમકિત આદિ અપરમભાવ (છે). પરમભાવ ભગવાન ધ્રુવ છે. આહા..હા...! નિજ પરમાત્મદ્રવ્ય. પોતાનું નિજ પરમાત્મદ્રવ્ય ત્રિકાળી, જુઓ! નિજ પોતાનું પરમાત્મદ્રવ્ય તે જ હું છું. સમ્યગ્દૃષ્ટિ એને પોતાનું ધ્યેય બનાવીને આમ જાણે છે અને માને છે. આ હું છું. સમજાણું કાંઈ ? હંમેશા નિર્ણય તો પર્યાય કરે છે પણ પર્યાય નિર્ણય કરે છે કે આ હું છું. સમજાણું કાંઈ ?

નિજ પરમાત્મા. જુઓ ! એટલા વિશેષણ પહેલાં આવ્યું હતું. પહેલાં આવ્યું હતું, સર્વ વિશુદ્ધ પારિણામિક પરમભાવ ગ્રાહક શુદ્ધ ઉપાદાનભૂત શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી ... રહિત છે. બીજે પાને આવ્યું છે. સમજાણું કાંઈ ? પાનું છે ને ? સમજાણું કાંઈ ? જ્યારે વંચાય ત્યારે ખબર હોય કે નહિ ? તો એમ કેમ ભૂલાય જવાય ? બધું ભૂલાઈ ગયું. પાનું ભૂલી ગયા ? સમજાણું કાંઈ ?

**શ્રોતા :–** ભૂલથી બીજું પાનું રખાય ગયું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પણ ભૂલથી કેમ રખાય ? પાછું આ કાંઈ વારંવાર નથી આવતું. સમજાણું કાંઈ ? એવું નિજ પરમાત્મદ્રવ્ય એ જ હું છું, એ જ હું છું. સમ્યગ્દૃષ્ટિ પોતાને ધ્યેય .. આ જ હું છું. એવું વિશેષણ છે.

પરંતુ એમ નથી ભાવતો,.. નાસ્તિથી વાત કરે છે. અનેકાંત છે. પણ સમ્યગ્દૃષ્ટિ એવી ભાવના નથી કરતો કે હું ખંડજ્ઞાન છું, હું પર્યાયરૂપ છું એવી ભાવના કરતા નથી. સમજાણું કાંઈ ? ખંડ જ્ઞાનરૂપ હું છું એવી ભાવના નથી કરતા. આહા..હા...! સાધારણ પામરના, અજ્ઞાનીના તો કાળજા કંપી જાય. હાય.. હાય.. આવો માર્ગ ! આ વીતરાગ આવો એકાંત કહે છે ? આ તો એકાંત છે... એકાંત છે... એકાંત છે... અરે...! સાંભળ તો ખરો.

સમ્યક્ એકાંત એવી સ્વદ્રવ્યની દૃષ્ટિ વિના, ધ્યેય થયા વિના સમ્યગ્દર્શન કદિ ત્રણ કાળમાં થતું નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? અને સમ્યગ્દર્શન થયું તો પણ ધ્યેય તો એનું એ જ છે. પછી શાસ્ત્રમાં આવે છે કે નહિ ? અવ્રતનો ત્યાગ કરીને વ્રત કરે એ તો સ્વરૂપનો અનુભવ થયો છે એમાં અવ્રતના ત્યાગનો અર્થ કે સ્વરૂપમાં સ્થિરતા વિશેષ થઈ છે ત્યારે અવ્રતનો ત્યાગ થઈને વ્રતના વિકલ્પની ભૂમિકામાં એમ આવે છે. એ આનંદમાં સ્થિર છે તો વ્રત ક્યારે આવે ?

'સમાધિશતક'માં આવે છે ને ? પૂજ્યપાદસ્વામી. 'ઇષ્ટોપદેશ'માં છે. અવ્રત છોડીને વ્રત લેવા, એનો અર્થ શું ?

**શ્રોતા :–** પછી તો બન્ને છોડવાયોગ્ય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** છોડવા યોગ્ય એમ નહિ, એ ચીજ જ મારામાં નથી. વ્રત અને અવ્રતનો વિકલ્પ મારામાં છે જ નહિ. મારી પર્યાયમાં નથી તો દ્રવ્યમાં તો છે જ નહિ. આહા..હા...! એવી દૃષ્ટિ થયા પછી અનુભવના આનંદના સ્વાદમાં એમાં વિશેષ સ્થિર થઈને આનંદની વિશેષ દશા થઈ ત્યારે અવ્રતનો ત્યાગ થયો અને ત્યારે વ્રતના વિકલ્પની ભૂમિકા એને ઉત્પન્ન થાય છે. પણ આનંદમાં વિશેષ આવ્યો છે એ ભૂમિકામાં વ્રતનો વિકલ્પ ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ ? .. છે તો નરકાદિમાં જશે. વ્રતથી સ્વર્ગમાં જશે. છાયો છે, પેલો તડકો છે એવું આવે છે ને ?

**શ્રોતા :–** એ ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા.

**શ્રોતા :–** ખંડરૂપ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ખંડરૂપ પાંચ જ્ઞાન છે ને ? પર્યાય છે એ ખંડરૂપ છે. પર્યાય છે ને પર્યાય ? રાગ-બાગ નહિ. એક સમયની પર્યાય એ ખંડરૂપ છે. આ શુદ્ધ કેવળજ્ઞાનની પર્યાય પણ ખંડરૂપ છે. ભગવાન ત્રિકાળ અખંડ છે. સમજાણું કાંઈ ? ખંડ જ્ઞાન પણ ભાવતો નહિ, તો વળી શુભરાગને ભાવે અને નિમિત્તને પ્રાપ્ત કરવાની ભાવના હોય એ જ્ઞાનીને એમ હોતું નથી. આહા..હા...! ભારે વાત, ભાઈ !

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ... કરે છે. ધ્રુવનું. ધ્રુવ દૃષ્ટિમાં આવ્યું એ જ સંમત કરે છે. દૃષ્ટિ ત્યાં પડી છે તો વારંવાર ત્યાં જ દૃષ્ટિ જાય છે.

**શ્રોતા :–** પ્રત્યેક સમયે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પ્રત્યેક સમયે... વાત કરવી છે. 'નિયમસાર'માં ગાથા આવે છે. કે પંચાચાર નિર્મળ પાળનાર મુનિ પંચમગતિના કારણે પંચમભાવનું સ્મરણ કરે છે. એવો શ્લોક છે. શું કીધું ? નિર્મળ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ અને વીર્ય–નિર્મળ વીતરાગી વીર્ય, એવા પંચાચાર પાળનારા ધર્માત્મા પંચમગતિના કારણે પંચમભાવનું સ્મરણ કરે છે. એવો પાઠ છે. સ્મરણ કરે છે એનો અર્થ પરિણતિ વારંવાર ત્યાં જ ઢળી છે. સમજાણું કાંઈ ? કથન તો એમ જ આવે ને, કથન બીજી કઈ રીતે આવે ! બાકી તો સમકિતીના ધ્યેયમાં ધ્રુવ ઉપર દૃષ્ટિ પડી છે અને પરિણમન થયું છે. સમજાણું કાંઈ ? એ પરિણમન નિરંતર ચાલું છે. એનું નામ ધ્રુવને ધ્યાવે છે એમ કહેવામાં આવે છે. ભાષામાં ઉપદેશ તો ઉપદેશની રીતે આવે. ભાષા જડ, ભાવ કહેવા અંતરના... સમજાણું કાંઈ ?

**'નિજપરમાત્મદ્રવ્ય તે જ હું છું. પણ એમ નથી ભાવતો કે ખંડ જ્ઞાનરૂપ હું છું.'** હું મતિજ્ઞાન

અને શ્રુતજ્ઞાનરૂપ છું. એવી ભાવના જ્ઞાનીની હોતી નથી. આહા..હા...! **'એવો ભાવાર્થ છે.'** લ્યો. એવો ભાવાર્થ છે. આખી ગાથાનો આ ભાવાર્થ છે. **'આ વ્યાખ્યાન પરસ્પર સાપેક્ષ આગમ અધ્યાત્મના...'** આગમથી અને અધ્યાત્મથી મેળવીને યથાર્થરૂપ કહ્યું એમ કહે છે. આગમની ભાષાની શું છે અને અધ્યાત્મની ભાષા શું છે એ બંનેને મેળવીને કહેવામાં આવ્યું છે. મોક્ષનો માર્ગ આગમભાષાએ ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક કહ્યો. મોક્ષનો માર્ગ અધ્યાત્મભાષાએ શુદ્ધાત્મ અભિમુખ પરિણામ અને શુદ્ધોપયોગ કહ્યો. બેમાં વિરોધ નથી. બન્ને અપેક્ષા લઈને વાત કરી છે. સમજાણું કાંઈ ?

**'તથા નય ....'** દ્રવ્યાર્થિકનય અને પર્યાયર્થિકનયના અભિપ્રાયથી અવિરુદ્ધપૂર્વક કહેવામાં આવ્યું છે. કેમ કે પહેલાં કહ્યું હતું કે જે ચાર ભાવ છે એ પર્યાયરૂપ છે. ત્રિકાળી ભાવ દ્રવ્યરૂપ છે– એમ બેને મેળવીને વાત કરી હતી. પર્યાય નથી એમ નથી, પર્યાય પર્યાયમાં છે. સમજાણું કાંઈ ? જુઓ ! અહીં કહે છે, **'નયદ્વૈતના દ્રવ્યાર્થિક ત્રિકાળી દ્રવ્ય ધ્રુવ અને વર્તમાન પર્યાય ચાર ભાવરૂપ બેને મેળવીને અભિપ્રાયથી અવિરુદ્ધપૂર્વક કહ્યું છે.'** એમાં કાંઈ વિરોધ છે નહિ. આચાર્ય પોતે સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ ? ઝીણું છે તો, ભાઈ !

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આમ પર્યાય છે પણ પર્યાયનું ધ્યેય ક્યાં ? એની વાત છે. બે વાત કરી છે કે ચાર ભાવ પર્યાયરૂપ છે, પારિણામિક ધ્રુવરૂપ છે, ભાવના ભાવનાર ધ્રુવની ભાવના કરે છે પર્યાયની ભાવના કરતાં નથી, કારણ કે મોક્ષમાર્ગ તો પર્યાય છે. આહા..હા...! **'નયદ્વય .. અભિપ્રાય કે અવિરુદ્ધ પૂર્વક કહેવામાં આવ્યું હોવાથી સીધું નિર્બાધ છે.'** એમાં કોઈ અંશે પણ આગમથી અને અધ્યાત્મથી વિરોધ નથી. એમ આચાર્ય પોતે કહે છે. **'એમ વિવેકી જાણે.'** જુઓ ! ... એમ વિવેકી જાણે. રાગથી પૃથક્ થઈને ધ્રુવની દૃષ્ટિ કરતાં વિવેકીને એની બધી ખબર પડે છે. સમજાણું કાંઈ ? સંસ્કૃત ટીકા છે. પહેલેથી કર્તા–કર્મ ... આત્મા કર્તા-કર્મ નથી, વિકારનો કર્તા અને વિકારનો ભોક્તા ધ્રુવ નહિ. સમજાણું કાંઈ ? એમ છે ને ?

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ જાણનાર બીજો, એ જાણનાર બીજા ... કહ્યું છે. પોતાને જાણે છે એ જાણનાર ....

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા. એ જ વિવેકી જાણે છે. અલૌકિક માર્ગ છે, ભાઈ ! ... અહીં તો જાણવું એમ કહ્યું. જાણવાનો અર્થ એમ કે પર્યાયમાં એનું જ્ઞાન થાય છે.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સહજરૂપ પરિણમનની પર્યાયમાં એ જાતનું જ્ઞાન થાય છે. સમજાણું કાંઈ ? જાણે એમ કહ્યું. ત્યાં શું જાણવા જાય છે ? એ જાણવાની એવી પર્યાય પ્રગટે છે, ... હોય તો

એને જાણે એમ કહેવું, ઉપશમ હોય તો એને જાણે એમ કહેવું, ક્ષયોપશમ હોય તો એને જાણે એમ કહેવું. કહેવું એટલે એને જાણે.

**શ્રોતા :–** જાણતું નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** જાણતું નથી એમ નહિ જાણવાની પોતાની પર્યાયમાં એ આવ્યું છે. એટલું વ્યવહારની અપેક્ષાએ જાણે એમ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ ? બધી વાત આવી. લ્યો ૧૨મો દિવસ પૂરો થયો. આ ૧૨મો દિવસ છે. પૂરું થઈ ગયું. આવું કદિ નથી ચાલ્યું. આવ્યું વ્યાખ્યાન બહાર નથી આવ્યું. આવું સ્પષ્ટીકરણ પહેલાં નથી થયું. આહા..હા...!

નિષ્ક્રિય ભગવાનઆત્મા એટલે સિદ્ધની પર્યાયથી પણ રહિત ભગવાનઆત્મા... આહા..હા...! એવી વાત કરી એ આગમ અને અધ્યાત્મથી યથાર્થપણે વિવેકી જાણે છે એમ કહે છે. જેને વિવેક નથી એ જાણી શકતા નથી.

**શ્રોતા :–** વિવેકી નામ સાધક ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સાધક, જ્ઞાની, સમકિતી. અહીં તો સમ્યગ્દષ્ટિ જાણે એમ લેવું છે ને ? અજ્ઞાનીને ખબર જ ક્યાં છે શું વસ્તુ છે ? સમજાણું કાંઈ ? પોતાની દૃષ્ટિમાં ધ્રુવ આવ્યું એને શુદ્ધ વિવેક છે. એને બધાનો ખ્યાલ છે કે પર્યાય આ, દ્રવ્ય આ. બીજાને ખબર પડતી નથી.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

*** કારણપરમાત્મા એ જ ખરેખર આત્મા છે. નિર્ણય કરે છે પર્યાય, નિત્યનો નિર્ણય કરે છે અનિત્ય પર્યાય, પણ તેનો વિષય છે કારણપરમાત્મા, તેથી તે જ ખરેખર આત્મા છે. પર્યાયને અભૂતાર્થ કહીને વ્યવહાર કહીને અણાત્મા કહ્યો છે. કારણપરમાત્મા પ્રભુ ઉપાદેય છે, અતિ આસન્નભવ્ય જીવોને એવા નિજ કારણપરમાત્મા સિવાય અન્ય કોઈ ઉપાદેય નથી. પર્યાય કે રાગ કે નિમિત્ત કોઈ ઉપાદેય નથી. નિજ પરમાત્માને જે પર્યાયે ઉપાદેય કર્યો, તે પર્યાયને આત્મા કરતો નથી. અમિતગતિ આચાર્યદેવના યોગસારમાં આવે છે કે પર્યાયનો દાતા દ્રવ્ય નથી, કેમ કે પર્યાય સત્ છે ને સત્‌ને કોઈનો હેતુ નથી. તેથી સમ્યગ્દર્શનની પર્યાય સ્વનો આશ્રય લ્યે છે તે પર્યાયના પોતાના સામર્થ્યથી છે. આત્માનું જેવું સામર્થ્ય છે તેવું શ્રદ્ધા-જ્ઞાનમાં આવે છે પણ તે સમ્યગ્દર્શન-જ્ઞાનની પર્યાયના પોતાના સામર્થ્યથી છે, પરંતુ એ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ માટે નિજ પરમાત્મા સિવાય અન્ય કાંઈ ઉપાદેય નથી. ૨૨૮.**

**— દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર – પર્યાયદૃષ્ટિ વિનશ્વર**